મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય વિરચિત શ્રીભાગવત વ્યાખ્યા

# રાજસ પ્રમેય પ્રકરણ
# સુબોધિની

(દશમસ્કન્ધ અન્તર્ગત અધ્યાય ૩૩-૪૬)



जय श्रीकृष्ण

श्रीवल्लभाधीशो जयति

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ

# અનુક્રમણિકા

## દશમસ્કન્ધાન્તર્ગત દ્વિતીય રાજસ પ્રમેય પ્રકરણ

## (અધ્યાય ૪૦-૪૬)

**અધ્યાય ૪૦. કુવલયાપીડને માર્યો અને મલ્લોની સભામાં શ્રીકૃષ્ણ પધાર્યા** ૨૫૭

શ્રીકૃષ્ણ-બલરામનોં મલ્લક્રીડા જોવા પધાર્યા. કુવલયાપીડ સાથે યુદ્ધ અને તેનો વધ. ગજદન્ત સાથે રંગમંડપમાં પ્રવેશતા શ્રીકૃષ્ણ-બલરામના સૌને સ્વ-સ્વભાવાનુસાર અદ્‌ભુત દર્શન. કંસને ભય જ્યારે મથુરાવાસીઓનો આનંદ અને પરસ્પર શ્રીકૃષ્ણ-બલરામના ગુણાનુવાદ. ચાણૂરનું મલ્લયુદ્ધમાટે આવાહન.

**અધ્યાય ૪૧. શ્રીકૃષ્ણે કરેલો કંસનો વધ.** ૨૮૩

ચાણૂર-મુષ્ટિક સાથે શ્રીકૃષ્ણ-બલરામનું મલ્લયુદ્ધ. બાલકો સાથે મલ્લોના અધર્મપૂર્ણ યુદ્ધને જોતી સ્ત્રીઓમાં ભય અને તેમના દ્વારા કંસની નિન્દા. અન્ય સ્ત્રીઓ દ્વારા શ્રીકૃષ્ણ-બલરામના સૌન્દર્ય-પરાક્રમાદિનું પરસ્પર વર્ણન તથા વ્રજસ્ત્રીઓના સૌભાગ્યની પ્રશંસા. મલ્લોનો વધ. કંસનો ક્રોધ. કંસ પર આક્રમણ અને તેનો વધ. કંસના ભાઈઓનો પણ વધ. તેમની સ્ત્રીઓનો વિલાપ અને શ્રીકૃષ્ણ-બલરામના માહાત્મ્યનું સ્મરણ. માતા-પિતાને બન્ધનમુક્ત કરાવી તેમની ચરણવન્દના કરી. વસુદેવ-દેવકીજીને શ્રીકૃષ્ણ-બલરામના માહાત્મ્યનો બોધ.

**અધ્યાય ૪૨. મથુરામાં શન્તિ સ્થાપી ભગવાન્ ગુરુને ત્યાં પધાર્યા.** ૩૧૫

પોતાના માહાત્મ્યનું વિસ્મરણ કરાવવા ભગવાને માયા વિસ્તારી. માતા-પિતા પ્રત્યે ભગવાનના સ્નેહવચનો. વસુદેવ-દેવકીને આનન્દ. ઉગ્રસેનનો રાજ્યાભિષેક. મથુરામાં શાન્તિ-આનન્દ. શ્રીનન્દ-યશોદા સાથે મિલન તથા તેમનું વ્રજગમન. શ્રીકૃષ્ણ-બલરામનું ઉપનયન અને ગુરુ સાન્દીપનિને ત્યાં ૬૪ વિદ્યાઓનું અધ્યયન. શંખાસુરનો સહાર કરી ગુરુદક્ષિણામાં મૃત ગુરુપુત્રને યમપુરિથી લાવી આપ્યો. ગુરુના આશીર્વાદ લઈ શ્રીકૃષ્ણ-બલરામ મથુરા પધાર્યા. મથુરાવાસીઓને આનન્દ.

**અધ્યાય ૪૩. ઉદ્ધવજીએ ગોકુલ જઈ નન્દ-યશોદાજીનું સન્ત્વન કર્યું.** ૩૪૯

માતા-પિતા તથા ગોપીજનોને ઉદ્ધવજી દ્વારા સંદેશ મોકલ્યો. વ્રજમાં પ્રવેશતાં ઉદ્ધવજીનું વ્રજદર્શન. તેમનો સત્કાર અને કુશળપ્રશ્ન પૂર્વક શ્રીકૃષ્ણ-બલરામના પરાક્રમો વર્ણવતાં તામનું સ્નેહસભર સ્મરણ. ઉદ્ધવજી દ્વારા શ્રીકૃષ્ણ-બલરામના માહાત્મ્યના વર્ણન પૂર્વક તેમનો સંદેશો કહેવો અને સાન્ત્વન આપવું. સવારે નન્દગૃહ સામે રથ દેખાતાં ગોપીઓને અક્રૂરના પુનરાગમનની આશંકા. ઉદ્ધવાગમન.

**અધ્યાય ૪૭. ઉદ્ધવજીએ ગોપીજનોને આપેલો ભગવાનનો આદેશ.** ૩૯૨

ઉદ્ધવજી શ્રીકૃષ્ણ સંબંધી જણાતાં ગોપીજનો તેમને ઘેરી વળ્યાં. શ્રીકૃષ્ણના વિરહમાં ગોપીજનોના ઉપાલમ્ભના વચનો અને રુદન.

**ભ્રમરગીત શ્લોક ૧૨ થી ૨૧**

શ્રીકૃષ્ણનો સંદેશ. ગોપીજનોની પ્રસન્નતા અને ઉત્સવસ્વરૂપ ઉદ્ધવજીને શ્રીકૃષ્ણ વિષયક પ્રશ્નો. ઉદ્ધવજીનો ગોપીજનો દ્વારા સત્કાર. ઉદ્ધવજી દ્વારા ગોપીજનોની પ્રશંસા.

**ઉદ્ધવગીત શ્લોક ૫૯ થી ૬૪**

ઉદ્ધવજીના મથુરા પ્રસ્થાન સમયે વ્રજવાસીઓના કૃષ્ણપ્રેમાવેશપૂર્ણ ઉદ્‌ગારો. ઉદ્ધવજીનું મથુરા આગમન.

**અધ્યાય ૪૮. ભગવાને કુબ્જા અને અક્રૂરજી ને માન આપ્યું.** ૫૦૭

કુબ્જાના ઘરે ભગવાન પધાર્યા. ભગવાનનું સ્વાગત-સત્કાર. દુર્ભાગા કુબ્જાની અલ્પબુદ્ધિ. અક્રૂરજીના ઘરે ભગવાનનું આગમન અને પૂજા-સ્તુતિ. ભગવાનનું પાંડવોના કુશળક્ષેમ જાણવા અક્રૂરને હસ્તિનાપુર મોકલવું.

**અધ્યાય ૪૯. અક્રૂરજીને હસ્તિનાપુર મોકલી ભગવાને પાંડવોનું સાન્ત્વન કર્યું** ૫૩૫

હસ્તિનાપુર પહોંચેલા અક્રૂરજીને કુન્તી અને વિદુર દ્વારા પાંડવો સાથે થતા અન્યાયનું જ્ઞાન થવું. કુન્તીનો દુઃખી હૃદયે શ્રીકૃષ્ણને સન્દેશ. મથુરા સિધાવતાં પૂર્વે અક્રૂરજીનું સભામાં ધૃતરાષ્ટ્રને અર્થપૂર્ણ યથાર્થ ઉદ્‌બોધન. ધૃતરાષ્ટ્ર દ્વારા પોતાની પુત્રમોહાન્ધતાના સ્વીકારા પૂર્વક ભગવાનને નમસ્કારનો સન્દેશ. અક્રૂરનું મથુરા આગમન અને સર્વ વૃત્તાન્ત ભગવાનને સંભળાવવું.

# દશમસ્કંધ સુબોધિની

# રાજસ પ્રમેય પ્રકરણ

## (અધ્યાય ૪૦ થી ૪૬)

## ।। અધ્યાય ૪૦ ।।

### કુવલયાપીડને માર્યો અને મલ્લોની સભામાં શ્રીકૃષ્ણ પધાર્યા

**શબ્દસ્ય હિ બલં પૂર્ણં સપ્તભિર્વિનિરૂપિતમ્ ।**
**અર્થસ્યાપિ બલં રોધે તાવદ્ભિર્વિનિરૂપ્યતે।।૧।।**
**પ્રપઞ્ચો વિસ્મૃતઃ સર્વૈરુત્સવાદ્યૈરનેકધા ।**
**માહાત્મ્યસ્ય પરિજ્ઞાનાત્ આસક્તિર્વિનિરૂપ્યતે।।૨।।**
**દ્રષ્ટૃણાં ચ તથા પિત્રોઃ સર્વેષામેવ ચૈવ હિ ।**
**પૂર્વોક્તાનાં તથાન્યેષાં દ્વાભ્યાં દ્વાભ્યામુદીર્યતે।।૩।।**
**એવમાસક્તિસિદ્ધૌ હિ તદેકપરતા પુનઃ ।**
**વક્તવ્યેતિ તતો હેતોઃ ફલં ચાપિ નિરૂપ્યતે।।૪।।**
**ચત્વારિંશત્તમેઽધ્યાયે કૃષ્ણાસક્તિર્નિરૂપ્યતે ।**
**દૃષ્ટ્વા સામર્થ્યમતુલં વિસ્મિતાનામનેકધા।।૫।।**

પ્રમાણનું બલ સાત અધ્યાયનું પ્રમાણપ્રકરણ કહ્યુ તેથી સંપૂર્ણ કહેવાયું. હવે અર્થ એટલે પ્રમેય તેનું બલ સાત અધ્યાયથી નિરોધલીલામાં કહેવામાં આવે છે. (૧)

અનેક પ્રકારના ઉત્સવાદિ વડે બધા પ્રપંચને ભૂલી ગયાં અને તેમાં તેમને ભગવન્માહાત્મ્યનું જ્ઞાન થતાં આસક્તિ થઈ તેને કહેવામાં આવે છે.(૨)

જોનારની માબાપની તથા બીજા બધાની ભગવાનમાં આસક્તિ એક એક અધ્યાયથી કહેવામાં આવે છે.(૩)

પૂર્વોક્ત તામસ ગોપીઓ તથા રાજસ કુબ્જા, અક્રૂર વિગેરેની આસક્તિ બે બે અધ્યાયથી કહેવાય છે એટલે સાત અધ્યાય આ પ્રમેયપ્રકરણના છે. એમ આસક્તિ સિદ્ધ થયા પછી સાધનપ્રકરણમાં તેમનું વ્યસન એટલે તદેકપરતા કહેવામાં આવશે. વ્યસન થયા પછી ફલપ્રકરણમાં તેના ફલને પણ કહેવામાં આવશે.(૪)

ભગવાનનું અતુલ સામર્થ્ય જોઈ વિસ્મય પામેલા ભક્તો અનેક રીતે તેમાં આસક્ત થાય છે. તે આ ચાલીશમા અધ્યાયમાં (કૃષ્ણાસક્તિ) કહેવાય છે.(૫)

પૂર્વાધ્યાયમાં ભગવાનનો દોષ નથી એમ બતાવવા માટે વિશેષ ચેષ્ટાનું ફલ[1] કહ્યું. સાધારણ ચેષ્ટારૂપ કાલે દુર્નિમિત્ત બતાવ્યાં તે પણ કહેવાયું તો પણ કંસ નિવૃત્ત ન થયો તેથી ભગવાનને ભક્તની ઉપેક્ષાનો દોષ લાગે માટે ભગવાન્ અને બલદેવને કોઈએ ન બોલાવ્યા તો પણ ત્યાં (મથુરામાં) પધાર્યા. ત્યાં જઈને પ્રથમ રંગમંડપ જોવા પધાર્યા તે કહે છે.

।।શ્રીશુક ઉવાચ।।

**અથ કૃષ્ણશ્ચ રામશ્ચ કૃતશૌચૌ પરન્તપ।।**
**મલ્લદુન્દુભિનિર્ઘોષં શ્રુત્વા દ્રષ્ટુમુપેયતુઃ।।૧।।**

શ્રીશુકદેવજીએ કહ્યુંઃ- હવે રામ અને કૃષ્ણે આનશ્યક દેહ-કૃત્ય કર્યા પછી મલ્લ લોકોના નગારાનો શબ્દ સાંભળ્યો ત્યારે હે પરંતપ! તે બંને ભાઈઓ તેને જોવાને માટે તેની પાસે ગયા. ૧.

'ચ' બે છે તે બધાને એકઠા થવા માટે છે. સાધન સહિત (બલદેવ સાથે) ફલ (શ્રીકૃષ્ણ) ત્યાં પધારે છે તેથી નિરોધમાં કોઈ વાતે સંદેહ નથી. 'અથ' શબ્દ બીજા પ્રકરણનો આરંભ સૂચવે છે. પ્રમેયબલ ભગવાન્ બતાવે છે. કૃતશૌચ શબ્દનો આવશ્યક કાર્ય કર્યા પછી એમ કેટલાક અર્થ કરે છે. ખરી રીતે તો પહેલે દિવસે બંનેએ શુદ્ધિ કરી છે. પરંતપ એવું રાજાને સંબોધન આપ્યું છે તે ગૂઢ અર્થને તમે સમજો છો એમ બતાવવા માટે છે. આ બ્રહ્મધર્મો તપથી જણાય છે. મલ્લોના અને નગારાના બહુ શબ્દો સાંભળીને નક્કી કર્યું કે બધી તૈયારી થઈ છે તેથી તે બંને ભાઈઓ પણ જોવાને માટે તેમની પાસે ગયા. ૧.

દેખેલું માહાત્મ્ય પ્રમેયરૂપ નિરોધમાં ફલ છે એમ કહેવા પ્રથમ કુવલયાપીડ હાથીને મારે છે એ વાત ૧૩ શ્લોકથી કહે છેઃ

**રઙ્ગદ્વારં સમાસાદ્ય તસ્મિન્ ગજમવસ્થિતમ્।।**
**અપશ્યત્ કુવલયાપીડં કૃષ્ણોમ્બષ્ઠપ્રચોદિતમ્।।૨।।**

કૃષ્ણ રંગમંડપના દ્વારમાં આવ્યા ત્યાં અંબષ્ઠની પ્રેરણાથી કુવલયાપીડ નામના હાથીને ત્યાં ઉભેલો જોયો. ૨.

કાલનો જય કરવામાં પરાક્રમ છે તે કાલ સંવત્સરરૂપી તેર માસનો છે તે અહિં તેટલા શ્લોકથી કહેવાય છે. કુવલય પૃથ્વીનું મંડલ તેનો આપીડ એટલે મુકુટ અથવા તે પૃથ્વીમંડલને ચારે તરફથી પીડા કરનાર-એવા શ્રેષ્ઠ હાથીને મારવાનો ભગવાને ઉદ્યમ કર્યો. જ્યાં ઉત્સવ થતો હોય તે સ્થાન રંગ કહેવાય. તેનાં શોભાને

---
૧.લૌકિક-અલૌકિક માહાત્મ્યનું જ્ઞાન તે વિશેષ ચેષ્ટાનું ફલ કહ્યું છે.

માટે દ્વાર કર્યો છે ત્યાં સુધી તો ભગવાન્ પધાર્યા. ત્યાં દ્વારમાં હાથીને ઉભેલો જોયો. કાલ નિવૃત થાય તો ઉત્સવનો આરંભ કહેવાય. ત્યાં ઉત્સવનું દર્શન થયું તે કહે છે. મૃત્યુ હાથીરૂપ છે. પંચમ સ્કંધમાં તેને હાથી કહ્યો છે. તે વચમાં સ્થિર થઈને ઉભો છે. તેને મારવા માટે પહેલાં નજરે જુએ છે. મારવાનું કારણ કે તે આખી પૃથ્વીને પીડનારો છે. સર્વને દુઃખ આપે તેને મારવો જોઈએ. અંબષ્ઠ એનો માવત છે. સંકરથી પેદા થયો છે, જાતનો હલકો છે, તેણે હાથીને ભગવાનની સામે હાંકી મૂક્યો છે. તે હાથી મારવા માટે સામો આવે છે એટલે ભગવાન્ તેને મારે તો અક્લિષ્ટકર્મા કહેવાય. કદાચ આ સાધારણ હોય? ત્યાં કહે છે કે તે પણ કૃષ્ણ છે. કાલાત્મા છે. ૨.

કાલાત્માને જોયા[૧] ત્યાં અંબષ્ઠના બલનો ક્ષય થયો છતાં ભગવાને તેને ચેતાવ્યો તે કહે છેઃ

**બધ્વા પરિકરં શૌરિઃ સમુહ્ય કુટિલાલકાન્।।**
**ઉવાચ હસ્તિપં વાચા મેઘનાદગભીરયા।।૩।।**

ભગવાને પીતાંબરને કટિએ બાંધ્યું. કુટિલ અલકોને ભેગા કરીને બાંધ્યા. પછી મેઘશબ્દ જેવી ગંભીર વાણી વડે હાથીના માવત અંબષ્ઠને કહેવા લાગ્યા. ૩.

ઉત્તરીય વસ્ત્ર કટિને વીટી લીધું. કુટિલ અલકોને હાથથી ભેગા કરી ચૂડાના આકારે બાંધ્યા. કાલને બંને રીતે રોક્યો. ભ્રમ મટાડવા માટે વાણીથી તેનો તિરસ્કાર કર્યો. હાથી દુષ્ટ હોય તો તેના માવતે તેને રોકવો જોઈએ. માવત દુષ્ટ હોય તો તેને મારવો જોઈએ. એમ ન થાય તો બંનેને મારવા યોગ્ય છે. માવતને અધીન હાથી છે તેથી માવતનો તિરસ્કાર કરે છે કે તેને બીક લાગે તેમ સિંહના જેવો મેઘની ગર્જના જેવો ભગવાને નાદ કર્યો. મેઘના નાદથી પણ ગંભીર કર્યો તેથી વસુદેવાદિનાં અંતઃકરણ તપતાં હતાં તે ભગવાનનો નાદ સાંભળતાં શાંત થયાં એમ કહ્યું. ૩.

તેનો તિરસ્કાર કર્યો તે કહે છેઃ

**અમ્બષ્ઠામ્બષ્ઠ માર્ગં નો દેહ્યપક્રમ મા ચિરમ્।।**
**નો ચેત્સકુઞ્જરં ત્વાદ્ય નયામિ યમસાદનમ્।।૪।।**

હે અંબષ્ઠ! અંબષ્ઠ! અમને જવાને માર્ગ આપ. વાર ન લગાડ. જો વાર લગાડીશ તો હાથીની સાથે તને આ વખતે જ યમના ધામમાં હું પહોંચાડી દઈશ. ૪.

બે વાર અંબષ્ઠ કહ્યો તે નિંદાને માટે છે. અંબષ્ઠ પ્રતિલોમ જાતિ છે. તેના

---

૧. કૃષ્ણને જોયા. તેને જોતાં જ બલ તો ગયું પણ માવતને ભગવાનમાં સાધારણ માણસની બુદ્ધિ ન થવા માટે ભગવાને તેને ચેતાવ્યો છે. (લેખ)

સહજ દોષ કહીને તેનો તિરસ્કાર કર્યો અથવા ન સાંભળે તેથી બે વાર બોલાવ્યો. આ ઉત્સવ અમારે માટે કર્યો છે તેની આ માર્ગ પણ અમારો છે. તે માર્ગને અમારે માટે તું ખુલ્લો કરી દે. તું અહિંથી બીજે જા, વાર ન લગાડ. જો તું વાર લગાડીશ તો મારો અધિકારી કાલ તને મારશે. જો તું કોઈ રીતે માર્ગ નહિ આપે તો બંને (હાથી અને માવતના) દોષથી હાથીની સાથે હું તને આ વખતે જ યમલોકમાં પહોંચાડી દઈશ, વચમાં છોડીશ નહિ. યમનું ઘર એ જ મૃત્યુ છે. નહિ તો 'મલ્લેભકંસયવના' એ ગણના ખોટી પડે. હાથી મારે લડવાનું સાધન છે એમ તું માનીશ નહિ. હાથી સાથે તને મારીશ. તને મારવામાં વાર નહિ લાગે તેથી વર્તમાનકાલવાચક 'અદ્ય' અવ્યય કહ્યો તે દિવસનો કહેનાર નથી પણ આ વખતે જ મારીશ એમ સમયને કહેનાર છે. ૪.

પછી જે થયું તે હવે કહે છેઃ

**એવં નિર્ભર્ત્સિતોઽમ્બષ્ઠઃ કુપિતઃ કોપિતં ગજમ્।।**
**ચોદયામાસ કૃષ્ણાય કાલાન્તકયમોપમમ્।।૫।।**

અંબષ્ઠનો તિરસ્કાર કર્યો તેથી તે ગુસ્સે થયો. તેણે ખીજેલો હાથી જે કાલ યમ અને મૃત્યુ જેવો છે તે કૃષ્ણને નુકશાન પહોંચાડે એ બુદ્ધિથી તેને કૃષ્ણની સામે પ્રેર્યો. ૫.

એ કથન અંબષ્ઠથી સહન ન થયું. હીન અંબષ્ઠે તેને અત્યંત તિરસ્કાર માન્યો. નીચને તેના હિતનું કહીએ તો કોપ કરે. હાથીને તો તેણે પહેલેથી ખીજાવી મૂક્યો હતો. તે હાથી પાસે કામ કરાવવામાં નિપુણ હતો. કૃષ્ણ કાલ અથવા સદાનંદ છે તેની સામે હાથીને કરી મૂક્યો. ઉપદ્રવ માટે તો હાથીને પ્રેર્યો છે. ઉપદ્રવમાં નિમિત્ત કાલ છે. એમ ન હોય તો સાધન વિપરીત થાય. અંતક એવું મૃત્યુનું નામ છે. તે થાય તો અનિષ્ટ થાય. યમ તેનો અધિકારી છે તે આજ્ઞા આપે તો કોઈ મરે, એમ અંગ[1] શ્રુતિ, શાસ્ત્ર, પુરાણના ભેદથી તે કાલ અંતક અને યમ નથી છતાં આ કુવલયાપીડમાં તે ત્રણેની કાંઈ જરુર નથી એમ કહેવા માટે તેના જેવો તે હાથીને કહ્યો છે. જ્યાં કુવલયાપીડ હોય ત્યાં કાલ અંતક અને યમની જરુર નહિ જ્યાં તે ન હોય ત્યાં તે ત્રણેનું કામ પડે. ૫.

જો અંબષ્ઠનો પ્રેરેલ હાથી વિશેષ અપકાર ન કરે તો તેને ભગવાન્ મારે નહિ તેથી તેણે વિશેષ નુકશાન કર્યું તે કહે છેઃ

---

૧.અંગ એટલે જ્યોતિઃશાસ્ત્રમાં કાલને નિમિત્ત ગણ્યો છે. શ્રુતિમાં 'અત્રાત્ર મૃત્યુર્જાયતે' તેમાં મૃત્યુને નિમિત્ત ગણ્યો છે. પુરાણમાં 'યમરાજાને' નિમિત્ત ગણ્યો છે. એમ વેદ પુરાણ અને શાસ્ત્રના ભેદથી ત્રણ મૃત્યુ કહ્યા છે.

**કરીન્દ્રસ્તમભિદ્રુત્ય કરેણ તરસાઽગ્રહીત્॥**
**કરાદ્વિગલિતઃ સોઽમું નિહત્યાઙ્ઘ્રિષ્વલીયત॥૬॥**

હાથી ભગવાનની સામે આવ્યો અને સુંઢથી ભગવાનને પકડ્યા. ભગવાન્ તેની સૂંઢમાંથી છટક્યા અને તેને મારીને તેના પગમાં સંતાઈ ગયા. ૬.

તે ભગવાન્ સામે મારવા આવ્યો તેને દેવોએ કેમ ન રોક્યો? ત્યાં કહે છે કે એ હાથીનો ઈન્દ્ર છે. તે ક્રિયાશક્તિપ્રધાન છે. ક્રિયાના અધિપતિ ઈન્દ્ર છે. તેથી તે હાથી ભગવાન્ પાસે આવ્યો અને તેણે જલદીથી સુંઢથી ભગવાન્ કૃષ્ણને પકડ્યા. તે ક્રિયાથી ભગવાન્ વ્યાપ્ત થશે એ અભિપ્રાયથી તેણે પકડ્યા. ભગવાન્ તો ભક્તિને વશ છે. ક્રિયાને વશ નથી તેથી તેમાંથી છટકી ગયા. ભગવાન્ સુંઢમાં પકડાયા જ નહિ. સ્થૂલ બુદ્ધિથી પકડ્યા ત્યાં ભગવાન્ સૂક્ષ્મ થયા. કેમ કે ભગવાનમાં બધી શક્તિઓ છે. તેમ છૂટા થઈ હાથીને મારીને તે ન જાણે એમ તેના પગ નીચે પેસી ગયા. તેના ચાર પગની વચ્ચે ગયા. તે દેખી ન શકે તેથી દૈવથી છુટ્યા એ વાત અહિં નથી. તેને અંતર્દ્રષ્ટિ થાય તો અથવા જિજ્ઞાસા હોય તો જ ભગવાન્ મળે અન્યથા ન મળે એ બતાવતા ભગવાન્ છુપાયા છે. ૬.

તે પછી જે થયું તે હવે કહે છેઃ

**સંક્રુદ્ધસ્તમચક્ષાણો ઘ્રાણદૃષ્ટિઃ સ કેશવમ્॥**
**પરામૃશત્પુષ્કરેણ સ પ્રગૃહ્ય વિનિર્ગતઃ॥૭॥**

તે હાથી અત્યંત ક્રુદ્ધ થયો. ભગવાનને જોયા નહિ તેને ગંધથી જાણ્યા. તેણે સુંઢ વડે પકડ્યા ત્યાં ભગવાન્ તેમાંથી નીકળી ગયા. ૭.

ભગવાને હાથીને માર્યો તેથી તેણે ક્રોધ કર્યો. જોઈને પ્રયત્ન કરાય. તે જોવાને માટે મહેનત કરતાં ભગવાનને જોઈ ન શક્યો. પશુઓ ગંધથી જાણે તેથી તેણે આસપાસ સુંઢ ફેરવી સુંઘ્યું તો તેને (કૃષ્ણને) તેણે શોધી કાઢ્યા. સુંઢથી ભગવાનને પકડ્યા. તે બ્રહ્માદિને સુખ આપવા આવ્યા છે તો મને પણ આપશે એમ ધારી હાથીએ પકડ્યા ત્યારે ભગવાન્ સૂક્ષ્મરૂપ કરી તેની સુંઢમાંથી નીકળી ગયા. તે તો પુષ્કરનાભ છે તે પુષ્કરથી પકડાય નહિ તેથી તે નીકળી ગયા. ૭.

પછી ભગવાને તેને વધારે કોપ કરાવવા પાછળ જઈને તેનું પુચ્છ પકડ્યું તે કહે છેઃ

**પુચ્છે પ્રગૃહ્યાતિબલં ધનુષઃ પઞ્ચવિંશતિમ્॥**
**વિચકર્ષ યથા નાગં સુપર્ણ ઈવ લીલયા॥૮॥**

જેમ ગરુડ નાગને ખેંચે તેમ ભગવાને અતિબલવાળા કુવલયાપીડને પુચ્છથી પકડીને પચીશ ધનુષ જેટલો પાછળ ખેંચ્યો. તે કર્મ પણ ભગવાનને

પ્રયાસરૂપ ન થયું પણ અનાયાસથી તેમ કરવાથી તે લીલારૂપ થયું. ૮.

ભગવાને પુચ્છને બે હાથે પકડીને ચાર હાથનો એક ધનુષ એવા પચીશ ધનુષ હાથીને પાછળ ખેંચ્યો એટલે સો હાથ પાછળ ખેંચ્યો. ધનુષના પચીશ એમાં અલુક્ સમાસ છે તે મોટો અને ભગવાન્ નાના તેને કેમ ખેંચી શક્યા? ત્યાં કહે છે કે જેમ ગરુડ સર્પને પૂછથી પકડીને ખેંચે તેમ (મોટા નાગને પણ ગરુડ ખેંચી શકે.) ભક્ષ કરવાની વસ્તુને નિઃસત્ત્વ કરવી જોઈએ. એમ ન કરે તો ખાવામાં તે વિઘ્ન કરે તેથી ભગવાન્ તેને મારશે. માટે પ્રથમથી તેના બલનો નાશ કરે છે. તેનામાં પચીશ તત્ત્વો છે. તેથી પચીશ ધનુષ તેને ખેંચ્યો. ધનુષ રક્ષણ કરનાર હોવાથી ધનુષથી ભૂમિનું માપ લીધું. તેને માટે તેને ખેંચ્યો તેથી તેટલી પૃથ્વી તેને માટે તૈયારી કરી. 'હાથીથી સો હાથ છેટા રહેવું' એમ હાથીને માટે કહ્યું છે. એટલે ભગવાને તેને તેટલે દૂર રાખ્યો. ચાર હાથનું એક ધનુષ કહેવાય. એ પણ ભગવાને લીલાથી કર્યું તેથી ભગવાને પોતાનું બલ તેને બતાવી આપ્યું. ૮.

તે પોતાને છોડાવવાને સમર્થ છે. પાછા ફરીને સ્થિર થવાને સમર્થ છે તેથી શરીરને ડાબું-જમણું ફેરવી ભગવાનને પકડવાને યત્ન કરવા લાગ્યો.

**સ પર્યાવર્તમાનેન સવ્યદક્ષિણતોઽચ્યુતઃ।।**
**બભ્રામ ભ્રામ્યમાણેન ગોપુચ્છેનેવ બાલકઃ।।૯।।**

તે ડાબો-જમણો ફર્યો તેમ ભગવાન્ પણ વારા ફરતી ભમ્યા. જેમ ગાયના પુચ્છને પકડીને બાલક ભમે તેમ હાથીના પુચ્છને પકડી ભગવાન્ પણ ભમ્યા. ૯.

ડાબી-જમણી બાજુ વારા ફરતી ફરીને તેણે ભગવાનને ખેંચ્યા. ભગવાનને ભય નથી એ બતાવવા તેને અચ્યુત કહ્યા છે. શ્રોતાને શંકા ન થવા માટે સર્વત્ર એવાં સંબોધન છે. ભગવાન્ પણ તેની સાથે ભમ્યા. તે પણ ભગવાનને માટે યત્ન કરવા લાગ્યો. પણ ભગવાનથી તે આમ તેમ ભમી ગયો. તેને ભમાવીને ભગવાન્ ભમ્યા. ભગવાન્ તો સર્વસમર્થ છે તે શા માટે ભમ્યા? ત્યાં કહે છે, બાલક રમવા માટે ગાયનું પુચ્છ પકડે પછી તેને છોડે નહિ તો ભમવું પડે તેમ ભગવાને તેવી લીલા બતાવવા માટે ભ્રમણ કર્યું. ૯.

ભગવાને લીલા માટે તેમ કર્યું. પછી તે લીલા છોડી દીધી. પ્રૌઢ લીલા બતાવવા માટે સન્મુખ આવીને હાથી સાથે યુદ્ધ કર્યું તે વાત કહે છેઃ

**તતોઽભિમુખમભ્યેત્ય પાણિનાહત્ય વારણમ્।।**
**પ્રાદ્રવત્ પાતયામાસ સ્પૃશ્યમાનઃ પદે પદે।।૧૦।।**

પછી હાથીની સામે આવી તેને હાથથી મારીને ભગવાન્ ત્યાંથી દોડ્યા. હાથી પગલે પગલે પડતો ચાલ્યો. કારણ કે ભગવાન્ મોટા દેખાય છે તે સૂક્ષ્મ થવાથી હાથી પડી જાય છે. ૧૦.

પુચ્છ છોડી સામે આવી (બાલકની સામે લડવા આવે તેમ આવી) પોતાનું સામર્થ્ય બતાવવા હાથથી હાથીના મોઢા ઉપર લાત મારીને ભગવાન્ ત્યાંથી દોડ્યા. તે વારણ છે, બધાને વારે પણ ભગવાનને ન વારી શક્યો. તે અપ્રયોજક (નકામો) થઈ ગયો. ભગવાન્ એમ દોડ્યા કે હાથી પગલે પગલે અટકતો જાય. તેમ થવાનું કારણ કે તેને ભગવાને પાડી દીધો. તે પોતે મોટો, ભગવાન્ નાના, તેથી તે ભગવાન્ ઉપર થઈ પગ મૂકવા જાય ત્યાં ભગવાન સૂક્ષ્મ થાય તેથી તે પડે. એમ અનુલોમ-પ્રતિલોમ ક્રીડા કરી. ૧૦.

તેને છેતર્યો તેથી દૈત્યનો અંશ તે સાબીત થયો તે પ્રકાર ભગવાન્ જાણે છે તેથી તેવી ક્રીડા ભગવાને કરી તે કહે છેઃ

**સ ધાવન્ ક્રીડયા ભૂમૌ પતિત્વા સહસોત્થિતઃ।।**
**તં મત્વા પતિતં ક્રુદ્ધો દન્તાભ્યાં સોહનદ્ધુવમ્।।૧૧।।**

તે રમતાં દોડ્યા અને પૃથ્વી ઉપર પડીને તુરત ઉઠી ગયા. તેને પડેલા જાણીને હાથી પોતે જલદી ઉભો થઈ ગયો. તેણે પોતાના બંને દાંતો ભગવાન પડ્યા હતા તે જમીનમાં પેસારી દીધા. ૧૧.

ક્રીડાથી દોડતાં ધ્યાન ન હોય તેમ જમીન ઉપર પડ્યા. ભગવાન્ પડ્યા ત્યાં સુધી હાથીને ખબર રહી. ભગવાન્ તો પડીને તુરત ઉભા થઈ ગયા. તેને ભ્રમ થયો કે ભગવાન્ જમીનમાં પડ્યા છે. ક્રોધ કરીને પોતાના દાંતથી ભગવાન્ પડ્યા હતા તે જમીનને તાડન કર્યું. તેથી તેને પોતાને જ દુઃખ થયું. એમ ત્રણ સાધનો મારવાનાં કર્યા તેમાં તે ફાવ્યો નહિ. ૧૧.

ત્યારે ક્રોધ કરીને જ કર્યું તે હવે કહે છેઃ

**સ્વવિક્રમે પ્રતિહતે કુઞ્જરેન્દ્રોત્યમર્ષણઃ।।**
**ચોદ્યમાનો માહામાત્રૈઃ કૃષ્ણમભ્યદ્રવદ્રુષા।।૧૨।।**

પોતાનું બલ ખલાસ થતાં હાથી બહુ ક્રોધ કરીને મારવા તૈયાર થયો. તેને માવતે પ્રેરણા આપવાથી હાથી કૃષ્ણની ઉપર ક્રોધ કરીને ચઢી આવ્યો. ૧૨.

તેનાં સાધનબલ ક્ષીણ થતાં સર્વ શરીરથી તે ભગવાન્ ઉપર તે પડવાને તૈયાર થયો. કારણ કે તે હાથીનો રાજા છે. શરીરથી મોટો છે, સાધન ક્ષીણ થયાં તો પણ નિવૃત ન થયો. પણ સાધન ક્ષયથી તે ક્રોધી બન્યો. અધિક ક્રોધ કર્યો તેમાં

પણ માવતે ઉપરથી અને આગળ પાછળથી પ્રેર્યો. તે કૃષ્ણની ઉપર આવ્યો. શુદ્ધ ભાવથી ભગવત્સમીપ આવે તો કૃતાર્થ થાય પણ તે ભગવાનને મારવાની બુદ્ધિથી આવ્યો. હમણાં તો દૈત્યને મારવાને માટે તે તૈયાર છે તેમાં હાથી આવ્યો એટલે તેને મારવાની અનુકુળતા થઈ. ૧૨.

ત્યારે ભગવાને જાણ્યું કે આ સર્વ પ્રકારે મરવા જ આવે છે તેથી તેને માર્યો.

**તમાપતન્તમાસાદ્ય ભગવાન્ મધુસૂદનઃ।।**
**નિગૃહ્ય પાણિના હસ્તં પાતયામાસ ભૂતલે।।૧૩।।**

તે સામે આવ્યો ત્યારે મધુને મારનાર ભગવાને તેને આવતો જોઈ પોતાના હાથથી તેની સુંઢ પકડીને તેને પૃથ્વી ઉપર પાડી દીધો. ૧૩.

ઉપર પડવાને આવતા હાથીને પહોંચી ગયા. ભગવાન્ મારવું જાણતા નહિ હોય અથવા તે મારી નહિ શકે એવી શંકા ન થવા માટે 'મધુસૂદન' કહ્યા. જેણે મધુકૈટભને માર્યો તેના પાસે આ કાંઈ હીસાબમાં ન ગણાય તેને મારવામાં શું પ્રયાસ? તેથી તેને માર્યો. પોતાના હાથથી તેણે ભગવાન્ તરફ લંબાવેલી સુંઢ પકડીને તેને જમીન ઉપર પછાડ્યો. ૧૩.

મોટું શરીર પડતાં હાથીને મૂર્છા આવી ગઈ ત્યારે ભગવાને કર્યું તે કહે છેઃ

**પતિતં તં પદાક્રમ્ય મૃગેન્દ્ર ઈવ લીલયા।।**
**દન્તમુત્પાટ્ય તેનૈવ હસ્તિપાંશ્ચાહનદ્ધરિઃ।।૧૪।।**

હાથી પડ્યો તેની ઉપર ભગવાને ચરણ ધર્યો અને સિંહની લીલા દેખાડી તેના દાંતને રમત કરતાં ખેંચી કાઢ્યા. તે દાંતો વડે માવતોને મારી નાખ્યા. ૧૪.

પહેલી ચોટે જ પડ્યો. તેના માથા ઉપર પગ દઈને હાથીના દાંતને ખેંચી કાઢ્યા. તેના વડે માવતોને માર્યા. ખેંચવાનો પ્રકાર એ જ કે હાથીના દાંત સિંહ ખેંચે તેમ ખેંચ્યો. સિંહ કુંભસ્થલ ચીરીને દાંતનાં મૂળને ખુલ્લાં કરી પછી દાંતને કાઢી નાખે. પણ તેને તો બહુ મહેનત પડે. ભગવાને તો રમતમાં તે કામ કર્યું. તે દાંત વડે બધા મહામાત્રો (હાથીના રક્ષકો–માવતો)ને માર્યા. હાથીને પણ પૂરો કર્યો તે અર્થ 'ચ'કારથી પ્રાપ્ત થયો. હાથીને ભગવાને શા માટે માર્યો? અધમૂવો કેમ ન છોડ્યો? ત્યાં કહે છે તે હરિ છે. હરિ શબ્દનો અર્થ સિંહ થાય છે. તે સિંહ માર્યા વગર ન છોડે. કેમ કે તે બંને વચ્ચે સહજ વૈર છે. ભગવાન્ સર્વના દુઃખ હરનાર છે. અર્ધ મરેલાને જીવવામાં મોટો ક્લેશ થાય માટે તેને માર્યો. વસુદેવાદિના દુઃખ દૂર કરવાને માટે પણ તેને માર્યો. ૧૪.

એમ હાથીને મારતાં રંગમાં જવાને કોઈ પ્રતિબંધક રહ્યો નહિ ત્યારે અંદર

ગયા.

**મૃતકં દ્વિપમુત્સૃજ્ય દન્તપાણિઃ સમાવિશત્।।**
**અંસન્યસ્તવિષાણોઽસૃઙ્‌મદબિન્દુભિરઙ્કિતઃ।।**
**વિરૂઢસ્વેદકણિકાવદનામ્બુરુહો બભૌ।।૧૫।।**

મરેલા હાથીને છોડીને હાથમાં તેનાં દાંતોને લઈને રંગમાં પ્રવેશ કર્યો ત્યારે ખભા ઉપર શિંગડું હતું. હાથીના મદના બિંદુ શરીરને લાગ્યા હતા, પસીનાના બિંદુ મુખકમલ ઉપર શોભતા હતા. એવી રીતે ભગવાન્ રંગમાં પહોંચ્યા. ૧૫.

તે પહેલાંથી જ નકામો જીવ હતો. કેમ કે તેને પીવામાં બેની જરુર રહેતી હતી તેથી હાથીને મર્યો ત્યાં જ છોડી, દાંત હાથમાં લઈ, વ્યગ્રતા વગર મંડપમાં પહોંચ્યા. તે વખતનું ભગવત્સ્વરૂપ કહે છે. લોકોની દષ્ટિથી આ દાંત મોટા ભારરૂપ છે તેને કાંધ ઉપર રાખ્યો છે તે પણ એક લીલા સમજો. હાથીના લોહીના અને મદના બિંદુ શ્રીઅંગને લાગ્યા છે. સર્વત્ર દાંત ખેંચવાથી લોહી અને મદના બિંદુઓ લાગી ગયા છે. પ્રથમ દિવસે માલા ચંદનથી શોભ્યા તેમ આજે દાંત, મદ અને રુધિરબિંદુથી શોભ્યા. વિષાણ એટલે શિંગડું. ગોવાલીઆ ક્યારેક વાજામાં શિંગડું રાખે છે તે વિરુદ્ધ નથી. કુવલીયાપીડને બેલ માનો તો તેનું આ શિંગડું સમજો. વિશેષ રીતે પસીનાના બિંદુઓ મુખારવિંદ ઉપર આવ્યા છે. તેથી ભક્તોને માટે ભગવાન્ આવી મહેનત કરે છે એમ બતાવ્યું. સ્વેદકણિકાઓ દેખાય છે. છતાં પણ ભગવાન્ શોભે છે. સર્વથી ઉત્કૃષ્ટ કાંતિ દેખાય છે. ૧૫.

એમ ભગવાનનું વર્ણન કરીને બધાએ સુખેથી રંગપ્રવેશ કર્યો તે કહે છેઃ

**વૃતૌ ગોપૈઃ કતિપયૈર્બલદેવજનાર્દનૌ।।**
**રઙ્ગં વિવિશતૂ રાજન્ ગજદન્તવરાયુધૌ।।૧૬।।**

કેટલાક ગોપબાલકોથી વિંટાએલા બલદેવ અને જનાર્દન હાથીના દાંતરૂપ શ્રેષ્ઠ આયુધને લઈને હે રાજન્! તે બધા રંગમંડપમાં પહોંચ્યા. ૧૬.

કેટલાક ગોવાળીઆ આમતેમ ભાગી છુટ્યા. કેટલાક અંદર બેસી ગયા. ત્યારે થોડા જ સાથે રહ્યા હતા તેથી કેટલાક ગોવાળીઆ સાથે એમ કહ્યું. બલદેવજીએ પણ બીજો દાંત લીધો છે. હાથીનું તે સર્વસ્વ છે. રાજા જીતે તે શત્રુનું ધન લઈ લે તેથી ભગવાને તેના દાંત લીધા. આગળ સાધનની જરુર પણ છે. રંગમાં જઈને દૈત્યને મારવા છે, તેમાં સામર્થ્યની જરુર છે. દૈત્યથી સહજ દ્વેષ છે માટે તે હાથીને માર્યો ત્યારે બલદેવને સાથે રાખ્યા છે. અવિદ્યાને પણ મારે તેને અવિદ્યાવાળાને મારવામાં શું વાંધો હોય? તેવા રંગપ્રદેશમાં ગયા. ગજદંત ઉત્કૃષ્ટ

આયુધ છે જેનાં એવા ભગવાન્ 'હમણાં જ બધાને મારી નાખીએ' એમ બોલતા શંકારહિત થઈને અંદર દાખલ થયા. ૧૬.

તેવા વેષે રંગમાં પ્રવેશવાનું પ્રયોજન કહેતાં ભગવાનનું સ્વરૂપ બલદેવ સાથે બધાએ જોયું તેમ જેવો જેનો ભાવ હતો તેવાં તેને દર્શન થયાં તે કહે છેઃ

**મલ્લાનામશનિર્નૃણાં નરવરઃ સ્ત્રીણાં સ્મરો મૂર્તિમાન્**
**ગોપાનાં સ્વજનોઽસતાં ક્ષિતિભૃતાં શાસ્તા સ્વપિત્રોઃ શિશુઃ।।**
**મૃત્યુર્ભોજપતેર્વિરાડવિદુષાં તત્ત્વં પરં યોગિનાં**
**વૃષ્ણીનાં પરદેવતેતિ વિદિતો રઙ્ગં ગતઃ સાગ્રજઃ।।૧૭।।**

ભગવાન્ મલ્લોને વજ્ર જેવા દેખાયા, મનુષ્યોને રાજા જેવા દેખાયા, સ્ત્રીઓને મૂર્તિમંત કામદેવ જણાયા, ગોપોને સ્વજન દેખાયા, દુષ્ટ રાજાઓને શિક્ષા કરનાર જેવા લાગ્યા, માબાપને પોતાના બાળક લાગ્યા, કંસને કાલ જેવા લાગ્યા, ન જાણનારને વિરાટ્રૂપે દેખાયા, યોગી લોકોને પરતત્ત્વરૂપે જણાયા અને યાદવોને પોતાનું પરમ દૈવત છે એમ લાગ્યું. એમ બલદેવની સાથે રંગમાં ગએલા કૃષ્ણમાં ભિન્ન ભિન્ન લોકોને ભિન્ન ભાવે દર્શન થયાં. ૧૭.

**પ્રમેયેણ નિરોધોઽત્ર કર્તવ્યો હરિણા ભૃશમ્।।**
**લોકાશ્ચ દશધા ભિન્નાસ્તતો દશવિધોઽભવત્।।૧।।**
**યસ્ય ભાવો યથા લોકે તથાઽનુસરણે કૃતે।।**
**નિરોધો જાયતે સમ્યક્ અન્યથા બન્ધનં ભવેત્।।૨।।**
**ગુણા નવવિધા પ્રોક્તાસ્તદભાવસ્તથાપરઃ।।**
**શ્રૃંગારાદિરસાશ્ચૈવ તેષામેવ નિરૂપકાઃ।।૩।।**
**રાજસાસ્ત્રિવિધાઃ પૂર્વં સાત્ત્વિકાશ્ચ તતઃ પરાઃ।।**
**આધ્યાત્મિકાસ્તથા પૂર્વં દૈવિકાસ્તુ તતઃ પરમ્।।૪।।**
**રૌદ્રોઽદ્ભુતશ્ચ શ્રૃંગારો હાસો વીરો દયા તથા।।**
**ભયાનકોઽપિ બીભત્સઃ શાન્તો ભક્તિરસસ્તથા।।૫।।**
**એતાન્ દર્શયિતું ભાવાન્ હરિરેવં બભૌ મહાન્।।**
**અતસ્તસ્મિન્ ગુણા એવ સર્વે ભાવા ન ચાન્યથા।।૬।।**

(અહિં ભગવાનને ભક્તોનો નિરોધ સ્વરૂપ વડે કરવો છે. લોક સગુણ-નિર્ગુણ-ભેદથી દશ પ્રકારના ભેદવાળા છે તેથી ભગવાન્ દશ પ્રકારે થયા છે. જેનો જેવો ભાવ હોય તેનું અનુસરણ કરે તો સારી રીતે નિરોધ થાય; તે ભાવને ભગવાન્ ન અનુસરે તો તે ભાવ લૌકિક થતાં બંધનરૂપ થાય છે. તેમાં નવ ગુણના ભેદ છે. એક ભેદ નિર્ગુણનો મળીને દશ ભેદ છે. તે ભાવના નિરૂપક શૃંગારાદિ રસો

પણ તેટલા જ છે. પૂર્વે ત્રણ પ્રકારના રાજસ છે. પછી સાત્ત્વિકો છે. (અહિં તામસો એવો પાઠ લેખકાર સંમત છે). પ્રથમ આધ્યાત્મિકો છે પછી આધિદૈવિકો છે તથા તેની પહેલાં આધિભૌતિકો કહ્યા છે. ('તથા પૂર્વે'થી ભૌતિક લીધા છે). (૧) રૌદ્ર (૨) અદ્‌ભુત (૩) શૃંગાર (૪) હાસ્ય (૫) વીર (૬) દયા (૭) ભયાનક (૮) બીભત્સ (૯) શાંત (૧૦) અને ભક્તિરસ એ દશ ભાવ બતાવવા માટે એ પ્રમાણે હરિ શોભ્યા છે તેથી તે ગુણો છે, ભાવ સિવાય બીજું કાંઈ નથી.)

પ્રથમ મલ્લો લડનારને શોધે છે, ભગવાન્ તેના પ્રતિયોગી નથી પણ જૂદા પ્રકારના છે તે પણ સર્વથા મારે એવા છે તેથી મલ્લોને વજ્ર જેવા ભગવાન્ પોતાના ભાઈ બલદેવ સાથે દેખાયા. જ્યાં વિજળી પડે, વૃષ્ટિ થાય, ત્યાં રહેવું ઠીક નહિ તેમાં પણ વિજળીનો વેગ મોટો તેથી ભાગી પણ ન શકે એવાં દર્શન આપીને પ્રભુએ મલ્લોનો નિરોધ કર્યો. જે રૌદ્ર પ્રકૃતિવાળા છે તેનાથી બીજા સાધારણ રાજસો તેમણે ભગવાનને અદ્‌ભુત જાણ્યા. એટલે કોઈ વિલક્ષણ પુરુષ ભગવાનને જોયા તેથી ભગવાનના દર્શનથી તેમને અદ્‌ભુત રસ ઉત્પન્ન થયો. સાધારણ લોકો અદ્‌ભુત રસથી વશ થાય છે. 'જાણ્યા અને ભાઈ સાથે રંગમાં પધાર્યા' એ સર્વત્ર લેવાનું છે. તેવી અવસ્થામાં પણ સ્ત્રીઓ રાજસ સાત્ત્વિક છે તેને તો ભગવાન્ પોતાના ફલરૂપ દેખાયા. તે સ્ત્રીઓ જોવાને આવેલી છે તે સમજવી. તે તો કામદેવની સેના છે. તેમણે પોતાના પતિને કોઈ દિવસ જોયા નહોતા. કેમ કે સ્મર તો સ્મરણાત્મા છે. તે સ્વરૂપ તો તેણે હમણાં ધારણ કર્યું છે. ત્યારે સ્ત્રીઓ ધણીવાળી થઈ. અત્યારે સર્વ શરીર, દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણથી સેવ્ય થયા. એક પ્રકારની સ્ત્રીઓ કહી. સર્વથી અધમ મલ્લો, ઉત્તમ સ્ત્રીઓ, એમ પુષ્ટિમાર્ગમાં ક્રમ કહ્યો. આધિભૌતિકમાં અભિમાનવાળાની આ રીતિ છે. એમ સામર્થ્ય પ્રકટ કર્યું તો પણ ગોપો રાજસતામસો છે. તેને તો આ અમારા બંધુ છે એવી પ્રતીતિ થઈ પરંતુ તે ઉત્કર્ષને પામેલા છે તેથી ભગવાને વેષ કર્યો છે તે હાસ્યજનક છે. જેમ પોતાનો આધ્યાત્મિક વેષ કરે આ દેહસ્વરૂપવાળા (આધિભૌતિકો છે). ઈન્દ્રિયરૂપ આગળ કહેવાશે. તે પછી આત્મરૂપ કહેવાશે. દમ્યપણાથી ઈન્દ્રિયની તુલ્યતા રાજામાં કહી છે. ભગવાનને જોઈને રાજાઓને વીરરસ ઉત્પન્ન થયો. તે કહે છે કે દુષ્ટ રાજાઓને પોતાને શિક્ષા કરનાર છે એવું ભાન થયું. સત્ તો વૃષ્ણિઓને ગણવા. તે ભક્તિના અધિકારીઓ છે. લૌકિક અસત્ તે પામર છે તે બીભત્સરસમાં કહેવાશે. જે રાજસરાજસો છે તે રાજસ ભાવની સિદ્ધિને માટે પૃથ્વીપતિ કહેવાય છે. તેમને વીરરસ ઉત્પન્ન થયો.

ભગવાનને જોઈને દુષ્ટ રાજાઓને યુદ્ધ કરવાની બુદ્ધિ થઈ. પરંતુ પોતાની ઉપર શાસન કરે તેવા જાણ્યા તેથી તેઓ લડ્યા નહિ. પરંતુ વીરરસ તો ઉત્પન્ન થયો. રસની ઉત્તમતાને માટે આ કહ્યું છે. જેમ હીન પુરુષને પણ મહારાજાની રાણીને જોવાથી શૃંગારરસ ઉત્પન્ન થાય, પરંતુ રાજાની રાણી હીનને જુએ તો તેમાં તેને શૃંગારરસ ઉત્પન્ન ન થાય, કેમ કે તેને તે અધમ ગણે, પોતાને શ્રેષ્ઠ ગણે, એ રસ આવવામાં અધમ બુદ્ધિ બાધક થઈ. પોતાનાથી ઉત્તમ બુદ્ધિ સર્વત્ર રસપોષિકા છે. અતિ વીર છતાં અસતો, વિચાર વગરના, ગર્વવાળા તે ભગવાનને પોતાનાથી વધારે બલવાન માને તો પણ તેને વીરરસ તો ઉત્પન્ન થાય જ તે યોગ્ય જ છે. જેમ સ્ત્રીઓનો સ્નેહ ભગવાનમાં છે તેથી વધારે વસુદેવ-દેવકીનો છે પણ તેમાં (સ્ત્રીઓમાં) તમ અજ્ઞાનાત્મક છે. તે સ્ત્રીઓના સ્નેહનો પ્રયોજક કામ છે. અહિં (વસુદેવાદિમાં) તો મોહ પ્રયોજક છે. મોહાંશમાં રાજસત્વ છે. સ્નેહાંશ તો સર્વત્ર સાત્ત્વિક છે. લૌકિકપણાથી રાજસત્વ, નિષિદ્ધપણાથી તામસત્વ, વિહિતપણાથી સાત્ત્વિકત્વ સમજવું. એ સ્નેહમાં ત્રણ ભેદ છે. તે-તે અધિકારીઓનો તેવો નિરોધ કહ્યો. વસુદેવ-દેવકી તેમનાં માતપિતા તેને તો પોતાના બાલક જણાયા. કરુણનો બીજો શબ્દ દયારસ તેને ઉત્પન્ન થયો. તે સ્નેહનો અંતરંગ ધર્મ છે. તે દયા કરુણારૂપા છે. સ્નેહધર્મો બાલકમાં જ હોય છે. તેમને બાલકરૂપે દેખાયા. હવે સાત્ત્વિકોને ગણાવે છે. જે મુક્તિના અધિકારીઓ છે, અલૌકિકો છે, તે ભય, બીભત્સ અને શાંત રસના અધિકારીઓ છે. તેમાં જેની હમણાં જ મુક્તિ થશે એવા દુષ્ટ કાર્ય કરનાર કંસ, તામસસાત્ત્વિક છે, દેહની અધિષ્ઠાત્રી દેવતા હોય જેમ પ્રાજ્ઞ હોય, તેમ તેનું નિરૂપણ થાય છે. તેને ભગવાન્ મૃત્યુરૂપ લાગ્યા. મૃત્યુ ભયરૂપ છે, મોતથી મોટું ભય જગતમાં કોઈ નથી. લોકન્યાયથી નરક કરતાં પણ મૃત્યુ મોટો છે. ભોજના પતિ એટલે ભગવાનની મોટાઈ કહી તે સાત્ત્વિકપણું બતાવવા માટે કહ્યું છે. અવિદ્વાનને વિરાટ્ લાગ્યા. જે ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠાવાળા ભક્તો છે તે રાજસસાત્ત્વિકો છે તેને ભગવાનમાં સ્નેહ છે તેને રુધિર તથા મદબિંદુવાળા ભગવાનને જોતાં બીભત્સરસ ઉત્પન્ન થયો. જેમ પોતાનો છોકરો ખરાબ દ્રવ્ય હાથમાં લે તો તેના માતપિતાને ગ્લાનિ આવે. જો એમ ન હોય તો તેને છોડાવવાનો પ્રયત્ન માબાપ ન કરે. નિંદા તો ભગવલ્લીલાનું જ્ઞાન થવાથી થાય છે. 'ઉત્કૃત્યોકૃત્યકૃત્તિ' ત્યાં પણ મોટાઓને જ બીભત્સરસ ઉત્પન્ન થાય. તેવું ચુંથનાર પ્રાકૃતોને તેમાં રસ ઉત્પન્ન થતો નથી. એમ ન હોય તો તેને નિરોધમાં ગણ્યા ન હોત. અતિ પ્રાકૃતો કાંઈ ભગવાન્ ત્યાજ્ય છે એમ કહે તો તે નિરોધના

અધિકારી થતા નથી. વિરાટ્ શબ્દ શોભાના અભાવને કહેનારો છે. જેમાંથી શોભાનો ભાવ ચાલ્યો ગયો છે, તે પ્રસિદ્ધ નથી. તેવો ભાવ જોયો નથી તેમ તેવો ભાવ સંમત પણ નથી. તેના સ્વરૂપને જાણનારા અવિદ્વાન કહી શકાય. પરંતુ યોગીઓ સાત્ત્વિકસાત્ત્વિક પ્રવૃત્તિ સ્વભાવવાળા લેવા; ગુણાતીતો ન લેવાય. સાત્ત્વિકોને પોતાના ઈષ્ટની સિદ્ધિને માટે આત્માપણાથી સ્ફૂર્તિ થાય તેને બે પ્રકારે સ્નેહ થાય છે. તેથી યોગીઓને પરમતત્ત્વ પુરુષોત્તમરૂપે દેખાય છે. યોગીઓને બધું તત્ત્વરૂપ હોવાથી આત્મા પણ તત્ત્વરૂપ છે. યોગ અને સાંખ્યમાં એવી જ વ્યવસ્થા છે. 'પર' એટલે પરમકાષ્ઠાપન્ન એમ સમજવું. જેનાથી પર બીજું ન હોય. વૃષ્ણિઓ, યાદવો, ભગવદીઓ, ગુણાતીતો જેનો સાત્ત્વિક પ્રકરણના અંતમાં પરમ નિરોધ 'શય્યાસનાટનાલાપ' ઈત્યાદિથી કહેવાશે. તેમને ભગવાનમાં પરત્વ, સ્વામિત્વ અને દેવતાત્વ જણાયું. દાસના નિયામક સ્વામી હોય છે. તે લૌકિક પણ હોય છે માટે દેવતા કહ્યા. પોતાનામાં અલૌકિક બુદ્ધિ હોવાથી હીનતાના અભાવે તેમાં દૃઢ ભક્તિ નહિ પેદા થાય. તેથી પોતાનામાં પ્રાકૃત બુદ્ધિ થશે તેથી ભગવાનમાં પર દેવતાનો ભાવ થશે તે યોગ્ય જ ગણાય. ભગવાન્ તો જેવા છે તેવા સર્વવિલક્ષણ અને સર્વરૂપ છે, તેથી 'જાણ્યા' એમ કહ્યું છે. રંગસ્થાનમાં ગયા ત્યારે જાણ્યા. જે રંગમાં જતાં સર્વનો રસ પુષ્ટ થાય છે, જો કે શાંતરસનો વિશેષ અભિનય નથી કહ્યો. તો પણ તેવી રીતે બેસવાથી સામાન્યાભિનય છે જ. 'અષ્ટૌ નાટ્યે રસા સ્મૃતાઃ' એ વિશેષતાથી કહ્યું છે. ભક્તિરસ પણ રસદૃષ્ટિની જેમ નિપુણો બતાવી શકે છે. સર્વને માટે ભગવાન્ રંગમાં પધાર્યા છે. અગ્રજ બલભદ્ર સાથે ગયા. સમાનતાથી સર્વત્ર નિરૂપણ કરતાં અહિં ગૌણતા માટે બલદેવજીનો સહભાવ કહ્યો. એમ ન હોત તો દ્વિવચનથી વ્યાસજી કહેત. વેદનો સહભાવ પણ ભગવાનને કહેવો જોઈએ કેમ કે તે અલૌકિક છે. આ સર્વ રસમાં 'પિત્રોઃ' કહ્યું છે તે સુંદરતા દેખાડે તેવું નથી. ગોપોને પણ લીલા નથી કરી તેથી હાસ્યરસ કહેવો યોગ્ય નથી. તેથી અસર્વતા હોવાથી સહભાવ જ યોગ્ય છે. રસની ઉત્પત્તિમાં તે તે બુદ્ધિની યોગ્યતા જોઈએ. ફલોન્મુખતાને માટે જેની જેવી બુદ્ધિ તેની યોગ્યતા છે તેને તે રસ ચોક્કસ ઉત્પન્ન થશે. તેથી યોગ્યતા બુદ્ધિમાં છે. ૧૭.

પ્રધાનક્રમથી વર્ણન કરતાં પ્રથમ કંસને ભય થયું તે કહે છેઃ

**હતં કુવલયાપીડં દૃષ્ટ્વા તાવપિ દુર્જયૌ।।**
**કંસો મનસ્વ્યપિ તદા ભૃશમુદ્વિવિજે નૃપ।।૧૮।।**

હે રાજન! કુવલયાપીડને કૃષ્ણે માર્યો અને તે બંને ભાઈને જોયા ત્યાં તે જીતાય નહિ તેમ લાગવાથી કંસ શૂર છે છતાં તેના મનમાં અત્યંત ઉદ્વેગ થવા લાગ્યો. ૧૮.

તેણે જાણ્યું કે ભગવાન્ છેતરીને રંગમાં આવી જશે. ત્યાં કુવલયાપીડને મારીને આવી પહોંચ્યા. જો કે કંસ પણ મોટો વીર છે છતાં તેને બહુ ઉદ્વેગ થયો. ભગવાન્ પાસે હથિઆર નથી છતાં હાથીને માર્યો તો બીજાને પણ મારશે એ યુક્તિ કરી તેમને જોયા. તે બંને પણ ન જીતાય તેવા લાગ્યા. મનથી અને આંખથી જોતાં તેવો નિશ્ચય થયો. છતાં મારે યત્ન કરવો જોઈએ. મેં તેને મારવામાં મોટો યત્ન કર્યો છે, તેના બાપને કેદમાં નાખીને તેનું મેં ખરાબ કર્યું છે, તેથી મને મારશે જ, એમ વિચાર થતાં તેને અતિ ઉદ્વેગ થયો. તેનો દુઃખથી જય થાય એવો યોગાર્થ અહિં લેવાનો નથી, પણ દુર્જયનો અર્થ રૂઢ ન જીતાય તેવા, એટલો જ કરવાનો છે. નૃપ, એમ સંબોધન તો શત્રુમાં એવા દેખાવો થાય તેથી મારા કહેવામાં તમને વિશ્વાસ થશે જ એ સૂચન તેનાથી કર્યું. ૧૮.

એમ પ્રધાનને રસાવિર્ભાવ થયો તેને કહીને અતિ કઠિન મલ્લોને ભગવાનનું ગુણશ્રવણ પણ વધારે કરવું જોઈએ તેથી તેમને છોડીને બીજાઓને રસનો આવિર્ભાવ[1] થયો તે કહે છેઃ

**તૌ રેજતુઃ રઙ્ગગતૌ મહાભુજૌ વિચિત્રવેષાભરણસ્રગમ્બરૌ।।**
**યથા નટાવુત્તમવેષધારિણૌ મનઃ ક્ષિપન્તૌ પ્રભયા નિરીક્ષતામ્।।૧૯।।**

જેમ ઉત્તમ વેષધારી નટો શોભે તેમ વિચિત્ર વેષ આભરણ માલા વસ્ત્રોવાળા, મોટી ભુજાવાળા રામ અને કૃષ્ણ શોભવા લાગ્યા અને દર્શન કરનારના મનને પોતાની કાંતિ વડે ખેંચવા લાગ્યા. ૧૯.

તે જોનારના મનને પોતાની કાંતિ વડે ખેંચતા શોભવા લાગ્યા. મન પ્રતિબંધક છે. ક્ષણવારમાં રસાંતર ઉત્પન્ન કરે છે. તેથી તેનો આક્ષેપ કહેવો જોઈએ, જેથી બીજો રસ પેદા ન કરે. પ્રતિબંધક નિવૃત્ત થવા માટે પ્રથમ ભગવાનની શોભાને કહે છે. શોભામાં તો બંને સરખા છે. જેમ શ્યામમણિ અને મુક્તામણિ. ભગવાને રૂપાંતર કર્યું તે નટની જેમ કર્યું છે. તે જો રંગમાં આવે તો વેષ સાર્થક થાય. ખરી રીતે લોકમાં પણ રંગમાં નટની શ્રેષ્ઠતા ગણાય. બીજે વેષ દેખાડે તે સારો ન લાગે તેથી રંગમાં ગયા, ત્યાં શોભ્યા એમ કહ્યું. પહેલાં કરતાં રંગમાં વધારે શોભાવાળા દેખાયા. ત્યાં કહે છે કે આ રંગ તો બનાવટી છે, ત્યાં

૧.મનનું તેમની તરફ આકર્ષણ થયું. ભગવાનમાં શોભા તો નિત્ય છે, તેનો અનુવાદ કર્યો છે એટલે મનનું આકર્ષણ જ વાક્યાર્થ છે એવો ભાવ સમજવો. (લે).

ભગવાનનું રમણ કેમ સંભવે? ત્યાં કહે છે કે ભગવાન્ મોટી ભુજાવાળા છે. બધાને ભુજાથી હરાવવાના છે તેથી તે શોભે તે યોગ્ય છે. પરંતુ જે રસ ન જાણનાર પ્રાકૃતો છે, શુદ્ધ સ્વાંગરસને જાણતા નથી, તેને રસ કેમ પડશે? ત્યાં કહે છે કે તેને માટે ભગવાને વિચિત્ર વેષ કર્યો છે. તેવાં આભરણ ફૂલની માલાઓ અને વસ્ત્રો ધર્યાં છે. ત્રણ જાતના આભરણ વિચિત્રતા ઉત્પન્ન કરે છે. તેથી બીજાઓની પણ રસ સમજવાની યોગ્યતા થશે. ભગવાન્ નટની પેઠે વેષ કરે તે મોટાઓને જણાશે. બધા તેમણે બનાવટ કરી છે એમ નહિ જાણે. જેને નટબુદ્ધિ નહિ થાય તેને રસ કેમ થશે? ત્યાં કહે છે, નટના જેવાં લટકાંમટકાં કરે છે તેથી સર્વ તેને નટ જાણશે. અપૂર્વ દર્શનથી તેમને સાધારણ જ્ઞાન કેમ ન થાય? તેમણે ઉત્તમ વેષ ધર્યો છે તેથી સાધારણ જ્ઞાન કોઈને નહિ થાય. તેથી પોતાની કાંતિથી મનને હરણ કરશે તે યોગ્ય જ છે. ૧૯.

પછી તેમને રસ પેદા થયો એ કહેવા માટે ભગવાનને પ્રેમપૂર્વક જોવા લાગ્યા તે કહે છેઃ

**નિરીક્ષ્ય તાવુત્તમપૂરુષૌ જના મઞ્ચસ્થિતા નાગરરાષ્ટ્રકા નૃપ।।**
**પ્રહર્ષવેગોત્કલિતેક્ષણાનનાઃ પપુર્ન તૃપ્તા નયનૈસ્તદાનનમ્।।૨૦।।**

તે ઉત્તમ પુરુષોને સારી રીતે જોઈને માંચડા ઉપર બેઠેલા નગર અને દેશવાસીઓ આનંદના વેગથી ઉત્કંઠાવાળા નેત્ર અને મુખ જેનાં થયાં છે એવા તે લોકો પોતાના નેત્ર વડે તેના મુખને જોતાં તૃપ્ત ન થયા. ૨૦.

પુરુષમાત્રને સુંદર જોઈને હર્ષ થાય. આ તો પુરુષોત્તમો છે. ઉત્તમ પુરુષ પરમાત્મા છે. તે આત્માના નિયામક છે. જન એટલે સાધારણ જીવ, તેનાથી વધારે એવા જીવો બાંકડે બેઠા છે. દર્શન કરવાને લાયક છે તેથી માંચડે બેસાડ્યા છે. તેમાં નગરવાસીઓ અને દેશવાસીઓ છે. નગરના રહેનારા રસને જાણે છે. દેશવાસીઓ બહુ જાણનારા છે. તેથી બંનેમાં વિશિષ્ટતા હોવાથી બે ગણાવ્યા છે. તેથી પણ રાજાઓ ત્રણગણા ચારગણા છે. બધાના નિયંતાને જોઈને બધા પ્રસન્ન થયા. કેવલ હર્ષ માત્ર નહિ પણ હર્ષનો વેગ તેનાથી મુખનો વિકાસ થયો છે એ પહેલાં દર્શનમાં થવાની રીતિ છે. આગળ તો વાક્યોથી વિકાસ કહેવાશે. તેથી તેના મુખનું પાન કર્યું તે નેત્રને માર્ગે મુખને હૃદયમાં દાખલ કર્યું તેને નયનરૂપે તે માર્ગો વડે તે મુખને ભીતર લઈ ગયા. આનું નામ આસક્તિ જે અંદર અને બહાર તેને જ જુએ. ૨૦.

કેવલ યોગીની પેઠે અંદર સ્થાપન કરીને કૃતાર્થ ન થયા પરંતુ ભક્તની પેઠે પરમ આકાંક્ષાવાળા થઈને ભૂખ્યા હોય, મોહિત થયા હોય, ઘણા દિવસ બહાર

રહીને આવ્યા હોય, પરમ પ્રેમવાળા હોય એવા થઈ ગયા.

**પિબન્ત ઈવ ચક્ષુર્ભ્યાં લિહન્ત ઈવ જિહ્વયા।।**
**જિઘ્રન્ત ઈવ નાસાભ્યાં શ્લિષ્યન્ત ઈવ બાહુભિઃ।।૨૧।।**

આંખ દ્વારા જાણે અંતઃકરણમાં લઈ લેતા હોય, જીભથી જાણે ચાટતા હોય, નાસિકા વડે જાણે સૂંઘતા હોય, બે હાથથી જાણે આલિંગન કરતા હોય તેવા થયા. ૨૧.

નેત્રથી પીતા હોય એવા, બધા બે નેત્ર વડે દુઃસહ તાપ મટાડવા અંદર લઈ જવા લાગ્યા. પાન વખતે બહાર અને અંદર જલ વ્યાપી જાય છે તેમ બંને રીતે ભગવાન્ જોયા. જેમ ગાય વાછડું થયું તેને જીભથી ચાટે છે તે પ્રેમ પૂર્ણ કરવા માટે ચાટે છે, તેમ જ્ઞાન થયા પછી ભગવાનમાં ભાવ દેખાડવા લાગ્યાં. બાપ જેમ બહારગામથી આવે, ત્યારે બાળકનું મસ્તક સૂંઘે છે અથવા બાળક જન્મ ત્યારે તેમ કરવાનો શિષ્ટાચાર છે તેમ બધા ભગવાનમાં કરવા લાગ્યા. જ્ઞાન અને પ્રેમનો વ્યવહાર ભગવાનમાં થયા પછી સખ્ય સુધી અને આત્મનિવેદન સુધી ભક્તિનાં સાધનો કરે છે, તેમ આ લોકો ભગવાનમાં કરવા લાગ્યા. ૨૧.

એમ જ્ઞાનક્રિયાશક્તિનો ભગવાનમાં વિનિયોગ કરીને અંતઃકરણ અને શરીર ભગવન્નિષ્ઠ કર્યાં. લેહન-આઘ્રાણથી ઈન્દ્રિય અને પ્રાણનો વિનિયોગ ભગવાનમાં કર્યો. એ જ્ઞાનક્રિયાશક્તિ ચાર પ્રકારે કહી. તેથી ભગવાનમાં તેમની આસક્તિ કહેવાઈ. પણ તે આસક્તિને થાંભલાને મજબુત કરે તેમ દઢ ન કરે તો રસ દઢ ન થાય તેથી ભગવાનમાં વાચનિક ઉપચાર કરે છેઃ

**ઊચુઃ પરસ્પરં તે વૈ યથાદૃષ્ટં યથાશ્રુતમ્।।**
**તદ્રૂપગુણમાધુર્યપ્રાગલ્ભ્યસ્મારિતા ઈવ।।૨૨।।**

જેવા ભગવાનને સાંભળ્યા હતા તેવાં દર્શન કરીને તેમના રૂપ, ગુણ અને તેની મધુરતા અને પ્રગલ્ભતાને યાદ કરીને તેઓ પરસ્પર કહેવા લાગ્યા. ૨૨.

જો કે ભગવાનને બધા જાણે છે પણ પરસ્પર વક્તા અને શ્રોતા બની ગયા. કેમ કે તેને તો આસક્તિ દઢ કરવાનું કામ છે. તેથી એકબીજાને કહેવા[૧] લાગ્યા. કારણ કે તે બધા નિરુદ્ધો હતા. બધા એવા થયા એમ કહેવા માટે તેનો નિશ્ચય કહે છે. તેમાં ભગવાનનું માહાત્મ્ય જાણીને કહેવું જોઈએ. જાણવા માટે દર્શન અને શ્રવણ કહે છે. જેવા જોયા અને જેવા સાંભળ્યા હતા તેવા કહેવા લાગ્યા. પોતે કલ્પના કરી નથી. સાંભળેલું કહે છે એ વાત સિદ્ધ છે. 'એમ ન હોય' એવી

૧.'ઊચુઃ ઈત્યત્ર-પ્રયોજકત્વાત્'. કહેવામાં જરુર તો દઢીકરણની છે.(લે)

અસંભાવના ન થવા માટે 'દષ્ટ' જે જોયું તે જ કહે છે. ત્યાં શંકા કરે છે કે અહિં ભગવદ્ગુણ કહેવાનો પ્રસંગ જ ક્યાં છે? તેના ઉત્તરમાં કહે છે કે તેનું રૂપ તેના ગુણો માધુર્ય અને કોમલતા પ્રાગલ્ભ્ય એટલે ધાષ્ટર્ય તે જોએલું અને સાંભળેલું યાદ કરીને કહેવા લાગ્યાં તેનાથી સંસ્કાર ઉદ્‌બુદ્ધ થયો[2]. સંયોગ કરતાં સંસ્કાર બલવાન્ છે તેથી પરસ્પર કહેવા લાગ્યા. નહિ તો અપ્રત્યક્ષ વિષયને જોઈને બીજામાં ચિત્ત ન જાય. ખરી રીતે તો ભગવાનના ગુણો અને સ્વરૂપ ભગવાનની કૃપાથી તે ભક્તોના હૃદયમાં પ્રકટ્યાં તો પણ સ્મરણ[3] કરીને એમ કહે છે. 'ઈવ' પણ કહ્યો છે. ૨૨.

તેમનાં વાક્યો કહે છેઃ

**એતૌ ભગવતઃ સાક્ષાત્ હરેર્નારાયણસ્ય હિ।।**
**અવતીર્ણાવિહાંશેન વસુદેવસ્ય વેશ્મનિ।।૨૩।।**

આ સાક્ષાત્ નારાયણ ભગવાનના અંશરૂપે અહિં વસુદેવજીના ઘરમાં પોતાના અંશ બલદેવજી સાથે અવતાર ધરીને પધાર્યા છે. ૨૩.

આઠ ઐશ્વર્ય કહેવાનાં છે. ગુણ છ અને ધર્મિ તથા પ્રમાણ એ આઠ ઐશ્વર્ય સમજો. જન્મથી લઈને કહે છે. તેમાં બંનેની ઉત્પત્તિ સરખી છે. આ કૃષ્ણ અને રામ, તે ભગવાન્ પુરુષોત્તમ સાક્ષાત્ પધારી સર્વ દુઃખ દૂર કરનાર છે તેના. તે પોતે જ તેને અહિં લાવ્યા, પોતાના દેહાદિ તેને આપ્યા અને ઉદ્ધાર કરવા માટે અહિં આવ્યા. એ નારાયણના અંશ છે તેથી કહ્યું. તેનાથી મૂલરૂપ, મધ્યરૂપ અને બ્રહ્માંડરૂપ કહ્યાં. તેમનો આ પ્રયાસ સર્વની મુક્તિ માટે છે. તે સર્વ મુક્તિ ભગવાન્ અહિં ન પધારે તો ન થાય. તેથી અવતાર યોગ્ય જ છે એ બતાવવા 'હિ' શબ્દ લખ્યો છે. જેનો ઉદ્ધાર કરવો છે તેની વચ્ચે ભગવાનનું આવવું તે ભગવાનનો અવતાર કહેવાય. કુવામાં પડ્યો તે દોરડાંથી બહાર નીકળે અથવા તો પોતે પડીને તેને કાઢે એ ઉદ્ધારના બે માર્ગો છે. તેમાં મૂર્ખોને માટે તો આવવું હિતકારી છે. તેથી આ પ્રપંચમાં આવે છે. જેટલા અંશથી તેનો ઉદ્ધાર થાય તેટલા અંશ સાથે ભગવાન્ અહિં આવે છે. અંશત્વ અને સ્વરૂપત્વ એ સર્વત્ર પૂર્ણ ગુણમાં સંભવે. ભગવાન્ આનંદમાત્રકરપાદ-મુખોદરાદિ પૂર્ણ ગુણવાળા છે, તે અનંતમૂર્તિ છે, પૂર્ણ છે તેમાં કાંઈ વિરોધ આવતો નથી. તે વાત સર્વપ્રસિદ્ધ છે તેથી કહે છે કે વસુદેવના ઘરમાં પ્રકટ થયા છે. ઘર એટલે સ્ત્રી લેવી, એટલે દેવકીમાં ભગવાનનું પ્રાકટ્ય થયું છે એમ પણ અર્થ લેવો તેથી બંનેનું સમર્થન કર્યું. ઘરમાં તો પ્રાકટ્ય જ જે સાંભળ્યું હતું તે જ કહ્યું. તેણે આવું જ સાંભળ્યું હતું. ૨૩.

---

૨.સંયોગ કરતાં સંસ્કાર બલવાન્ એમ કહ્યો સંયોગ.(લે)

૩.'સ્મૃતા ઈવ વદન્તીતિ' અહિં 'અર્શ આદ્યચ્' એટલે સ્મરણયુક્ત કર્યા હોય તેમ. (લે)

એમ બંનેનું સામાન્યરૂપ કહીને ભગવાનમાં વિશેષ કહે છેઃ

**એષ વૈ કિલ દેવક્યાં જાતો નીતશ્ચ ગોકુલમ્।।**
**કાલમેતં વસન્ ગૂઢો વવૃધે નન્દવેશ્મનિ।।૨૪।।**

આ કૃષ્ણ દેવકીમાં પ્રકટ્યા. ત્યાંથી તેને ગોકુલ લઈ ગયા. આટલો વખત નંદરાયના ઘરમાં ગુપ્ત રીતે તે રહ્યા અને મોટા થયા. ૨૪.

આ કૃષ્ણ 'વૈ' નિશ્ચયાર્થક અવ્યય છે. 'કિલ' પ્રસિદ્ધિને કહેનાર છે. દેવકીમાં તે પ્રકટ થયા તેને ગોકુલ લઈ ગયા. વસુદેવ પોતે લઈ ગયા. 'ચ'કાર છે એટલે કે ત્યાંથી કન્યાને એને બદલે વસુદેવ લેતા આવ્યા. નારદના કહેવાથી આ વાત જાહેરમાં આવી છે. તે ત્યાં આજ સુધી એટલે અત્યારે અગિઆર વર્ષ તેમને થયાં છે ત્યાં (નંદરાયના ઘરમાં) રહીને મોટા થયા છે ત્યારે બધાના પરિચયમાં કેમ ન આવ્યા એવી શંકા થાય તો તેના ઉત્તરમાં કહે છે કે તે ગુપ્ત રીતે કોઈ ન જાણે તેમ રહ્યા હતા. ગુપ્ત રહેવાથી પ્રસિદ્ધ ન થયા. વૃદ્ધિ તો લોકની પ્રતીતિથી જાણવી. ૨૪.

કેવલ વગર બોલ્યે વૃદ્ધિ નથી થઈ પણ સાથે ચરિત્રો પણ કર્યાં છે.

**પૂતનાનેન નીતાન્તં ચક્રવાતશ્ચ દાનવઃ।।**
**અર્જુનૌ ગુહ્યકઃ કેશી ધેનુકોઽન્યે ચ તદ્વિધાઃ।।૨૫।।**

પૂતનાનો અંત એમણે કર્યો છે. વંટોળીઆરૂપ દૈત્ય (તૃણાવર્ત), અર્જુનવૃક્ષો, ગુહ્યક (શંખચૂડ), કેશી, ધેનુક અને બીજાઓને પણ તેણે જ ઠેકાણે પાડ્યા છે. ૨૫.

દુષ્ટનો નિગ્રહ કરવો, શિષ્ટનું દુઃખ મટાડવું અને તેને ફલ આપવું એ તેમનું કાર્ય છે તેમાં દુઃખ ત્રણ પ્રકારનું છે. આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. પછી ચરિત્ર પાંચ પ્રકારનું છે. તે કહે છે કે આ કૃષ્ણે પૂતનાનો અંત કર્યો. પછી ચક્રવાત (તૃણાવર્ત)ને માર્યો. ગુહ્યક, શંખચૂડ અને બીજા અરિષ્ટ વિગેરેને પણ આમણે જ માર્યા છે.

**ષડેતે પ્રતિપક્ષાસ્તુ ઈન્દ્રિયાણીવ રૂપિતાઃ।।**
**અતિદિષ્ટાસ્તથા ચાન્યે સર્વતુલ્યા યતઃ પરે।।૧।।**

(આ છ શત્રુઓ ઈન્દ્રિયોની પેઠે કહ્યા છે. બીજાઓમાં તેનો અતિદેશ કર્યો છે કેમકે તે બધા સરખા જ છે.) ૨૫.

આધિભૌતિક ઉપદ્રવનો પરિહાર કરે છેઃ

**ગાવઃ સપાલા એતેન દાવાગ્નેઃ પરમોચિતાઃ।।**
**કાલિયો દમિતઃ સર્પઃ ઈન્દ્રશ્ચ વિમદઃ કૃતઃ।।૨૬।।**

ગોવાળીઆ સાથે ગાયો દાવાગ્નિમાં બળતી હતી તેને આણી છોડાવી. કાલિય સર્પનું દમન કર્યું, ઈન્દ્રનો મદ ઉતાર્યો. એ બધાં કાર્યો કરનારા આ કૃષ્ણ જ છે. ૨૬.

આ ભગવાને ગોપાલ સાથે ગાયોને દાવાગ્નિમાં બળતાં બચાવ્યાં. એમ ચેતનના બાધથી છોડાવ્યાનો દાખલો આપ્યો. કાલિય સર્પનું દમન કર્યું તે આધિદૈવિક છતાં ભૂતતુલ્ય એટલે આધિભૌતિક થઈ ગયો એમ કહેવા માટે સાથે કહ્યો છે. ઈન્દ્રનો મદ ઉતાર્યો. 'ચ'કાર છે તેથી બ્રાહ્મણ, વરુણ વિગેરેને પણ શિક્ષા કરી. ૨૬.

આધિદૈવિક ઉપદ્રવથી વ્રજને બચાવ્યું તે કહે છેઃ

**સપ્તાહમેકહસ્તેન કૃતોદ્રિપ્રવરોમુના।।**
**વર્ષવાતાશનિભ્યશ્ચ પરિત્રાતં ચ ગોકુલમ્।।૨૭।।**

આ ગોવર્ધન જે પર્વતોમાં શ્રેષ્ઠ છે તેને આ કૃષ્ણે સાત દિવસ સુધી એક હાથમાં અધર તોળી રાખ્યો. અને ગોકુલવાસીઓની વર્ષા, વાયુ અને વીજળીથી રક્ષા પણ કરી. ૨૭.

શ્રેષ્ઠ ગોવર્ધન પર્વતને કૃષ્ણે શ્રીહસ્તમાં ધર્યો. અનાયાસ કહેવા માટે એક હાથ કહ્યો છે. સર્વત્ર પ્રયોજન (સહાયક)ની નિવૃત્તિને માટે ઉક્તિ છે. કાલિય સર્પને કાબુમાં લેવો તે દુઃસાધ્ય ગણાય તેને આ ભગવાને દમ્યો. એમ ભગવાનનું બાલકપણું બતાવ્યું છે. ગોવર્ધન ધારીને શું કર્યું? ત્યાં કહે છે વર્ષાદ, વાયુ અને વજ્ર જેવા પથરા જો થોડી વાર રહે તો વજ્ર પણ પડે એવો નિશ્ચય કર્યો હતો તે કહ્યો. 'ચ'કાર છે તેથી ઈન્દ્રયાગ તે પણ ઉપધર્મ (પાખંડ) હતો તેને છોડાવી વ્રજના લોકોને પાખંડથી બચાવ્યા. ૨૭.

ભગવાને આધ્યાત્મિક પીડા મટાડી તે કહે છેઃ

**ગોપ્યોઽસ્ય નિત્યમુદિતહસિતપ્રેક્ષિતં મુખમ્।।**
**પશ્યન્ત્યો વિવિધાંસ્તાપાં સ્તરન્તિ સ્માશ્રમં મુદા।।૨૮।।**

કૃષ્ણનું નિત્ય મુદિત અને પ્રેક્ષિતવાળું મુખ જોઈને ગોપીઓ નાના પ્રકારના તાપને છોડીને મુક્ત થયાં. તે તાપોને શ્રમ વગર જ તરી ગયાં. દર્શનમાત્રમાં જ એટલે તેમાં સાધનક્લેશ જરાય પણ ન થયો. ૨૮.

ગોપીઓ કૃષ્ણના મુખના દર્શન કરીને નાના પ્રકારના ક્લેશથી મુક્ત થયાં. નિત્ય હસતું એવું જોવું. પ્રેક્ષણ હસતી આંખે જોવાથી તાપ જાય છે. તેમાં કાંઈ કરવું પડતું નથી. દષ્ટિ તો સ્વતઃ પ્રવૃત્ત થાય છે. વિવેકથી ક્લેશ છે અથવા અજ્ઞાનથી ક્લેશ છે તે હસવાથી અને જોવાથી ગયા. મુખ તો પરમાનંદરૂપ છે.

વિવિધ તાપ કામાદિક, અજ્ઞાનાદિ, વિધિના અનુરોધાદિ પણ તાપ જ. તેને દર્શનથી તર્યા તેમાં પ્રસિદ્ધિ 'સ્મ' પ્રમાણ છે. કર્મ, જ્ઞાન, ભક્તિમાં શ્રમ પડે, અહિં તો વગર શ્રમે તાપ તર્યા. નાવમાં બેસીને નદી તરીએ તો મહેનત ન થાય. અહિં તો આનંદ અધિક છે. ૨૮.

એમ દુઃખનો અભાવ કહીને થવાનું સર્વ સુખદાન કહે છેઃ

**વદન્ત્યનેન વંશોઽયં યદોઃ સુબહુવિશ્રુતઃ।।**
**શ્રિયં યશો મહત્ત્વં ચ લપ્સ્યતે પરિરક્ષિતઃ।।૨૯।।**

આ કૃષ્ણથી યદુ વંશ બહુ પ્રસિદ્ધ થશે એટલું જ નહિ પણ લક્ષ્મી તેની વધશે. તેની મોટાઈ વધશે અને યશ પણ વધશે. એ બધું ભગવાન્ તેની રક્ષા કરશે તેનાથી થશે. ૨૯.

આ ભગવાનને લીધે યદુનો વંશ નિંદાપાત્ર છે છતાં પ્રખ્યાત થશે. દુષ્ટને કાંઈ સાંભળે નહિ પણ પોતે તેનો દોષ ગયા પછી તેને સાંભળે ખરા. તેમાં ગુણો આવે તો તેની પ્રસિદ્ધિ થાય. અલૌકિક ગુણ આવે તો બહુ વિશ્રુત થાય. મોક્ષ આપવા માટે ભગવાન્ આવે તો તો 'સુબહુવિશ્રુત' થાય. પહેલાં કરતાં ઘણી વધારે લક્ષ્મી તેને મળશે. યશ પણ તેનું વધશે. લક્ષ્મીમાં સાંસિદ્ધિક દોષ 'લોભ' છે, તેની નિવૃત્તિને માટે તેનું યશ વધવાનું કહ્યું છે. લોભ કરે તો અપકીર્તિ થાય. તે અપકીર્તિ તેની નહિ થાય. એ યશથી તેની બહારથી શોભા કહી. અંદરની શોભા માટે મોટાઈ આવશે તેનાથી 'સત્યાદિ' બધા ગુણો તેના વંશમાં આવી જશે. 'ચ' છે તેથી મોક્ષને પણ મેળવશે. આ કૃષ્ણથી રક્ષા પણ તેની થશે. જેમ સન્નિપાતથી પીડાતો હોય તેને ગંગામાં નવરાવીને મુક્ત કરે છે તેમ કરે તો ભગવાનમાં સર્વોત્કર્ષ ન આવે. ૨૯.

એમ ભગવાનનું ચરિત્ર કહ્યું. હવે પ્રમાણનું બલ કહેતાં બલદેવચરિત્ર કહે છેઃ

**અયં ચાસ્યાગ્રજઃ શ્રીમાન્ રામઃ કમલલોચનઃ।।**
**પ્રલમ્બો નિહતો યેન વત્સકો ધેનુકાદયઃ।।૩૦।।**

આ તે કૃષ્ણના મોટા ભાઈ કમલ સરખા નેત્રવાળા શ્રીમાન્ બલરામ છે. આમણે પ્રલંબને માર્યો છે. વત્સક અને ધેનુકાદિના મારનાર પણ તે પોતે જ છે. ૩૦.

જેમ ભગવાન્ ષડ્ગુણ ઐશ્વર્યવાળા છે તેમ આ પણ છે. 'ચકાર'થી તેમાં ગુણોનો અતિદેશ કરે છે. તેથી તુલ્યતા કહી પણ ઉપદેશ અને અતિદેશકૃત વૈલક્ષણ્ય તો રહ્યું. આ ભગવાનના મોટા ભાઈ છે તેના મોટાપણામાં અને ભગવત્પણામાં કારણ તે 'શ્રીમાન્' છે, અતિશય શોભાવાળા છે. 'રામ' એવું

પ્રસિદ્ધ તેનું નામ છે. આનાથી તેની સાધનરૂપતા કહી. 'કમલલોચન' કહ્યા તે દષ્ટિમાત્રથી તાપને દૂર કરનાર છે. આનું પૌરુષ તેવું પ્રસિદ્ધ નથી તેથી રૂપ જ બહુ વખાણ્યું. તેનો પુરુષાર્થ પણ કહે છે. પ્રલંબને આમણે માર્યો. વત્સકને લોકો કહે છે બલદેવે માર્યો છે તેથી તેને ગણાવ્યો છે. ધેનુક અને તેના સંબંધી તાલો ગણાવ્યા. ભગવાને ધેનુકને માર્યો એવી પણ પ્રસિદ્ધિ છે તે પ્રથમ કહ્યું છે. 'બકાદય' એવો પણ પાઠ છે. અપ્રસિદ્ધ દર્દુરાદિને પણ માર્યા છે પણ તે બહુ પ્રસિદ્ધ નથી. તેને પણ આદિ શબ્દથી લેવા. એમ બધા કાયા, વાણી અને મનથી ભગવદ્ગુણમાં તત્પર થયા. કાયા, વાણી અને મનથી ભગવત્પ્રપન્ન થયા. ૩૦.

તે ગુણ સાંભળતાં મલ્લોને પણ રસ આવ્યો તે કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ।।

**જનેષ્વેવં બ્રુવાણેષુ તુર્યેષુ નિનદત્સુ ચ।।**
**કૃષ્ણરામૌ સમાભાષ્ય ચાણૂરો વાક્યમબ્રવીત્।।૩૧।।**

શુકદેવજી બોલ્યાઃ- મનુષ્યો એમ બોલવા લાગ્યા. વાજાં વાગવા લાગ્યાં. એ વખતે રામકૃષ્ણને સારી રીતે બોલાવીને ચાણૂર મલ્લ આ પ્રમાણે વાક્ય બોલ્યો. ૩૧.

જો એમ બોલે નહિ તો ઉત્પન્ન થએલો રૌદ્ર રસ પ્રતિબદ્ધ થાય. રૌદ્ર રસથી ભય પામ્યા કહેવાય. ભગવાનના ગુણના શ્રવણમાં તો રૌદ્રતા જતી રહી ત્યારે ભગવાન્ સાથે સંભાષણ કરવા લાગ્યા. એમ જ્યારે બધા લોકો બોલ્યા તે વખતે વાજાંઓ વાગવા લાગ્યાં. 'ચ'કાર છે તેથી મલ્લોના હાથના તાલના શબ્દો પણ લેવા. એમ મંગલ થયું ત્યારે પોતાના જયમાં શંકાને લીધે કૃષ્ણ રામને બોલાવી તેની સાથે સારી રીતે ભાષણ કરી તેમને કુશલ પ્રશ્નાદિ પૂછીને ભગવાન્ અને બલદેવને પ્રસન્ન જાણીને ચાણૂર વાક્ય બોલ્યો. તે બોલ્યો તેના પદના અર્થો તો બાધિત થાય છે. યુદ્ધ કરવું એવો વાક્યાર્થ છે તેનો બાધ થતો નથી તેથી મૂલમાં 'વાક્ય' શબ્દ લખ્યો છે. ૩૧.

તે ચાણૂર ચતુર છે, જે ગોપ્ય છે તેનું ગોપન કરીને નિરૂપણ કરતો કહે છેઃ

।।ચાણૂર ઉવાચ।।

**હે નન્દસૂનો હે રામ ભવન્તૌ વીરસંમતૌ।।**
**નિયુદ્ધકુશલૌ શ્રુત્વા રાજ્ઞાહૂતૌ દિદક્ષુણા।।૩૨।।**

ચાણૂર બોલ્યોઃ હે નંદકુમાર! હે રામ! તમે વીર લોકોમાં સારી રીતે વીર ગણાઓ છો, બાહુયુદ્ધમાં કુશલ છો એમ સાંભળ્યું છે. રાજાને બાહુયુદ્ધ જોવું ઈષ્ટ છે તેથી તમને રાજાએ બોલાવ્યાં છે. ૩૨.

ખરી રીતે એ જાણે છે કે આ નંદરાયના પુત્ર નથી. એમ હોય તો ભાઈની પેઠે ભાણેજને પણ કંસ યુદ્ધમાં ન ઉતારે. રામ એમ તો નામ માત્રથી સંતોષ થવા માટે સંબોધન છે. ઉત્કર્ષવાચક હોવાથી બલભદ્ર એમ ન કહ્યું. સંકર્ષણપણું તો ગુપ્ત જ છે. નામ લીધા પછી તેની સ્તુતિ કરે છે. તમોને વીર લોકોએ પરાક્રમની બાબતમાં વખાણ્યા છે. તમારા પરાક્રમમાં કોઈ પહેલવાન વિસંમત નથી. તેથી તમને રાજાએ બોલાવ્યા છે, મલ્લોની જેમ હાથોહાથના યુદ્ધમાં તમે કુશલ છો. રાજાએ સાંભળ્યું તે ચોક્કસ હોય. બાહુયુદ્ધ જોવાની રાજાની ઈચ્છા થતાં તેણે તમને બોલાવ્યા છે. ૩૨.

રાજાને જોઈને રાજી થવું છે. અમારો તેમાં શો પુરુષાર્થ સિદ્ધ થાય? ત્યાં કહે છેઃ

**પ્રિયં રાજ્ઞઃ પ્રકુર્વન્ત્યઃ શ્રેયો વિન્દન્તિ વૈ પ્રજાઃ।।**
**મનસા કર્મણા વાચા વિપરીતમતોન્યથા।।૩૩।।**

રાજાનું પ્રિય કરે તો પ્રજાનું શ્રેય થાય છે તેથી મન કર્મ અને વચનથી પ્રજાએ રાજાનું પ્રિય કરવું જોઈએ. એમ ન કરે તો તેનું ફલ વિપરીત થાય છે. ૩૩.

પ્રકર્ષથી રાજાનું પ્રિય કરવાથી પ્રજા તેને અધીન હોવાથી ઉત્તમ ફલ ધનાદિ મેળવે છે પણ કપટ કરે તો તે લાભ ન મળે તેથી કર્મ મન અને વચનથી કરવાનું કહ્યું છે. જે કાયા વાણી અને મનથી પ્રિય કરે છે તે નિશ્ચય શ્રેયને મેળવે છે. કેવલ પ્રિય કરવાથી શ્રેય મળે છે. એવું નથી પણ તેમ કરે તો શ્રેય ન મળે એટલું જ નથી પણ તેથી વિપરીત એટલે અશ્રેય મળે. રાજા એવાને મારી પણ નાખે. તેથી રાજાનું પ્રિય કરવું એ પ્રજાનો સ્વધર્મ છે. ૩૩.

અમો બાલક છીએ, વનમાં રહેનાર છીએ, મલ્લયુદ્ધ અમે ક્યાં શિખ્યા હોઈએ કે યુદ્ધ બતાવી રાજાને ખુશી કરીએ? ત્યાં કહે છેઃ

**નિત્યં પ્રમુદિતા ગોપા વત્સપાલા યથાસ્ફુટમ્।।**
**વનેષુ મલ્લયુદ્ધેન ક્રીડન્તશ્ચારયન્તિ ગાઃ।।૩૪।।**

વાછડાં ચરાવનારા અને ગાયો ચારનારા ગોપો વનમાં નિત્ય આનંદમાં આવીને મલ્લયુદ્ધથી રમત કરતા ગાયોને ચારે છે તેથી તે વિદ્યાને જાણે છે. ૩૪.

કેટલાક જીવિકા માટે યુદ્ધ શિખે છે. બીજાઓ બલને માટે મલ્લયુદ્ધ કરે છે. પુષ્ટ થઈને તે પરંપરાએ શિખવનાર બને છે તે લૌકિક હોય છે. તે શાસ્ત્રીય શિક્ષકોથી ફલમાં હીન હોય છે. પણ તે સ્વરૂપથી પુષ્ટ થાય છે તે જ કહે છે કે ગોપો નિત્ય આનંદમાં આવીને બાલકપણાથી વાછડાં ચારતા વનમાં સ્પષ્ટ રીતે મલ્લયુદ્ધથી રમતા ગાયોને ચારે છે. ગાય ચારવામાં શ્રમ થાય તો દૂધ પીવાનું તો

સહજ બને. બાલકોને કાબુમાં રાખવા તે બળીયાનું કામ છે. તેથી અમે સાંભળ્યું તે સત્ય છે. ૩૪.

માટે તમોએ રાજાનું પ્રિય કરવું જોઈએ તે કહે છેઃ

**તસ્માદ્રાજ્ઞઃ પ્રિયં યૂયં વયં ચ કરવામહે।।**
**ભૂતાનિ નઃ પ્રસીદન્તિ સર્વભૂતમયો નૃપઃ।।૩૫।।**

માટે તમે અને અમે મળીને રાજાને મલ્લયુદ્ધ બતાવી ખુશી કરીએ તો પ્રાણીમાત્ર આપણી ઉપર પ્રસન્ન થશે કારણ કે રાજા સર્વભૂતમય ગણાય છે. ૩૫.

રાજા સર્વનો આરાધ્ય છે, તેથી તમે લૌકિકો અને અમો શાસ્ત્રીયો, અને ચકારથી બીજા વિદ્યાવાળા મળી રાજાનું પ્રિય કરીએ. આ બધાને એક કરીને બોલે છે. એક માર્ગમાં ચાલનારે મુખીને અનુસરીને ચાલવું જોઈએ. અમારે કર્તવ્ય છે તે તમારે પણ કરવું જોઈએ. એમ કરશું તો આપણી ઉપર પ્રાણિમાત્ર પ્રસન્ન થશે. પ્રાણી સર્વભૂતમય છે તેનું ભલું કરવું જોઈએ. અન્યથા કરીએ તો શાપ કે પ્રસાદ કરે તો કૃતઘ્નતા થાય. ફલ આપવામાં સર્વભૂતમય રાજા ગણાય છે. તેમાં ભૂતો દેવતારૂપ કહેવાને ઈચ્છિત છે. ખરી રીતે તો તે પણ પંચભૂતથી બનેલો છે. ૩૫.

ભગવાને તો યુક્તિયુક્ત હોય તે ગ્રહણ કરવું. લૌકિકમાં બાધ ન આવે તેમ પોતે અક્લિષ્ટકર્મા છે તેથી ઉત્તર આપે છેઃ

**તં નિશમ્યાબ્રવીત્ કૃષ્ણો દેશકાલોચિતં વચઃ।।**
**નિયુદ્ધમાત્મનોઽભીષ્ટં મન્યમાનોઽભિનન્દ્ય ચ।।૩૬।।**

બાહુયુદ્ધ પોતાને ઈષ્ટ છે તેનાં વખાણ કરીને દેશ-કાલને યોગ્ય એવાં વચન કૃષ્ણે તેનું કથન સાંભળ્યા પછી પોતે કહ્યાં. ૩૬.

તેનું યુક્તિવાળું વચન સાંભળ્યું. કૃષ્ણ તેટલા માટે જ અવતર્યા છે. અહિં પણ આવવાનો ઉદ્દેશ તે જ છે. દેશ અને કાલને યોગ્ય એવું વચન બોલ્યા. આ પ્રશ્ન લૌકિક છે. શસ્ત્રથી રમવા કરતાં હાથોહાથની રમત પોતાને પ્રિય છે. ક્ષત્રિયો સોળમે વર્ષે શસ્ત્ર ગ્રહણ કરે. જનોઈ લીધા પછી ધનુર્વેદની શિક્ષા ગ્રહણ કરે. તેથી હમણાં તો હાથનું યુદ્ધ ઉત્તમ માનતા કૃષ્ણ દેશકાલ અને અવસ્થાને અનુકૂલ વચન બોલનાર ચાણૂરને અભિનંદન આપી 'ચ' છે તેથી રાજાને પણ બોલ્યા. ૩૬.

અહિં બે કહેવું છે. રાજાનું પ્રિય કરશું જ પણ તારી સાથે યુદ્ધ નહિ કરીએ. તે બે પક્ષની તુલ્યતા નથી તેથી આ વાત બે શ્લોકથી કહે છેઃ

**પ્રજા ભોજપતેરસ્ય વયં ચાપિ વનેચરાઃ।।**
**કરવામ પ્રિયં નિત્યં તન્નઃ પરમનુગ્રહઃ।।૩૭।।**
**બાલા વયં તુલ્યબલૈઃ ક્રીડિષ્યામો યથોચિતમ્।।**

ભવેન્નિયુદ્ધં માऽધર્મઃ સ્પૃશેન્મલ્લસભાસદઃ ॥૩૮॥

આ કંસ રાજાની પ્રજા અમે પણ છીએ પણ તે વનમાં રહેનાર છીએ. નિત્ય રાજાનું પ્રિય કરનાર છીએ, તે જ અમે રાજાનો અનુગ્રહ માનીએ છીએ. પરંતુ અમે બાલક હોવાથી અમારી બરોબરીના બલવાળાની સાથે અમે રમીશું. યોગ્ય નિયુદ્ધ ભલે થાય મલ્લોની સભામાં અધર્મ ન થવો જોઈએ. ૩૭-૩૮.

આ કંસની અમે પણ પ્રજા છીએ એમ બતાવીને જાણે તેને તિરસ્કારથી જોતા હોય તેમ બોલ્યા. પોતાને 'વયં' કહ્યું તેથી અમે તેની પ્રજા કેમ કહેવાઈએ તેથી હસ્યા. અમે છીએ તેમ તમે પણ પ્રજા છો. અમે તો વનમાં રહેનાર તેથી રાજા સાથે અમારે કોઈ કામ પડતું નથી. તો પણ તેને માટે અમે કહે તે કરવાને તૈયાર છીએ જેનું ફલ પણ અમારે ન જોઈએ. તે ખુશી થાય તો અમારી ઉપર મોટી કૃપા સમજો. મામો રાજા છે તે ભાણેજના ગુણને જુએ તો જરુર અનુગ્રહ કરે જ તેથી અમારે તે કહે તે કરવું જોઈએ. આટલી વાત સાધારણ કહી. હવે વિશેષ કહે છે કે અમો બાલક છીએ એ તેને બતાવવા પૂરતું બાલપણું છે. જો બીજું બાલપણું ન હોય તો શાસ્ત્રને અનુસારે બાહુયુદ્ધ કરો, કરવાને પણ અમો તૈયાર, પરંતુ બાહુયુદ્ધમાં સમાન બલ અને સમાન દેહવાળાએ સમાન ઉમરના સાથે એ યુદ્ધમાં ઉતરવું જોઈએ એવો નિયમ છે, માટે અમારી ઉમરના બાલકો સાથે અમે યુદ્ધ કરશું. તે અમારી સાથે લડનારા અમારા ગોપો સાથે અમે લડશું તો તે યોગ્ય ગણાય. અહિં તો આજ્ઞા પ્રમાણ છે ઔચિતિ-અનૌચિતિ શું છે? ત્યાં કહે છે, અસમાન સાથે લડવાથી આ યુદ્ધ અધર્મરૂપ ન થાઓ. તેમ થઈને જોનાર મલ્લના સભાસદોને દોષ પણ ન લાગે એમ થવું જોઈએ. ચાણૂરનો કહેલો લૌકિક ધર્મ છે, ભગવાને કહેલો તેનાથી અવિરુદ્ધ આ શાસ્ત્રીય ધર્મ છે, તેથી ભગવાને યોગ્ય કહ્યું છે, ચાણૂર વિગેરે દૈત્યો છે તેણે કપટથી ધર્મ કહ્યો છે. બલના સંબંધી અમે બાલ છીએ, તુલ્ય બલવાળા પ્રતીત થઈએ છીએ. ગોપો અથવા બલદેવ અમારી બરોબરના છે, તમે અમારી તુલ્ય બલવાળા નથી, પણ હીન બલવાળા છો, એ અભિપ્રાયથી ભગવાને કહ્યું છે. ૩૭-૩૮.

ભગવાને સાચું કહ્યું તે ચાણૂર ન સમજ્યો. તેને તો અનિષ્ટ ફલ થવાનું છે તેથી વિપરીતપણું કરીને યુદ્ધને માટે 'ન બાલો' ઈત્યાદિ બે શ્લોકથી કૃષ્ણની પ્રવૃત્તિ કરાવે છે. યુક્તિથી ભગવાન્ બલવાન્ છે એમ સિદ્ધ કરે છે. તમે બાલક નથી. સ્થૂલ દષ્ટિવાળો આપને નાના કહે તે તો અમે પણ કહીએ એમ તેનું કહેવું અંગીકાર કરી તેનો પરિહાર કરવા માટે કહે છેઃ

|| ચાણૂર ઉવાચ ||

**ન બાલો ન કિશોરસ્ત્વં બલશ્ચ બલિનાં વરઃ||**
**લીલયેભો હતો યેન સહસ્રદ્વિપસત્ત્વભૃત્||૩૯||**
**તસ્માદ્ભવદ્ભ્યાં બલિભિર્યોદ્ધવ્યં નાનયોઽત્ર વૈ||**
**મયિ વિક્રમ વાર્ષ્ણેય બલેન સહ મુષ્ટિકઃ||૪૦||**

ચાણૂર બોલ્યોઃ- તમે બાલક નથી, કિશોર નથી, બલદેવજી પણ બલિમાં શ્રેષ્ઠ છે તમે તો હજાર હાથીના બલવાળો કુવલયાપીડ હાથી રમત કરતાં મારી નાખ્યો. તેથી તમારી સાથે તો મોટા બલવાળાએ યુદ્ધ કરવું જોઈએ તેમાં કાંઈ અન્યાય નથી. હે વૃષ્ણિકુલનંદન આપ મારી સાથે લડો, બલદેવ મુષ્ટિક સાથે લડે. ૩૯-૪૦.

આપનું વય બલાદિનું નિયામક નથી એવો અભિપ્રાય છે. ખરી રીતે તો તેમ જ છે. અને બલ પણ બાલક કે કિશોર નથી. પણ તે બલવાળાઓમાં શ્રેષ્ઠ છે. તે અને તમે એમ બંનેનું બલ કહ્યું. તેમાંથી એકનું પણ બલ સિદ્ધ કરવા દૃષ્ટાંત આપે છે. એક હજાર હાથીનું બલ ધરાવનારો કુવલયાપીડ નામે હાથી હતો. શાસ્ત્રસિદ્ધ હાથીમાં પુરુષ કરતાં સોગણું બલ હોય છે. એક ભાર પુરુષ ઉઠાવે તો સો ભાર હાથી ઉઠાવે. એવા કુવલયાપીડને તમે રમત કરતાં મારી નાખ્યો. સાધનવાળા હાથીને સાધન વગરનો પુરુષ કે બાલક ન જ મારી શકે તેથી પુરુષ કરતાં અત્યંત વધારે પુરુષાર્થ તમારામાં છે તેથી પુરુષની બરાબર આપ ન ગણાઓ. આપને પુરુષ જેવા કહેવામાં આપની સ્તુતિ થતી નથી. તેમ ઘણા પુરુષની તુલ્ય પણ આપ ન ગણાઓ. એમ બલભદ્રનું પણ સમજો. એમ કહીને શું કહેવું છે? ત્યાં કહે છે કે તેથી તમારી સાથે તો હાથીના કરતાં પણ ઘણા બળીઆઓએ લડવું જોઈએ. આપની સાથે યુદ્ધ કરવામાં અન્યાય થતો નથી. શત્રુની સાથે તો યુદ્ધ કરવું જ જોઈએ. તેમાં ન્યાય વિરોધ પણ નથી, 'વૈ' નિશ્ચયાર્થક છે. ત્યારે ગોપાલો તેવા છે તેની સાથે અમારે યુદ્ધ કરવું જોઈએ, એમ કહો તો કહું છું કે મારી સાથે તમે યુદ્ધ કરો. વાર્ષ્ણેય એ સંબોધન છલને દૂર કરે છે. કપટ છોડી સ્પષ્ટ રીતે મારી સાથે યુદ્ધ કરો. તમે કંસના ભાણેજ છો, છલવાળું શા માટે બોલો છો. છલ છોડો હું તમારો શત્રુ છું એમ સમજો અને મારી સાથે લડો. 'વિક્રમ' (પરાક્રમ) કરો. બલદેવ સાથે મુષ્ટિક પરાક્રમ કરે. આથી મુષ્ટિક હીન છે. બલદેવજી પ્રબલ છે. હું મોટા બલવાળો છું એટલે તમારાથી પણ બલિષ્ઠ છું એમ ચાણૂર બોલ્યો, માટે જ ભગવાને ચાણૂરને માર્યો. એમ ન બોલે તો ભગવાન્

અક્લિષ્ટકર્મા તેને ન મારે. ભગવાને હું મારીશ એવી પ્રતિજ્ઞા કરી નથી. એમ બોલવું બંધ કર્યું ત્યાં સુધી સર્વ જોનારાની ભગવાનમાં આસક્તિ નિરૂપણ કરી. ૩૯-૪૦.

**ઈતિ શ્રીભાગવત દશમસ્કંધ પૂર્વાર્ધ રાજસ પ્રમેય પ્રકરણના પ્રથમાધ્યાયની શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ શ્રીવલ્લભાચાર્યે રચેલી શ્રીસુબોધિનીજી ટીકાના ગુજરાતી ભાષામાં અનુવાદનો પહેલો અને દ.પૂર્વાર્ધનો ૪૦ મો અધ્યાય પૂરો થયો.**

# || અધ્યાય ૪૧ મો ||

**એકચત્વારિંશત્તમે વધઃ કંસસ્ય રૂપ્યતે ||**

**તદીયૈઃ સહ તસ્માદ્ધિ[૧] પિત્રો રોધશ્ચ દીનયોઃ ||૧||**

એકતાલીશમા અધ્યાયમાં કૃષ્ણે કંસનો વધ કર્યો તે કહે છે. તે પણ તેમના ભાઈઓની સાથે તેનો વધ કર્યો છે. તેમ કરીને દીન એવા વસુદેવ-દેવકીનો નિરોધ સિદ્ધ કર્યો.(૧)

**વલક્ષયાય લીલાપિ વાક્યાન્યાસક્તિબોધને[૨] ||**

**ભક્તાર્થે મારણં[૩] ચાસ્ય કંસસ્યાપિ તથૈવ ચ ||૨||**

મલ્લનું બલ ક્ષીણ કરવા માટે લીલા કરી. ગામની સ્ત્રીઓનાં વાક્યો માબાપને આસક્તિ થવા માટે કહ્યાં છે. આ કંસને માર્યો તે ભક્તોને માટે માર્યો છે. તેમ જ મલ્લોને મારવાનું કારણ પણ તે જ છે.(૨)

**પ્રતિબન્ધનિવૃત્ત્યર્થમેતાવદ્ભગવત્કૃતમ્ ||**

**નિરુદ્ધાસ્તેપિ[૪,૫] મુક્તા હિ પૂર્વસ્માચ્ચ વિશિષ્ટતા||૩||**

પ્રતિબંધ દૂર થવા માટે ભગવાને એટલું કર્યું છે. જેને ભગવાને માર્યા તે જો કે દ્વેષી હતા તો પણ તેને મારીને ભગવાને મુક્તિ આપી છે. ભગવાનને ભક્તોએ ભગવાન્ જાણ્યા એ તામસ કરતાં વિશિષ્ટતા છે.(૩)

**બોધિતા જ્ઞાનકથનાદાસક્તિશ્ચ સ્થિતૈવ હિ ||**

**ત્રિવિધાઃ[૬] સર્વ એવૈતે ગુણાતીતોપિ સાત્ત્વિકઃ ||૪||**

આસક્તિ પણ હતી તે જ વધી છે. તામસોમાં આસક્તિ નવીન જ પેદા

---

૧. ૪૧ અધ્યાયની પ્રથમ કારિકામાં તસ્માત્'થી કહ્યું કે કંસને મારીને માબાપનો નિરોધ કર્યો એટલે માબાપની સ્વસ્વરૂપમાં આસક્તિ કરાવી.

૨. આસક્તિનો વધારો કરવા માટે નગરની સ્ત્રીઓના વાક્યો માબાપને સંભળાવ્યા. 'બોધને' એમ નિમિત્તસપ્તમીથી માબાપને આસક્તિ થવા માટે એવો અર્થ કરવો.

૩. ભક્તાર્થે મારણ-એમાં મલ્લને માર્યો તે ભક્તોને ક્લેશ થતો હતો તેથી માર્યો છે.

૪. તેમ કરીને ભક્તોનો નિરોધ કર્યો એટલે પોતાના સ્વરૂપમાં તેમની આસક્તિ કરાવી.

૫. દ્વેષિઓને મારીને પણ તેમને મુક્તિ આપી છે. તે આ અધ્યાયમાં જ કહેવામાં આવ્યું. મલ્લો સ્ત્રીઓ અને માતાપિતા એ ત્રણ સાત્ત્વિક, રાજસ અને તામસ છે. બીજે સ્થલે ગુણાતીત ગણાએલા વસુદેવને અહિં સાત્ત્વિકમાં ગણ્યા છે તેને વૈકુંઠલોકરૂપ ફલ આપવું છે જેમાં જ્ઞાનિઓ જાય છે તે જ્ઞાન 'સત્ત્વાત્સંજાયતે જ્ઞાનમ્' એ વાક્ય મુજબ સત્ત્વથી થાય છે તેથી વસુદેવને સાત્ત્વિકમાં ગણ્યા છે.

૬. અથવા તે ત્રણે આ અધ્યાય પછી કહેવાના છે. તેના વિભાગ કહે છે.

થઈ હતી. આ બધા ભક્તો ત્રિવિધ છે, વસુદેવ ગુણાતીત તે પણ અહિં સાત્ત્વિકમાં ગણવામાં આવ્યા છે.(૪)

**અથવા તે પુનર્વાચ્યાસ્તત્રૈકે[૭] મોચિતાઃ સ્વતઃ ।।**

**નિરુદ્ધાઃ[૮] સફલાઃ[૯] પ્રોક્તાઃ પિતરૌ પૂર્વતોધિકૌ ।।૫।।**

અથવા આ અધ્યાય પછી તે કહેવાશે. તેમાં કેટલાકને દુઃખથી 'મુક્ત' કર્યા છે. નિરુદ્ધ થયા તેને ફલ પણ આપ્યું છે. પૂર્વે નિરોધ જેનો કર્યો છે તેનાથી પણ માબાપ અધિક છે એટલે ગુણાતીત છે. તેને મુક્ત કરવા બીજાને મુક્તિ આપી છે. સ્વરૂપમાં આસક્તિ કરાવી નિરોધ કરીને મુક્તિ આપી છે.(૫)

પૂર્વાધ્યાયના અંતમાં ચાણૂરે ભગવાનને બોલાવીને યુદ્ધ કરવાનું કહ્યું, યુદ્ધનું આહ્વાન કરે તો લડવાની ના ન કહેવાય એવું શાસ્ત્ર છે. તેથી ભગવાન્ હીન બલવાળા મલ્લો સાથે યુદ્ધ કરવાને તૈયાર થયા તે કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**એવં ચર્ચિતસંકલ્પો ભગવાન્ મધુસૂદનઃ ।।**

**આસસાદાથ ચાણૂરં મુષ્ટિકં રોહિણીસુતઃ ।।૧।।**

શુકદેવજીએ કહ્યુંઃ- એમ મધુદૈત્યને મારનાર ભગવાને પોતાનો વિચાર કહી બતાવ્યો. પછી ભગવાને ચાણૂર સાથે અને બલદેવે મુષ્ટિક સાથે યુદ્ધનો આરંભ કર્યો. ૧.

ભગવાને મનનો સંકલ્પ હતો તે કહી બતાવ્યો. અહિં ચર્ચા વિચારાત્મક છે. વગર વિચાર્યે દુર્બલ સાથે મોટો યુદ્ધ કરે તો મોટાને દોષ લાગે. વળી ભગવાન્ તે મલ્લોના હૃદયને પણ જાણે છે, કે તે યુદ્ધ કર્યા વગર છોડશે નહિ. ભગવાનને યુદ્ધના પરિણામમાં શંકા તો નથી જ એ કહેવા માટે 'મધુસૂદન' કહ્યા છે. જે મધુ જેવા દૈત્યને મારે તેને મલ્લો બીચારા કોણ હિસાબમાં ? તેથી ભગવાન્ તેની સાથે લડવાને પાસે ગયા. ચાણૂરની પાસે ગયા ત્યારે ચાણૂરના[૧૦] ચાણૂરને ભગવાને

૭. કેટલાક યાદવોને બહારથી બોલાવીને દુઃખમુક્ત કર્યા. સાંદીપિનિ પણ તેવા જ સમજો. એ સાત્ત્વિકો આગલા અધ્યાયમાં કહેવાશે.

૮. પુનઃ પૂર્વે જેનો નિરોધ કર્યો છે એવા તામસો બે અધ્યાયથી કહેવાશે.

૯. કુબ્જા અક્રૂર વિગેરે રાજસો બે અધ્યાયથી કહેવાશે. આ અધ્યાયમાં તો પહેલાં કહ્યા તેથી અધિક ગુણાતીત પિતૃઓનો નિરોધ છે. (લેખ)

૧૦. ચાણૂરમાં જે આધિદૈવિક ચાણૂર છે તેને ભગવાને પોતાનામાં લીધો. આધિભૌતિકપક્ષમાં માર્યા વિગેરેની વાત સંભવે. ભગવાન્ સત્યસંકલ્પ હોવાથી જ્યારે મારવાનો સંકલ્પ કર્યો ત્યારે તેમ થયું. અહિં ચાણૂર તો દેખાય છે એ પક્ષમાં ભગવાનનો સંકલ્પ સત્ય છે તેણે જ્યારે સંકલ્પ કર્યો ત્યારે જ તે મર્યો અથવા દૂર થયો પણ લોકદષ્ટિથી તે દેખાય એમ રાખ્યો છે.

પોતાનામાં લઈ લીધો. બીજી રીતે કહીએ તો માર્યો અથવા દૂર કર્યો. પછી ભગવાન્ ચાણૂરને મલ્યા. તેમ જ મુષ્ટિકનું રોહિણીસુત સાથે યુદ્ધ થયું. મુષ્ટિક નકામો છે, પોતે ડરે છે. પોતે બોલ્યો નહિ પણ ચાણૂર ભગવાન્ સાથે જોડાયો એટલે તેણે બલદેવજી સાથે ચાણૂરના કહેવાથી લડાઈ શરૂ કરી. તે અયોગ્ય કહેવાય તેથી બલદેવને રોહિણીસુત કહ્યા છે. ૧.

મલ્લ જેવી રીતે યુદ્ધ કરે તેમ કર્યું તે ચાર શ્લોકથી કહે છેઃ

**બલં શિક્ષા ચ માયા ચ પ્રસાદશ્ચ ગુરોસ્તથા ।।**
**ચત્વારોપિ નિરાકાર્યાસ્તતઃ શ્લોકચતુષ્ટયમ્ ।।૧।।**

શરીરનું બલ, લડવાની કેળવણી, તેમાં કપટ કરવાની રીતો અને ગુરુની કૃપા એ ચાર વસ્તુને અહિં નકામી કરવી છે તેથી ચાર શ્લોકથી તેનું વ્યાખ્યાન કર્યું છે.

**હસ્તાભ્યાં હસ્તયોર્બધ્વા પદ્ભ્યામેવ ચ પાદયોઃ ।।**
**વિચકર્ષતુરન્યોન્યં પ્રસહ્ય વિજિગીષયા ।।૨।।**

બે હાથ વડે તેના હાથ પકડીને બે પગ વડે તેના પગને બાંધીને બંને પરસ્પર ખેંચે છે તેમાં એક બીજાને જીતવાની ઈચ્છાથી તેમ કરે છે. ૨.

હાથનાં આંગળાથી તેના હાથને પકડ્યા અને પગના આગલા ભાગથી પગને ખેંચ્યો. પરસ્પર બલાત્કારે જીતવા માટે એક બીજાને પોતાની તરફ ખેંચવા લાગ્યા. જેના ખેંચવાથી બીજો ખેંચાઈ આવે તે હાર્યો ગણાય. બંનેની આંગળીઓ સાથે બંધાઈ ગઈ છે તે બંને મોટા બળવાળા હોવાથી જીતવાની બંને ઈચ્છા કરે છે. ૨.

પછી સર્વાંગનો સાક્ષાત્ સંબંધ કરીને યુદ્ધ કર્યું તે કહે છેઃ

**અરત્ની દ્વે અરત્નીભ્યાં જાનુભ્યાં ચૈવ જાનુની ! ।।**
**શિરઃ શીષ્ણોરસોરસ્તાવન્યોન્યમભિજઘ્નતુઃ ।।૩।।**

બે હાથ બે હાથથી બે જાનુ બે જાનુ સાથે બે માથા એકબીજાએ અથડાવ્યા અને છાતીથી છાતી મિલાવી અન્યોન્ય બંનેને પરાજિત કરવા માટે લડવા માંડ્યા. ૩.

બંનેના હાથનો કોણી સુધી સંબંધ એ અરત્ની શબ્દથી કહેવાય છે. (કોણીથી હાથની કનિષ્ટિકા આંગળીના મૂલ સુધીનો ભાગ અરત્ની કહેવાય) તેમ બે ગોઠણ પણ નીચેના ભાગસહિત બે ગોઠણને વીંટાઈ જાય છે. એ ક્રમથી

---

'મયા હતાંસ્ત્વં જહિ મા વ્યથિષ્ટા' એ ન્યાયનું અનુસંધાન અહિં કરવું. આ સંકલ્પ પદનું તાત્પર્ય કહ્યું.(લેખ)

જાણવાં. માથું માથાથી છાતીની સાથે છાતી મેળવીને બંને એકબીજાને મારવા લાગ્યા. એ ચાર કહેવાથી તેમનું બલ અને તેમની શિક્ષા કહેવામાં આવી. ૩.

કપટથી શાસ્ત્રીય પ્રકાર હવે કહે છેઃ

**પરિભ્રામણવિક્ષેપપરિરમ્ભાવ્પાતનૈઃ ।।**
**ઉત્સર્પણાપસર્પણૈશ્ચાન્યોન્યં પ્રત્યરુન્ધતામ્ ।।૪।।**

ફેરવીને દૂર ફેંકવું, બાથમાં લઈને પાડવું, ઊંચોનીચો કરવો એમ એકબીજા પરસ્પર લડતાં એકબીજાને રોકવા લાગ્યા. ૪.

એકબીજાને લઈને ચારે બાજુ ફેરવે છે, પછી દૂર ફેંકી દે છે. ફરીને આવી મળે છે. બંને ગાઢ આલિંગન કરે છે. બંને સાથે જ ભૂમિ ઉપર પડે છે એમ ચાર તો એક ક્રમથી થયા. પછી પાછા છુટા પડીને ઊંચે ફેંકે છે. તેને મારીને પોતે નીચે બેસી જાય છે. ઊંચે લઈ જાય તેને ઊંચો રાખે તો જીતે, નીચે પાડે તેને ઊંચો ન જવા દે તે જીતે. એમ એકબીજાને રોકવા લાગ્યા. જેમ પહેલો બીજા ઉપર પોતાનું બલ અજમાવી ન શકે તેમ પ્રતિબંધ કરવા લાગ્યાં. ૪.

પછી ગુરુએ પ્રસન્નતાપૂર્વક બતાવેલ પ્રકાર વડે યુદ્ધ કરે છે.

**ઉત્થાપનૈરુન્નયનૈશ્ચાલનૈઃ સ્થાપનૈરપિ ।।**
**પરસ્પરં જિગીષન્તાવપચક્રતુરાત્મનઃ ।।૫।।**

બેઠેલાને ઉઠાડે છે, ઊંચો લઈ લે છે, તેને ચલાવે છે, બેઠો હોય તેને બેસાડી રાખે છે. પરસ્પર જીત મેળવવા એકબીજાના દેહને ક્ષીણ કરે છે. ૫.

બેઠો હોય તેને ઉઠવા ન દે તે જીતે. બેઠેલાને ઉઠાડે તે જીતે છે. જે ઊભો જ રહે છે તેને જે બેસાડે તે જીતે છે, સ્થિર હોય તેને ત્યાંથી ચલાવે તે જીતે. જે ચાલે છે તેને રોકી દે તે જીતે. એ ચાર પ્રકારથી જીતવાને ઈચ્છતા દેહનો અપકાર કરે છે. અહિં ચાણૂરાદિનાં શરીર દેખાવામાં મોટાં પણ રૂ જેવાં છે. ભગવાનનું શ્રીઅંગ વજ્ર જેવું કઠણ છે. પણ ચાણૂરનું અંગ મોટું લાગે. અને ભગવાનનું શ્રીઅંગ સૂક્ષ્મ લાગે છે. ૫.

એમ ફલથી ભગવાનનો જય છે છતાં દેખવામાં વિપરીત લાગે છે. તેથી ભગવાને જેની આસક્તિ પોતાનામાં કરાવી છે તેને ખોટું લાગે છે; તેમાં પણ સ્ત્રીઓ ભોળી છે. તે પોતાના હૃદયનો ભાવ ખુલ્લો કરી બેઠી. એ વાત ૧૧ શ્લોકથી કહે છે. તેમાં સાત શ્લોકથી જે જોયું તેનું વર્ણન કરે છે તે ભગવત્પણાને માટે કરે છે. ભગવચ્ચરિત્ર કહેવા માટે ચારથી પોતાની નિંદા અને ગોપીઓની સ્તુતિ કરશે. તેમાં પ્રથમ યુદ્ધ જોઈને નારાજ થએલી સ્ત્રીઓ નિંદા કરવા લાગી. સ્ત્રીઓએ કહ્યું કે આ યુદ્ધ બલવાન્ અને નિર્બલની વચ્ચે છે. એમ પરસ્પર કહેતી

સ્ત્રીઓ દયા લાવીને દેશવાળી ગામવાળી એમ બધી ટોળાં વળીને કહે છે તે બોલી કે બળીયા નિર્બલ વચ્ચે આ યુદ્ધ છે.

**તદ્બલાબલવદ્યુદ્ધં સમેતાઃ સર્વયોષિતઃ ।।**
**ઊચુઃ પરસ્પરં રાજન્ સાનુકમ્પાવરૂથશઃ ।।૬।।**

બલી નિર્બલનું આ યુદ્ધ જોઈ બધી સ્ત્રીઓ ભેગી મળી મનમાં દયા લાવીને હે રાજન ! ટોળે વળીને તે પરસ્પરને કહેવા લાગી. ૬.

તેના દોષ આગળ કહ્યા છે એમ કેટલાકનું કહેવું છે. તે યુદ્ધને જોઈને બધી ભેગી થઈ. બલી અને નિર્બલનું આ યુદ્ધ છે. બંનેમાં 'મતુપ્‌નો' સંબંધ છે. પરસ્પર કહેવાથી સમાનશીલવ્યસનનું યૂથ થયું છે. રાજન્ એવું સ્નેહસંબોધન કહ્યું તે ધ્યાન આપવા માટે કહ્યું છે. નહિ તો સ્ત્રીનું વચન જાણી રાજા ધ્યાન ન આપે. સ્નેહનો આ ગુણ છે કે સમર્થમાં પણ અસમર્થ બુદ્ધિ જણાય. તેથી ભગવાન્ સમર્થ છે છતાં સ્ત્રીઓને અસમર્થ જણાયા. સમૂહ બહુ હોય તો સારી રીતે શ્રવણ થાય. લીલા વડે દશપ્રકારની[1], તેમાં સગુણના નવ પ્રકાર અને ગુણાતીતનો એક પ્રકાર એમ દસ છે. ૬.

તેમાં કેટલીક નીતિમાં આગ્રહવાળી હતી તેમણે અન્યાય સહન ન થતાં બોલી દીધું.

।। સ્ત્રિય ઊચુઃ ।।

**મહાનયં બતાધર્મ એષાં રાજસભાસદામ્ ।।**
**યે બાલ-બલવદ્યુદ્ધં રાજ્ઞોન્વિચ્છન્તિ પશ્યતઃ ।।૭।।**

સ્ત્રીઓ બોલીઃ- આ રાજની સભાના સભ્યો મોટો અધર્મ કરે છે કે જે બલવાળા અને બાલકના યુદ્ધને રાજા જુએ છે તેને તે અનુસરે છે. ૭.

ખેદ બતાવવા 'બત' કહ્યું. આ એકદમ અનર્થ કેમ પ્રવર્ત્યો ? આ રાજસભાના સભ્યોને મોટો અધર્મ થશે જો કે રાજાનો સંબંધ એ જ અધર્મ છે. તેમાં સભાનો સંબંધ, તેમાં પણ અધિકાર, તે બધા કરતાં પણ આ મોટો અધર્મ છે. તેને કહે છે કે આ યુદ્ધ બલવાન્ અને બાલક વચ્ચે છે. એક બાલક છે જ્યારે બીજો બલવાન્ છે. તેનું યુદ્ધ શાસ્ત્રવિરુદ્ધ ગણાય. તેમાં પણ રાજાના દેખતાં આ યુદ્ધ થાય છે. રાજા ધર્મની મૂર્તિ ગણાય છે તેના દેખતાં અધિકારિઓએ અન્યાય ન કરવો જોઈએ. રાજા જુએ છે છતાં તે અન્યાય કરે છે. તેથી રાજા પણ જાણશે કે અહિં પણ બધા આવા ખોટા છે. તે નજરે જોશે તો કાંઈક આપણો ઉપકાર પણ

---

૧. દશવિધા કહી તેમાં નવવિધ ગુણવાળાં અને 'યા દોહને' ઈત્યાદિ શ્લોકમાં બાલલીલા કહેનારી નિર્ગુણા એ મળીને દશ પ્રકાર થાય છે. (લેખ)

કરશે એવો સ્ત્રીઓના મનનો ભાવ છે. ૭.

ત્યાં કહે છે કે ભગવાન્ પણ બલવાળા છે તેથી તેમાં અધર્મ નહિ થાય.

**ક્વ વજ્રસારસર્વાઙ્ગૌ મલ્લૌ શૈલેન્દ્રસન્નિભૌ ।।**
**ક્વ ચાતિસુકુમારાઙ્ગૌ કિશોરૌ નાપ્તયૌવનૌ ।।૮।।**

વજ્ર કરતાં પણ દૃઢ અંગવાળા મેરુ પર્વત જેવા મોટા મલ્લો ક્યાં અને કોમલથી પણ કોમલ કિશોર અવસ્થાવાળા જેને હજુ યૌવન પણ પ્રાપ્ત થયું નથી એવા આ બંને ભાઈઓ ક્યાં ? ૮.

જે અર્થનો બાધ થતો હોય તેવું વેદ પણ બોલતો નથી. ભગવાનનાં શ્રીઅંગો કોમલ છે એ તો અનુભવથી સિદ્ધ થયું છે. મલ્લોના અંગ અતિ કઠિન હોય એમ તો જગત કહી રહ્યું છે, તે ઉંચા છે, આ સૂક્ષ્મ છે. 'યત્રાકૃતિસ્તત્ર ગુણાઃ' એ ન્યાયનો અહિં વિરોધ બતાવ્યો. તે જ કહે છે કે વજ્રના સારરૂપ આ મલ્લોનાં અંગો છે. તે જાતે મલ્લ છે, મલ્લવિદ્યામાં નિપુણ છે, તેમાં પણ મેરુ પર્વત જેવા મોટા છે. એની સાથે આ અતિ સુકુમાર બાલકો ક્યાં ? જેનાં અતિ કોમલ અંગો છે, તેમનું વય જુઓ તો કિશોર છે. લોકમાં કિશોરનું હાડ મોટું હોય અથવા બીજને લીધે પણ તે જુવાન દેખાય છે તેવું પણ આમાં નથી કેમ કે તે યુવાન નથી થયા. અહિં સ્પષ્ટતાથી જોઈને ખાત્રી કરવા નઞ્ સમાસ કહ્યો છે. ૮.

એમ અધર્મનું કારણ અન્યાય થાય એ જ નથી પણ જે ધર્મના પ્રભાવથી આ ઐશ્વર્ય વિગેરે ભોગવે છે તે પણ દૂર જશે તે કહે છેઃ

**ધર્મવ્યતિક્રમો હ્યસ્ય સમાજસ્ય ધ્રુવં ભવેત્ ।।**
**યત્રાધર્મઃ સમુત્તિષ્ઠેત્ ન સ્થેયં તત્ર કર્હિચિત્ ।।૯।।**

આ સમાજના ધર્મનો વ્યુત્ક્રમ થઈ જશે એ વાત ચોક્કસ જાણો. જ્યાં અધર્મ ઊભો થયો ત્યાં પછી રહેવાય જ નહિ. ૯.

આ સમાજનો ચોક્કસ ધર્મ વિપરીત એટલે અધર્મમાં ફરી જશે. શુભ ફલ ધર્મથી થાય તેની વ્યુત્ક્રમ એટલે ધર્મની જગ્યાએ અધર્મ થશે તો શુભને બદલે નાશ થશે. તેની[1] પહેલાં વિષમ આજ્ઞા થવાથી અધર્મ થયો. બીજા સહજ અધર્મો પણ કેટલાક છે. ખરી રીતિએ ધર્મના પ્રભુ તો ભગવાન્ છે. ભગવાનને લાયક નહિ તેવા કાર્યમાં પ્રભુને યોજનાર દૂષિત થાય. તેની અન્યથા લીલા જોનાર પણ દૂષિત થાય કેમ કે તે ભગવાનના સેવકનો પણ સેવક છે તે પ્રભુને તેમ કરાવવામાં યોગ્ય નથી સેવક છે છતાં તેમ કરે તો તે પણ અધર્મી થયો. 'ધર્મનો અતિક્રમ ન કરવો' એમ

---

૧. નાશ થયા પહેલાં ચેતવું. અહિં એક નિર્બલ છે તેની સાથે લડનાર બલવાન્ છે. તેથી અધર્મ થયો છે, કેમ કે એમાં આજ્ઞા કરવામાં વિષમતા થઈ છે. (લેખ)

ધર્મશાસ્ત્ર કહે છે. એથી આ સમાજમાં સર્વત્ર અધર્મ ઉત્પન્ન થયો છે માટે જ્યાં સારી રીતે અધર્મ ઊભો થાય ત્યાં દુઃખ અવશ્ય થાય. કોઈ વખતે ત્યાં રહેવું નહિ. જો કે દુઃખસંભાવના નથી તો પણ દુઃખનાં કારણની ઉત્પત્તિ થઈ ગઈ છે. જેમ સર્પ પાસે સુવાય નહિ તેમ અહિં રહેવું ન જોઈએ. ૯.

એમ હોય તો બધાંને અધર્મ થશે. સમાજને તેથી શું થવાનું હતું ? ત્યાં કહે છેઃ

**ન સભાં પ્રવિશેત્પ્રાજ્ઞઃ સભ્યદોષાનનુસ્મરન્ ।।**

**અબ્રુવન્ વિબ્રુવન્નજ્ઞો નરઃ કિલ્બિષમશ્નુતે: ।।૧૦।।**

સભામાં બેસનારને દોષ લાગે છે એ યાદ કરીને ડાહ્યો માણસ સભામાં ન જ જાય. મૂર્ખ માણસ સભામાં જઈને ન બોલે અથવા વિપરીત બોલે તો તેને દોષ લાગે છે. ૧૦.

શું કહો છો ? સભામાંથી ચાલ્યા જવું ? અથવા વગર બોલ્યા બેસી રહેવું ? એ શંકા કરીને કહે છે કે સભામાં જવું તો જરુર બોલવું. જો બોલવાનું સામર્થ્ય ન હોય તો થવાનું પહેલેથી જાણી ડાહ્યો માણસ સભામાં ન જ જાય. ‘સભામાં ન જ જવું, જો જવું તો સૌને સારું લાગે તેવું બોલવું. ન બોલે અથવા વિપરીત કહે તો માણસ પાપી થાય છે’ એમ મનુસ્મૃતિનું વચન છે. આ સભ્યના દોષો છે તે જ કહે છે. સભામાં બેઠેલાએ અવશ્ય બોલવું જોઈએ. પૂછવાથી કે ન પૂછવાથી જો ખરું ન બોલે તો તે નરકભાગી થાય છે. જો ધર્મથી વિરુદ્ધ બોલે તો અથવા અન્યાયથી પૂછે અથવા જાણતો હોય છતાં હું નથી જાણતો એમ કહે તે મૂર્ખ ગણાય છે. એમ ત્રણ પ્રકારના તે નરકભાગી થાય છે. સભામાં પ્રવેશ કરતાં સભાના સ્મરણમાં તેમાં જવાના ગુણદોષનું સ્મરણ પણ આવશ્યક છે તેથી એમ કહ્યું છે. કિલ્બિષનો અર્થ ‘આવશ્યક નરક’ એવો થાય છે. ૧૦.

ત્યાં કહે છે કે ભગવાનમાં પણ બલ અવશ્ય છે. કેમ કે તે ન હોત તો કુવલયાપીડ મરત નહિ. ભગવાને તેને માર્યો તથી ભગવાનમાં બલ છે. ત્યાં કહે છેઃ

**વલ્ગતઃ શત્રુમભિતઃ કૃષ્ણસ્ય વદનામ્બુજમ્ ।।**

**વીક્ષતાં શ્રમવાર્યુપ્તં પદ્મકોશમિવામ્બુભિઃ ।।૧૧।।**

શત્રુની ચારે બાજુ મલ્લના શબ્દ કરતા કૃષ્ણનું મુખારવિંદ શ્રમબિંદુયુક્ત થયું છે. પદ્મનો કોશ જેમ જલથી અલિપ્ત રહે તેમ ભગવાનનું વદન શ્રમરહિત હોવું જોઈએ. છતાં અત્યારે શ્રમ દેખાય છે તેથી તેમાં બલ નથી. ૧૧.

ચાણૂરની ચોતરફ મલ્લના શબ્દ કરતા સદાનંદનું, આપણા બધાના સર્વસ્વરૂપ કૃષ્ણનું વદનકમલ પસીનાના કણોથી વ્યાપ્ત થયું તેને જુઓ. ભગવાન્ અધિક બલવાળા કે સમાન બલવાળા હોય તો તો શત્રુને જેમ શ્રમ નથી તેમ કૃષ્ણને

પણ શ્રમ ન પડત. વળી 'શબ્દ પણ અસમર્થના જ હોય' એમ લોકમાં પ્રસિદ્ધ છે. શ્રમના કણ નથી પણ શ્રમનું જલ ચાલ્યું જાય છે. તેથી અંતઃશ્રમનું આધિક્ય કહ્યું. ત્યાં કહે કે કર્મ કરવામાં શ્રમ તો થાય. એમાં શું દોષ ? ત્યાં કહે છે કે કમલની કળી જલની ઉપર રહે છે. તે કોઈ દિવસ જલનો સ્પર્શ કરતી નથી. જેમ જલ વધે તેમ કમલનું નાળ વધે તે જલમાં વ્યાપ્ત કદી ન થાય તેમ કૃષ્ણના શ્રીમુખ ઉપર સ્વેદ કદી ન થવો જોઈએ. ભક્તોની આસક્તિ વધારવા ભગવાને શ્રમનો દેખાવ કર્યો છે જેથી બીજામાં ભક્તો આસક્ત ન થાય. કંસ પણ ઘડીભર રાજી થાય તેથી શ્રીકૃષ્ણે શ્રમ બતાવ્યો છે. ૧૧.

એ કૃષ્ણનું શ્રીમુખ બધા જોઈ ન શકે તેથી તે પ્રકટ નથી એ બોલનારીને પણ કોઈ દિવસ તેનું દર્શન થયું નથી. બલભદ્રના શ્રીમુખ ઉપર શ્રમ જોઈ લો એમ કહે છેઃ

**કિં ન પશ્યત રામસ્ય મુખમાતામ્રલોચનમ્ ।।**
**મુષ્ટિકં પ્રતિ સામર્ષં હાસસંરમ્ભશોભિતમ્ ।।૧૨।।**

રામનું મુખારવિંદ ચોતરફથી લાલ નેત્રવાળું કેમ જોતાં નથી ? મુષ્ટિક પ્રતિ કોપવાળું છે. તેમાં હાસ્ય-ક્રોધની મિશ્ર શોભા છે. ૧૨.

રામનું મુખ તામ્રલોચનવાળું છે તેને કેમ જોતા નથી. આ તો તેના મોટા ભાઈ છે. એમનો શ્રમ બધા જોઈ શકે છે. અન્યથા શ્રમ ન થયો હોય તો ક્રોધ ન કરે. અશક્ત જ કોપ કરે. સ્વભાવથી પણ કોઈ લાલ થઈ જાય છે. મુષ્ટિકને મારવા માટે ક્રોધને પ્રકટ કર્યો છે. સ્વતઃ અસમર્થ હોય એને કામાદિ તેમ કરવાની પ્રેરણા કરે છે. એ પણ સહજ હોઈ શકે. ત્યાં કહે છે કે હસવાથી ક્રોધ થયો તેનાથી મુખારવિંદ શોભે છે અથવા પહેલાં હાસપૂર્વક કામલીલાથી શોભતા હતા. પૂર્વે આપણને દિલગીર જોઈને હાસ અને ક્રોધથી શ્રીમુખ શોભતું હતું. 'આ સ્ત્રીઓ અમારું સ્વરૂપ નથી જાણતી' એમ જાણી ભગવાને હાસ કર્યો. ભક્તો દુઃખ પામે છે તેથી મલ્લને જલદી મારવા ભગવાન્ ક્રોધ કરે છે. બંનેથી અતિ શોભાવાળા છે. માટે કાંઈ પણ શ્રમ કે ક્રોધ તેમાં સહજ નથી. ૧૨.

એમ સ્નેહને વશ થતાં નહિ થાકેલ ભગવાનને શ્રમિત માન્યા. સ્ત્રીઓ બોલી આપણે ન જોવાની જગાએ ભગવાનને જોયા તેથી આપણું ભાગ્ય જ નિંદ્ય છે એમ કહી ગોકુલવાસીઓના ભાગ્યને ચાર શ્લોકથી વખાણે છેઃ

**પુણ્યા બત વ્રજભુવો યદયં નૃલિઙ્ગગૂઢઃ પુરાણપુરુષો વનચિત્રમાલ્યઃ ।।**
**ગાઃ પાલયન્ સહબલઃ ક્વણયંશ્ચ વેણું વિક્રીડયાઞ્ચતિ ગિરિત્રરમાર્ચિતાઙ્ઘ્રિઃ।૧૩।**

આ વ્રજની ભૂમિ પવિત્ર છે કે આ મનુષ્યનાટ્ય બતાવતા પુરાણપુરુષ, વનનાં વિચિત્ર પુષ્પની માલાવાળા, બલદેવજીની સાથે ગાયોને ચારતા, લક્ષ્મી

અને મહાદેવે જેના ચરણની સેવા કરી છે એવા કૃષ્ણ આ વ્રજભૂમિમાં ક્રીડા માટે વેણુ વગાડતા ફરે છે. ૧૩.

પ્રથમ તો સ્ત્રીઓ વ્રજભૂમિને અભિનંદન આપે છે. પછી વ્રજની સ્ત્રીઓને અભિનંદશે. પ્રથમ કહે છે વ્રજની જમીનને ધન્ય છે. જેમાં કપટથી મનુષ્યોનો વેષ ધરનાર ગુપ્ત રીતે પુરાણપુરુષ વનનાં વિચિત્ર પુષ્પોની માલાવાળા વ્રજની ગાયોનું પાલન કરતા ગાયોને ચારનાર ગોપ છે છતાં પોતે ગાયો ચારે છે. બલભદ્ર સાથે છે વિશેષ ક્રીડાને માટે વ્રજભૂમિમાં વિહાર કરે છે પોતે તો શિવે અને લક્ષ્મીએ જેના ચરણનું પૂજન કર્યું છે એવા છે. પૃથ્વી સ્વભાવથી પવિત્ર હોય છે. જો કે મથુરાને પવિત્ર ગણી છે તો પણ મથુરામંડલમાં વ્રજભૂમિ જ પવિત્ર છે.પવિત્ર એ સુખનું ફલ છે. તેમાં રહેનાર હમેશાં સુખી હોય છે. અહિં તો તેથી વિપરીત છે તેથી 'બત' એ હર્ષવાચક અવ્યય મૂક્યો છે. એવું પણ લોકમાં સ્થાન છે. ગુપ્ત હોય તેની સાથે ક્રીડા સુખ આપે છે તે ભગવાનની પણ ગુપ્ત ક્રીડાને સાધનારી વ્રજની ભૂમિ સુખ આપનારી છે. ભગવાન્ પણ પુરાણપુરુષ છે. તેથી સ્ત્રીઓનું સ્વરૂપજ્ઞાન દઢ છે એમ બતાવ્યું તો પણ અહિં શ્રમ થવાથી સ્થળાંતરની પ્રશંસા કરી છે. ગુપ્તની સાથે સર્વ વ્યવહાર કરી શકે તેમાં નિયામકને પણ કહે છે. વનનાં વિચિત્ર પુષ્પોને ધારણ કરે છે. ગાયોનું પાલન કરે છે. અત્યંત ગૌણ ભાવનો આશ્રય કરે છે તેથી સ્વચ્છંદલીલા થાય છે. બાધકનિરાકરણ માટે બલદેવજીને સાથે રાખે છે. રક્ષક દેવોને જગાડવા અથવા રસનો બોધ કરવા માટે દિવસમાં પણ પરમાનંદનો અનુભવ કરવા માટે વેણુને વગાડે છે. 'ચકાર' છે તેથી અનેકવિધ ક્રીડા કરે છે. ભૂમિના પૂજનથી ભૂમિસ્થનું પણ પૂજન કરે છે તેથી સ્વચ્છંદલીલામાં અતિક્રમ થાય તો પણ અપરાધ થતો નથી. અન્યત્ર જ્યાં સુધી ગુપ્તતા ન હોય ત્યાં સુધી પોતાને ઈષ્ટ સિદ્ધિ થતી નથી. અહિં ગુપ્તતામાં તો ચાણૂરાદિ અતિક્રમ કરે. તેથી બંને રીતે અહિં દુઃખ છે. ગોકુલમાં સ્વરૂપ પ્રચ્યુત થઈને ભગવાન્ રહે છે એમ સમજવાનું નથી. ત્યાં રહેતાં છતાં મહાદેવ અને લક્ષ્મી તેનું અર્ચન કરે છે. મહાદેવ તો પશુના પતિ છે. તેનાં પશુ અને તેના પાળ–ગોપાલો તેની ભગવાન્ રક્ષા કરે છે. તેથી પોતે અપરાધી થઈને તેનું પૂજન કરે છે, તેનાથી પોતાનો અપરાધ દૂર કરે છે. મોટા નાનાનું કામ કરે તો નાનાને લાજ આવે છે તેથી મહાદેવ ભગવાનને પૂજે છે. અન્યથા[1] ભગવાને

---

૧. મહાદેવ ભગવાનના સેવક ન હોય તો પશુના વિરોધિ ઈન્દ્રનો દંડ કરે. સેવકને તો સ્વામીની આજ્ઞા પ્રમાણે કરવું જોઈએ તેથી તેનો દંડ નથી કર્યો. શિવરાત્રિએ નંદરાયજીને સુદર્શનને ગળ્યા તેને ભગવાને મોક્ષ આપ્યો તેમાં પણ મહાદેવ પ્રતિબંધ કરે. પણ સેવક હોવાથી ભગવાનની ઈચ્છા વિરુદ્ધ તે ન કરી શકે માટે શિવ સેવક છે.(લેખ)

ગોવર્ધન ધર્યો તેમાં શિવ ઈન્દ્રનો અપરાધ કરે. અથવા ગોવર્ધનને છિન્ન ભિન્ન કરી દે. તે જેમ રહ્યા હોય તેવા રૂપમાં પર્વતોને પાળે છે. તે સુદર્શનના મોક્ષનો પણ અંગીકાર ન કરે. તેથી તે (શિવ)નો વ્યવહાર સેવકપણાથી જ છે. લક્ષ્મી સર્વ સ્ત્રીની મૂલ પ્રકૃતિ છે. તેની વિભૂતિરૂપા ગોપીઓ છે. તેની ઉપર પણ કૃપા કરે છે. અથવા ભગવાન્ પશુપાલન કરવા લાગ્યા ત્યારે પોતાનો તે હક જશે એ ભયથી મહાદેવ તેનું પૂજન કરે છે. ગોપીઓ ભગવાનની સેવામાં જોડાશે તો ભગવાન્ મારો ભાવ નહિ પૂછે, મારો આદર નહિ કરે, એ ભયથી લક્ષ્મી ભગવાનને પૂજે છે. ૧૩.

એમ ભૂમિનું અભિનંદન કરીને ત્રણ શ્લોકથી ગોપીઓને વખાણે છેઃ

**ગોપ્યસ્તપઃ કિમચરન્ યદમુષ્ય રૂપં લાવણ્યસારમસમોર્ધ્વમનન્યસિદ્ધમ્ ।।**
**દૃગ્ભિઃ પિબન્ત્યનુસવાભિનવં દુરાપમેકાન્તધામ યશસઃ શ્રિય ઐશ્વરસ્ય ।।૧૪।।**

અન્યને સિદ્ધ ન થાય તેવું, લાવણ્યના સારરૂપ, જેની બરોબર કે ઉત્તમ કોઈ નથી એવું, દરેક સમયે નવું, શ્રી,યશ અને ઐશ્વર્યનું એક જ ધામ એવા ભગવદ્રૂપનું નેત્રો દ્વારા પાન કરે છે તેથી ગોપીઓએ એવું કયું તપ કર્યું હશે ? ૧૪.

ભગવાનના રૂપનું જેવું ધ્યાન કરવું જોઈએ તેવા ગોપીઓ તેના મુખનાં દર્શન કરે છે ભગવાનનું જ તે ગાન કરે છે. તેમાં નિત્ય આસક્તિ રાખીને રહે છે. એ ત્રણ થોડા તપથી પ્રાપ્ત ન થાય તેમ પ્રસિદ્ધ તપ શાસ્ત્રસિદ્ધ છે તેથી પણ તે ત્રણ પ્રાપ્ત થતાં નથી. જો એમ થતું હોત તો બીજાને પણ તેવું સુખ પ્રાપ્ત થયું હોત તે તો થતું નથી. તેથી ગોપીઓએ શું તપ કર્યું હશે એ જાણવામાં આવતું નથી. અમે પણ ભગવાનનું સ્વરૂપ જોઈએ છીએ પરંતુ આમનું એ રૂપ તો લાવણ્યના સારરૂપ છે. તેમને કેવલ લાવણ્ય જ દેખાય છે. અથવા લાવણ્યનો પણ સાર દેખાય છે. અત્યારે તો ભગવાનને ક્રોધ થયો છે. અવસ્થાથી લાવણ્ય તિરોહિત થયું હોય એમ દેખાય છે. વળી કોઈ તેની સમાન નથી તેમ કોઈ તેનાથી વધારે પણ નથી. તે ગોપીઓની દૃષ્ટિમાં ભગવાન્ એકલા જ દેખાય છે. અમને તો તેના સંબંધવાળો દુષ્ટ ચાણૂર સાથે દેખાય છે. કંસ મોટા માંચડા ઉપર બેઠો છે તેથી તેનાથી ઊર્ધ્વ પણ કોઈ દેખાય છે. તે લાવણ્યરસ કેવલ ભગવાનમાં જ સિદ્ધ છે. નહિ તો પૃથ્વીમાં બીજા પણ ભાગ્યશાલી કહેવાય. તેથી એવા અમૃતનું પાન કરવાનું ભાગ્ય વગર બને નહિ માટે ગોપીઓનું તપ તો અવશ્ય સિદ્ધ છે. તે ગોપીઓ લાવણ્યસારને દૃષ્ટિ વડે પાન કરે છે. દૃષ્ટિથી પાન કરવાનું તે તો દૂરથી કરી શકાય તે પણ અનેક પ્રકારના કટાક્ષભેદ અલસવલિતાદિથી પાન થઈ શકે એ કથનથી સર્વ રમણનો પ્રકાર તેમાં સિદ્ધ થયો છે એ વાત પણ કહેવામાં આવી. 'દૃગ્ભિઃ પશ્યન્તિ' એ પદથી તેનું સૂચન કર્યું છે. તે પણ વારંવાર એકનું એક કર્યા કરે છે એવું

પણ નથી. દરેક વખતે નવીન એટલે પહેલાં જે રસનો અનુભવ કર્યો તેનાથી બીજી વખતે નવો જ આનંદ અનુભવે છે. એ રસ સર્વને સુલભ નથી. દુઃખથી પણ તે બધાને તો મળતો જ નથી. તે આ ગોપીઓને વગર પ્રયત્ને મળે છે. અહિં શંકા કરે છે કે ભગવાનથી એ ગોપીઓને ભોગ સિદ્ધ થાય છે એનાથી એની મોટાઈ કેમ કહી શકાય ? જે બધાં ફલોને સિદ્ધ કરી આપે તે સર્વોત્તમ ગણાય. તેના ઉત્તરમાં કહે છે કે ભોગ તો આ લોક અને પરલોકનો અતિ ઉત્તમ મળ્યો છે. તેથી વીર્યનો જૂદો ઉપયોગ નથી. તેમ જ્ઞાન અને વૈરાગ્યનો પણ ગોપીઓને ઉપયોગ નથી તેથી બીજા ત્રણ ભોગો ભગવાનમાં બાકી રહે છે. યશ, શ્રી અને ઐશ્વર્ય. તે ત્રણનું તો ભગવાનનું લાવણ્યામૃત ઉત્પત્તિસ્થાન છે. તે મળતાં જ ઐશ્વર્યાદિ સર્વ સિદ્ધ થાય છે. તેથી કેવલ ભગવાનનો તે ભોગ જ કરે છે એમ જાણવાનું નથી. 'ઐશ્વર્ય' શબ્દ ભાવમાં 'ઘઞ્' પ્રત્યય લાગવાથી સિદ્ધ થયો છે. 'ચકાર' છે તેથી અપેક્ષિત જ્ઞાન અને વૈરાગ્યનો પણ તે ઉપયોગ કરે છે. ૧૪.

સર્વથી ઉત્તમ તો ભગવાનની ભક્તિ છે. ગોપીઓમાં તો મુખ્ય કામ છે તેથી કામવાલાની સ્તુતિ કેમ કરાય ? ત્યાં કહે છેઃ

**યા દોહનેવહનને મથનોપલેપપ્રેઙ્ખેઙ્ખનાર્ભરુદિતોક્ષણમાર્જનાદૌ ।।**
**ગાયન્તિ ચૈનમનુરક્તધિયોશ્રુકણ્ઠ્યો ધન્યા વ્રજસ્ત્રિય ઉરુક્રમચિન્તયાનાઃ ।।૧૫।।**

જે ગોપીઓ ગાયોના દોહનમાં, માખણ કાઢવામાં, છાશ ફેરવવામાં, છોકરાઓને રુદન કરતાં રાખવામાં, ઝાડને જલ સીંચવામાં અને ઘર સાફ કરવાના કાર્યમાં શ્રીકૃષ્ણનું ગાયન કરે છે. તે વખતે તેમને ચિંતન કરતાં તેની બુદ્ધિમાં પ્રેમ અને કંઠમાં અશ્રુ આવી જાય છે તે કારણથી એ ગોપીઓ ધન્ય છે. ૧૫.

ગાયોને દૂધ કાઢવાનું સાંજે અથવા વહેલી સવારમાં હોય છે. પછી ખાંડવાનું, પછી દહીંમાંથી માખણ કાઢવાને માટે તેને મથવાનું અને જમીનને લિંપવાનું કામ એ ચાર સવારમાં થવાં જોઈએ. વ્રજની બધી સ્ત્રીઓનું સહજ તે કામ છે. એ બધા ઘરનું કામ તેને કહે છે. પછી હીંચકામાં હીંચકવાનું કામ કરે છે. બાલકો રોતાં હોય તેને પલનામાં સુવરાવી હીંચકાવતાં, વૃક્ષાદિને જલ સેચન કરતાં, નાનાં તુલસી વિગેરે વૃક્ષોને જલ પાતાં, આંગણમાં વાળી ચોળી સાફ કરવાનું કામ કરતાં તે ભગવાનનું ગાન કરે છે. 'ચકાર' છે તેથી સ્મરણ તથા ભાવના કરે છે તેને માટે જ બધું કરે છે. ધર્મવાળા પણ શ્રવણ સ્મરણાદિ કરે તેવું આનું નથી, આ તો પ્રેમથી કરે છે. બુદ્ધિને રંગ ચડાવી દે છે. પ્રેમ માત્ર ભક્તિ ન કહેવાય. ભક્તિમાં તો અત્યુત્કટ ભાવ જોઈએ. તે આમાં નહિ હોય. તે તો લૌકિક પ્રેમવાળાને ધર્મમાર્ગમાં પણ તેવો ભાવ દેખાય છે. ત્યાં કહે છે કે ગોપીઓને તો

ભગવાન્ યાદ આવતાં નેત્રમાં અશ્રુ અને કંઠમાંથી નિકળતો ગદ્ગદ સ્વર તે બંને ગોપીઓમાં દેખાય છે. અથવા આંખને સ્મરણ ન હોવાથી અંદર દષ્ટિ હોવાથી અશ્રુ કંઠમાં જ રોકાય છે તેથી 'અશ્રુકણ્ઠ્યઃ'[1] એમ કહેવામાં આવ્યું છે. ગોપીઓ સર્વભાવથી શરણે આવ્યાં હોવાથી યોગ્ય ફલ પણ તેઓ પ્રાપ્ત કરે છે, અમો વ્રજસ્ત્રીઓને ધન્ય કહીએ છીએ. વળી તે ચિંતન પણ ઉરુક્રમનું જ કરે છે. એવો ભાવ તેને ક્યારેક જ થાય છે એવું નથી પણ સર્વદા તેનો ભાવ ભગવાનમાં એકરસ રહ્યો છે. તેથી કહ્યું કે તેને સર્વદા ભગવાનનું ચિંતન રહ્યું આવે છે. ૧૫.

એવીઓ પણ યોગિની પેઠે સાક્ષાત્કાર રહિત નથી પરંતુ તપસ્વિઓ વરદાન આપવા આવેલા ભગવાનનાં દર્શન કરે છે તેમ આ ગોપીઓ પણ ભગવાનનાં હમેશાં નેત્રો વડે દર્શન કરે છે તે હવે કહે છેઃ

**પ્રાતર્વ્રજાદ્ વ્રજત આવિશતશ્ચ સાયં ગોભિઃ સમં ક્વણયતોઽસ્ય નિશમ્ય વેણુમ્ ।।**
**નિર્ગમ્ય તૂર્ણમબલાઃ પથિ ભૂરિપુણ્યાઃ પશ્યન્તિ સસ્મિતમુખં સદયાવલોકમ્ ।૧૬**

સવારમાં વ્રજમાંથી ગાયો ચારવા વનમાં પધારે છે ત્યારે, સાયંકાલે વનમાંથી વ્રજમાં પધારતાં ભગવાન્ ગાયોની સાથે આવતાં વેણુ બજાવે છે. ત્યારે વેણુનાદ સાંભળતાં ગોપીઓ ઘરની બહાર નીકળીને તે અબલાઓ પૂર્વના ઘણા પુણ્યવાળાં હોવાથી મંદહાસ્યવાળા, દયાપૂર્વક દષ્ટિવાળા ભગવાનના શ્રીમુખનું દર્શન કરે છે. ૧૬.

આ ગોપીઓ ભગવાનની ગૂઢ લીલા તો જાણતાં નથી તેથી તે ભગવાનનું સાંજસવાર દર્શન કરે છે એમ કહે છે. પ્રાતઃકાલમાં ગાયોને વનમાં લઈ જાય છે, સાયંકાલે વ્રજમાં પાછી લાવે છે. 'ચ' છે તેથી બીજી વખતે પણ ઈચ્છા પ્રમાણે આવે જાય છે. બીજી પણ તેથી દર્શનાવસ્થા બધી લીધી. જે ગાયોનું ભગવાન્ પાલન કરે છે તેને અવશ્ય ગોષ્ઠમાં લાવવી તો જોઈએ. તેમાં ભય[2] પણ ન જોઈએ. વેદે કહેલા પદાર્થમાં કોઈને શંકાનું કારણ ન હોય. તેમાં પણ વેણુ બજાવે છે, જેનાથી ચિત્ત ખેંચાય એવો વેણુનાદ ભગવાન્ કરે છે તેનાથી ભગવાનમાં જેનું મન છે એવા ભક્તોને ભગવદ્વિષયક મનોરથો બધા પ્રકટ થાય છે. બીજા વિચારો, ઘરનાં કામકાજ વિગેરે તે વખતે દબાઈ જાય છે તેથી ભગવાનનો વેણુનાદ

૧. 'અશ્રૂણિ ચ કણ્ઠશ્ચ' એવો સમાસ કરવો તેમાં કંઠ ગદ્ગદ્સ્વર યુક્ત લેવો એ શબ્દ ભાવપ્રધાન છે. તેની સાથે એમ સંબંધ લેવો. 'ગદ્ગદ્કણ્ઠ'માં 'અર્શાદ્યચ્ છાંદસ ડીપ્' છે. 'સર્વદા ચિન્તયાના'માં 'શાનચ્'નો પ્રયોગ છે. (લેખ)

૨. ઘરમાંથી નીકળી રસ્તા ઉપર આવીને જોવું તેમાં ભય ન લાગવું જોઈએ. કેમ કે વેદે કહેલ માર્ગમાં કોઈને શંકા ન જ થાય. ગાયની સાથે રહે છે. તે 'ગો' શબ્દથી વાણીરૂપ શ્રુતિઓ પણ સાથે ફરે છે.

સાંભળી જલદી ઘરની બહાર નીકળી માર્ગમાં ઊભાં રહીને તે ભગવાનનાં દર્શન કરે છે. યોગીઓ ભગવાન્ હૃદયમાં આવે ત્યારે તેમને જુએ છે, આ તો અરધે રસ્તે જુએ છે તે વિશેષ છે. તેથી અબલાઓ મોટાં પુણ્યવાળાં[2] છે. તેમનામાં દોષનો અભાવ એ મોટા પુણ્યનું કારણ છે. તે પણ મંદહાસ્યયુક્ત મુખને જુએ છે અને હૃદયમાં આનંદને પ્રકટ કરાવે છે. તેથી ભક્તિમાં પ્રતિબંધક જ્ઞાન ઉત્પન્ન થાય તે પણ નાશ પામે છે. તેવો પ્રેમનો આનંદ તે વખતે આપે છે તે મોક્ષથી પણ અધિક ફલરૂપ છે. તેમાં પણ અવલોકનમાં દયા હોય છે. એમ ન કહેવું કે સંસાર નહિ નિવૃત્ત થાય. ભગવાન્ દયા કરીને જુએ છે. 'આને કૃતાર્થ કરવાં જ જોઈએ' એમ પોતે વિચારીને દૃષ્ટિ કરે છે. તેમાં દયાથી દોષ જાય છે. અવલોકનથી સર્વસ્વનું દાન કરે છે. એમ બે ફલ કહ્યાં. ૧૬.

સ્ત્રીઓને ભગવાનની મલ્લલીલામાં મોટો પ્રયાસ થયો એમ ભગવાને જોયું. ત્યારે તેનો શ્રમ ભગવાનથી સહન ન થયો. પછી જે કર્યું તે હવે કહે છે.

।। શ્રીશુક ઉવાચ ।।

**એવં સંભાષમાણાસુ સ્ત્રીષુ યોગેશ્વરો હરિઃ ।।**
**શત્રું હન્તું મનશ્ચક્રે ભગવાન્ ભરતર્ષભ ।।૧૭।।**

શ્રીશુકદેવજી બોલ્યાઃ હે ભરતર્ષભ ! એમ યોગેશ્વર હરિએ સ્ત્રીઓનાં ભાષણો સાંભળી શત્રુને મારવાનો વિચાર કર્યો. ૧૭.

સ્ત્રીઓ એમ સારી રીતે બોલ્યાં. ત્યારે ભગવાન્ મલ્લલીલામાં આસક્તિવાળા છે છતાં સર્વના આત્મા હોવાથી સ્ત્રીઓનું બોલવું સાંભળી તો લે છે. યોગેશ્વર છે તેથી દૂરશ્રવણદર્શન કરવાનો તેમનો ધર્મ જ છે. દૂરથી સાંભળ્યું ત્યારે ભગવાન્ હરિ થયા, તેના દુઃખને હરનાર થયા. તે શત્રુ એટલે કંસ અથવા અત્યારે લડવામાં ચાણૂર છે તેને મારી સ્ત્રીઓનો ખેદ દૂર કરવાનો ભગવાને નિશ્ચય કર્યો. તે તો અક્લિષ્ટકર્મા કોઈને મારે તો નહિ, સંધ્યા સુધી યુદ્ધ પણ કરે; તેથી સારી રીતે મારે તો સવારે ન આવે. પરંતુ આને તો મારવા જ એમ ભગવાને નવું મન કર્યું. ત્યારે કહે છે કે પહેલાં વિચાર્યા કરતાં વધારામાં નવીન નિશ્ચય કેમ કરે છે ? તેના ઉત્તરમાં કહે છે કે તે તો ભગવાન્ છે. તેનો કોઈ નિયામક નથી. ૧૭.

તો પણ સ્ત્રીઓના વાક્યથી સર્વાત્મા તેને મારવાને કેમ પ્રવૃત્ત થયા? ત્યાં કહે છેઃ

**ઉપશ્રુત્ય ગિરસ્તાસ્તાઃ પુત્રસ્નેહશુચાતુરૌ ।।**

૨. સ્ત્રી દોષ કરે તેનું પાપ પુરુષને લાગે છે તેથી તેના દોષ ન હોવાથી પુણ્ય જ વધે છે તેથી તેનું પુણ્ય ઘણું છે એમ કહ્યું છે. (લેખ)

**પિતરાવન્વતપ્યેતાં પુત્રયોરબુધૌ બલમ્ ।।૧૮।।**

સ્ત્રીઓની તે તે વાણી સાંભળી વસુદેવદેવકી પુત્રસ્નેહથી શોકમાં આતુર થયાં. પોતાના પુત્રના બલને તે જાણતાં નથી તેથી તે માતા અને પિતા પશ્ચાત્તાપ કરવા લાગ્યાં. ૧૮.

સ્ત્રીઓએ આવું ભાષણ ચલાવ્યું તે સાંભળી વસુદેવ-દેવકીને મોટો ક્લેશ થયો ભગવાન્ શત્રુને જલદી ન મારે તો તેનો ક્લેશ વધ્યા જ કરે તેથી માબાપને સુખ કરવા માટે પણ શત્રુને જલદી મારવાનો નિશ્ચય કર્યો. સ્ત્રીઓની વાણી સાંભળીને તે પાસે આવ્યાં તેથી તેમને પણ તાપ થયો. તે સ્ત્રીઓના વચનમાં 'ભગવાનમાં સામર્થ્ય નથી' એવું તેમને જણાયું. પહેલાં સામર્થ્ય જાણતા હતા તો પણ વાક્યનું શ્રવણ અનુતાપનું કારણ બન્યું. માબાપ ભગવાનનું માહાત્મ્યજ્ઞાન તો જાણે છે, તેમને તાપ ન થવો જોઈએ; તેઓ કેમ તાપ કરે છે ? ત્યાં કહે છે કે પુત્રના બલને તે જાણતાં નથી. તેથી તેમને અનુતાપ થાય છે. ૧૮.

એમ પ્રાસંગિક કહીને પ્રસ્તુત કહેવા માટે જે પહેલા કૃષ્ણ-ચાણૂરના બલ શિક્ષા વગેરે ચાર પ્રકાર કહ્યા તેને રામ-મુષ્ટિકના યુદ્ધમાં પણ અતિદેશથી કહે છેઃ

**તૈસ્તૈર્નિયુદ્ધવિધિભિર્વિવિધૈરચ્યુતેતરૌ ।।**
**યુયુધાતે યથાન્યોન્યં તથૈવ બલમુષ્ટિકૌ ।।૧૯।।**

જેમ કૃષ્ણ અને ચાણૂર બાહુયુદ્ધ કરે છે તેમાં તે તે વિધિઓ બતાવે છે તેવી રીતે બલદેવ અને મુષ્ટિક પણ પરસ્પર તેવા જ પ્રકારના વિધિઓ વડે યુદ્ધ કરે છે. ૧૯.

બાહુયુદ્ધના જે પ્રસિદ્ધ પ્રકારો છે તેનાથી પણ વધારે પ્રકારોથી ભગવાન્ અને ચાણૂર પરસ્પર લડે છે તેવી રીતે બલદેવજી મુષ્ટિક સાથે તેજ વિધિઓ વડે યુદ્ધ કરે છે. તે બંનેનું દ્વન્દ્વયુદ્ધ છે. તેમાં ઉપદેશની જરુર નથી. બંને સમપ્રધાનતાથી લડે છે. ૧૯.

એમ બાહુયુદ્ધ કરતાં આગળ ચાણૂરને મારવાની વાત કહેવા માટે પહેલા કરેલ યુદ્ધની વ્યર્થતા થઈ. હવે ઉત્તરયુદ્ધમાં પણ તેમજ થશે. તેથી પહેલા યુદ્ધનું ફલ કહે છેઃ

**ભગવદ્ગાત્રનિષ્પાતૈર્વજ્રનિષ્પેષનિષ્ઠુરૈઃ ।।**
**ચાણૂરો ભજ્યમાનાઙ્ગો મુહુર્ગ્લાનિમવાપ હ ।।૨૦।।**

ભગવાનનું શ્રીઅંગ વજ્ર જેવું મજબુત તે ચાણૂર ઉપર પડ્યું ત્યારે ચાણૂરનાં અંગો ભાંગી જતાં વારંવાર તેને મૂર્છા જેવું થવા લાગ્યું. તે અત્યંત થાકી ગયો. ૨૦.

ભગવાનના શ્રીઅંગના અવયવો જ્યારે ચાણૂર ઉપર પડ્યા ત્યારે બે વજ્ર સાથે ઘસાતાં હોય તેનો ખર શબ્દ થાય એવો દુઃસહ શબ્દ થવાથી ચાણૂરના અંગો બધાં ભાંગી ગયાં. વારંવાર મૂર્છા જેવી સુસ્તી થવા લાગી. 'હ' આશ્ચર્યને કહેનાર અવ્યય છે. તેણે ઈન્દ્ર સાથે પૂર્વે યુદ્ધ કરેલું તેના પર ઈન્દ્રે વજ્ર ફેંકેલું. તે વજ્ર તેના હૃદયનો સ્પર્શ કરીને દૂર પડ્યું તે તેણે ગણ્યું ન હતું. તેવા બલવાન્ ચાણૂરને મૂર્છા થઈ. ૨૦.

ચાણૂરને મારવાનું ભગવાને કહ્યું ત્યાં તો તેણે ભગવાનનો અપરાધ કર્યો. ભગવાન્ અક્લિષ્ટકર્મા હોવાથી વગર વાંકે કોઈને મારે નહિ તેથી તેનો અપરાધ કહે છેઃ

**સ શ્યેનવેગ ઉત્પત્ત્ય મુષ્ટિકૃત્યકરાવુભૌ ।।**
**ભગવન્તં વાસુદેવં ક્રુદ્ધો વક્ષસ્યબાધત ।।૨૧।।**

શ્યેનપક્ષીના વેગથી ચાણૂર વાસુદેવ ભગવાન્ પાસે આવી બે હાથની મૂઠી વાળી ક્રોધ કરતાં ભગવાનની છાતીમાં તેણે મારી લીધી. ૨૧.

શ્યેન એટલે શકરો. તેના કરતાં પણ વધારે વેગવાળો. શ્યેન પોતાના શત્રુને પાડીને પકડી રાખે છે તેનાથી બધા પક્ષીઓ ભય રાખે છે. તેથી ચાણૂર ત્યાંથી ઉભો થઈને બે મૂઠી ગદાની પેઠે એક કરી અથવા બે હાથની બે મૂઠી બાંધી તેને એકત્ર કરી વાસુદેવ સર્વના ઈશ્વર છે તેને ન ગણતાં પોતાના ભુજના અધિષ્ઠાતા ઈન્દ્રને પ્રવર્તાવ્યો જો ભગવાનને માને તો હાથના દેવ ઈન્દ્ર ભગવાનને મારવાની પ્રવૃત્તિ ન કરે. ભગવાન્ તો તેને મોક્ષ આપશે માટે વાસુદેવ કહ્યા છે. એથી કાલાદિ બીજા દેવો વગર બોલ્યા જ રહ્યા. અંતર્યામીએ ભગવાન્ સામે થવાની કેમ પ્રેરણા કરી ? ત્યાં કહે છે કે ક્રોધથી વ્યાપીને તેણે તેમ કર્યું, બુદ્ધિપૂર્વક પ્રેરણા નથી કરી. રાજના લોભથી કરી છે એટલે તેણે ધાર્યું કે મારા યુદ્ધથી કંસને સંતોષ થશે તો રાજ્યલક્ષ્મી આપશે તેથી ભગવાનના વક્ષઃસ્થલનો સ્પર્શ માત્ર કર્યો. ૨૧.

તે સ્પર્શ પણ તેનો વ્યર્થ ગયો તે કહે છેઃ

**નાચલત્તત્પ્રહારેણ માલાહત ઈવ દ્વિપઃ ।।**
**બાહ્વોર્નિગૃહ્ય ચાણૂરં બહુશો ભ્રામયન્ હરિઃ ।।૨૨।।**
**ભૂપૃષ્ઠે પોથયામાસ તરસા ક્ષીણજીવિતમ્ ।।**
**વિસ્રસ્તાકલ્પકેશસ્રગિન્દ્રધ્વજ ઈવાપતત્ ।।૨૩।।**

હાથીની ઉપર માલા ફેંકવાથી હાથીને શ્રમ ન થાય તેમ ચાણૂરની બે મૂઠી છાતીમાં લાગતાં ભગવાન્ ચલિત ન થયા પરંતુ બે હાથથી તેને પકડી વારંવાર ફેરવી ભગવાને તેને પૃથ્વી ઉપર ફેંક્યો તેમાં તેનું જીવન ચાલ્યું ગયું, તેના ઘરેણાં,

તેના વસ્ત્ર તથા માલાઓ વિગેરે ઊડી આઘાં પડ્યાં અને ઈન્દ્રનો ધ્વજ પડે તેમ તે પડ્યો. ૨૨-૨૩.

એ ચાણૂરના ઘાથી ભગવાન્ જરા પણ સ્થાનથી ચલિત ન થયા તેમણે કાંઈ લાગ્યું એમ જાણ્યું પણ નહિ. તેમાં દૃષ્ટાંત આપે છે કે હાથી અંકુશના મારને ગણતો નથી તેને ફૂલની માલા કઈ ગણત્રીમાં ? તેથી ભગવાને તેને માર્યો તે કહે છે. જે બે હાથની મૂઠી વાળી ચાણૂરે ભગવાનને મારી હતી તે બંને હાથ એક શ્રીહસ્તથી પકડીને ન છોડાવી શકે તેમ કાબુ કરી બહુ વાર તો તેને ભગવાને ફેરવ્યો. જેમ ગોફણમાં ભાર મૂકી બહુ વાર ફેરવીને ફેંકે છે. ૨૨.

જેમ પાષાણ ઉપર વસ્ત્ર ફેંકે તેમ તેને પૃથ્વી ઉપર ફેંક્યો. તે ફેરવતાં જ તેનો જીવ ચાલ્યો ગયો. ભગવાને તો દૂર ફેંક્યો. વસ્ત્રની જેમ એક ભાગ હાથમાં રાખી ફેંક્યો નથી. તે ભગવાનના હાથથી છૂટો પડ્યો ત્યારે તેના વેષને કહે છે. આભરણ, કેશ અને ફૂલમાલાઓ દૂર પડી. લક્ષ્મીના સ્થાનમાં પ્રહાર કરવાથી લક્ષ્મી તેના ઉપર રુઠી. તેના સંબંધવાળા પદાર્થો દૂર પડી ગયા. પછી ઈન્દ્રધ્વજ પડે તેમ તે પૃથ્વી ઉપર પડ્યો. પ્રથમ ભગવાને જેવો ઈન્દ્રના ગર્વનો નાશ કર્યો હતો તેવો આનો નાશ થયો, એમ બતાવવા માટે ઈન્દ્રધ્વજનું દૃષ્ટાંત આપ્યું. પૂર્વમાં તે પ્રસિદ્ધ છે. તે ઊંચો હોય ચારે તરફ દોરડાંથી તેને અધ્ધર રાખ્યો હોય, તે જેમ દોરડાં ઢીલાં થાય તો પડે તેમ કાલ અદૃષ્ટ કર્માદિ છિન્ન ભિન્ન થતાં કોઈ રક્ષક ન રહેતાં શરીરને ઊભું રાખવાનું જોર ન રહેવાથી પૃથ્વી ઉપર પડ્યો. મલ્લો પડે તો પણ પોતાનું શરીર ધારણાથી ટકાવી રાખે તેવું થયું નહિ, માટે ઈન્દ્રધ્વજનું દૃષ્ટાંત આપ્યું છે. ૨૩.

ભગવાને જેમ ચાણૂરને માર્યો તેમ બલદેવે મુષ્ટિકને માર્યો તે કહે છેઃ

**તથૈવ મુષ્ટિકઃ પૂર્વં સ્વમુષ્ટ્યાભિહતેન વૈ ।।**
**બલભદ્રેણ બલિના તલેનાભિહતો ભૃશમ્ ।।૨૪।।**
**પ્રવેપિતઃ સ રુધિરમુદ્વમન્ મુખતોર્દિતઃ ।।**
**વ્યસુઃપપાતોર્વ્યુપસ્થે વાતાહત ઈવાઙ્ઘ્રિપઃ ।।૨૫।।**

તેમજ મુષ્ટિકે પ્રથમ પોતાની મૂઠી બલદેવને મારેલી. બલદેવજીએ તેને થપ્પડ મારી તે એવી જોરથી વાગી કે તે દુઃખી થયો એટલું જ નહિ પણ તે બલદેવજીની થપ્પડથી મરી ગયો. મોઢામાંથી લોહી પડ્યું જેમ વાયુના વેગથી વૃક્ષ મૂલમાંથી ઉખડીને પડી જાય છે તેમ પ્રાણરહિત થઈ જમીન ઉપર પડ્યો. ૨૪-૨૫.

બલભદ્ર પણ અક્લિષ્ટ કર્મા છે એમ જણાવવા પહેલાં મુષ્ટિકનો

અતિક્રમ કહે છે. સ્ત્રીઓના વચનો સાંભળ્યા પછી તેમનું દુઃખ દૂર કરવા માટે શત્રુને મારવાની બલદેવે ઈચ્છા કરી ત્યારે તેમણે શત્રુના શરીરનો સ્પર્શ કર્યો તેથી તેને સર્વાંગ વ્યથા થઈ એટલે તેને માર્યો તે બધો અતિદેશ કહ્યો. મારણમાં પ્રકાર કહે છે. તેણે મૂઠી મારી તો બલદેવે તેને થપાટ મારી તે ધ્રુજી ગયો. મુખમાંથી રુધિર ચાલવાથી બહુ પીડા પામ્યો. તેમાં તેનાં પ્રાણ ગયાં તેથી તે પડ્યો. અસાવધાનતાને માટે દૃષ્ટાંત આપે છે. બલદેવની ચપેટથી તાડન કરતાં તેમાંથી ક્રિયાશક્તિ નીકળી ગઈ તે પોતે મુષ્ટિક અને તેણે મારી પણ મૂઠી તેથી તે મૂઠી મારતાં મર્યો. પ્રથમ પક્ષમાં મૂઠીથી બધાં અંગમાં માર્યો. બીજા પક્ષમાં તો મોઢા ઉપર અથવા છાતી ઉપર મૂઠી મારી તે એક જ વાર મારતાં તે પહોંચી ગયો. ભગવાને થપ્પડ મારવાથી એવો મોટો મલ્લ મરે કેમ ? તેના ઉત્તરમાં કહે છે કે બલદેવ અતિબલવાળા છે તેથી મર્યો. તે કાનના મૂલમાં કે દૈવગત્યા મર્મસ્થાનમાં વાગવાથી મર્યો નથી પણ બલદેવજીનું બલ જ તેમાં ઉપકાર કરનાર છે. તેથી તેને ભદ્ર કહ્યું છે. શ્લોકમાં તેથી જ બલભદ્ર કહ્યા છે. ૨૪.

થપ્પડ મારવાથી કેમ મરે ? એ શંકા મટવા માટે મરણનો પ્રકાર કહે છે. પ્રથમ તો થપ્પડ લાગતાં તે ધ્રૂજી ગયો, મૂર્છાથી કંપ્યો. તે પછી આઘાતથી અંદર ક્ષોભ થયો. સર્વાંગનું રુધિર મોઢેથી નીકળવા લાગ્યું તેથી દુઃખ થવા લાગ્યું જેમાં પ્રાણ ગયા. તેને ટકાવે એવું કોઈ શરીરમાં બલ ન રહ્યું તેથી પડી ગયો. બલદેવજીની થપ્પડે તેને પાડ્યો ત્યાં સુધી કામ કર્યું પણ અવયવના વિયોગથી કારણ નાશથી પડ્યો નથી. પણ બલનું મૂલ કારણ વાયુ તેના સામર્થ્યને લઈને તે પડ્યો અને મર્યો. ૨૫.

**તતઃ કૂટમનુપ્રાપ્તં રામઃ પ્રહરતાં વરઃ ।।**
**અવધીલ્લીલયા રાજન્ સાવજ્ઞં વામમુષ્ટિના ।।૨૬।।**

ત્યારે કૂટ આવ્યો. પ્રહાર કરનારમાં શ્રેષ્ઠ રામે હે રાજન્ ! તેને મૂઠી મારીને રમત કરતાં સહજમાં મારી નાખ્યો. ૨૬.

તેને માર્યો પછી બહુ કપટને જાણનાર કૂટ નામનો મલ્લ રંગમાં લડવા આવ્યો. તેણે બલદેવજીને માર્યા તેથી બલદેવે તેને માર્યો. તેમાં મલ્લનો વ્યાપાર નથી પણ મલ્લરસ ઉત્પન્ન થવા માટે રમત કરી. તે રસ પેદા કરવા 'પ્રહરતાં વરઃ' અને 'લીલયા' એ બે શબ્દથી પુરુષાર્થ બતાવ્યો છે. 'રાજન્' સંબોધન વિશ્વાસ માટે, અલૌકિકપણું ધરાવવા માટે કહ્યું છે. ક્રિયાશક્તિપ્રધાન રામ જેમ બલ કહેવાય છે. તેમ રામનામમાં સામર્થ્ય છે એમ બતાવવા માટે પણ તે નામ કહ્યું છે. ૨૬.

એમ રામે બે મલ્લો માર્યા બાકીનાને ભગવાને માર્યા. તે કહે છેઃ

**તર્હ્યેવ હિ શલઃ કૃષ્ણપાદાપહતશીર્ષકઃ ।।**

**દ્વિધા વિદીર્ણસ્તોશલકઃ ઉભાવપિ નિપેતતુઃ ।।૨૭।।**

ત્યાં શલ અને તોશલક આવ્યા તેને ભગવાને માથામાં પગ માર્યો તોશલને બે ભાગ કરી ચીરી નાખ્યો તે બંને એવી રીતે કૃષ્ણને હાથે મર્યા. ૨૭.

બલભદ્રના વ્યાપાર પછી શલ તોશલકને માર્યા નથી પણ જ્યારે કૂટ બલદેવ પાસે આવ્યો ત્યારે શલ ચોથો મલ્લ કૃષ્ણના મસ્તક ઉપર પગ મૂકવા માટે આવ્યો તે પગ ઉંચો કર્યો તે પગ વડે જ તેને ભગવાને મારી નાખ્યો. તે જ વખતે તોશલક પણ આવ્યો, તેને પગ નીચે રાખી બે ભાગમાં ચીરી નાખ્યો. પગના વ્યાપાર વડે ભગવાને બંનેને માર્યા. તેથી એમ કહેવું યોગ્ય છે. અહિં પ્રકારાંતર પણ સંભવે છે. કૃષ્ણે પગ માર્યો તેનું મસ્તક દૂર જઈને પડ્યું એ શલની વ્યવસ્થા થઈ. તેના માથા વડે તોશલકને માર્યો. દ્વિધા ફાડી નાખ્યો. છરીથી ચીરે તેમ, ભગવાને તેને પગ વડે નથી માર્યો. બંને અર્થમાં બંને એક જ વાર પડ્યા અને મર્યા છે. એક ચીરાઈ ગયો, એકના બે ટુકડા થયા, એ વિશેષ છે. ૨૭.

એમ ભગવાનનું અક્લિષ્ટકર્મપણું કહ્યું.

**ચાણૂરે મુષ્ટિકે કૂટે શલે તોશલકે હતે ।।**

**શેષાઃ પ્રદુદ્રુવુર્મલ્લાઃ સર્વે પ્રાણપરીપ્સવઃ ।।૨૮।।**

ચાણૂર, મુષ્ટિક, કૂટ, શલ, તોશલક, એટલાને માર્યા ત્યારે પ્રાણ બચાવવાની ઈચ્છાથી બીજા બધા મલ્લો ત્યાંથી પલાયન કરી ગયા. ૨૮.

ગણવાનું કારણ તો મરાયા તેનું જ્ઞાન થાય એ હેતુથી પાંચમાં એકના પણ પ્રાણ રહ્યા હોત તો જેમ દેહ નથી જતો એમ બીજા મલ્લ જાત નહિ. બધાને પોતાના પ્રાણ તો રાખવા હતા. તેમણે ધન મળશે એ આશા છોડી દીધી અને જલદી દોડવા માંડ્યું. યુદ્ધ ન કરે તો કંસનું ભય થાય, યુદ્ધ કરે તો ભગવાન્ જીવતા ન છોડે, તે કરતાં ભાગી જવું ઉત્તમ છે એમ ધારી પલાયનને જ શરણ કર્યું. અન્ય વીરો તો ત્યાં રહ્યા એમ કહેવા માટે મલ્લોને કહ્યા. બાકી રહે તેની સાથે યુદ્ધ કરવું પડે માટે સર્વ ગણાવ્યા. બધાએ પોતાનું બલ દેખાડવું જોઈએ તેનો અતિક્રમ કેમ કરાય ? માર્યા ત્યારે પોતાના પ્રાણ બચાવવા માટે તેમ કર્યું. ચાણૂરાદિને ન મારે તો બીજા પણ યુદ્ધ કરે. વીર પુરુષો પ્રાણનિરપેક્ષ લડે તેમ મલ્લો કરતા નથી. તે તો પ્રાણની રક્ષા ઈચ્છે છે. તેથી 'પરીપ્સવઃ' એમ કહ્યું છે. ૨૮.

ભગવાને પ્રથમ પ્રતિજ્ઞા કરેલી કે અમે તો તુલ્ય બલવાળા સાથે લડશું તે પ્રતિજ્ઞા પાળવા માટે બધા મલ્લો ગયા તો પણ રાજાની પ્રીતિ તો સંપાદન કરવી

જોઈએ તેથી ભગવાને ગોપો સાથે લડવાનો ઉપક્રમ કર્યો.

**ગોપાન્ વયસ્યાનાકૃષ્ય તૈઃ સંસૃજ્ય વિજહ્રતુઃ ।।**
**વાદ્યમાનેષુ તૂર્યેષુ વલ્ગન્તૌ રૂતનૂપુરૌ ।।૨૯।।**

પોતાના મિત્રો ગોપો હતા તેને ભગવાને ખેંચી પાસે લઈ તેમની સાથે સંસર્ગ કરી વિહાર કરવા લાગ્યા. ત્યાં વાજાં વાગ્યાં તેમાં પગમાં નેપુરના શબ્દો અને બીજા શબ્દો કર્યા. ૨૯.

વયસ્ય એટલે સરખી ઉમરવાળા પ્રીતિ વડે કાલ વડે જેનું બલ તુલ્ય છે તેવા કોઈક ભગવાનથી ભય પામ્યા. તેમને ભગવાને ખેંચી સમીપમાં લીધા અને તેમની સાથે વિહાર કર્યો, ભગવાન્ અહિં વિહાર કરવા નથી આવ્યા. વિહાર કરે તે કંસને પસંદ પણ નથી. ત્યારે તેવું શા માટે કરે છે? પ્રતિજ્ઞા તો તેમની સાથે યુદ્ધ ન કરવાની કરી હતી. બાલકો સાથે યુદ્ધ કરવાની પ્રતિજ્ઞા તો કરી નથી. બંનેમાં તાત્પર્ય માનો તો વાક્યોમાં ભેદ પડશે. પ્રકરણ નિયામક કહો તો યુદ્ધ સિવાય કાંઈ કરવું ન જોઈએ. ત્યાં કહે છે કે તે મલ્લોને માર્યા ત્યારે મલ્લોને રસ આવે એવાં વાજાં વાગવા લાગ્યાં એ નિમિત્તને લઈને લોકપ્રતીતિ માટે કોઈને સંતોષ ન થયો તેથી લોકને પ્રસન્ન કરવા માટે તેમ ભગવાને કર્યું છે. તેમાં શબ્દ કરે છે. મલ્લોને જીતવાને માટે તેવા શબ્દો બોલે છે. તેમાં પણ તેના નેપુરના શબ્દો મળે છે. નેપુરનો શબ્દ જય શબ્દને કહેનાર છે એ લોકપ્રસિદ્ધ વાત છે. ૨૯.

એ જેને માટે કર્યું તે થયું તે હવે કહે છેઃ

**જના પ્રજહૃષુઃ સર્વે કર્મણા રામકૃષ્ણયોઃ ।।**
**ઋતે કંસં વિપ્રમુખ્યાઃ સાધવઃ સાધુ સાધ્વિતિ ।।૩૦।।**

રામકૃષ્ણના કામથી કંસ વગરના બધા લોકો રાજી થયા, તેમાં પણ બ્રાહ્મણો વિગેરે બેઠા હતા તે તો 'વાહ વાહ' એવા સારા શબ્દોથી ભગવાનને અભિનંદવા લાગ્યા. ૩૦.

લોકો હર્ષ પામ્યા. આઠ પ્રકારના લોકો, મલ્લ અને કંસ વગરના રાજી થયા. તે રૂપથી રાજી થયા હશે એમ કોઈ કહે ત્યાં કહે છે કે લોકો તેના કર્મથી પ્રસન્ન થયા છે. મલ્લોને માર્યા તે ભગવાન્ અને બલદેવના અલૌકિક કર્મથી પ્રસન્ન થયા. અથવા હમણાં બાલકો સાથે મલ્લ યુદ્ધ કરે છે તેથી પ્રસન્ન થયા એમ માનો. પ્રથમનું કર્મ તો ઉદ્વેજક છે, રસ આપનાર નથી. કંસને સુખ થયું? ત્યાં કહે છે કે કંસ વગરના બધાને સુખ થયું. તેમાં પણ મુખ્ય બ્રાહ્મણો હતા, સજ્જનો હતા, તેમને સુખ થયું તેથી સારું કર્યું એમ બોલી રાજી થયા. કાયિકવ્યાપારદર્શન જ હર્ષ, માનસવ્યાપાર વાચિકી પ્રશંસા, તેથી કાયા, વાણી, મનથી તેનો હર્ષ કહ્યો. હીનો

પ્રશંસા કરે તે યોગ્ય ન ગણાય તેથી વિપ્રશ્રેષ્ઠો અને ભક્તો ગણાવ્યા. ૩૦.

મધ્યમાં ગોપો સાથે યુદ્ધ કર્યું. ત્યાં સુધી કંસ વિચારમાં મૂઢ જણાયો. પાછળથી તે બહિર્મુખ થયો. તેનામાં દૈત્યનો આવેશ થયો, તેથી તે વાજાં બંધ કરાવવા લાગ્યો.

**હતેષુ મલ્લવર્યેષુ વિદ્રુતેષુ જ ભોજરાટ્ ।।**
**નિવારયત્સ્વતૂર્યાણિ વાક્યં ચેદમુવાચ હ ।।૩૧।।**

જ્યારે મલ્લો મર્યા અને બીજા ભાગી છુટ્યા ત્યારે ભોજરાજ કંસ વાજાં વાગતાં હતા તેને બંધ કરવાનું કહીને આ પ્રમાણે તે બોલ્યો. ૩૧.

કેટલાક મરાયા, કેટલાક ભાગી છુટ્યા; તો પણ પ્રસિદ્ધ રીતે અપકાર કરવો એવો કંસે વિચાર કરી લીધો કેમ કે તે ભોજકુલનો રાજા છે. પહેલાં તો નિમિત્તને દૂર કર્યું કે વાજા બંધ કર્યાં. આગળ કહેવાશે તે બોલ્યો. 'ચ' છે તેથી યુદ્ધને માટે પણ સાવધાન થયો. કપટલીલા કંસે પોતે જ બંધ કરી પોતાનું ઈશ્વરપણું પ્રકટ કર્યું તેથી જો તે રામકૃષ્ણને ઈનામ આપે અથવા વગર બોલ્યે બીજે ચાલ્યો જાય તો કોઈ જાતની ચિંતા ન થાય. ભગવાન્ તો અક્લિષ્ટકર્મા છે વસુદેવને છોડાવે અથવા પોતાની પાસે રાખે. 'ભક્તનો દ્રોહ કરે તો ભગવાન્ મારે' એવી ભગવાનની પ્રતિજ્ઞા છે તે અક્લિષ્ટતા સિદ્ધ કરવા માટે કંસ આ વખતે બોલશે તે કહેવા લાગ્યો. 'હ' આશ્ચર્યમાં છે. આટલું ભગવાનનું પરાક્રમ નજરે જોયું તો પણ 'નિર્લજ્જ' આજ્ઞા આપવા બેઠો છે. ૩૧.

તેના અયોગ્ય વચનો કહે છેઃ

।। કંસ ઉવાચ ।।

**નિઃસારયત દુર્વૃત્તૌ વસુદેવાત્મજૌ પુરાત્ ।।**
**ધનં હરત ગોપાનાં નન્દં બધ્નીત દુર્મતિમ્ ।।૩૨।।**

કંસે કહ્યું, દુરાચારવાળા વસુદેવના બે પુત્રોને ગામની બહાર કરો. ગોપોના પૈસા લુંટી લો. નંદરાય દુષ્ટ બુદ્ધિવાળા છે તેને બાંધી કેદ કરો. ૩૨.

ભગવાન્ અને તેના સંબંધીને દોષ ન લગાડવા માટે કંસ કપટથી બોલે છે. કારણ કે તેનું આચરણ સારું નથી. વળી તે બંને બાલકો છે. તેમને મરાય તો નહિ, તેમને તો યુદ્ધ જોવા માટે બોલાવેલા હતા. તે બંને વસુદેવના પુત્રો છે તે મારા ભાણેજ છે તેને હદ પાર કરો. ગોપોનું ધન લઈ લો. તેમણે ધન વડે તે બંને બાલકોનું પોષણ કર્યું છે. નંદ અમારો છે તો પણ બીજા પક્ષમાં તે પેઠો છે. તેને બાંધો. તેનો કાંઈ અપરાધ ? ત્યાં કહે છે કે દુષ્ટબુદ્ધિવાળો છે. વિલક્ષણ પુત્રને જોઈ પોતાથી થયો છે એમ ('આત્મજ') માની લે છે. એમ કેમ થાય ? તે વાત

રાજાને કહેવી જોઈએ. ચતુર વિચાર કરનારની આ રીતિ છે તે પ્રમાણે તેણે કર્યું નથી માટે તે દુર્મતિ છે. તેથી તેને બાંધવો એ જ દંડ યોગ્ય છે. ૩૨.

વસુદેવનો મોટો અપરાધ છે તેથી તેને નંદરાય કરતાં વિશેષ દંડ આપવાનું કહે છેઃ

**વસુદેવસ્તુ દુર્મેધા હન્યતામાશ્વસત્તમઃ ।।**
**ઉગ્રસેનઃ પિતા ચાપિ સાનુગઃ પરપક્ષગઃ ।।૩૩।।**

વસુદેવ દુર્બુદ્ધિ છે તેને તો જલદી મારો. તે અત્યંત ખરાબ છે. મારો બાપ ઉગ્રસેન પણ પોતાના અનુગન્તૃ સાથે શત્રુના પક્ષમાં જઈને મળ્યો છે. ૩૩.

'તુ' શબ્દ બંધનપક્ષને નિવૃત્ત કરે છે. વસુદેવ દુર્મેધા છે. પોતે કહેલ કે આઠમો બાલક હું લાવીશ છતાં તે લાવ્યો નહિ. 'કંસને મારવો' એવું કપટ મનમાં રાખી બીજે રાખી આવ્યો. તેથી વિચાર કર્યા વગર જ તેને તો મારી નાખો. સત્પુરુષ બાંધવોને મારવા ન જોઈએ એના જવાબમાં કહેવાનું કે તે દષ્ટતમ છે. સર્વ જેની ઉપાસના કરે એવા રાજાને મારવાની કોશિશ એણે કરી. એમ કરવાથી બધા યાદવો મળી તમને મારશે. ત્યાં કહે છે કે ઉગ્રસેન જો કે મારો બાપ છે તો પણ તે મારવા યોગ્ય છે. તેના ભાઈ દેવક વિગેરેને પણ સાથે મારવા જોઈએ. તે શત્રુના પક્ષમાં ગયા છે. બીજા તો અરાજકતાના ભયથી અથવા સાધારણ સ્થિતિવાળા હોવાથી અમારું અનિષ્ટ કરનાર નથી. ૩૩.

પોતાની આગળ પોતાથી બલવાળાને મરતા જોયા તો પણ દુષ્ટબુદ્ધિવાળો કંસ વિવેક છોડીને વિપરીત બોલે છે તેથી તેને જ મારવો જોઈએ, તેનો દોષ છોડવવાને ભગવાન્ તેને મારવાને પ્રવૃત્ત થયા.

**એવં વિકત્થમાને વૈ કંસે પ્રકૃપિતોઽવ્યયઃ ।।**
**લઘિમ્નોત્પત્ય તરસા મઞ્ચમુત્તુઙ્ગમારુહત્ ।।૩૪।।**

કંસ આમ મનમાં આવે તેમ બકવા લાગ્યો ત્યારે ભગવાનને કોપ થયો. જલદીથી જ્યાં તે બેઠો હતો તે મોટા માંચડા ઉપર તે ચડી ગયા. ૩૪.

ધોબી જેવો આ કંસ છે. કેની પ્રત્યે એ ધોબી છે કોઈની પ્રત્યે નહિ એવાં ધોબીના જેવાં તુચ્છકારનાં વચન બોલે છે. ભગવાન્ તો નિર્વિકાર હોવાથી તેને કોઈનો ભય નથી. ભક્તોની બુરાઈ સાંભળતાં ભગવાનને ક્રોધ થયો. મલ્લવિદ્યામાં જેમ કુદકો મારે તેમ કુદકો મારીને મોટા મંચ ઉપર જ્યાં કંસ બેઠો હતો ત્યાં ભગવાન્ પહોંચ્યા. ઊંચે બેઠેલો છે તેથી તે મનમાં આવે તેમ બોલે છે માટે તેને નીચે પાડવો છે. ૩૪.

ત્યારે જે થયું તે હવે કહે છેઃ

**તમાપતન્તમાલોક્ય મૃત્યુમાત્મન આસનાત્ ।।**
**મનસ્વી સહસોત્થાય જગૃહે સોસિચર્મણી ।।૩૫।।**

તેણે ભગવાનને પોતાના કાલ રૂપે આવતા જોયા, પોતાના આસનથી ઊભો થયો અને લડવા માટે તલવાર અને ઢાલ લીધાં, કેમ કે તે શૂર છે. ૩૫.

ભગવાન્ મંચ ઉપર આવીને તેની ઉપર પડ્યા તે વખતે પણ જો તે શરણે આવે તો ભગવાન્ તેને ન મારે તો ભગવાન્ સાથે પણ તે લડવાને તૈયાર થાય છે. તેણે તો પ્રથમ જ પોતાનો મૃત્યુ માન્યો છે. તો પણ પોતે શૂરવીર છે. શૂરને અંત વખતે શૌર્ય પ્રકટ થાય છે. અત્યારે તે આસન ઉપરથી ઊભો થયો. આસને મરવું અયોગ્ય જાણ્યું અને ક્ષત્રિયને યુદ્ધમાં મરવું શ્રેષ્ઠ હોવાથી પોતાના ધર્મરૂપ ઢાલ તલવાર હાથમાં લીધાં. શસ્ત્રોને હમેશાં ક્ષત્રિયો પાસે જ રાખે છે. ૩૫.

કંસ યુદ્ધ કરવાનો યત્ન કરે છે એ ભગવાન્ જાણી ગયા. કંસ પૃથ્વી ઉપર જન્મ્યો છે તે પૃથ્વી ઉપર મરવો જોઈએ આકાશમાં નહિ એ વિચારથી ભગવાને મંચ ઉપરથી તેને નીચે પાડવા માટે પકડ્યો.

**તં ખડ્ગપાણિં વિચરન્તમાશુ શ્યેનં યથા દક્ષિણસવ્યમમ્બરે ।।**
**સમગ્રહીદ્ દુર્વિષહોગ્રતેજા યથોરગ્ડં તાર્ક્ષ્યસુતઃ પ્રસહ્ય ।।૩૬।।**

કંસ હાથમાં તલવાર લઈ જેમ શકરો, પક્ષીની ડાબી જમણી બાજુ ફરે તેમ ફરવા લાગ્યો. ત્યારે જેમ ગરુડ સર્પને પકડે તેમ ઉગ્ર તેજવાળા ભગવાને તેને બલાત્કારે પકડી પાડ્યો. ૩૬.

તેની મોટાઈ માટે તેની યુદ્ધની કુશલતાને કહે છે. જલદી જતા શકરાની પેઠે તે જાય છે. શકરો આકાશમાં જ ઉપર પડે છે, આકાશમાં જ પક્ષીને પકડે છે. અહિં શંકા કરે છે ભગવાનના પ્રહારથી તેને ભય કેમ ન થયું ? તે દુર્વિષહ છે એટલે દુઃખથી પણ વિશેષ સહન કરનાર છે. ઉગ્ર તેજવાળો પણ છે અથવા સર્વ કરતાં આગળ તેનું તેજ છે. તેમાં પ્રભાવ અને સામર્થ્ય છે તેથી તેને ભય નથી. એ તેજના પ્રતાપથી તો તેણે હથીઆર છોડ્યાં નહિ પણ ગ્રહણ કર્યાં. કાલાત્માએ તો તેને મારવા માટે જ પકડ્યો. તેમાં દષ્ટાંત કહે છે. બલથી ગરુડ જેમ સર્પને ખાવા માટે જ પકડે તે બલાત્કારે જ પકડે તેમ અહિં કંસનો વ્યાપાર તેના બચાવથી પ્રતિકૂલ જ થયો એમ સૂચવ્યું. ૩૬.

ભગવાને તો તેને પકડ્યો. પણ તેને વિનય કરવો હોય તો ભગવાને તેને પોતાનું સામર્થ્ય બતાવ્યું તો પણ તેણે અવિનય ન છોડ્યો ત્યારે તેને મંચ ઉપરથી પાડ્યો તે કહે છેઃ

**પ્રસહ્ય કેશેષુ ચલત્કિરીટં નિપાત્ય રંગોપરિ તુઙ્ગમઞ્ચાત્ ।।**

**તસ્યોપરિષ્ટાત્ સ્વયમબ્જનાભઃ પપાત વિશ્વાશ્રય આત્મતન્ત્રઃ ॥૩૭॥**

ભગવાને કંસને બલાત્કારે ચોટલાથી પકડી મંચ ઉપરથી નીચે પાડ્યો તેથી તેનો મુકુટ ખસી ગયો તેની ઉપર પોતે પદ્મનાભ એટલે જગતને વહન કરનાર હોવાથી બહુ ભારવાળા થઈ પડ્યા કેમ કે તે સ્વતંત્ર છે. ૩૭.

તેનો તો ભગવાને સ્પર્શ પણ ન કર્યો પણ તેને કેશથી પકડ્યો. તેને વ્યગ્રતા થઈ તે સુચવતાં કહે છે કે તેનો મુકુટ ખસી ગયો. સર્વ પ્રકારે તૈયાર કરેલ રંગસ્થાન છે. ભગવાનને તેમાં પધરાવ્યા તેથી પવિત્ર બન્યું છે તેથી કંસનું ભક્તરૂપ થવા માટે તેને રંગમાં મોટા માચડા ઉપરથી નીચે પાડીને પોતે તેની ઉપર પડ્યા. જેમ ખબર વગર બે જણાઓ ચત્તા પડે તેમ પડ્યા. લોકને એવી જ પ્રતીતિ થઈ કે ત્યાંથી બંને નીચે પડ્યા છે. તે ક્રિયામાં કંસનો પણ ભાગ છે તેથી ભગવાનનું કર્મ કિલષ્ટ નથી. અહિં શંકા કરે છે કે ભગવાને આ પાડવારૂપ અપૂર્વ સાધન ક્યાંથી શોધ્યું ? તેના ઉત્તરમાં કહે છે કે શત્રુને મારવામાં પોતાનો આત્મા તો સાધનરૂપ થવાનો નથી પોતે તો નાભિમાં કમલવાળા છે. તે પોતાના મૂલ કારણરૂપ આત્માને બધા કામમાં જોડે છે. તેમ અહિં પણ કર્યું. આથી અલૌકિક કરવાના પક્ષમાં દોષ પણ દૂર કર્યો. સર્વના પોતે પિતા હોવાથી ઉદ્ધાર પણ કરવો જોઈએ તેથી ભગવાને તેમ કર્યું છે. તે વિશ્વના આશ્રય થયા છે એટલે પોતાના ભારથી જ તેને મારી નાખ્યો એવો કેટલાક અર્થ કરે છે. ખરી રીતે તો કંસના પણ ભગવાન્ આશ્રય છે, તેનો પણ ઉદ્ધાર કરવો છે, તેથી તેને પોતાનો આત્મા આપ્યો. પોતાને કંસને મારવામાં શંકા નથી કેમ કે તે સ્વતંત્ર છે. કંસને વધારે દુઃખ ન થાય તેમાં, અનધિકારીને આત્મા આપે છે તેમાં, એમ બંનેમાં કારણરૂપે પોતે સ્વતંત્ર છે. ૩૭.

કંસને ભગવાને પોતાનો આત્મા આપી કૃતાર્થ કર્યો. લોકપ્રતીતિ ભગવાન્ કપટ કરીને ત્યાં ઊભા છે એમ થાય, મૂર્ખોને એમ થાય કે માર્યા પછી તેને ખેંચે છે. એ માટે હવે કહે છેઃ

**તં સંપરેતં વિચકર્ષ ભૂમૌ હરિર્યથેભં જગતો વિપશ્યતઃ ॥**
**હાહેતિ શબ્દઃ સુમહાંસ્તદાભૂદુદીરિતઃ સર્વજનૈર્નરેન્દ્ર ॥૩૮॥**

હે રાજન્ ! જેમ સિંહ હાથીને ખેંચે તેમ જગતના દેખતાં મરેલા કંસને ભગવાને ખેંચ્યો ત્યારે લોકોએ હા હા શબ્દ કહ્યો તે બહુ મોટો શબ્દ થયો. ૩૮.

'સંપરેત' સારી રીતે પર-ભગવાનને 'ઈત' પહોંચ્યો એવો કંસ ભગવાનના શ્રીહસ્ત લાગતાં મર્યો તે બહુ સારું થયું કેમ કે એના પ્રાણો ઉંચા ન ચડ્યા. પણ મૂર્છામાં અંતર્દષ્ટિ થવાથી અંદર અને બહાર ભગવાનનું રૂપ દેખાયું તેમાં લીન થયા. એ સારૂપ્યમુક્તિપક્ષમાં નિર્ણય કહ્યો. સાયુજ્યમાં તો આ શરીર કે

આત્મામાં પ્રાણનો લય થયો 'ઈહૈવ સમવનીયન્તે પ્રાણાઃ મૃત્યુર્યસ્યોપસેચનમ્' (મૃત્યુ જ જેનું ઉપસેચન સહાયક) છે. (અહિં જ તેના પ્રાણ લીન થાય છે,) કંસને ભગવદીય શરીર ઉત્પન્ન થવા જ્યાં ભગવાનના ચરણની રજ પડી હતી તે ઉપર ખેંચી તેને તે રજનો સંબંધ કરાવ્યો તેથી જ મૂલમાં 'ભૂમૌ' કહ્યું છે. લોકમાં તો તેની હલકાઈની પ્રતીતિ થાય, ભગવાને મરેલાને પણ ખેંચ્યો કહેવાય. તેને ખેંચવાથી તેના અવયવોને નિઃસાર કર્યા તે દૃષ્ટાંતથી કહે છે. સિંહ જેમ હાથીને ખેંચે તેમ. હરિ સિંહ સૂક્ષ્મ પ્રાણિ છે તે સ્થૂલ હાથીને મારે છે. લોકો સમજે કે દૈવઈચ્છાથી મર્યો તે પ્રતીતિ ભૂલાવવા સિંહ તેને મર્યા પછી આમ તેમ ખેંચે છે તેમ આ પણ દૈવગતિથી મરી ગયો એ પ્રતીતિ ન થવા ખાતર ભગવાન તેને આમ તેમ આકર્ષણ કરે છે. ખરી રીતે તો ભગવાન્ સર્વ દુઃખના હર્તા છે. જેમ ગજેન્દ્રને વૈકુંઠમાં લઈ ગયા તેમ કંસને પૃથ્વી ઉપર ખેંચ્યો, એ વિશેષ છે. અધિક પ્રયત્ન તેમાં કર્યો નથી. તેના માહાત્મ્ય માટે તથા અક્લિષ્ટકર્મતા બતાવવા માટે પ્રમાણ કહે છે. જગતના જોતાં તેને ખેંચ્યો. કેટલાક તો કહે છે કે માબાપને સંતોષવા માટે તેને ખેંચ્યો. તેમ કહેવામાં સિંહનું દૃષ્ટાંત બંધ બેસતું થતું નથી. તેને યમુનાજી પહોંચાડ્યો એમ પુરાણાંતરમાં કહે છે. તેને જ્યાં વિશ્રાંત થયો છે. એ ઘાટ વિશ્રાંત નામથી મથરામાં યમુનાના ઘાટોમાં પ્રસિદ્ધ છે. ભગવાને માર્યો એવી પ્રતીતિ બધાને કર્ષણે કરાવી. અથવા હા હા શબ્દ અયોગ્ય થાય ત્યાં બોલાય છે. પિતાનું હિત કરવા તેને માર્યો હોય તો બધાના મુખમાંથી હા હા શબ્દ ન નીકળે. રાજા છે તેથી અથવા અકસ્માત્ મરણ થવાથી હા હા શબ્દ બોલાય ખરો. નરેન્દ્ર એવું પરીક્ષિતને સંબોધન આપ્યું છે તે લોકપીડનારથી રક્ષા કરે ત્યારે તેમ થાય છે એ બતાવવા માટે છે. ૩૮.

એમ સર્વ લોકમાં તેને ભગવાને માર્યો એ પ્રસિદ્ધિ થઈ ત્યારે પ્રમેયબલથી તેનું પરલોકમાં શું થયું ? સારૂપ્ય કે સાયુજ્ય થયું એ હવે કહે છેઃ

**સ નિત્યદોદ્વિગ્નધિયા તમીશ્વરં પિબન્ વદન્ વા વિચરન્સ્વપન્ શ્વસન્ ।।**
**દદર્શ ચક્રાયુધમગ્રતો યથા તદેવ રૂપં દુરવાપમાપ ।।૩૯।।**

તે નિત્ય ઉદ્વિગ્ન બુદ્ધિવાળો રહેતો હતો. પાન કરતાં, બોલતાં, ફરતાં તથા શ્વાસ લેતાં તે ઈશ્વર કૃષ્ણને યાદ કરતો હતો. જો કે તે રૂપ દુઃખેથી પણ મળે તેવું નથી. તો પણ ચક્રાયુધવાળા ભગવાનને તેણે મરતી વખતે જોયા તેથી તે જ રૂપને તે પ્રાપ્ત થયો. ૩૯.

સર્વદા તેને મરણનો ભય રહેતો તેથી તેની બુદ્ધિમાં પ્રસન્નતા નહોતી પણ ઉદ્વેગ રહેતો હતો. જે રૂપ ભગવાને છેલ્લે તેને બતાવ્યું તે શ્રીહસ્તમાં શંખ,

ચક્ર, ગદા, પદ્મ આયુધ ધરેલું બતાવ્યું. ચક્રાદિ ધરનારને સર્વદા તે જોતો હતો તેથી તે તેને પામ્યો. સદા તે ભાવથી તે ભીનો રહેતો હતો. અંતે તેને તે ભાવાત્માનાં દર્શન થયા. પાન કરતાં દુઃખ મટે અને સુખ થાય. વિષયની પ્રબલતાથી સર્વ તો તેને ભૂલાઈ ગયું હતું. ભોજનમાં, ફરવામાં, શિકાર કરવામાં, નિદ્રા કરતાં અને મૂર્છામાં એવી પાંચ અવસ્થામાં દર્શન થાય તો બેઠા હોય ત્યારે થાય તેમાં તો કાંઈ કહેવાપણું જ ન હોય. કેવલ સ્મરણ માત્ર નહોતું પણ ચક્રનું આયુધ શ્રીહસ્તમાં રાખી સામે ઉભેલા શ્રીકૃષ્ણને તે જોતો હતો. સર્વદા ભય કરનાર ભગવાન્ હોવાથી તેને કોઈ દિવસ ભય ગયું નહિ તેથી છેલ્લે ભગવાન્ તેને મારવાને તૈયાર થયા. તે ભય કરનાર જ રૂપ અંતમાં પ્રકટ થયું તે હૃદયમાં હતું તે જ બહાર હોય તો ઉત્ક્રાંતિની અપેક્ષા રહે, જો કે કાલરૂપમાં સાયુજ્ય યોગ્ય ગણાય લડવૈયાની જેમ, તો પણ ભાવના બધાથી બલિષ્ઠ હોવાથી સર્વદા સાક્ષાત્ કરેલા સ્વરૂપને તે પ્રાપ્ત થયો. તે સ્વરૂપ સર્વને દુઃખથી પણ ન મળે તેવું છે તો પણ સર્વદા ચિંતનથી તે કંસને મળ્યું. ૩૯.

એમ ભગવદિચ્છાથી તે સાયુજ્યને પામ્યો. તેનામાં સ્વતઃ દોષો તો નહોતા, ગુણો હતા, તેથી તેનું સાયુજ્ય કહ્યું. વ્યવહારનું બાકીનું કામ કહેતાં તેના ભાઈઓનો વધ કર્યો તે હવે કહે છેઃ

**તસ્યાનુજા ભ્રાતરોઽષ્ટૌ કઙ્કન્યગ્રોધકાદયઃ ।।**
**અભ્યધાવન્નતિક્રુદ્ધા ભ્રાતુર્નિર્વેશકારિણઃ ।।૪૦।।**

કંક ન્યગ્રોધ વિગેરે કંસના આઠ નાના ભાઈઓ અતિક્રોધથી ભગવાન્ સામે ભાઈનું વેર વસુલ કરવાને દોડ્યા. ૪૦.

કંસના આઠ ભાઈઓ હતા. તેમાં પોતાનો પક્ષ મોટો બતાવવા કંક અને ન્યગ્રોધ. બેનાં નામ લીધાં તે મુખ્ય છે. એવા બીજા જાણી લેવા. કંસને માર્યો તેના ભાઈઓ જીવે ત્યાં સુધી ભાઈને કોઈ મારી ન શકે, મારે તો મારનારને મારવો એ ક્ષત્રિયનો ધર્મ છે. તેથી ભાઈનું વેર લેવું જોઈએ તે આઠે જણ અતિ ક્રુદ્ધ થયા, મારવાને ભગવાન્ પાસે આવ્યા. કપટથી અકસ્માત્ મારવાથી તેમના ક્રોધનો પાર રહ્યો નહિ, તેમણે તો એકને મહામહેનતે માર્યો. મારનાર એક છે તેને અમે આઠ મારનાર છીએ કાં તો આપણે મારીએ અથવા તે આપણને મારે તો ઋતુશોધન કરજ ચૂકે તેથી તે મરવાને આવી પહોંચ્યા. ૪૦.

આ કંસના ભાઈ આઠ આવ્યા તે બધાને પહોંચે એવા ભગવાનના એક ભાઈએ તેને માર્યા તે કહે છેઃ

**તથાતિરભસાંસ્તાંસ્તુ સંયત્તાન્ રોહિણીસુતઃ ।।**

**અહન્ પરિઘમુદ્યમ્ય પશૂનિવ મૃગાધિપઃ ।।૪૧।।**

તે બધા હાથમાં હથિઆર લઈને જલદીથી ભગવાન્ પાસે આવ્યા તેને બલદેવજીએ મોટી ભોગળ અથવા કડીયાલી લાકડીથી સિંહ પશુને મારે તેમ માર્યા. ૪૧.

જેમ કંસ અતિવેગવાળો હતો તેવા તેના ભાઈઓ પણ વેગવાળા હતા. તે પણ પ્રસિદ્ધ હતા. તે ભગવાનને ન મારી શકે એ 'તુ' શબ્દથી કહેવાયું. તે ઉપેક્ષા કરવા લાયક પણ નહોતા. કેમ કે તે પણ હાથમાં હથીઆર સહિત આવ્યા હતા. તેને ભગવાને જ મારવા હતા, બલદેવે શા માટે માર્યા ? તે બધા દેવકીના ભાઈ છે. તેથી મામાઓને કૃષ્ણ ન મારે. કંસ તો બીજાથી મરે તેવો નહોતો. એ વિચાર કરીને ભગવાને તેને જેમ તેમ માર્યો. કંસના ભાઈઓને બલદેવજીએ પરિઘ જેવો હાથીનો દાંત લઈને માર્યા અથવા જે ત્યાં મળ્યું તે આયુધ અથવા ભોગળથી માર્યા. પશુને સિંહ મારે તેમાં પણ આનો સંબંધ જાય છે. જેમ લાકડીથી પશુને મારીને ચલાવાય છે તેમ સર્વને માર્યા. તેના કટકા નહિ કર્યા હોય ? ત્યાં દષ્ટાંતથી કહે છે કે સિંહ મારે તેમ માર્યા. સિંહ ભૂખ્યો થાય ત્યારે ખાવા માટે મારે છે તેમ આ બધાના અવયવો છિન્ન ભિન્ન કરી નાખ્યા. અનાયાસથી મારવા માટે અને તેમાં સંદેહના અભાવને માટે પશુનું દૃષ્ટાંત આપ્યું છે. ૪૧.

એમ ભાઈઓ સહિત કંસને માર્યો ત્યારે દેવોને પરમાનંદ થયો. તે દેવના શત્રુ દાનવના વધથી ભગવાને ધર્મને સ્થાપન કર્યો. મામાને મારવાનો દોષ ન લાગ્યો એ બતાવવા પોતાની સંમતિરૂપે પુષ્પવૃષ્ટિ કરીને ભગવાનના તે કર્મને દેવોએ અભિનંદન આપ્યું તે કહે છેઃ

**નેદુર્દુન્દુભયો વ્યોમ્નિ બ્રહ્મેશાદ્યા વિભૂતયઃ ।।**
**પુષ્પૈઃ કિરન્તસ્તં પ્રીતાઃ શશંસુર્નનૃતુઃ સ્ત્રિયઃ ।।૪૨।।**

આકાશમાં નગારાં વાગ્યાં. બ્રહ્મા, શિવ વિગેરે ભગવદ્વિભૂતિઓ પ્રસન્ન થઈને પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા, વખાણ કરવા લાગ્યા, દેવની સ્ત્રીઓ નાચવા લાગી. ૪૨.

બ્રહ્મા, શિવ જેમાં આગળ છે એવા દેવો. વિષ્ણુ તો ભગવાન જ છે તેથી બે બાકી રહ્યા તેને અહિં ગણાવ્યા. તે બધા ભગવાન્ ઉપર પ્રસન્ન થતાં તેની ઉપર પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. તેમના વખાણ કર્યા, નગારાં પોતાની મેળે વાગ્યાં. તે બધું દેવોની પ્રેરણાથી થયું. તે કોઈક બીજાએ વગાડ્યાં હોય પણ તે બ્રહ્માજીના મનમાં હોય તો જ વાગે. તેમાં પુષ્પવૃષ્ટિ કાયિકી છે, સ્તુતિ વાચિનિકી છે. તેમની સ્ત્રીઓ પુરુષધર્મતુલ્ય છે, છતાં એકશેષ સમાસથી કહી છે. તેને ભગવાનમાં સ્નેહ છે,

તેથી કંસમારણરૂપ ભગવત્કાર્યથી તે નાચવા લાગી. બ્રહ્માને તો સર્વ સરખા છે, કંસ તો મહાદેવનો ભક્ત હતો તેથી બધા દેવ કેમ અનુમોદન આપે ? ત્યાં કહે છે કે એ બધા દેવો ભગવાનની વિભૂતિરૂપ છે. વિભૂતિમાન્ ભગવાન્ ગણાય. તેથી સ્વામિનું કરેલું સેવકોએ વખાણવું જ જોઈએ. ૪૨.

ભગવાન્[1] સ્ત્રીઓના સુખને માટે પધાર્યા છે તો તેણે મામાની સ્ત્રીઓને વિધવા બનાવીને કેમ દુઃખ આપ્યું ? ત્યાં કહે છે કે કંસની સ્ત્રીઓ પોતાના ભર્તાના દોષને જાણતી હતી તેથી તેના મરણથી તેને અતિદુઃખ ન થયું. માર્યા વગર બીજો કોઈ ઉપાય નહોતો. ભગવાનમાં તેમનો અતિશય આદર હતો. એમ કહેવા માટે સ્ત્રીઓનું ઉપાખ્યાન કહે છેઃ

**તેષાં સ્ત્રિયો મહારાજ સુહૃન્મરણદુઃખિતાઃ ।।**
**તત્રાભીયુર્વિનિધ્નન્ત્યઃ શીર્ષાણ્યશ્રુવિલોચનાઃ ।।૪૩।।**

હે મહારાજ ! તે કંસ વિગેરેની સ્ત્રીઓ પોતાના પતિઓ મરવાથી દુઃખી થઈ ગઈ. તે પોતાના માથામાં પ્રહાર કરતી નેત્ર વડે આંસુ વરસાવતી ત્યાં આવી પહોંચી. ૪૩.

મલ્લો અને કંસાદિની સ્ત્રીઓ ત્યાં આવી. મહારાજ એવું સંબોધન આશ્ચર્ય બતાવવા અથવા પ્રોત્સાહન માટે છે. લૌકિક જાણીને રાજા વખતે ન સાંભળે. તેનું ધ્યાન ખેંચવા માટે છે. પોતાના ધણીઓ મરી જતાં તે સ્ત્રીઓ અત્યંત દુઃખી થઈ. તે અન્યાય કરનાર હતા તેથી તે પતિત હતા માટે તેને ભર્તા ન કહેતાં સુહૃદ કહ્યા છે તે શ્રુતિ કહે છે 'પત્ની સર્વની મિત્ર છે.' તેના મરણથી તે દુઃખી થઈ છે. જો ભગવાન્ શત્રુની સ્ત્રીઓને પકડીને કેદ કરે તો તેને દુઃખ પણ ન થાય. પણ ભગવાન્ તેને કેદ નથી કરતા તેથી તે પોતાના માથાં કૂટતી ત્યાં આવી. નેત્રમાંથી અશ્રુ ચાલ્યાં જાય છે એ અંતઃકરણનો ધર્મ છે. મારવું ઈન્દ્રિયોનો ધર્મ છે, અભિગમન શરીરનો ધર્મ છે, ત્રણેય શોકનાં કાર્ય છે, નહિ તો કુલસ્ત્રીઓ બીજે વખતે સભામાં ન આવે. ૪૩.

આવીને પોતાના પતિઓને જેવા રૂપમાં જોયા તેને કહે છેઃ

**શયાનાન્ વીરશય્યાયાં પતીનાલિઙ્ગ્ય શોચતીઃ ।।**
**વિલેપુઃ સુસ્વરં નાર્યો વિસૃજન્ત્યો મુહુઃ શુચઃ ।।૪૪।।**

વીરશય્યામાં સૂતેલા પોતાના પતિઓને આલિંગન કરીને તેનો શોક કરવા લાગી. સારા સ્વરથી વિલાપ કર્યો અને વારંવાર હૃદયનો શોક બહાર કાઢ્યો. ૪૪.

---

૧. કંસાદિની સ્ત્રીઓ વિલાપ કર્યાનું ભાગવતમાં શા માટે લખ્યું ? તેનું કારણ બતાવે છે. (લેખ)

વીરશય્યા એટલે સંગ્રામનું સ્થાન. શય્યામાં સૂવાનો સ્ત્રીનો અધિકાર છે. તેથી તેમણે ત્યાં પતીઓને આલિંગન કર્યું ત્યાં તેમને તેમાં સ્નેહ પેદા થયો. પછી શોક કરવા લાગી. સ્ત્રીઓ સુંદર રાગ કાઢીને વિલાપ કરવા લાગી. વારંવાર શોકને વિસર્જન કરે છે, આ લૌકિક ભાષા છે. જેમ દેવકી વિગેરેના પુત્રો મરવાથી તે શોક કરતાં હતાં તેમ આમને પણ શોકનો વખત ભગવાને આપ્યો. ભક્તની ઉપર કૃપા કરવા માટે ભગવાને આ કાર્ય કર્યું છે એમ કહેવા માટે અહિં સ્ત્રીઓના શોકનું નિરૂપણ કર્યું છે. ૪૪.

ચાર શ્લોકથી તે સ્ત્રીઓના વિલાપને કહે છેઃ

।। સ્ત્રિય ઊચુઃ।।

**હા નાથ પ્રિય ધર્મજ્ઞ કરુણાનાથ વત્સલ ।।**
**ત્વયા હતેન નિહતા વયં તે સગૃહપ્રજાઃ ।।૪૫।।**

સ્ત્રીઓ બોલીઃ- હા નાથ ! હે પ્રિય ! હે ધર્મને જાણનાર ! હે કૃપાવાળા ! હે અનાથ ઉપર પ્રીતિ કરનાર ! તમે મર્યા તેથી ઘર અને પ્રજા સાથે અમો પણ મર્યાં તે તમે જ અમને માર્યાં. ૪૫.

પહેલાં તો પોતાના પતિઓનો શોક કરે છે, પછી મથુરા નગરીનો શોક કરે છે, પછી તેની દુર્દશા કહે છે, છેલ્લે ઈશ્વરનો તમે અપરાધ કર્યો તેથી પરલોકમાં પણ તમને સુખ નહિ થાય એમ ચાર શ્લોકમાં કહેવાનું છે. તેમાં પ્રથમ આત્માનો શોક કરે છે. મોટા દુઃખનાં સંબોધનો છે. પોતાનામાં ધર્માદિ પાંચ પુરુષાર્થો સિદ્ધ કરવાની તાકાત છે એમ બતાવે છે. નાથ હોવાથી તેની સેવા કરવાથી ધર્મ સિદ્ધ થાય. પ્રિય હોવાથી તે અર્થને આપે છે. ધર્મને જાણનાર હોવાથી કામને પણ પૂર્ણ કરે. સ્ત્રીઓના વ્રતને યાદ કરીને તે પણ કરવાની પોતાની ફરજ સમજે. તેની કૃપા થાય તો મોક્ષ પણ થાય છે. અમે દીન થઈને તમારે શરણ આવ્યાં છીએ. તમે 'અનાથવત્સલ' છો. ભક્તિ પણ સિદ્ધ થાય. હમણાં તો તમે મર્યા તેથી તમારાં અમે તથા ઘર અને બાલગોપાલ બધાં મર્યાં છીએ તે તમારા મરવાથી જ. તેમ થયું. મૃત્યુ કોઈ ક્રિયા વડે વ્યાપ્ત થાઓ તે મરણનું કારણ થશે. પુત્રથી, ઘરથી, શરીરથી ધર્મ સિદ્ધ થાય એ પણ અહિં માન્યો નથી. કારણ કે તમારા મરવાથી બાકી રહેલાં અમે બધા મર્યાં જ છીએ. ૪૫.

આ મથુરા નગરી તીર્થરૂપ ગણાય. અહિં જીવતાએ અને મરતાંએ પણ મોક્ષ સિદ્ધ કરવાનો છે ધણી મર્યો તેનો શોક શા માટે કરો છો ? ત્યાં કહે છેઃ

**ત્વયા વિરહિતા પત્યા પુરીયં પુરુષર્ષભ ।।**
**ન શોભતે વયમિવ નિવૃત્તોત્સવમઙ્ગલા ।।૪૬।।**

તમારા જેવા પતિનો આ નગરીને પણ કાયમનો વિયોગ થવાથી હે પુરુષર્ષભ ! તે અમારી જેમ શોભતી નથી. કેમ કે તેમાં પણ ઉત્સવ અને મંગળ ખલાસ થયાં. ૪૬.

તમો મથુરાપુરીના પતિ હતા, તમારા જવાથી તે પતિ વગરની થઈ તેથી શોભતી નથી. તે પોતે જ વિધવા થઈ તેથી બીજાનો શું ઉપકાર કરશે ? કારણ કે તેના ઉત્સવો અને મંગળકાર્યો પૂરાં થઈ ગયાં. તમે હતા તો ઉત્સવ મંગળ હતાં તમે ગયા તેથી કોણ ઉત્સવાદિ કરે ? તેથી તેની શોભા પણ નથી. બીજા ક્ષણમાં શોભશે એમ કહે તો કહે છે કે અમારી જેમ તે નહિ શોભે. તેથી હવે ન શોભામાં જ ઠીક છે જો કે પુરીનો તો કોઈ બીજો ધણી થશે પણ તે કેદખાનામાંથી[1] છૂટેલો કોઈ પતિ થશે તે તો જુના લુગડા જેવો શોભા આપનાર થશે. ભગવાન્ તો ભર્તા થવાના નથી. તેનું વચન પણ ભગવાને સત્ય કર્યું. કેમ કે ભગવાન્ પણ થોડા વખતમાં મથુરાને છોડવાના છે તેથી કહે છે પુરુષર્ષભ તમે જ મથુરામાં શ્રેષ્ઠ હતા. ૪૬.

સ્ત્રીઓના ભાગ્યમાં સૌભાગ્ય હોય તો તેના પતિઓ ન મરે તેથી તમારા દુર્ભાગ્યથી તમારા ધણીઓ મર્યા તેનો વિલાપ શા માટે કરો છો ? ત્યાં કહે છેઃ

**અનાગસાં ત્વં ભૂતાનાં કૃતવાન્ દ્રોહમુલ્બણમ્ ||**
**તેનેમાં ભો દશાં નીતો ભૂતધ્રૂક્કો લભેત શમ્ ||૪૭||**

નિરપરાધ-પ્રાણિઓનો તમે ઘોર દ્રોહ કર્યો તેણે તમને આ દશામાં મૂકયાં. પ્રાણિનો દ્રોહ કરનાર કયો સુખી થયો છે ? કોઈ સુખી ન જ થાય. ૪૭.

નિરપરાધ પ્રાણિઓના પુત્રાદિને મારીને તમે દ્રોહ કર્યો છે તેથી તમારી આ દુર્મરણરૂપ દશા થઈ છે. ત્યાં કહે છે કે અમે ધર્મ પણ ઘણો કર્યો છે તે ધર્મનું ફલ ન મળ્યું તેમ પાપનું ફલ પણ અમને ન મળવું જોઈએ ? તેનો ઉત્તર આપે છે કે દ્રોહમાં વિશિષ્ટતા છે; તમે ભૂતનો દ્રોહ કર્યો છે. અત્યંત ધર્મ કરનાર પણ જો ભૂતદ્રોહ કરે તો તેને સુખ ન થાય. બધા ધર્મોનો બાધ કરી દ્રોહ પોતાનું ફલ પહેલું બતાવે. ૪૭.

રાજાઓને દ્રોહ તો સ્વભાવિક હોય છે તેથી બીજી રીતે ફલ કેમ થાય ? ત્યાં વિશેષ કહે છેઃ

**સર્વેષામિહ ભૂતાનામેષ હિ પ્રભવાપ્યયઃ ||**
**ગોપ્તા ચ તદવધ્યાયી ન ક્વચિત્ સુખમેધતે ||૪૮||**

સર્વ પ્રાણિમાત્રની ઉત્પત્તિ અને નાશના કરનારા ભગવાન્ છે. રક્ષક પણ તે જ છે. તે ભગવાનનું અનિષ્ટ કરનાર કોઈ જગ્યાએ સુખ મળે જ નહિ. ૪૮.

૧. 'ત્યક્તો ભવિષ્યતિ' કોઈ કંસે કેદ કરેલામાંથી છૂટેલો રાજા થશે. (લેખ)

રાજા પણ સર્વ પ્રાણિનું બુરું કરે તો તેનું અનિષ્ટ તો થાય જ. તેના કરતાં પણ તમારો પ્રકાર જૂદો છે તેથી તમારું અનિષ્ટ વધારે થયું છે. કારણ કે સર્વ પ્રાણિને ઉત્પન્ન કરનાર અને તેનો નાશ કરનાર ભગવાન્ છે. તેથી મધ્યમાં રક્ષણ કરનાર પણ તે જ છે તે યોગ્ય છે. કારણ કે બ્રહ્મ સર્વનું કારણ છે, તેનું જ બુરું ઈચ્છિએ તો ભૂતસાધ્ય સુખ ન જ મળે. પ્રાણિના આરાધ્ય ભગવાન્ છે, તે જ મારક હોવાથી ભયને પેદા કરે છે. રક્ષણ કરનાર પણ છે. તેનો વિરોધ તમે કર્યો ત્યારે સર્વ તદાત્મક હોવાથી તમને કયાંય પણ સુખ ન થયું. તમારા દોષને લીધે તમારી આ દશા તમે જ ઉભી કરી છે. ૪૮.

।। શ્રીશુક ઉવાચ ।।

**રાજયોષિત આશ્વાસ્ય ભગવાંલ્લોકભાવનઃ।।।**
**યામાહુર્લૌકિકીં સંસ્થાં હતાનાં સમકારયત્ ।।૪૯।।**

શ્રીશુકદેવજી બોલ્યાઃ- એમ રાજની સ્ત્રીઓને દિલાસો આપીને લોકના પાલક ભગવાન્ મરેલાઓને ઠેકાણે પાડવાની ક્રિયા કરાવવા તત્પર થયા જે લૌકિક નામથી લોકમાં પ્રસિદ્ધ છે. ૪૯.

એમ કંસની સ્ત્રીઓનાં સત્ય વચન સાંભળીને ભગવાને તેને દિલાસો આપ્યો. ભગવાન્ સમર્થ છે તેનું આશ્વાસન કર્યું તેથી તેને પરમાનંદ પ્રાપ્ત થયો. ભગવચ્છબ્દથી અલૌકિક સામર્થ્ય કહ્યું છે, તે લોકને પાળનાર છે, તેને શત્રુ, મિત્ર કે ઉદાસીન ભાવ નથી. તેથી શત્રુની સ્ત્રીઓને પણ ભગવાને ઉપકાર કર્યો. તેની ઉપર કૃપા હતી તેથી તેની ઔર્ધ્વદૈહિક ક્રિયા કરાવી. જેને 'લૌકિક સંસ્થા' કહે છે એટલે મુડદાંને સ્મશાનમાં લઈ જઈને બાળી દેવું. તેની સ્ત્રીઓને સાથે બાળવાનું નથી કેમ કે ભગવાને તેમને તો દિલાસો આપ્યો છે એટલે તેઓ તેના દેહ સાથે બળવાની નથી. જો કે 'અસ્તિ' અને 'પ્રાપ્તિ'ના મનમાં ભગવાન્ પ્રત્યે રોષ છે પરંતુ આગળ લીલા કરવી છે. તેને મરવાની બુદ્ધિ ભગવાને ન ઉત્પન્ન કરી. સારી રીતે ક્રિયા કરાવી એટલે તેનું બધું કાર્ય થઈ જાય એવી જાતની આજ્ઞા દીધી. ૪૯.

એમ દુષ્ટોને માર્યા અને તેની અત્યંત સમીપમાં પ્રતિકાર વિગેરે કરીને જેને માટે આ બધું કર્યું માબાપનો લોકનિરોધ[૧] છોડાવી પોતાના સ્વરૂપમાં નિરોધ કરાવ્યો.

**માતરં પિતરં ચૈવ મોચયિત્વાથ બન્ધનાત્ ।।**
**કૃષ્ણરામૌ વવન્દાતે શિરસા સ્પૃશ્ય પાદયોઃ ।।૫૦।।**

૧. લોકનિરોધ એટલે વસુદેવદેવકીને કંસે કેદમાં પૂર્યા હતા ત્યાંથી ભગવાને છોડાવ્યા. સ્વનિરોધ સત્યલોકની ઉપર સ્વવૈકુંઠરૂપ પોતાના ઘરમાં રાખ્યા. (લેખ)

પોતાના માતાપિતાને કેદખાનામાંથી છોડાવીને કૃષ્ણ અને રામ પોતાના મસ્તક તેના ચરણને અડકાડીને નમસ્કાર કરવા લાગ્યા. ૫૦.

મુખ્ય દુઃખ માતાને છે તેથી શ્લોકમાં પહેલું નામ તેનું લીધું છે. જો કે ઉગ્રસેન વિગેરે ઘણાને કેદ કર્યા છે તો પણ પ્રથમ માબાપને છોડાવ્યાં. 'ચ' છે તેથી તેના નજીકના સેવકોને પણ છોડાવ્યા. પ્રથમ તો તેને કેદખાનામાં બંધ રાખ્યા હતા તે બંધનથી મુક્ત કર્યા. 'અથ' શબ્દ કહ્યો એટલે તે વખત ગયો હવે પછીથી એટલે પ્રથમ મનથી છુટા કર્યાથી છોડાવ્યા. બીજા કાયાથી છુટા કર્યા તેની વિલક્ષણતા કહેવાને માટે ત્યાં 'અથ' શબ્દ કહ્યો છે. અથવા નિયોગ પછી કૃતાર્થ થયા હવે વ્યગ્રતાની કાંઈ જરુર નથી એમ બતાવવા માટે 'અથ' કહ્યો છે. પછી ફલરૂપ અને સાધનરૂપ કૃષ્ણ અને બલરામ બંને માતપિતાને પગે લાગ્યા. તેમનો નિરોધ થાય એમ ધારીને તેના પગમાં પોતાનું મસ્તક સારી રીતે અડાડીને સત્યલોકરૂપ ભગવાનના મસ્તકને તેના ચરણ અડકાવ્યાથી સત્યલોક તેના પગ નીચે આવી ગયો. તેને દુઃખ મટાડીને છોડવા નથી પણ તેને સુખ આપવાનું છે. જે પુત્રને સત્યલોકમાં પહોંચાડે તે તેના પિતાને તેનાથી વધારે આપે 'આસ્પૃશ્ય' કહ્યું છે તેમાં આ અવધિવાચક છે. સત્યલોકનું અતિક્રમણ કરીને આગળ જાય તેવો ઉપાય ભગવાને તેમને માટે કર્યો. ૫૦.

એમ ઉત્કૃષ્ટ ફલદાનરૂપ પોતાના ઘર આગળ તેને પહોંચાડ્યા. તે ઘરમાં બેસીને અનધિકારી ન રહે તે લોકને બતાવવા તેનો અધિકાર કહે છેઃ

**દેવકી વસુદેવશ્ચ વિજ્ઞાય જગદીશ્વરૌ ।।**
**કૃતસંવન્દનૌ પુત્રૌ સસ્વજાતે ન શઙ્કિતૌ ।।૫૧।।**

દેવકી તથા વસુદેવની પાસે આવીને બંને ભાઈઓએ તેમને સારી રીતે વંદન કર્યા ત્યારે તે બંનેએ તેને જગતના ઈશ્વર માન્યા તેથી પોતાના પુત્રને આલિંગન ન આપ્યું. પણ તેને તેમ કરતાં શંકા પેદા થઈ. મોટાઓમાં સંબંધીઓને પણ શંકા પેદા થાય. ૫૧.

ઉપર કહ્યા તેના સમુચ્ચયને માટે 'ચ'કાર છે. તે બંનેમાં એક પણ ગૌણ નથી. કંસાદિને મારી વૈકુંઠ પ્રાપ્ત કરાવી પ્રત્યક્ષ ભગવાને પોતાનો પ્રતાપ બતાવીને તેમનો નિરોધ કર્યો છે તે જગદીશ્વર છે એમ તેના કાર્ય ઉપરથી તેના માબાપે જાણ્યું. તેથી રામકૃષ્ણે આવીને ચરણમાં મસ્તક મૂકયું તો પણ વાત્સલ્યથી તેને આલિંગન ન કર્યું કારણ કે તેને આલિંગનમાં શંકા થઈ. ઈશ્વરમાં સંબંધીઓને પણ શંકા થાય. પ્રપંચ તો કંસે કેદ કરીને છોડાવ્યો હતો. ભગવાનમાં તેની આસક્તિ તો વ્રજમાં પધરાવ્યા ત્યારથી હતી જ. ફલ અને સાધન કર્તવ્ય હતાં તેમાં ફલ

વૈકુંઠપ્રાપ્તિ અને સાધન જ્ઞાન એ કર્યાં તેથી માતાપિતાનો પૂર્ણ નિરોધ અહિં કહ્યો. ૫૧.

**ઇતિ શ્રીભાગવતે મહાપુરાણે દશમસ્કંધપૂર્વાર્ધે રાજસપ્રમેય પ્રકરણના શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ શ્રીવલ્લભાચાર્યપ્રણીત શ્રીસુબોધિનીના ગુર્જરાનુવાદનો બીજો અધ્યાય-દશમસ્કંધનો (૪૪ મો અધ્યાય, ત્રણ ક્ષેપક બાદ કરતાં) ૪૧ મો અધ્યાય-સમાપ્ત.**

# ।। અધ્યાય ૪૨ મો ।।

## મથુરામાં શન્તિ સ્થાપી ભગવાન્ ગુરુને ત્યાં પધાર્યા

**સાધારણ્યેન સર્વેષાં દ્વિરૂપોપિ નિરૂપ્યતે ।।**
**દ્વિચત્વારિંશે હ્યધ્યાયે નિરોધઃ સર્વસંમતઃ ।।૧।।**
**પિત્રો રાજ્ઞસ્તથાન્યેષાં સ્વસ્યાપિ ચ નિરૂપ્યતે ।।**
**દ્વિરૂપે મધ્યમે રોધે યાદવત્વં પ્રયોજકમ્ ।।૨।।**
**સ્વસ્ય શબ્દાત્મકે રોધઃ સ્વાજ્ઞાયાં નિખિલસ્ય ચ ।।**
**દેવે દૈત્યે ચ સર્વત્ર કાલાદિષ્વપિ સર્વતઃ ।।૩।।**

સાધારણ રીતે સર્વનો બે પ્રકારનો[૧] નિરોધ કહેવાય છે. આ બેતાલીશમા અધ્યાયમાં સર્વ સંમત નિરોધ કહે છે. માબાપનો રાજાનો બીજાઓનો અને પોતાનો પણ નિરોધ કહેવાય છે. બે પ્રકારના નિરોધ કહેવામાં યાદવપણું પ્રયોજક છે. કારણ છે. પોતાનો શબ્દાત્મામાં નિરોધ થાય છે. બધાં પોતાની આજ્ઞામાં છે. આજ્ઞા શબ્દાત્મક છે. દૈવ[૨] દૈત્ય અને કાલાદિ સર્વ તેની આજ્ઞામાં છે. તેથી તેમાં નિરોધ અહિં કહેવામાં આવે છે.

પૂર્વ અધ્યાયમાં માતાપિતાનો વિશેષ નિરોધ કહ્યો. એ વિશેષ નિરોધ તેનો અલૌકિક છે પણ તેનો કેદમાં રાખવારૂપ લૌકિક નિરોધ છોડાવવો જોઈએ તે ૧૧ શ્લોકથી કહે છેઃ

શ્રીશુક ઉવાચ

**પિતરાવુપલબ્ધાર્થૌ વિદિત્વા પુરુષોત્તમઃ ।।**
**માભૂદિતિ નિજાં માયાં તતાન જનમોહિનીમ્ ।।૧।।**

શુકદેવે કહ્યું :- પુરુષોત્તમે જાણ્યું માબાપને મારા સ્વરૂપનું જ્ઞાન થયું છે તે ન થવું જોઈએ એમ વિચારી પોતાની નિજમાયા જે માણસોને મોહ કરાવે છે તેને ફેલાવી. ૧.

આ નિરોધ મધ્યમ[૩] છે તેથી ગુણથી અને જ્ઞાન ભક્તિથી નિરોધ કર્યો છે. એમ[૪] ન કરે તો પહેલાના કરતાં માતપિતાનો અપકર્ષ થાય. અલૌકિકમાં બાધ

૧. દ્વિરૂપ એટલે નવમા અધ્યાયમાં કહ્યો તેવો ભગવાન્ અને ભક્તનો પરસ્પર નિરોધ. માબાપ, રાજા તથા બીજા એ સર્વ શબ્દથી ગણાવ્યા.

૨. દેવ દૈત્ય ત્યાં સર્વત્ર સર્વનો નિરોધ થયો. (લેખ)

૩. મધ્યમ નિરોધ હોવાથી ગુણથી નિરોધ કર્યો છે સ્વરૂપથી નિરોધ નથી. સ્વરૂપથી તો તામસનો નિરોધ કર્યો છે.

૪. જ્ઞાનભક્તિને ન કહે તો પૂર્વાધ્યાયમાં કહેલ અલૌકિકથી આ નિરોધ ન્યૂન થાય. (લેખ)

આવે તો લૌકિક નિરોધ ન થાય. તે અલૌકિકતાને ન જણાવવા માટે માયાનો વિસ્તાર કરે છે. માબાપને સ્વરૂપ જ્ઞાન થયું તે ન થવું જોઈએ. તેથી લોકોને મોહ કરનારી પોતાની માયાને ફેલાવી. ભગવાન્ નિરોધમાં સર્વ આપે જ વ્યાપિવૈકુંઠ પણ તેમણે આપ્યું તો પણ કપટ વેશથી ક્રીડા કરે છે તેનું જ્ઞાન લીલામાં ઉપયોગી નથી. તે બાધક હોવાથી તે ન થવા માટે માયાથી તે જ્ઞાનને આચ્છાદન કરે છે. શો દોષ છે પુત્રમાં ભગવજ્જ્ઞાન થવા દો ને ? ત્યાં કહે છે કે પુરુષોત્તમ છે મૂલરૂપ છે. જો કોઈ અંશ આવે તો તેનું જ્ઞાન લોકમાં લજ્જા કરનારું નથી. મોટા મૂલરૂપથી લોક પેઠે ક્રીડે તેમાં લજ્જા તો જરુર આવે. તેનું પણ ફલ થશે જ. તેનું ફલ ભક્તિ પરમાનંદ તો બંનેમાં તુલ્ય છે. ત્યાં કહે છે કે માયાથી મોહ કરશે તો તેનો છે તેથી પણ વધારે અપકર્ષ થશે ? તેના ઉત્તરમાં કહેવાનું કે તે માયા સ્વીય છે પોતાની છે તે યોગ્ય જ કાર્ય કરશે. ત્યાં કહે છે કે ભગવાનના અતિક્રમમાં તો દોષ થાય. તો માયા જ અનિષ્ટ કરનારી ઠરશે. તે માયા લોકને જ મોહ કરશે. ભગવદીઓને મોહ નહિ કરે. ભગવાનને પણ નહિ કરે કેમ કે તે પોતાની છે. તેનું કામ બતાવવા માટે તે માણસને મોહ કરવાનું કામ કરે છે એમ કહ્યું. ૧.

માબાપના ચરણમાં મસ્તક ધારીને તેને વૈકુંઠ આપવારૂપ અલૌકિક ઉપાય કર્યો, લોકન્યાયથી તો બંને ભાઈ સાપરાધ ગણાયા કહેવાય તો વસુદેવને દુઃખ થાય તેથી આલિંગન ન કર્યું એવી લોકમાં પ્રતીતિ કરાવીને તે દોષ દૂર કરવા તેવાં વચનો કહે છેઃ

**ઉવાચ પિતરાવેત્ય સાગ્રજઃ સાત્વતર્ષભઃ ॥**
**પ્રશ્રયાવનતઃ પ્રીણન્નમ્બ તાતેતિ સાદરત્ ॥૨॥**

માબાપ પાસે આવીને મોટા ભાઈ સાથે ભક્તના પતિ ભગવાન્ વિવેકથી નમ્રતા બતાવીને માબાપને પ્રસન્ન કરતા આદર પૂર્વક હે અમ્બ ! હે તાત ! એમ બોલ્યા. ૨.

નમસ્કાર ન કરતાં કૃષ્ણ પાસે આવ્યા. બલદેવ એવું બોલી જાણતા નથી તેનો પણ તે દોષ દૂર કરવા માટે બલદેવને પણ સાથે રાખ્યા છે. ભક્તના સ્વામી ભક્તને શિખવનાર એટલે મર્યાદાનું શિક્ષણ આપનાર, વિનયથી નમ્ર, બાલકની જેમ પ્રીતિ ઉત્પન્ન કરાવતા, આદરપૂર્વક અમ્બ, તાત એવા સંબોધન બોલી કહેવા લાગ્યા. લજ્જા અને અપરાધ લોકદષ્ટિથી છે તેથી પ્રથમ લજ્જા છોડવી જોઈએ પુત્ર તો આત્મા કહેવાય. બાપને પુત્ર કેદમાંથી છોડાવે તેમાં બાપને લજ્જા ન આવવી જોઈએ. તેથી પોતાનું પુત્રપણું બતાવતા મા, બાપ, એમ સંબોધન કર્યું. બનાવટી ન કહેવાય માટે આદર પૂર્વક બોલાવ્યાં, કપટથી કરવું તે ઉપચાર કહેવાય.

તો પણ માબાપના હૃદયમાં પહેલી સ્મૃતિ તો રહી નથી છતાં વિપરીત બુદ્ધિ કેમ ઉત્પન્ન થશે ? જેમ બાપને પુત્ર ઉપર પ્રેમ થાય એમ મુખનો ભાવ બતાવી અવગણનાથી પુત્ર કહે તો પણ તેવી પ્રીતિ ન થાય તેથી ભગવાને વિનય બતાવ્યો છે. ૨.

એમ લાજને દૂર કરવા માટે અમે અપરાધ કર્યો એમ કહેતાં તેને સિદ્ધ કરવા વસુદેવદેવકીના અપેક્ષિતને બતાવે છે.

।। શ્રીકૃષ્ણ ઉવાચ ।।

**નાસ્મત્તો યુવયોસ્તાત નિત્યોત્કણ્ઠિતયોરપિ ।।**
**બાલ્યપૌગણ્ડકૈશોરાઃ પુત્રાભ્યામભવત્ ક્વચિન્ ।।૩।।**

શ્રીકૃષ્ણ બોલ્યાઃ- હે તાત ! તમો નિત્ય અમારાથી સુખ લેવાની ઈચ્છા રાખતા હતા પણ અમારી બાલ્ય પૌગંડ કૈશોર અવસ્થાનો લાભ આપને ન મળ્યો. ૩.

નિત્ય ઉત્કંઠાવાળા આપને પુત્રના બાલ્ય પૌગંડ અને કૈશોર જોવાનો લાભ ન મળ્યો. બાલકનું બાલવય જોઈને માબાપ રાજી થાય. તે જોવાને બધા ઈચ્છે. 'પુત્રાભ્યાં' એ પાંચમી વિભક્તિ[૧] છે અમારાથી તે સુખ આપ ન લઈ શક્યા. કીર્તિમાન્ વિગેરેના પણ બાલ પૌગંડ કૈશોર વયનાં સુખ આપ ન લઈ શક્યા. ભગવાન્ ઉત્પન્ન થશે એ શ્રવણ થયું છે તેથી લોકમાં ઉપદ્રવ થાય તેમાં પોતે જ નિમિત્ત બને પોતાને બાલ્યાદિ ન જોવામાં પોતે અક્લિષ્ટકર્મા હોવાથી પોતે જ 'મને ગોકુલ પહોચાડો' એમ કહેલું તેથી પિતાને કૌમારાદિ ન દેખાડવામાં નિમિત્ત પોતે જ છે. સમર્થ છતાં ઉપેક્ષા કરી એમ પણ કહેવાય. પોતાના ધર્મનું ચારે તરફથી પાલન કરવું એ રક્ષણ કહેવાય. પોતે અક્લિષ્ટર્મા છે તેનો બચાવ પોતે જ કરવો જોઈએ, પિતાને તો ભગવાનના અક્લિષ્ટ કર્મ વડે દુઃખ થાય છે. તેથી તે ભગવદ્ધર્મ માબાપને બાધક છે માટે જ માબાપે તેના બાલ્ય પૌગંડ કૈશોરનો લાભ નથી લીધો એ કહ્યું. ૩.

જો કે તમને સુખ ન થયું પણ અમને મોટો ક્લેશ થયો. તમને થોડો થયો તે વાત હવે કહે છેઃ

**ન લબ્ધો દૈવહતયોર્વાસો નૌ ભવદન્તિકે ।।**
**યાં બાલા પિતૃગેહસ્થા વિન્દન્તે લાલિતા મુદમ્ ।।૪।।**

આપના ભાગ્ય નહિ એથી આપની પાસે અમે રહ્યા નહિ માબાપને ઘર

---

૧. અમો પુત્રોથી તમને જે સુખ મળવું જોઈએ તે ન મળ્યું. કીર્તિમદાદિના પણ બાલ્યાદિનાં સુખ ન લેવાયાં કીર્તિમાન્ પાંચ વર્ષના હતા પણ તેના પૌગંડ કૈશોર ભાવ જોવાનો સમય ન પ્રાપ્ત થયો.

રહેનાર બાલકો માબાપના લાલનથી જે આનંદ લે છે તે અમો લઈ શક્યા નહિ. ૪.

જેણે દૈવને માર્યું છે. અર્થાત્ આપનું ભાગ્ય જેણે બદલ્યું છે. બ્રહ્મને અદષ્ટ ન હોય. અથવા દૈવહત એટલે દૈવે પ્રેરેલા, હન્ ધાતુનો ગતિરૂપ અર્થ લેવો 'હન્ હિંસાગત્યોઃ' એવો ધાતુ છે. તો પણ અન્યથા પ્રતીતિ કરાવનારો આ શબ્દ માયાએ જ મોહ કરવા બોલાવ્યો છે તેથી ભગવદ્વાક્યમાં બાધિતાર્થ કે વિરોધ આવતો નથી. પરોક્ષતા તો કહી જ છે. લૌકિકી ભાષા છે. તેથી ભગવાનનું સર્વ ડાહ્યાઓએ ગોપન કરવાનું છે, એ તેમાંથી ફલિત થશે. ભગવાને પણ બાલપણું વખણાય તેવું પ્રકટ કરવું જોઈએ. આ ભગવાનમાં બાલ્યાદિ ભાવ નથી તે આટલા અંશમાં વિકલ છે તે શ્રુતિથી યથાર્થ થાય છે. આત્માપણાથી તે દેહ ધર્યો ભગવાને ગ્રહણ કર્યો છે. તેથી ઐક્યનિરૂપણ પણ દોષરૂપ નથી, ભગવાનનું બાલ્ય લોકમાં પ્રસિદ્ધ છે તેમાં વિકલતા કેમ કહેવાય ? ત્યાં કહે છે કે જે અવસ્થાને લોકો બાપના ઘરમાં રહી ભોગવે છે તે સુખ અમને ન મળ્યું જો કે બાલકપણું અમારું પણ અમને સંતોષ આપનાર ન થયું. નંદરાયજી વિગેરેમાં ખરું હૃદય પ્રકટ ન કર્યું તેથી સહજ ધર્મ તેમાં પ્રકટ્યો નહિ બનાવટી ધર્મ સુખ આપનાર થતો નથી. જો એમ ન માનીએ તો માતાએ બંધન કર્યું તે ન કરે. તૃણાવર્તના પ્રસંગમાં ભાર લાગ્યો તેથી પૃથ્વી ઉપર મૂક્યા તેમ ખરી મા ન મૂકે. તેથી બાપના ઘરમાં બાલક સુખ ભોગવે તે બીજાના ઘરમાં ન ભોગવે એ સાચું કહ્યું 'મુદમ્' એ એકવચન છે સર્વ બાલક તુલ્ય છે તેમાં બીજા ઉત્કર્ષ કરનારા ધર્મો નથી. હોય તો પણ તે અપ્રયોજક છે સુખ આપનાર તો બાલ્ય જ છે. ૪.

ઉપેક્ષાની શંકા તો ન કરવી. લોકમાં સ્વાર્થ હોય ત્યાં અપેક્ષા રહે છે. વેદમાં તો ઉપેક્ષા[1] બાધક છે. તે કહે છેઃ

**સર્વાર્થસંભવો દેહો જનિતો પોષિતો યતઃ ।।**
**ન તયોર્યાતિ નિર્વેશં પિત્રોર્મર્ત્યઃ શતાયુષા ।।૫।।**

સર્વ પુરુષાર્થ જેનાથી સિદ્ધ કરાય એવો મનુષ્ય દેહ જેણે પેદા કરી આપ્યો અને તેનું પોષણ કર્યું તે માબાપને સો વર્ષ સેવે તો પણ પુત્ર તેના ઋણમાંથી છુટતો નથી. ૫.

સર્વ ધર્માર્થકામમોક્ષાદિ પુરુષાર્થ મનુષ્યશરીરમાં લોક મેળવી શકે છે. તેવી ભગવાનની લીલા પણ છે. સામાન્ય કહ્યું છે તેથી આમાં ભગવત્પરતા કહેવાની અત્યંત જરૂર નથી. પિતાએ જન્મ આપ્યું માતાએ પોષણ આપ્યું. આવશ્યક પોષણ માતાનું ગણાય. અથવા બંનેએ મળીને પેદા કર્યો અને બંનેએ તેને પોષ્યો.

૧. ઉપેક્ષા પોતાને બાધ કરનારી થાય છે.

તેના ઉપકારનો બદલો માણસ સો વર્ષે પણ તેને આપી ન શકે. સો વર્ષ તેની સેવા કરે તો પણ ઋણમાંથી મુક્ત ન થાય. કેમ કે તે મર્ત્ય-મરણધર્મવાળો છે કાલે કરીને દુઃખી થાય છે. રોગ થાય પોતે જ જીવવાને અસમર્થ બને તે માબાપનો કયો ઉપાર કરી શકે. આ ઋણમુક્ત થતો જ નથી કેમ કે તે મરણ ધર્મવાળો છે. દોષ વગર કોઈ મરતું નથી. સો વર્ષે પણ તેનાથી ઋણમુક્તિ થતી નથી. પૂર્ણ આયુષ્ય ભોગવે તો પણ મરે છે. જો ન[2] મરે તો સો વર્ષ પછી પણ જીવે. પાપથી દુઃખ થાય છે. એમ ન[3] હોય તો પુણ્યપાપનો ભોગ બધાને સરખો એક નિયમથી થવો જોઈએ. આ શરીર છોડાવ્યા પછી પુણ્ય પાપનો શો ઉપકાર થાય ? ઋણમુક્તિ પક્ષમાં થાય તો એટલી વાટ જોઈ અધિકારી તેના સંતાનમાંથી તેને બાદ કરે. તેથી મરણધર્મ કહ્યો યોગ્ય તે કહ્યો છે. તે આયુષ્યનો પરમ અવધિ સો વર્ષનો છે. કાલ સો વાર ફર્યો તો પણ તેનો ઉપયોગ ન કર્યો તો પછી તે નહિં કરે એમ ધારી તેને કાલ મારી નાખે છે. તે ખાતાના દેવોની આકાંક્ષા નિવૃત્ત ન થઈ તો મૃત્યુ તુરત આવી જાય. જો મરણના અધિકારીઓ ધારે તો સો વર્ષથી વધારે પણ તેને જીવાડે. તેથી માણસનું સો વર્ષનું આયુષ્ય કહેવાય છે તે ઉપલક્ષણ માત્ર કહ્યું એટલે સોથી વધારે વર્ષ પણ જીવાય છે. ૫.

તેમાં વિશેષ કહે છેઃ

**યસ્તયોરાત્મજઃ કલ્પ આત્મના ચ ધનેન ચ ।।**
**વૃત્તિં ન દદ્યાત્ તં પ્રેત્ય સ્વમાંસં ખાદયન્તિ હિ ।।૬।।**

જે પુત્ર શરીર અને ધનની સંપત્તિવાળો હોય છતાં દેહ અને ધનથી માબાપની સેવા નથી કરતો તે મર્યા પછી યમદૂતો તેના માંસને ખવરાવે છે. ૬.

તે માબાપના શરીરથી ઉત્પન્ન થયો છતાં તેનો બુદ્ધિપૂર્વક બદલો ન આપે તો, બીજું દેવાનું રહેવા દો, તેને જીવનસાધન પણ ન આપે તો તે મરીને બીજા લોકમાં જ્યાં જાય ત્યાં પહોંચીને તેના માંસને તે યમદૂતો તેને ખવરાવે છે તે યોગ્ય છે. તેના શરીરથી ઉત્પન્ન કરેલું, તેનું પોતાનું કહેવાય. જેમ દાસે કરેલું, પોતાના ક્ષેત્રમાં થએલું, પોતાનું ગણાય છે. તેનાથી પોતાના શરીરનું પોષણ કરે અથવા પરલોક સિદ્ધ કરે તેમ પુત્ર શરીરથી પણ તે સિદ્ધ કરી શકે. શરીરને મુખ્યતા હોવા એ દંડ કર્યો છે તે ઠીક કર્યો છે. તેનાથી બદલો લીધો કહેવાય. તેનું આણે ખાધું

---

૨. ઋણમુક્ત થવાની સંપત્તિ તેની પાસે હોય તો તે આગળ જીવે પણ પાપથી મરે છે. ઋણમુક્તિ થતાં મરતો નથી. પાપથી દુઃખ થાય છે તે દુઃખ તો આ શરીરથી પણ થાય છે તેમાં શરીર છોડવાની જરુર નથી.

૩. પાપથી મરણ પક્ષમાં તે આ શરીરથી પણ પાપ પુણ્ય સુખ દુઃખ થાય તેથી શરીર છોડવાથી શું લાભ છે ? ઋણમુક્તિની વાટ જોવી એ પક્ષમાં એ દૂષણ છે. (લેખ)

એટલે તેણે પરસ્વ ખાધું ગણાય. તેનાથી તે બીજું કાંઈ ન કરી શકે. માટે દેવો તેના ઉપકાર માટે તે શરીરની વૃદ્ધિ ન થવા દેતાં બીજું કાંઈ આપી તેનું ઋણ ઉતારે એમ ન હોવાથી તેના માંસને લેણદાર પાસે ખવરાવે છે જે વૃત્તિ ન આપે તે બીજું શું કરી શકવાનો હતો. ૬.

એમ સામાન્ય અને વિશેષ પ્રકારથી પિતાના વિષયમાં દેવો તરફથી અડચણ થાય છે એ વાત પૂર્વ શ્લોકમાં કહી. પ્રસંગથી સામાન્ય રીતે તેને પોષણ ન આપે તો તેનું જન્મ જ વૃથા જાય જીવતો હોય છતાં મરી ગયો જાણી તેની ઉપેક્ષા કરવી. તેથી કદાચ પોતાનો જન્મ વૃથા થવાના ભયથી કોઈ બુદ્ધિવાળો માબાપનો ત્યાગ ન કરે, તે બતાવવા માટે માબાપનું પાલન ન કરે તેનું જન્મ વૃથા છે તે કહે છેઃ

**માતરં પિતરં વૃદ્ધં ભાર્યાં સાધ્વીં સુતં શિશુમ્ ।।**
**ગુરું વિપ્રં પ્રપન્નં ચ કલ્પોऽવિભૃચ્છ્વસન્ મૃતઃ ।।૭।।**

વૃદ્ધ માતાપિતા, સતિ સ્ત્રી, બાલક પુત્ર, ગુરુ, બ્રાહ્મણ, શરણે આવેલો; એટલાને પોતે પાળી શકે એટલી શક્તિવાળો હોય છતાં જો ન પાળે તો તે શ્વાસ લે છે તો પણ તેને મરેલો જ જાણવો. ૭.

વૃદ્ધ વિશેષણ બાપનું છે તે સામર્થ્યવાળો હોય તો તેને દેવાની જરુર નથી પણ વૃદ્ધ હોય તો તેને પોષણ આપવું જોઈએ. સાધ્વી એવું સ્ત્રીનું વિશેષણ છે. જનોઈ આપ્યા વગરનો બાલક કહ્યો છે. જનોઈ આપ્યા પછી ભિક્ષાદિ કરી પોતાની વૃત્તિ તે કરી લેશે. ગુરુ એ બ્રાહ્મણ જોઈએ એટલે પોતાનો ગોર હોય. તેને પાળવાનો ધર્મ ક્ષત્રિયોનો છે. તેમ જ શરણે આવ્યો હોય તેને પાળવો જોઈએ. જૂદો ઉપદેશ છે. શરણની સાથે તેને કહેલ છે તેથી બ્રાહ્મણ હોવો જોઈએ એટલે પ્રપન્ન પણ બ્રાહ્મણ હોય તેની રક્ષા કરવાનું કહ્યું છે. આટલાનું પાલન કરવાના સામર્થ્યવાળો હોય છતાં ન કરે તો તે શ્વાસ લે છતાં મરેલો જાણવો. તેને શ્વાસ માત્ર છે, જીવનનું કર્તવ્ય તે કાંઈ કરતો નથી તેથી મર્યો ગણવામાં આવ્યો છે. ૭.

એથી ત્રણ દોષથી આ અમારો જ અપરાધ છે. તેનાથી અમારું કર્તવ્ય અમેં નથી કરી શક્યા. આપને કોઈ જાતની ક્ષતિ નથી થઈ તે કહે છેઃ

**તન્નાવકલ્પયોઃ કંસાન્નિત્યમુદ્વિગ્નચેતસોઃ ।।**
**મોઘમેતે વ્યતિક્રાન્તા દિવસા વામનર્ચતોઃ ।।૮।।**

માટે અમે આજ સુધી અસમર્થ હતા. કંસના ભયથી ચિત્ત ઉદ્વેગવાળું રહેતું હતું તેમાં અમારા આટલા દિવસ તમારી સેવા વગરના ગયા તેટલો કાલ અમારો વ્યર્થ ગયો. ૮.

તે કારણથી બાધક જ્ઞાન વિદ્યમાન હોવાથી અમે અસમર્થ હતા. અમને

બીજો બાધક નહોતો. અમારા આટલા દિવસો વૃથા ગયા. એટલે તે દિવસો અમારા પુરુષાર્થના સાધક ન થયા તેનું કારણ કે આપનું પૂજન અમે ન કરી શક્યા. અસામર્થ્ય તો લોકરીતિથી છે. દેશાંતર રહેતો હોય તે અસમર્થ થાય જ. બાલકપણામાં પણ અસામર્થ્ય જ ગણાય. જો કે અર્ચા કરવી તે રમતાં પણ થાય છતાં કંસ તરફથી હમેશાં ઉદ્વેગ રહેતો તેથી તેમ બન્યું નહિ. તે હમેશાં પૂતના વિગેરેને મોકલ્યા જ કરતો તેનો મનમાં ઉદ્વેગ રહ્યો આવતો. ખરી રીતે કહીએ તો એમાં નિમિત્ત આપ જ હતા. તે ક્યારે તમારું સ્વરૂપ જાણી ઉપદ્રવ કરાવશે[1] ? અંતે થયું પણ એમ જ. તેથી આટલા દિવસો આપની સેવામાં ન આવ્યા તે વૃથા[2,3] ગયા. આપનું પૂજન નમસ્કારાદિથી મોટા જાણીને કરવું જોઈએ તે ન થયું. ૮.

તમારામાં સામર્થ્ય તો હતું તે જ વખતે આવી કંસને કાં ન માર્યો ? એમ કહે ત્યાં ભગવાન્ આજ્ઞા કરે છેઃ

**તત્ક્ષન્તુમર્હથસ્તાત માતર્નૌ પરતન્ત્રયોઃ ।।**
**અકુર્વતોર્વાં શૂશ્રૂષાં ક્લિષ્ટયોર્દુર્હૃદા ભૃશમ્ ।।૯।।**

હે તાત ! હે માત ! અમે પરતંત્ર હતા તેમાં આપની સેવા ન કરી શક્યા તે આપ ક્ષમા કરો. તમોને ક્લેશ તેના દુષ્ટ હૃદયનો જ હતો. બીજો નહોતો. ૯.

અમારો અપરાધ ખરો પણ અરધો અપરાધ ગણાય. કેમ કે મામાને મારવો પડે તે તો એકલાએ અલૌકિક પ્રકારે આવીને તેને મારવો જોઈએ. તેમ કરીએ તો અવતાર વ્યર્થ જાય. અને તેને મારી પણ ન શકાય. તેને વર મળ્યો છે તેમાં અલૌકિકથી નહિ મરે એમ કહ્યું છે. તો પણ માબાપમાં લાગણી હોય તો કંસને ઐશ્વર્ય વડે મારવો જોઈએ. તે ન કર્યું એટલો અપરાધ અમારો આપે માફ કરવો રહ્યો. ક્ષમા કરવામાં આપ બંને માતાપિતા છો. બાલકનો અપરાધ સહે તે જ માબાપ કહેવાય. આમાં આપણો બંનેનો દોષ સમાન છે. ખરી રીતે પૂછો તો તેમાં અમારો દોષ તો નથી. કેમ કે ગોકુલમાં અમે નંદરાયજીને અધીન હતા. એમણે એવી બુદ્ધિ કેળવી કે એ કહે તેમ ન કરીએ તો તે પ્રાણ જ છોડી દે. કાલિયના પ્રસંગમાં તેની પરીક્ષા પણ અમે કરી જોઈ છે. તે સાથે આવે તો પારકા દેશથી લડવા આવે તેની જેમ યુદ્ધ કરવું પડે અને કંસને મારવો પડે તે નંદરાયજીને ઈષ્ટ

૧. ભગવાનની આટલા દિવસ વ્રજમાં રહેવાની ઈચ્છા હતી ત્યાં સુધી કંસે ઉપદ્રવ ન કર્યો. ભગવત્સ્વરૂપ તેના જાણવામાં ન આવતાં તેણે ઉપદ્રવ ન કર્યો તેથી પ્રભુ અહિં ન આવ્યા.

૨. મારું સ્વરૂપ જાણે તો ઉપદ્રવ નિશ્ચય થાય જ.

૩. થયું પણ તે જ કંસે અક્રૂરને મોકલ્યો ત્યારે લીલાસ્થાન ગોકુલમાં તેણે ઉપદ્રવ જગાડ્યો. (લેખ)

નહોતું. આ પરીક્ષા ઈન્દ્રયાગ ભંગનો ઉપદેશ આપીને કરી જોઈ તે અલૌકિક હોવાથી તેણે કબુલ્યું હતું પણ ખરું. આ નંદરાય તો કંસની પ્રજા તેથી તેને મારવાની વાત તેના માનવામાં પણ ન આવે. અમારી પરાધીનતાથી પણ સેવા ન બની શકી. તેમાં અમારો અપરાધ તો એટલો જ કે અમે આપની સેવા ન કરી. કંસાદિને મારવાથી લોકમાં અત્યારે અમારું સામર્થ્ય પ્રતીત થયું. તેથી હવે સેવા કરવાની યોગ્યતા થઈ. બધું સ્વાર્થ માટે છે. પુત્રથી પણ સેવાનો સ્વાર્થ છે. કંસે ક્લેશ આપ્યો તેમાં કોઈ જાતનો તેનો પુરુષાર્થ નહોતો. પણ હૃદયના દોષથી કેવલ ક્લેશ કરાવ્યો તેમાં પણ આપને કેદ કરીને અમને તેણે અતિ ક્લેશ કરાવ્યો છે. તેથી 'ભૃશમ્' કહ્યું છે. ૯.

પોતે ઈશ્વર થઈને અનીશ્વરની જેમ કેમ બોલે છે ? તેના ઉત્તરમાં શુકદેવ કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઈતિ માયામનુષ્યસ્ય હરેર્વિશ્વાત્મનો ગિરા ॥**

**મોહિતાવઙ્કમારોપ્ય પરિષ્વજ્યાપતુર્મુદમ્ ॥૧૦॥**

શ્રીશુકદેવજીએ કહ્યુઃ- માયા વડે મનુષ્યરૂપે દેખાતા વિશ્વાત્મા હરિની વાણીથી મોહિત થતાં વસુદેવદેવકી પોતાના પુત્રને ખોળામાં બેસાડી આલિંગન કરીને પોતે આનંદનો અનુભવ કરવા લાગ્યાં. ૧૦.

ભગવાન્ માયાથી મનુષ્ય છે. જો કાયિક માયિક હોય તો વાચનિક પણ માયિક કરવું જોઈએ. મનુષ્યપણું દેખાય છે તેટલું જ ભગવાનમાં માયિક છે. તેથી ભગવાનમાં કોઈ જાતની ખામી નથી. માયિકમાં તો બધું માયિક હોય છે. ત્યાં શંકા કરે કે કંસને મારવા માટે ભગવાને માયિક માનુષરૂપ દેખાડ્યું છે તેનું અહિં પ્રયોજન નથી તેથી વસુદેવદેવકીને થએલ જ્ઞાનનો કેમ નાશ કરે છે ? ત્યાં કહે છે કે એમ ન કરે તો તેના માતાપિતા પ્રથમ ક્લેશમાં હતાં તેનું જ્ઞાન ક્લેશરૂપ છે પણ તે ક્લેશાત્મક જ્ઞાન પુરુષાર્થનું સાધક છે. ચિંતા જતી રહે ત્યારે પણ સુખ જેવું તે દેખાય. તેથી જ્ઞાન થશે તો દુઃખી થશે એમ જાણી તેને અજ્ઞાન કરાવે છે. ત્યાં શંકે છે કે અત્યંત ઉપકારી અને અવશ્ય ફલ આપનાર માર્ગને માટે યત્ન કરનારને શા માટે રોકે છે ? તેની સાથે રહેલું દુઃખ તો સહન કરવું જ રહ્યું. તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ વિશ્વના આત્મા છે, તે પરમદયાળુ છે, સર્વના આત્મા છે, મનમાં આવે તેમ સર્વને પ્રેરે છે. તેમને સ્નેહથી કૃતાર્થ કરવાના છે. ભગવાને કહ્યું છે કે 'યુવાં માં પુત્રભાવેન બ્રહ્મભાવેન ચાસકૃત્' એમ કહેવાથી પરગતિરૂપ મુક્તિ તો તેની થવાની છે તેથી સિદ્ધસાધક જ્ઞાનને દૂર કરવા માટે વાણીથી મોહન કર્યું તે યોગ્ય કર્યું છે. મોહ

પામેલા બંને માબાપ હમણાં બંને ભાઈઓને આલિંગન કરીને આનંદ પામ્યાં. એમ ન કરે તો આ દેહ પડ્યા પછી સુખ થાય. ૧૦.

ત્યાર પછી માબાપને લૌકિક સુખ બહુ થયું તે કહે છેઃ

**સિઞ્ચતાવશ્રુધારાભિઃ સ્નેહપાશેનાચાવૃતૌ ।।**
**ન કિઞ્ચિદૂચતૂ રાજન્ બાષ્પકણ્ઠૌ વિમોહિતૌ ।।૧૧।।**

નેત્રમાં અશ્રુની ધારા ચાલવાથી પુત્રોને ભીંજવતા અને સ્નેહરૂપ પાશ વડે બંધાએલા તે કાંઈ પણ ન બોલ્યા. બાષ્પયુક્ત કંઠવાળા તે મોહિત થયા. ૧૧.

નેત્રમાંથી નીકળતાં આંસુની ધારાથી પુત્રોને ભીંજવતા હતા. બહુ કાલના વિયોગથી અશ્રુની ધારા ચાલતી હતી. સ્નેહરૂપ દોરડાથી બંધાએલા હતા. પાશ પદથી માબાપનો સ્નેહ લૌકિક હતો તે પણ પુત્રબુદ્ધિથી થએલો એમ સૂચવ્યું. તેથી તે કાંઈ પણ બોલી ન શક્યા. આ પણ એક મોહનું કાર્ય ગણાય કે ખૂબ પુત્રસ્નેહમાં ડુબી જવું. એમ ન હોત તો સ્તુતિમાં અવશ્ય ગુણ કહેવા પડત તો તેને પુનઃ જ્ઞાન પ્રકટ થાત. રાજન્ સંબોધન શ્રવણનું સૂચક છે. ન બોલવામાં દષ્ટ હેતુ છે, તેનો કંઠ રોકાઈ ગયો છે, અશ્રુ કંઠમાં પેસી જવાથી તે બોલી નથી શકતા. સર્વથા ભગવાનના સ્પર્શમાં પણ મોહ થાય છે. એમ કરી આદ્યન્તમાં દૃઢ મોહ કરી નિશ્ચિંત થયા તે કહેવા માટે 'વિમોહિતૌ' એમ અંતમાં વિશેષણ કહ્યું. એવો મોહ થયો કે કોઈ વખતે આત્મજ્ઞાન કે ભગવજ્જ્ઞાન તેને ન જ થાય. પછી તેની પ્રત્યાપત્તિ (મુક્તિ) જ્ઞાનાધ્યાયમાં કહેવાશે. એમ ન કરે તો ભગવાન્ અનિષ્ટકર્તા ઠરે. નિરોધ સમાપ્ત થયા પછી તેનું નિરૂપણ થશે. ૧૧.

એમ માતાપિતાનો નિરોધ કહીને સર્વ યાદવોનો નિરોધ કહેવા માટે પ્રથમ રાજા ઉગ્રસેનનો નિરોધ કહે છેઃ

**એવમાશ્વાસ્ય પિતરૌ ભગવાન્ દેવકીસુતઃ ।।**
**માતામહં તૂગ્રસેનં યદૂનામકરોન્નૃપમ્ ।।૧૨।।**

એમ બાપ અને માનું સમાધાન કરીને દેવકીના પુત્ર ભગવાને પોતાના માતામહ ઉગ્રસેનને યદુના રાજા બનાવ્યા. ૧૨.

માબાપને સુખ કરીને ઉગ્રસેનને રાજા બનાવ્યા. માતામહત્વ બતાવવા દેવકીના પુત્ર કહ્યા. ભક્તનું હિત કરવા માટે દેવકીના પુત્ર થઈને અવતર્યા છે. બાપ અને સસરો રાજા હોય તો દિકરી જમાઈને ચિંતા ન રહે અને ભોગ મોટો થાય એ તો અનુભવસિદ્ધ વાત છે. તેથી તો વસુદેવનો[1] રાજ્ય ઉપર અભિષેક ન કર્યો. તેને છોકરા મર્યા તેનો ક્લેશ છે. ત્યારે તો ઉગ્રસેન માટે કંસને માર્યો ગણાય. કંસે રાજ્ય

૧. રાજ્યની ચિંતા ન રહેવા ખાતર વસુદેવજીને રાજા ન કર્યા.

લીધું હતું તેને મારી તેનું રાજ્ય તેના બાપને આપ્યું. 'તુ' શબ્દ પોતાના સંબંધી કે પોતાનો પક્ષ એમાં નથી એ બનાવનાર છે. નામથી જ તેમાં સામર્થ્ય છે કે તે ઉગ્ર સેનાવાળો છે. આગળ તો તે દેશનો રાજા હતો. યાદવો તેને ન માનતા હતા. હવે તો યાદવોનો રાજા ભગવાને કર્યો. ભગવાન્ યદુના આધિદૈવિકરૂપ[2] હોવાથી યાદવો તેને અધીન હોવાથી ભગવાન્ જેને રાજા કરે તેને બધા માને. ૧૨.

ઉગ્રસેનને વિશ્વાસ માટે 'કૃતિ' કર્યા ઉપરાંત ભગવાન્ બોલ્યા પણ ખરા તે કહે છે:

**આહ ચાસ્માન્ મહારાજ પ્રજાસ્ત્વાજ્ઞમુમર્હસિ ।।**
**યયાતિશાપાદ્યદુભિર્નાસિતવ્યં નૃપાસને ।।૧૩।।**

ભગવાને તેને કહ્યું મહારાજ અમે આપની પ્રજા છીએ. આપ અમોને આજ્ઞા કરો. યયાતિના શાપથી યાદવો તો રાજાના આસન ઉપર બેસવાને યોગ્ય જ નથી તેથી રાજ ભોગવવાનો અમારો વિચાર નથી. ૧૩.

ચકાર છે તેથી ભગવાને તેને મનથી પણ રાજ ઉપર સ્થાપન કર્યો. યાદવો તેનો હુકમ ઉઠાવે માટે બોલ્યા હે મહારાજ ! અમને આપ પ્રજા કહેવાને યોગ્ય છો. અમે જ તમારી પ્રજા છીએ. 'તુ' શબ્દ છે તેથી સંતતિરૂપ પ્રજાની વ્યાવૃત્તિ કરી છે. ત્યારે ઉગ્રસેન બોલે, 'હું પણ યાદવ એટલે મને પણ પ્રજામાં ગણોને ?' ત્યાં કહે છે આપ તો 'મહારાજ' છો. ખંડમંડલના રાજા તો પહેલાં પણ આપ હતા. ત્યારે તેની પૂર્વે સ્થિતિ હતી તેવી રહેશે એમ તે ધારતા હોય તો તેને રાજાને બદલે મહારાજ કહ્યા. રાજાને અવશ્ય પ્રજાને હુકમ કરવો જોઈએ. તે વિધિને તાબે થઈને ઉગ્રસેન હુકમ કરશે બીજી રીતે હુકમ નહિ કરે. ભગવાને પોતે લીધેલું રાજ્ય ઉગ્રસેનને આપે છે કે પૂર્વસિદ્ધને પાળે છે. પહેલા પક્ષમાં પોતે રાજ્યનો કબજો લઈને પછી ઉગ્રસેનને આપવું જોઈએ. માટે પ્રથમ કૃષ્ણે સિંહાસન ઉપર બેસવું જોઈએ. બીજો પક્ષ તો કંસે અને કૃષ્ણે ત્યાગ કર્યો છે. મહારાજપણું તો ઘણું કરીને કંસમાં હતું. તે ધર્મ[1] તેને જીતનારમાં આવે, જીતનાર તમે છો એટલે તમારે સિંહાસન ઉપર બેસવું જોઈએ. એવી શંકા કરે તો ભગવાન્ કહે છે કે યયાતિનો શાપ છે કે યાદવો રાજા ન થાઓ. યદુ મોટો હતો તેને બાપે રાજા થવાની ના પાડી

---

૨. યદૂઓના આધિદૈવિકરૂપ ભગવાન્ હોવાથી તેના પ્રવર્તક અને નિવર્તક હોઈને આ યાદવો બધા ભગવાનને અધીન રહીને ભગવાનનું કહેલું કરશે એટલે ભગવાન્ જેને રાજા કરે તેને તેઓ માનશે. બીજાને નહિ માને માટે ભગવાને ઉગ્રસેનને રાજા બનાવ્યો.

૧. મહારાજનો ઘાત કરનાર જ મહારાજ થાય છે. તેનું કારણ કે મહારાજને મારનાર મહારાજ થાય. કેમ કે તે તેની પાસે છે.

ત્યારથી મર્યાદાનું રાજ્ય નથી. અર્જુન વિગેરે તો ભગવત્કૃપાથી સર્વ ભૂમિના રાજા થયા તેથી તો તે મર્યા છે. કંસ પણ મર્યો. ભગવાનનું તો તે કર્તવ્ય જ નથી. કેમ કે તે મર્યાદા સંભાળવા અવતર્યા છે. ઈશ્વરપણું દેખાડવા ક્યારેક પુષ્ટિનું અવલંબન કરે છે. રાજ્ય તો હમેશાં કૃપાથી મળે છે. જેનો વેશ કરે તે તેના સહજ ધર્મોને ગ્રહણ કરે છે. તેણે ક્વચિત્ અન્યથા કર્યું હોય તેને ગ્રહણ કરતો નથી. તેથી અમે યદુના વંશમાં હોવાથી અમો રાજ ઉપર નહિ બેસવાના એ નિશ્ચય સમજો. ભોજ વિગેરે તો છેલ્લી શાખામાં આવ્યા તેથી તેમાં વિવાહ થઈ શકે. ભગવાન્ સર્વેશ્વર છે તે ચરણનું (ભૂમિનું) આધિપત્ય કોઈકને આપી દે. પણ પોતે તો ન જ સ્વીકારે કેમ કે તેને લેવું વૃથા છે, અનૈશ્વર્યસંપાદક છે. ઐશ્વર્ય તો ભગવાનમાં સિદ્ધ છે તેથી તેમ કરવાનો ભગવાનનો વિચાર નથી. ૧૩.

ત્યારે હું કેમ લઈ શકું ? શાપ તો બધાને સમાન છે. મારામાં સામર્થ્યનો પણ અભાવ છે એમ ઉગ્રસેન કહે તો તેનો ઉત્તર ભગવાન્ આપે છેઃ

**મયિ ભૃત્ય ઉપાસીને ભવતો વિબુધાદયઃ ।।**
**બલિં હરન્ત્યવનતાઃ કિમુતાન્યે નરાધિપાઃ ।।૧૪।।**

હું તમારો થઈને તમારી સેવામાં આવું તો દેવો પણ તમને માન આપી તમારો ભાગ તમને આપે તો પછી રાજાઓ આપે તેમાં તો શું કહેવું. ૧૪.

જે સાધારણ હોય તેણે અવશ્ય રક્ષક કરવો જોઈએ. એવો પ્રભુ કરવો કે જે રક્ષણ કરે. તે પ્રભુ તો અત્યાર સુધી કંસ હતો. તેને છોકરો નથી. પિતા અને પુત્ર તો એક જ ગણાય. આગળ તો કોઈ અનુસરે એવો નથી તેથી તે રાજનો હક તેના બાપનો થયો. તે જ અમે કહીએ છીએ. તેથી બીજાને લેવા દેવા જેવું નથી. મારામાં ક્રૂરતા નથી તેથી મને પ્રજા રાજા તરીકે નહિ સ્વીકારે તો ? ત્યાં કહે છે કે હું તમારી પાસે રહ્યો છું તો તમને કોણ ન માને ? તમને તો દેવો ભાગ આપશે. જે મેરુ પર્વતની પૃથ્વીનો સંબંધ રાખીને ભોગ કરે છે. જે સાધારણ રાજાઓ કેવલ પૃથ્વીને ભોગવે છે તે તો માને તેમાં શંકાને સ્થાન જ નથી. તે નમી માન આપીને આજ્ઞા ઉઠાવશે, નહિ કે પોતે રાજી થઈને. પોતાના પ્રસાદરૂપે બલિ આપે એવું સમજવાનું નથી. મનુષ્યો તો પૃથ્વી ઉપર રહેનારા સ્થૂલ શરીરમાં અભિમાનવાળા છે જ્યારે દેવો તો સૂક્ષ્મ ઈન્દ્રિયાદિના અધિકારવાળા છે. ભગવાન્ સર્વને ધારણ કરનાર છે છતાં તે બીજાને આધાર કરે છે, કેમ કે ક્રીડા માટે તેમણે સાધારણ યાદવત્વને સ્વીકાર્યું છે; તેટલા અંશમાં, ભ્રિયમાણ પણ કહેવાય. ભૃત્યપણું બીજો રાજા હોય તો જ ઘટે. જેમ વસુદેવમાં[1] ભગવાને પુત્રત્વનો અંગીકાર કર્યો છે. આ

૧. ભગવાને તો વસુદેવમાં પુત્રત્વનો સ્વીકાર કર્યો છે. એટલે વસુદેવ કૃષ્ણને પુત્ર માને છે. (લેખ)

લૌકિકભાષા છે, આ કહેવાથી ભગવાન્ સર્વથા ગોપ્ય છે એ ફલિત થશે. મારે માટે જે ભૃત્ય થાય છે, મારા અભિપ્રાય પ્રમાણે સ્થાનને જે સેવે છે, તેવા રાજાને દેવાદિ બધા બલિ આપશે તે ખરો અર્થ છે. એમ ઉગ્રસેનનો નિરોધ કર્યો. એમ ન કરે તો તે વિરક્ત નહોતો તેથી જ્ઞાનનો પ્રયત્ન કરીને મોક્ષ મેળવે તે ન થવા નિરોધ કર્યો. ૧૪.

ઉગ્રસેનને ભગવાને પોતાના કામ માટે રાજ ઉપર બેસાડ્યો છે તે ભગવાનને માટે રહ્યો એટલે તેનો ભગવાનમાં નિરોધ સિદ્ધ થયો, એ પાંચ શ્લોકથી કહે છેઃ

**સર્વાન્ સ્વાન્ જ્ઞાતિસંબન્ધાન્ દિગ્ભ્યઃ કંસભયાકુલાન્ ।।**
**યદુવૃષ્ણ્યન્ધકમધુદાશાર્હકુકુરાદિકાન્ ।।૧૫।।**

પોતાના ભક્તો, જ્ઞાતિઓ, સંબંધીઓ કે જે કંસના ભયથી બીજે ગયા હતા તેવા યદુ, વૃષ્ણિ, અંધક, મધુ, દાશાર્હ અને કુકુરના કુલનાઓને ભગવાને મથુરામાં બોલાવીને રાખ્યા. ૧૫.

'સ્વ' એટલે ભક્તો, જ્ઞાતિ સગોત્રી, સંબંધી વેવાઈઓ. સ્વ શબ્દથી ભાઈઓ પણ. ઘણા પુત્રો વસુદેવને છે, બાપ વિગેરે પણ છે. તે ત્રણ પ્રકારના સાત્ત્વિક, રાજસ અને તામસને ગણાવ્યા. તેને દિશાઓમાંથી બોલાવી તેના ઘરમાં તેને રાખ્યા એમ ઉત્તર શ્લોકમાં પદનો સંબંધ છે. અથવા કંસના ભયથી દિશાઓમાં ચાલ્યા ગએલા, ભયથી સ્થાનનું નામ ન લેતાં દિશા જ લીધી. આવવાની આશા છોડીને ગયા હતા. કંસના ત્રાસથી ગયા હતા. કંસ અત્યંત ક્રૂર હતો એવી તેની લોકમાં પ્રસિદ્ધિ હતી. તેથી જ નંદરાયજીએ કહ્યું છે કે 'જેણે બેનના નાના બચ્ચાંને મારી નાખ્યાં' એનું બધાને એક જ ભય હતું તેથી છ પ્રકારના યાદવો ગણાવ્યા. આદિ શબ્દથી બીજા પણ લેવા કેમ કે તેમના ભેદો ઘણા છે. અથવા તેના સંબંધીઓને પણ લેવા. ૧૫.

કેવલ બોલાવીને તેમનું લીધું હતું તે આપ્યું એમ નહિ પણ બીજું પણ ઘણું આપ્યું.

**સભાજિતાન્ સમાશ્વાસ્ય વિદેશાવાસકર્ષિતાન્ ।।**
**ન્યવાસયત્ સ્વગેહેષુ વિત્તૈઃ સંતર્પ્ય વિશ્વકૃત્ ।।૧૬।।**

સત્કારપૂર્વક બહારથી બોલાવી તેના ચિત્તને આશ્વાસન આપ્યું. વિદેશના દુઃખથી દુર્બલ શરીરવાળાઓને તેમનાં ઘરમાં રાખ્યા અને જગતના કર્તા શ્રીકૃષ્ણે તેમને પૈસાથી સંપૂર્ણ સંતોષ કરાવ્યો. ૧૬.

પહેલો તો તેમનો સત્કાર કર્યો આ તેના મનમાં હતું તેથી માનસ સત્કાર

થયો. પછી વાણીથી સત્કાર કર્યો. પછી કાયિક કહેવા માટે તેના દેહની પરદેશમાં રહેવાથી ખરાબી થઈ ગઈ હતી તેને ઠેકાણે લાવ્યા. તેમને કેવલ ઘર પાછાં આપી તેમાં રાખે તેટલાથી સંતોષ ન થાય માટે તેમનું જે દ્રવ્ય કંસે લીધું હતું તે પાછું આપી સંતોષ કર્યો. સંતોષ તો ત્યારે થાય કે વ્યાજ સુધાં મળે તો. તેથી તેને અધિક આપી સંતોષ્યાં. રાજમાં તો બધું ધન ખવાઈ ગયું હતું, બાકીનાનો નાશ કર્યો હતો. તેટલું દ્રવ્ય યાદવોને કયાંથી આપ્યું ? તેના જવાબમાં કહે છે કે ભગવાન્ તો જગતને કરનાર છે તે થોડું દ્રવ્ય આપે તેમાં શું કહેવું ? ૧૬.

દુઃખનો અભાવ અને સુખ બંને કૃષ્ણે કર્યાં તે કહ્યું. હવે તેમની પ્રપંચ વિસ્મૃતિ અને ભગવાનમાં આસક્તિ કહેવાની છે કારણ કે તે સ્વરૂપમાં આવી ગયા છે. સ્વસ્થ સર્વત્ર અધિકારીઓ છે. આ તો ઘર ભગવાને આપ્યાં છે એટલે બાધક નથી પૂર્વે ઘરમાં સંબંધ હતો તે છોડવો જોઈએ. સંબંધ મનના ચિંતનરૂપ છે. તેનો આમાં અભાવ કહે છે. રાજસો વિષયથી તેમાં આસક્ત થાય છે તેથી તેમને ભગવાને વિષયભોગ આપ્યો. ભગવાને આપેલ ભોગવવું તે જ પ્રપંચની વિસ્મૃતિ. તેનું પ્રપંચવિસ્મૃતિપણું[1] કહેતાં ભગવદાસક્તિ નિરૂપણ તેનાથી જ થશે. તેનું ફલ કાલાતિક્રમ, તે રાજસ છે એટલે ફલ પણ કહેવું જોઈએ. પણ તે આ લોકનું ફલ હોય. તે જ કહે છે:

**કૃષ્ણસંકર્ષણભુજૈર્ગુપ્તા લબ્ધમનોરથાઃ ।।**
**ગૃહેષુ રેમિરે સિદ્ધાઃ કૃષ્ણરામગતજ્વરાઃ ।।૧૭।।**

કૃષ્ણ અને સંકર્ષણના હાથથી જેની રક્ષા થઈ છે એવા યાદવોના મનોરથ પૂર્ણ થયા રામકૃષ્ણે તેના હૃદયનો તાપ તો દૂર કરી દીધો છે, તેથી સુખી થયા. સિદ્ધ થઈને ઘરમાં ક્રીડા કરતા થયા. ૧૭.

કૃષ્ણ અને સંકર્ષણની ભુજાથી રક્ષાએલા યાદવો છે. કૃષ્ણ ફલરૂપ છે જ્યારે રામ સારી રીતે બ્રહ્મમાં ખેંચે છે એટલે સાધનરૂપ છે. તે બંનેની ક્રિયાશક્તિ (હાથ) સર્વપુરુષાર્થ સાધક છે. તે નિયત ફલવાળી છે તે વડે બધા યાદવો સુરક્ષિત થયા છે. મનોરથો પ્રમાણે તેમને પ્રાપ્તિ પણ થઈ છે. એટલું દુઃખના અભાવપૂર્વક સુખ તેમને પ્રાપ્ત થયું છે. આગળ પણ તેમને ભય ન થાય માટે તેમની રક્ષા કરે છે. એમ[2] ન કરે તો જેના ભયનો અનુભવ થયો છે એવા જરાસંધાદિ વિદ્યમાન છે. તેનું ભય ન હોવાથી તે બહારથી નિશ્ચિંત થઈ ઘરમાં રમ્યા કરે છે. આ રમણ મુક્તિની પછીનું હોય તેવું છે. તે કહે છે કે તેઓ સિદ્ધ થઈને ફરે છે. એટલે તે

૧. ભગવાનનો આપેલો પ્રપંચ તેજ પ્રપંચ વિસ્મૃતિ કહેવાય. (લેખ)
૨. જો ભગવાન્ તેની રક્ષા ન કરે તો જરાસંધાદિ જીવે છે તેની તેને ચિંતા થાય.

કામનાથી તેવું રમણ કરે છે એ પક્ષનું નિવારણ કર્યું. તેને ચિંતા ન થવાનું કારણ કહે છે કે કૃષ્ણ અને રામને લઈને તેના આધ્યાત્મિકાદિ તાપો ગયા છે તે તાપો મુક્તોને[3] પણ થાય છે. સિદ્ધ થાય તેનું લક્ષણ એ જ કે તેને તાપ ન થાય. કૃષ્ણ અને રામ ફલ અને સાધનરૂપ છે. અથવા તેને સંસાર ભગવાને આપ્યો છે તેથી ઉપર ઉપરથી રમણ કરીને તેનો નિષેધ કરે છે. નિરોધને માટે કૃષ્ણ અને રામ વડે થયો છે તાપ જેને અથવા ગયો છે તાપ જેનો. ગોપીઓની પેઠે યાદવો પણ ભગવદ્વિરહાતુર ફરે છે. ગોપીઓને ગુણથી પણ રમણ થાય છે, આમને તો તે પણ નથી. તેથી બંનેનું નામ ગ્રહણ કર્યું છે. ૧૭.

તે સિદ્ધ કરવા માટે ભગવાનની આસક્તિ કહે છેઃ

**વીક્ષન્તોઽહરહઃ પ્રીતા મુકુન્દવદનામ્બુજમ્।।**
**નિત્યં પ્રમુદિતં શ્રીમત્સદયસ્મિતવીક્ષણમ્।।૧૮।।**

દરરોજ નિત્ય પ્રસન્ન રહી મુકુંદના વદનકમલને જુએ છે. જે મુખારવિંદમાં ભગવાન્ દયાસહિત અવલોકન કરે છે. તેના દરરોજ દર્શનથી યાદવો પ્રીતિયુક્ત થાય છે. ૧૮.

પ્રતિદિન, દરરોજ, મુકુંદના મુખકમલને જોતાં રાજી થાય છે. ક્ષણ ક્ષણમાં નવીન પ્રીતિ ઉત્પન્ન થાય છે. જો કે ખરી રીતે તેમને જ્ઞાન નથી છતાં વસ્તુના સામર્થ્યને લઈને મુખારવિંદ દર્શન નિત્ય મુદિત હોવાથી પ્રીતિ કરાવે છે. નિત્યનૂતનમાં નિત્યનૂતન પ્રીતિ થાય છે. ખરી રીતે તો રસનો આ સ્વભાવ છે. પ્રથમ[1] તો પ્રીતિ ઈચ્છાને લીધે થાય છે. વસ્તુ તો રસરૂપ નથી. વિષયના બલથી થતી પ્રીતિ સર્વદા થાય છે તેથી લૌકિક ઉપાખ્યાનમાં રસોઈઆની વિદ્યામાં તેવો રસ પ્રસિદ્ધ છે. 'રસો વૈ સઃ' 'રસ હ્યેવાયં લબ્ધ્વાનન્દી ભવતિ' એવી શ્રુતિ છે. 'હિ' શબ્દથી તેની યોગ્યતા લોકવેદમાં સિદ્ધ છે. એમ ન હોય તો આનંદને[2] પામીને આનંદી થાય છે એમ કહેત તેમાં[3] કામશાસ્ત્રનો ઉપયોગ છે. સહજ કામ ઈન્દ્રિયની પેઠે આકાંક્ષારૂપ[4] છે તે પુરુષાર્થને સિદ્ધ કરનાર નથી. ત્યાં શંકા કરે છે કે

૩. જે સત્યલોકમાં રહીને બ્રહ્માની સાથે મુક્ત થાય છે તેને તાપ તો થાય છે. 'યચ્ચિત્તનોદઃ કૃપયાનિદં વિદામ્' એ તૃતીયસ્કંધના વાક્યથી તેનું ચિત્ત દુખાય છે.

૧. પ્રથમ કામને લીધે કામિનીમાં પ્રીતિ થાય છે. ભોગ પછી તેમાં પ્રીતિ રહે તો વિષયની ઉત્તમતા કહેવાય.

૨. આનંદવિશેષ. રસ તેને પામીને આનંદી થાય છે એવો શ્રુતિનો અર્થ છે.

૩. તેવા રસને પેદા કરવામાં કામશાસ્ત્રનો ઉપયોગ છે.

૪. ઈન્દ્રિયવાળા પુરુષને વિષયની આકાંક્ષા થાય છે તે પુરુષાર્થ સિદ્ધ કરનાર નથી. (લેખ).

વિષયપણાથી અહિં આસક્તિ રાખે તો બંધ થાય. ત્યાં કહે છે કે તે તો 'મુકુંદ' છે. તે રસરૂપ મુખારવિંદના તિરોભાવમાં તે પ્રસન્ન નહિ થતા હોય ત્યાં કહે છે કે નિત્ય તે ખુશીમાં જ રહે છે. ત્યારે રસપૂર્વક આનંદ આપે છે એમ કહો ને. તો રૂપાદિની અપેક્ષામાં અન્યમાં આસક્તિ થાય. જો કે ભગવાને વિષય આપ્યા પણ કામ તો સમુદ્ર છે. સમુદ્ર જેવો કામ છે. કામનો છેડો નથી તેમ સમુદ્રનો પણ અંત નથી, એમ શ્રુતિ કહે છે. તે જ કહે છે. લક્ષ્મીવાળા અને દયા અને સ્મિતયુત વીક્ષણવાળા મુખારવિંદને જુએ છે. તેમાં સર્વ લૌકિક સિદ્ધ માનો પણ ધર્મને માટે, જ્ઞાનને માટે, ભક્તિને માટે, બીજામાં આસક્તિ જરૂર કરવી પડશે. તેના ઉત્તરમાં કહે છે કે દયા ધર્મરૂપ છે. તદાત્મક ધર્મ છે. સ્મિત ભક્તિ સ્થાનીય છે. વીક્ષણ જ્ઞાનરૂપ છે. તે ત્રણે મુખારવિંદમાં છે તેથી ત્રણ કાંડને માટે બીજાની જરુર નહિ રહે. ૧૮.

હવે નિરુદ્ધોનો કાલાતિક્રમ પણ કહે છેઃ

**તત્ર પ્રવયસોઽપ્યાસન્ યુવાનોઽતિબલૌજસઃ।।**
**પિબન્તોક્ષૈર્મુકુન્દસ્ય મુખામ્બુજસુધાં મુહુઃ।।૧૯।।**

ત્યાંના ઘરડા લોકો પણ યુવાન એટલે શરીરશક્તિ અને ઈન્દ્રિયશક્તિવાળા થયા તે બીજી રીતે નહિ પણ મુકુંદના મુખારવિંદની સુધાનું ઈન્દ્રિયોથી વારંવાર પાન કરીને તેવા બન્યા છે. ૧૯.

આગળ કાલનો અતિક્રમ ન થશે એમ ન માનવું. જે વિષયને કાલ ખાઈ ગયો હશે તે વિષય કાલના મુખમાંથી પાછો કાઢે છે. તે જ કહે છે કે વ્રજમાં કેટલાક વૃદ્ધો છે. વૃદ્ધ અવસ્થામાં બહાર શરીરની કાંતિ અને અંદરનું બલ જતું રહે છે. તે બંને આમને છે. તે યુવાન થઈ ગયા. અત્યંત બલવાળા થઈ ગયા. કોઈ અલૌકિક સામર્થ્યથી એમ થયું હશે? એવી શંકાના ઉત્તરમાં કહેવાનું કે મુખારવિંદની સુધાનું પાન કરતાં તેવા થયા. ત્યાં કહે છે કે સુધા પણ ગયું પાછું લાવી આપતી નથી, ત્રિદશો (દેવો)નો પણ કાલે કરીને ગ્રાસ થાય છે. કાલ તેને પણ ગળી જાય છે. ત્યાં કહે છે કે આ તો મોક્ષ આપનારના મુખકમલની સુધા છે. જે આત્મસ્વરૂપને આપે તે કાલાતિક્રમ કરે જ. તેમાં પણ તેનું મુખ પ્રધાનરૂપ તેમાં પણ શાંતરૂપ સર્વ તાપનો નાશ કરનારું સ્વભાવથી જ તેવા ધર્મવાળું. ત્યાં રહેનારી સુધા અલૌકિકી હોય જ. તેથી કાલ ખાઈ ગયો હોય તેને પણ પાછો લાવનારી તે સુધા છે. તે પુનરુદ્ગમન કરે છે તે યોગ્ય જ છે. તે પણ વારંવાર સુધાપાન થતાં તેમ થાય છે. તેથી તે અમૃતમય થઈ જાય છે તો પછી બલ આવે તેમાં તો શું જ કહેવું? ૧૯.

એમ સર્વનો નિરોધ કહીને નંદરાય વિગેરેને શ્રીગોકુલ મોકલીને તામસોનો ઉત્કર્ષ કહેવા માટે રાજસ પ્રકરણમાં વિશેષ કહે છેઃ

**અથ નન્દં સમાસાદ્ય ભગવાન્ દેવકીસુતઃ।।**
**સંકર્ષણશ્ચ રાજેન્દ્ર પરિષ્વજ્યેદમૂચતુઃ।।૨૦।।**

હે રાજેન્દ્ર! હવે દેવકીના પુત્ર કૃષ્ણ અને સંકર્ષણ નંદરાયજીને મલ્યા અને પરસ્પર આલિંગન કરી આ પ્રમાણે વાક્ય બોલ્યા. ૨૦.

ભગવાને છ ગુણ વડે તેમને ગોકુલ મોકલ્યા. નહિ તો તેઓ એકલા ગોકુલ ન જાય.

**સંભાષણાર્થમુદ્યોગઃ પૂર્સસ્થાપનમેવ ચ।।**
**નિરાકૃતિશ્ચ વાધાનાં પ્રેષણાજ્ઞાપનં તતઃ।।**
**દાનં ચ પ્રીતિસંસિદ્ધ્યૈ ગમનં ચાપિ રૂપ્યતે।।૧।।**

(સંભાષણનો ઉદ્યોગ કર્યો. પૂર્વ પુત્રત્વનું સ્થાપન કર્યું દુખ દૂર કર્યું અને દાન આપ્યું ત્યારે તે ગયા, એ કહે છે). ભિન્ન પ્રક્રમ માટે 'અથ' શબ્દ કહ્યો છે. પ્રામાણિકત્વ[1] દાસત્વ અને સ્વામિત્વ કહેવામાં આવ્યું પછી સારી રીતે સ્થાન સિદ્ધ કરવા માટે નંદરાય પાસે પધાર્યા. સારી રીતે આવીને ભગવાનની ઈચ્છા બલવાળી હોવાથી ભગવાને નંદરાયમાં પુત્રપ્રતીતિ દઢ કરી જેથી તેને અન્યથા શંકા ન થાય માટે તો સારી રીતે આવીને મળ્યા. 'સમાસાદ્ય' કહેવાથી. ભગવાન્ સર્વસમર્થ છે. પ્રત્યક્ષ જોયું પણ અન્યથા કરે. નંદરાયને મોકલવા છે માટે સંકર્ષણને સાથે લઈને ભગવાન્ આ પ્રમાણે બોલ્યા બંને બીજાના પુત્ર તો છે જ તેથી બંનેએ સમાન ભાવ બતાવ્યો. એમ કર્યું તે કરતાં તેને ગોકુલ કેમ ન પહોંચાડ્યા? ત્યાં કહે છે કે તે દેવકીના પુત્ર છે. ત્યારે બલદેવે જવું હતું? જ્યાં કહે છે તે 'સંકર્ષણ' છે. 'ચકાર' છે તેથી તે પણ દેવકીના પુત્ર છે. તે રોહિણીના પુત્ર કેમ કહેવાય છે? ત્યાં કહે છે, તેનો ઉદરમાં આવવાનો ધર્મ બતાવતાં કહે છે કે તે 'સંકર્ષણ' છે. રાજેન્દ્ર એમ સંબોધન રાજાનો આ ધર્મ છે એમ બતાવવા માટે છે. મોટા વિચારક રાજાઓનો એ ધર્મ સમજવો. તેના હૃદયમાં નિરંતર વાસ માટે આલિંગન કર્યું. તેમ કરીને પોતાના ધર્મો નંદનાં હૃદયમાં મૂકયા. બાલક છેટેથી આવીને બાપને આલિંગન કરે. 'ઈદં'નો અર્થ હવે કહેવાશે તે. ૨૦.

તે જ કહે છેઃ

**।। રામકૃષ્ણાવૂચતુ ।।**
**પિતર્યુવાભ્યાં સ્નિગ્ધાભ્યાં પોષિતૌ લાલિતૌ ભૃશમ્।।**

---

૧.એનાથી 'પિતર્યુવાભ્યાં' એ ત્રણ શ્લોકના અર્થો કહ્યા. જ્યારે તે સ્વામી છે તો નંદની પાસે આવવાનું પ્રયોજન શું છે? ત્યાં કહે છે કે રામકૃષ્ણની સારી રીતે સ્થિતિ સિદ્ધ થવા માટે તે નંદરાયજી પાસે આવ્યા અને તેને સમજાવી ગોકુલ મોકલતાં પોતાની સ્થિતિ અહિં થઈ (લેખ).

**પિત્રોરપ્યધિકા પ્રીતિરાત્મજેષ્વાત્મનોપિ હિ।।૨૧।।**

રામકૃષ્ણ બોલ્યાઃ- હે પિતાજી! આપ સ્નેહવાળા છો. આત્માથી જેમ પુત્રમાં પ્રીતિ વધારે હોય તેમ આપે માબાપ કરતાં પણ અમારી ઉપર વધારે પ્રીતિ રાખી છે. ૨૧.

આપે અમારું પરિપાલન કર્યું તેને માટે આપને અમે અભિનંદન આપીએ છીએ. એ કહેવા માટે 'હે પિતઃ!' એમ બોલાવે છે. તેના ઉપકારનો અનુવાદ કરે છે. આપ બંને (યશોદા નંદ) સ્નેહવાળાં છો. તમોએ અમારું પોષણ કર્યું અને લાડ પણ કરાવ્યાં. જેવો જન્મ આપનાર તેવો પોષણ કરનાર પણ પિતા જ કહેવાય, તે કહેશે. ધર્મને માટે પણ પાલન થાય છે એવું આપે નથી કર્યું પણ સ્નેહથી પોષણ કર્યું છે, પોષણ માત્ર ભાઈઓ વિગેરેમાં સ્નેહ હોય તો થાય છે ત્યાં કહે છે કે આપે માત્ર પોષણ નહિ પણ લાલન પણ કર્યું છે. ભાઈના પુત્રને પણ લોક થોડુંક તો રમાડે તેમ નહિ પણ આપે તો પોતાના દેહની અપેક્ષા કર્યા વગર અમારું બહુ લાલન કર્યું. આવું લાલન તો પુત્રમાં થાય. કેવળ લાડ કર્યું એમ જ નહિ પણ બહાર અને અંદરનો સ્નેહ પણ આપે અસાધારણ દેખાડ્યો તેથી બાપથી પણ આપની પ્રીતિ વધારે છે. ક્ષેત્રજાદિ પુત્રો થાય છે તેવા નહિ પણ પોતાના વીર્યથી થએલ આત્મજના જેવી પ્રીતિ આપે રાખી. પોતાના આત્મા કરતાં પોતાના છોકરામાં વધારે પ્રીતિ માબાપની હોય છે. 'પ્રજા આત્માની અંતરતર છે' એમ શ્રુતિ કહે છે. લોકમાં પોતાનું અનિષ્ટ ઈચ્છે, પણ પુત્રનું અનિષ્ટ ઈચ્છતા નથી. તે 'હિ'થી કહ્યું. ૨૧.

તે વાત તો સહજ પુત્રમાં સંભવે કુત્રિમમાં તે કયાંથી હોય? ત્યાં કહે છેઃ

**સ પિતા સા ચ જનની યૌ પુષ્ણીતાં સ્વપુત્રવત્।।**

**શિશૂન્ બન્ધુભિરુત્સૃષ્ટાન્ અકલ્પૈઃ પોષરક્ષણે।।૨૨।।**

પોષણ કે રક્ષણ કરવામાં અસમર્થ માબાપો નાના બાલકને છોડી દે છે તેને જે પોતાના પુત્રની જેમ પોષે છે તે જ તેનાં માતા અને પિતા છે. ૨૨.

પિતૃત્વ અને પુત્રત્વ એ અન્નના વિકાર છે આત્માપણાથી ગ્રહણ કરાએલો અંતઃકોષ છે તે અન્ન તો સાધારણ છે. તેમાં જો કોઈ અન્ય અભિમાન કરે તો તે તેનું પણ થાય, કેમ કે અન્ન તો સાધારણ છે. એમ ન હોય તો જૂદાથી થએલ ભર્તા અને જૂદા માબાપથી થએલ સ્ત્રીમાં પોતાનાથી વધારે સ્નેહ ન થાય. સ્નેહની તો કાલિયના પ્રસંગમાં પરીક્ષા કરી છે. તેથી નજરે જોએલ ન ઘટે તેમ ન મનાય. એટલે સ્નેહ અને અનુભવથી પુત્રપણું સિદ્ધ થયું. પણ લોકમાં તેવી પ્રસિદ્ધિ નથી. પુત્રમાં તેવી પ્રસિદ્ધિ છે પછી સ્નેહ ભલે ન હોય. ત્યાં કહે છે જે

પોતાના પુત્રની જેમ પોષે છે લોકમાં તે જ પિતા અને તે જ માતા ગણાય છે. એક પાલન કરે તો ઉપચાર કહેવાય. બેના પાલનમાં ઉપચાર ન કહેવાય. બહુ લાલન કરે તેમાં ઉપચાર ન કહેવાય. તેમાં પણ બહાર અને અંદરનો ભાવ પોષણમાં જોવો હોય તો તે પુત્રમાં જ દેખાશે તો લોકમાં દેખાય છે તેમ પોતાના હૃદયમાં પણ દેખાશે. તેમાં પણ પોતાના બંધુઓ પોષણ રક્ષણ ન કરી શકવાથી છોડી દે એટલે બેમાંથી એક કરવાને પણ તે સમર્થ ન હોય તેવા પુત્રનું લાલન પાલન કરનાર માતાપિતા કહેવાય. ૨૨.

એમ પૂર્વસિદ્ધ પિતૃત્વ નંદરાયમાં સ્થાપન કરીને પોતાનું સર્વસ્વ તેને નિવેદન કરીને આજ્ઞા કરે છેઃ

**યાત યૂયં વ્રજં તાત વયં ચ સ્નેહદુઃખિતાન્।।**
**જ્ઞાતીન્ વો દ્રષ્ટુમેષ્યામો વિધાય સુહૃદાં સુખમ્।।૨૩।।**

અમો સ્નેહને લીધે દુઃખી થતા જ્ઞાતિને જોવા માટે જરુર આવશું. પણ અહિંના સુહૃદોને સુખ કરીને ત્યાં આવશું તેથી હે તાત! તમે બધા ગોવાળીઆઓ સાથે વ્રજમાં જાઓ. ૨૩.

તમે બધા ગોપો વ્રજમાં જાઓ. અમે કાંઈ કામને માટે જશું એ 'ચ'કારનો અર્થ છે તમે ક્યાં જશો તો તે દેવગુહ્ય હોવાથી પરોક્ષથી કહે છે કે તમે જ્ઞાતી હોવાથી તમને જોવાને આવશું તેમાં ગોપમાં[1] આત્મભાવ સ્થાપન કર્યો તેથી તેમાં સર્વાત્મકતા સિદ્ધ થઈ. જેમાં સર્વ ભાવ[2] તે જ જ્ઞાતિ પણ થાય. જે યાદવના સગોત્ર બન્યા. અથવા 'વયમ્' અમારા પુત્રાદિ બધા તમારા જ છે. અમે બધા તમારા જ્ઞાતિ છીએ. આપ અમારા જ્ઞાતિ એ અધિક વર આપ્યો. તેથી આજ સુધી ગોકુલ સંબંધી ભગવાન્ કહેવાય છે. વિવાહાદિમાં પણ બલથી વિવાહ થાય છે. ભગવાનની ઈચ્છાથી સર્વ લોકમાં પણ તેવી પ્રતીતિ છે તેથી જ રુક્મિનું વચન છે કે તમે 'ગોપાલ' છો. શ્રુતિમાં ઉપાસનાકાંડના એવા મંત્રો પણ મળે છે. તેથી તમે જ અમારા જ્ઞાતિ છો તો પણ આ યાદવો પણ સુહૃદ છે તેથી તેને સુખ કરીને પછી અમે ત્યાં આવશું. જ્ઞાતિને જોવાને જ. નહિ કે ગોકુલને જોવાને આવશુ તેથી ભગવાન્ કહેશે. 'ગતાંશ્ચિરાયિતાન્ શત્રુપક્ષક્ષપણચેતસઃ' આવવાનું કારણ કે અમારી વિના તમને સ્નેહથી દુઃખ થાય છે. બીજું ગોકુલ રહેવામાં કોઈ જાતનું ભય

૧.'ગોપેષ્વાત્મભાવ ઈતિ' ગોપોમાં ભગવાને આત્મત્વ સ્થાપન કરવાથી સર્વ ગોપ ભગવાનના આત્મા થયા. તેથી ભગવાન્ પણ તે બધાના આત્મા થયા.

૨.ગોવાળીઆના તે યાદવો જ્ઞાતિ થયા. એટલે મૂલમાં 'વઃ યુષ્માકં જ્ઞાતીન્ યાદવાન્' એવો અર્થ કર્યો છે તે આ ભાવથી જ કર્યો છે.

નહિ થાય તે કહ્યું. ૨૩.

એમ ત્રણ અલૌકિક કહ્યાં. લૌકિક પણ ઘણું આપ્યું તે કહે છેઃ

।।શ્રીશુક ઉવાચ।।

**એવં સાંત્વય્ય ભગવાન્નન્દં સવ્રજમચ્યુતઃ।।**
**વાસોલંકારકુપ્યાદ્યૈરર્હયામાસ સાદરમ્।।૨૪।।**

શુકદેવજી બોલ્યાઃ- અચ્યુત ભગવાને વ્રજસહિત નંદને એમ સમજાવીને વસ્ત્ર અલંકાર અને ત્રાંબાપિતળના વાસણોથી આદરપૂર્વક તેની પૂજા કરી. ૨૪.

ભગવાન્ કહેવાથી અંગીકારમાં સામર્થ્ય બતાવ્યું. ત્યાં એટલું આપવાને માટે ક્યાંથી રાખ્યું હતું પ્રથમ તો તે લીલાને માટે ફરવા ગયા હતા. સેવક સાથે બે ભાઈ ગયા હતા તેનો કયો અનુરોધ હતો. ત્યાં કહે છે કે તે પોતે અચ્યુત છે. તેની કોઈ કાલે ચ્યુતિ થતી નથી, પૂર્વ ધર્મ છોડે તો ધર્મ ચ્યુત થાય. તેણે ગોવાળીઆઓને જ પૂજ્યા નહિ પણ આખા વ્રજનો સત્કાર કર્યો. સ્ત્રી પુરુષો બધાને વસ્ત્રો આપ્યાં, ઘરેણાં આપ્યાં, કુપ્યાગ્ર એટલે વ્યવહારના ઉપયોગી પાત્રો આપ્યાં, સોના રૂપા વગરની ધાતુનાં પાત્રો આપ્યાં, પ્રત્યેકના નામ લઈને ગૃહસ્થ જેમ લગ્નમાં આપે તેમ આપ્યાં. મોટા રાજાની જેમ નથી આપ્યાં. ૨૪.

દાન કર્યા પછી ગયા હશે. એ શંકાનિવૃત્તિને માટે કહે છેઃ

**ઈત્યુક્તસ્તૌ પરિષ્વજ્ય નન્દઃ પ્રણયવિહ્વલઃ।।**
**પૂરયન્નશ્રુભિર્નેત્રે સહ ગાપૈર્વ્રજં યયૌ।।૨૫।।**

એમ ભગવાને કહ્યું ત્યારે નંદરાયજી પ્રેમમાં વિહ્વલ બની ગયા અને આંસુ વડે તેનાં નેત્રો ભરાઈ ગયાં પછી તે બંને ભાઈને આલિંગન કરી ગોપોને સાથે લઈને વ્રજમાં ગયા. ૨૫.

કૃષ્ણરામને આલિંગન કરીને નંદરાયજી પ્રેમમાં ગાંડા બની ગયા. ભગવાને સર્વ આપ્યું તેથી પૂર્ણ થયા અને કાંઈ બોલી ન શક્યા. પછી અશ્રુ વડે નેત્રોને ભરીને ગોપો સાથે વ્રજમાં[1] ગયા. ભગવાને ગોવાળોને પણ મોકલ્યા. કોઈને મિત્રની જેમ ત્યાં રાખ્યા નહિ. ૨૫.

એમ તેમનો નિરોધ કહીને વેદની સાથે ભગવાનનો પણ નિરોધ થયો તે કહે છેઃ

**અથ શૂરસુતો રાજન્ પુત્રયોઃ સમકારયત્।।**
**પુરોધસા બ્રાહ્મણૈશ્ચ યથાવદ્દ્વિજસંસ્કૃતિમ્।।૨૬।।**

---

૧.દાન વિગેરે આપ્યા પછી નંદરાયજી એ સ્થાનમાંથી રસ્તે પડ્યા ત્યાં સુધી રામકૃષ્ણ ત્યાં રહ્યા પછી પોતાને ઘેર ગયા.

તે પછી હે રાજન્! સૂરના પુત્ર વસુદેવજી, બ્રાહ્મણો અને પુરોહિતને બોલાવી બંને પુત્રોને વિધિપૂર્વક દ્વિજપણાનો સંસ્કાર કરાવવા લાગ્યા. ૨૬.

અધ્યાયની સમાપ્તિ સુધી ઉપનયન સંસ્કારની જ વાત આવવાની. તેમાં પ્રપંચવિસ્મૃતિ પાંચ શ્લોકથી કહે છે બાકીના વેદાર્થમાં આસક્તિ કહેવી જોઈએ. બધું કાર્ય ઉકેલ્યા પછી એ 'અથ'નો અર્થ કહ્યો. શિશિરઋતુમાં શૂરના પુત્ર વસુદેવજીએ, પુત્રોને સંસ્કાર કરાવ્યા. રાજન્ સંબોધન તો ક્ષત્રિયને આ સંસ્કાર અવશ્ય કર્તવ્ય છે એ બતાવવા માટે છે. પુરોધસ્ ગર્ગાચાર્યે બીજા બ્રાહ્મણોને સાથે રાખીને, સંસ્કાર કર્યો. ક્ષત્રિયને પુરોહિત જ ઉપદેશ આપે. ઉપનયનમાં માતામહનું પ્રાધાન્ય નથી એ કહેવા માટે શૂરના પુત્ર કહ્યા. યથાવત્ એટલે પોતાના ગૃહ્યસૂત્રમાં કહ્યા પ્રમાણે સંસ્કાર કર્યો, દ્વિજ જેના વડે થવાય તે 'દ્વિજસંસ્કૃતિ' કહેવાય. ચૂડાકરણ સંસ્કાર પ્રથમ થયો છે. 'કાકપક્ષધરૌ' ઈત્યાદિ કહ્યું છે. તેથી થયો જણાય છે. ઉપનયન સંસ્કાર અત્યારે કર્યો. 'દ્વાદશે પશુકામં' એ સંવત્સરના વિચારથી તો એકાદશ વર્ષે જ થવો જોઈએ તેથી અહિં કામ્યપક્ષનો આશ્રય કર્યો જણાય છે. પ્રાયશ્ચિત્તની[1] સાથે સંસ્કાર કર્યો એમ કેટલાકનું કથન છે. ૨૬.

પછી તેને માટે, ઉત્સવને માટે અને દક્ષિણાને માટે દાન આપ્યાં તે કહે છેઃ

**તેભ્યોઽદાદ્દક્ષિણા ગાવો રુક્મમાલાઃ સ્વલંકૃતાઃ।।**
**સ્વલંકૃતેભ્યઃ સંપૂજ્ય સવત્સાઃ ક્ષૌમમાલિનીઃ।।૨૭।।**
**યાઃ કૃષ્ણરામજન્મર્ક્ષે મનોદત્તા મહામતિઃ।।**
**તાશ્ચાદદાદનુસ્મૃત્ય કંસેનાધર્મતો હૃતાઃ।।૨૮।।**

તે બ્રાહ્મણોને સોનાની માલાઓ વડે સારી રીતે શોભાવેલી, વાંછડાં સહિત, બારીક વસ્ત્રથી શોભતી ગાયોની દક્ષિણા આપી. બ્રાહ્મણોની પણ પૂજા કરી. મોટા બુદ્ધિવાળા વસુદેવે કૃષ્ણ અને રામના જન્મ વખતે મનથી જે આપવાનો સંકલ્પ કરેલો તેને યાદ કરીને આપી. જે વસુદેવની ગાયોને કંસે અધર્મથી હરણ કરેલી હતી તે પાછી મળતાં તેનું દાન કર્યું. ૨૭-૨૮.

ગાયોની દક્ષિણા અથવા ગાયના દાનમાં જે દક્ષિણા કહી હોય તે આપી. સોનાની માલાવાળી આપી, સારી રીતે શોભાવાળી કરી બ્રાહ્મણોની પૂજા કરી તેમને આપી. વિધિપૂર્વક વીશ હજાર ગાયો આપી રામજન્મ અને કૃષ્ણજન્મ

---

૧.વર્ષ પુરું થવાના વિચારથી એ પક્ષમાં બાર સંવત્સર પૂરા થઈ તેરમો બેઠો. 'સપ્રાયશ્ચિત્' એટલે કાલાતિક્રમનું પ્રાયશ્ચિત્ત કરી સંસ્કાર કર્યો તેથી નિત્યપક્ષ સિદ્ધ થયો. આપત્તિના કાલમાં કાલાતિક્રમ થાય તો પ્રાયશ્ચિત્ત વિધાન છે. એ ભગવાનને કહેવું યોગ્ય ન ગણાય તેથી 'અન્યે' એમ કહ્યું છે.

વખતે અથવા બીજે વખતે પણ મનથી આપેલી. વસુદેવને મોટી બુદ્ધિવાળા કહેવાનું કારણ એટલું જ કે લાંબા કાલ સુધી તેને સંકલ્પ યાદ રહ્યો. તે પ્રમાણે તેણે બ્રાહ્મણોને પાછળથી આપી. આટલી બધી ગાયો તેને ક્યાંથી આવી? ત્યાં કહે છે કે વસુદેવની ગાયો કંસે ઘર લુટ્યું તે વખતે અન્યાયથી લીધેલી તે પાછી આવી તે આપી દીધી. ૨૭-૨૮.

બીજાએ નિરોધ કરાવ્યો પણ પોતે પણ કરવો જોઈએ. તેથી પૂર્વે જે કર્યું તે બધાના ત્યાગરૂપ પોતે વ્રત લીધું તે બે શ્લોકથી કહે છેઃ

**તતશ્ચ લબ્ધસંસ્કારૌ દ્વિજત્વં પ્રાપ્ય સુવ્રતૌ।।**
**ગર્ગાદ્યદુકુલાચાર્યાદ્ગાયત્રં વ્રતમાસ્થિતૌ।।૨૯।।**

ઉપનયન સંસ્કાર થયા પછી બંને ભાઈઓ યદુકુલના આચાર્ય ગર્ગની પાસેથી ગાયત્રીવ્રતમાં નિષ્ઠાવાળા થઈ દ્વિજ બન્યા. ૨૯.

ગ્રહણ અને સમર્થન એવા બે ભેદ વડે સંસ્કાર બે જાતના છે. તે થયા પછી તુરત સંસ્કાર દિવસ છોડી ત્રણ દિવસ છ માસ અથવા સંવત્સર સુધી સારા વ્રતવાળા થાય. વેદના અધ્યયનનું સુંદર વ્રત લે. અથવા બ્રહ્મચર્યાદિના નિયમયુક્ત થઈને વ્રત કરે. ગર્ગ યદુકુલના આચાર્ય છે. તેણે આપેલું સાવિત્રી નામનું વ્રત રામકૃષ્ણે ધારણ કર્યું. ૨૯.

એ વ્રત તો કામ્ય છે. સરસ્વતીની સ્ફૂર્તિ જલદી થવાની કામનાવાળો તે કરે. તે ભગવાનમાં તો કરવાની જરુર નથી ત્યારે શા માટે એવાં વ્રતો ભગવાને ધારણ કર્યાં? ત્યાં કહે છેઃ

**પ્રભવૌ સર્વવિદ્યાનાં સર્વજ્ઞૌ જગદીશ્વરૌ।।**
**નાન્યસિદ્ધામલજ્ઞાનં ગૂહમાનૌ નરેહિતૈઃ।।૩૦।।**

તે રામકૃષ્ણ સર્વ વિદ્યાના ઉત્પત્તિસ્થાનરૂપ છે, સર્વજ્ઞ અને જગતના ઈશ્વર છે છતાં અનન્યસિદ્ધ પવિત્ર જ્ઞાનને મનુષ્યચેષ્ટા વડે ગુપ્ત કરે છે. ૩૦.

જો કે સર્વ વિદ્યાની ઉત્પત્તિના સ્થાનરૂપ રામકૃષ્ણ છે. તેમને વિદ્યાની અપેક્ષા નથી, કેમ કે તે સર્વ જાણનાર છે. અથવા જ્ઞાન ભલે ન હોય પરંતુ તે જગતના ઈશ્વર છે. કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થ છે. તેમની ક્રિયાશક્તિ સર્વોત્કૃષ્ટ છે. તેમને જ્ઞાન સ્વતઃસિદ્ધ છે. તેને મનુષ્યની લીલા દેખાડી છુપાવે છે. અને ગાયત્રીવ્રત પાળે છે એમ પૂર્વથી સંબંધ છે. સર્વજ્ઞતા બ્રહ્મવિદની જેમ કૃત્રિમ પણ હોય તેથી 'નાન્યસિદ્ધ' જ્ઞાન કહ્યું. ૩૦.

એમ પ્રપંચવિસ્મરણાત્મક નિરોધ કહીને આસક્તિરૂપ નિરોધને વીશ શ્લોકથી 'અથો' ત્યાંથી આરંભીને કહે છે. પછી બે શ્લોકથી પ્રત્યાપત્તિ કહેશે. જો

એમ ન કરે તો નિરોધ કર્તા વગરનો થાય. 'આત્મા એકવિંશઃ' એથી નખરૂપ તે ધર્મો છે. તે ભગવાનમાં નિરૂપણ કર્યા છે.

**અથો ગુરુકુલે વાસમિચ્છન્તાવુપજગ્મતુઃ।।**
**કાશ્યં સાંદીપનિં નામ હ્યવન્તીપુરવાસિનમ્।।૩૧।।**

હવે ગુરુકુલમાં વાસ કરવાને ઈચ્છતા બંને ભાઈઓ ઉજ્જયિનીના વાસી સાંદિપની નામના કાશ્ય ગોત્રવાળા ગુરુને નક્કી કરી તેની પાસે અભ્યાસ કરવા ગયા. ૩૧.

ગુરુકુલમાં રહીને અવશ્ય વિદ્યાગ્રહણ કરવી જોઈએ. તેથી ગુરુકુલમાં રહેવાની રામ અને કૃષ્ણે ઈચ્છા કરી. ત્યાં તો ઈશ્વર હોવાથી કોઈ ગુરુ મળી ગયો અથવા ભગવાને કોઈને ગુરુ ઠરાવ્યો એ શંકા ન થવા કાશ્યગોત્રવાળા સાંદીપનિ પાસે બંને ભાઈ પધાર્યા. સંદીપનના પુત્ર સાંદીપનિ. 'અત ઈઞ્' એ સૂત્રથી સાંદીપનિ શબ્દ સિદ્ધ થાય છે. તેની પ્રસિદ્ધિ બાપના નામથી જ છે. કાશ્ય એ નામનો એક દેશ છે. ખરી રીતે કાશ્યપગોત્રનો તે છે અથવા કાશ્ય સ્વતંત્ર ગોત્રનો પ્રવર્તક માનો 'કાશ્યઃ કુશો ગૃત્સમદઃ' કહ્યો છે એ ગૃત્સમદથી શૌનક થયો છે તેમ કાશ્યથી પણ બ્રહ્મવંશનું જન્મ થયું હોય. જો કે વિશેષ ત્યાં કહ્યો નથી તો પણ એવું જણાય છે. કેટલાક ઋષિઓ પિતાના નામથી પ્રસિદ્ધ હોવાથી સંદીપન જ અહિં કહ્યો છે જેનાથી બુદ્ધિનો પ્રકાશ સારો થાય છે અવન્તી નગર શિવની પુરી છે, મહાકાલનું તે સ્થાન છે. ત્યાં પણ કાશીની જેમ મુક્તિ થાય છે તે સાંદીપનિ પણ તીર્થવાસથી મોટો વિરક્ત હતો. ૩૧.

ત્યાં ગયા પછી જેમ ગુરુવૃત્તિ કરવી જોઈએ તેમ કરવા લાગ્યા પણ મોટા ઐશ્વર્યથી ધન વિગેરે આપીને વિદ્યાગ્રહણ ન કરી તે કહે છેઃ

**યથોપસાદ્ય તૌ દાન્તૌ ગુરૌ વૃત્તિમનિન્દિતામ્।।**
**ગ્રાહયન્તાવુપેતૌ સ્મ ભક્ત્યા દેવમિવાદૃતૌ।।૩૨।।**

તે ગુરુ પાસે જઈને ઈન્દ્રિયસંયમ રાખી, ગુરુમાં અનિંદિત વર્તન રાખી, તેમની દેવ જેવી ભક્તિ કરતા તેમની પાસે વિદ્યાગ્રહણ કરવા લાગ્યા. ૩૨.

ગુરુ પાસે ખાલી હાથે ન જવાય. 'બ્રહ્મચર્યમાગામુપમાનયસ્વ' એવું વાક્ય છે તેની પાસે જઈ આવશ્યક ધર્મગ્રહણ કરવા માટે દાન્ત થયા એટલે ઈન્દ્રિયોને વશ કરીને રહ્યા. લોકમાં ગુરુના ઘરમાં ગુરુના ચેલા બની નીચા રહીને વિદ્યાગ્રહણ કરાય. ધન દઈને મોટાઈ રાખીને ભણવું તે નિંદિત વૃત્તિ કહેવાય. તેથી ગુરુ પાસે રહ્યા. ગુરુએ પોતાની પાસે રાખ્યા. એમાં પ્રમાણ કહેવાની જરુર નથી. ગુરુએ આપને રાખવાની પ્રગલ્ભતા કેમ કરી? એવી શંકા ન કરવી તે વાત પ્રસિદ્ધ

છે તે પ્રસિદ્ધિ 'સ્મ' અવ્યયથી સૂચવી છે. તેમાં યુક્તિ તો એ જ કે ભગવાનની ઈચ્છા એવી જ છે પછી વિદ્યાગ્રહણ કરતાં ગુરુમાં તેમણે ભક્તિ કરી તે પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કરી. ગુરુથી પરમ આદરસહિત વર્ત્યા. બહારથી પણ પ્રેમ બતાવ્યું, ભક્તિના ધર્મો પણ બે પદથી કહ્યા. આરાધ્ય દેવની પાસે રહી તેને સેવે તેમ પાસે રહી હૃદયથી અને બહારથી તેમની પાસે રહ્યા. ૩૨.

ગુરુનું કર્તવ્ય 'તયોઃ' એ બે શ્લોકથી હવે કહે છેઃ

**તયોર્દ્વિજવરસ્તુષ્ટઃ શુદ્ધભાવાનુવૃત્તિભિઃ।।**
**પ્રોવાચ વેદાનખિલાન્ સાઙ્ગોપનિષદો ગુરુઃ।।૩૩।।**
**સરહસ્યં ધનુર્વેદં ધર્માન્ ન્યાયપથાંસ્તથા।।**
**તથા ચાન્વીક્ષિકીં વિદ્યાં રાજનીતિં ચ ષડ્વિધામ્।।૩૪।।**

તે બંને (રામકૃષ્ણ) ભાઈઓની શુદ્ધ વૃત્તિથી ગુરુ પ્રસન્ન થયા અને બધા વેદો તેને ભણાવ્યા. તેમનાં અંગો શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, છંદ, જ્યોતિષ વિગેરે ભણાવ્યા. તે તે વેદની ઉપનિષદો કહી. રહસ્ય સહિત ધનુર્વેદ પણ ગુરુએ જ આપ્યો. ધર્મો તથા નીતિના માર્ગો કહ્યા. વેદાન્ત વિદ્યા અને છ પ્રકારની રાજનીતિ પણ ગુરુએ રામકૃષ્ણને શિખવી. ૩૩-૩૪.

તે સાંદીપનિ બ્રાહ્મણમાં શ્રેષ્ઠ હતો, સર્વ ધર્મને જાણતો હતો. તેણે પ્રથમ તો તેનું સ્વરૂપ જાણ્યું નહોતું પણ તેની અનુવૃત્તિ (સેવા) જોઈને તે પ્રસન્ન થયો. તે પણ શુદ્ધભાવથી અનુવૃત્તિ જોઈ. તેમાં ભાવની શુદ્ધિ એ જ કે લોલુપતા નહિ ગુરુને પ્રસન્ન કરવા સિવાય તેમાં પોતાનો સ્વાર્થ નહિ તે ભાવશુદ્ધિ કહેવાય. તે તો વિદ્યા માટે આવ્યા છે તેથી પહેલાં તો બધા વેદો ગુરુએ તેને ભણાવ્યા. વેદ તો ચાર છે પણ તેની શાખાઓનો વિસ્તાર બહુ મોટો છે. પછી છ અંગો અને બ્રહ્મપ્રતિપાદક ઉપનિષદો ભણાવી. બીજી વિદ્યા કહી તેમાં રહસ્યમંત્રો સહિત ધનુર્વેદ કહ્યો. ક્ષત્રિઓને આ દૃષ્ટફલક અતિ ઉપયોગી વિદ્યા છે. બીજી ઉપવેદોની તેને જરુર નથી. ધર્મશાસ્ત્ર, સામાદિન્યાયના રસ્તાઓ તેને બતાવ્યા આત્મવિદ્યા સાંખ્યયોગાદિરૂપા, સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધીભાવ અને સંપ્રશ્રય એ છ પ્રકારની રાજનીતિ તેમને ભણાવી. ૩૩-૩૪.

આટલી વિદ્યા કેટલા સમયમાં ભણ્યા તે કહે છેઃ

**સર્વં તદમરશ્રેષ્ઠૌ સર્વવિદ્યાપ્રવર્તકૌ।।**
**સકૃન્નિગદમાત્રેણ તૌ સઞ્જગૃહતુર્નૃપ।।૩૫।।**

હે નૃપ! દેવોમાં શ્રેષ્ઠ એવા તે બંને ભાઈઓ સર્વ વિદ્યાની પ્રવૃત્તિ કરાવતા ગુરુએ એકવાર કહેવા માત્રથી તે ધારણ કરી શક્યા. ૩૫.

જેટલું ગુરુ બોલે તે માત્ર એકવાર બોલે તેટલાથી જ ગ્રહણ કરવા લાગ્યા. સારી રીતે યાદ કરી લે છે તેમાં અનધ્યયનાદિના નિયમોનું પણ પોતે પાલન કરે છે. સ્વાધ્યાયમાં તેમને કહે છે તેટલા વખતમાં તે હૃદયમાં લઈ લે છે. હે નૃપ! એ સંબોધન સાવધાનતા માટે શુકદેવજીએ પરીક્ષિતને કહ્યું છે. ૩૫.

**અહોરાત્રૈઃ ચતુઃષષ્ટ્યા સંયતૌ તાવતીઃ કલાઃ।।**
**ગુરુદક્ષિણયાચાર્યં છન્દયામાસતુર્નૃપ।।૩૬।।**

રાત્રિ અને દિવસ મળીને અહોરાત્ર કહેવાય, એવા ૬૪ અહોરાત્રમાં ૬૪ કલાઓ (જેનો વિસ્તાર ટીકામાં કહ્યો છે તે) શિખ્યા. નિયમને સંભાળીને શિખ્યા. હે રાજન્! ગુરુદક્ષિણામાં આચાર્યની ઈચ્છાને અનુસરીને જે માગ્યું તે આપી તેને પ્રસન્ન કર્યા. ૩૬.

ચોસઠ અહોરાત્રમાં નિયત રીતે તેટલી કલાઓ તેમણે શિખી લીધી. એ શ્લોકનો સંબંધ છે. એક કલામાં ઘણા પ્રકાર છે, તેના ઘણા ગ્રંથો છે, મોટી શિક્ષા છે. તેમાં પણ એક કલા એક જ દિવસમાં શિખ્યા. તે કલાઓ શૈવતંત્રમાં લખેલી છે તે અમો અહિં આપીએ છીએ. ગીત, વાદ્ય, નૃત્ય (નાટ્ય) આલેખ્ય, વિશેષકાછેદ્ય, તંદુલ કુસુમ બલિવિકારો, પુષ્પાસ્તરણ, દશનવસનનાં ગણો, મણિભૂમિકાનું કર્મ, શયનની રચના, ઉદકવાદ્ય, ઉદકઆઘાત, ચિત્રયોગો, માલા ગુંથવાનાં યોગો, મુકુટ કરવાની યોજના, નેપથ્ય યોગો, કર્ણપત્રભંગ સુગંધયુક્તિ ભૂષણયોજના, ઈન્દ્રજાલ, કૌચુમાર યોગ, હસ્તલાઘવ. શિત્ર શાકયુ, ભક્ષવિકાર ક્રિયા, પાનકરસ રાગાસવયોજન, સૂચિવાન કર્મ, સૂત્રક્રીડા, વીણા ડમરુક વાદન, પ્રહેલિકા પ્રતિમાલા, દુર્વાચકયોગ, પુસ્તકવાચન, નાટકાખ્યાયિકા દર્શન, કાવ્યસમસ્યાપૂરણ, પત્રિકાચિત્રવાચનવિકલ્પ, તર્કકર્મ, તક્ષણ, વાસ્તુવિદ્યા, રૂપરત્નપરીક્ષા, ધાતુવાદ, મણિરાગ જ્ઞાન, આકરજ્ઞાન, વૃક્ષાયુર્વેદ યોગ, મેષકુકકુટલાવકયુદ્ધવિધિ, શુક-સારિકાપ્રલાપન, ઉત્સાદન, કેશમાર્જનકૌશલ્ય, અક્ષરમુષ્ટિકાકથન મ્લેચ્છિતકલિ-કલ્પા દેશભાષાજ્ઞાન, પુષ્પશકટિકાનિમિત્ત-જ્ઞાન, યંત્રમાતૃકા, ધારણામાતૃકા, સંપાદ્યં, માનસી કાવ્યક્રિયા, અભિધાનકોશ, છંદોજ્ઞાન, ક્રિયાવિકલ્પો. (છલિતક-યોગ વસ્ત્રગોપન દ્યુતવિશેષ, આકર્ષણક્રીડા, બાલક્રીડનક, વૈનાયિકી, વૈજયંતી વૈતાલિકી વિદ્યાજ્ઞાનો) તેમાં ગીતમાં ગાનશિક્ષા ગીત બનાવવું રાગના ભેદો તાન માત્રાદિ રચવાના પ્રકારો સાધકબાધકતાનું પરિજ્ઞાન-એટલા ભેદ એકલા ગીતમાં સમજવા. વાદ્યમાં પણ તેમજ તે વાદ્ય ચાર પ્રકારનું. તેને વગાડવાનું સામર્થ્ય તેનું જ્ઞાન તેના આધારની રચના તેના ભેદના કારણનું જ્ઞાન સાધકબાધકજ્ઞાન, પાંચ પાંચ પ્રકાર બધામાં સમજવાના છે. નૃત્ય

અભિનયથી બતાવવું. નાટ્ય ગ્રંથરૂપે કહેવું. આલેખ્ય-ચિત્રકર્મ તેમાં જે વિશેષ તે કુત્સિત અને ભ્રામક છે તે બધા 'ક' પ્રત્યયથી લીધા છે. તેમાં છેદ્ય અમુક છેદવાથી વૈચિત્રી દેખાય. તેમ ચણાની દાળમાં સો હાથી લખવા. તંદૂલ અને પુષ્પના આરતીની રીતે પૂજાના પ્રકારો અથવા પૂજામાં રાખવાના પ્રકારો. પુષ્પોનું આસ્તરણ સ્પષ્ટ છે. દશન અને વસ્ત્રોના સમુદાયના ભેદો અધરોષ્ઠનું પરિજ્ઞાન રસને માટે એ પરીક્ષા છે. મણિની ભૂમિ કરવાનું કામ જેમાં જેવા મણિઓ જોઈએ તેવી રચના કરવી. જેવી ભૂમિ બનાવવી હોય તેની ક્રિયા વડે તેની રચના કરવી. શય્યાસ્થાનની રચના કરવી. ઉદકનું વાદ્ય બનાવવું. જેમ જલમાં પોતાની મેળે અનેક પ્રકારના શબ્દો થાય છે. ઉદકનો આઘાત કરવાથી તે ઉપર ચઢે છે, નીચે જાય છે, આડું ચાલે છે. સર્વત્ર વિચિત્ર પ્રકારો સમજવાના છે. પુષ્પોની રચનાના વિચિત્ર પ્રકારો છે. મસ્તક ઉપર મુકુટની યોજના કરવી, કેશમાં પુષ્પો ગુંથવા, પુષ્પોને પત્રરૂપે કે બીજા રૂપમાં ગોઠવવાં. નેપથ્યના યોગો નટશાલા બનાવવી, કર્ણપત્ર કર્ણના આભરણના પ્રકારો એક જાતની તેમની રચના કરવામાં આવે છે. ચંદન વિગેરેમાં ગંધને પેદા કરવો. પુષ્પ, વસ્ત્ર વિગેરેમાં સુગંધ પેદા કરવો. ઘરેણાની યોજનાના પ્રકારો કરવા. ઈન્દ્રજાલ-માયિક દેખાવ કરવા. જે માયામાં કલ્પના કે યુક્તિ ન દેખાય. આ વીશ ભેદ કહ્યા. કૌચુમાર યોગ રૂપનું બહુવિધપણું બતાવવું. હસ્તલાઘવ તો સ્પષ્ટ છે. શિત્ર અને શાકયુ એ સ્થૂલસંકોચભેદ છે. ભક્ષવિકારમાં બનાવટ કરવી. પીવાના રસ બનાવવા રાગો કરવા જેને આસવ કહે છે તે મદ કરનાર હોય છે. પાનક આસવ રસ અને રાગ એનો કેવી રીતે પ્રયોગ કરવો તેના પ્રકારો. સોયથી કપડા સીવવાનું કર્મ તે સૂચિવાન કર્મ કહેવાય છે. તેમાં અનેક પ્રકારો છે. સૂત્રક્રીડા સૂત્રથી નાના પ્રકારની ક્રીડા કરવી. જેમ ભમરા વિગેરેને સૂત્ર ઉપર ચલાવવા. અથવા સૂત્રમાં બંધન કરવું કે જેથી બહાર ન જઈ શકે. વીણા, ડમરૂ અને બીજાં વાજાં વગાડવાના પ્રકારો. પ્રહેલિકા કૂટવાક્યનું જ્ઞાન થવું. પ્રતિમાળા બધી વસ્તુનું અનુકરણ કરવું. દુર્વાચક યોગ ચાર અક્ષરાદિના પ્રકારો. પુસ્તક વાંચવું. અત્યંત જલદીથી વાંચતાં ન અક્ષર હોય તેને ઠેકાણે પણ અક્ષર બોલીને વાંચવું. નાટક અને આખ્યાયિકાનું બનાવવું. દીપના વ્યવધાનવાળા કપડામાં નાટકની વાત બતાવવી. (સીનેમા બતાવવાની કલા ત્યારે હતી એમ પ્રતીતિ થાય છે) વસ્ત્રાદિ નિર્માણ કરે તેમાં નાટક કે આખ્યાયિકા દેખાડવી. કાવ્યમાં જે પદ ન હોય તે ગોઠવી આપવું. કવિની કૃતિની બરોબર સમસ્યાને પૂર્ણ કરવી. પત્રિકાચિત્રવાચનવિકલ્પો નાના પ્રકારના પત્રો ભેળા અને જૂદા વાંચવા, ઘેટાને લડાવવા તેમાં અનેક કલ્પો છે. તર્કકર્મો તર્કથી જ સર્વ પદાર્થનું જ્ઞાન અને

ક્રિયા થાય તે. તક્ષણ એટલે શિલ્પ કરવું. ઘર બનાવવાના પ્રકાર તે વાસ્તુવિદ્યા કહેવાય. રૂપ અને રત્નની પરીક્ષા કરવી. એ વીશ ભેદ બીજા થયા. ધાતુવાદ પ્રસિદ્ધ છે. મણિને રંગ આપવો. મણિમાં રંગ ચડાવવાનું જ્ઞાન. આકર જ્ઞાન ઢગલો જોઈને કહેવું કે આ આટલું થશે. વૃક્ષોને ઔષધોનો યોગ કરવો. જીવાડવાના પ્રકારો કરવા, ફલમાં બીજ ન દેખાય તેવું ફલ બનાવવું, એક વૃક્ષમાં ફલ બીજા ઝાડનું આવે એવું બતાવવું. ઘેટાં કુકડાં અને તેતરને લડાવવાં. પોપટ, મેના બોલતાં ન હોય તેને બોલતાં શિખવવું. કોઈકને મનમાં ઉદ્વેગ કરાવીને બીજે મોકલી દેવો તે ઉત્સાદન, કેશને ઓળીને ગુંથવાનું તો સ્પષ્ટ છે. અક્ષર કે મુઠીમાં રહેલા પદાર્થને કહેવો. મ્લેચ્છિતકલિકલ્પો મ્લેચ્છિતક કલ્પ અને કલિકલ્પ, જે કરવાથી શત્રુ મ્લેચ્છિત થાય. બધાની સાથે લડ્યા કરે. તેના ઉપાયો કરવા. સર્વ દેશભાષાઓનું જ્ઞાન બધા દેશની ભાષા જાણવી. પુષ્પમાંથી ગાડાં વિમાન વિગેરે બનાવવાં. કાગડાના બોલવા ઉપરથી અથવા બીજા પ્રકારે આમ થશે. તે જાણી જવું તે નિમિત્તજ્ઞાન કહેવાય. યંત્રમાતૃકા મૂર્તિને ચલાવવી. ભાષણના પ્રકાર કરવા. કરપલ્લવીથી સમજાવવું. ધારણામાતૃકા વર્ણાદિ બોલી દે તે હૃદયમાં ધારણ કરીને બોલી દેવું. આદિ મધ્ય અને અંતના ભેદથી વર્ણનું પરિજ્ઞાન થવું. તે માતૃકવર્ણપરિજ્ઞાન કહેવાય છે. સંપાદ્ય ભેદ ન થાય તેવા હીરા વિગેરેને બે ટુકડા કરી દેવાનો પ્રકાર, માનસ કાવ્યની ક્રિયા, મનમાં રહેલી સમસ્યા પૂર્ણ કરવી. બીજાએ ઉચ્ચારેલા સર્વ પદાર્થોને ક્રમથી ફરીને બોલી દેવાનું સામર્થ્ય. પુરુષને જોઈને તેની ઈચ્છાનું જ્ઞાન થવું. અથવા કામિની વિગેરેના મનનું જ્ઞાન થવું. ક્રિયાવિકલ્પો સર્વ વસ્તુમાં જે પ્રક્રિયા પૂર્વસિદ્ધ હોય તેને ન લેતાં બીજા પ્રકારથી તે કામ કરી દેવું એ ત્રીજા વીશ કહ્યા એટલે સાઠ કલાઓ થઈ. કામાદિની શાંતિ કરવી. કામ જાગ્યો હોય તેને બેસાડી દેવો. બેઠો હોય તેને જગાડી દેવો વિગેરે. શત્રુને મિત્ર કરવો અન્યથા કરવું. તેના પ્રતિભાનના પ્રકારો કહ્યા છે. પૂર્વે કહ્યા તેના અવાંતર ભેદો ક્વચિત્ લેવા. જ્ઞાન મેળવ્યા પછી ગુરુને વરદાન આપવાનું સ્મૃતિ કહે છે માટે પૂર્ણ જાણી લીધા પછી ગુરુને દક્ષિણા આપવી. તેમાં પણ ગુરુના મનમાં હોય જે માંગે તે આપવું જોઈએ. તેને માટે ગુરુને સ્વાચ્છદ્ય કર્યું વિદ્યા સમાપ્ત થયા પછી ગુરુને દક્ષિણા આપે છે પછી પોતે સ્વતંત્ર થાય છે. જે પાસે રાખી વેદ ભણાવી તેના રહસ્યો તેના અંગો ભણાવે તે આચાર્ય કહેવાય છે. જો કે બંને જણ બે વર નહિ આપે પણ બંનેનું કર્તવ્ય છે તેથી સ્વચ્છંદદાન કરશે. તેથી હે નૃપ! એમ સંબોધ્યા છે કે આવા લોકો રાજા પાસે આવે તો કૃતાર્થ થાય છે તે નૃપ સંબોધનથી સૂચવ્યું છે. એનો તમને પણ અનુભવ હશે જ. ૩૬.

ગુરુએ તો ઘણા છોકરાને ભણાવ્યા પણ કોઈ આવો જોયો નહોતો તેથી ગુરુએ વિચાર કર્યો કે આ અલૌકિક માગશું તો પણ આપી શકશે. 'ગુરુસ્ત્રીએ એક વખત ગાય દોહતાં પાત્ર નાનું પડ્યું તેથી અથવા પાત્ર ભૂલી જવાથી દોહનપાત્ર કૃષ્ણ પાસે માગ્યું. તે વખતે કૃષ્ણ નિયમપૂર્વક સંધ્યા કરી રહ્યા હતા. માગ્યું પણ તે જ વખતે. કૃષ્ણે વિચાર કર્યો સંધ્યાનો નિયમ છોડતાં પ્રત્યવાય લાગે, ગુરુપત્નીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી પણ તે જ દોષ લાગે. તે બંને દોષથી બચવા માટે જ્યાં બેઠા હતા ત્યાંથી એકલો હાથ જ લાંબો કરી પાત્ર લઈ ગુરુપત્નીને આપી દીધું તે તેણીએ જોએલું હતું કે સ્થાનથી ઉઠ્યા વગર પોતાને તેણે પાત્ર આપ્યું છે તેનાથી તેને વિસ્મય થયો'. આ બીજા પુરાણમાં પ્રસિદ્ધ કથા છે તેથી ગુરુ તથા તેની સ્ત્રીને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન હોવાથી તેની પાસે અલૌકિક માગવું એમ નક્કી કરી આ પ્રમાણે દક્ષિણામાં માગ્યું તે કહે છેઃ

**દ્વિજસ્તયોસ્તં મહિમાનમદ્ભુતં સંલક્ષ્ય રાજન્નતિમાનુષીં મતિમ્ ।।**
**સંમન્ત્ર્ય પત્ન્યા સ મહાર્ણવે મૃતં બાલં પ્રભાસે વરયાંબભૂવ હ ।।૩૭।।**

બ્રાહ્મણે કૃષ્ણનો અદ્‌ભુત મહિમા જાણી માણસોમાં ન હોય એવી બુદ્ધિનો વિચાર કરી પોતાની સ્ત્રીની સાથે વિચારની આપ લે કરીને પ્રભાસમાં પોતાનો પુત્ર સમુદ્રમાં ડુબી ગયો જેનો પત્તો ન લાગ્યો હતો તે મરેલો પુત્ર લાવી આપવારૂપ વરદાન માગ્યું. ૩૭.

ગુરુને યજ્ઞાદિ કરવાનો વિચાર હતો પણ પુત્રવાળો યજ્ઞ કરી શકે તે પુત્ર મરવાથી યજ્ઞ કરવો બંધ રહ્યો હતો. ગુરુ મહારાજે તો વંશને માટે ઉત્પન્ન કરેલો પુત્ર કાલે ખેંચી લીધો. તો પણ વેદના પ્રામાણ્યથી ઈશ્વરેચ્છા માની નહિ પણ કાલની વાટ જોયા કરી, તેથી તેને તે કર્તવ્ય આવશ્યક હોવાથી તેને દ્વિજ કહ્યો છે. હવે ત્રીજું જન્મ થવું જોઈએ તે તો યજ્ઞ કરે તો થાય. ગુરુએ રામકૃષ્ણનો અલૌકિક મહિમા સાંભળ્યો અને નજરે જોયો. અદ્‌ભુત જોયું. તેને ભણાવતાં પોતાને જ્ઞાન થયું તે જાણ્યું વિપરીત થાય તે અદ્‌ભુત કહેવાય. તે ઉહાપોહમાં કુશલ હતો. તેને પૂર્ણજ્ઞાન ભગવાનને ભણાવ્યા પછી થયું તેથી લોકન્યાયથી ભગવાને કૃપાથી જ મને ગુરુ કર્યો છે એમ માની, મહાર્ણવમાં (આરબી સમુદ્રમાં) મરેલા પુત્રની માંગણી કરી. રાજન્ એમ સંબોધન ક્લેશ બહુ થતાં આદરથી સંબોધન કર્યું. વિશ્વાસને માટે એ સંબોધન સમજવું. તેનો ભાવ જ અલૌકિક છે એમ નથી પણ તેની બુદ્ધિ પણ અલૌકિક છે. મંત્રાદિમાં અલૌકિકતા હોય તેવી નથી. તેથી અસાધ્ય પણ જાણશે અને કરશે. એવો નિશ્ચય કરી દષ્ટાદષ્ટ સાધન તેની પાસે તૈયાર છે, પોતાને કર્મમાં લાયક સ્ત્રી છે (માટે પત્ની કહી) તેની સાથે વિચાર કરીને

આ જ માંગવું એમ પાકું કરીને પછી તે બોલ્યાઃ છોકરો સાગરમાં નહિ પણ મોટા સમુદ્રમાં મર્યો, પ્રભાસ યાત્રામાં ઘણા ગએલા તેમાં સકુટુંબ ગુરુ ગયા ત્યાં અગ્નિકુંડમાં બાલક ડુબી ગયો તે લાવી દો. આવો આગ્રહ કેમ ગુરુ કરે છે ? મૃત્યુ કાલાદિની સત્યતા તો રાખવી જોઈએ. તેને બાલકમાં સ્નેહ હતો તે હજુ ગયો નથી. પ્રભાસમાં મરેલો ફરી આવે નહિ. મંત્રાદિ વડે પણ તેને બોલાવવાનું અશક્ય છે છતાં તે જ વરપણાથી માગ્યું. 'ગુરવે તુ વરં દદ્યાત્' એથી વરદાન આવશ્યક પણ છે. આશયને કહેનાર 'હ' અવ્યય છે. ગુરુ તત્ત્વને જાણનાર છે. 'કિં પ્રજાયા કરિષ્યામઃ' એ શ્રુતિથી પ્રજા ન હોય તો પણ કામ તો સિદ્ધ છે. છતાં તેણે માગ્યું. ભગવાનને ગુરુનો પણ સ્વરૂપમાં નિરોધ કરવો છે તેથી તેણે તે જ માગ્યું. ૩૭.

ભગવાને વિચાર કર્યો અલૌકિક આપીશ તો તે મારા સ્વરૂપને જાણી જશે. તેથી પોતાના સ્વરૂપને ગુપ્ત કરવાનો પ્રયત્ન કર્યો છતાં કાલાદિમર્યાદા ભગવાન્ ન તોડે તો ન પણ આપે એમ ગુરુને થશે એ ન થવા માટે ભગવાને વર દેવાનું કબુલ કર્યું તે કહે છેઃ

**તથેત્યથારુહ્ય મહારથૌ રથં પ્રભાસમાસાદ્ય દુરન્તવિક્રમૌ ।।**
**વેલામુપવ્રજ્ય નિષીદતુઃ ક્ષણં સિન્ધુર્વિદિત્વાર્હણામહરત્તયોઃ ।।૩૮।।**

ગુરુને કહ્યું 'તમારા પુત્રને આપશું' એમ કહી બંને ભાઈ મહારથી હોવાથી રથમાં બેસી જેનું અતિશય પરાક્રમ છે એવા તે પ્રભાસ આવી સમુદ્રકાંઠે ક્ષણ વિશ્રામ લઈને બેઠા. ત્યાં સમુદ્રે ભગવાન્ પધાર્યા જાણી તેની પૂજા કરી. ૩૮.

'કબુલ છે' એમ કહેવું જોઈતું હતું તેને બદલે તથા કહ્યું તેનું કારણ કહે છે કે તેને એમ થાય કે છોકરો તો મરી ગયો છે તેથી બીજો કોઈ લાવીને આપશે એ શંકા ન થવા માટે તે જ સંઘાત અને તેટલી જ ઉમરવાળો જ લાવી આપશું એ મતલબને લઈને 'તથા' એમ કહ્યું છે. તે શિષ્યપણામાં ન સંભવે તેથી ઐશ્વર્યભાવને અવલંબી ને ગયા છે. માટે 'અથ' કહ્યો છે. મોટો રથ બધે ચાલી શકે, પોતે પણ મહારથ છે. રથ ચલાવવામાં નિપુણ છે. બંને એક રથમાં બેસીને એક બીજા વારાફરતી સારથિ બનતા પ્રભાસ પહોંચ્યા. તે સમુદ્રથી ભય ન પામ્યા તે કહે છે કે તેનો અંત વગરનો પરાક્રમ છે. તેથી સમુદ્રને કિનારે જઈ સમુદ્રને સૂચવતા હોય તેમ ક્ષણવાર ત્યાં બેઠા પછી સમુદ્રે તો જાણ્યું કે જમાઈ ઘેર આવ્યા છે. મને બાંધનાર છે તે ઘરધણી છે એમ જાણીને પૂજન કર્યું. તેના બાલકનો ત્રણ પ્રકારે વિનિયોગ થાય. પ્રાણ અને અપાનને છુટા પાડ્યા સમુદ્રે, શરીરનો ભાગ પંચજન નામના દૈત્યે લીધો, બીજો સંઘાત કર્મને લઈને સૂક્ષ્મ અવસ્થા સાથે જીવસહિત યમપુરીમાં રહ્યો છે. તેટલી ભૂમિ ભગવાન્ સમુદ્રથી જૂદી પાડશે તેમ

કરવું, લીલામાં ઉપયોગી થાય કે નહિ તે વિચાર કરવો જોઈએ. ૩૮.

તેથી ભગવાન્ સમુદ્ર સાથે કાંઈક બોલ્યા.

**તમાહ ભગવાનાશુ ગુરુપુત્રઃ પ્રદીયતામ્ ।।**
**યોऽસાવિહ ત્વયા ગ્રસ્તો બાલકો મહતોર્મિણા ।।૩૯।।**

સમુદ્રને ભગવાને કહ્યું તમે મોટા તરંગમાં અમારા ગુરુપુત્રને બાલકપણામાં ગળ્યો છે તે ગુરુપુત્રને જલદી આપો. ૩૯.

સમુદ્રે ભગવાનની પૂજા કરી તેથી ભગવાન્ કહેતાં સંકોચ પામ્યા વગર કેમ તેને આજ્ઞા કરી શક્યા ? ત્યાં કહે છે કે તે ભગવાન્ છે, તે સર્વના ઈશ્વર છે. પોતાના સેવકને કહેવું તેમાં સંકોચ કેમ કરે ? તેથી આજ્ઞા કરી કે ગુરુપુત્ર જલદી આપો. મારી પાસે ક્યાં છે એમ ન કહેશો. તેનું આધિદૈવિકરૂપ બતાવતાં કહે છે કે 'આ' એમ તેને ઓળખાણ પડવા માટે બતાવે છે. કેવી રીતે તે મારામાં આવ્યો ? તો કહે છે કે તમે તેને ગળી ગયા છો. બ્રાહ્મણને કેમ ગળાય ? ત્યાં કહે છે કે તે બાલક હતો, જનોઈ ન હતું. ગળ્યો તે બુદ્ધિપૂર્વક ગળ્યો નથી પણ મોટા મોજામાં તણાઈ ગયો. તેથી તમે દંડને લાયક નથી. ૩૯.

સમુદ્ર તેનો ઉત્તર આપે છેઃ

।। સમુદ્ર ઉવાચ।।

**નૈવાહાર્ષમહં દેવ દૈત્યઃ પઞ્ચજનો મહાન્ ।।**
**અન્તર્જલચરઃ કૃષ્ણ શઙ્ખરૂપધરોસુરઃ ।।૪૦।।**
**આસ્તે તેનાહૃતો નૂનમ્ ......**

સમુદ્ર બોલ્યોઃ– હે કૃષ્ણ ! હે દેવ ! મેં તેને લીધો નથી. પણ મારા જલમાં રહેનાર પંચજન નામનો દૈત્ય શંખના સ્વરૂપમાં રહે છે તેણે તેને લીધો છે. એ વાત ચોક્કસ છે. ૪૦.

સમુદ્રનો શરણાગત પંચજન અને સમુદ્ર તે બંને એક જ ગણાય. તેથી ભગવાને સમુદ્રને જ કહ્યું તમે ગળ્યો છે. તેણે કહ્યું હું તો તેને મારામાં રાખું છું, તેના કરેલા ગુણદોષમાં મારો ભાગ નથી, તેને જૂદો ગણી પોતાનો દોષ નથી એમ કહે છે. કે મેં તેને ખેંચ્યો નથી. મારા હાથ તરંગો છે તેણે તેનું હરણ કર્યું નથી, હરણમાં તેણે ખેંચવાનો ઉપદ્રવ નથી કર્યો. પરંતુ સ્વભાવને લીધે નિમિત્ત થયા હશે. એવો ભગવાનનો અભિપ્રાય છે નહિ તો જળચરને દૂરથી જોઈ બાલક ભાગી પણ છૂટે. તેથી તે તરંગો તેને ખેંચવામાં નિમિત્ત થયા હોય તો તેમાં મારો દોષ નથી એવો સમુદ્રનો અભિપ્રાય છે. સાક્ષાત્ લઈ જનારને બતાવે છે કે પંચજન નામનો શંખનું રૂપ ધરનારો દૈત્ય મારા જલમાં રહે છે. વિશ્વાસને માટે હે દેવ ! એમ

સંબોધન કર્યું છે. દૈત્યો બહુ બલવાળા હોય છે તેમાં આ પંચજન છે. વસુ, રુદ્ર, આદિત્ય, વિશ્વદેવ અને મરુત એ પંચજનના જેટલું આનું બલ છે તેથી તે પંચજન કહેવાય છે. અથવા પાંચ વર્ષનો તે દૈત્ય છે, અથવા પાંચ પર્વવાળી અવિદ્યારૂપ તે છે, હું પણ તેને મારી ન શકું. તે અસાધ્ય છે એમ કહેવા માટે તેનું સ્વરૂપ કહ્યું. તે જલની અંદર રહે છે. તે કોઈ વખતે બહાર આવતો નથી. રૂપમાત્ર જોઈને ભયથી સમુદ્ર અન્યથા બોલે છે, મારા સ્વરૂપને જાણતો નથી. એમ શંકા ન થવા કહે છે કે આપ કૃષ્ણ છો. દૈત્યનું જ્ઞાન થવા માટે તેની આકૃતિ કહે છે કે તે શંખરૂપને ધરનાર છે. અન્યથા પણ તે મારવા લાયક છે એમ કહેવા માટે કહે છે કે તે અસુર છે. દેવનો શત્રુ છે, તે પછીથી મર્યો હોય તો પણ પોતે તેનું નામ લઈ છુટે. એમ નથી તેથી કહે છે કે તે હજુ છે. તેણે જ બ્રાહ્મણના બાલકને માર્યો છે. તેમાં પ્રવેશીને બીજે તો માર્યો નથી ? ત્યાં કહે છે. 'નૂનમ્' નક્કી કેવલ લઈ ગયો નથી પણ તેણે સંયુક્ત હતો તેને વિભક્ત કર્યો છે. તેથી તેનાથી સંયોગ અને બલગ્રહણ કર્યાં. ૪૦.

।।શ્રીશુક ઉવાચ।

**................તચ્છ્રુત્વા સત્વરં પ્રભુઃ ।।**
**જલં પ્રવિશ્ય તં હત્વા નાપશ્યદુદરેઽર્ભકમ્ ।।૪૧।।**
**તદઙ્ગપ્રભવં શંખમાદાય રથમાગમત્ ।।**
**તતઃ સંયમનીં નામ યમસ્ય દયિતાં પુરીમ્ ।।**
**ગત્વા જનાર્દનઃ શઙ્ખં પ્રદધ્મૌ સહલાયુધઃ ।।૪૨।।**

શુકદેવજી બોલ્યાઃ- એ સાંભળી જલદી જલમાં પેસીને પ્રભુએ તેને માર્યો. તેના ઉદરમાં બ્રાહ્મણ પુત્રને ન જોયો, તેના શરીરરૂપ શંખને લઈ રથમાં બેસી યમની વહાલી સંયમની નામની નગરીમાં આવ્યાં ત્યાં બલદેવની સાથે જનાર્દને શંખ બજાવ્યો. ૪૧-૪૨.

કાલાદિ પરિણામના કારણ છે તેને પ્રતિલોમપણાથી ગોઠવવા માટે ભગવાન્ ઉત્તર કાર્ય ગ્રહણ કરે છે. તે વાત સમુદ્રે કહેલી સાંભળીને તે દૂર ન જાય એ હેતુથી તુરત ભગવાને સમુદ્રમાં પ્રવેશ કર્યો. તે દોડ્યો, તેને શંખોદ્ધારમાં પકડ્યો, તેને માર્યો. તેના પેટમાં પ્રાણેન્દ્રિય જીવ સંઘાતરૂપ બાલકને ન જોયો તેથી કર્મને વશ થઈ અન્યત્ર ગયો હશે ધારી ત્યાંથી ચાલ્યા. ત્યાં શંકા કરે છે કે તે પંચજન અન્યત્ર જાય જ. પણ શા કારણથી તેને જોયો અથવા માર્યો ? એ શંકામાં કહે છે કે બાલક તેમાં હશે એમ ધારીને માર્યો તે બાલક કર્મને આધીન ન હોય. ત્યાં દર્શનમાં કારણ કહે છે કે ન હતો. તેના અંગરૂપ શંખ તે ભગવાનનો શંખ પાંચજન્ય ગણાય

છે. તેમાં રહેલા સૂક્ષ્મ અવયવોને પ્રતિલોમ કરીને યમલોકમાં એનો દેહ હતો તેમાં ગોઠવી તેને પાછા ઉત્ક્રમથી લઈને રથમાં આવ્યા જ્યાં બલભદ્ર વિરાજતા હતા. ત્યાંથી સંયમની પુરીમાં ગયા. બધાને સારી રીતે શિક્ષા કરે તે સંયમની કહેવાય. મૃત્યુના દેવની તે પુરી છે તેની પ્રસિદ્ધિને માટે તેનું નામ કહ્યું છે. જેના ભયથી બધા સન્માર્ગમાં ચાલે છે. જો કે યમનાં ઘણાં સ્થાનો છે તો પણ સંયમની તેને વહાલી છે. અભયને માટે કહે છે કે ભગવાન્ જનાર્દન છે. અવિદ્યાને જ્યાં પીડા થાય છે ત્યાં બીજા અવિદ્યાવાળાની તો વાત જ શું કરવી. તેમાં પણ હલાયુધ સાથે છે તે પાતાળના પતિ છે. ૪૧-૪૨.

ત્યાં સમુદ્રની પેઠે યમનું પણ કૃત્ય કહે છે.

**શઙ્ખનિર્હાદમાકર્ણ્ય પ્રજાસંયમનો યમઃ ।।**
**તયોઃ સપર્યાં મહતીં ચક્રે ભક્ત્યુપબૃંહિતામ્ ।।૪૩।।**

પ્રજાની ઉપર કાબુ રાખનાર યમે શંખનો શબ્દ સાંભળી ત્યાં આવી અત્યંત ભાવથી બંને ભાઈની પૂજા કરી. ૪૩.

શંખ તો સર્વને ખબર કરવા વગાડ્યો હતો. તેના અવયવોને પ્રેરવા માટે પણ શબ્દ હતો. પ્રજાનું સંયમન કરનાર યમ પોતાનો અધિકાર જશે એ બીકથી ભય પામીને ત્યાં આવ્યા. કૃષ્ણની મોટી પૂજા કરી, પોતે વૈષ્ણવ હોવાથી ભક્તિથી પણ મોટી પૂજા કરી. ૪૩.

ભગવત્પૂજનથી તે કૃતાર્થ થઈને તે યમે પોતાના આત્માને કૃતકૃત્ય માન્યો. ભગવાન્ કાંઈ કામ માટે આવ્યા છે એમ જાણી પોતાના અપરાધની ક્ષમાને માટે પૂછે છેઃ

**ઉવાચાવનતઃ કૃષ્ણં સર્વભૂતાશપાલયમ્ ।।**
**લીલામનુષ્ય હે વિષ્ણો યુવયોઃ કરવાણિ કિમ્ ।।૪૪।।**

સર્વ ભૂતના અંતઃકરણમાં રહેનાર કૃષ્ણને કહેવા પ્રથમ નમ્રતા બતાવીને યમરાજ બોલ્યા, હે લીલા માટે મનુષ્યરૂપ ધરનાર હે વ્યાપક ! આપનું શું કાર્ય મારે કરવાનું છે તે આજ્ઞા ફરમાવો. ૪૪.

નમ્ર થઈ સદાનંદ કૃષ્ણને શું કારણ માટે આવ્યા છો? એમ ભયના અભાવને માટે પૂછે છે. જાણીને પૂછે છે એ શંકા ન થવા સર્વભૂતના અંતરમાં ઘર કરીને રહ્યા છો એમ કહ્યું. જાણ્યા વગર પૂછતો નથી તેથી કહે છે હે લીલામનુષ્ય ! ખરી રીતે તો આપ વ્યાપક વિષ્ણુ છો, હું આપનો દાસ છું, મને શું આજ્ઞા છે. સર્વને આત્મપણાથી ગ્રહણ કરીને બહુવચન કહ્યું, તેથી 'કરવામ' એવો પણ પાઠ દેખાય છે. ૪૪.

મર્યાદા બાધક છે એમ કહે તો તેને માટે ભગવાન્ ઈશ્વરરૂપે કહે છેઃ

|| શ્રીભગવાનુવાચ ||

**ગુરુપુત્રમિહાનીતં નિજકર્મનિબન્ધનમ્ ||**
**આનયસ્વ મહારાજ મચ્છાસનપુરસ્કૃતઃ ||૪૫||**

શ્રીભગવાને કહ્યુંઃ- પોતાના કર્મને લઈને તમે અમારા ગુરુપુત્રને અહિં આણ્યો છે. હે મહારાજ ! તે મારી આજ્ઞાને તાબે થઈને તમો તેને આપી દો. ૪૫.

પોતાનું કર્મ જ જેને બંધનરૂપ થયું છે, સ્વતઃ કર્મને આધીન થઈને તે આવ્યો છે, તેમાં તમે પોતાને માટે લાવ્યા નથી. તમને ભાવી જ્ઞાન હોય તે અપરાધરૂપ નથી. આજ્ઞા કહે છે આપો હું મર્યાદા કેમ છોડું, ત્યાં કહે છે કે તમે મહારાજ છો તે કદાચ પુષ્ટિ પણ અંગીકાર કરો. વિશેષ પણ કહે છે મર્યાદાનો અતિક્રમ ગણો તો આજ્ઞા જ મર્યાદારૂપે આગળ કરીને ગુરુપુત્ર મને આપો એમ કૃષ્ણે કહ્યું. ૪૫.

અધિકારને વશ થઈને અને ઈશ્વરની આજ્ઞાથી તે નિઃસંદેહ પ્રવૃત્ત થયો.

|| શ્રીશુક ઉવાચ||

**તથેતિ તેનોપનીતં ગુરુપુત્રં યદૂત્તમૌ ||**
**દત્ત્વા સ્વગુરવે ભૂયો વૃણીષ્વેતિ તમૂચતુઃ ||૪૬||**

શુકદેવજી બોલ્યાઃ- યમરાજે આપનો હુકમ ઉઠાવવા તૈયાર છું એમ કહીને ગુરુ પુત્રને લાવીને આપ્યો. તેને લઈને રામકૃષ્ણ પાછા ઉજ્જયની આવ્યા. ગુરુને પુત્ર આપીને બોલ્યા કે માગો બીજું શું જોઈએ ? ૪૬.

તેમ જ કરીશ એમ બોલી તેણે ગુરુપુત્ર આપ્યો. ભગવાનની કૃપાથી પૂર્વાવસ્થાને પામેલા ગુરુપુત્રને લઈ પાછા આવ્યા અલૌકિક પ્રકારથી નહિ પણ ગયા હતા તેમ જ આવ્યા. તે યાદવ શ્રેષ્ઠોએ ગુરુએ કહ્યું તે જ કાર્ય કર્યું. યદુ પણ ધર્મપરાયણ હતો તેમણે ગુરુને પુત્ર આપ્યો. અને બંને બોલ્યા કે બીજી આજ્ઞા હોય તો બોલો. આ તો તમારો પુત્ર હતો તે તમને આપ્યો તે દક્ષિણા ન કહેવાય. પણ જેનું હતું તેને આપ્યું તેમાં પ્રતિબંધ નિવૃત્ત કરવામાં અમે આપની આજ્ઞા ઉઠાવી છે. ૪૫.

બીજીવાર વર ન મંગાય. એમ તેની બુદ્ધિમાં આવ્યું તેથી તેણે કહ્યું આ જ વર અમે માન્યો છે. લોકબુદ્ધિથી જાણે માંગતા નથી એમ બતાવતા કહે છેઃ

|| ગુરુરુવાચ ||

**સમ્યક્ સંપાદિતો વત્સૌ ભવદ્ભ્યાં ગુરુનિષ્ક્રયઃ ||**
**કો નુ યુષ્મદ્વિધગુરોઃ કામાનામવશિષ્યતે ||૪૭||**

ગુરુ બોલ્યાઃ- હે વત્સો ! તમે ગુરુદક્ષિણા બહુ સારી આપી, તમારા જેવાના ગુરુ થાય તેને કયો કામ મળવાનો બાકી રહે. બધું જ મળે. ૪૭.

ગુરુનિષ્ક્રય ગુરુને પ્રત્યુપકારરૂપ દક્ષિણાના બદલામાં પુત્ર આપ્યો તે તમે સારી દક્ષિણા આપી. તમારા સિવાય બીજો આવું અસાધ્ય કાર્ય ન કરી શકે. એમ તો શાસ્ત્ર પ્રમાણથી ગુરુ કરતાં શિષ્ય વધી જાય. પણ તે ભગવાનની કૃપાથી મહત્ત્વ સિદ્ધ થયું છે. તમારા જેવાનો હું ગુરુ થયો તો મારે કામના કઈ બાકી રહે ? જેને માટે મારે માંગવું પડે. ૪૭.

પરંતુ આ કરવું એમ કહી બે વસ્તુની પ્રાર્થના કરે છેઃ

**ગચ્છતં સ્વગૃહં વીરૌ કીર્તિર્વામસ્તુ પાવની ।।**
**છન્દાસ્યયાતયામાનિ ભવન્ત્વિહ પરત્ર ચ ।।૪૮।।**

તમે ઘર જાઓ, વીર થાઓ, તમારી કીર્તિ જગતને પવિત્ર કરનારી થાઓ, તમારા વેદો આ લોક અને પરલોકમાં અયાત યામ (તાજા) રહ્યા કરો. ૪૮.

પોતાને ઘર જાઓ, વીર બનો. ગૃહસ્થ થઈને રહો. તમારો સર્વદા જય હો, તમારી કીર્તિ સર્વ લોકને પવિત્ર કરો. આશીર્વાદ કે વર અધિકાર પ્રમાણે સમજો. ૪૮.

એ ગુરુવાક્ય પણ સિદ્ધ કર્યું એમ કરીને પાછા ઘર આવ્યા તે કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**ગુરુણૈવમનુજ્ઞાતૌ રથેનાનિલરંહસા ।।**
**આયાતાં સ્વપુરં તાત પર્જન્યનિનદેન વૈ ।।૪૯।।**

શુકદેવ બોલ્યાઃ- હે તાત ! ગુરુએ એવી આજ્ઞા કરી ત્યારે વાયુના જેવા વેગવાળા રથમાં બેસી પોતાના નગરમાં આવ્યા. તે જેમ વરસાદ ગર્જના કરતો આવે તેમ આવ્યા. ૪૯.

ભગવાનની ઈચ્છા પ્રમાણે ગુરુ બોલ્યા. ક્ષણમાત્રમાં વાયુવેગવાળા રથમાં બેસી પોતાના નગરમાં આવ્યા. પોતાનું પુર કહેવાથી પ્રત્યાપત્તિ કહી. દૂરથી તાપ નાશ કરનાર કહેવા છે તેથી મેઘના જેવો નાદ છે જેનો, એમ કહ્યું. ૪૯.

ભગવાનને પહેલાની પેઠે કહી તેનાં સંબંધીઓ પહેલાની જેમ થયા અથવા નિરુદ્ધ થયા.

**સમાનન્દન્ પ્રજાઃ સર્વા દૃષ્ટ્વા રામજનાર્દનૌ ।।**
**અપશ્યન્ત્યો બહ્વાનિ નષ્ટલબ્ધધના ઈવ ।।૫૦।।**

રામજનાર્દનને જોઈને પ્રજાએ અભિનંદન આપ્યું. ઘણા દિવસથી જોયા નહોતા તેથી ખોવાએલ ધન મળે ને રાજી થાય તેમ બધી પ્રજા રાજી થઈ. ૫૦.

વિદ્યાના અધિકારી નહોતા તે પણ વિદ્યાના તેજથી જેનો પ્રતાપ વધ્યો છે એવા રામજનાર્દનને જોઈને સારી રીતે આનંદ પામ્યા. તેને સામાન્ય રીતે દર્શનની ઇચ્છા હતી કેમ કે ઘણા દિવસ થયાં દર્શન થયાં નહોતા. ત્રણ કે ચાર વર્ષ ગુરુને ત્યાં રહ્યા. તેટલા લાંબા દિવસે જોવાથી વધારે આનંદ થયો. પહેલાં કરતાં અધિકતા વિદ્યાથી આવે તો પ્રમાણ બલ વધે. તેના નિરાકરણ માટે દષ્ટાંત કહે છે. પહેલાં ખોવાયું હોય અને પછી મળે ત્યારે પહેલાના કરતાં વધારે આનંદ થાય. તેમ ભગવાન્ ઘણા દિવસે દેખાયા તેથી આનંદ વધારે થયો. ૫૦.

**ઈતિ શ્રીભાગવત દશમસ્કંધપૂર્વાર્ધ રાજસપ્રમાણપ્રકરણના શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ શ્રીવલ્લભાચાર્યપ્રણીત સુબોધિનીના ગુર્જરાનુવાદનો ત્રીજો (અને ત્રણ ક્ષેપક ન ગણતાં ૪૨મો) અધ્યાય સંપૂર્ણ થયો.**

# ॥ અધ્યાય ૪૩ મો ॥

## ઉદ્ધવજીએ ગોકુલ જઈ નન્દ-યશોદાજી અને ગોપીજનોનું સાન્ત્વન કર્યું

**ત્રિચત્વારિંશકેઽધ્યાયે સ્વસ્થિત્યૈવ નિરોધનાત્ ॥**
**યશોદાનન્દયોશ્ચૈવ હ્યુક્તોપિ વિનિરુપ્યતે ॥૧॥**
**ગોપિકાનાં તતો વાચ્યસ્તેનોક્તં ચ સમર્થિતમ્ ॥**
**રાજસત્વં ચ સંસિદ્ધં ગુણોત્કર્ષશ્ચ રૂપિતઃ ॥૨॥**

યશોદાનંદનો નિરોધ ભગવાને પોતે તેને ત્યાં[1] રહીને[2] કર્યો છે, છતાં આ

---

૧. તામસપ્રકરણમાં નંદયશોદાનો નિરોધ કહ્યો છે તો પછી અહિં તેને કહેવાનું કારણ શું ? એના ઉત્તરમાં કહે છે કે તે નિરોધ અને આ નિરોધમાં ભેદ છે. 'સ્વસ્થિત્યૈવ' પોતાની સ્થિતિ બહાર હતી તે સ્વરૂપથી નિરોધ કર્યો છે. જો કે ગુણગાનાદિમાં હૃદયમાં પણ ભગવાન્ રહેતા છતાં બહાર વ્યૂહવિશિષ્ટ દેખાતા ભગવાન્ અંદર પ્રવેશ કરે. પુરુષોત્તમ તો રસાત્મા છે, તે રસ આધાર વગર ન રહે. આધારને માટે વ્યૂહની જરુર રહે. તેથી પ્રકાર કહ્યો. અત્યારે તો વ્યૂહવાળા મથુરા ગયા. કેવલ રસાત્મા ગોકુલમાં રહ્યા, તેનો આધાર ભક્તનું હૃદય ગણાય. તે અંદરનો પ્રકાર છે. બહાર દેખાતા તે અંદર આવ્યા એ પ્રકાર અહિં નથી. તેથી 'પુનઃ પુનઃ સ્મારયન્તિ' ઈત્યાદિમાં બહાર રહેલાં સ્મારક થયાં, અનુભવ કરાવનારાં ન થયાં, તે યશોદાનંદનો અને ગોપોનો નિરોધ ૪૩મા અધ્યાયમાં કહેવાશે. પણ પ્રસંગથી વ્રજમાં આવેલાં કુંતીજીનો નિરોધ અહિં કરવાનો નથી. તેથી તો કારિકામાં 'એવ' કાર કહ્યો છે. વ્રજના ભક્તો અતિ અનુગૃહીત હોઈને તેના હૃદય જ પુરુષોત્તમના આધાર થઈ શકે. તે જ યોગ્ય છે એમ બતાવવા 'હિ' શબ્દ નિશ્ચયાત્મક કહ્યો છે. પ્રસંગથી ૪૪મા અધ્યાયનો પ્રસંગ કહે છે.(લેખ)

૨. પૂર્વાર્ધ રાજસપ્રકરણનો ચોથો અધ્યાય નિરૂપણ કરતાં શ્રીઆચાર્યચરણ કારિકામાં 'સ્વસ્થિત્યૈવ નિરોધનાત્' એમ આજ્ઞા કરે છે. ત્યાં આવો આશય છે. તામસભક્તોનો નિરોધ તામસપ્રકરણમાં કહેવામાં આવ્યો પછી તેને અહિં કહેવાનું શું પ્રયોજન છે ? એવી શંકાના ઉત્તરમાં કહે છે 'સ્વસ્થિત્યૈવ' પહેલાં સંયોગ અને વિયોગ બંને કહ્યાં. તેમાં સંયોગમાં લીલા કરી, ભક્તનો સ્વરૂપમાં નિરોધ કર્યો, વિયોગમાં સ્વરૂપમાં રહીને પણ નિરોધ કર્યો. હમણાં તો કેવલ વિપ્રયોગનું દાન કર્યું છે એટલે સંયોગનો તો સંભવ ન હોવાથી ભક્ત હૃદયમાં રહેલા ભગવાન જ નિરોધ કરે તેથી પુનઃ કથન કર્યું છે. જ્યારે ભગવાન્ સ્વરૂપથી ભક્તમાં પધારે તો તદાત્મા થઈ જાય પછી તેનો નિરોધ શું સમજવો ? એ શંકા ન કરવી. તે પુરુષોત્તમ રસાત્મા છે તે આધેય બનીને હૃદયમાં વિરાજે છે, તેનાં અધાર તો શ્રીસ્વામિનીઓ છે. ત્યારે તેમને પોતાના સ્વરૂપમાત્રમાં આસક્તિ કરાવવી બહારની કોઈ વસ્તુની અપેક્ષા ન રહે તેવું કરવા માટે નિરોધની જરુર છે. અહિં વિયોગ તો છે તો તેમાં કેવલપણું શું સમજવું ? તે તો સર્વત્ર છે તે કેવલ જ છે. તે તમારી વાત ખરી. કેવલપણું તેનું નામ કે સ્વરૂપ લીલા અને સામગ્રીનો અંદર અનુભવ થાય. તે વિપ્રયોગ ભાવ કહેવાય. અહિં બહારના જ્ઞાનમાં અનુભવ કરાતા લીલા પદાર્થો સ્મારક કહેવાય. પણ અનુભાવક કહેવાતા નથી તેથી 'પુનઃ પુનઃ સ્મારયન્તિ'

૪૩મા અધ્યાયમાં તેમનો કેવલ સ્વરૂપથી નિરોધ કહેવામાં આવે છે. ૪૪મા અધ્યાયમાં ગોપીઓનો[3] નિરોધ કહેવાશે. તેનાથી 'જ્ઞાતીન્વો' 'આયાસ્યે' ઈત્યાદિ ભગવાને કહેલું તેનું સમર્થન થયું તે લીલાને તેથી તો રાજસપણું સિદ્ધ થાય છે. ભગવાનની કૃપાનો અને ગોપીઓના[4] પ્રેમનો આ અધ્યાયમાં ઉત્કર્ષ કહ્યો છે.

---

એમ કહ્યું છે. જો એમ ન હોય તો 'અનુભાવયન્તિ' એમ કહેત. ત્યાં કહે કે ગુણગાનમાં પણ તે પદાર્થો ભાવાત્મક છે તેનાથી આ વિયોગમાં વિલક્ષણતા હશે ? ત્યાં કહે કે ગુણગાનમાં પણ તે પદાર્થો ભાવાત્મક છે છતાં છેલ્લે કહે છે કે 'રેમિરે' એ વાક્યથી સંયોગનો અનુભવ કરાવે છે. પ્રકૃતમાં (ફલરૂપ વિપ્રયોગમાં) તો સ્વરૂપ પણ આંતર અને બાહ્ય વિપ્રયોગાત્મક એક જ છે તેથી આમાં બહાર સંયોગ નથી તે વિશેષ છે. 'તેન' સ્વરૂપ હૃદયમાં રાખીને નિરોધ કરવાથી પરોક્ષમાં ભગવત્પરતા દેખાતાં ('સર્વાત્મભાવોધિકૃતો ભવતીનામ્') એ ઉદ્ધવના વાક્યથી કહેલું તામસનું લીલાનિરુદ્ધત્વ પણ સાબીત કર્યું. ત્યાં કહે છે આ કથા તામસ પ્રકરણમાં કેમ ન કહી ? તે તામસભક્તના નિરોધની કથા છે. તેને અહિં નિરૂપણ કરવાનું શું તાત્પર્ય છે ? તેના ઉત્તરમાં કહેવાનું કે ભગવાને અહિં સ્વરૂપસ્થિત થઈને નિરોધ કર્યો તેથી સ્વરૂપ તો રસાત્મક છે ભાવરૂપ છે તે સંયોગવિયોગાત્મક છે. બહાર જ્ઞાન થાય તેથી અંતર્નિષ્ઠા અને વિરહ બે અવસ્થા રહેવાથી ક્ષણ ક્ષણમાં બેનો અનુભવ થવાથી તેનો ભાવ વિક્ષિપ્ત થતાં તેને રાજસપણું કહ્યું છે. તે સ્થાયીભાવરૂપે સારી રીતે રાજસપણું સિદ્ધ થયું તે જ શ્રીઆચાર્યજીએ સંન્યાસનિર્ણયમાં કહ્યું 'વિકલત્વં તથાઽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ' એ પ્રકૃતિમાં આવી ગયાં. વિકલત્વ અને અસ્વાસ્થ્ય એ બે ભાવ તેમાં દેખાય. 'ગુણોત્કર્ષ' બહાર પ્રાકટ્યની નિરપેક્ષામાં પરોક્ષમાં ગુણથી સંયોગસમયની જેમ સર્વ પ્રકારના ભગવત્સ્વરૂપનો અનુભવ થતાં 'તવ કથામૃતં' ત્યાં સ્વામિનીઓએ નિરૂપણ કરેલ ગુણનું ભગવત્સમત્વરૂપ ઉત્કર્ષ તે આ કથાથી કહેવાયો. (દીપિકા)

૩. 'ગોપિકાનાં તતો વાચ્યઃ' ત્યાં શંકા કરે છે કે જો ગોપીઓનો નિરોધ અહિં કહો તો તે રાજસ લીલા નહિ કહેવાય કેમ કે ગોપીઓ તામસી છે, તેની કથા રાજસપ્રકરણમાં સંભવે નહિ. એ શંકાના ઉત્તરમાં તે નથી કહે છે. ભગવાને કહેલું તે ઉદ્ધવ દ્વારા ખબર પૂછાવી સિદ્ધ કર્યું તેથી તે રાજસલીલા થઈ, કેમ કે નંદરાયને કહેલું, અમે જ્ઞાતીને જોવા આવશું. ગોપીઓને કહેલું, દૂતદ્વારા હું આવીશ. તે રાજસ ભાવ હોવાથી લીલા રાજસ થઈ. વચનના ઉદ્દેશથી રાજસપણું છે. તેથી પૂર્વધર્મોનો નાશ ન થતાં રાજસત્વ તેમાં આવ્યું. 'ગુણ' ભગવાનની કૃપા અને ગોપીઓના પ્રેમનો ઉત્કર્ષ આ ચુમાલીશમા અધ્યાયમાં કહેવામાં આવ્યો. (પ્રકાશ)

૪. 'ગોપિકાનામ્' બાલલીલામાં મુખ્યતા નંદયશોદાની છે, તેમ પ્રૌઢ લીલામાં મુખ્યતા ગોપીઓની છે તેથી તેનો પણ નિરોધ સ્વતંત્ર રીતે એ જ અધ્યાયમાં કહ્યો. બાલભાવ અને પ્રૌઢભાવના ભક્તોના ભેદથી બે અધ્યાયથી ઉદ્ધવનો સંદેશ કહ્યો. ભગવાને ઉદ્ધવ સાથે સંદેશ મોકલ્યો તેથી પોતે 'આયાસ્યે ઈતિ દૌત્યકૈઃ' એ બોલેલ સત્ય કર્યું. આવો નિરોધ તામસપ્રકરણમાં કેમ ન કહ્યો ? તે ગોપિઓમાં રાજસત્વ એટલે ભગવાન્ વગર વિકલતા અને અસ્વાસ્થ્ય તે અત્યારે પ્રકટ્યા છે. એ વિક્ષેપ ભાવ છે તેથી તે ભાવ આવે ત્યારે તે રાજસ કહેવાય. રાજસનું અંગ વિકલત્વ અને અસ્વાસ્થ્ય ત્યાં નહોતું. તેથી ત્યાં તેનું વર્ણન

પૂર્વાધ્યાયના અંતમાં 'જ્ઞાતીન્ વો દ્દષ્ટુમેષ્યામઃ' એમ નંદરાયજીને ભગવાને કહેલું હતું[૫]. તેની[૬] સાથે પુત્રત્વાદિરૂપ સંબંધ ભગવાને સ્થાપન કર્યો છે.

---

નથી આપ્યું. બીજું પ્રયોજન પણ કહે છે કે ભગવાન્ લોકરીતિથી આવ્યા પણ 'બીજં ભક્તિઃ' એ કારિકામાં કહેલો ગુણ સ્નેહ તેને લઈને ભગવાને તેનો નિરોધ કર્યો. તેથી ગુણોત્કર્ષ પણ કહેવાયો. પોતાના કથનનું સમર્થન અને ગુણનો ઉત્કર્ષ એ બે કહ્યા તે બતાવવા કારિકામાં બે 'ચ' આપ્યા છે . (લેખ)

૫. 'તેષામેવ' જ્ઞાતીરૂપ આપને જોવા આવશું એમ કહેવાથી નંદાદિમાં પુત્રત્વાદિરૂપ સંબંધ જ સ્થાપન કર્યો છે. વસુદેવાદિને સંબંધબુદ્ધિથી અભિમાન ખરું પણ તેનું સમાધાન કરવું હોય તો 'વો દ્રષ્ટુમેષ્યામઃ' કહેવું જોઈએ એટલે ખરી રીતે પુરુષોત્તમને લીલાને માટે પુત્રત્વનો સ્વીકાર કરવો જોઈએ. તેમને નંદગૃહમાં રાખવાથી તે જ સંબંધી થયા. વસુદેવને ત્યાં તો અવતારના કાર્ય માટે પ્રદ્યુમ્નાંશથી પુત્રત્વાદિ છે. સાક્ષાત્પુરુષોત્તમમાં તેમને પુત્રત્વસંબંધ નથી. તે નંદરાયજીને 'જ્ઞાતીન્' કહેવાથી સૂચવ્યું છે. તે જ શ્રીપ્રભુચરણે જન્મ પ્રકરણ ટિપ્પણીમાં 'નંદગૃહે પ્રાદુર્ભૂતસ્યૈવ પુરુષોત્તમસ્ય સર્વતઃ પાણિપાદાન્તત્વેન તદા કાર્યમસ્તીતિ વસુદેવગૃહે પ્રાદુર્ભાવ ઈતિ જ્ઞાયતે' તેમ જ શ્રીઆચાર્યચરણે 'પુરુષોત્તમસ્તુ નંદગૃહે માયયા સહ જાતઃ' એમ કહ્યું છે. 'સ્થાપિતઃ' એમ કહ્યું છે તેથી પહેલાં વસુદેવ સ્વરૂપ લાવ્યા તે અહિં રહ્યું. તેથી પુરુષોત્તમનું એ સ્વરૂપ કે આ સ્વરૂપ એમ સંદેહ હતો. હમણાં તો તે રૂપ મથુરા જવાથી પછી 'જ્ઞાતીન્' એમ કહ્યુ છે એટલે સંદેહ નિવૃત્તિપૂર્વક નંદાદિસંબંધ ભગવાને સ્થાપન કર્યો એમ જણાય છે. ખરી રીતે સાક્ષાત્ સંબંધીને સંતોષ કરવો ઉચિત છે. તેને વાસ્તે ઉદ્ધવને મોકલ્યા તે યોગ્ય કર્યું. 'કાર્યસ્યાવશ્યકત્વાત્' પોતે આપેલા સ્વરૂપમાં મહારસરૂપનો અનુભવ કરવા જ્ઞાનોપદેશરૂપ કાર્ય આવશ્યક છે. અથવા જરાસંધને મારવારૂપ અવતાર કાર્ય બાકી છે. તે પોતે ગોકુલ પધારે તો આ બીજાં કાર્યો ન બને એવો ભાવ છે. 'વિદ્યાતઃ' આજ સુધી ભગવાન્ વિદ્યામાં હતા તેથી તો વ્રજસ્થના સ્નેહનું સ્મરણ ન આવ્યું. સ્નેહ અને જ્ઞાનને વિરોધ છે. હમણાં ભગવાન્ ભક્તિમાં પ્રતિષ્ઠિત થયા છે એમ જણાવવા 'વિદ્યાતઃ' કહ્યું. એમ ન હોય તો 'વિદ્યાગ્રહણનન્તરમાગત્ય' એમ કહેત. 'મિત્રભૂતા ગોપા અલ્પગોપ્યા' સમાન પ્રીતિના વિષયો ગોપો છે. તે અંતરંગલીલાના સંબંધી છે. તેથી સ્વામિનીને સંદેશ કહેવામાં તેનાથી ગુપ્ત રાખવાનું નથી. નંદરાયથી ગુપ્ત રાખવાનું છે. એટલે ગોપોને 'અલ્પગોપ્યા' કહ્યા. ગોપોનો સંદેશ ઉદ્ધવને આજ્ઞા કરી તેમાં કહ્યો નથી તો વિવૃત્તિમાં એનું નિરૂપણ કેમ આવ્યું ? પણ 'ઈતિ સંપ્રાર્થિતો ગોપૈઃ' એ વાક્યથી અંતમાં તેની પ્રાર્થના કહી છે તેથી તેનો સંદેશ પણ છે. તે અભિપ્રાયથી શ્રીઆચાર્યચરણે એવું વ્યાખ્યાન કર્યું છે. સ્વામીનીઓના સંબંધીપણાથી તેમનો અંગીકાર છે. આજ્ઞા વખતે જૂદી રીતે તેનાં નામ લઈને કહ્યું નથી તો પણ ગોપીઓને કહેવરાવ્યું, તેની આજ્ઞામાં તે કહેવાયા. ગોવાલોથી સ્વામીનીઓ ગોપ્ય છે તેથી અતિ ગોપ્ય કહ્યાં. ગોપોને સ્વામિની સંદેશનું જ્ઞાન થાય તો 'મોહિતાસ્તસ્ય માયયેતિ' અંતરંગતમલીલાવિષયનું અજ્ઞાન જે પહેલા કર્યું છે તેની નિવૃત્તિ થઈ જાય. તેથી તેમ કર્યું છે. (દીપિકા)

૬. 'તેષામેવ' સાક્ષાત્ પુરુષોત્તમમાં પુત્રપણાનો સંબંધ નંદરાયજીને છે. પ્રદ્યુમ્ન વ્યૂહનો તેમાં અભાવ હોવાથી સ્વરૂપમાં લીલાને માટે પુત્રત્વ સ્થાપન કર્યું છે. વસુદેવને ત્યાં વ્યૂહવિશિષ્ટ

તેમાં વચમાં વિદ્યા ભણવામાં વિલંબ થયો. અવશ્ય[૭] કાર્યને લઈને પોતે ત્યાં જઈ ન શકે તેથી વિદ્યાથી છૂટીને ઘર આવ્યા ત્યારે નંદાદિને સાંત્વન કરવા ઉદ્ધવને મોકલે છે તે વાત કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**વૃષ્ણીનાં પ્રવરો મન્ત્રી કૃષ્ણસ્ય દયિતઃ સખા ॥**
**શિષ્યો બૃહસ્પતેઃ સાક્ષાદુદ્ધવો બુદ્ધિસત્તમઃ ॥૧॥**

શ્રીશુકદેવજી બોલ્યાઃ વૃષ્ણીઓના શ્રેષ્ઠ મંત્રી અને બૃહસ્પતિના સાક્ષાત્ શિષ્ય બુદ્ધિથી અત્યંત સદ્રૂપ, ઉદ્ધવજી કૃષ્ણના પ્રિય મિત્ર છે. ૧.

કુલીન સર્વકામમાં શ્રેષ્ઠ ગણાય છે તેમાં પણ પોતાના ગોત્રમાં ઉત્પન્ન થએલ ઠીક કહેવાય. તેમાં પણ મોટા જોઈએ, એથી સ્વરૂપ યોગ્યતા કહી. હવે તેને દૂત કરવો છે તેમાં સહકારી યોગ્યતા જોઈએ તે કહે છે. તે મંત્રી છે ગુપ્ત વાતને તે પ્રકાશમાં નથી મૂકતા. ત્યારે તો તે યોગ્ય હોય તેટલું જ કહે ? અનુચિત હોય તે ન કહે તો ભગવાને કહ્યું હોય છતાં ન કહે, તેથી એવાને ગુપ્ત અર્થમાં મોકલવો યોગ્ય ન ગણાય ? ત્યાં કહે છે કે તે કૃષ્ણને અત્યંત પ્રિય છે. જો અનભિપ્રેતધર્મવાળો હોય તો અત્યંત પ્રિય ન થઈ શકે. ગુર્વાદિ તેવા હોય તો આ પણ કાકો છે તો તેને ગુહ્ય સંદેશ ન કહેવો જોઈએ? ત્યાં કહે છે. 'સખા' છે. ભગવાનના સમાન શીલ વ્યસનવાળા છે. તો પણ જો નીતિને ન જાણતા હોય તો દેશ કાલ પ્રકરણની અપેક્ષા રાખ્યા વગર બોલે તો યથાર્થ બોલે તો પણ તેનું ફલ ન મળે. ત્યાં કહે છે કે તે બૃહસ્પતિના શિષ્ય છે. નીતિ ત્યાં જ પ્રતિષ્ઠિત છે, 'સાક્ષાત્' એટલે તેની સ્મૃતિ વાંચીને નહિ પણ સાક્ષાત્ સંબંધથી નીતિ શિખ્યા છે. અથવા ઉદ્ધવ સાક્ષાત્ ઉત્સવાત્મક છે. દૂર રહેલા બંધુના પુનરાગમનને કહેનાર છે. તે પણ

---

પુરુષોત્તમનું પ્રાકટ્ય છે. તો પણ વંશ સંબંધ પ્રદ્યુમ્ન અંશથી છે. તેથી તો 'પુરુષોત્તમસ્તુ નન્દગૃહ એવેતિ' એમ પ્રથમ કહ્યું છે. અહિં આટલું ધ્યાન દેવાનું છે. વાસુદેવ નંદને ઘર પ્રકટ્યા. તે આધારમાં ભક્તના હૃદયસ્થ ભાવાત્મા પ્રકટ્યા. તે પ્રદ્યુમ્ન નથી. વાસુદેવનું વંશવર્ધન કાર્ય નથી. નંદરાયનો પુત્રત્વાદિ સંબંધ સ્વરૂપમાં સ્વીકાર્યો, ત્રણ વ્યૂહ સાથે પુરુષોત્તમ વસુદેવને ઘર પ્રકટ્યા. આમાં પ્રદ્યુમ્નાંશથી પુત્રત્વાદિ સંબંધ છે. ત્યાંથી ગોકુલ જતાં બંને (વાસુદેવ-પુરુષોત્તમ) એક થઈને રહ્યા. જ્યારે પાછા ગોકુલથી મથુરા ગયા ત્યારે વાસુદેવને પણ લઈને ચાર વ્યૂહવિશિષ્ટ થઈને વસુદેવને ત્યાં પ્રકટેલા પુરુષોત્તમ મથુરા પધાર્યા. નંદને ત્યાં પ્રકટેલા તો કેવલ ભક્તના હૃદયરૂપ આધારમાં રહ્યા તેથી ત્યાર પછી ભક્તમાં કેવલ પુરુષોત્તમકાર્ય નાના વિલાસરૂપ કર્યું. વ્યૂહકાર્ય ત્યાર પછી ન જ કર્યું. (લેખ)

૭. 'કાર્યસ્યેતિ' મથુરામાં રહેલાનો ઉદ્ધાર કરવાનો છે. જો પોતે ગોકુલ પધારે તો તેની સ્થિતિ જોઈ ત્યાં જ રહી જાય તો આગળનું કર્તવ્ય ન બને તેથી ઉદ્ધવને મોકલ્યા. (પ્રકાશ)

પરંપરાથી ઉત્સવખ્યાપક થાય તો ? સાક્ષાત્ તે ઉત્સવરૂપ છે. આને જોઈને ભગવાનના દર્શનથી સુખી થાય તેમ બધાં સુખી થાય છે. તો પણ જેટલું કહ્યું તેટલું બુદ્ધિમાં રાખવાનું સામર્થ્ય જોઈએ ? ત્યાં કહે છે કે બુદ્ધિમાં સત્તમ છે. અત્યંત ડાહ્યો છે. બુદ્ધિમત્તાથી કાર્ય કરે પણ સ્વતઃ અને છાયાથી પણ ગોકુલવાસિઓના દુઃખ દૂર કરવામાં સમર્થ છે તેથી તેને બુદ્ધિસત્તમ કહ્યા છે. ૧.

એમ દૂતના ગુણો કહીને તેવા દૂતને નિયોગ કરે છે.

**તમાહ ભગવાન્ પ્રેષ્ઠં ભક્તમેકાન્તિનં ક્વચિત્ ।।**
**ગૃહીત્વા પાણિના પાણિં પ્રપન્નાર્તિહરો હરિઃ ।।૨।।**

ભકત, ઐકાંતિક, અત્યંત પ્રિય ઉદ્ધવને એકાંતમાં લઈ જઈ હાથમાં હાથ મેલી દુઃખીનાં દુઃખ દૂર કરનાર હરિ આ પ્રમાણે બોલ્યા. (એમ ઉત્તરમાં સંબંધ લેવો). ૨.

ઉદ્ધવથી તે કાર્ય થશે એમ જાણી જ્ઞાનને માટે તેને મોકલવા છે. પોતે ન જઈ શકે તો પોતાના અત્યંત પ્રિયને મોકલે તેથી પોતાની[૧] તુલ્ય ઉદ્ધવજીને ગણી પોતાના પ્રતિનિધિ તરીકે તેને મોકલવાનો નિશ્ચય કર્યો. તો પણ સ્ત્રીઓનું કામ છે તેમાં તેને વિકાર ન થવા માટે ભક્ત કહ્યા. કદાચ સ્ત્રી જ તેને બગાડે તો ? એ શંકા ન થવા માટે એકાંતિક કહ્યા. તે એકાંતમાં રહે તેવા છે. તે બંનેમાં પરતઃ સ્વતઃ વિકૃતિ ન થાય તેવા તેને કહ્યા. જ્યાં કોઈ ન જુએ તેવા એકાંત સ્થલમાં હાથમાં હાથ લઈને તેને ભગવાને કહ્યું. એમ આગ્રહથી કહેવાનું શું કારણ હોય ? તેના ઉત્તરમાં કહેવાનું કે ગોકુલવાસી શરણે આવેલાં છે તેની આર્તિ હરવી એ ભગવાનનો સહજ ધર્મ છે. તે ભગવાન્ સ્વધર્મનો ત્યાગ ન કરવા માટે ઉદ્ધવને ત્યાં મોકલે છે. ૨.

ભગવાનનાં વાક્યો ચાર શ્લોકથી કહે છેઃ

**ગચ્છોદ્ધવ વ્રજં સૌમ્ય પિત્રોર્નૌ પ્રીતિમાવહ ।।**
**ગોપીનાં મદ્વિયોગાધિં મત્સંદેશૈર્વિમોચય ।।૩।।**

હે ઉદ્ધવ ! હે સોમ્ય ! તમે વ્રજમાં જાઓ અને અમારાં માબાપ ત્યાં છે તેને પ્રસન્ન કરો. ગોપીઓને મારો સંદેશ આપી તેના મનની પીડાને તમે શાંત કરો.

---

૧. 'ઉભયેષામ્'નો અર્થ શ્રીપ્રકાશકાર સ્ત્રીઓ અને એકાંત એવો એવો કરે છે. (પ્રકાશ) 'તેનેતિ' તે ઉદ્ધવથી કાર્ય સિદ્ધ થશે એમ ધારીને ભગવાને તેને કહ્યું. 'પ્રેષ્ઠપદ' તાત્પર્ય કહે છે કે જ્ઞાન વડે તેને સમજાવવાં છે. તે જ્ઞાન અંતરંગ છે તેમાં ઉદ્ધવની યોગ્યતા છે. વ્રજભક્તો અત્યનુરોધ્ય છે તેથી ભગવાન્ પોતે ન જાય તો પણ ઉદ્ધવ તે કાર્ય કરી શકશે એમ બતાવવા માટે પ્રેષ્ઠપદ કહ્યું છે. (લે)

'પ્રમાણં[1] ચ પ્રમેયં ચ ઉપપત્તિશ્ચ બાધકમ્ ।।
ચત્વારોત્રૈવ વક્તવ્યા અન્યથા પ્રેષણં નહિ ।।૧।।'

(પ્રમાણ[2], પ્રમેય, ઉપપત્તિ અને બાધક એ ચાર અર્થ અહિં જ કહે છે એમ ન કરે તો ઉદ્ધવને મોકલવાનું કાંઈ ઉપયોગી ન ગણાય.) ચાર શ્લોક અહિં કહ્યા છે તેમાં પ્રથમ નિયોગ કહે છે. હે ઉદ્ધવ ! તમે વ્રજમાં જાઓ. સોમ્ય સંબોધન કહેવાથી બીજો મોકલવાને યોગ્ય નથી. ત્યાં જઈને કર્તવ્ય કહે છે. અમો બંને ભાઈઓએ યશોદાનંદમાં માતાપિતાપણું રાખ્યું છે તે પ્રથમ કહી ગયા છીએ તેથી તેની પ્રીતિ જેમ વધે તેવું તમે જઈને કરો. એટલે અમે જઈએ અને તેને જેટલો આનંદ થાય તેટલો તમે ત્યાં જઈને તેને આપો. આ પ્રકટ સંદેશ કહ્યો. ગુપ્ત સંદેશ કહે છે. ગોપીઓને મારા વિયોગનું મનમાં જે દુઃખ થાય છે તેની પીડાને મારો સંદેશ આપીને શમાવો. મારા સંદેશો મેં પત્રમાં પ્રકટ કર્યો છે તે આધિગ્રસ્ત છે તેના મનનું દુઃખ મટે તેવો ઉપાય તમે કરો. ૩.

તેમાં શું વિશેષ છે ? એમ કહે તો તેનું સ્વરૂપ[1] બતાવે છે, અમારા કથનથી તેને પ્રમેય બલ વડે તમે જાણશો તે કહે છેઃ

**તા મન્મનસ્કા મત્પ્રાણા મદર્થે ત્યક્તદૈહિકાઃ ।।**
**યે ત્યક્તલોકધર્માશ્ચ મદર્થે તાન્ બિભર્મ્યહમ્ ।।૪।।**

તે મારામાં મનવાળા, મારામાં પ્રાણવાળા, મારે માટે દૈહિક ધર્મો તેણે છોડ્યા છે. લોક ધર્મો પણ જેણે મારે માટે છોડ્યા છે તેવા ભક્તોને હું મારા હૃદયથી ધારણ કરું છું. ૪.

---

૧. ભગવદ્વાક્ય ચાર શ્લોકથી નિરૂપણ કરવાનું કારણ કહે છે. પ્રમાણ ઈત્યાદિથી ન મોકલવામાં બાધક કહે છે. 'અન્યથા' એ ચાર ન હોય તો ઉદ્ધવને મોકલવા અયોગ્ય છે. તેથી ચાર શ્લોકથી સંદેશો કહ્યો. (પ્ર)

૨. ચાર વાક્યોનો અર્થ કહે છે. 'પ્રમાણ' તમે જાઓ એ આજ્ઞા વેદરૂપ પ્રમાણ છે. પ્રમેય 'તામન્મનસ્કા' ઈત્યાદિથી સ્વામિનીનું સ્વરૂપ કહ્યું. તેને મોકલવામાં ઉપપત્તિ તે મારામાં રહ્યાં તે હું પાસે નથી એમ જાણી દુઃખી છે. તે 'મયિ તા' એ શ્લોકથી કહી. ન મોકલવામાં બાધક 'ધારયન્ત્યતિ' એ શ્લોકથી કહ્યું. એ ચાર ન હોય તો પ્રેષણ ન થાય. 'અસ્મત્કથને ઈતિ' અસ્મત્ શબ્દથી આત્મા લેવો ભગવાનને આત્મા કહેવામાં તેના સ્વરૂપનું જ બલ છે. તે જ વિશેષ છે. (લે)

૧. 'સ્વરૂપમાહ' નિયોગરૂપ પ્રમાણવાક્યના ટેકામાં સ્વરૂપને કહે છે. 'અસ્મત્કથને' અસ્મચ્છબ્દના પ્રયોગમાં હું તેમનો આત્મા છું તેને લીધે મારાપણું તેનામાં સિદ્ધ છે. તેવું જાણતાં છતાં મારે આદરણીય નથી. 'મય્યેવ સતિ જીવન્તીતિ' તેના પ્રાણ હું છું તે 'મત્પ્રાણ' એ અર્થ પણ તેમાં લીધો. પ્રાણને રાજસપણું પણ તેનાથી સિદ્ધ થયું. 'વેદૈશ્ચ પરિગૃહીતાઃ' વ્યાપકત્વ આત્મારામત્વાદિ ધર્મોને હું ધારણ કરું છું. (પ્ર)

પ્રાણિનો આત્મા સર્વ સાધારણ તે મારો જ છે. તે સિદ્ધ હોવાથી જાણીએ તો પણ તેમાં તેવો આદર નથી થતો કેમ કે દેહ, પ્રાણ, ઈન્દ્રિય અને અંતઃકરણ ઉત્પન્ન થયા ત્યારથી જ અન્યપર છે તે મત્પર કરવાં જોઈએ. તો તેના સંઘાતો મારા થાય. તે જ કહે છે કે તે ગોપીઓનાં મન મારામાં છે. પ્રાણ ઈન્દ્રિયો મારે માટે જ છે મારે વાસ્તે જ જીવે છે. તેનાં સર્વ ઈન્દ્રિયોનો વિષય હું જ છું. તે દેહને પણ મારો કરીને બેઠાં છે. જ્યાં સુધી દેહના ધર્મો રહે ત્યાં સુધી તે દેહનો ભગવાનમાં વિનિયોગ ન થાય તેથી તેમણે દેહના ધર્મો છોડી દીધા છે. તે છોડવા જ જોઈએ. ત્યાં શંકા કરે કે દેહના ધર્મો છોડવાથી દેહનો નિર્વાહ કેમ થાય ? જેણે મારે માટે લોકધર્મો છોડ્યા છે, વૈદિકધર્મો[૨] પણ છોડ્યા છે, ચકારથી બધા લૌકિક વૈદિક ધર્મો મારે માટે છોડનારને હું મારામાં ધારણ કરું છું. જેમ મારા હાથમાં રહેલ પદાર્થ કોઈથી બગાડાઈ નહિ તેમ હું તેમને સંભાળું છું. તેથી તે વ્રજભક્તોને મારો વિરહ છે તેને મારા સંદેશથી દૂર કરો. ૪.

ત્યાં કહે છે કે ફલને સિદ્ધ કરાવી આપનાર હોવાથી વિપ્રયોગ તો પુરુષાર્થ ગણાય તેને મટાડવાનો પ્રયત્ન કેમ કરો છો ? ત્યાં કહે છેઃ

**મયિ તાઃ પ્રેયસાં પ્રેષ્ઠે દૂરસ્થે ગોકુલસ્ત્રિયઃ ।।**
**સ્મરન્ત્યોઽઙ્ગ વિમુહ્યન્તિ વિરહોત્કણ્ઠ્યકાતરાઃ ।।૫।।**

હું તેના પ્રિયોમાં અત્યંત પ્રિય છું. તે મારું દૂર રહેવું થતાં ગોકુલસ્ત્રીઓ મારું સ્મરણ કરતાં મૂર્છિત થાય છે. વિરહને લીધે ઉત્કંઠા વધતાં તે દીન બની જાય છે. ૫.

તે ગોપીઓ ક્ષણ ક્ષણમાં મૂર્છિત થાય છે. અને દીન બની જાય છે. તેના પ્રાણ બચાવો, તેમનું દૈન્ય દૂર કરો. ત્યાં કહે છે મૂર્છા થવાનું કારણ શું છે ? જ્ઞાન કે મનનો વ્યાપાર ઘાત કરી શકતાં નથી. પ્રાણનો ઘાત થાય તો મૂર્છા થાય ? ત્યાં કહે છે તે ગોકુલની સ્ત્રીઓ છે. વિચાર કે ચાતુર્ય તેનામાં નથી. બધી પ્રિય વસ્તુમાં હું પ્રિય છું. તે હું દૂર છું, હું તેનો અતિ પ્રીતિપાત્ર છું. પ્રાણથી પણ વધારે પ્રિય દૂર હોય તો તેનું સ્મરણ થતાં જ મૂર્છા થાય છે. સ્મરણ જ મૂર્છાનું કારણ બને છે. સ્નેહ હોવાને લીધે ઉદ્ધવને તેની પાસે મોકલે છે એટલે ઉદ્ધવમાં પણ સ્નેહ હોવાથી અંગ એમ સંબોધન કર્યું છે. આનાથી મરણ થાય અને આનાથી મરણ ન થાય એમ કાંઈ[૧] નક્કી થયું નથી. જેમ મોટા ભયમાં પ્રાણ નીકળી જાય. અતિ ક્રૂરને

૨. 'વૈદૈશ્ચ' એ શબ્દથી લૌકિકવૈદિક ધર્મો કહ્યા. લૌકિકવૈદિકધર્મનો ગોપીઓએ મારે માટે ત્યાગ કર્યો છે. તે લૌકિકવૈદિકમાં પણ મને જાણે છે. (લે)

૧. 'કિઞ્ચિદુપપન્નમસ્તિ' એ કાકૂથી લેવું. એટલે એવું કાંઈ નક્કી છે ? અર્થાત્ એવો નિયમ નથી (લે)

જોવાથી પણ પ્રાણ જાય છે. જેમ પુત્રાદિ ચાલ્યો ગયાનાં ખબર સાંભળતાં પ્રાણ જાય છે તેમ તેને પણ હું આવવાનો નથી એવું થાય તો મારા સ્મરણમાત્રથી તેના પણ પ્રાણ જાય. જે નજરે જોયું તેમાં ન ઘટે એમ ન બોલાય. ભગવત્પ્રાપ્તિના અભાવની સ્મૃતિ તે મહાપ્રહારની પેઠે મૂર્છાનું કારણ થાય છે. પ્રેષ્ઠ હોવાથી સ્મરણ અવશ્ય થાય છે. તેથી ન મટે એવો દોષ થતાં નિરંતર મૂર્છા રહે છે. પહેલાં જે વસ્તુનો અનુભવ કર્યો છે તેનો અત્યારે વિરહ છે. તેથી તેની ઉત્કંઠા વધી છે. તે ઉત્કંઠાને લીધે ગરીબ રાંક બની ગયાં છે. મારા[2] સ્મરણમાં મૂર્છા અને મારા ધર્મના[3] સ્મરણમાં કાતરત્વ (દીનતા) એ બંનેને મારો સંદેશો દૂર કરાવશે. ૫.

એમ મૂર્છા થતી હોય તો જીવવાની આશા કેમ રખાય ? ત્યાં કહે છેઃ

**ધારયન્ત્યતિકૃચ્છ્રેણ પ્રાયઃ પ્રાણાન્ કથંચન ।।**
**પ્રત્યાગમનસંદેશૈર્વલ્લવ્યો મે મદાત્મિકાઃ ।।૬।।**

મહાકષ્ટથી કેટલીક પ્રાણને જેમ તેમ ધારણ કરી રહી છે. તે બલ્લવ્યો મારી છે, મદ્રૂપ છે. ભગવાન્ પધારશે એ આશાથી તે જીવે છે. ૬.

અતિ કષ્ટથી પ્રાણને ધારણ કરે છે. ઘણી તો મરી ગઈ તેથી પ્રાયઃ કહ્યું છે. જે જીવે છે તેના દેહ, ઈન્દ્રિય અને અંતઃકરણો તો વિકલ છે. પણ શ્વાસ માત્ર લે છે. તેમાં યુક્તિ શું ? ત્યાં કહે છે, કોઈપણ રીતે એટલે તેમાં વિશેષ યુક્તિ નથી. ખરી રીતે તો તેવાનું મરણ જ થવું યોગ્ય છે. જીવન છે તેથી તેનું કાંઈ સાધન ગોતી કાઢવું જોઈએ. તે સાધન દેખાતું નથી તેથી 'કથંચિત્' કહ્યું છે. પ્રમેયબલથી ભગવાનની ઈચ્છામાત્રથી તેનું જીવનમાત્ર રહ્યું છે. તેના દુઃખને દૂર કરવાનું પ્રમેયબલનું પણ સામર્થ્ય નથી. પરંતુ તે પ્રમેયબલ ધારણરૂપ થઈને તેના પ્રાણને બચાવી રહ્યું છે. તેથી 'કથંચિત્' કહ્યું છે. ત્યારે તેને સંદેશ કહેવાનું શું પ્રયોજન ? 'આયાસ્યે' એમ શ્રીગોકુલ છોડતાં મેં કહેલ તે આશાથી બધાં જીવે છે. તે જો કાલે કરીને મારું કહેલું વાક્ય જૂનું થઈ જાય તો તે બધાં મરે. તેથી તેને માટે બીજો ઉપાય કરવો જોઈએ જેનાથી તે મરતાં બચી જાય. તે ઉપાય પત્રમાં સ્પષ્ટ થશે. ત્યાં શંકા કરે છે કે સ્ત્રીની પાસે એકાંત સ્થાનમાં જવું ત્યાં પુરુષો કેમ મોકલાય ? તેના ઉત્તરમાં કહે છે કે તે બલ્લવીઓ મારી છે. તમારામાં મને સંદેહ નથી તેમ ગોપીઓ મારી છે. મારાં હોય તેનું બીજામાં મન જતું નથી. મારા સંબંધમાં જ એવું સામર્થ્ય

૨. 'મત્સ્મરણે ઈતિ' બહારનું જ્ઞાન ન હોય ત્યારે અને અંદર સ્વરૂપમાત્રનું સ્મરણ હોય ત્યારે.(લે)

૩. 'મદ્ધર્મસ્મરણે' બહારના જ્ઞાન વખતે મારી લીલાનું સ્મરણ આવતાં, એવો ધર્મનો અર્થ કરવો. (લે)

છે. બલ્લવ-ગોપ. તેમની સ્ત્રીઓ તે બલ્લવી એટલે ગોપીઓ. ગોપો સ્ત્રીઓના વલયરૂપ હોય છે. તેને વીંટાઈને જ બેઠા હોય એવા તે અતિકામુક હોય છે. નિત્ય સ્ત્રીઓને સુખ આપનારા હોય છે તેવાની સ્ત્રીઓ થઈને તેને છોડીને મારા થયાં તો તેમાં મને કોઈ જાતની શંકા જ થતી નથી. ત્યાં ઉદ્ધવ શંકા કરે કે મારી જ બુદ્ધિ તેમાં અન્યથા થાય તો મારી શું દશા થાય ? તેના ઉત્તરમાં કહે છે કે તે મારામાં અંતઃકરણવાળીઓ છે. જેનો આત્મા હું છું. તે મારા સ્વરૂપ છે તેના દર્શનમાં હું જ તમને દેખાઈશ. મારામાં છે તેવી તમારી બુદ્ધિ એનામાં થશે. તેથી કોઈ વાતે એવી ચિંતા કરવાનું કારણ નથી. ૬.

એમ ઉપપત્તિપૂર્વક વ્રજગમન માટે ઉદ્ધવને આજ્ઞા આપી ત્યારે તે રવાના થયા.

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઈત્યુક્ત ઉદ્ધવો રાજન્ સંદેશં ભર્તુરાદતઃ ॥**
**આદાય રથમારુહ્ય પ્રયયૌ નન્દગોકુલમ્ ॥૭॥**

શુકદેવજી બોલ્યાઃ- હે રાજન્! એમ ઉદ્ધવને ભગવાને કહ્યું ત્યારે સ્વામીના સંદેશનો આદરપૂર્વક સ્વીકાર કરીને રથમાં બેસીને ઉદ્ધવજી નંદરાયજીના ગોકુલમાં જવાને રવાના થયા. ૭.

'રાજન્' એ સંબોધન ઈશ્વરની આજ્ઞા સેવકે અવશ્ય કરવી જોઈએ એ બતાવવા માટે છે. તે ઉદ્ધવ ઉત્સવાત્મક[1] છે તે જ્યાં જાય ત્યાં ઉત્સવ થાય. ભરણ-પોષણ કરે તે સ્વામી કહેવાય. ભર્તૃપદથી તેનું પાતિવ્રત્યપણું કહ્યું. તેથી નિંદા[2] અસ્તુતિ[3] લોકાતિક્રમ[4] પરલોકાદિબાધ[5] વિગેરે બધાનો વિચાર કર્યા વગર તે ચાલ્યા. તે સ્વામીનો સંદેશ લઈને નંદના ગોકુલમાં ગયા. તેમાં પણ આદરપૂર્વક પરમપુરુષાર્થ પ્રાપ્ત કર્યો હોય તેમ. ભગવાનનું સ્મરણ આવતાં માર્ગમાં વૈકલ્ય થાય તો ચલાય નહિ તેથી રથમાં બેસીને ચાલ્યા. ૭.

ગમન દિવસે સંદેશો કહી ન શકાય તેમાં પણ પ્રથમ નંદને કહેવાનું છે તેને ભગવાન્ યાદ આવતાં વિરહ વધારે થશે. તે વિચારથી સાંજે ગોકુલ ગયા તે કહે છેઃ

---

૧. ઉદ્ધવ ગોકુલ આવ્યા પછી ગોકુલમાં કોઈને વિરહક્લેશ થયો નથી એ બતાવ્યું. (પ્ર)
૨. 'નિન્દેતિ' સાધારણ કાર્ય કરવાથી મૂર્ખ લોકો નિંદા કરે. એવી નિંદા ઉદ્ધવની થાય.(લે)
૩. 'અસ્તુતિ' આ કામ ઉદ્ધવને લાયક ન ગણાય. એમ તેની અસ્તુતિ થાય.(લે)
૪. 'લોકાતિક્રમ' આ ઉદ્ધવ પણ આવા જ છે. એમ લોક ન ગણે તે લોકાતિક્રમ.(લે)
૫. 'પરલોકનો બાધ' ભગવાનમાં દોષ ચડાવે તે સાંભળવાથી પરલોકનો બાધ થાય. 'આદિપદ' છે તેથી ભક્તિમાર્ગને પણ બાધ થાય. તે બધું ભગવાનની આજ્ઞામાં આદર હોવાથી ઉદ્ધવે ન ગણ્યું. તે ભર્તૃપદનું તાત્પર્ય સમજવું. (લે).

**પ્રાપ્તો નન્દવ્રજં શ્રીમાન્ નિમ્લોચતિ વિભાવસૌ ।।**
**છન્નયાનો નિવિશતાં પશૂનાં ખુરરેણુભિઃ ।।૮।।**

વ્રજમાં પ્રવેશતાં પશુના પગની રજથી ઢંકાઈ ગયો છે રથ જેનો એવા શ્રીમાન્ ઉદ્ધવ સૂર્યાસ્ત વખતે નંદવ્રજમાં દાખલ થઈ ગયા. ૮.

નંદરાયના વ્રજમાં ઉદ્ધવ ગયા. વિશેષાકારે કાલ[૧] તેવો જ હતો. અતિથિ પ્રકારે ગયા હશે એ વાતનો ઈનકાર કરે છે કે તે રાજસી ઠાઠથી ગયા છે. 'શ્રીમાન્' છે, સર્વ સંપત્તિ સાથે છે. સૂર્ય અસ્ત થયો ત્યારે પહોંચ્યા. વિશેષે કરીને કાંતિ ધન છે જેનું તે વિભાવસુ[૨] કહેવાય. યોગપ્રાધાન્યથી સૂર્ય તથા અગ્નિનો વાચક વિભાવસુ શબ્દ છે, આથી સર્વ લૌકિક વૈદિક કર્મમાં વ્યગ્ર[૨] હતા, તેથી ઉદ્ધવજી આવ્યા તેની કોઈને ખબર[૩] ન પડી. વ્રજમાં આવતાં પશુના ખુરની રજથી રથ પણ ઢંકાઈ ગયો તેથી તે પણ કોઈના જોવામાં ન આવ્યો. પશુઓ ગોષ્ઠમાં આવે તે વેગપૂર્વક આવે તેમાં રજ વધારે ઉડે. ૮.

ભગવાન્ રહિત ગોકુલ પાંચ પ્રકારે વર્ણવે છે. તે ગોકુલમાં ઐશ્વર્યરહિત[૧] બધા ગુણો છે. વીર્ય તો કામમાં પ્રતિષ્ઠ છે તેથી પશુની કામલીલા કહે છેઃ

**વાસિતાર્થેભિયુદ્ધ્યદ્ભિર્નાદિતં શુષ્મિભિર્વૃષૈઃ ।**
**ધાવન્તીભિશ્ચ વાસ્રાભિરુધોભારૈઃ સ્વવત્સકાન્ ।।૯।।**
**ઈતસ્તતો વિલઙ્ઘદ્ભિર્ગોવત્સૈર્મણ્ડિતં સિતૈઃ ।।**
**ગોદોહશબ્દાભિરવં વેણૂનાં નિઃસ્વનેન ચ ।।૧૦।।**
**ગાયન્તીભિશ્ચ કર્માણિ શુભાનિ બલકૃષ્ણયોઃ ।**
**સ્વલંકૃતાભિર્ગોપીભિઃ ગોપૈશ્ચ સુવિરાજિતમ્ ।।૧૧।।**

મદોન્મત્ત આખલાઓ ખૂંટ આવેલી ગાયને માટે યુદ્ધ કરી રહ્યા છે. સદ્યપ્રસૂત ગાયો પોતાના બચ્ચાંને દેખતાં આઉના ભારથી પીડાતી આમ તેમ દોડે છે. ધોળા ગાયો અને વાછડાં આમ તેમ એકબીજા ઉપરથી ટપીને ચાલે છે તેનાથી વ્રજ શોભાવાળું દેખાય છે. વેણુના અને ગોદોહનના શબ્દો સંભળાય છે. શૃંગાર

---

૧. સંધ્યા સમય નંદરાયને ત્યાં જવું યોગ્ય છે. ગોપીઓને ત્યાં જવું યોગ્ય ન ગણાય કેમ કે તે વખતે ભગવાનને મળવાનો તેનો સંકેત હોય.(લે)

૨-૨. વિભાવસુ શબ્દ સૂર્યવાચક છે તેના અસ્ત સમયે લોકો કામમાં વ્યગ્ર હોય. તે અગ્નિવાચક છે એમ માનો તો અગ્નિહોત્રીઓને તે વખતે ઘણાં કામ હોય. તે વૈદિક કામ ગણાય.(લે)

૩. ગાયોની રજમાં રથ ન દેખાયો તેથી ઉદ્ધવને કોઈ એ આવ્યા જાણ્યા નહિ.(લે)

૧. ગોકુલમાં તો ભગવાન્ ભક્તના હૃદયમાં રહે છે, બહાર ભગવાન્ નથી. તેથી ગોકુલમાં પ્રકટ લીલારૂપ ઐશ્વર્યગુણ નથી.(લે)

ધરીને સજ્જ થએલી ગોપીઓ અને ગોપો રામકૃષ્ણનાં ચરિત્રોનું ગાન કરે છે તેનાથી વ્રજની શોભામાં સારી રીતે વધારો થાય છે. ૯-૧૧.

મત્ત સાંઢો નાદ કરે છે તેનાથી[૨] પિતૃઓ પણ તૃપ્ત થાય છે એવી પ્રસિદ્ધિ છે. તે નાદ[૩] જયપૂર્વક છે તે કહે છે. વાસિતા એટલે જેની ભોગની વાસના જાગ્રત થઈ છે તે વાસિતા ગાય કહેવાય. જેમ ઋતુકાલમાં સ્ત્રી, તે તો બહુ ઓછી હોય તેને માટે ઘણા સાંઢો લડાઈ કરે. વૃષભનું યુદ્ધ કહ્યું, ગાયોનું યુદ્ધ કહે છે. તત્કાલ પ્રસવ થએલ ગાય વાસ્રા કહેવાય. તે વાછડાંને ન દેખતાં આમ તેમ દોડે છે. અથવા તેવી ગાયોના શબ્દોથી વ્રજમાં નાદ થઈ રહ્યો છે. આઉનો ભાર વધારે તેથી દોડી ન શકાય પણ વાછરડાના અધિક પ્રેમને લીધે દોડે છે. સ્ત્રીપુરુષ કહેવાથી આ વીર્ય કહ્યું. બીજા સ્થૂલ પ્રાણિઓને ગાયો વાછરડાં ઉલ્લંઘન કરે છે તેનાથી વ્રજની શોભા દેખાય છે. વાછડાઓને જોઈને ગાયો તેની તરફ દોડે છે તેથી શોભા દેખાય છે. તેને જ ઉપરથી ઠેકીને પહોંચે છે. એવા ગાયો અને વાછડાઓથી વ્રજ સુશોભિત દેખાય છે. 'ઈતસ્તતઃ' એથી શોભાનું વર્ણન કર્યું. ધોળાં ગાયો વાછડાં બહુ જ શોભા આપે છે. ગાયો દોવાય છે તેનો ચારે બાજુ શબ્દ થાય છે. વેણુના શબ્દોથી પણ શોભા આવે છે. સ્વરૂપતઃ શોભા ધન અને શ્રીનું કાર્ય વીણાવાદનવત્ વેણુનાદ પણ શ્રીકાર્ય જ ગણાય. ચકારથી બીજાં વીણાદિ વાજાં પણ વાગે છે. બલ અને કૃષ્ણના શુભ એટલે કૌતુકલીલાનાં કર્મો ગોકુલવાસીઓના ઉત્સવ[૪] નિરૂપણ માટે કર્મોનું શુભપણું કહ્યું. છોડીને ગયા એ પણ કર્મ તો કહેવાય પણ તે પોતાને હિતકર ન કહેવાય. તેની નિવૃત્તિ માટે શુભ કહ્યું છે. ગાન જો સ્ત્રીઓ ગાય[૫] તો તે યશોરૂપ છે. એમ ન હોય તો ભગવદ્ગુણગાનવિહિત હોવાથી તે ધર્મરૂપ કહેવાય. તેથી ગોપગોપીઓનું વર્ણન કરે છે. તે ગોપો અને ગોપીઓ સારી રીતે શણગાર સજીને ફરે છે. તેનાથી વ્રજની શોભામાં વધારો થાય છે. ૯-૧૧.

જ્ઞાનને માટે ધર્મ કહે છે. પ્રવૃત્તિસ્વભાવવાળું જ્ઞાન ઉપયોગી[૧] છે તે કહે છેઃ

**અગ્ન્યર્કાતિથિગોવિપ્રપિતૃદેવાર્ચનાન્વિતૈઃ ।।**
**ધૂપદીપૈશ્ચ માલ્યૈશ્ચ ગોપાવાસૈર્મનોરમમ્ ।।૧૨।।**

---

૨. 'તેનેતિ' પિતૃ તૃપ્ત થવાનું વૃષોત્સર્ગ પ્રકરણમાં કહ્યું છે. આ કામ ધર્મનો અવિરોધિ છે તેથી તેમ કહ્યું. 'ધર્માવિરુદ્ધઃ' એ વાક્યથી તે કામ વિભૂતિરૂપ કહ્યો.(લે)
૩. 'જયપૂર્વક' થી કાર્પણ્યનો અભાવ કહ્યો.(લે)
૪. ભગવાનના વિયોગમાં પણ સ્વામિનીના ગાનથી પરમાનંદ થાય છે. (લે)
૫. સ્ત્રીઓ ગાય તે યશરૂપ છે. પુરુષો તો ધર્મબુદ્ધિથી પણ ગાય છે. (લે)
૧. 'ઉપયોગી'નો અર્થ ભક્તિમાં ઉપયોગી. એવો કરવો. (પ્ર)

અગ્નિ, સૂર્ય, અતિથિ, ગાય, બ્રાહ્મણ, પિતૃદેવ એમનાં પૂજન થઈ રહ્યાં છે. દીપ, ધૂપ, કુસુમયુક્ત ગોપોના ઘરથી વ્રજ મનોરમ દેખાય છે. ૧૨.

અગ્નિઓ અગ્નિહોત્ર વડે પૂજાય છે, સૂર્ય સંધ્યાવંદનાદિથી પૂજાય છે, અતિથિની પૂજા તો પ્રસિદ્ધ છે, ગાયો વ્રત અને દાનમાં પૂજાય છે તેમ બ્રાહ્મણો, પિતૃઓ અને દેવોના પૂજન, નિમિત્તને લઈને થાય છે. તેથી ત્યાં શ્રૌતસ્માર્ત ધર્મ ચાલે છે એમ કહ્યું. દેવતા, હવિષ્ અને મંત્રો શ્રૌતમાં કહ્યા. પિતૃ અને દેવો સ્માર્તમાં કહ્યા. શ્રાદ્ધમાં પિતૃઓ હોમમાં દેવો પૂજાય છે. તાંત્રિકધર્મ પણ ત્યાં છે તેથી ધૂપ, દીપ વિગેરે કહ્યા. અર્ચનામાં અન્વિત ધૂપાદિ વડે શોભતું વા મનને આકર્ષણ કરતું વ્રજ કહ્યું. વ્રજના ઘર સુંદર નહિ હોય એમ કોઈને થાય તેથી ધર્મના પ્રસ્તાવમાં તેને આધાર રૂપે કહી બતાવ્યાં છે. ગોપોના પણ નિવાસસ્થાનો વડે મનોરમ દેખાય છે. સર્વના મનમાં પ્રીતિને પેદા કરે તેવું વ્રજ ઉદ્ધવજીએ જોયું. ૧૨.

વૈરાગ્યને કહેતાં ઘરમાં ઉદ્વેગ હોય તો બહાર નીકળે તેને મોટું સુખ થાય એ કહે છેઃ

**સર્વતઃ પુષ્પિતવનં દ્વિજાલિકુલનાદિતમ્ ।।**
**હંસકારણ્ડવાકીર્ણૈઃ પદ્મખણ્ડૈશ્ચ મણ્ડિતમ્ ।।૧૩।।**

સર્વત્ર વનમાં પુષ્પ ખીલી ગયાં છે, પક્ષીઓ અને ભ્રમરાના ઝંકાર થઈ રહ્યા છે, હંસ, કારંડવ અને પદ્મોના ખંડથી સર્વત્ર વ્રજ શોભાયમાન દેખાય છે. ૧૩.

સર્વત્ર પુષ્પિતવનો જેમાં છે, અહિં વન શબ્દ જલવાચક અને ઉપવનવાચક છે. પુષ્પો ઉંચી જાતનાં છે, તેના ગંધ રસને જાણનારનું નિરૂપણ કરે છે. પક્ષીઓના સમૂહોથી શબ્દ કરનાર વન છે. જલસ્થનો ઉત્કર્ષ કહેવાને વિશેષ કહે છે. હંસ કારંડવથી ભરેલ છે, પદ્મખંડની તેમાં શોભા વિશેષ છે. ૧૩.

એમ વ્રજનું વર્ણન કરીને તેવા વ્રજમાં ગએલ ઉદ્ધવની વ્રજના લોકોએ પૂજા કરી તે કહે છેઃ

**તમાગતં સમાગમ્ય કૃષ્ણસ્યાનુચરં પ્રિયમ્ ।।**
**નન્દઃ પ્રીતઃ પરિષ્વજ્ય વાસુદેવધિયાર્ચયત્ ।।૧૪।।**
**ભોજિતં પરમાન્નેન સંવિષ્ટં કશિપૌ સુખમ્ ।।**
**ગતશ્રમં પર્યપૃચ્છત્ પાદસંવાહનાદિભિઃ ।।૧૫।।**

શ્રીકૃષ્ણના પ્રિય દાસ ઉદ્ધવ આવ્યા તેને નંદરાયજી જોઈને પ્રસન્ન થયા. તેને આલિંગન કર્યું, વાસુદેવની બુદ્ધિથી તેનું પૂજન કર્યું, ઉત્તમાન્નથી ભોજન કરાવ્યું, સુખશય્યામાં સુવરાવી તેનો શ્રમ મટાડ્યો, તેના પગ ચાપ્યા વિગેરે

શ્રમનિવારણના પ્રયોગો કરી તેમને હવે કુશલ પૂછે છે. ૧૪-૧૫.

નંદરાયજી ઉદ્ધવની આગળ ગયા તેમાં બે કારણ કહે છે કે તે કૃષ્ણના સેવક છે અને આગળથી કૃષ્ણની પ્રીતિ મેળવેલી છે. તેના આગમનથી નંદરાય પ્રસન્ન થયા. તે [1]પોતાને[2] માટે આવ્યા જાણી સમાનતાથી તેને આલિંગન કર્યું. પછી ભગવત્સેવક માં ભગવદ્બુદ્ધિ રાખવા માટે વાસુદેવની બુદ્ધિ રાખી તેની પૂજા કરી. 'યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ' એ વાક્યથી ભગવદ્બુદ્ધિથી તેની પૂજા કરી. કેટલાક કહે છે ઉદ્ધવ[3] પોતે ક્ષત્રિય છે. નંદ વૈષ્ય છે એટલે ભોજન વ્યવહાર ન હોવાથી દૂધમાં બધું કરીને ભોજન કરાવ્યું. ખરી રીતે[4] તો ઉત્કૃષ્ટ અન્ન જમાડ્યું. પછી પલંગમાં ગાદલાં નાખીને સુખેથી બેસાર્યા. એથી બધા રાજાના જેવા દેખાવો કર્યા. બાદ શ્રમ મટાડવા માટે પોતે તેના પગ ચાંપ્યા અથવા માણસ પાસે ચંપાવ્યા. તેને શ્રમ રહિત કરીને પૂછવા લાગ્યા. તેનું કુશલ તો સ્વામિની કુશલતામાં હોય માટે ભગવાનના સમાચાર પૂછતાં પહેલાં પોતાના મિત્ર વસુદેવના ખબર પૂછે છે. તે અર્થ 'પરિ' શબ્દમાંથી નિકળ્યો. ૧૪-૧૫.

તે જ કહે છેઃ

**કચ્ચિદઙ્ગ મહાભાગ સખા નઃ શૂરનન્દનઃ ।।**
**આસ્તે કુશલ્યપત્યાદ્યૈર્યુક્તો મુક્તઃ સુહૃદ્વૃતઃ ।।૧૬।।**

હે અંશ ! હે મહાભાગ ! અમારા મિત્ર, શૂરના પુત્ર, વસુદેવ, પુત્રાદિ સાથે રહે છે ? કેદમાંથી તે મુક્ત થઈ સુહૃદો સાથે તે કુશલ છે ? ૧૬.

હે અંગ પરમસ્નેહી ! ભગવદ્ભક્ત છે માટે. હે મહાભાગ ! અમારા મિત્ર,

---

૧. 'અનેન' આગમનમાત્રથી પોતાના શેષપણું કહ્યું. પોતાને માટે ભગવાને ઉદ્ધવને મોકલ્યા તેથી ઉદ્ધવ સ્વાર્થ (પોતાને) માટે આવ્યા અથવા 'સ્વ ભગવાન્' તેના અંગરૂપ ઉદ્ધવને જાણ્યા. જેમ ભગવાનના અંગ ઉપરથી ભગવાન્ આવ્યા જાણી ખુશી થઈએ તેમ ઉદ્ધવથી થયું.(પ્ર)

૨. 'પ્રીત' પદથી તેના વિષયની પ્રીતિ કહી. તેનાથી 'ફલં ચ પુરુષાર્થત્વાત્' એ ન્યાયથી ઉદ્ધવ પુંપ્રીતિના સાધનરૂપ થયા, ફલરૂપ નંદરાય તેના શેષ થયા. અથવા પોતાના પક્ષપાતિમાં ઉદ્ધવને ગણ્યા.(લે)

૩. 'વસ્તુતસ્તુ' પાયસ ભોજનનો રાત વખતે નિષેધ છે તેથી પરમાન્નથી ઉત્તમ ભોજન લેવું. (લે)

૪. 'કેચિત્' કહ્યું એટલે તે બીજાનો મત છે. એમાં અરુચિનું બીજ તો જ્યાં તેના સ્વામિ સર્વેશ્વર છે તે નંદરાયને ત્યાં જમે ત્યાં સેવકને જમવામાં શું વાંધો ? એ જાણવું. 'પરિશબ્દાર્થ ઈતિ' શુકના વાક્યમાં પરિશબ્દ છે તે વસુદેવજીનો વાચ્ય છે તેથી ત્યાં પરિશબ્દની વ્યાખ્યાની અપેક્ષા ન કરવી.(પ્ર)

શૂરના પુત્ર, વસુદેવજી પુત્રાદિ સાથે રહે છે ? આથી રોહિણી નંદરાયને ત્યાંથી મથુરા ગયા છે. એમ જણાવ્યું. બીજી જગ્યાએથી પણ પુત્રો વિગેરે આવ્યાનું પૂછ્યું. પોતાના મિત્ર હોવાથી પુત્ર તેણે મારે ત્યાં રાખ્યા હતા મારી કન્યા લઈ ગયા હતા તેથી ઉદાસીન હતા એમ માનવાનું નથી. એ વાત પરમાનંદઃ[૧] પ્રાપિતઃ એમ કહેવાથી કહી. શૂરના નંદન એમ પિતૃનામથી તેની મોટાઈ કહી. મુક્ત એ અનુવાદ છે તો પણ સર્વ ચિંતા નિવૃત્તિને કહેનાર છે. ૧૬.

હવે ભગવાનનું કુશલ પૂછતાં પ્રથમ પ્રાતીતિક દોષનો પરિહાર કરે છેઃ

**દિષ્ટ્યા કંસો હતઃ પાપઃ સાનુગઃ સ્વેન પાપ્મના ।।**
**સાધૂનાં ધર્મશીલાનાં યદૂનાં દ્વેષ્ટિ યઃ સદા ।।૧૭।।**

પાપી કંસ તેના ભાઈઓની સાથે પોતાના પાપથી મર્યો એ અમારા મોટાં ભાગ્ય સમજીએ છીએ કેમ કે તે ધર્મશીલવાળા યાદવોનો હમેશાં દ્વેષ કરતો હતો. ૧૭.

કંસ મર્યો, તેના ભાઈઓની સાથે મર્યો તે ઘણું સારું થયું. તે રોગરૂપ હતો તે રોગ ઈન્દ્રાદિથી પણ મટે તેવો નહોતો. મામાને ભગવાને માર્યો એમ કોઈ કહે ત્યાં કહે છે કે તે પોતાના પાપથી મર્યો છે. ભગવાને માર્યો એ પક્ષમાં પણ ભગવાનને દોષ ન લાગવા માટે તે પાપ હતો એમ કહ્યું છે. તેનું ઘણામાં ઘણું પાપ કહે છે કે તે સજ્જનો ધર્મવાળા યાદવોને દ્વેષ કરતો હતો. 'યદૂનાં' છઠ્ઠી વિભક્તિ યાદવસંબંધી બધું તેને દ્વેષ્ય હતું. સાધુ કહેવાથી જ્ઞાન માર્ગનો ઉત્કર્ષ કહ્યો. ધર્મશીલ કહેવાથી કર્મમાર્ગનો ઉત્કર્ષ કહ્યો. યદુ કહેવાથી ભક્તિનો ઉત્કર્ષ કહ્યો. તેથી કંસને સન્માર્ગમાત્ર દ્વેષ કરવા લાયક હતો. તેના ઉત્કટ પાપને તેને લીધે તેનો વધ થયો તે યોગ્ય થયું. કદાચિત્ કોઈને કોઈમાં દ્વેષ થાય તે અત્યંત વિગીત ન કહેવાય તેથી 'સદા' કહ્યું એટલે કંસ તો સદા તેનો દ્વેષ કરતો તેથી મર્યો છે. ૧૭.

એમ દોષોનો પરિહાર કરીને નવ શ્લોકથી ભગવાનના ગુણને કહેવા માટે તેની ભક્તરક્ષા તેના ગુણની અધિકતા અને તેના પરાક્રમો કહે છે. તેથી દસ શ્લોકથી ગુણાતીતની સાથે કુશલ કહ્યું છે. તેમાં પ્રથમ અમો નિરંતર સ્મરણ કરીએ

૧. નંદરાય અને વસુદેવ મિત્ર ખરા પણ વિરોધ ઉત્પન્ન કરનારી સામગ્રી મળે તો તે વિરોધિ કેમ ન બને ? ત્યાં કહે છે. પ્રદ્યુમ્ન ભગવાને, પુરુષોત્તમને નંદના પુત્ર ઠરાવીને નંદરાયને પરમ આનંદ કરાવ્યો. ત્યાં શંકા કરે કે વસુદેવે માયા લીધી અને પોતાનો પુત્ર થોડો વખત આપ્યો તેથી નંદરાયજીને આનંદ આપ્યો. એમ ન કહેવું કેમ કે તેણે જેમ ઉત્તરમાં ભગવાનનું અપહરણ કર્યું તેમ પૂર્વે આપેલનું પણ અપહરણ કર્યું છે. તેથી તે મિત્રતાનું કારણ નથી. અથવા બાલલીલાનું સુખ નંદરાયજીએ લીધું એ જ પરમાનંદ પ્રાપણ સમજો. વસુદેવને બંધનમુક્ત કર્યા એ નંદરાયે જોયું છે તેનો અનુવાદ નહોતો કરવો ત્યાં કહે છે તેને મુક્ત કર્યા જોઈને નંદરાય નિશ્ચિંત થયા. (પ્ર)

છીએ તેનાં સ્મારક ઘણાં અહિં વિદ્યમાન છે તો પણ તે અમને યાદ કરે છે કે નહિ ? મથુરામાં અમારું સ્મરણ કરાવનાર કોઈ નથી તે કહે છેઃ

**અપિ સ્મરતિ નઃ કૃષ્ણો માતરં સુહૃદં સખીન્ ।।**
**ગોપાન્ વ્રજં ચાત્મનાથં ગાવો વૃન્દાવનં ગિરિમ્ ।।૧૮।।**

કૃષ્ણ અમને, તેની માતાને, મિત્રોને, સુહૃદોને, ગોપોને અને વ્રજને યાદ કરે છે. જેના પોતાના સ્વામી છે. ગાયોને, વૃંદાવનને અને ગોવર્ધનને યાદ કરે છે ? ૧૮.

'અપિ' સંભાવનામાં છે. 'નઃ' અમને. કૃષ્ણ એ સ્નેહથી નામ લીધું છે. સ્મારક ન હોય ત્યાં સ્મરણ કેમ થાય ? ત્યાં કહે છે કે સંબંધ સ્મારક છે. તેને ગણાવે છે. કે માતાને યાદ કરે છે ? આદિપદથી[૧] ચિંતા[૨] સંસ્કારની ઉદ્‌બોધિકા છે. માતર્ યશોદા. 'નઃ'થી પ્રથમ પોતાને ગણાવ્યા. બહુવચન સર્વની અપેક્ષાથી કહ્યું. સુહૃત્ અમો અને બીજાઓ ઉપનંદ વિગેરે. સખી, મિત્રો, ગોપો, વ્રજ સ્થાન. તેને યાદ કરવાનું કારણ કે પોતે તેના માલિક છે. આત્મા છે નાથ જેનો. પાલન કરવા યોગ્ય ગાયો. ક્રીડાનું સ્થાન વૃંદાવન, વિશેષ લીલાનો આધાર ગોવર્ધન પર્વત એમ આઠ ગણાવ્યા તે સ્મરણના કારણરૂપ છે. ૧૮.

યાદ કરે છે. એમ ઉત્તર મળે તો ત્યાં કહે છેઃ

**અપ્યાયાસ્યતિ ગોવિન્દઃ સ્વજાનાન્ સકૃદીક્ષિતુમ્ ।।**
**તર્હિ દ્રક્ષ્યામ તદ્વક્ત્રં સુનસં સુસ્મિતેક્ષણમ્ ।।૧૯।।**

ગોવિંદ પોતાનાં સ્વજનોને એકવાર જોવાને આવશે ખરા ? જો આવશે તો સુંદર નાસિકા અને સ્મિતયુક્ત ઈક્ષણવાળું તેનું શ્રીમુખ અમો જોઈશું. ૧૯.

જે જેને યાદ કરે તેને તેનો અભિલાષ હોય તેથી તે ત્યાં જાય. અહિં પણ સંભાવના છે. ત્યાં શંકા કરે કે અહિં ગાયો ચારવી અને ત્યાં રાજ્ય કરવું તેથી રાજ્ય છોડી અહિં ગાયો ચારવા કેમ આવે ? ત્યાં કહે છે કે તે ગોવિંદ છે દેવાદિએ મળીને તેને વ્રજના ઈન્દ્ર કર્યા છે. વળી સ્વજનને જોવા જોઈએ. જો કે ઘણી રીતે અહિં આવવાનું યોગ્ય છે છતાં એકવાર પણ આવશે ખરા ? તે પરમ અભિલાષ બતાવ્યો. આવશે એમ ઉત્તર મળે તો પોતાનો મનોરથ વ્યક્ત કરે છે કે આવે તો તેમનું શ્રીમુખ

૧. ભક્તરક્ષા, ગુણગાન અને પરાક્રમ ત્રણ ત્રણ શ્લોકથી કહેતાં ૯ અને દોષભાવ એકથી એમ દસ શ્લોકથી કથન છે. વ્યાખ્યાનમાં 'ચિન્તાત્ર સદશ' કોઈ ન હોવાથી. અદષ્ટ બ્રહ્મને ન હોય, તેથી ચિંતા 'સદશાદષ્ટચિન્તાદ્યાઃ સ્મૃતિમાત્રસ્ય બોધકાઃ'માં ત્રણમાં બેનો અભાવ હોવાથી 'ચિન્તા' સ્મરણ કરાવનારી છે.(લે)

૨. સંબંધમાત્ર, સ્મરણ કરાવતો નથી. સંબંધ હોય છતાં ઘણા યાદ નથી કરતા તે અનુભવસિદ્ધ છે ત્યાં કહે છે. 'ચિન્તા ચ' સ્મરણમાં સંબંધ કરાવનાર ચિતા હોવાથી ચિંતાથી યાદ આવે.(પ્ર)

જોઈશું. ઈશ્વરની પ્રેરણા ન થાય આજ્ઞા ન થાય ત્યાં સુધી જવાય નહિ કેમ કે તે નિરુદ્ધો છે. અગમનજ[1] નિરોધનું જ્ઞાપક છે. સુનસ કહેવાથી સૌંદર્ય બતાવ્યું. સુંદર સ્મિત સાથે ઈક્ષણ જેમાં છે તેનાથી સર્વ કૃપા વિગેરે ભાવો શ્રીમુખમાં બતાવ્યા. નિત્ય જોવાનું અધિક પ્રેમ હોવાથી કામિત જેવું તે થઈ ગયું છે. ૧૯.

અમારે તો સર્વદા તેનું સ્મરણ છે કેમ કે તેના સ્મારકો ઘણાં છે. એ કહેવા માટે ભગવાનના કરેલા ઉપકારો કહી બતાવે છેઃ

**દાવાગ્નેર્વાતવર્ષાચ્ચ વૃષસર્પાચ્ચ રક્ષિતાઃ ।।**
**દુરત્યયેભ્યો મૃત્યુભ્યઃ કૃષ્ણેન સુમહાત્મના ।।૨૦।।**

દાવાગ્નિ, વાયુ, વંટોળીઆ, વર્ષા, ઈન્દ્રકોપ વખતે, વૃષ, અરિષ્ટ, સર્પ, સુદર્શન એ બધાથી અમારી તે કૃષ્ણે રક્ષા કરી છે. જે મૃત્યુઓ ન જાય તેવા હતા તેનાથી પણ કૃષ્ણે અમને બચાવ્યા છે. ૨૦.

પ્રથમ સાક્ષાન્નંદરાયજીએ જોએલી લીલાને ગણાવે છે. દાવાગ્નિ કાલિયનદ ઉપર, વાત અને વર્ષા ગોવર્ધનોદ્ધરણ વખતે, વૃષ, અરિષ્ટ, સર્પ, સુદર્શન. 'ચ'કારથી બધા સાંભળેલા ઉપદ્રવોનો સંગ્રહ કરવો. બીજા ચકારથી વરુણાદિના ઉપદ્રવથી પણ આપે જ બચાવ્યા છે. વધારે શું કહેવું પણ જે કોઈ રીતે નાશ ન પામે એવા મૃત્યુઓથી કંસાદિ દાવાનલ વિગેરે જે કોઈથી ન મટે તેનાથી પણ આપે રક્ષા કરી તે ફલરૂપ થયા અને સાધનરૂપ થઈને રક્ષા કરી. આત્મા હોવાથી ઉપકારની અપેક્ષા ન કરી. મોટા હોવાથી બહુ ઉપકાર કર્યા. એમ વગર પ્રાર્થનાએ પણ સર્વ હિત કરે છે. એ કહેવા માટે 'સુ' અવ્યય કહ્યો છે. ૨૦.

ત્યારે તમે તેની કને મથુરા કેમ નથી જતા ત્યાં કહે છેઃ

**સ્મરતાં કૃષ્ણવીર્યાણિ લીલાપાઙ્ગનિરીક્ષિતમ્ ।।**
**હસિતં ભાષિતં ચાઙ્ગ સર્વા નઃ શિથિલાઃ ક્રિયાઃ ।।૨૧।।**

કૃષ્ણના વીર્યને તેના લીલાકટાક્ષવીક્ષણને સ્મરણ કરતાં તેના હાસ ભાષિતને યાદ કરતાં અમારી સર્વ ક્રિયાઓ શિથિલ થાય છે તેથી કયાંય જવાતું નથી. ૨૧.

કૃષ્ણના પરાક્રમોને યાદ કરતાં અમારી સર્વ ક્રિયાઓ શિથિલ થઈ જાય છે. ભગવાનના સ્થાનમાં તો પ્રેમ હોય તો જવાય. અમારા ભગવાન્ ત્યાં કેમ રહે. ત્યાં જઈ અહિં લાવીએ. પણ એટલામાં વીર્યનું સ્મરણ થતાં, કેટલો ઉપકાર

૧. 'અગમનમેવ' ન આવવું એ નિરોધ જ્ઞાપક છે, નિરુદ્ધોએ ભગવદિચ્છાનુસાર વર્તવું જોઈએ એવો ભાવ છે. 'નિત્યં નિરીક્ષિતમ્' વક્રમાં નિરીક્ષિત પણ પ્રાપ્ત થયું. તેથી નિત્ય કહ્યું છે. અધિક પ્રેમમાં જ તેમ થવાનો સંભવ છે.(લે)

ભગવાને કર્યો છે. અમે તેનું શું કર્યું ? આપણે કોણ ? એવી પ્રગલ્ભતા કેમ કરાય. એવા વિચારથી જવામાં શિથિલતા આવી જાય છે. સુખને માટે જવું જોઈએ એમ કહો તો તે કૃષ્ણ જ સદાનંદ છે, તેના સ્મરણથી પણ સુખ થાય છે. તેથી બંને રીતે ગમનનો બાધ થાય છે. હવે એમ કહો કે ઈન્દ્રિય સુખને માટે ભગવાનને જોવા જોઈએ તો લીલા વડે આંખને ખૂણેથી[1] તેનું જોવું યાદ કરીએ જો ભગવાનની નજરની ભાવના કરીએ તો જોતા હોય એમ બુદ્ધિથી લાગે છે તેથી આંખ શાંત થઈ જાય છે. લીલાપૂર્વક જુએ છે તે લીલાનાં દર્શન કરવાથી પ્રાણો 'તૃપ્ત' થાય છે. અપાંગથી જુએ છે તેનાથી ઐશ્વર્ય પ્રકટ થાય છે તેથી ધૃષ્ટપણું[2] દૂર થાય છે. હાસ કરીને મોહ કરે છે. ભાષણ કરીને કાન વિગેરેને સુખ આપે છે તેથી સર્વને માટે પ્રયત્ન કરવાથી છેટા રાખે છે. અમારું એથી સામર્થ્ય નથી. 'ચ'કારથી સર્વ ભગવાનનું ચરિત્ર છે. અંગ એમ સંબોધન, બનાવવાની વાત નથી કહેતા પણ આ સાચી વાત છે. એમ બતાવે છે. સર્વ દૈહિકી, માનસિકી, વૈદિકી, લૌકિકી એ પ્રવૃત્તિઓમાં તેમનું સ્મરણ જરુરી છે. સ્મરણ કરતાં શિથિલતા આવે તેથી જવાય નહિ. ૨૧.

અમો ક્ષણ ક્ષણમાં મુક્ત થઈએ છીએ.

**સરિચ્છૈલવનોદ્દેશાન્ મુકુન્દપદભૂષિતાન્ ।।**
**આક્રીડાનીક્ષમાણાનાં મનો યાતિ તદાત્મતામ્ ।।૨૨।।**

નદીઓ, પર્વતો, વનના પ્રદેશો મુકુંદના ચરણથી ભૂષિત હોય છે. તેને તથા તેમની ક્રીડાઓને જોતાં મન તદાકાર થઈ જાય છે. ૨૨.

જ્યાં જ્યાં ભગવાને પોતાનો મહિમા સ્થાપન કર્યો છે તેનાં દર્શન કરતાં મનમાં ભગવાનનો આવેશ થઈ જાય છે. તેનો આવેશ હૃદયમાં થતાં મુદલ ઉભું થઈ શકાતું નથી. તે જ લીલાસ્થાનોને ગણાવે છે. નદી યમુનાજી, શૈલ ગોવર્ધન વિગેરે, વનના ઉદ્દેશો, વૃંદાવનની ભૂમિઓ, એમાં તેમના અનુભાવો રહ્યા છે. તે કયા કે મુકુંદના ચરણની તે બધામાં શોભા છે. અનભિપ્રેતમાં પણ ક્યાંક ચરણ તો થાય છે. અહિં તો ભગવાનને ચરણ ધરવાનું કારણ હોય છે કેમ કે તે ભગવાનની ક્રીડાનું સ્થાન થાય છે. તેનું સમીપથી દર્શન આવશ્યક છે, દર્શન કર્યું કે તદાત્મકતા થાય એટલે બધાં કાર્ય અટકી જાય. ૨૨.

---

૧. અમારા વિષે અપાંગો પ્રક્ટ થાય છે. ભગવાનના કટાક્ષથી જ સર્વમાં ઐશ્વર્ય પ્રકટ થાય છે. 'તદ્ભ્રૂવિજૃમ્ભઃ પરમેષ્ઠિધિષ્ણ્યમ્' ત્યાં એ કહ્યું છે.(લે)

૨. 'ધાર્ષ્ટ્યર્મ્' મથુરા જવાનું સામર્થ્ય તે દૂર થાય છે. ઈશ્વરની પેઠે. પોતાના ઘર આગળ જ લીલારસનો અનુભવ થાય છે એટલે મથુરા જવાની જરુર રહેતી નથી. (લે)

એવું ભગવાનનું સામર્થ્ય તમે કેમ જાણ્યું ? એથી વિપરીત બુદ્ધિ પણ મજબૂત છે.

**મન્યે કૃષ્ણં ચ રામં ચ પ્રાપ્તાવિહ સુરોત્તમૌ ।।**
**સુરાણાં મહદર્થાય ગર્ગસ્ય વચનં યથા ।।૨૩।।**

રામ અને કૃષ્ણ એ મોટા દેવો આ પૃથ્વી ઉપર આવ્યા છે એમ અમારું માનવું છે તે દેવોના કામ કરવા આવ્યા છે. એવાં તે ગર્ગાચાર્યના વચનો છે. ૨૩.

મોટા[1] છે તેથી વસ્તુની શક્તિથી જ મન તેમાં મળી જાય છે. સાંભળ્યું હોય છતાં મનમાં એની અસંભાવના થાય તો તેની પ્રતીતિ થતી નથી. મારો તો અનુભવ તેનું જેટલું સાંભળ્યું છે તેમાં પ્રતીતિ[2] કરાવે છે. તેથી હું કૃષ્ણ અને રામને મોટા દેવો માનું છું. ચકાર બે છે તેથી બધા દેવનો તેમાં સમુચ્ચય થાય છે. બ્રહ્માથી પણ અધિક દેવને અહિં આવવાની જરુર શી પડી છે ? તેના ઉત્તરમાં કહે છે કે દેવોના મોટા કામને માટે તેઓ અહિં આવ્યા છે જેની વિના તે કામ ન થાય તે પણ ઉત્પન્ન થયા એમ ન કહો પધાર્યા છે એમ જ કહો. તે તો તમારો તર્ક છે તે તર્ક પ્રમાણરૂપ ગણાતો નથી. તેના ઉત્તરમાં કહે છે કે તે અમારો તર્ક નથી પણ ગર્ગનું વચન છે તેથી પ્રમાણ અને અનુભવ વડે દેવોત્તમત્વ સિદ્ધ છે. તેનું માહાત્મ્યજ્ઞાન થવું યોગ્ય છે. ૨૩.

ભગવત્સામર્થ્યથી પણ તે વાતનો નિશ્ચય થાય છે.

**કંસં નાગાયુતપ્રાણં મલ્લૌ ગજપતિં તથા ।।**
**અવધિષ્ટાં લીલયૈવ પશૂનિવ મૃગાધિપઃ ।।૨૪।।**

દસ હજાર હાથીના બલવાળા કંસ, ચાણૂર, મુષ્ટિક અને કુવલયાપીડને જેમણે લીલા વડે માર્યા. તેમાં પણ સાધનના અભાવને માટે કહે છે કે સિંહ પશુને મારે તેમ માર્યા. ૨૪.

સાત્ત્વિકી, રાજસી અને તામસી લીલા ક્રમથી કહી. દસ સહસ્ર હાથીનું બલ જેમાં છે એવો કંસ, ચાણૂર, મુષ્ટિક મલ્લો અને કુવલયાપીડ હાથી છે. ખરી રીતે હાથી દસ હજાર હાથીના બલવાળો હતો પણ ચાણૂરે પોતાનાથી હાથીને ન્યૂન કહેવા માટે 'સહસ્રદ્વિપસત્ત્વભૃત્' કહેલું હતું. દસ હજાર હાથીનું બલ[1] ધરાવે છે

---

૧. 'મહત્ત્વાદિતિ' પોતાનો પુત્ર છે એ વિપરીત બુદ્ધિ પ્રબલ હોવાથી.(પ્ર)

૨. 'પ્રતીતિમ્' સુરોત્તમત્વરૂપ નિશ્ચયને ન કરાવે. 'સહસ્રદ્વિપસત્ત્વભૃત્' એવું ચાણૂરે કહ્યું છે. તેને અનુરોધે હાથીમાં દસ હજાર હાથીનું બલ ન કહેવાય. તેથી એમ કહ્યું ? તેના જવાબમાં 'ચાણૂર' ઈત્યાદિ કહ્યું. (પ્ર)

૧. 'અથવા દશસહસ્રાણાં દ્વિપાનાં સત્ત્વં બિભર્તીતિ યોજનીયમ્' એવા વિગ્રહથી એ વાક્યમાંથી દસ હજાર હાથીનું બલ નિકળે તેવો વિગ્રહ કરવો. (પ્ર)

એવા વિગ્રહથી તેની યોજના કરવી. નહિ તો અહિં દસ હજાર અને ત્યાં 'સહસ્રદ્વિપ' એ વચન અસંગત થાય તેથી જ તેનું બલ દસ હજાર હાથીનું થાય છે. એવાને રમતાં મારી નાખ્યા. તેને તો મંત્રના સામર્થ્યથી માર્યા હશે ? ત્યાં કહે છે સિંહ સ્વભાવથી પશુને મારે છે. હાથી તેનો શત્રુ ગણાય છે. ગાયો વિગેરે તેના શત્રુ ગણાતાં નથી. સિંહ હાથીને મારે તેમાં તેને કાંઈ છરી ચાકાં ન જોઈએ તેમ ભગવાને પણ તેમને શ્રીઅંગથી માર્યા તેમ કહીને લોકોથી અનંતગુણ સામર્થ્ય ભગવાનનું કહ્યું. ૨૪.

રાજસી લીલાને કહે છેઃ

**તાલત્રયં મહાસારં ધનુર્યષ્ટિમિવેભરાટ્ ।।**
**બભઞ્જૈકેન હસ્તેન સપ્તાહમદધાદ્ગિરિમ્ ।।૨૫।।**

મહા મજબુત, ત્રણ તાડના ઝાડ જેવડા ધનુષ્યને, શેરડીના સાંઠાને હાથી તોડે તેમ ભગવાને તોડ્યું. તે એક હાથથી તોડ્યું તેમજ એક હાથથી ગોવર્ધન-પર્વતને સાત દિવસ સુધી અધ્ધર ઉઠાવ્યો. ૨૫.

તાડવૃક્ષ સો હાથનું ગણાય. એવા ત્રણ તાડ ત્રણસો હાથના વિસ્તારવાળા ગણાય. તેવડું શિવજીનું ધનુષ્ય તે અત્યંત દઢ હતું, તેને હાથી ઈક્ષુયષ્ટિને તોડે તેમ તોડી નાખ્યું. અનમ્ર હોય તે ભાંગવામાં કઠિણ પડે તે બીજા પ્રકારે નહિ પણ હાથી શેરડીનો[1] સાંઠો ભાંગે તેમ ભાંગ્યું. 'યથેક્ષુદણ્ડં મદકર્યુરુક્રમઃ' એ વાક્યની એકવાક્યતા કરવાથી અનાયાસે ભાંગ્યું સિદ્ધ થાય છે. તેને એક હાથથી ભાંગ્યું. આ એક હાથનો સંબંધ આગળ પણ લેવાનો છે. સાત દિવસ ગોવદ્ધનને એક હાથથી ઉંચો તોળી રાખ્યો. ૨૫.

તામસી લીલાને કહે છેઃ

**પ્રલમ્બો ધેનુકોરિષ્ટસ્તૃણાવર્તો બકાદયઃ ।।**
**દૈત્યાઃ સુરાસુરજિતો હતા યેનેહ લીલયા ।।૨૬।।**

પ્રલંબ, ધેનુક, અરિષ્ટ, તૃણાવર્ત અને બકાદિ દૈત્યો દેવદૈત્યોને જીતનાર હતા તેને જેણે લીલામાત્રથી મારી હઠાવ્યા તેથી પણ તે દેવોત્તમ ઠરે છે. ૨૬.

આમાં ક્રમ કહેવાની ઈચ્છા નથી. આદિ શબ્દથી વત્સાદિ લેવા. બધા દૈત્યો (મનુષ્યો તો તેમને ન જ મારી શકે.) જેણે દેવો અને દૈત્યોને જીતેલા છે એવા તે બધાને અમારા દેખતાં લીલા કરતાં મારી નાખ્યા તેથી સામર્થ્યથી કૃષ્ણ દેવોત્તમ છે એવો નિર્ધાર થાય છે. ૨૬.

એમ સ્નેહવાળાને સ્નેહીના અનુવર્ણનમાં જે થાય તે નંદરાયને થયું.

।। શ્રીશુક ઉવાચ ।।

---

૧. શેરડીની લાકડી કહેવાથી ભગવાનને તેને ભાંગવામાં જરા પણ પ્રયાસ નથી એમ કહ્યું. (પ્ર)

**ઈતિ સંસ્મૃત્ય સંસ્મૃત્ય નન્દઃ કૃષ્ણાનુરક્તધીઃ ।।**
**અત્યુત્કણ્ઠોઽભવત્તૂષ્ણીં પ્રેમપ્રસરવિહ્વલઃ ।।૨૭।।**

શ્રીશુકદેવજી બોલ્યાઃ- કૃષ્ણમાં જેને અતિ અનુરાગવાળી બુદ્ધિ છે એવા નંદરાયજી કૃષ્ણને યાદ કરી કરીને અત્યુત્કંઠા વધવાથી પ્રેમમાં વિહ્વલ થઈને ચૂપ રહી ગયા. ૨૭.

આ વાતની ઉદ્ધવને ખબર ન કરી પણ પદાર્થસ્મરણનો[૧] અભિલાષ જ તેણે જોયો, તે વડે ઉત્તમ અધિકાર કહેવા માટે વારંવાર યાદ કરીને એમ કહ્યું. પણ કહી કહીને એમ ન કહ્યું. જ્યાં યાદ કર્યા પછી વચનનું અસામર્થ્ય, બુદ્ધિમાં પ્રેમ અને મનની ઉત્કંઠા હોય ત્યાં જ બોલી ન શકાય. સ્મરણ અને તૂષ્ણીભાવની વચમાં બે ભાવ થાય તો કૃષ્ણમાં અનુરાગવાળી બુદ્ધિ અને અતિ ઉત્કંઠા. ચિત્તનું સ્મરણ. બુદ્ધિની ઉત્કંઠા. મન વાણીનું પૂર્વરૂપ છે તેમાં અનુરાગની બુદ્ધિથી અને ઉત્કંઠા વડે જ્ઞાન અને ક્રિયા વડે શબ્દની ઉત્પત્તિમાં પ્રતિબંધ થવાથી નંદરાયજી બોલી ન શક્યા. ત્યારે તેને પ્રતિબંધ થવાથી પુરુષાર્થ પર્યવસાયિત્વ ન ગણાય ? એવી શંકા કરીને તે અનુરાગનું સ્વતંત્ર કાર્ય કહે છે. કે પ્રેમનો પ્રસાર થતાં તે વિહ્વલ બની ગયા. ૨૭.

એની અસર યશોદાની ઉપર પણ થઈ.

**યશોદા વર્ણ્યમાનાનિ પુત્રસ્ય ચરિતાનિ ચ ।।**
**શૃણ્વન્ત્યશ્રૂણ્યવાસ્રાક્ષીત્ સ્નેહસ્નુતપયોધરા ।।૨૮।।**

વર્ણન કરેલાં પુત્રના ચરિત્રો સાંભળીને યશોદાએ નેત્રમાંથી અશ્રુ પાડ્યા અને અત્યંત સ્નેહને લઈને તેના સ્તનમાંથી દૂધ સ્રવવા લાગ્યું. ૨૮.

નંદે વર્ણન કરેલાં ભગવાનનાં ચરિત્રો સાંભળીને, 'ચ'કાર છે તેથી પોતે પણ સ્મરણ કરીને, યશોદા અંતઃકરણમાં પ્રેમથી પૂર્ણ થઈ ગયા. તેના નેત્રમાંથી અશ્રુ ખરી પડ્યાં. પુત્રના વિરહમાં વ્યાકુલ થયા અંદર ભગવાનના આવેશથી અને દઢ પ્રેમથી સ્તનમાંથી દૂધ સ્રવ્યું. જેવો નંદમાં આવેશ અને વિરહ કહ્યો તેવો યશોદામાં પણ ભગવદાવેશ પણ અને વિરહ કહ્યો. ૨૮.

બંનેનો પણ ભગવાનમાં પરમ પ્રેમાત્મક અનુરાગ કહેવામાં આવ્યો. પણ આ લૌકિક છે તેને જ્ઞાન વડે અલૌકિક કરવો છે તેને માટે ઉદ્ધવને મોકલ્યા છે તેથી જ્ઞાનોપયોગી બધું ઉદ્ધવે તેને કહ્યુંઃ

---

૧. પદાર્થ એટલે ભગવાન્ તેણે કરેલું સ્મરણ તેનો નંદને અભિલાષ થયો. તે ઉદ્ધવને ન જણાવ્યો. પણ જો ભગવાન્ યાદ કરે તો ત્યાં જઈને ભગવાનનાં દર્શન કરીએ અથવા ભગવાન્ અહિં આવે તો દર્શન થાય. એવો નંદજીનો ભાવ છે. (લે)

**તયોરિત્થં ભગવતિ કૃષ્ણે નન્દયશોદયોઃ ।।**
**વીક્ષ્યાનુરાગં પરમં નન્દમાહોદ્ધવો મુદા ।।૨૯।।**

તે બંને સ્ત્રીપુરુષ (નંદયશોદા)નો કૃષ્ણમાં પ્રેમ જોઈને ઉદ્ધવને આનંદ થયો અને હર્ષથી તેને કહેવા લાગ્યા. ૨૯.

બંનેનો કૃષ્ણમાં સંબંધ છે પણ નંદનું ભક્તિમાં મુખ્યપણું[1] છે. તેથી નંદરાયજીનું નામ પ્રથમ ગ્રહણ કર્યું છે. સહજ સંબંધ છે લૌકિક નથી તેથી યશોદામાં કાંઈ વિશેષ નથી. નંદયશોદાને કૃષ્ણ પ્રકટ થયા ત્યારે પરમ અનુરાગ (સર્વ ક્રિયા છોડીને સર્વભાવથી તેને ગ્રહણ કરવારૂપ) પ્રેમ જોઈને ઉદ્ધવે વિચાર્યું, કદાચ યશોદાજીને કહીશ તો તેને લાજ આવશે તે શંકાથી તેને ન કહેતાં નંદને કહ્યું કેમ કે ઉદ્ધવ ઉત્સવરૂપ છે. તે આવે ત્યાં શોકનો અંશ ન રહેવો જોઈએ. ભગવદ્ભક્તને જોઈને તેની સાથે ભાષણ કરીને હું પણ કૃતાર્થ થાઉં એ વિચારથી ઉદ્ધવ તેને કહેવા લાગ્યા. તે મુદા પદનું તાત્પર્ય છે. ૨૯.

તેના સ્નેહના વખાણ કરીને એ સ્નેહનો વિષય અલૌકિક છે જેના વડે માહાત્મ્યજ્ઞાનપૂર્વક સર્વતોધિકસ્નેહ ઉત્પન્ન થાય, તે કહે છેઃ

।। ઉદ્ધવ ઉવાચ ।।

**યુવાં શ્લાઘ્યતમૌ નૂનં દેહિનામિહ માનદ ।।**
**નારાયણેऽખિલગુરૌ યત્કૃતા મતિરીદ્દશી ।।૩૦।।**

ઉદ્ધવ બોલ્યાઃ- હે માનદ, જગતમાં વખાણલાયક તમે એક જ છો. કારણ કે સમગ્રના ગુરુ નારાયણમાં તમારી આવી દઢ અનુરાગવાળી બુદ્ધિ થઈ છે. ૩૦.

પ્રથમ તેને અભિનંદન આપે છે. પ્રાણિમાત્રની મધ્યમાં તેમાં આ પૃથ્વી ઉપર તમે (યશોદાનંદા.) અત્યંત વખાણને પાત્ર છો. સત્કર્મથી લોક વખણાય છે તેમાં પણ જ્ઞાન[1] શ્રેષ્ઠ છે. જ્ઞાનિઓમાં પણ ભક્તિની શ્રેષ્ઠતા છે. ભક્તિમાં પણ પરમ પ્રેમ સર્વથી ઉત્કૃષ્ટ છે. પ્રમાણ કરતાં પ્રમેયનું બલ અધિક છે તેથી સ્વતંત્રભક્તિ કરતાં પણ આ પ્રમેયભક્તિ રસાલ છે. તેથી જ 'નૂનં માનદ' એવું સંબોધન કર્યું. મને માન આપો છો તેથી મારું વાક્ય પણ સત્યતાથી સ્વીકારો. પુત્રના સ્નેહને અતિશય કેમ વખાણો છો. ત્યાં કહે છે કે આ તો નારાયણ મૂલ પુરુષ છે. અહિં નારાયણ શબ્દ પુરુષોત્તમને કહેનાર છે. તે અખિલના ગુરુ છે. પ્રમાણરૂપ છતાં સર્વ વેદના વક્તા નારાયણ પુરુષોત્તમ જ છે. તેથી સર્વ

૧. વરદાન માંગનાર નંદરાયજી છે. તેથી ભક્તિમાં તે મુખ્ય છે. 'ઉપસર્જન' પણાથી યશોદા પદનો પૂર્વનિપાત થવો જોઈએ પણ નંદ અભ્યર્હિત હોવાથી તેનું પ્રથમ નામ છે. (પ્ર)

શાસ્ત્રાર્થરૂપ પ્રમેયબલવાળામાં તમે આવી પ્રેમવાળી બુદ્ધિ જોડી દીધી છે. નંદરાયજીએ આ કૃષ્ણનું દેવોત્તમત્વ તો ઉત્કટકોટિમાં જાણ્યું જ છે. તેથી અસંભાવના તેને નહિ થાય તેટલા માટે પુરુષોત્તમનો બોધ કર્યો છે. ૩૦.

હવે તેનાથી અધિક વિષય નથી. ભક્તિથી વધારે કર્તવ્ય નથી એમ કહેવું જોઈએ તેમાં પ્રથમ ભગવાનથી કોઈ મોટો નથી તે કહે છેઃ

**એતૌ હિ વિશ્વસ્ય ચ બીજયોની રામો મુકુન્દઃ પુરુષઃ પ્રધાનમ્ ।।**
**અન્વીય ભૂતેષુ વિલક્ષણસ્ય જ્ઞાનસ્ય ચેશાત ઈમૌ પુરાણૌ ।।૩૧।।**

આ રામ અને મુકુંદ સર્વના બીજ અને યોનિરૂપ છે. પુરુષ અને પ્રધાન છે તે ભૂતમાં રહીને વિલક્ષણ જ્ઞાનના ઈશ છે છતાં તે પુરાણો (અનાદિ) છે. ૩૧.

ધર્મિનો ઉત્કર્ષ અને ધર્મનો ઉત્કર્ષ એમ બે પ્રકારે માહાત્મ્ય કહેવાય છે તેમાં સ્વરૂપ (ધર્મી)નો ઉત્કર્ષ પ્રથમ કહે છે. નંદયશોદાએ એક જ[1] જાણ્યા[2]. આવેશિને બતાવવા [3]તુલ્યતાથી[4] સંબંધ દૂર કરવા કૃષ્ણરામનો નિર્દેશ કરે છે. આ નિશ્ચયથી વિશ્વના બીજ ઉપાદાનકારણ અને યોનિ-નિમિત્તકારણ છે. બીજ સમવાયી કારણ તેમાં[5] ભગવાનના[6] સામર્થ્યથી સજાતીય[7] બનેલા પૃથ્વીના અવયવો પુષ્ટ થાય છે. તેમાં વધે છે. સજાતીય યોનિને ગોતી લે છે. તે વિજાતીયયોનિમાં ઉત્પન્ન થતાં નથી ઉત્પન્ન થાય તો અન્યથા[6] થાય છે આ બંને

૧. જ્ઞાનથી શ્લાઘ્યતર થાય, ભક્તિથી શ્લાઘ્યતમ થાય તેથી નંદરાયને શ્લાઘ્યતમ કહ્યા. (લે)

૧. 'એક એવ' તે બંનેએ ઉપકારીપણાથી એકને જ જાણ્યા છે. પુત્રપણાથી લૌકિક સ્નેહ તો તેને કૃષ્ણમાં છે તેથી મારો ઉપકાર કરનાર કૃષ્ણ એક જ છે એમ તે માને છે. માટે 'દાવાગ્નેઃ' એ શ્લોકમાં 'કૃષ્ણેન' એમ એકલા કૃષ્ણને જ ગણ્યા છે બલને નથી ગણ્યા. તેમાંથી લૌકિક પુત્રભાવ ઓછો કરો તો રામ પણ આવેશવાળા છે તે પણ ભગવાન્ જેવા ગણાય. તેથી રામ અને કૃષ્ણ એમ બે નામ લીધાં છે.(લે)

૨. અહિં ભગવત્સ્વરૂપનો ઉત્કર્ષ કહેવો છે તેમાં બેનો નિર્દેશ ઘટે નહિ ત્યાં કહે છે કે તેમણે ઉત્કૃષ્ટતાથી તો એકને જ જાણ્યા છે.(પ્ર)

૩. તુલ્યતાથી લૌકિક તુલ્ય પુત્રત્વાદિ સંબંધ દૂર કરવાને કૃષ્ણ રામનો નિર્દેશ કર્યો છે ત્યાં શંકા થાય કે બીજને સમવાયિ ગણીએ તો કાર્ય તેના કરતાં ગુરુત્વ પરિણામવાળું ન થવું જોઈએ ? ત્યાં કહે છે.(પ્ર)

૪. અલૌકિકભાવ (શાસ્ત્રીયભાવ)માં રામ અને કૃષ્ણ એક જ છે. કેમ કે રામમાં આવેશ છે. તેથી લૌકિક સંબંધ દૂર કરવાને એમ કહ્યું.(લે) ૫. બીજમાં.(લે)

૬. તે બીજમાં. તેથી તમે કહ્યા દોષ ન હોવાથી બીજ કહેવામાં ક્ષતિ નથી. ત્યાં શંકા કરે છે કે વૃદ્ધિથી કાર્ય મોટું થાય તો યોનિને નિમિત્તપણું ન થાય. એ અપેક્ષામાં ભગવાનની ઈચ્છાના પ્રકાર બતાવવા માટે દૃષ્ટના અનુરોધથી બંનેનું કારણપણું સિદ્ધ કરે છે.(પ્ર)

૭. 'સજાતીય ઈતિ'(પ્ર)

દષ્ટ કારણ છે. બીજા[8] તો જલ અન્ન વિગેરે સાધનપોષકતાથી ઉપયોગી છે. તે જો એક[9] પ્રકારે[10] જ થાય અને બે રૂપ પ્રકટ ન કરે તો વૃદ્ધિહ્રાસ આવિર્ભાવ તિરોભાવ ન થાય. તેથી[11] ભગવાન્ બીજ-યોનિરૂપે પ્રકટ થાય છે. લોકમાં[12] તો બંનેને સિદ્ધ કરનાર બીજા પણ વૃદ્ધિહ્રાસ કરનાર પદાર્થો ગણાય છે. આ[13] સિદ્ધાંતમાં તો ભગવાન જ છે. તેટલા માટે જ યોનિ બીજરૂપે પ્રકટ્યા છે. તેથી તેને સહકારીની અપેક્ષા નથી. બ્રહ્મ[14] પ્રથમ પ્રકૃતિપુરુષરૂપે થયું એથી[15] બ્રહ્મમાં યુક્તિ[16] સંગત

૮. અન્યથા* (* એક પ્રકારે જ થાય તો બીજશક્તિ વધતાં યોનિશક્તિ વધે, યોનિશક્તિ વધતાં બીજશક્તિ વધે, તે તે શક્તિ ઘટે તો તે તે શક્તિ ઘટી જાય. તો વૃદ્ધિ, હ્રાસ એક પ્રકારે થાય ત્યારે બીજધર્મના આવિર્ભાવમાં યોનિધર્મનો આવિર્ભાવ અને યોનિધર્મના આવિર્ભાવમાં બીજધર્મનો આવિર્ભાવ થવાથી વિચિત્રતા કાર્યમાં નહિ થાય.) થાય એટલે યોનિના અભાવમાં અથવા વિજાતીય યોનિથી જન્મ થતાં કાર્ય વિનાશી થાય છે. અથવા યોનિબીજથી કાર્ય વિલક્ષણ થાય છે. તેથી દર્શનના અનુરોધને લીધે. ભગવાનની ઈચ્છાથી બંનેને કારણ માનવામાં વિરોધ કરવાની જરુર નથી. ત્યાં શંકા કરે છે કે ત્યારે તો જલાદિ અવયવો પણ કારણ ગણાશે ? તેના ઉત્તરમાં કહે છે કે તે અન્યથાસિદ્ધ છે.(પ્ર)

૯. મોક્ષ અને અભ્યુદયના પ્રયોજન માટે બે રૂપે પ્રકટ થયા. તેથી સહકારિના વિરહમાં પણ કાર્ય સિદ્ધ કરશે. એમ ન કરે તો પ્રાકટ્ય વૃથા થાય છે.(લે)

૧૦. જલ, અન્ન ઈત્યાદિ તો બીજયોનિ વિગેરે થયા પછી જ તેનું પોષણ કરે છે. તેથી તે અન્યથાસિદ્ધ કહેવાય. ત્યારે તો સશરીર હોય તેને પોષકતા કહી. લોકમાં એમ જ દેખાય છે. શાસ્ત્રમાં પણ શરીરવાળો જ પુષ્ટ થશે ત્યારે બંનેને સમવાયી કાં ન કહો ? એ શંકાના ઉત્તરમાં કહે છે.(પ્ર)

૧૧. સર્વનું એક રીતે વૃદ્ધિહ્રાસનું વૈચિત્ર્ય ન થવાથી.(લે)

૧૨. 'તત્ર યદિ' તત્ર શબ્દથી વિશ્વમાં એવો અર્થ કરવો. 'ઉભયાત્મક' બીજયોનિરૂપ સમવાયી નિમિત્તરૂપ થાય છે. તેટલા માટે જ બે રૂપે થવાની જરુર નથી. લોકન્યાયથી સહકાર્યન્તરથી પણ વૃદ્ધિ વિગેરે સિદ્ધ થઈ શકશે.(પ્ર)

૧૩. લોકમાં તેને માટે બીજા હોય છે.(પ્ર)

૧૪. આ સૃષ્ટિમાં તેથી તે વખતે બીજા તો કોઈ ન હતા. જગતને માટે બીજયોનિ ભાવથી પોતે જ અસાધારણ રીતે પ્રકટ્યા તેથી લોક ન્યાયથી અહિં સહકારીની અપેક્ષા નથી રહેતી. લૌકિક તો સાધારણ કહેવાય, અહિં તો લોકથી વિલક્ષણતા છે. એવો ભાવ અહિં છે. અહિં શંકા કરે છે કે પ્રથમ તો સહકારીના અભાવમાં કાર્ય થવાનું કહો છો એમાં પ્રમાણ નથી. યોનિ સામર્થ્યથી પણ સ્વરૂપોત્કર્ષસિદ્ધ થાય છે તો તમારું કથન વ્યાજબી નથી. એ શંકાના સમાધાનમાં પ્રમાણ કહે છે.(પ્ર)

૧૫. 'અત એવ' સહકારીના અભાવમાં જ તેથી 'તન્માયાફલરૂપેણ કેવલં નિર્વિકલ્પિતમ્। વાઙ્મનોગોચરાતીતં દ્વિધા સમભવદ્બૃહત્' એ વાક્ય છે માટે એમાં વિરોધ ન કરવો. એમ પ્રકૃતિપુરુષ ભાવે સૃષ્ટિ થવાનું શું કારણ ? ત્યાં કહે છે.(પ્ર)

૧૬. વિચિત્રરૂપે પ્રાકટ્ય થવાથી બ્રહ્મમાં યુક્તિ સંભવે છે.(લે)

થાય છે. બ્રહ્મવાદમાં તો તે જ સર્વશક્તિયુક્ત ક્રમથી પ્રકટ થવા માટે પ્રથમ[17] સૃષ્ટિમાં [18]તેવાં[19] થઈને ક્ષય[20] વૃદ્ધની[21] અપેક્ષા રહિત તેવું ઉત્પન્ન કરીને પછી[22] લોકમાં બહુ ઉપકાર સિદ્ધ કરવા માટે એક એકનો અનેકધા ઉપયોગ થવા માટે શક્તિસમૂહને વિભક્ત કરી બીજ[23] યોનિભાવથી વસ્તુની કલ્પના કરી અને તેને સ્થાપન કરી એ વિશિષ્ટતા છે. [24]બંને રીતે[25] પ્રકાર દ્વય પાછળથી થયા છે એમ તો માનવું[26] જ પડશે. તે વાત અનુભવથી પણ સિદ્ધ છે. તેમ અહિં પણ મોક્ષ[27]

---

૧૭. 'એવંસતિ' પુરાણોક્ત પ્રકારે પ્રકૃતિપુરુષભાવે સૃષ્ટિ કહેવાથી સત્કાર્યવાદમાં કહેલ યુક્તિ બ્રહ્મમાં સંભવે. અન્યથા તે વાદ અપ્રમાણિક ઠરે. તેમ જ વાદિએ માનેલ છે તેને માટે ભગવાને પ્રકૃતિપુરુષરૂપે થવું પડે છે. ત્યાં શંકા કરે છે કે ઉત્તરકાંડ સિદ્ધ બ્રહ્મવાદથી આ વાત વિરુદ્ધ થશે.તેને કેમ અંગીકાર કરાશે ? ત્યાં કહે છે 'બ્રહ્મવાદે તુ' આકાશાદિરૂપે સર્વશક્તિ યુક્ત વિશ્વપુરુષરૂપે.(પ્ર)

૧૮. ''ક્ષયવૃદ્ધ્યનપેક્ષં 'એતસ્માજ્જાયતે પ્રાણઃ' ઈતિ'' શ્રુતિમાં કહેલ સાક્ષાત્ સૃષ્ટિરૂપે.(પ્ર)

૧૯. કારણ એક હોવા છતાં વૃદ્ધિહ્રાસવાળાપણું આવે છે.(લે)

૨૦. વૃદ્ધિહ્રાસ વગર પણ વિચિત્ર 'કદાચિત્સર્વમાત્મૈવ' એ પક્ષ અહિં બતાવ્યો.(લે)

૨૧. 'બીજયોનીભાવ' વડવા બીજી થઈ ઘોડો બીજો થયો એ પ્રકારે. તેથી અવાંતર વિશેષ ઉત્તરકાંડમાં દોષાવહ નથી તેમ અહિં પણ સમજવું. ત્યાં શંકા કરે છે કે ત્યાં શ્રુતિઓ સમાન બલવાળી હતી તેવી અવસ્થામાં દોષ નથી અહિં તો દુર્બલ હોવાથી દોષ વ્રજલેપ થશે ત્યાં કહે છે કે.(પ્ર)

૨૨. ભગવદીય સાંખ્યમાં પ્રથમ પ્રકૃતિપુરુષરૂપે બીજયોનિવિભાગ થયા પછી સૃષ્ટિ થાય છે. બ્રહ્મવાદમાં આકાશાદિ ક્રમે સ્વતઃ સૃષ્ટિ થાય છે. ત્યારબાદ બીજયોનિવિભાગ પછી પ્રવાહસૃષ્ટિ એ ભેદ છે.(લે)

૨૩. પ્રકાર બંને પાછળથી થયા છે. તેથી દોષ નથી.(પ્ર)

૨૪. તેથી તેમ જ માનવું યુક્તિથી ચિંતન કરવું. બંને પ્રકારના ક્રમ પાછળથી થયા હોઈને સ્માર્તનો અનંગીકાર કરશો તો દોષ પ્રાપ્ત થશે તેથી અનુભવ અને અનુગ્રહથી વિચાર કરી અનુભવથી વિરોધ પરિહાર કરવો. પણ અહિં ઉત્કર્ષ બતાવવો છે તે મોક્ષ દાતૃત્વમાત્રથી સિદ્ધ થાય છે તો સૃષ્ટિ બીજ અને યોનિત્વ બોધનનું શું પ્રયોજન છે. ત્યાં 'તથા' થી લઈને 'નિરૂપયતિ' સુધીનો ગ્રંથ કહે છે.(પ્ર)

૨૫. 'આસીજ્જ્ઞાનમથો હ્યર્થ એકમેવાવિકલ્પિતમ્' એમાં સ્વરૂપૈક્ય કહ્યું છે તેની પછી.(લે)

૨૬. 'મોક્ષ ઈતિ' મોક્ષ અને સૃષ્ટિના સંબંધી ચાર પુરુષાર્થ અહિં અવાંતર ગ્રંથ 'સિદ્ધ્યેત્' સુધી લેવાનો છે. તે શાસ્ત્ર અભિપ્રેત છે તેમાં ગમક કહે છે. સૃષ્ટ્યાદિ સંબંધી પુરુષાર્થમાં રામ બીજરૂપ છે, અભ્યુદય ફલમાં રામનું પ્રાધાન્ય છે. તેનું ઉદાહરણ 'બલઃપ્રવિશ્ય બાહુભ્યાં' એ લીલા છે. તો બધા અભ્યુદયમાં રામ પ્રધાન હોય તો ભગવાનની સહભાવતા કહેવી જોઈએ તે ક્યાંક વ્યભિચરિત થાય છે ? તેથી એમ તો ન હોય.(પ્ર)

૨૭. ક્વચિત્ રામનું પ્રાધાન્ય છે. 'રામ રામ મહાસત્ત્વ કૃષ્ણ દુષ્ટનિવર્હણ। ઈતોવિદૂરે

સૃષ્ટિ[૨૮] વિગેરે ચાર પુરુષાર્થોને સિદ્ધ કરવા માટે સર્વને સર્વ ન થાઓ. એ હેતુથી પોતાની શક્તિના વિભાગ કરીને મોક્ષ[૨૯] ભક્તિમાં સ્વયં બીજ અને યોનિ રામ થાય છે. સૃષ્ટ્યાદિમાં તેથી વિપરીત[૩૦] એટલે બંને પણ યોનિ બીજ ભાવથી લોકના હિતને માટે અવતર્યા છે. તેથી એકને જ હિતાર્થને માટે ગ્રહણ કરવાથી કોઈ પુરુષાર્થ સિદ્ધ ન થાય. તેમ જ સર્વત્ર અભ્યુદયરૂપ ફલમાં રામનું પ્રાધાન્ય અને ભગવાનનો સહભાવ છે. ક્વચિત્ પ્રથમ નિર્દેશથી રામનું પ્રાધાન્ય છે. સાક્ષાત્[૩૧] મોટી શક્તિ કૃષ્ણ જ છે તેનો ક્યાંય સહભાવ કહ્યો નથી. નિઃશ્રેયસમાં[૩૨] તો રામનો સહભાવ છે. સાધારણ બાબતમાં બંનેની તુલ્યતાનું નિરૂપણ છે. એવો સર્વત્ર વિચાર છે. તેથી ભગવાનનું[૩૩] જગત્કર્તૃત્વ અને મોક્ષદાતૃત્વ નિરૂપણ કરતાં આમ કહે છે. આ[૩૪] યુક્તિ 'હિ' શબ્દથી કહી છે. આ કૃષ્ણ અને રામ વિશ્વના બીજ અને યોનિ બંને રૂપે તેને ગણાવે છે. 'રામો મુકુન્દઃ' એથી અભ્યુદય અને નિઃશ્રેયસ ફલ કહ્યું. આ ભક્તિથી ત્યાં પ્રકટ થયા તેને બતાવતા હોય એમ કહે છે. તેથી 'દ્રષ્ટુમેષ્યામઃ' એ ભગવાને કહેલું સત્ય કર્યું. બે રૂપે પ્રકટ કેમ થયા ? તેમાં દૃષ્ટાંત

---

સુમહદ્વનં તાલાલિસંકુલમ્' એ શ્રીદામાનું વાક્ય તેનું ઉદાહરણ છે. એમ હોય તો ન્યાયનુસ્યતાથી ભગવાનનો પણ સહભાવ કહેવો જોઈએ તે દેખાતો નથી. તેથી તે યોગ્ય નથી ત્યાં કહે છે કે(પ્ર)

૨૮. 'સૃષ્ટિ' અભ્યુદય, કામ. તદ્ગુણસંવિજ્ઞાનથી ચાર પ્રકારના પુરુષાર્થ લેવા.(લે)

૨૯. એમાં મોક્ષ ભગવદેકસાધ્ય હોવાથી તેમાં વિપરીત ક્રમ છે.(લે)

૩૦. 'મોક્ષભક્તિઃ' દેવાનાં હોય તેમાં 'સોશ્નુતે સર્વાન્ કામાન્' સાયુજ્યોપયોગિ અલૌકિક શરીરવાળાનો પુરુષોત્તમથી અભેદ હોવાથી પોતે બીજ ઉપાદાનકારણ અને રામ અક્ષરરૂપ હોવાથી તે સ્વરૂપયોગ્યતા કરનાર હોવાથી નિમિત્તકારણ.(લે)

૩૧. 'સાક્ષાત્' તેથી નિરૂપણ ન હોય ત્યાં પણ જાણવું. 'નિઃશ્રેયસ'માં તો ઉદાહરણ અક્રૂરનો પ્રસંગ. નિશ્રેયસ પદ ભક્તિનું પણ ઉપલક્ષણ છે. તેનું ઉદાહરણ 'સહરામો વ્રજસ્ત્રીણાં ચિક્રીડે જનયન્મુદમ્' એ સમજવું. 'સાધારણ્યે' તેનું ઉદાહરણ રિંગણલીલા આ ઉદ્ધવનો આશય છે તેમાં ગમક શું ત્યાં કહે છે કે(પ્ર)

૩૨. 'એષા ઈતિ'(પ્ર)

૩૩. સૃષ્ટ્યાદિમાં કામાદિ આપવાં હોય ત્યાં વિપરીત 'ક્રમ' છે. ત્યાં રામ ઉપાદાનકારણ. કેમ કે તેને ઉપયોગી શરીર અક્ષરાત્મક જોઈએ. ભગવાન્ આપવામાં નિમિત્ત થાય છે.(લે)

૩૪. 'એષ્યામ' એ વાક્ય છે. તો બંને કેમ આવ્યા ? એકમાં પણ બહુ વચન પ્રયોગ થઈ શકે છે ત્યાં કહે છે કે જેમ શક્તિવિભાગથી સૃષ્ટિમાં દ્વિરૂપતા છે તેમ અહિં દ્વિવિધરૂપ આપવા માટે બેનું પધારવું થયું છે. તેને વિશદ કરે છે આ બેને પધારવામાં પ્રકૃતમાં વિશેષ કહે છે કે તે ભૂતમાં પ્રવિષ્ટ થઈને ભૂતમાં વિલક્ષણ જ્ઞાનના અધીશ થાય છે. વિલક્ષણપદથી અભ્યુદયબોધ થવાનું તાત્પર્ય કહે છે. વિલક્ષણત્વ એટલે પ્રાપંચિક પદાર્થથી વિલક્ષણતા સમજો.(પ્ર)

જેવું કહેતાં સ્વરૂપદ્વય બતાવે છે. કે તે પુરુષ અને પ્રધાન રૂપે પ્રકટ્યા છે આનો પ્રકૃતમાં વિશેષ બતાવે છે કે તે સર્વત્રાન્વિત થઈને કાલ છે લક્ષણ જેનું એવા અભ્યુદયના તે ઈશ છે. મોક્ષ સાધક જ્ઞાનના પણ ઈશાન છે. વિલક્ષણતા પ્રાપંચિક[૩૫] કરતાં જૂદાઈ. ચકાર છે તેથી ભક્તિના પણ તે ઈશ છે એ માટે તો એ બંને અહિં પ્રાદુર્ભૂત થયા છે. એમ થવાથી[૩૬] બ્રહ્મ ભગવાન્ કાર્યરૂપે થયા તેના પ્રયોજક આ બે હશે એમ શંકા થાય તો ત્યાં કહે છે તે પુરાણપુરુષો છે. ભગવાન્ અનંતમૂર્તિ હોવાથી આ સ્વરૂપ પણ અનાદિ સિલ્દ્ર છે. ૩૧.

એમ સ્વરૂપથી ઉત્કર્ષ કહીને ધર્મથી ઉત્કર્ષ કહે છે.

**યસ્મિન્ જનઃ પ્રાણવિયોગકાલે ક્ષણં સમાવેશ્ય મનો વિશુદ્ધમ્ ।।**
**નિર્હૃત્ય કર્માશયમાશુ યાતિ પરાં ગતિં બ્રહ્મમયોઽર્કવર્ણઃ ।।૩૨।।**

માણસ પ્રાણવિયોગ વખતે વિશુદ્ધ મનને એક ક્ષણવાર જો તેના સ્વરૂપમાં રાખે તો કર્માશયને છોડીને બ્રહ્મરૂપ સૂર્ય જેવો પ્રકાશવાળો થઈ પરમગતિને તે પ્રાપ્ત થાય છે. ૩૨.

જો કે હજારોથી પણ ગણના ન થાય તેટલા ભગવદ્ધર્મો છે. તેનું માહાત્મ્ય એ ભગવાનનું જ છે. ધર્મધર્મિનો અભેદ છે, ભગવાન્ પોતે જ ધર્મરૂપે થાય છે એ સિલ્દ્રાંત છે. તેથી ભગવાનના સિલ્દ્રધર્મોને છોડીને ભાવ કે પ્રમાણબલ વડે મનમાં કલ્પેલું સ્વરૂપ સર્વના હૃદયમાં રહેવાથી એ રૂપ સ્વાધીન થાય છે તેનું માહાત્મ્ય અહિં કહે છે. જે માનસરૂપમાં પ્રાણી, પ્રાણના વિયોગ વખતે શુદ્ધ મનને ક્ષણવાર રોકે તો કર્માશયને છોડીને પરમગતિને પામે છે. સાધનાંતરની તેને જરુર નથી. એ કહેવા માટે જે માનસરૂપ એમ કહ્યું છે. 'જન' એથી સામાન્ય માણસ કહ્યો. બ્રાહ્મણ કે મુનિ એમ નથી કહ્યું. પ્રાણના વિયોગ વખતે સર્વ ઈન્દ્રિયો વિકલ હોય છે. અશુદ્ધ અવસ્થામાં ક્ષણવાર ચિત્ત રાખે બહુ કાલ નહિ તેમાં પણ વાણી કે દેહ ને અનુસરવાની જરુર નથી. તે રૂપ[૧] સર્વ ફલનું સાધક છે તેથી તેને 'વિશુદ્ધ' કહ્યું છે. નહિ તો કામનામાં તો તે કામિત જ ફળે. કામનાનો અભાવ વિશેષશુદ્ધિ કહેવાય. 'જ્યારે બધા કામનો લય થાય ત્યારે માણસ અમૃત થઈને મોક્ષને પામે છે' એમ શ્રુતિ કહે છે કે કામનાનો અભાવ થાય ત્યારે પુરુષાર્થ સિલ્દ્ર થાય. નિષ્કામ

---

૩૫. 'પ્રાપઞ્ચિકાત્' પ્રાપંચિક અભ્યુદય કરતાં ભગવાન્ અભ્યુદય આપે એની વિલક્ષણતા માટે 'વિલક્ષણસ્ય' એ શબ્દ વાપર્યો છે.(લે)

૩૬. 'એવં સતિ બ્રહ્મ, ભગવાન્ ભિન્નઃ' (અક્ષરબ્રહ્મ અને પુરુષોત્તમ જૂદા એમ કોઈ માને એથી આ બંને કાર્યરૂપે પ્રકટ્યા હશે એમ કોઈને શંકા થાય તેની નિવૃત્તિ માટે 'પુરાણૌ' કહ્યા છે.)(લે)

આત્મગામિ થાય. તેથી જ્ઞાનનું માહાત્મ્ય પણ સિદ્ધ થાય છે. તો ભગવદ્ધર્મનું શું માહાત્મ્ય છે ? ત્યાં કહે છે કે તે સત્ય છે. અહિં નિષ્કામતા સાધનાંતરથી થવાની નથી પણ ક્ષણવાર મન લગાડતાં જ તે મન શુદ્ધ પણ થઈ જાય છે એને માટે બીજો પ્રયાસ કરવો જરુરનો નથી. તે પછી કર્મો જેમાં સુવે છે એવા સંઘાતને[2] ('લિંગ' શરીરને) છોડીને ઉત્તરોત્તર જવામાં સાધનાંતરની પણ જરુર ન હોવાથી સ્વરૂપથી જ પરમગતિને પામે છે. તેમાં પણ સાયુજ્યને માટે જીવભાવથી ગમન નથી પણ બ્રહ્મમય થઈને 'બ્રહ્મૈવ સન્ બ્રહ્માપ્યેતિ' એમાં કહેલી ગતિ થાય છે. તેમાં બધા ભગવદ્ધર્મો સ્ફૂરે છે એ બતાવવા આર્કવર્ણ કહ્યો. તેથી જેટલો પુરુષાર્થ સર્વજ્ઞાનાદિ સાધનથી થાય જેટલો બધા ક્રમથી થાય તે અહિં એક વખતે થાય છે એ ભગવદ્ધર્મનું મોટું માહાત્મ્ય કહેવામાં આવ્યું. ૩૨.

એવા ભગવત્સ્વરૂપમાં જેણે સર્વાત્મના[1] સર્વદા સર્વભાવ વડે મન સ્થાપન કર્યું તેને ફલ મળે તેમાં શું કહેવું ?

**તસ્મિન્ ભવન્તાવખિલાત્મહતૌ નારાયણે કારણમત્યમૂર્તૌ ।।**
**ભાવં વિધત્તાં નિતરાં મહાત્મન્ કિં વાવશિષ્ટં યુવયોઃ સુકૃત્યમ્ ।।૩૩।।**

સમગ્રના આત્મા અને કારણરૂપ એવા ભગવાન્ નારાયણમાં કારણને માટે મનુષ્યશરીર ધરનારમાં તમારો ભાવ સ્થાપન કર્યો. હે મહાત્મન્ ! તમારે પછી શું કર્તવ્ય બાકી રહે છે ? કાંઈ નહિ. ૩૩.

જેવું ઉપાસ્ય[2] ચિંતન[3] કરીએ કે ધ્યાન કરીએ તે રૂપ તે થાય એ વાત સર્વ લોકપ્રસિદ્ધ[4] છે. ભગવાન્ સર્વ ફલરૂપ છે. એટલે કાંઈ બાકી ન રહે એ કહેવા માટે સર્વના કારણ તેને કહે છે. તે સર્વના આત્મા અને કારણરૂપ છે. 'સર્વ'ના આત્મા[5] થાય છે, તે સર્વનું અન્ન[6] થાય છે, તે શ્રુતિથી ફલસિદ્ધ[7] છે. વળી વિકારમાં[8] કારણ

૧. સર્વ ફલ સાધક થાય એ કારણથી કામના મનમાં થાય તેને માટે મનની શુદ્ધિ જોઈએ. 'અન્યથા' કામનામાં તો કામિત જ મળે.(લે)
૨. 'બીજાત્મકસંઘાત' લિંગ શરીર. (લે)
૧. 'સર્વાત્મના' સર્વ બાહ્ય આભ્યંતર સાધન વડે.(પ્ર)
૨. 'ઉપાસ્યં ઉપાસીત' એ વિધિથી પ્રાપ્ત થતું લૌકિક ચિંતાનો વિષય તે(પ્ર)
૩. 'ચિન્ત્ય' કહેવાય. યોગશાસ્ત્રમાં તો ધ્યાનના વિષયપણાથી કહેલ છે. તે અવાંતર ભેદ છે.(પ્ર)
૪. તે 'સર્વજનીન' છે. ભમરીમાં તેનું ધ્યાન કરતાં તે રૂપ થવાતું દેખાય છે.(પ્ર)
૫. 'સર્વમસ્યાન્નં યસ્ય બ્રહ્મ ચ ક્ષેત્રં ચોમે ભવત ઓદને' એ વાક્યથી સર્વમુક્તિસ્થાનત્વેન ફલરૂપતા ભગવાનની સિદ્ધ થાય છે.(લે)
૬. તેથી 'અખિલાત્મહેતૌ' એમાં હેતુ શબ્દથી ફલ લેવું એવો ભાવ છે.(લે)
૭. 'ઈતિફલમ્' એ શ્રુતિમાં કહેલું ફલ સિદ્ધ થાય છે. વિકૃત ફલમાં પણ.(પ્ર)

કે તે 'આત્મા' છે એમ કહેવાય માટે નારાયણ કહ્યા છે. આ પુરુષ[૯] નારાયણ છે. તે કારણ[૧૦]-સર્વના ઉદ્ધાર માટે તેણે કપટવેશ પણ કર્યો તેથી[૧૧] ફલની આવશ્યકતા બતાવી. પ્રાયિક શંકાનિવૃત્તિને માટે. કેમ કે 'લોકના દુઃખ મટાડે તે દાસના દુઃખ શું જોયા કરે ? ન જ જુએ, જરુર મટાડે' એ સિદ્ધાંત થયો, તેમાં અત્યંત ભાવ રાખો. [૧૨]રસત્વવ્યાવૃત્તિ[૧૩] માટે 'ભાવ' પદ ઉદ્ધવ બોલ્યા છે. કેમ કે પુત્રત્વમાં પણ નંદરાયને દેવત્વની પ્રતીતિ થાય છે. તો પણ ફલમાં સ્વરૂપયોગ્યતા જોઈએ. જેમ મર્યાદામાં બ્રાહ્મણોની જ મુક્તિ થાય. પુષ્ટિમાં વૈકુંઠાદિમાં પક્ષ્યાદિભાવ થાય. તે ન થવા[૧૪] માટે કહે છે કે તમે 'મહાત્મન્' મોટો આત્મા ભગવાન્ પધારવાથી થયો તેથી હવે તમારે કાંઈ કર્તવ્ય બાકી રહેતું નથી. તમારે ઘર પ્રભુ પધાર્યા ત્યારથી તમે કૃતાર્થ છો. આ તમારી અવસ્થા જ પુરુષાર્થરૂપ છે. ૩૩.

એમ વિષય અને સાધનને અભિનંદન આપીને લૌકિક ભાવથી ખેદ ન કરવા માટે કહે છેઃ

**આગમિષ્યત્યદીર્ઘેણ કાલેન વ્રજમચ્યુતઃ ।।**
**પ્રિયં વિધાસ્યતે પિત્રોર્ભગવાન્ સાત્વતાં પતિઃ ।।૩૪।।**

અચ્યુત ભગવાન્ થોડા વખતમાં જ વ્રજમાં પધારશે અને માતા પિતાનું પ્રિય કરશે. કેમ કે ભગવાન્ ભક્તોના પોતે પતિ છે. ૩૪.

થોડા દિવસમાં જ વ્રજમાં આવશે. કારણ કે તે 'અચ્યુત' છે. 'સ્વ'રૂપથી અને ધર્મથી ચ્યુતિ રહિત છે. એમ ન હોય તો વાક્યથી ચ્યુત થાય. કેટલાક આ

---

૮. 'વિકૃતેપિ' અખિલ શબ્દથી વ્યષ્ટિરૂપ પ્રપંચ કહ્યો. અહિં વિકૃતપદથી મહદાદિ વિષયમાં તૃતીય સ્કંધમાં 'વિકુર્વત્' પદથી વિકાર કહેવાથી સમષ્ટિરૂપ 'વિરાટ્' લીધો છે. તેમાં પણ ભગવાન જ હેતુ અને આત્મા છે. 'કારણાર્થમિતિ' માનુષભાવ સ્વીકારાભાવે. એમાં મનુષ્ય ન થાય તો માણસો સેવા ન કરી શકે તો તેનો ઉદ્ધાર ન થાય.(લે)

૯. 'પુરુષ', મોક્ષ અને ભક્તિના બીજરૂપ પુરુષ તે આ છે.(પ્ર)

૧૦. 'કારણાર્થ' સર્વના ઉદ્ધાર માટે કપટવેષ કર્યો છે તેથી ફલ ઘોતિત કર્યું.(લે)

૧૧. 'અનેન' સ્વામિનું ફલદાતૃત્વ સૂચન કરવાથી. ત્યાં શંકા કરે છે કે સર્વોદ્ધારપર હોય છતાં આપણે સર્વવિલક્ષણ થઈએ તો તે શું કરે ? ત્યાં કહે છે. 'લોકસ્ય'(પ્ર)

૧૨. 'રસત્વ' વ્યાવૃત્ત્યર્થ. રસ સમતામાં સિદ્ધ થાય. પ્રકૃતમાં દેવત્વથી અસમતા છે તેથી સમતાના અભાવથી રસત્વની વ્યાવૃત્તિ કરી. (પ્ર).

૧૩. જેમાં ચર્વણા થાય તે રસ કહેવાય. દેવત્વની પ્રતીતિ ન થતાં કેવલ પુત્રત્વ જ્ઞાનમાં પણ ભાવ પદ રસત્વવ્યાવૃત્તિને માટે છે. 'રતિર્દેવાદિવિષયભાવઃ' તેમાં આદિ શબ્દથી મુનિ, ગુરુ, નૃપ, પુત્રાદિવિષયા એમ કહ્યું છે. તેથી તેનો અસંભવ નથી.(લે)

૧૪. 'તદ્વ્યાવૃત્યર્થ' તે પક્ષ્યાદિ ન થવા માટે આ સ્વરૂપ જ યોગ્ય છે બીજાની જરુર નથી એવો ભાવ છે. (લે)

લૌકિક[1] વાણીથી બોધન છે એમ કહે છે. શાસ્ત્રાર્થથી આવશે એમ બીજા કહે છે. ભગવાનના કથનાનુરોધથી અથવા ભગવદીઓના વાક્યથી 'કુરૂન્ મધૂન્ વાથ સુહૃદ્દિદક્ષયા' ઈત્યાદિ વાક્યથી 'પિત્રોર્નો' એવા વિશેષ્યવચનથી 'ગતાંશ્ચિરાયિતાન્ શત્રુપક્ષક્ષપણચેતસઃ' ઈત્યાદિ વાક્યનો વિરોધ નહિ આવે. તે વાક્ય કુરુક્ષેત્રના પ્રસંગમાં ગોપીઓ પ્રત્યે કહ્યું છે. નંદરાયને[2] જોવાને ભગવાન્ પધાર્યા છે પણ જેમ ગોપિકાઓ ન જાણે તેમ તે નંદરાયને પ્રતીતિ કરાવશે. આર્થિકમાં વિરોધનો અભાવ છે. એ અર્થને જણાવવા માટે જેમ પિતામાતાનું પ્રિય થાય તેમ આવ્યા છે. અને તેમને સુખ આપશે. એમ કરવાનું તેને સામર્થ્ય છે. તેથી 'ભગવાન્' કહ્યા છે. એમ ગુપ્ત રીતે આવવાનું કારણ કહે છે. તે સાત્વતના પતિ છે. યાદવો[3] અને ભગવદ્ભક્તોના પતિ છે. યાદવ અને ભક્તિમાર્ગના અનુરોધથી[4] તેઓ આવશે. 'પ્રીતિમાવહ'[5] એ વાક્યથી આમ કહ્યું છે નહિ તો શાસ્ત્રાર્થમાત્ર[6] કહેત. ૩૪.

---

૧. ''લૌકિકભાષયા 'દ્રષ્ટુમેષ્યામઃ' '' એ લૌકિક ભાષા છે. ભગવાન્ લૌકિક ભાષા બોલ્યા છે તેથી અચ્યુતપણાને બાધ નથી આવતો. 'એવમિતિ' જેમ ગોપીઓ ન જાણે તેમ નંદરાયને દર્શન આપશે.(પ્ર)

૨. 'નન્દં દ્રષ્ટુમ્' અહિં શ્રીહરિધનચરણ આજ્ઞા કરે છે કે વિયોગ બે જાતનો છે. ધર્મીરૂપ-ધર્મરૂપ. તેમાં ધર્મીરૂપ સ્વામિનીઓનો આગળના અધ્યાયમાં કહેશે. ધર્મરૂપ આ અધ્યાયમાં કહે છે તેમાં સ્વરૂપરક્ષા માટે સંયોગાત્માધર્મિરૂપ આવશ્યક છે. નહિ તો વિયોગથી એમના દેહોનો અન્યથા ભાવ થાય. અગ્નિસંબંધથી અગ્નિરહિતનો દાહ થાય તેમ. પણ સ્વરૂપથી આવે તો, ધર્મથી આવે તો નહિ. તેથી તેનું દર્શન બધાને ન થાય. સ્વામિનીમાં તો ભગવાને અલૌકિક સામર્થ્યનું દાન કર્યું છે તેથી તેના દેહો વિયોગાત્મક બનાવ્યા છે. આનું નામ ધર્મિવિયોગ કહેવાય, તેમાં અગ્નિથી અગ્નિ ન બળે તેમ વિયોગથી દેહનો અન્યથા ભાવ ન થાય. તેથી સ્વામિનીની પ્રતીતિમાં ભગવાન્ નથી પધાર્યા. તે વખતે સંયોગાત્મા આવે તો ઉલટો નાશ થાય. તેમને વિયોગાત્મક બનાવ્યા છે માટે. તેથી ફરીને સંબંધ થાય તો સર્વદાહ થાય તે આગળના અધ્યાયમાં કહેવાશે એમ પૂર્વાપરના અવલોકનથી સિદ્ધ થાય છે.(લે)

૩. 'યાદવાનામિતિ' એ ભાવ કહેવાથી તેની ઉપર કૃપા નથી એવી શંકા દૂર કરી. તેવી રીતે નંદના આશ્વાસનનું તાત્પર્ય બોલીને કર્યું.(પ્ર)

૪. 'માર્ગાનુરોધાત્ ઈતિ' ભક્તિમાર્ગના અનુરોધથી. પ્રકટ ન આવ્યા અને ગુપ્ત આવ્યા તેમાં બે કારણ છે. સર્વથા ન આવે તો ભક્ત રક્ષા ન થાય. તો ભક્તિમાર્ગ ન ચાલે. સાત્વતપદના બે અર્થ કરીને બે વ્યાખ્યાન કર્યાં છે. ભક્તાનુરોધ અને માર્ગાનુરોધ એવા બે અર્થો તેમાંથી કાઢ્યા છે. (લે).

૫. 'પ્રીતિમાવહ' એ વાક્ય અન્યથા(પ્ર)

૬. શાસ્ત્રાર્થ 'માત્રમ્' 'અન્તર્હૃદિ' ઈત્યાદિથી શાસ્ત્રાર્થ કહ્યો છે તેટલો રહે. (પ્ર)

ભગવાન્ એમ આવશે એમાં અને આવશ્યકતામાં શું પ્રમાણ ? ત્યાં કહે છેઃ

**હત્વા કંસં રઙ્ગમધ્યે પ્રતીપં સર્વસાત્વતામ્ ।।**
**યદાહ વઃ સમાગત્ય કૃષ્ણઃ સત્યં કરોતિ તત્ ।।૩૫।।**

સર્વ ભક્તોનો વિરોધી કંસ તેને રંગમાં માર્યો અને આપની પાસે આવીને ભગવાન્ જે બોલ્યા છે તે પોતાનું વાક્ય ભગવાન્ સત્ય જ કરશે. ૩૫.

કંસને મારીને ભગવાન્ જે બોલ્યા છે તે પણ આપની પાસે આવીને જે કહ્યું છે. તે સત્ય કરશે જ. કંસને કોઈ નિમિત્તથી મારવો હતો ત્યાં સુધી તો તેવું બોલે પણ ખરા. ગોપીઓની પ્રત્યે આવવાનું કહ્યું છે તે તો શાસ્ત્રાર્થરૂપે પણ ઘટે. કંસ માર્યા પછી તો પ્રયોજન ન હોવાથી પરોક્ષ કથા કહેવાનું નિમિત્ત નથી. કંસ કપટ કહે તો ભગવાન્ તુરત મારે નહિ. તો ભગવાન્ અક્લિષ્ટ[1] કર્મા[2] તેને મારે નહિ. તેને જલદી મારવો છે કારણ કે સર્વ ભક્તોનો તે વિરોધી છે પહેલાં[3] અન્યથા કરવાનું જ્ઞાપક કહે છે. રંગની અંદર લીલા થવી જોઈએ ત્યાં તેને મારવો પડ્યો તે ઉપરના કારણને લઈને જ. તેમાં પણ તમારી પાસે આવીને તમને વિનતિ કરી, તે પણ ફલરૂપ કૃષ્ણે કરી. તેથી [4]હેતુવાદ[5] કરવાનું કાંઈ પ્રયોજન ન હોવાથી કહેલું વાક્ય સત્ય કરશે જ. વર્તમાન પ્રયોગથી અત્યારે પણ તે આવ્યા છે તે દેખાય છે. અથવા વર્તમાનસમીપમાં વર્તમાન પ્રયોગ સમજો તો પણ આવશે એમાં કોઈ પ્રકારનો વિરોધ નથી. ૩૫.

તમે કહો છો હમણાં આવ્યા છે છતાં દેખાતા નથી તેમ હવે પછી આવશે. તેને જોવા ન જોઈએ તે આવે કે સત્ય કહે તેમાં શું ? ત્યાં કહે છેઃ

**મા ખિદ્યતં મહાભાગૌ દ્રક્ષ્યથઃ કૃષ્ણમન્તિકે ।।**
**અન્તર્હૃદિ સ ભૂતાનામાસ્તે જ્યોતિરિવૈધસિ ।।૩૬।।**
**ન હ્યસ્યાસ્તિ પ્રિયઃ કશ્ચિન્નાપ્રિયો વાસ્ત્યમાનિનઃ ।।**
**નોત્તમો નાધમો નાપિ સમાનસ્યાસમોપિ વા ।।૩૭।।**

જેમ કાષ્ઠમાં અગ્નિ રહે તેમ સર્વ ભૂતોના અંતર્હૃદયમાં રહેનાર કૃષ્ણને આપ સમીપમાં જોશો કેમકે આપ બડભાગી છો માટે ખેદ ન કરો. એને કોઈ પ્રિય નથી, અપ્રિય નથી છતાં પોતે અમાની છે. તે પોતે સમાન છે તેને કોઈ ઉત્તમ

૧. 'નાન્યથા' અક્લિષ્ટકર્મા બીજી રીતે તો મારે નહિ.(પ્ર)
૨. 'નાન્યથા' પોતે અક્લિષ્ટકર્મા બીજા પ્રકારે તેને ન મારે.(લે)
૩. અન્યથા કરવું એટલે પ્રતિકૂલતાથી કરવું.(લે)
૪. 'હેતુવાદ' એટલે કાપટ્યથી કહેવું. નિરપેક્ષ હોવાથી સારું લગાડવા માટે કપટથી કહેવામાં પ્રયોજનનો અભાવ કહ્યો.(લે)
૫. કામને નિમિત્ત કરીને કહેવું એ વાદનું નામ હેતુવાદ કહેવાય. (પ્ર)

અધમ નથી કે અસમ પણ નથી. ૩૬-૩૭.

ભગવાનના દર્શનને માટે આપ બંને ખેદ મા કરો. આપને દર્શન થવા માટે સ્વરૂપની યોગ્યતારૂપ કારણ છે. આપ મહાભાગ છો એમ પ્રતીતિ થાય છે. અનુમાનથી પણ આપનું મોટું ભાગ્ય પ્રતીત થાય છે. તેથી તે ભાગ્ય જ આપને કૃષ્ણનાં દર્શન કરાવશે માટે દર્શનમાં સંદેહ ન કરો. યોગથી કે જ્ઞાનથી દર્શન થાય તેવાં નહિ પણ તમે તો તમારી પાસે કૃષ્ણને જોઈ શકશો. લૌકિકમાં ભગવાનની જરુર છે માટે રામનું નામ નથી લીધું. તેનો પ્રાદુર્ભાવ સર્વત્ર સુગમ છે એમ બતાવવા માટે અંદર નિરૂપણ કરે છે કે ભૂતના હૃદયમાં છે. તે કોઈ બીજા હશે તે શંકા ન થવા માટે 'સઃ' તે કહ્યા. જેને આપ ઈચ્છો છો તે જ સર્વના હૃદયમાં રહે છે. તેમાં પ્રમાણ કે તે ભૂતો છે. નહિ તો તે પ્રાણિ કેમ થઈ શકે ? આધાર[1] વગર[2] અન્નાદિ[3] ક્રિયાની સ્થિતિનો અસંભવ છે તેથી સૂત્ર[4] (ક્રિયારૂપ પ્રાણ)ની અપેક્ષા એ પણ આધારપણાથી સર્વત્ર રહે છે. હૃદયની[5] અંદર તો પ્રતીતિ થાય છે તેટલો વિશેષ કહ્યો છે. જીવ[6] કે આસન્ય ન સમજવા એમ કહેવા દૃષ્ટાંત કહે છે. જેમ કાષ્ઠમાં અગ્નિ

૧.'આધાર ઈતિ અન્નાદ્ભૂતાનિ જાયન્તે' એ પક્ષમાં અન્નાદિએ કરેલી જનનાદિ ક્રિયા આધાર વગર થઈ ન શકે.(લે)

૨. ભગવાન્ ન હોય તો કેમ ન જીવાય ? ત્યાં કહે છે. 'કો હ્યેવાન્યાત્ કઃ પ્રાણ્યાદ્યદેષ આકાશ આનન્દો ન સ્યાત્' ઈત્યાદિ શ્રુતિથી હૃદયાકાશમાં આનંદની સ્થિતિને લીધે જીવન ચાલે છે. તે 'અન્નમયં હિ સોમ્ય મનઃ આપોમયઃ પ્રાણસ્તેજોમયી વાક્' એ શ્રુતિમાં કહેલ મન, વાણી, પ્રાણ તેના પોષક અન્નાદિને અધીન છે તે જો દેહમાં આનંદ ન હોય તો તેની સ્થિતિ સંભવે જ નહિ. સપ્તાન્નબ્રાહ્મણમાં તો મુખ્યપ્રાણનું માહાત્મ્ય કહ્યું છે ત્યાં તેનાથી જ બધું થાય છે તો તમે આનંદને જ બધાનું કારણ કેમ કહો છો ? ત્યાં કહે છે.(પ્ર)

૩. અન્નથી જનન થાય પણ તે ધર્મ છે તેનો ધર્મિ જોઈએ કેમ કે ધર્મિ વગર ધર્મો રહી ન શકે. તેથી સર્વત્ર સર્વદા કારણત્વેન ભગવાન્ સિદ્ધ છે તેના આધારે જનનાદિ ધર્મો પ્રતીત થાય છે.(લે)

૪. બીજી શ્રુતિ છે તેમાં કહે છે પંદર દિવસ ન ખાજે એમ કહી તેની પરીક્ષા કરતાં મનનું પોષણ ઓછું થયું છે તેના અતિદેશથી મુખ્ય પ્રાણનું પણ પોષણ જલથી થાય છે. મન અણુ થઈ જાય અને પોષણ ન મળે તો તે કાર્ય ન કરી શકે, તેથી આસન્ય વ્યાપારસહિત હોય તે જીવનમાં નિમિત્ત છે. પણ તેનો વ્યાપાર આનંદની સ્થિતિથી છે. તે કરતાં પણ આધારત્વેન આનંદ જ નિમિત્ત છે. સર્વત્ર આધારપણાથી ભગવાન્ રહે છે એમ ન કહેવાય પણ હૃદયમાં મૂલસ્થિતિ કહો. ત્યાં કહે છે.(પ્ર)

૫. ભૂતના હૃદયમાં તે રહે છે તે પ્રતીતિને માટે વિશેષ કહ્યો છે. આમાં પ્રમાણ શું ?(લે)

૬. જીવ અને આસન્યની નિવૃત્તિને માટે દૃષ્ટાંત કહે છે. તે દૃષ્ટાંતના બલથી કહ્યો તે જ અર્થ નિશ્ચિત થાય છે. તે(લે)

રહે છે. લાકડું અને ઘડો પૃથ્વીમાંથી[૭] થાય છે છતાં ઘડો જળમાં ડૂબે છે ત્યારે લાકડું તરે છે. ઘડો બળતો નથી, લાકડું બળે છે. તેથી ઘડા જેવાં લાકડાં વિગેરે નથી. તે ઉત્પત્તિમાં પણ ભૂમિના અંશ પોતાની સમાન ગ્રહણ કરતાં નથી. તેથી જણાય છે કે તે બધા અગ્ન્યાત્મક છે જલથી[૮] પુષ્ટ થાય છે. બંનેને વ્યવધાન કરાવનાર માયાની જેમ સૂક્ષ્મ પૃથ્વીના અવયવો છે. બંને જાય[૯] તો ભસ્મ થાય ત્યાં સુધી તે લાકડું કહેવાય છે. લાકડામાં ઝાઝો ભાગ અગ્નિનો છે. જલને ઠેકાણે અહિં 'આસન્ય' છે. પૃથ્વીના અંશને સ્થાને જીવ છે. તેમ સર્વત્ર ભગવાન્ બધા ચેતનમાં રહી ઉભા થાય છે, ચાલે છે તેથી જણાય છે. લાકડાંમાં અગ્નિ હોવાથી મથન કરવાથી પ્રકટે તેમ મનુષ્યમાં યોગાદિથી પ્રકટ[૧૦] થાય છે તે તેમાં ન હોય તો પ્રકટે નહિ. ૩૬-૩૭.

એમ ભગવાનના પ્રાકટ્યમાં સુલભતા બતાવી. તો પણ તે દુર્લભ છે એમ કહેવા માટે લૌકિકમાં લઈ જનાર બધા સંબંધોનું વારણ કરે છેઃ

**ન માતા ન પિતા તસ્ય ન ભાર્યા ન સુતાદયઃ ।।**
**નાત્મીયો ન પરશ્ચાપિ ન દેહો જન્મ એવ ચ ।।૩૮।।**

તેને માતા, પિતા, સ્ત્રી, પુત્રો, પોતાના, પારકા, દેહ, જન્મ વિગેરે કોઈ પણ નથી. ૩૮.

આનાથી અસૂયાનું પણ નિવારણ કર્યું. ભગવાન્ કોઈને ઠપકો દેવા લાયક નથી. તે કૃષ્ણ સર્વના અંતર્યામી છે તેને યશોદા વિગેરે માતાપણાથી પ્રસિદ્ધ છે પણ તેને કોઈ મા નથી. તેમ નંદરાય વિગેરે બાપ પણ નથી, સીતા વિગેરે સ્ત્રીઓ ભગવાનને નથી, કુશ વિગેરે પુત્રો તેને નથી, ગદાદિ તેના ભાઈ પણ નથી, પોતાની જેના ઉપર સત્તા ચાલે એવો આત્મીય કોઈ નથી, પર[૧] એટલે શત્રુ નથી, તેમ કોઈ પારકો નથી, કોઈ ઉદાસીન પણ તેને નથી, આ વાત નિશ્ચિત થએલી છે. તેથી એવ કહ્યો છે. તેને 'દેહ' પણ નથી આ ગણાવ્યા તે સંબંધીઓની જરુર પડે તેનું કારણ જન્મ પણ જેને નથી. 'એવ'કાર પૂર્વની પેઠે નિશ્ચય વાચક છે. 'વા' અનાદરાર્થક છે. તેથી જે કાંઈ સંભવે એવું હતું તે બધાનો અહિં નિષેધ કર્યો છે. ૩૮.

જ્યાં સુધી કર્મ છે ત્યાં સુધી જન્મ મટતું નથી. કર્મો તો પ્રસિદ્ધ છે તો

---

૭. 'ભૂરુહ' ઈત્યાદિથી કહ્યું છે. તેનો અતિદેશ કરે છે.(લે)
૮. 'જલ' ઈત્યાદિ તેમાં ગમક કહે છે.(લે)
૯. અગ્નિ અને જલ એ બે જીગ્યાએ. (લે)
૧૦. જો ભૂતમાં આત્મા ન હોય તો યોગથી પ્રકટ થાય છે તે ન થાય. (પ્ર)
૧. સંબંધી એટલે પરસંબંધી. પર શબ્દથી શત્રુ અને પારકું એ બંને અર્થ લઈ શકાય છે. તેથી બે અર્થો લીધા છે.(પ્ર)

જન્માદિનો અભાવ કેમ કહેવાય ? એ શંકાના ઉત્તરમાં કહે છેઃ

**ન ચાસ્ય કર્મ વા લોકે સદસન્મિશ્રયોનિષુ ।।**
**ક્રીડાર્થઃ સોપિ સાધૂનાં પરિત્રાણાય કલ્પતે ।।૩૯।।**

સત્, અસત્ અને મિશ્રયોનિ લોકમાં મળે એવું આનું કોઈ કર્મ નથી. તો પણ તે ભક્તનું પાલન કરવા માટે પધારે છે એમ લોકો કલ્પે છે. ખરી રીતે તો તેમનો બધો ક્રીડાભાવ છે. ૩૯.

અંતર્યામી અને નિર્લેપ તેમ જ અગ્નિની પેઠે સર્વના દાહક ભગવાનને ઉત્કૃષ્ટ, અપકૃષ્ટ અને મિશ્રભાવથી દેવ તિર્યઙ્ મનુષ્યરૂપમાં જન્મ થાય એવું એનું કર્મ નથી. તેમાં 'વા' અનાદરમાં છે. કર્મ થાય તો પણ તે કાંઈ ન કરે. ત્યારે આ બધું શા માટે કરે છે ? તેના ઉત્તરમાં કહેવાનું કે તે બધી ક્રીડા છે, આ બધો ભાવ* ક્રીડાર્થક છે. ક્રીડા કરવામાં પણ ભક્તોનું સર્વતઃ રક્ષણ થાય છે. ભગવાનનું ઉદ્દેશ્ય નથી પણ લોકો કલ્પે છે. જેમ સૂર્ય આવે ત્યારે અંધકાર એની મેળે ચાલ્યો જાય તેને માટે સૂર્યને પ્રયત્ન નથી કરવો પડતો. જેમ મહારાજા રમત ગમત માટે આવ્યા હોય તો પણ ચોરનો ભય ન થાય તેમ ભગવાનનું આગમન લોકહિતાર્થ છે. ૩૯.

એ પણ અંગીકાર કરીને કહેવાય છે. મતાંતરમાં તો તે પણ નથી. એમ કહેતાં પહેલાં કહ્યું તેમાં યુક્તિ કહે છેઃ

**સત્ત્વં રજસ્તમ ઈતિ ભજને નિર્ગુણો ગુણાન્ ।।**
**ક્રીડન્નતીતોત્ર ગુણૈઃ સૃજત્યવતિ હન્ત્યજઃ ।।૪૦।।**

પોતે નિર્ગુણ છે છતાં સત્ત્વ, રજ અને તમ એવા ગુણને પોતે ભજે છે. તે ગુણથી ક્રીડા કરે છે છતાં તેનાથી જૂદા છે. પોતે અજ છે છતાં તે ગુણોથી જગતને સૃજે છે, રક્ષા કરે છે અને સંહાર કરે છે. ૪૦

સ્વયં નિર્ગુણ છતાં મૂલભૂત આ ગુણોથી ક્રીડા કરે છે. તે ગુણોનું વિશેષ પ્રયોજન કહે છે. આ જગતને સૃજે છે, રક્ષે છે અને સંહાર કરે છે. ૪૦.

જેમ[1] પોતે 'અજ' છે, સ્વરૂપથી પ્રકટ થતા નથી, નહિ[2] તો કાર્યરૂપ જન્મ અવશ્ય થાય. આત્મસૃષ્ટિ ન હોય ત્યારે ગુણથી સૃષ્ટિ થાય છે. જીવોને[3]

* ભગવાનનો ધર્મ, થવું, ક્રીડાભાવ એટલે ક્રીડારૂપપણું. (પ્ર)

૧. જેમ ભગવાન્ ઉત્પન્ન થતા નથી તેમ કર્તૃત્વ પણ તેમાં નથી.(લે)

૨. સ્વરૂપ સૃષ્ટિમાં. મતાંતરમાં ત્રિગુણાત્મક જગત્ છે, બ્રહ્માત્મક નથી.(લે)

૩. ખરી રીતે જીવોનો ભગવાન્ સાથે અભેદ છે. જીવના કર્તૃત્વનો નિષેધ છે તેમ ભગવત્કર્તૃત્વનો પણ નિષેધ છે એવો ભાવ છે. 'યથા સ્વયમજ' ત્યાંથી લઈને 'ન તુ વસ્તુતઃ કર્તા' ત્યાં સુધી બધું મતાંતર છે. સ્વમતમાં તો 'સત્ત્વં' એ શ્લોકમાં પ્રાકૃત ગુણનાં

ઔપાધિક ભેદથી તેમાં ભેદનો સંભવ છે. તેથી આત્માને કર્તાપણું ક્યાંય પણ નથી. તેને અંતઃકરણના અધ્યાસથી કર્તૃપણું છે સ્વતઃ નથી. એમ દૃષ્ટાંતથી ઉપપાદન કરતાં કૈમુતિક ન્યાયથી ભગવાનમાં કર્તાપણાનો નિષેધ કરે છે.

**યથા ભ્રમરિકાદૃષ્ટ્યા ભ્રામ્યતીવ મહીયતે ।।**

**ચિત્તે કર્તરિ તત્રાત્મા કર્તૈવાહં ધિયા સ્મૃતઃ ।।૪૧।।**

જેમ ચક્રવત્ ફરતાં ભ્રામકનેત્રથી પૃથ્વી ફરતી હોય તેમ દેખાય છે તેમ ચિત્તના કર્તૃત્વમાં બુદ્ધિ વડે આત્મા પણ પોતાનું કર્તૃત્વ સ્વીકારે છે. ખરી રીતે આત્મા કર્તા નથી. ૪૧.

જે વંટોળીઆની પેઠે ફરે છે તેની દૃષ્ટિ ભ્રમરિકા થાય છે. તે દૃષ્ટિ વડે પૃથ્વી ફરતી હોય તેમ દેખાય છે. એમ ન હોય તો ક્ષણાંતર પછી ભ્રમણ દેખાય. અથવા નહિ ફરનારને પૃથ્વી ફરતી દેખાવી જોઈએ. તેમ ચિત્તમાં અહંકાર કર્તા થાય ત્યારે હું કર્તા છું એવો અહંકાર તેનો પ્રેરક થાય છે. ત્યારે પ્રાપ્તાપ્રાપ્તવિવેકથી અહંકાર કર્તા થાય છે. અહંબુદ્ધિથી જીવ પણ કર્તા જ કહેવાય. ખરી રીતે જીવ કર્તા થતો નથી. એમ[૪] કેટલાક દૃષ્ટાંત દાર્ષ્ટાંતિકભાવ વડે એકવાક્યતા કરી આ શ્લોક લગાવે છે. ખરી રીતે તો આમાં બે દૃષ્ટાંત અંદર અને બહારના[૫] ભેદથી જોઈએ. એમ ન માનો તો 'ઈવ'ની સંગતિ થશે નહિ. દૃષ્ટાંતમાં તથા વિષયમાં અન્યથા બુદ્ધિ થશે. દાર્ષ્ટાંતિક માં કર્તરિ એમાં અસામંસ્ય થશે અને અનુપયોગી અર્થ થશે. જ્યાં સુધી સાક્ષાત્ ભગવચ્ચરિત ઘટતું[૬] હોય ત્યાં સુધી પ્રાસંગિકપણાથી યોજના કરવી ઉચિત્ ન કહેવાય. તેમાં[૭] ભગવાન્ બ્રહ્મરૂપ પોતે તેવા[૮] જ પ્રકટ થયા છે. જેના સ્વરૂપ ગુણ[૯] અને ક્રિયા નિત્ય છે. પરંતુ તેને પુરુષની દૃષ્ટિ ક્રમથી[૧૦] ગ્રહણ

---

નિષેધથી પુત્રત્વાદિ ધર્મોમાં સચ્ચિદાનંદત્વ કહ્યું. 'યથા' એ શ્લોકમાં પણ 'એતે ભાવાઃ સચ્ચિદાનંદાત્મકા એવ' તેમાં સ્વધર્મના આરોપથી પ્રાકૃતત્વપ્રતીતિ ભ્રાંતિથી છે. તે સ્વમતના અર્થમાં દૃષ્ટાંત આપીને સિદ્ધ કર્યું.(લે)

૪. 'એવં' મતાંતર પ્રકારે વ્યાખ્યાન કરવાથી.(પ્ર)

૫. પુત્રત્વાદિ ધર્મો સ્વરૂપાંતર્ગત છે તેમાં પહેલો દૃષ્ટાંત. સ્વયં બહાર પ્રકટે તેમાં બીજો દૃષ્ટાંત છે.(લે)

૬. જેને માટે દૃષ્ટાંત આપ્યું હોય તે દાર્ષ્ટાંતિક કહેવાય. તેમાં ભગવચ્ચરિત્ર ઘટતું હોય તો પ્રાસંગિક યોજના ઠીક નહિ. એમ મતાંતરમાં સ્વારસ્ય નથી એમ કહીને સિદ્ધાંતની રીતિથી બે દૃષ્ટાંત ભગવચ્ચરિત્રમાં ઘટાવે છે.(પ્ર)

૭. આત્મસૃષ્ટિના અભાવ પક્ષમાં.(પ્ર)

૮. જેવાં રૂપ, ગુણ અને ક્રિયાવિશિષ્ટ દેખાય છે તેનું વિવરણ.(પ્ર)

૯. નિત્યસ્વરૂપગુણક્રિયારૂપ કહ્યા તેથી પૂર્વ શ્લોકમાં 'નિર્ગુણ' અને 'અનીહ'ને ગુણક્રિયા-

કરે છે. તે ગ્રહણ કરનારી દષ્ટિ પોતાના[૧૧] ધર્મો ભગવાનમાં મૂકે છે. ત્યારે બાહ્યરૂપ પ્રાકૃતસંબંધી જ્યાં જ્યાં જણાય છે, ત્યાં ત્યાં દેખાતું તેવું તેને કલ્પિ લે છે. તેથી[૧૨] ભગવાનમાં તેવા [૧૩]ધર્મો[૧૪] યોગ્ય નથી. પોતાના ભ્રમથી પરમાનંદમાં પ્રાકૃતત્વ પ્રતીતિ થાય છે. વળી[૧૫] સ્મૃતિમાં સાંખ્યાદિશાસ્ત્રમાં ચિત્ત કરે ત્યાં આત્મા કર્તા હોય છે. કેમ કે આત્મા ચિત્તમાં અધ્યસ્ત છે. તેમ ભગવાનમાં પોતાના સંબંધથી તે[૧૬] તે ભાવ દેખાય છે. ખરી રીતે ભગવાન તેવા નથી. તેથી[૧૭] તે પૂર્ણ છતાં વ્યાપક છે. પરિછિન્ન દષ્ટિ વડે તે તે પદાર્થોમાં અભિવ્યક્તિ વડે સૂર્યની જેમ સંબદ્ધતાથી તેવા[૧૮] દેખાય છે અથવા સ્વધર્મના આરોપથી તેમ લોક માને છે. ખરીરીતે[૧૯] તો તે દેખાતા પણ નથી. તેથી[૨૦] પૂર્ણ પરમાનંદ પરિછેદક દષ્ટિથી કે તેમની ઈચ્છાથી ક્વચિત્ દેખાય છે, ક્વચિત્ નથી પણ દેખાતા. જેમ હમણાં ભગવાનની ઈચ્છાથી

---

વિશિષ્ટના નિષેધમાં પર્યવસાનતા હોવાથી. તેવા રૂપના નિષેધમાં તાત્પર્ય જતું નથી એમ કહ્યું. ત્યારે બાલ્યપૌગંડાદિ તે તે રૂપલીલા સર્વદા દેખાવી જોઈએ. એ શંકાનિવૃત્તિને માટે પહેલું દષ્ટાંત કહે છે.(પ્ર)

૧૦. દેશકાલપરિછેદરૂપ ક્રમ પ્રાકૃતસંબંધી જ હોય છે. આપણી દષ્ટિસંબંધી હોય છે. તે તે દેશ અને કાલમાં તથા તે તે દેશકાલવિશિષ્ટરૂપે. જેમ ભ્રમરિકા દષ્ટિ સ્વધર્મ મહીમાં યોજે છે તેમ લૌકિક દષ્ટિ.(પ્ર)

૧૧. સ્વધર્મ ક્રમ ભગવાનમાં યોજે છે. તેથી સર્વદા સર્વરૂપ લીલાનું ભાન થતું નથી. હવે સિદ્ધ કહે છે.(પ્ર)

૧૨. તસ્માત્ ઈતિ.(પ્ર)

૧૩. આરોપિતદોષવાળા ધર્મો ભગવાનમાં યોગ્ય ન કહેવાય પણ નિત્યધર્મો જ તેમાં છે. (લે)

૧૪. 'એતે ઈતિ' દેશાદિ વૈશિષ્ટ્યરૂપા. બીજા દષ્ટાંતને યોજે છે.(પ્ર)

૧૫. 'કિંચ'.(પ્ર)

૧૬. તે તે ભાવ એટલે પુત્રાદિ ભાવો. એમ બે દષ્ટાંત કહીને હવે પ્રતીત થતું વ્યુત્પાદન કરે છે.

૧૭. 'તત' ઈત્યાદિ. જેમ સર્વત્ર સંબંધવાળો સૂર્ય તે તે દેશમાં રહેતા લોકો સમીપ વૃક્ષની ડાળી આગળ સૂર્ય છે એમ માને છે તેમ ભગવાનને પણ પોતાના અભિપ્રાયથી માને છે. બીજા દષ્ટાંતમાં તો પ્રતીતિ સ્ફૂટ છે.(પ્ર)

૧૮. તથા એટલે પુત્રાદિરૂપે. ત્યાં શંકા કરે છે કે એવા વ્યાપક બ્રહ્મમાં ધર્મનો ભ્રમ કેમ સંભવે ? ત્યાં કહે છે(પ્ર)

૧૯. ખરી રીતે તો ભગવાન્ દેખાય પણ નહિ કેમ કે 'પરાઞ્ચિ ખાનિ' 'ન ચક્ષુષા દશ્યતે' ઈત્યાદિ શ્રુતિ પ્રાકૃત ઈન્દ્રિયથી ભગવાનને અગ્રાહ્ય ગણે છે ત્યારે તો ધર્મભ્રમનો સર્વથા અયોગ છે. પૂર્વપ્રતીતિનો વિરોધ પણ સ્પષ્ટ છે. ત્યાં કહે છે.(પ્ર)

૨૦. 'અતઃ' પૂર્ણ પરમાનંદ પરિછેદકદષ્ટિથી એની ઈચ્છાથી ક્યાંક દેખાય છે ક્યાંક નથી દેખાતા. (પ્ર)

મથુરાના લોકો ભગવાનનાં દર્શન કરે છે. તમો દર્શન કરતા નથી. જેમ અમો દર્શન કરીએ છીએ છતાં તમે કહો છો અહિં ભગવાન્ નથી, પણ મથુરામાં છે, એવો તમારો ભ્રમ છે. તમો આવા ભ્રમને છોડીને સર્વત્ર ભગવાનને જાણો. સાક્ષાત્કાર તો તેની ઈચ્છાથી થશે. ૪૧.

ત્યાં કહે છે કે અમે તો આજ સુધી આને અમારા પુત્ર તરીકે ગણ્યા છે હવે અત્યારે એને પુત્ર નથી એમ કેમ કહીએ ? અથવા અમે પોતાને ભ્રાંત કેમ માનીએ ? ત્યાં કહે છેઃ

**યુવયોરેવ નૈવાયમાત્મજો ભગવાન્ હરિઃ ।।**
**સર્વેષામાત્મજો હ્યાત્મા પિતા માતા સ ઈશ્વરઃ ।।૪૨।।**

ભગવાન્ હરિ તમારા જ પુત્ર છે એમ ન માનો. તે સર્વના પુત્ર અને આત્મા છે પિતા પણ તે જ છે માતા તે છે, ઈશ્વર પણ તે જ છે. ૪૨.

જે ભગવાનની લીલાથી ભગવાન્ પુત્ર થયા છે. તેથી અમે તેને પુત્ર માનીએ છીએ એવું મત હોય તો તે તમારા જ છે અને બીજાના નથી એવું નથી. કિંતુ સર્વના તે પુત્રાદિ છે. તે સર્વના આત્મા છે. તે જો આધિદૈવિક પ્રકારે તેના[1] પુત્રત્વાદિરૂપે ન થાય તો સંસારમાં પ્રાણીને પુત્રથી આનંદ ન થાય. 'કો[2] હ્યેવાન્યાત્કઃ પ્રામાણ્યાદ્યદેવ આકાશ આનંદો ન સ્યાત્ ।' એમ શ્રુતિ કહે છે. કારણ કે તે હરિ છે. વગર કારણે બધાનાં દુઃખ હરનાર છે. ભગવાન્ સમર્થ છે, જો સમર્થ થઈને દુઃખને દૂર ન કરે તો અયોગ્ય થાય. તેથી યોગ્યતાને માટે બધાના આત્મજ થાય છે, આત્મા એટલે દેહરૂપ થાય છે, તેમ જ પિતા છે, સંઘાત તો બીજ છે, માતા યોનિ છે, તે જીવ છે, ઈશ્વર તેનો નિયંતા અંતર્યામિ છે, એવા ભગવાન્ સર્વના છે તેથી તમારા પુત્ર થયા તેમાં શું આશ્ચર્ય છે ? ભગવાન્ હું નંદરાયનો પુત્ર છું એમ પ્રસિદ્ધ કરે છે. ૪૨.

બધી વસ્તુ ભગવદાત્મક તમે કહી તે ખરું પણ બધાને તેવી પ્રતીતિ થતી નથી પણ આપણે એમ માનીએ છીએ કે ભગવાને આ લીલાને માટે આ કામ કર્યું

૧. 'હિ' શબ્દથી સૂચવેલી યુક્તિ કહે છે કે પુત્રાદિથી આનંદ થાય છે એ અનુભવસિદ્ધ છે. આનંદ ભગવદ્ધર્મ છે. જો પુત્રાદિરૂપ ભગવાન્ ન થાય તો પુત્રાદિથી આનંદ પણ ન થાય એવો અર્થ છે. 'આધિદૈવિકેતિ' સર્વના આધિદૈવિક ભગવાન્ તે પુત્રાદિના પણ આધિદૈવિક થાય. ત્યારે આધિદૈવિક પુત્ર ભગવાન્ તેથી આનંદ છે. 'સ ઈશ્વરઃ' ત્યાં 'સ' શબ્દથી જીવ કહ્યો છે. (લે)

૨. 'કો હ્યેવાન્યાત્' આ શ્રુતિ બ્રહ્મવાદ અને આધિદૈવિકવાદમાં સાધારણ છે. 'સ આત્માનં સ્વયમકુરુત' એ ઉપક્રમથી બ્રહ્મવાદનો અર્થ છે. 'આકાશ આનંદ' એમાં અંતઃસ્થિતિનું શ્રવણ હોવાથી આધિદૈવિકવાદનો પણ સંગ્રહ થાય છે. (પ્ર)

છે તેથી કૃષ્ણ પણ અમારો પુત્ર છે બધાનો નથી. એમ નંદરાય કહે તો તેનો ઉત્તર ઉદ્ધવ આપે છેઃ

**દૃષ્ટં શ્રુતં ભૂતભવદ્ભવિષ્યત્સ્થાસ્નુશ્ચરિષ્ણુર્મહદલ્પકં ચ ।।**
**વિનાચ્યુતાદ્વસ્તુતરાં ન વાચ્યં સ એવ સર્વં પરમાર્થભૂતઃ ।।૪૩।।**

જે જોયું છે, સાંભળ્યું છે, થયું છે, થાય છે, થશે, સ્થિર, ચલ, મોટું, નાનું એ બધું ભગવાન્ વિના નથી. સર્વ તે જ છે, તે પરમાર્થરૂપ છે. ૪૩.

ભગવાન્ સર્વમાં સર્વરૂપ થઈને તેવી રીતે જ્ઞાન[1] કરાવે છે. તે કોઈ ન માને તો તેનું અભાગ્ય સમજો. તમને પણ ભ્રમ હોય તો તમારે ન માનવું. પણ તે સર્વ છે તેથી પુત્રપણું પણ તેમાં માનજો. પણ એકલા પુત્ર જ છે એમ તો ન જ માનશો. પરિછિન્ન દૃષ્ટિથી તેટલું તમે ગ્રહણ કર્યું તેમાં તમે અન્યથા બુદ્ધિ ન કરશો. પ્રત્યક્ષ થાય છે, જે આ લોકમાં છે તે દૃષ્ટ, શ્રુતિ વિગેરેમાં સાંભળેલું એટલે પરલોકમાં થનારું તે શ્રુત કહેવાય. ભૂત, ભવદ્ભવિષ્યત્ એ કાલથી જેનું માપ નીકળે તે ત્રણ પ્રકારનું કાર્ય સમજો. એનાથી જેનું માપ થઈ શકે છે, જેનું માપ થઈ શકતું નથી, સર્વવિરૂદ્ધધર્મના આધારરૂપ સ્વયં છે એમ કહ્યું. પરિછિન્નમાં પણ અવાંતર ભેદવાળા ભગવાન જ છે. સ્થાવર અને જંગમ તેમાં એક તૃણ અને બીજો મેરુ, એક મચ્છર અને બીજો બ્રહ્મા તે પણ ભગવાન્ છે. તેમાં મોટું અને નાનું એમ ચાર ભેદ થયા. એ ચતુર્મૂર્તિ પોતે ચાર રૂપે થયા છે. કેમ કે તે પોતે અચ્યુત છે. જો એનો કોઈ અંશમાં પરિછેદ થતો હોય તો તે સ્વરૂપથી ચ્યુત થાય. તેથી અચ્યુત વિના બીજી વસ્તુ નથી. પણ તે અચ્યુત જ છે. અચ્યુત વિભક્ત પણ નથી. તેનાથી ભિન્ન પણ કાંઈ નથી. નંદનો પ્રથમ અધિકાર[2] હોવાથી આધિદૈવિક પ્રકારથી વિશ્વાસને માટે ભગવાનનું સર્વપણું કહ્યું કે તે પરમાર્થરૂપ છે. પરમાર્થ ભગવાન્, ભૂત આધિદૈવિક, અપરમાર્થ આધ્યાત્મિક પણ તે અર્થ તો ખરો. ભૌતિક તો

૧. 'બોધયતિ' વેદ વડે બોધ કરે છે. (પ્ર)

૨. 'પ્રથમાધિકારિત્વાત્' ઉપદેશમાં તે પ્રથમાધિકારી છે. 'ભૂત' જે જે પ્રકારે અત્યારે થાય છે તે તે પ્રકારે તે પ્રથમ પણ સિદ્ધ જ છે. તે દેવો-ઈન્દ્રિયોના અધિષ્ઠાતાઓમાં નિયામકપણાથી વિદ્યમાન હોવાથી આધિદૈવિક કહેવાય છે. એ પ્રકાર બીજાની અપેક્ષાએ અપકૃષ્ટ છે તેથી પ્રથમ કરતાં તેનું અપકૃષ્ટત્વ કહેવા માટે અને પ્રસંગને લઈને આધ્યાત્મિક, આધિભૌતિક નામના બીજા બે પ્રકાર કહે છે. અપરમાર્થ ઈત્યાદિથી કહે છે. અપરમાર્થ એટલે તેમાં ન હોય છતાં થાય તે જેમ ઘીમાં દ્રવતા નથી છતાં અગ્નિને લીધે દ્રવતા તેમાં દેખાઈ તે અપરમાર્થ, તે ભગવાનમાં છે તે આધ્યાત્મિક કહેવાય છે. ભૂતમાં થયો તે 'ભૌતિક' તે તો અધ્યાસથી થયો એટલે 'અનર્થરૂપ' ગણાય. ત્યાં શંકા કરે છે કે આ ભેદો શ્રુત્યાદિસિદ્ધ છે, તેનો અપકર્ષ કેમ કહેવાય ? ત્યાં કહે છે.(પ્ર)

અનર્થ છે. તેથી[3] બ્રહ્મવાદથી આધિદૈવિકવાદ પૂર્વમીમાંસાસિદ્ધ કાંઈક હલકો. તેનાથી આધ્યાત્મિકરૂપ ભેદવાદ હલકો, તેનાથી માયાવાદ એમ જ્ઞાનના ઉત્તરોત્તર અપકર્ષના પ્રકાર બતાવ્યા. માયાવાદમાં તો આધિદૈવિક[4] પણ ભૌતિક છે. મુક્તિ તો પ્રમેયબલથી થાય. ૪૩.

એમ નંદનો ઉપદેશ સમાપ્ત કર્યો, રાત પણ પૂરી થઈ તે હવે કહે છેઃ

**એવં નિશા સા બ્રુવતો વ્યતીતા નન્દસ્ય કૃષ્ણાનુચરસ્ય નિત્યમ્ ।।**
**ગોપ્યઃ સમુત્થાય નિરૂપ્ય દીપાન્ વાસ્તૂન્ સમભ્યર્ચ્ય દધીન્યમન્થન્ ।।૪૪।।**

નંદરાય સાથે વાતો કરતાં કૃષ્ણાનુચર-ઉદ્ધવજીને એ રાત તો એમ જ ખલાસ થઈ. ત્યાં શ્રીગોપીજનો જાગ્યાં, તેણે દીવાઓ કર્યા, વાસ્તુની પૂજા કરીને તેઓ દહીં મથન કરવા લાગ્યાં. ૪૪.

જે રાતના આરંભમાં ઉદ્ધવ આવ્યા હતા તે રાત તો આમ વાતો કરવામાં ચાલી ગઈ ત્યાર પછી સ્ત્રી સાથે ભગવદ્ગુણ ગાવામાં પણ રાત નીકળે ? તેની વ્યાવૃત્તિ માટે કહે છે કે નંદ અને કૃષ્ણના સેવક ઉદ્ધવની વચ્ચે રાત ગઈ છે. નંદરાય ભગવાનના ભક્ત પ્રસિદ્ધ છે. ઉદ્ધવજી કાંઈક બીજી પણ વાત કરે તેથી તેને કૃષ્ણના અનુચર કહ્યા છે. સેવક તો સ્વામિનું કાર્ય કરવાને આવે તે સ્વામિની વાત જ કરે. 'રાજન્' એ સંબોધનથી તમો જાણો છો એમ સૂચવ્યું છે. રાત ગઈ તેને

૩. 'અત એવ' એ પ્રકારોમાં સર્વથા યથાર્થ રીતે પરમાર્થ, અર્થ અને અનર્થરૂપનો અંગીકાર કર્યો છે. તેમાં કેવલ બ્રહ્મરૂપતા કહી નથી. અહિં એ સમજવાનું છે જેમ કોઈ શ્રુતિ ગૌણ ન થાય, તેમાં વિરોધ ન આવે, તેમ વ્યાસચરણે વિચાર કર્યો છે, બ્રહ્મવાદમાં એ વિચાર સફલ થાય છે, બીજા વાદમાં થતો નથી. તેમાં આધિદૈવિકવાદમાં સર્વના આધિદૈવિક ભગવાન્ સર્વરૂપ કહ્યા તેમાં 'ઈદં'કાર માત્રનો વિરોધ છે. તેથી બ્રહ્મવાદથી આધિદૈવિકવાદનો અપકર્ષ ગણાય. સર્વને સત્ય કહેનાર શ્રુતિઓનો અને આત્મા તથા બ્રહ્મબોધક શ્રુતિઓનો 'સત્યં ચાનૃતં ચ સત્યમભવત્' 'યદિદં કિંચ તત્સત્યવિત્યાચક્ષતે' 'ઈદં સર્વં યદયમાત્મા' સર્વં ખલ્વિદં તજ્જલાન્' 'પુરુષ એવેદં સર્વમ્' 'યદ્ભૂતં યચ્ચ ભવ્યમ્' ઈત્યાદિ બહુ શ્રુતિનો વિરોધ ન આવતો હોવાથી બીજા વાદથી તેનો ઉત્કર્ષ છે. સંકર્ષણકાંડમાં જૈમિનિએ તેનો વિચાર પણ કર્યો છે. ભેદવાદમાં તો સત્તા વાસ્તવિક માની છે. સત્યશ્રુતિનો અવિરોધ છે છતાં બીજી શ્રુતિઓથી વિરોધ આવે છે. તેનો વિચાર નથી કર્યો તેથી તે વાદ અપકૃષ્ટ છે. એવા અપકર્ષને બે મીમાંસાનો વિરોધ કહેવા માટે સ્ફૂટ કરે છે. માયા (સાંખ્યાદિ)વાદમાં જે સર્વ મૂલ આધિદૈવિક તેને આધિભૌતિક છે અનર્થરૂપ માને છે. માયાધીન કર્તાપણું માયિક દેહાદિપણું છે. તદવચ્છિન્નનો કર્તાપણાથી અંગીકાર કર્યો છે. તેમાં મુક્તિ જો ન થાય તો તે વાદમાં બોધકતા કેમ આવે ? ત્યાં કહે છે મુક્તિ તો પ્રમેયબલથી થાય. (પ્ર)

૪. તેમાં તમે ભૌતિકપણાથી જાણ્યા પણ તે આધિદૈવિક છે તે સ્વરૂપથી પ્રચ્યુત નથી તેથી પ્રમેયબલથી તેની મુક્તિ થાય. (લે)

કહેવા માટે ગોપીઓ સારી રીતે ઉઠ્યાં એમ કહ્યું. કોઈ કાર્યવશથી ઉઠ્યાં હોય તેમ નથી, તેમણે તો દીવાઓ કર્યા. એથી તેની સંપત્તિ અધિક જણાવી. દીપાન્ એમ બહુવચન કહેવાથી ભગવાનની મંગલાર્તિ પણ કરી એમ જણાય છે. વાસ્તુપૂજા (એટલે સવારમાં ઉંબરાની પૂજા કરે છે તે) કરી. પૂજા કુલધર્મખ્યાપક કર્મ છે. અથવા ભગવાન્ અહિં બિરાજે છે એ બતાવવા ભક્તિ બતાવવા માટે (ડેરી માંડે) છે. સવારના, બપોરના અને સાંજના જમાવેલાં બધાં દહીંનું[1] મથન આ વખતે થાય. લૌકિકમાં દિવસમાં ત્રણ વાર ગાય દોવાય. વૈદિક દોહ બે વાર થાય, કેટલાક તે પણ ત્રણ વાર થવાનું કહે છે. ઉદ્ધવ ગોપીઓને સંતોષ આપવા આવ્યા છે. ગોપીઓના સુખચરિતથી ઉદ્ધવ રાજી થાય છે એ જ ઉદ્ધવનું આતિથ્ય થયું. નંદના આતિથ્યને તેણે સ્વીકાર્યું તેવું ગોપીઓના આતિથ્યનું નિરૂપણ થયું સમજવું. ૪૪.

જો કે ઉદ્ધવ ગોપીઓનાં સ્વરૂપ તથા તેની સ્થિતિ જોઈને સંતુષ્ટ થયા છે તો પણ તેનો ઉત્કર્ષ પણ કહે છેઃ

**તા દીપદીપ્તૈર્મણિભિર્વિરેજૂ રજ્જુવિકર્ષદ્ભુજકંકણસ્રજઃ ।।**
**ચલન્નિતમ્બસ્તનહારકુણ્ડલત્વિષ્યત્કપોલારુણકુંકુમાનનાઃ ।।૪૫।।**

દીપના પ્રકાશથી શોભતા મણિઓની શોભાવાળી, દધિમથન કરતાં દોરડું ખેંચવાથી હાથના કંકણો અને માલાઓના ચાલવાથી શોભતી, ઉભા થઈને ખેંચતાં સ્તન તથા નિતંબ ચલાયમાન થાય છે તે સ્તન ઉપરના હાર તથા કુંડલના ચાલતાં કપોલ ઉપર પડતા તેજથી તથા કુંકુ વડે અરુણ મુખવાળી ગોપીઓ શોભે છે. ૪૫.

દીપના તેજનું પ્રતિફલન થવાથી મણિઓ પ્રતિબિંબને ગ્રહણ કરે છે તેથી ગોપીઓ વધારે શોભે છે. ગોપીઓ પોતાના સ્વરૂપ કરતાં પણ અધિક કાંતિવાળાં દેખાય છે. તેનાથી તે ભગવાનને યોગ્ય છે એમ કહ્યું. અથવા ભગવાનના ગુણગાનની તેનામાં યોગ્યતા છે. એમ સ્વરૂપનું વર્ણન કરીને ક્રિયામાં તેનો વ્યાપાર છે છતાં તેમાં શોભાનો અતિશય બતાવે છે. દોરડાને[1] ખેંચતા હાથમાં કંકણની[2] માલાઓ છે. સ્થૂલ કંકણ ભગવાનના વિરહમાં પહેર્યાં છે અથવા તે વિરહથી દુર્બલ થતાં કંકણો સ્થૂલ દેખાય છે. નિતંબ અને સ્તન ચલિત થાય છે. સ્તન ઉપર હાર

---

૧. દધીનિ એ બહુવચનથી સવાર, બપોર, સાંજ ત્રણવાર દોહન થાય તેને મેળવી દેવાય એવો કેટલેક વ્યવહાર છે. કેટલાક વૈદિકમાં ત્રણવાર કહે છે જ્યાં પ્રાયશ્ચિત્ત પડે ત્યાં 'પુનર્દોહસંભવાદન્યાં દુગ્ધ્વા પુનર્હોતવ્યમ્' ઈત્યાદિ શ્રુતિ તેનું સમર્થન કરે છે. (લે)

૧. રજ્જુવિકર્ષદ્ભુજ–રજ્જુ વિકર્ષન્તૌ એ છાંદસ સમાસ છે.(લે)

૨. કંકણને માલા કહેવાથી તે દુબળાં જણાય છે એમ કહ્યું. (પ્ર)

ચલિત થાય છે, કાનનાં કુંડલ[3] ચલિત થાય છે અથવા કપોલની ઉપર કુંડલોનું તેજ પડે છે તેનાથી કપોલ અરુણ દેખાય છે અથવા અરુણ કુંકુમવાળા મુખવાળી ગોપીઓ છે. તેથી સર્વાંગની સુંદરતા, તેના આભરણો અને તેમનું ઉત્તમપણું કહ્યું. ૪૫.

એમ સ્વરૂપથી ભગવાનને યોગ્ય આતિથ્ય કહીને ભગવદ્ગુણપરાયણ હોવાથી પણ તેના આતિથ્યને કહે છેઃ

**ઉદ્ગાયતીનામરવિન્દલોચનં વ્રજાંગનાનાં દિવમસ્પૃશદ્ધ્વનિઃ ।।**
**દધ્નશ્ચનિર્મન્થનશબ્દમિશ્રિતો નિરસ્યતે યેન દિશામમઙ્ગલમ્ ।।૪૬।।**

કમલનેત્રવાળા ભગવાનનું ઉચ્ચ સ્વરે ગાન કરતાં વ્રજાંગનાઓનો ધ્વનિ આકાશમાં સ્વર્ગ સુધી પહોંચ્યો. દહિના મંથનનો શબ્દ તેમાં મળવાથી તે શબ્દ દિશાઓના અમંગલને દૂર કરવાને સમર્થ થાય છે. ૪૬.

ધર્મબુદ્ધિથી પણ ગાન થાય છે તેની નિવૃત્તિને માટે 'અરવિન્દલોચન' કહ્યા છે. ભગવાન્ કમલ સરખા નેત્રવાળા અને કોટિકંદર્પ જેવા સુંદર છે. ત્યાં શંકા કરે છે કે ભગવાનના બ્રહ્મત્વાદિ ગુણ કેમ નથી કહેતા ? ત્યાં કહે છે કે કહેનાર વ્રજની સ્ત્રીઓ છે. તેને પોતાનાં સૌંદર્યથી ભગવાને વશ કર્યા છે. તેને બ્રહ્મત્વની કાંઈ જરુર નથી. પ્રશસ્ત છે અંગો જેનાં, તેટલા માટે 'અંગના' કહી છે. એવો અર્થ ન થાય તો વિશેષણ વ્યર્થ જાય. તે વ્રજભક્તૌ લૌકિકવૈદિકનિરપેક્ષ છે. તેથી તેના ગાનમાં વિશેષ છે તેને હવે કહે છે કે તેમણે એવું ઉચ્ચ સ્વરે ગાન કર્યું કે જેનો ધ્વનિ સ્વર્ગને પહોંચ્યો. તે ગાન [1]કાર્ય[2] અને કારણ સહિત[3] થયું. એમ પણ કહેવાયું.

---

૩. 'ચલન્નિતમ્બ' ત્યાં કુંડલ સુધી અર્શાદિ 'અચ્' પ્રથમપક્ષમાં 'યાસામ્' એમ મત્વર્થીય અર્થ કહેવામાં તો 'બહુવ્રીહિઃ' તે ધર્મો જેના છે. ચલિત નિતંબ સ્તન હારો કુંડલો તે યુક્ત એવો અર્થ પ્રથમ પક્ષમાં કરવો. બીજા પક્ષમાં તો હાર સુધીમાં 'અચ્' કરવો. 'કુણ્ડલયોઃ' એમ અર્થનું કથન છે. વિગ્રહ તો 'કુણ્ડલાભ્યાં ત્વિષ્યન્તૌ કપૌલૌ' એમ કરવો. (લે)

૧. કાર્ય સ્વર્ગસ્પર્શ, કારણ ભગવાનમાં પરમ આસક્તિ તેનાથી યુક્ત છે.(પ્ર)

૨. 'વિશેષમાહ' ગાનની ઊર્ધ્વતા અને ધ્વનિનો દ્યુસ્પર્શ એ બે વિશેષ છે. અહિં 'દિન' શબ્દ સ્વર્ગવાચક છે. તેનાથી વાક્ય શેષમાં કહેલ 'આત્મસુખ' પણ લેવું. ધ્વનિ સાંભળવાથી બધાના આત્મસુખ અભિવ્યક્ત થાય છે.(લે)

૩. 'કાર્ય' ધ્વનિ સ્વર્ગમાં પહોચ્યો તે અને કારણ 'ઉત્' અવ્યયથી કહેલી ગાનની ઉર્ધ્વતા તે સાથે ગાન થયું છે.(લે)

૪. 'કારણાધિક્યાત્' કારણ ઊર્ધ્વતા તેના આધિક્યથી શતૃપ્રત્યયથી સૂચવેલી જ્યાં સુધી દધિમથન થાય ત્યાં સુધી પ્રવૃત્તિ. તેથી લોક અપેક્ષાનો ત્યાગ કહ્યો. તેની અપેક્ષા હોય તો ઉચ્ચેથી નિરંતર ગાન ન થયા કરે એવો ભાવ છે.(લે)

કારણમાં અધિકતા[૪] થવાથી લોકનો પરિત્યાગ થયો. તો લોક વિદ્વિષ્ટતા[૫] થાય તો તે અસ્વર્ગ્ય ગણાય. તેને સ્વર્ગનો[૬] સંબંધ કહે છે. તેના ફલમાં[૭] શું સંદેહ હોય ? તેનાથી જ કૃતાર્થ થવાય છે તેથી વૈદિક[૮] નિરપેક્ષ થાય છે. તે પોતે ભગવદીય હોવાથી સ્વર્ગની તેને ઈચ્છા રહેતી નથી. વાચનિક[૯] કાયિક કર્મો જ સ્વર્ગના સંબંધવાળા થયાં એમ કહેવા માટે દહીં મથવાના શબ્દથી તે શબ્દ મિશ્રિત થયો એમ કહ્યું. 'ચ'કાર છે તેથી કંકણના રણત્કારથી પણ તે શબ્દ મિશ્ર થયો છે. તે ભગવદીયના[૧૦] ગુણના સંબંધવાળો હોય છતાં ગોપીઓ અને ગાયોના સંબંધવાળો તે થવો જોઈએ. તેથી ભગવાનની જેમ ભગવાનના ગુણો પણ તેની અપેક્ષા રાખે છે તેથી તેની મહત્તા બતાવી છે. ત્યાં શંકા કરે છે કે ધર્મનો ત્યાગ કરે તો તેને પાપ લાગે ? તેના વર્ણનમાં આતિથ્ય અને માહાત્મ્ય ક્યાંથી આવ્યું ? જેનો ધ્વનિ દિશાઓના અમંગલને નિવૃત્ત કરે છે તે તેના સંબંધીના અમંગલને[૧૧] મટાડે એમાં તો શું જ કહેવું. ૪૬.

એમ તેને જાણવાની ઈચ્છા હતી ત્યાં સુધી ઉદ્ધવજી ગુપ્તની[૧] પેઠે રહ્યા. એ કહેવા માટે જીજ્ઞાસાના પ્રકાર કહે છે:

**ભગવત્યુદિતે સૂર્યે નન્દદ્વારિ વ્રજૌકસઃ ।।**
**દૃષ્ટ્વા રથં શાતકૌમ્ભં કસ્યાયમિતિ ચાબ્રુવન્ ।।૪૭।।**

ભગવાન્ સૂર્ય પ્રકાશિત થયા ત્યારે નંદના દ્વારમાં સોનાના રથને ઉભેલો

---

૫. લોકવિદ્વિષ્ટ ઉર્ધ્વગાન આત્મસુખજનક ન થાય.(લે)

૬. 'તસ્ય' ધ્વનિને.(લે)

૭. ધ્વનિનું ફલ ગાન તેને. ધ્વનિ એટલે કારણરૂપ નાદ, ગાન ગુણના વર્ણનથી યુક્ત હોય તો તેથી અરવિંદલોચનને ગાતી વ્રજાંગનાઓને ગાન કારણભૂત ધ્વનિ પણ આત્મસુખ આપનાર થયો.(લે)

૮. ગાનથી દ્યુસ્પર્શ ન કહેતાં ગાનારીથી થતો ધ્વનિ સ્વર્ગ સુધી પહોંચ્યો એમ કહ્યું તેથી ગાનના સ્વભાવથી જ તે ધ્વનિ સ્વર્ગને પહોચ્યો છે. પણ દ્યુસ્પર્શ કામનાથી તેનું ગાન નથી તેથી વૈદિક ફલની નિરપેક્ષતા કહી. અહિં એ લૌકિક નિરપેક્ષતા પહેલી કહી છે. તેથી 'ચકાર' છે.(લે)

૯. 'વાચનિકેતિ' ગાન વાચનિક છે. મંથન કાયિક છે. તે બંને કર્મને આત્મસુખસંબંધ છે. માનસિ સેવા તો ભગવાનને આનંદ આપનારી છે.(લે)

૧૦. ભગવદીય ગુણવાળો ધ્વનિ ગોપીઓ અને દધિમંથનના ધ્વનિને મળેલો હોવો જોઈએ. ભગવાનના ગુણો સ્વામિનીના દધિમંથનધ્વનિસાપેક્ષ રહેવા જોઈએ કેમ કે દધિમંથન વખતે ધ્વનિથી તે ગવાય છે.(લે)

૧૧. જેના ગાનનો શબ્દ મંગલ કરે તે પોતે કેમ ન મંગલ કરે ? (પ્ર)

જોઈ આ કોનો રથ છે એમ પરસ્પર વ્રજભક્તો પૂછવા લાગ્યા. ૪૭.

વાચ્યાર્થમાં અનુપયુક્ત કથા કહેવાની નથી. તેથી ઉદ્ધવનું પ્રાતઃકૃત્ય અહિં કહ્યું નથી. તે દિવસનો સૂર્ય ભગવાનનું સ્મરણ કરાવનાર થયો. તે ગોપીઓ અને ઉદ્ધવનો પરમ પુરુષાર્થ આપનાર હોવાથી સૂર્યને ભગવાન્ કહ્યો. જેમ ગામમાં રાજાનો મહેલ જૂદો હોય તેમ નંદરાયનો વ્રજ જૂદો છે. તે નંદવ્રજના દ્વાર ઉપર રથ ઉભો જોયો ત્યારે મુખ્યતાથી સ્ત્રીઓએ અને તે વૃત્તાંતને નહિ જાણનાર બીજાએ વિચાર કર્યો કે નંદરાય અને તેના સંબંધીઓનો આ રથ ન હોય કેમ કે તે મોટો કિંમતી સોનાનો છે. સર્વત્ર સુવર્ણથી શણગાર્યો છે તે જોઈ નક્કી કરીને આ કોનો રથ છે ? એમ બોલ્યા. 'ચ' કાર છે તેથી પરસ્પર વિચારવા પૂછવા લાગ્યા. ૪૭.

પછી કોઈ શહેરના રહેનાર રાજદ્વારીનો રથ છે એવા નિશ્ચય ઉપર આવ્યા. પૂર્વે અક્રૂર આવ્યો હતો તેણે અહિંનો સ્વાદ લીધો છે તે પાછો ફરીને તો ન આવ્યો હોય ? એમ સંભાવના કરવા લાગ્યા તે કહે છેઃ

**અક્રૂર આગતઃ કિં વા યઃ કંસસ્યાર્થસાધકઃ ।।**
**યેન નીતો મધુપુરીં કૃષ્ણઃ કમલલોચનઃ ।।૪૮।।**

કંસના અર્થને સિદ્ધ કરનાર અક્રૂર તો આવ્યો નથી શું ? જે કમલલોચન કૃષ્ણને લઈને મધુપુરી (મથુરા) પહોચ્યો હતો. ૪૮.

ઘણું કરીને આ પ્રદેશ અક્રૂરે જોએલ છે. તેથી અક્રૂર જ આવ્યો હોય. તો પણ કામ વિના તેનું આવવું ન બને. બાધક જ્ઞાનને લઈને આવવાની સંભાવના કરી છે. વસુદેવ વિગેરે બીજા અહિંના જાણીતા ઘણા છે તેને ન કહેતાં અક્રૂરની સંભાવના શા માટે કરો છો ? તે અક્રૂરે પહેલાં કંસનું કામ કરી આપ્યું હતું એમ લોકો કહે છે. ખરી રીતે તો તેનો પરમ પુરુષાર્થ મોક્ષ સિદ્ધ કરાવી આપ્યો. તમારે તેનામાં શું દોષ છે ? જે અક્રૂર શ્રીકૃષ્ણને મધુપુરી લઈ ગયો. તે કૃષ્ણ એટલે ફલરૂપ અને કમલલોચન એટલે સાધનરૂપ અથવા આ લોકના ફલરૂપ તેને અમારાથી દૂર કર્યા. ૪૮.

તે તો પોતે જે કામે આવ્યો હતો તે કરી ગયો તે તમારો દ્વેષી ગણાય પણ તે અહિં શા માટે આવે ? ત્યાં કહે છેઃ

**કિં સાધયિષ્યત્યસ્માભિર્ભર્તુઃ પ્રેતસ્ય નિષ્કૃતિમ્ ।।**
**ઈતિ સ્રીણાં વદન્તીનામુદ્ધવોઽગાત્ કૃતાહ્નિકઃ ।।૪૯।।**

અમારા વડે તેના મરેલા સ્વામી કંસનું કાર્ય સાધશે કે શું ? એમ સ્ત્રીઓ પરસ્પર બોલે છે તેટલામાં ઉદ્ધવજી આહ્નિક સમાપ્ત કરીને ત્યાં આવી પહોચ્યા. ૪૯.

ઘણું કરીને તે આપણને (ગોપીઓને) મથુરા લઈ જવા માટે આવ્યો

૧. ગોપીઓને જાણવાને માટે ઉદ્ધવજી અત્યાર સુધી નંદરાજના ગૃહમાં ગુપ્ત રહ્યા હતા. (લે)

હોય. તે અહિંથી આપણને ત્યાં પહોચાડે પછી પોતાનો સ્વામિ મરી ગયો છે તેને ગતિએ પહોચાડશે. તે પોતાને માટે ભગવાનને લઈ ગયો. તેણે પોતાનો પુરુષાર્થ ન સિદ્ધ કર્યો. ત્યારે ત્યાંના લોકોએ તેની નિંદા કરી. તે અપવાદ પોતાને માથેથી ઉતારવો તો જોઈએ તે કૃષ્ણને અહિં લાવે અથવા અમને ત્યાં લઈ જાય તો બને, કૃષ્ણ તો તેના કહેવાથી અહિં ન આવે એટલે અમને ત્યાં લઈ જવા માટે આવ્યો છે તે લઈ જશે. તેનાથી લોકાપવાદ મટશે. એમ કેટલીક બોલે છે બીજીઓ તો કહે છે કે કંસ તો મરી ગયો તે દૈત્ય હતો તેને રુધિર અને માંસ બહુ પ્રિય હતાં તેથી માણસનું માંસ તેને આપીને રાજી કરવા માટે અમને તે ત્યાં લઈ જશે. તેથી જેમ પહેલો મનોરથ, ભગવાનને ત્યાં લઈ જઈ મારવાનો હતો તેના બદલામાં કંસ પોતે મર્યો તે મનોરથ વિપરીત થયો તેમ આ પણ તેનો મનોરથ વિપરીત પરિણામવાળો થશે. તેથી ભગવાન્ તેને જ બલિમાં આપી દેશે. આ ગાંડો છે કે પાછો અહિં આવ્યો. તેમ કેટલીક તેનો ઉપહાસ કરે છે. તે જ કહે છે કે તે શું તેનો વિચાર સિદ્ધ કરી શકશે ? નહિ જ કરી શકે. આ વિશેષાકારથી સ્ત્રીઓનાં વચનો છે. એમ કહેતાં પૂર્વ ભાવનો ઉપસંહાર કરે છે. એમ સ્ત્રીઓ[1] બોલતી હતી તે જ વખતે, એટલે ક્ષણવાર ઉદ્ધવજી આવવામાં વિલંબ કરે તો શ્રીગોપીજનો તેને શાપ પણ આપી દે. તેથી તે ગોપીઓના ભયથી જલદી આવ્યા છે એમ કોઈ માને તો તેમ માનવાનું કારણ નથી. તેજ કહે છે કે ઉદ્ધવજી પોતે નિત્યનિયમ સંપૂર્ણ કરીને આવ્યા છે. આગળ મોટી પ્રવૃત્તિ છે તેથી આહ્નિક સવારમાં જ સમાપ્ત કરી લીધું છે. પોતે જ ઉદ્ધવ છે તેથી તેને ભય તો નથી જ. અહિં પહેલો સંદેશ નંદરાયજીને કહેલો તે પૂરો થયો. બીજો ગોપીઓનો સંદેશ 'ગોપીનાં મદ્વિયોગાધિં' એ ૪૪મા અધ્યાયમાં કહેશે. તેથી અહિં ૪૩મા અધ્યાય સાથે એક સંદેશ સમાપ્ત થાય છે. ૪૯.

**ઇતિ શ્રીભાગવત દશમસ્કંધપૂર્વાર્ધના રાજસપ્રમેયપ્રકરણનો**
**શ્રીલક્ષ્મણભટ્ટાત્મજ શ્રીવલ્લભાચાર્યવિરચિત શ્રીસુબોધિનીની ટીકાના**
**ગુર્જરાનુવાદનો ચોથો(અને ત્રણ ક્ષેપક ન ગણતાં ૪૩મો) અધ્યાય સંપૂર્ણ થયો.**

૧. ઉદ્ધવ શાપના ભયથી જલદી આવ્યા. તેમ જ હોય તો આહ્નિક પૂરું કર્યા વગર જ આવે. એવો ભાવ છે. ભય ન થવાનું કારણ બતાવે છે કે તે ઉત્સવરૂપ છે. તેના દર્શનથી ભય ન થાય પણ પ્રસાદ થાય. શાપ થાય જ નહિ. (લે)

# || અધ્યાય ૪૪ ||

## ઉદ્ધવજીએ ગોપીજનોને આપેલો ભગવાનનો આદેશ

## ભ્રમરગીત શ્લો.૧૨ થી ૨૧, ઉદ્ધવગીત શ્લો.૫૯ થી ૬૪

**ચતુશ્ચત્વારિંશાધ્યાયે ગોપીનાં જ્ઞાનદેશતઃ ||**
**નિરોધં સમ્યગેવાહ પૂર્વસ્માચ્ચ વિશેષતઃ ||૧||**

(ચુમાલીશમા અધ્યાયમાં ભગવાને ગોપીઓને જ્ઞાનનો આદેશ સારી રીતે આપ્યો તેથી તેનો નિરોધ પ્રથમ કરતાં વિશેષ થયો છે.)

શ્રીગુસાંઈજી ભ્રમરગીતીય ૪૪મા અધ્યાય સુબોધિની ઉપર ટિપ્પણી કરતાં મંગલાચરણ કરે છે કે 'અનેક પ્રકારના અપરાધના સમુદાયને માફ કરવાની શક્તિવાળા શ્રીઆચાર્યચરણના ચરણરેણુને નમન કરી તેમની વાણીનું તાત્પર્ય યથાશક્તિ અમો પ્રકટ કરીએ છીએ. તે ચરણરજે હૃદયમાં આવીને મારો જેવો ભાવ કર્યો તે ભાવ વડે પરાધીનપણે તેનું વર્ણન કરું છું.' વ્રજસીમંતિનીઓને 'તા મન્મનસ્કા' ઈત્યાદિ શ્લોકથી ભગવાને બહુ વખાણ્યાં છે. તેવા ભક્તોની પાસે ઉદ્ધવને મોકલી તેને જ્ઞાનનો ઉપદેશ કરવો તે તો નિરોધનો વિરોધી ઉપદેશ કહેવાય. કેમ કે નિરોધ અને જ્ઞાન એ બે વિરોધી પદાર્થો છે. તે એક હૃદયમાં રહી ન શકે. અને આ અધ્યાયમાં તમે જ્ઞાન છે એમ કહેશો તો તેનો નિરોધ સ્કંધમાં અંતર્ભાવ થશે નહિ કેમ કે ભગવાન્ તો કહે છે કે ભક્તને જ્ઞાન કે વૈરાગ્ય પ્રાયઃ શ્રેયસ્કર નથી. ભક્તની અવસ્થા જ્ઞાની કરતાં અતિ ઊંચી ગણાય. એવા ભક્તને જ્ઞાન આપી શાંત કરવાં તે તો ઉચ્ચ સ્થાન પર ચડેલાને નીચે પાડવા જેવું ગણાય. આ શંકાનું સમાધાન આ અધ્યાયના અર્થને કહેતાં કરી દે છે કે આ ચુમાલીશમા અધ્યાયમાં શુકદેવજી પરીક્ષિતને જ્ઞાન દ્વારા નિરોધ જ સારી રીતે કહે છે. આ અધ્યાયનો ઉદ્દેશ જ્ઞાનનો નથી પણ નિરોધનો છે. તેથી 'એવ' શબ્દ નિશ્ચયાત્મક કહ્યો છે. મૂલ કારિકામાં નિરોધને 'સમ્યક્' વિશેષણ આપ્યું છે તે સમ્યક્પણું અહિં શું છે ? ત્યાં કહે છે કે અધ્યાયના આરંભમાં 'તં વીક્ષ્ય કૃષ્ણાનુચરં' એ શ્લોકથી ભક્તની વાતનો આરંભ છે. અંતમાં 'ભકત્યુદ્રેકં વ્રજૌકસામ્' ત્યાં ભક્તિનો ઉદ્રેક કહ્યો છે. તેથી આખા અધ્યાયમાં સ્નેહની વાત જ મુખ્ય છે એ નિરોધની સમ્યક્તા છે. પ્રથમ રાતદિવસ ભગવાનમાં ગોપીઓનો પૂર્ણભાવ કહ્યો. હવે તો પ્રિયની સાથે પોતાનો સંબંધ છુટવાનો પ્રસંગ આવે તો તેને અત્યંત દુઃખ થાય. તે અનિર્વચનીય દુઃખ હોય. લોકમાં પણ જેની સાથે સ્નેહ હોય તે સ્નેહનો નિર્વાહ ન થઈ શકે એવો પ્રસંગ ઉભો થતાં જે દુઃખ થાય છે. તે જેને તેવો પ્રસંગ પડ્યો હોય તે જ જાણી

શકે, વાણીમાં તે ન આવે. તેમ ભગવાનને સ્વાત્મરૂપ માનનારી ગોપીઓને ભગવાન્ જ્ઞાનનો ઉપદેશ કરે કે હું તમારા આત્મારૂપ છું. તે ભક્તો સાંભળે ત્યારે તેને કેટલું દુઃખ થાય કે ઉકળેલા તેલમાં જલ પડતાં તેની જે સ્થિતિ થાય તેવી ગોપીઓના હૃદયની સ્થિતિ થાય. તેવો અતિ ઉચ્ચભાવ ગોપીઓનો અહિં કહેવો છે. તે પહેલાં તેનું વર્ણન કર્યું તે કરતાં આ અધ્યાયના વર્ણનમાં એ વિશેષ છે. ૧.

ત્યાં કહે છે કે આ ઉપદેશ ગોપીઓના ભાવને પેદા કરનાર નથી જે હૃદયમાં ભાવ છે તે જ્ઞાનોપદેશથી પ્રકટ થશે. તેથી અહિં જ્ઞાનનો ઉપદેશ કહેવો વૃથા છે. ત્યાં હવે કહે છે :

**યાતે કૃષ્ણે લોકરીત્યા નૈકટ્યાભાવતઃ સ્ફુટમ્ ।।**
**ન નિરુદ્ધા ઈતિ પ્રાયઃ સર્વેષાં ચ ભવેન્મતિઃ ।।૨।।**

લોકરીતિએ કૃષ્ણ ગોકુલથી મથુરા ગયા ત્યારે તેનો સાથ છુટ્યો તેથી ગોપીઓનો નિરોધ નથી થયો એમ શંકા થવાનો સંભવ છે તેથી અહિં તેને નિરોધ કહે છે.

શ્રીકૃષ્ણ લોકદષ્ટિથી ગોકુલથી મથુરા પધાર્યા ત્યારે સાધારણ લોક પણ સમજી શકે કે ગોપીઓ ભગવાનમાં નિરુદ્ધ નથી પણ સાધારણ જેવાં (ભગવાન્ વગર ચલાવી લે તેવાં) છે. ભગવાન્ તો ગોપીઓના હૃદયમાં સદા વિરાજે છે તેથી મથુરા પધાર્યા એમ કહેવું બાધિત થાય છે માટે 'લોકરીત્યા' કહ્યું છે કે લોક દેખતા નથી. તે કહે છે કે કૃષ્ણ મથુરા પધાર્યા. પણ ખરી રીતે કૃષ્ણ વ્રજની બહાર જતા જ નથી. લોક તો પહેલાં પણ ભગવાન્ વ્રજમાં નથી એમ ધારતા હતા. પણ અક્રૂર પધરાવી ગયા ત્યારે તો વિશેષરૂપે જાણ્યું તેથી કારિકામાં 'સ્ફુટમ્' એ પ્રસિદ્ધિવાચક શબ્દ કહ્યો છે. જો ભગવાન્ મથુરા પધાર્યા એમ સ્પષ્ટ ન કહેવાય તો ગોપીઓ તો જાણે કે ભગવાન્ અમારાથી છુટા પાડતા નથી. એ ન થવા માટે ભગવાન્ મથુરા પધાર્યાની વાત પ્રસિદ્ધ થઈ છે તે યોગ્ય થયું છે. ત્યાં કહે છે કે ગોપીઓ ઉદ્ધવ પાસેથી જ્ઞાનનો ઉપદેશ સાંભળશે ત્યારે ભગવાન્ અમારી પાસે નથી એમ તો જાણશે જ તેનું તમે શું સમાધાન કરો છો ? ત્યાં કહે છે.

**સેવકેનોપદેશેન પ્રીત્યા ચૈવ નિરોધતઃ ।।**
**જ્ઞાનેનાપિ નિરુદ્ધાસ્તા આત્મત્વેનૈવ સર્વથા ।।૩।।**

(પ્રથમ તો ભગવાને પોતાના સેવકને મોકલ્યો, તેની મારફત ઉપદેશ આપ્યો, પ્રીતિ વડે, નિરોધ વડે, જ્ઞાન વડે અને સ્વાત્મપણાથી તેનો સ્વસ્વરૂપમાં નિરોધ કર્યો છે.)

અહિં ભગવાને પોતાના સેવકને મોકલી જ્ઞાન આપ્યું છે. જ્ઞાનમાર્ગીય તેને

બનાવવાં હોત તો કોઈ જ્ઞાનીને મોકલત પણ ભક્તને ત્યાં મોકલ્યા છે તે તેની ભક્તિ વધારવા માટે છે. ભગવાનને ગોપીઓમાં પ્રીતિ છે કેમ કે તેના શુદ્ધ ભાવથી ભગવાન્ પ્રસન્ન થયા છે. 'માસૂયિતું માર્હથ તત્પ્રિયં પ્રિયાઃ, ન પારયેહં' ઇત્યાદિ વાક્યોથી ભગવાનની વ્રજભક્તોમાં પ્રીતિ છે. તેથી તેનો નિરોધ વધારવા માટે ઉદ્ધવને મોકલ્યા છે. ભગવાને પ્રથમ પણ કોઈ ઉપાધિથી તેનો નિરોધ વિચાર્યો નહોતો. જો સોપાધિ નિરોધ કરે તો ઉપાધિ જતાં નિરોધ પણ જતો રહે માટે ભગવાને તેનો નિરોધ તેના નિરુપધિપ્રેમથી પરવશ થઈને કર્યો છે. તેથી અહિં જ્ઞાનોપદેશમાં તાત્પર્ય નથી પણ તેના સ્નેહમાં જ્ઞાનોપદેશનું પર્યવસાન છે. વળી ભગવાને તેને પોતાના 'આત્મા' કહ્યા છે. પોતાના આત્માનો કોઈને વિયોગ ન હોય તેમજ પોતાના આત્માને કોઈ ભૂલે પણ નહિ તેમ પોતાના આત્માનું કોઈ અહિત પણ ન વિચારે તેવા ગોપીઓ છે. તેના માટે બીજું શું હોઈ શકે ? તે ઉપદેશથી તો ગોપીઓએ પોતાના પ્રિય અસાધારણ સ્નેહવાળા છે એમ જાણ્યું તેથી પ્રથમ હતો તેના કરતાં પણ ઉપદેશ સાંભળ્યા પછી તેમનો સ્નેહ વધ્યો છે. તેથી જ મૂલમાં 'એવં પ્રિયતમાદિષ્ટમ્' એમ છેલ્લે અતિશયાર્થક તમપ્ પ્રત્યયનો પ્રયોગ કર્યો છે. અથવા આ કારિકાનો અર્થ બીજી રીતે પણ કરી શકાય છે એટલે ભગવાને તેમનો કાયા વાણી અને મનથી નિરોધ કર્યો છે. સેવક મોકલ્યો તે કાયારૂપ ગણાય તેથી કાયાથી ભગવાને તેનો નિરોધ કર્યો છે. ઉપદેશ વાણીરૂપ હોઈને 'વાચા' નિરોધ કર્યો, 'પ્રીતિ' માનસી હોઈને મનથી નિરોધ કર્યો છે. તેથી ઉપદેશમાં આત્મત્વેન જ્ઞાન છે છતાં તેથી તેમને પ્રિયના સ્વરૂપમાં આસક્તિ વધારે થઈ છે. પણ તે જ્ઞાન તેના મનનું સ્વાસ્થ્ય કરનાર નથી થયું એમ જો સ્વાસ્થ્ય થયું હોત તો આગળ 'કૃષ્ણાવેશાત્મવિક્લવમ્' એમ અસ્વસ્થતા કહી છે તે ન કહેત. તેથી અત્યાર સુધી તેને સ્વસ્થતાનું જ્ઞાન હતું તે પણ આ ઉપદેશથી ન રહ્યું પણ ભગવાનને જ સ્વાત્મા માનવા લાગ્યાં. તેથી દેહાદિ ઉપર પણ ભગવત્સત્તા જ તેમણે માની છે. આથી પ્રથમના કરતાં વધારે નિરોધ તેમનો સિદ્ધ થશે. તેથી કારિકામાં છેલ્લે 'સર્વથા' પદ મૂક્યું છે. એમ સ્નેહમાર્ગનો વિરોધ ઉપદેશથી જણાતો હતો તેને દૂર કરીને હવે તેમને જ્ઞાનોપદેશ આપવો આવશ્યક હતો તે કહે છે.

**વસ્તુનો નિશ્ચયપૂર્વમુપાલમ્ભસ્તથૈવ ચ ।।**
**વ્યાજોક્ત્યા દોષગણના નિર્દોષો વર્ણ્યતે પુરા ।।૪।।**
**અન્યથા જ્ઞાનસંદેશઃ વ્યર્થઃ સ્યાદિતિ નિશ્ચયઃ ।।**
**બીજં ભક્તિસ્તતઃ સ્તોત્રં ઉપદેશસ્તથૈવ ચ ।।૫।।**
**તતો દોષનિવૃત્ત્યા ચ પૂર્વસ્નેહો નિરૂપ્યતે ।।**

**જ્ઞાનસ્ય ચ ફલં ચૈવ કૃતાર્થત્વં તતસ્તથા ॥૬॥**
**સપ્તધા વિનિરુદ્ધાસ્તા ગુણૈર્ભગવતા તથા ॥૬ા.॥**

(આ અધ્યાયમાં ભગવાને અમારે માટે દૂત મોકલયો છે એ નક્કી કર્યું, તેને આપણે ઠપકો આપવો છે એ પણ નક્કી કર્યું છે. ભમરાના મિષથી તેના દોષ ગણાવીને પછી તેને નિર્દોષ ઠરાવે છે. એમ ન કરે તો ભગવાને કરેલો જ્ઞાનનો ઉપદેશ વૃથા થાય. આ બધાનું કારણ ભગવાનમાં ગોપીઓનો સ્નેહ છે. તેથી પાછળથી છ શ્લોકથી સ્તુતિ કરી છે. દસ શ્લોકથી જ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. એક શ્લોકથી દોષ નિવૃત્તિ કહી છે. ચૌદ શ્લોકથી પ્રાથમિક સ્નેહ કહ્યો છે. જ્ઞાનોપદેશનું કૂલ એક શ્લોકથી કથ્યું, બાકીના શ્લોકોથી પોતાની કૃતાર્થના ઉદ્ધવે કહી છે. એમ છ ગુણથી અને સ્વયં ધર્મિથી તેનો સાત પ્રકારે નિરોધ કહેવાયો.)

'વિજ્ઞાય સંદેશહરમ્' એ શ્લોકથી ભગવાનનો સંદેશ લઈને સ્વાર્થને માટે આ આવ્યો છે એ નિશ્ચય ગોપીઓએ કર્યો તે દોષરૂપ છે. કેમ કે તેથી તેનામાં માનની ઉત્પત્તિ થઈ તે ભગવાનનો છે એ નિશ્ચય થયો. ભગવદ્દૂત નહિ હોતે તો તેને ઠપકો ન આપતે. પણ ઠપકો આપ્યો તે માનને લીધે આપ્યો. વ્યાજોક્તિ વડે દોષ ગણાવ્યા. એ કહેવાથી આ ભગવાનને પ્રથમ તો ગોપીઓ નિર્દોષ જાણતાં હતા. એમ ન હોય તો આ જ્ઞાનોપદેશ આપ્યો તે વ્યર્થ આપ્યો એમ ગણાય. અહિં ત્રિદોષ કહ્યા પછી સ્તોત્રાદિ કહ્યાં છે તેનું કારણ ગોપીઓનો ભગવાનમાં સ્નેહ છે. એ સ્નેહ 'અથોદ્ધવો નિશમ્યેવમ્' એ એક શ્લોકથી કહ્યો છે. પછી છ શ્લોકથી તેમની સ્તુતિ કરી છે. દશ શ્લોકથી જ્ઞાનોપદેશ કહ્યો. એક શ્લોકથી દોષનિવૃત્તિ કહી. ચૌદ શ્લોકથી પૂર્વસ્નેહનું વર્ણન છે. એકથી જ્ઞાનનું ફલ કહ્યું. બાકીના શ્લોકથી ગોપીઓની કૃતાર્થતા કહી છે. (એ લેખકારનો આશય છે.)

સ્વામિનીઓના ભાવોમાં દોષ શબ્દ શ્રીઆચાર્યચરણે કહ્યો તેનો આશય શ્રીગુસાંઈજી ટિપ્પણીમાં સમજાવે છે કે લોકમાં જ્યારે માણસની છેલ્લી ઘડી આવે ત્યારે તેને ત્રિદોષ થાય છે, તેમ ભક્તોને અતિવિરહ પણ અન્ત્યાવસ્થા જેવો છે. લોકમાં જેમ અત્યંત દોષ જણાતો હોય તો તેને બહુ જલદ ઔષધ આપી ઠેકાણે લાવવા માટે મર્મસ્થાનમાં સર્પદંશ પણ કરાવવામાં આવે છે. તેનાથી સ્વસ્વરૂપનું ભાન થતાં તેટલો વખત તે બચી જાય છે. પછી તેને બીજા ઔષધો આપી ત્રિદોષને મટાડે છે. એમ કરતાં વાત, પિત્ત, કફ તદ્દન ઓછા થઈને દરદી સ્વસ્થ થાય છે. ત્યારે તેને જીવન આપનાર અન્નનું દાન કરે છે. તેનાથી તે આરોગ્યવાળો થાય છે. તેમ અહિં ગોપીઓને ભગવાનના વિરહથી પ્રાણને બાધા થાય છે ત્યારે તે પોતાના પ્રિયતમમાં દોષોનો આરોપ કરે છે. તે તુરત છેલ્લી અવસ્થામાં પહોચાડે

એવી અવસ્થા કહેવાય. ભગવાને ગોપીઓની આવી અવસ્થા જોઈ ત્યારે ભગવાન્ તેના વૈદ્ય બન્યા અને ઉદ્ધવને સંદેશ આપીને તેની પાસે મોકલ્યા. જ્યારે ઉદ્ધવે સંદેશ સંભળાવ્યો ત્યારે તેને બહારનું ભાન આવ્યું તેથી 'તત્સંદેશાગતસ્મૃતી' એ વચન તેમણે કહ્યું. 'તતસ્તાઃ કૃષ્ણસંદેશૈર્વ્યપેતવિરહજ્વરાઃ' એ શ્લોકમાં તેનો જ્વર ગયો એમ કહ્યું. ભગવાનને તેનો વિરહજ્વર ઓછો કરવો હતો માટે જ્ઞાનસંદેશ કહ્યો છે. તેથી તે સંદેશનું ફલ તે જ્વર ઓછો કરવા કે મટાડવા પૂરતું છે. પણ જ્ઞાન આપીને જ્ઞાનમાર્ગીયને મોક્ષ આપે છે તેમ આમને જ્ઞાનમાર્ગીય ફલ આપવાનું નહોતું. તેમ કરવું હોત તો અંતમાં 'કૃષ્ણાવેશાત્મવિક્લવમ્' એમ કહ્યું છે તે ન કહેત. પણ તેને સ્વાસ્થ્ય થયું એમ કહેત. તેથી ભગવાનને તેને પૂર્ણ ભક્તિનું ફલ આપવાનું છે એમ નિશ્ચય થાય છે. ત્યારે અહિં જ્ઞાનનો ઉપદેશ આપ્યો તેનો શું ઉપયોગ સમજવો ? એ પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે જેમ યોગિનું શરીર યોગ કરવાથી સંસ્કારવાળું થઈને પછી તે આગમાં બળતું નથી એવું બને છે, તેમ ગોપીઓને ભગવાને જ્ઞાનનો ઉપદેશ કર્યો તેનું એ ફલ થયું કે અતિ વિરહાગ્નિમાં પણ તેના પ્રાણને બાધા ન થઈ શકે એવાં તે પક્કા થઈ ગયા. અહિં ભગવાનના સ્મરણમાં અને વિરહજ્વર જવામાં કારણ ભગવાનનો સંદેશ છે. એ સંદેશે ભગવાન્ આપણા સંબંધી છે એવું જ્ઞાન કરાવ્યું પણ એવું જ્ઞાન ન કરાવ્યું કે તે બ્રહ્મરૂપ થઈ જાય. જો એવું જ્ઞાન કરાવતે તો ભગવાન્ ઉપદેશ શબ્દનો પ્રયોગ કરતે પણ સંદેશ શબ્દ ત્યાં ન કહેત. જ્ઞાનાત્મક સંદેશ એ પ્રીતિ કરાવનાર હોય. તેમાં પ્રથમ 'શ્રૂયતાં પ્રિયસંદેશઃ' એમ સંદેશને એક વચન આપ્યું છે. 'કૃષ્ણસંદેશૈઃ' ત્યાં બહુવચન કહ્યું છે. તેથી જ્ઞાનનો ઉપદેશ તે ભગવાનના સ્મરણમાં ઉપયોગી છે. બહુ વાતો કરવાનો ઉપયોગ તેનો જ્વર દૂર કરવામાં છે. તેથી ભગવાને પણ ઉદ્ધવને કહ્યું ત્યાં 'મત્સંદેશૈઃ' એમ સંદેશમાં બહુવચન કહ્યું છે; વિયોગમાં પ્રિયનો સંદેશ પણ પ્રિય મળ્યા બરોબર ગણાય છે, તેથી પણ સ્વાસ્થ્ય થવાનું રસશાસ્ત્રમાં લખ્યું છે. વળી સ્મરણ તો પહેલાં અનુભવ્યું હોય તેનું થાય. પહેલાં નિર્દોષ પૂર્ણગુણ ભગવાનનો ગોપીઓને અનુભવ છે, વચમાં વિરહના સ્વભાવથી ગોપીઓએ ભગવાનમાં દોષોનો આરોપ કર્યો એ રસનો વ્યભિચારી ભાવ થયો. તેથી જેમ પિત્તજ્વરના દોષથી અસંબધ્ધ પ્રલાપ રોગી કરે ત્યારે તેની આંખમાં મરચાની ભૂકી નાખી પાછાં તેને ઠેકાણે લાવે છે તેથી તેનો પ્રલાપ શાંત થાય છે પણ જ્વર જતો નથી. તેમ અહિં ગોપીઓને જ્ઞાનોપદેશથી ભગવાનમાં દોષ આવતો મટ્યો પણ ફલરૂપ વિયોગ તો હતો તેવો જ રહ્યો. અહિં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે અમારું તો આમ માનવું છે કે પ્રથમ શરૂઆતમાં દુઃખ કહ્યું છે. ત્યાર

બાદ તેને જ્ઞાનોપદેશ કહ્યો તે પછી 'હે નાથ હે રમાનાથ' એ શ્લોકથી પણ ક્લેશ જ કહ્યો. પછી અનેક ભગવાનની વાતો તેની પાસે ઉદ્ધવે કહીને ભગવાન્ સર્વના આત્મા છે એમ તેમને શિખવ્યું. અંતમાં 'દૃષ્ટ્વા સ્ત્રીણાં ભગવતિ કૃષ્ણાવેશાત્મવિક્લવમ્' એ શ્લોકથી સર્વદા ક્લેશ જ કહ્યો. તેથી ઉપક્રમ અને ઉપસંહારમાં ક્લેશ કહેવાથી ભગવાનનો દૃઢ વિરહ કહ્યો છે, મધ્યમાં 'જ્ઞાત્વાત્માનમધોક્ષજમ્' એમ કહ્યું તે તો આ હું છું. હું કૃષ્ણ છું, મારી ચાલ તમે જુઓ એમ વિરહમાં વ્યભિચારી ભાવ કહ્યો છે તે ક્ષણિક ભાવ છે એમ ઉપસંહારના અનુરોધથી માનવાનું છે. ત્યાં હવે કહે છે કે જ્યારે ગોપીઓનો વિરહ કાયમ રાખવો હતો તો ઉદ્ધવને મોકલ્યા તેનું પ્રયોજન શું ? તેના ઉત્તરમાં કહે છે કે ઉદ્ધવ ઉપર ભગવાનની પરમ કૃપા છે. તેથી ભગવાનનો પૂર્ણ ભાવ કેવો છે તેનું તેને દાન કરવાનો ભગવાનનો વિચાર છે. તે પૂર્ણભાવ તો વ્રજસીમંતિનીઓમાં છે. કેમ કે તેવો ભાવ પુરુષ વ્યક્તિમાં તો સંભવતો જ નથી. તેથી ભગવાને ઉદ્ધવને ગોપીઓ પાસે મોકલીને 'મારો ભાવ આવો છે' એમ ઉદ્ધવને બતાવવું એ એક પ્રયોજન ઉદ્ધવને મોકલવાનું છે. પછી વ્રજભક્તોનાં નિરંતર દર્શનથી તેના જેવો ઉદ્ધવનો ભાવ થતાં આ આપણા પ્રિયતમનો સંદેશ લાવ્યો છે જાણી તેમનો તે ઉદ્ધવ ઉપર અતિ અનુગ્રહ થયો. તેથી ઉદ્ધવનો પણ તેના જેવો ભાવ થશે એ બીજું પ્રયોજન સમજો. વિયોગાવસ્થામાં પ્રિયનો સંદેશ કોઈ લાવે તો તેનાથી અનિર્વચનીય સંતોષ થાય છે તેવો સંતોષ બીજા કોઈથી અથવા બીજા કોઈ કાલે થતો નથી એ બતાવવું એ ઉદ્ધવને મોકલવાનું ત્રીજું પ્રયોજન છે. ભગવાને મારા વિયોગથી એના મનના દુઃખને તમે જઈને દૂર કરો એમ આજ્ઞા કરી છે તેથી જ્યારે જ્યારે ભગવાને આમ કહ્યું છે એમ ગોપીઓને ઉદ્ધવ સંદેશ આપશે ત્યારે તે કૃષ્ણને યાદ કરશે તેમાં તેને પ્રથમથી વિલક્ષણ ભાવ ઉત્પન્ન થશે. એ ચોથું પ્રયોજન છે. જ્ઞાન કરતાં ભક્તિ શ્રેષ્ઠ છે કેમ કે તેનો ઉપદેશ છતાં તે જ્ઞાનનો ઉપમર્દ કરી સ્નેહ ઉપર આવ્યો પણ જ્ઞાનથી તેમનો ભગવાનમાં મોહ ઓછો ન થયો એ બતાવવું એ પાંચમું પ્રયોજન છે. તેથી જ એકાદશ સ્કંધમાં ભગવાન્ કહેશે કે 'ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદિહ' માબાપને પ્રીતિ કરાવવી એ પૂર્વ અધ્યાયમાં કહેવામાં આવ્યું છે. ભગવાન્ સ્વામિનીઓને સંદેશો પહોચાડે, સ્વામિનીનો ભગવાનને સંદેશો કહાવે તેમાં અનંત તેમના ભાવો થાય છે તેટલાં ઉદ્ધવને ત્યાં મોકલવામાં પણ અનંત પ્રયોજન છે એમ સમજવું.

પ્રકરણનો અર્થ કહે છે કે હવે ગોપીઓ સ્તુતિ કરશે તેનું કારણ તો ભગવાન્ ઉપર તેમનો સંપૂર્ણ સ્નેહ છે. સ્તુતિ અને ઉપદેશ કહ્યા પછી ગોપીઓને

ભગવાનમાં દોષબુદ્ધિ તથા પોતાને માન થએલ તે દૂર થયું. તેનાથી પ્રથમનો સ્નેહ હતો તે વિમલ થયો. તેમાં પ્રિયમાં નિર્દોષપૂર્ણ ગુણતા સ્ફુરિ તે તેના જ્ઞાનનું ફલ સમજવું. પોતે દાસ છે એ જ્ઞાન પણ તે ઉપદેશથી થયું. તેથી ગોપીઓ પણ ઉદ્ધવના વાક્યોથી કૃતાર્થ થયાં છે. (ટિપ્પણી)

અધ્યાયનો પ્રારંભ કરતાં ગોપિઓએ આ ઉદ્ધવ છે એને ઠપકો આપવો છે એમ નક્કી કર્યું. શુકદેવજી હવે તેનું વર્ણન કરે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**તં વીક્ષ્ય કૃષ્ણાનુચરં વ્રજસ્ત્રિયઃ પ્રલમ્બબાહું નવકઞ્જલોચનમ્ ॥**
**પીતામ્બરં પુષ્કરમાલિનં લસન્મુખારવિન્દં મણિમૃષ્ટકુણ્ડલમ્ ॥૧॥**

કૃષ્ણના સેવક, લાંબા હાથવાળા, નવીન કમલ સમાન નેત્રવાળા, પીતાંબર ધારણ કરનાર, કમલની માલા ધરનાર, ઉજ્વલ કુંડલયુક્ત મુખારવિંદ ધારણ કરનાર ઉદ્ધવને વ્રજભક્તોએ જોયા. ૧.

**આકૃતિર્નિશ્ચયશ્ચૈવ ચેષ્ટયા તુ વિશેષતઃ ॥**
**સ્વાર્થમેવ તતો જ્ઞાત્વા માનાદ્દોષદ્વયં તતઃ ॥૧॥**

(તેનો ચહેરો જોયો તેની ચેષ્ટાથી આ ભગવાનનો સેવક છે એવો નિશ્ચય કર્યો. પોતાના કાર્ય માટે ભગવાને તેને અમારી પાસે મોકલ્યો એમ સમજતાં તેને માન થતાં બે દોષ[1] તેનામાં આવ્યા.)

ગોપીઓ પ્રથમ ઉદ્ધવમાં ભગવાનનું સારૂપ્ય જોઈને માન કરતાં તેની સમાનતાનું વર્ણન કરે છે. આ ઉદ્ધવ આકૃતિથી કૃષ્ણનો અનુચર હોય એમ નક્કી કરી તેને જુએ છે. અથવા મોટાઓનાં ચિત્ત અધર્મમાં જતાં નથી એની પેઠે તેના દર્શનમાં પોતાને શંકા નથી એમ બતાવવા તે અમારા સ્વામિનો દાસ છે એમ કહે છે. ખરી રીતે તો તે ભગવાનની પાછળ ચાલનાર છે પરંતુ મોટાઓ શણગાર કરીને નીકળે તેને જોઈને સ્ત્રીઓને શરમ આવે છતાં આ સ્ત્રીઓ તેમને કેમ જુએ છે ? એ શંકાના ઉત્તરમાં કહેવાનું કે આ વ્રજની સ્ત્રિઓ છે. ભગવાનના જેવું તેનું રૂપ છે તેને છ વિશેષણથી વર્ણવે છે. કહેવાનું કારણ કે તે ભગવાનનો અનુચર ભગવદ્ધર્મવાળો છે. સ્ત્રીઓ કામ પ્રધાન હોઈને કામોપયોગો છ ગુણોને કહે છે. પહેલાં તો વધારે લાંબા હાથવાળા ઉદ્ધવ છે. ભગવાનના અવયવોને સ્મરણ કરાવવામાં ઉદ્ધવના વર્ણનનો ઉપયોગ છે. તે લાંબા બાહુ કહેવાથી ક્રિયાશક્તિ અને પરિરંભોપયોગ એ તેના ગુણો કહ્યા. નવીન કમલ સરખાં જેના નેત્રો છે તેનાથી તેની જ્ઞાનશક્તિ કામને ઉદ્દીપન કરનારી છે. એમ ક્રિયા અને જ્ઞાન શક્તિ કહીને હવે

૧. ઠપકો આપ્યો અને ભ્રમરના મિષથી તેના દોષ કહ્યા તે બે દોષ તેમાં આવ્યા. (ટિપ્પણી)

માયા શક્તિને કહે છે. ખુલ્લામાં રસ ન રહે માટે ભગવાન્ પીતાંબર[2] ધરે છે. કાળા શરીરમાં પીતવર્ણ સારો ખીલે તેથી પીતાંબર ઉદ્ધવે પહેર્યું છે એમ કહ્યું. ઉદ્ધવ કમલની માલાવાળો છે. તેથી તે કીર્તિમાન્ છે એમ કહ્યું. શોભાયુક્ત મુખારવિંદ છે તેનાથી લક્ષ્મીની સત્તા કહી. મણિથી પ્રકાશયુક્ત કુંડલ બે કાનમાં છે. તેનાથી વૈરાગ્યના જેવી શાસ્ત્રીયકાંતિ સર્વાભરણથી ઉત્પન્ન થતી કહેવામાં આવી[3]. ૧.

એમ સ્વરૂપનું વર્ણન કર્યા પછી આ ભગવાનનો સેવક છે એમ વ્રજભક્તોએ જાણ્યું તે હવે પછીના શ્લોકથી કહે છેઃ

**શુચિસ્મિતઃ કોયમપિચ્યદર્શનઃ કુતશ્ચ કસ્યાચ્યુતવેષભૂષણઃ ।।**
**ઈતિ સ્મ સર્વાઃ પરિવવ્રુરુત્સુકાસ્તમુત્તમશ્લોકપદામ્બુજાશ્રયમ્ ।।૨।।**

પવિત્ર મંદહાસ્યવાળો, સ્ત્રીઓને પ્રિય લાગે તેવો દેખાવડો, ભગવાનના જેવા ભૂષણ વાળો, આ અહિં ક્યાંથી ? એમ બધી જોત જોતામાં ભેગી મળી ભગવાનના ચરણનો આશ્રિત સેવક છે એમ બધીઓએ નિશ્ચય કર્યો. ૨.

તે ઉદ્ધવ મંદ હસતો હતો પણ તેમાં કોઈ મિષ કે લોભ નહોતો તેથી તેનું સ્મિત શુદ્ધ હતું એમ કહ્યું. આવો કોઈ ગોકુલમાં જોયો નથી તેમ મથુરાથી અક્રૂર આવેલો તે પણ આ ન હોય. તેથી આ કોણ ? એ જાણવાની ભક્તોની ઈચ્છા થઈ. આપણમાં કોઈ બતાવી દે તો તે મોટો ગણાય. તેથી બોલો એમ કહેતી કહે છે કે આ માણસમાં ધર્મો પરસ્પર વિરુદ્ધ દેખાય છે. એનું સ્વરૂપ જોતાં તેનામાં કામ નથી પણ તેનું દર્શન સ્ત્રીઓને પ્રિય લાગે તેવું છે. એવા વિરુદ્ધધર્મોનો તે આશ્રય હોવાથી તે ભગવાનનો સેવક હોવો જોઈએ. તેની આ વૃત્તિ અને સ્વભાવ જ કેવલ ભગવાનના જેવાં નથી પણ વેષ (પીતાંબરાદિ) અને આભૂષણો પણ ભગવાનનાં જણાય છે. ભગવાનના જેવા નથી. તે ક્યાંથી આવ્યો ! ઉપમામાં તો કાંઈ અચંબો પામવાનું નથી પણ પોતાના આભૂષણો પહેરાવી તેને ભગવાને તો મોકલ્યો નહિ હોય ? અથવા ભગવત્કલા બતાવવા માટે નટની પેઠે ભગવાનનો સ્વાંગ કરીને તો આવ્યો નથી. અથવા ભગવાન જ રૂપાંતરથી તો ન આવ્યા હોય ? એવાં બહુ કારણોને કહેનાર 'કુતઃ' છે. તેથી વધારે જાણવાનું જરુરી છે. એ માટે પ્રસિદ્ધાર્થ 'સ્મ' કહ્યો છે. એમ વિચારતાં બધાં ભકતો તેને વિંટીને ઉભાં રહ્યાં. તેને તેમ

૨. લાંબા હાથવાળા બહુ થાય છે પણ પીતાંબર તો ભગવાન જ કહેવાય તેથી તે ભગવદ્ધર્મ ઉદ્ધવમાં કહ્યો છે તે શ્યામવર્ણમાં સારું દેખાય તેથી ઉદ્ધવનો શ્યામવર્ણ છે. પણ તે પીતાંબર ભગવાનનું નથી પણ ઉદ્ધવનું છે. (પ્રકાશ)

૩. પ્રલંબમાહુ ઈત્યાદિ વિશેષણ વડે ઐશ્વર્ય, જ્ઞાન, વીર્ય, યશ, શ્રી, વૈરાગ્ય ક્રમથી કહ્યા છે. (લેખ)

કરવાનું શું કારણ? એના ઉત્તરમાં કહેવાનું કે તેમને જાણવાની ઉત્કંઠા થઈ. સ્ત્રીઓને નવીન જાણવાનો સ્વભાવ હોય છે, આ તો કૃષ્ણનું સ્મરણ કરાવનાર હોવાથી કૃષ્ણમાં તેમને ઉત્કંઠા વધતાં તેને બધીઓએ ઘેરી લીધો. ત્યાં કહે છે કે ભગવાન્ માટે આ સ્ત્રીઓની કાલાદિ રક્ષા કરી રહ્યા છે તો કાલાદિ વિદ્યમાન છે છતાં તે સ્ત્રીઓ કેમ આ ઉદ્ધવ પાસે આવી શકી? તેના ઉત્તરમાં કહેવાનું કે ઉદ્ધવ કીર્તિવાળા શ્રીકૃષ્ણના ચરણનો દાસ છે, તે સ્નેહના માર્ગને જાણનાર છે, તેનો સ્નેહ પણ શાસ્ત્રીય છે. ૨.

એ નિર્વિઘ્ને તેને વિંટાયાં ત્યારે તેમને વિશેષ જ્ઞાન થયું.

**તં પ્રશ્રયેણાવનતાઃ સુસત્કૃતં સવ્રીડહાસેક્ષણસૂનૃતાદિભિઃ ।।**
**રહસ્યપૃચ્છન્નુપવિષ્ટમાસને વિજ્ઞાય સંદેશહરં રમાપતેઃ ।।૩।।**

લજ્જા સહિત હાસયુક્ત નેત્રથી જોવાથી તથા સારી વાણી વડે ઉદ્ધવને સત્કારતાં, વિનયથી નમ્રતાવાળાં તે ભક્તો આસન પર બેઠેલા ઉદ્ધવને ભગવાનનો સંદેશો લઈને આવેલ છે એમ જાણી એકાંતમાં લઈ જઈ તેને પૂછવા લાગ્યાં. ૩.

મોટા પુરુષને જોઈને, વિનયથી નમ્રતાવાળાં થઈને, સારી રીતે આસનાદિ આપીને તે વ્રજભક્તો ઉદ્ધવને સત્કાર કરવા લાગ્યાં અથવા તો પ્રથમથી જ વસ્ત્ર આભૂષણોથી સારી રીતે સત્કાર કરીને પછી ભેગા થયાં છે. પછી પોતાના સ્વામિનો સેવક છે એમ જાણીને ભક્તોને લજ્જા આવી કેમ કે તેમને તો ભગવાન્ સાથે કામના ઉદ્દેશવાળો સંબંધ છે. જરા હસ્યાં તે હાસ ઉદ્ધવને સત્કારવામાં ઉપયોગી થયો, બીજી દૃષ્ટિ ક્રૂર અથવા લુખી ગણાય. તેથી હસીને સત્કાર કર્યો. તેની પાસે ઉત્તમ વચનો બોલ્યાં, કુશલ પ્રશ્ન તેને પૂછ્યા. આદિ શબ્દથી આસન પુષ્પની માલાઓ આપ્યાં વિગેરે મોટાઓની નજર ન પડે તેવા એકાંત સ્થલમાં તેનો ઉત્તમ સત્કાર કર્યો. તેમાં જ રસ આવે તેથી લજ્જાદિ ભાવો પણ બતાવ્યા. જ્યારે ભક્તોનો સત્કાર સ્વીકારી અવ્યાકુલતાથી ઉદ્ધવને બેઠેલા જોયા ત્યારે ભક્તોએ જાણ્યું કે ભગવાને અમારે માટે આને મોકલ્યો છે. તેણે અમારી વસ્તુનો સ્વીકાર કર્યો તે અમારે માટે આવ્યો હોય તો જ અમારી પૂજા સ્વીકારે તેથી અમારે માટે અહિં આવ્યા છે એમ જાણી તેની પાસે ગયાં. તેનાં જવાથી પણ તે દૂર ન ગયો તેથી પોતાને માટે આપેલ છે એવી તેને ખાત્રી થઈ. જો તેમ ન હોય તો તેની સાથે સંપર્કમાં ન આવે તેમ તેનો આપેલો સત્કાર ન સ્વીકારે. અહિં તે બધો સત્કાર સ્વીકારી એકાંતમાં ઉદ્ધવ મળ્યા ત્યારે પોતાને ભગવાન્ પાસે લઈ જવાને આવ્યા હોય એમ ભક્તોએ ધાર્યું, તેથી રમાપતિનો સંદેશો લઈને આવ્યા છે એમ ઉદ્ધવને વિશેષણ આપ્યું છે. તેમાંથી ગોપીઓએ એવો સાર ખેંચ્યો કે હમણાં તો ભગવાન્

લક્ષ્મીના પતિ બન્યા છે તેથી અમોને ભૂલી ગયા છે. અમે તેના કામના નથી, કેવલ અમને રાજી કરવા માટે આ દૂતને અમારી પાસે મોકલ્યો છે. એથી તો ભક્તોને માન થયું એ એક દોષ[1] થયો. ૩.

માનરૂપ દોષ થયો તે ૩ શ્લોકથી કહ્યો હવે તેનાથી થએલ બીજા દોષને કહે છેઃ

**જાનીમસ્ત્વાં યદુપતેઃ પાર્ષદં સમુપાગતમ્ ।।**

**ભર્ત્રેહ પ્રેષિતઃ પિત્રોર્ભવાન્ પ્રિયચિકીર્ષયા ।।૪।।**

તમે યદુપતિની પાસે રહેનાર અહિં આવ્યા છો, અમારા સ્વામીએ તેના માતપિતાને સારું લગાડવા માટે તમને અહિં મોકલ્યા છે, એ વાત અમો બધા વ્રજભક્તો જાણીએ છીએ. ૪.

ગોપીઓ માટે હું આવ્યો છું એવી ઉદ્ધવની માન્યતા વ્રજભક્તો જાણી ગયાં. તે વાતને ઉડાવી દેવા માટે બીજી જ આવવાની આવશ્યકતા ઉભી કરે છે. જો એમ ન કરે તો તેણે અમારી ઉપર ઉપકાર કર્યો એ વાત કબુલ કરવી પડે તો તેને ઠપકો આપવો છે તે ન અપાય. આ અમારા માટે નથી આવ્યા એમ નક્કી કર્યું તે ઠપકો આપવાનું કારણ છે. તે વાતને બીજી બાબતનો નિષેધ કરીને નક્કી કરે છે. પોતાને ભગવાન્ સાથે પ્રથમ સંબંધ હતો તે તો ભગવાને પોતાનો સ્વાર્થ સાધવા કર્યો હતો તે મથુરાં જતાં સ્વાર્થ ન રહ્યો એથી ભગવાન્ સ્વાર્થી છે એ વાતને સિદ્ધ કરે છે. જો એમ ન હોય તો બંનેનો સ્નેહ સમાન ગણાય તો ઉપાલંભ અપાય નહિ. એમ સ્વાર્થીપણું બતાવીને ભગવાનની કૃતઘ્નતા દષ્ટાંતો આપીને દઢ કરે છે. એમ પાંચ શ્લોકોથી ભગવાનના દોષને દઢ કરીને તે દોષ દૂર થઈ શકે તેવો છે એમ બતાવવા વ્રજભક્તોને દેહાદિનું વિસ્મરણ બતાવે છે. તેથી પણ તે દોષ સારી રીતે દૂર થવાનું કારણ તો ભગવાનમાં તેની આસક્તિ છે તે હવે કહે છે. એમ કહેવાથી સાધ્ય રોગ શરીરમાં પ્રતિષ્ઠિત થયો છે તે વાતને નક્કી કરીને પછી આગળ જે પોતે ઉદ્ધવને કહેવાનાં છે તેનો આરંભ કરે છે. ભગવાને જેના સ્નેહને માટે પોતાના ભક્ત ઉદ્ધવને તેમની સંભાળ લેવાને સ્વપ્રતિનિધિ તરીકે મોકલી તેની કુશલતાને જાણવાની ઈચ્છા કરી છે તેની કદર ન કરતાં માન અને ઉપાલંભાદિ દોષો બતાવવા તે તો કોઈ તામસ[1] તામસી પ્રિયાનું કામ છે એ વાત કહે છે. પ્રથમ તો ઉદ્ધવ આવ્યા

---

૧. આ ત્રણ શ્લોક કહેવાથી ભક્તોને નિશ્ચય થયો કે ભગવાન્ લક્ષ્મી સાથે રહ્યા છે અને અમને સારું લગાડવા માટે દૂતને અમારી પાસે મોકલ્યો છે તેથી તેને ઉલટાનું માન થયું તે એક દોષ તેનામાં આવ્યો. (લે)

૧. તામસતામસી કહી તેથી અતિ ઉત્કૃષ્ટ સ્નેહભાવવાળા તે ભક્ત છે પણ તે જ્ઞાનમાર્ગીય કોઈ દિવસ થાય તેવો સંભવ પણ નથી એમ સમજવું. સત્ત્વ, રજસ્, તમસ્ એ પ્રકૃતિના ધર્મો

છે તે બીજાને માટે આવ્યા છે તે કહે છે. તે જાણીને પછી અમારે માટે નથી આવ્યા એમ કહે તો ઠીક કહેવાય. તેથી કહે છે કે અમે તમને જાણ્યા કે તમે યદુપતિના પાર્ષદ છો. પહેલાં તે ગોપીઓના પતિ હતા, હમણાં તે યાદવોના પતિ થયા છે તે અમારા ઉપકારક હવે રહ્યા નથી. તેની સભામાં બેસનાર પણ તેના જેવો અતિ ચતુર હોય. તમે તેના પાર્ષદ છો તેથી તમારા વાક્યનો પણ અમે આદર ન કરી શકીએ. તમે સારી રીતે અમારી સમીપમાં આવી પહોંચ્યા, તેમાં પણ બધા કુશલ છે એવું કહેવા આવ્યા. તમે પણ કુશલ દેખાઓ છો તેથી તમો તથા તમારા સ્વામીજી ઠપકાને પાત્ર છે. તમે તથા તમારા સ્વામિ વિપદ્‌ગ્રસ્ત હોત અને અમારો ભાવ ન પૂછ્યો હોત તો તમો તથા તમારા સ્વામિ ઉપાલંભને પાત્ર ન ગણાત. એમ ભગવાનને અન્યથા કલ્પિને તે કદાચ નાશ પામે ? એમ કહે તો તેના ઉત્તરમાં કહે છે કે અમારા સ્વામિએ તમને અહિં ગોકુલ મોકલ્યા છે. પ્રસંગને લીધે આવ્યા છે એમ કહેવું ખોટું ઠરે માટે કહે છે કે તમને સ્વામિએ મોકલ્યા છે. પણ તેનું કારણ તેના માબાપ અહિં છે તેને માટે તમને તેમણે ગોકુલ મોકલ્યા. કારણ કે જે સત્તા જમાવીને સુખી થાય છે તે પોતાની સત્તાનું ઐશ્વર્ય અને પોતાનું કુશલ બીજાને બતાવવા માટે પોતાના માણસોને અન્યત્ર મોકલે છે. તેવી રીતે કૃષ્ણે તમને અહિં ગોકુલ મોકલ્યા. જો ઘરેણાં વિગેરે ન ધરાવીને સાધારણ વેષે મોકલે તો ઐશ્વર્યમાં ખામી દેખાય, તેથી ઘરેણાં લુગડાનો ભભકો કરીને તમે આવ્યા તેથી અમો તો સુખી થતાં નથી. તેમ આવ્યા તે અમારા સુખને સિદ્ધ કરવાનું સાધન ન હોવાથી અમારે માટે તમને તેમણે મોકલ્યા નથી પણ તેમના માબાપની ખબર કાઢવા મોકલ્યા છે તેથી અમને સુખ ક્યાંથી થાય ? ૪.

**તમ પણ ભગવાનનાં સ્નેહવાળાં છો, તમને પણ સુખ કરવા માટે મારું આગમન છે તો તમે કેમ કહો છો કે તેમના માબાપ માટેજ મને મોકલ્યો છે ? ત્યાં કહે છેઃ**

---

નહિ પણ ભગવદ્ધર્મો છે એ વાત ઘણી વાર કહેવામાં આવી છે. હવે ‘સમુપાગત’માં ‘સમ’ ઉપસર્ગનો અર્થ કહે છે. ઉદ્ધવ ઘરેણાં પહેરીને આવ્યા છે તેથી તેમની અને તેમના સ્વામિની કુશલતા સિદ્ધ થાય છે. જો કોઈ આપત્તિમાં આવી પડ્યો હોય અને તે બીજાને ભૂલે તો તેમાં તેનો દોષ કોઈ ન લાવે. પોતે આનંદમાં હોય અને તેના સ્નેહીઓને ન યાદ કરે તો તે દૂષિત ગણાય. ચાલતાં પ્રસંગમાં તમે તથા તમારા સ્વામિ કુશલ છો છતાં તમારા સ્વામી અમને યાદ ન કરે તે તેનો દોષ ગણાય. તેમાં પણ અમે તો તેનાં જ છીએ. તે ભર્તૃ શબ્દથી સૂચવ્યું છે કેમ કે ભર્તા એટલે સ્વામિ. તે કેવલ વિવાહથી સ્વામિ નહિ પણ આ તો અમારું ધારણ પોષણ કરનાર સ્વામી છે. કેવલ હાથ ગ્રહણ કરવા માત્રથી ધણી કહેવાય છે તેવું અમારું નથી. પણ તમારા સ્વામી અમારા તો ભરણ કરનાર છે, છતાં તે અમારી ઉપેક્ષા કરે તો તેના ભક્તોનું જીવન જ ન રહી શકે એવો કહેવાનો ભાવ છે. (ટિ)

**અન્યથા ગોવ્રજે તસ્ય સ્મરણીયં ન ચક્ષ્મહે ।।**
**સ્નેહાનુબન્ધો બન્ધૂનાં મુનેરપિ સુદુસ્ત્યજઃ ।।૫।।**

એમના માબાપને માટે તમે આવ્યા છો એમ ન માનીએ તો પછી આ તો નંદરાયજીની ગાયોને રહેવાનો વ્રજ છે, ત્યાં ભગવાનને સ્મરણ કરવા યોગ્ય કોઈ હોય એમ અમો માનવાને તૈયાર નથી. મુનિ હોય છતાં બાંધવના સ્નેહની ગાંઠ એવી હોય છે કે તેને કોઈ છોડી શકતો નથી. ૫.

જો કે અમે ભગવાનને યાદ કરવા યોગ્ય છીએ છતાં તે નંદરાયજીની પછી. મુખ્ય તો સ્મરણીય તેમના માતાપિતા જ ગણાય. અમે તો નંદના વ્રજમાં રહેનાર એટલે નંદરાયના માહાત્મ્યને લઈને અમને યાદ કરે કે ગોકુલના નંદરાયજી રાજા છે. ગોપી તેની વસ્તી છે. તેની સ્ત્રીઓ પણ ગોસેવા કરનારી છે. એમ નંદરાયને લઈને અમારી યાદ તે ગૌણ ગણાય. આ ઉપાધિ કહેવાય તે સિવાય બીજો કોઈ પ્રકાર અમને યાદ કરવામાં નથી. આ ગાયોના વ્રજમાં તેમની કોઈ ભોગ્ય વસ્તુ નથી. કેમ કે આ સ્થાન તો પશુને લાયક છે. ભગવાન્ સર્વ સમૃદ્ધિવાળા અને સર્વેશ્વર પશુને રહેવા લાયક જગ્યામાં કોને યાદ કરે ? લોકમાં જેને જે અપેક્ષિત હોય તેને તે યાદ કરે તે તો ભગવાનને અત્ર કોઈની અપેક્ષા નથી. ત્યાં કહે છે કે જો તમને ભૂલે તો નંદરાયને પણ કેમ ન ભૂલે ? કેમ કે તમે કહો છો કે તે તો ઈશ્વર છે. ત્યાં કહે છે કે જેમ અપેક્ષા સ્મરણ કરાવે છે તેમ સ્નેહ પણ સ્મરણ કરાવે છે. ત્યાં કહે છે કે જેવો નંદરાયમાં સ્નેહ છે તેવો તમારામાં પણ છે તેથી તમને પણ યાદ કરે જ. તેથી નંદરાયમાં શું વિશેષ છે કે તેને સંભારે અને તમને ન યાદ કરે ? ત્યાં કહે છે કે બાંધવોમાં જ સ્નેહની ગાંઠ પડે છે તેવી બીજામાં સ્નેહની ગાંઠ પડતી નથી. કેવલ સ્નેહ યાદ કરાવતો નથી પણ પરસ્પર સ્નેહની ગાંઠ પડે તે યાદ કરાવનાર છે. સ્નેહનું કારણ સંબંધ છે. તે સંબંધ માબાપમાં સહજ છે. બીજામાં કૃત્રિમ છે. કેમ કે તે તો ઈચ્છાથી થાય છે. ઈચ્છા પૂરી થઈ તો તે સ્નેહ ઉડી જાય છે. સ્નેહ જે સહજ હોય તે છોડવાનું મુશ્કેલ પડે છે. જેમ દેહ જાય તો દૈહિકોમાં સ્નેહ રહે નહિ તેમ આકાંક્ષા ગઈ ત્યારે સ્નેહ જતો રહે. જ્યાં સુધી દેહનો સંબંધ છે ત્યાં સુધી જ્ઞાનાદિ સાધનો છતાં તે દેહના સંબંધીમાં સ્નેહ જતો નથી. તો સ્નેહના વિષયને તો કેમ છોડી શકાય ? તે જ કહે છે કે મુનિ (એટલે જ્ઞાની પણ) છોડી ન શકે. લૌકિક કરતાં વૈદિક બલિષ્ઠ છે એમ કહેવા માટે 'અપિ' શબ્દ કહ્યો છે. 'સુ' શબ્દ કહ્યો છે તે નિત્ય વિવેકથી સ્મરણ કરતાં પણ તેને યાદ કર્યા વગર ચાલતું નથી તે બતાવે છે. ૫.

જે વસ્તુ ઈચ્છિત હોય તેવી બીજી વસ્તુ મળે તો પૂર્વવસ્તુ ભૂલી જવાય

છે તેથી અમારો ભગવાન્ સાથે સંબંધ કહો તો તે 'ઔપાધિક' છે તે હવે કહે છેઃ

**અન્યેષ્વર્થકૃતા મૈત્રી યાવદર્થવિડમ્બનમ્ ।।**
**પુંભિઃ સ્ત્રીષુ કૃતા યદ્વત્ સુમનઃસ્વિવ ષટ્પદૈઃ ।।૬।।**

જ્યાં દેહનો સંબંધ નથી ત્યાં તો પ્રયોજનથી મૈત્રી છે. તે પ્રયોજન હોય ત્યાં સુધી મૈત્રીનો દેખાવ રહે. જેમ પુરુષો કામને લઈને સ્ત્રીઓમાં પ્રીતિ કરે છે, જેમ ભ્રમરો પુષ્પમાં પ્રીતિ કરે છે તે સ્વાર્થ હોય ત્યાં સુધી કરે. પછી તે સ્ત્રી કે પુષ્પનો નાશ થાય તો પુરુષ કે ભ્રમરને દુઃખ થતું નથી. કેમ કે તેનો સ્વાર્થ તેમાં રહ્યો નથી. તેથી જ તે ઔપાધિક પ્રીતિ છે. ૬.

જ્યાં દેહનો[૧] સંબંધ નથી ત્યાં પ્રીતિ થાય છે તે પ્રયોજનને[૨] લઈને થાય છે. પ્રયોજન તો દેહનો ધર્મ છે તે ધર્મી કરતાં દુર્બલ છે, તે ઔપાધિક સંબંધ ઝાઝો વખત રહેતો નથી. જેમ મજીઠનો રંગ જ્યાં સુધી કપડું રહે ત્યાં સુધી રહે છે. ઔપાધિક સ્નેહમાં તેવું હોતું નથી પણ અનુકરણ માત્ર છે. જેમ નટ રામનું રૂપ લે તે રામનું કાર્ય ન કરે પણ તેના જેવો ધનુષ બાણ લઈને દેખાવ કરે તે અનુકરણ કહેવાય. અહિં પણ ભગવાનનો અમારામાં સ્નેહ પહેલેથી નહોતો. પણ તેમણે સ્નેહનો દેખાવ માત્ર અહિં રહ્યા ત્યાં સુધી કર્યો, માટે જ અમને યાદ કરતા નથી. લૌકમાં પ્રયોજનવશાત્ સ્નેહ થાય છે તે ઔપાધિક સ્નેહ કહેવાય. તે ધર્મોને સ્પષ્ટતાથી હવે બતાવે છે કે પુરુષો સમર્થ તેમજ સ્વતંત્ર છે, જ્યારે સ્ત્રીઓ તેનાથી વિપરીત એટલે અસમર્થ અને અસ્વતંત્ર છે. તે પુરુષો કદિ સ્ત્રીઓ સાથે સ્નેહ ન રાખે જો પુરુષોમાં કામ ન હોય તો. પરંતુ કામ તો સ્ત્રીઓમાં સિદ્ધ થાય તેને લઈને પુરુષો સ્ત્રીઓ સાથે પ્રીતિ કરે છે. જો કામ બીજી રીતિ સિદ્ધ થયો કે કામ શરીરમાંથી ચાલ્યો ગયો તો સ્ત્રીઓમાં તેમની પ્રીતિ રહેતી નથી. શાસ્ત્ર પણ જ્યારે વૈરાગ્ય થાય ત્યારે ઘર ત્યાગ કરવાનું વિધાન કરે છે. 'યદહરેવ વિરજેત્ તદહરેવ પ્રવ્રજેત્' (જે દિવસે વૈરાગ્ય થયું તે જ દિવસે ઘર છોડી દેવું) એમ શ્રુતિ કહે છે. ત્યાં કહે છે કે સંન્યાસ (ત્યાગ)માં ધર્મ છે, પુત્રાદિ દ્વારા પ્રીતિનો નિર્વાહ પણ થાય છે, તેથી આગંતુક પણ સહજ જેવું મનાય છે તેમ ભગવાનનો તમારામાં

૧. અહિં સ્ત્રીપુરુષ પરણેલા હોવા જોઈએ, તે પુરુષને જ્યારે વૈરાગ્ય આવે ત્યારે શાસ્ત્ર સ્ત્રીનો ત્યાગ કરવાનું વિધાન કરે છે. કામ હોય ત્યાં સુધી સ્ત્રી અપરાધ કરે તો પણ તેને છોડતો નથી કેમ કે કામની શાંતિ બીજે થતી નથી. કામ ગયા પછી ઉપાધિ નિવૃત્ત થતાં સ્નેહ નિવૃત્ત થાય છે. (ટિ)

૨. બંધુ સિવાયમાં સ્નેહ સ્વાર્થને માટે છે તે સ્વાર્થ હોય ત્યાં સુધી રહે છે કેમ કે સ્વાર્થ પૂરો થયે સ્નેહ રહેતો નથી. પુરુષને સ્ત્રી સાથે સ્નેહ હોય તેવો તે છે, ભમરાને પુષ્પમાં સ્નેહ હોય તેવો તે છે એ દષ્ટાંત છે. (પ્ર)

સ્નેહ કાં નથી માનતાં ? તેના ઉત્તરમાં બીજો દૃષ્ટાંત આપે છે કે જેમ ભમરાનો પુષ્પમાં સ્નેહ હોય છે તેવો અમારો અને ભગવાનનો સ્નેહ સમજો. જલદી જવાય માટે ભમરાને છ પગવાળો કહ્યો છે તે પુષ્પનો મકરંદ લીધા પછી પુષ્પનો નાશ થાય તેની દરકાર કરતો નથી. આ અમારે માટે યોગ્ય દૃષ્ટાંત છે. ૬.

ત્યાં કહે છે કે સર્વત્ર દૃષ્ટાંત સુલભ છે તેથી કાર્ય સિદ્ધ થતું નથી તમે દૃષ્ટાંત આપ્યાં તેમાં પુષ્પો[૧] જલદી[૨] કરમાઈ જાય છે. ભ્રમરો પણ સાધારણ છે. ભગવાન્ તો એક છે આપ લોકો અસાધારણ છો તેથી તે દૃષ્ટાંત આપને લાગુ નથી પડતો એમ ઉદ્ધવ કહે તો તેના ઉત્તરમાં શ્રીગોપીજનો તેને આઠ દૃષ્ટાંતો ઔપાધિક સ્નેહને માટે આપીને ઔપાધિક સ્નેહમાં એવું જ હોય છે એ વાત હવે પછી સાબીત કરે છે:

**નિઃસ્વં ત્યજન્તિ ગણિકા અકલ્પં નૃપતિં પ્રજાઃ ।।**

---

૧. પુષ્પો ઘણા છે ભ્રમરો ઘણા છે. તે બધા ફુલને ભોગવનાર છે બધાં ફુલો પણ ભ્રમરને મકરંદ લેવાની ના પાડતાં નથી તેથી તે પણ સાધારણ છે. દાર્ષ્ટાંતિકમાં તો સ્વામિનીઓ ઘણાં છે ભગવાન્ એક છે. ભગવાન્ સર્વ સ્વામિનીઓ સાથે રમે છે તેથી સાધારણ છે. એવું સાધારણપણું સ્વામિનીઓમાં નથી કેમ કે તે તો એક ભગવાન્ સિવાય બીજાને જોતા જ નથી. તેથી તે અસાધારણ છે. તેથી તે દૃષ્ટાંત અહિં અયુક્ત છે. એમ કહે તેને માટે આઠ દૃષ્ટાંત કહ્યા છે. સર્વત્ર એટલે નિઃસ્વો સર્વ વૈશ્યાગામીઓ છે. ગણિકાઓ ઘણી છે. નિઃસ્વો સાધારણ છે. રાજમાં સાધારણપણું બધી પ્રજાનો તે પતિ છે. દાર્ષ્ટાંતિકમાં ત્યાજ્ય ભક્તોમાં બહુત્વ છે. ત્યાગ કરનાર ભગવાન્ એકલા છે. પણ તે બધીના ભોક્તા હોવાથી સાધારણ છે. એવા વિષમ દૃષ્ટાંતમાં કારણ કહે છે કે અમારામાં પ્રીતિ નથી તેથી ભગવાન્ અમારો ત્યાગ કરશે. સ્વામિનીઓ ત્યાગના વિષય છે મતલબનો સ્નેહ રાખે છે માટે. પુષ્પોની પેઠે એ અનુમાન કરવું, એમાં ઉપાધિ સંદિગ્ધ છે, જો ભગવાન્ સ્વામિનીઓને દોડી જ દે તો સંદેહ ન કહેવાય પણ નિશ્ચય કહેવાય, તેમ જ સ્વામિનીઓ સાધારણ નથી તેથી ‘સાધ્યવ્યાપકત્વે સતિ સાધનાવ્યાપકત્વમુપાધિઃ’ એમાં સાધ્યમાં સાધારણત્વ ન હોવાથી વિષમતા છે. તેથી ત્યાગવિષયતા સપ્રયોજનક સ્નેહમાં સિદ્ધ છે. મિત્રાતનયને શાકપાકજ હેતુતાની જેમ. ત્યાં પક્ષવૃત્તિમાં મિત્રાતનયત્વ સિદ્ધ છે. હેતુમાં ઉપાધિ છે. તેથી સંદેહવાળો ઉપાધિ છે. અહિં તો હેતુ પક્ષમાં છે કે નથી તેનો પણ સંદેહ છે. તેથી પ્રત્યક્ષથી સાધ્યનો નિશ્ચય કરી પછી કાર્ય વડે કારણનું અનુમાન કરવું જેથી પક્ષમાં છે. તેનો નિશ્ચય થાય. (લે)

૨. પુષ્પોનો સાધારણ શબ્દમાં અન્વય લેવો બહુ એ હેતુવાળું વિશેષણ છે, અહિં અમે ભગવાનને અપ્રિય છીએ કેમ કે તેમણે અમને પાછળથી છોડી દીધાં. જેમ પૈસા વગરનાને વેશ્યા પાછળથી છોડે છે તેમ. એ અનુમાન અહિં ફલિત થાય છે. બધા દૃષ્ટાંત એટલે દસ અથવા આઠ તેમાં સાધારણપણું છે. એટલે સર્વના ઉપયોગમાં આવવાપણું છે અહિં ‘નિઃસ્વ’ દૃષ્ટાંત રાજસરાજસ છે. ‘પુંભિઃ સ્ત્રીષુ’ એ રાજસસાત્ત્વિક ભાવનું દૃષ્ટાંત છે. (પ્ર)

**અધીતવિદ્યા આચાર્યં ઋત્વિજો દત્તદક્ષિણમ્ ॥૭॥**

પૈસા વગરના પુરુષને ગણિકા છોડી દે છે, રક્ષણમાં અસમર્થ રાજાને પ્રજા છોડે છે. વિદ્યા ભણ્યા પછી શિષ્ય ગુરુને છોડી દે છે. યજ્ઞ કરાવનાર ઋત્વિજો દક્ષિણા મલ્યા પછી યજમાનને છોડી દે છે. ૭.

જો કે આ દષ્ટાંતોમાં સર્વત્ર બહુત્વ અને સાધારણત્વ ઉપાધિ છે. તો પણ બહુધા તેવું દેખાય છે તેથી તે ઉપાધિ સંદિગ્ધ છે. એ કહેવા માટે બીજા દષ્ટાંતો કહ્યાં છે. સર્વથા અમારો ત્યાગ કર્યો છે એમ કહે તો તે દોષ કોઈ દિવસ દૂર થાય નહિ. જેમ મિત્રાનો પુત્ર કાળો છે. તેમાં શાકપાકજત્વ સંદિગ્ધોપાધિ છે. જો દશમો પણ કાળો થાય તો શાકપાકજત્વ ઉપાધિ ન કહેવાય. એમ ન થાય તો શાક ખાવાથી કાળો થયો તે ઉપાધિ ગણાય. એમ બહુપણું અને સાધારણપણું પણ સંદિગ્ધોપાધિરૂપ છે. જો ભગવાન્ અમને છોડી દેશે તો બહુત્વને ઉપાધિ નહિ કહેવાય. તેમાં પ્રથમ સ્ત્રિઓ પુરુષો જેવી દુષ્ટ નથી હોતી એ વાત ઈર્ષ્યાને વશ થઈને બોલે છે એમ ન જણાવવા માટે પ્રથમ સ્ત્રીઓ પોતાનો સ્વાર્થ ન થતો હોય તો પુરુષનો પરિત્યાગ કરે છે એ વાત કહે છે. તે સ્ત્રીઓ પ્રથમ તો સર્વભાવથી પુરુષને ભજે છે. કોઈ સ્ત્રીઓ પોતાના શરીરને એવી રીતે બીજાને સ્વાધીન ન કરે તેમાં પણ ગમે તે આવે તેને આત્મા નિવેદન કરે છે. આ કહેવાથી ધર્મને માટે પણ ભજન નિષિદ્ધ છે એમ કહ્યું. લોકમાં તેની નિંદા થાય છે એમ લોક છોડે વેદ છોડે જગતથી વિરુદ્ધ થાય અને ગમે તેવો મળે તેને સર્વભાવથી સ્ત્રીઓ (વેશ્યાઓ) ભજે છે, તે સર્વથી ઉત્તમ ગણાય. પણ જો તેમની પાસેથી પૈસાની આશા ન કરે તો, પૈસા પણ દેહ નિર્વાહ જેટલા લે તો પણ ઠીક ગણાય પણ તે તો અધિક એટલે તેની બધી સંપત્તિ લઈ લે, તેથી તે ભાવ દેખાડે છે તે પૈસાને માટે છે તેની એ સેવા વ્યર્થ છે. કેમ કે પુરુષ પૈસા આપતો બંધ થાય ત્યારે તે સ્ત્રી તેને છોડી દે છે. પુરુષો જાણે છે કે વેશ્યાઓ તો પોતાનો દેહ પૈસાને માટે વેચે છે. પૈસા ન આપે તેને કાઢી મૂકે છે છતાં પુરુષો તેને સર્વસ્વ આપી દે છે, પરંતુ જ્યારે તેની પાસે પૈસા આપવાના ન હોય, ત્યારે તેને વેશ્યા ઘરમાંથી બહાર કાઢે છે. ઘણા પૈસા ખવડાવીને પોતે બાવો બન્યો હોય, કમાવાને લાયક ન રહ્યો હોય, છતાં તેને એક ઘડીપણ ઘરમાં રહેવા દેતી નથી. વેશ્યાના જેવો બીજાં સ્નેહ કરી જાણતાં નથી. ત્યાં શંકા કરે છે કે સાધારણ માણસ સાથે પણ વેશ્યા સમભાવ રાખે છે. તેથી તે છોડી પણ દે, પણ જે ઉત્તમ ભાવથી સેવનાર છે તે છોડતાં નહિ હોય ? એ શંકાના ઉત્તરમાં કહે છે કે રાજાને લોકો મોટા માનીને પોતે તેનો દાસ બની ભજે છે પણ તે રાજા જો પ્રજાના રક્ષણમાં અસમર્થ થયો તો પ્રજા ઉત્તમ રાજાનો પણ ત્યાગ કરે

છે. પ્રથમ સર્વભાવથી રાજાએ જે પ્રજાને પાળી પોષી છે તે સમયે પ્રજાએ પણ સર્વ ભાવથી તેને ભજ્યા છે. પરંતુ જ્યારે પાછળથી રાજાની પાલન કરવાની અશક્તિ જુએ છે ત્યારે તે રાજાને છોડી તેના શત્રુને તે ભજે છે. પ્રજા જો નવા રાજાને ન માને તો તે રાજા ન થઈ શકે પરંતુ એટલો પ્રયાસ કોણ કરે ? થોડી રાજાની નબળાઈ જુએ કે પરંપરાથી માનેલા રાજાને છોડી દે છે. તે ઉપરથી જણાય છે કે દેહસંબંધ સિવાયના માણસમાં લૌકિક ભજન સ્વાર્થને માટે જ છે. તેનું ક્ષણવાર પણ પ્રયોજન ન હોય તો તેને લોકો ભજતાં નથી. ત્યારે એમ માનો કે લૌકિકમાં એવું હશે પણ વૈદિકવ્યવહારમાં સ્વાર્થપ્રાબલ્ય નહિ હોય કેમ કે ત્યાં તો વેદના વિધિને માન આપવાનું હોય છે. એ શંકાના ઉત્તરમાં કહે છે કે વિદ્યાર્થિ ગુરુની પાસે વિદ્યા ભણવા વેદના વિધિનું પાલન કરવા આવે છે તે પણ પોતાનું વિદ્યાનું કાર્ય સમાપ્ત થતાં આચાર્યને છોડી ચાલ્યો જાય છે. પ્રથમ તો તે ગુરુથી વિદ્યા ભણે છે તે વિદ્યાથી તેને બધા પુરુષાર્થો સિદ્ધ થાય છે. તે વિદ્યા લેતાં સુધી આચાર્યની સેવા કરે છે આગળ તેને સેવતા નથી. (શિષ્યને પોતાની પાસે રાખીને તેને વેદ ભણાવે, વેદનાં અંગો અને રહસ્યો તેને સમજાવે તે આચાર્ય કહેવાય.) એવા આચાર્યને પણ પોતાનું કામ થયા પછી શિષ્ય છોડી દે છે. તે ઉપરથી જણાય છે કે દેહસંબંધ વ્યતિરિક્તમાં અર્થકૃત મૈત્રી છે. જેમાં વેદે કહેલો સંબંધ છે જેનું આપણે સૂતક પાળવું પડે છે. ભણ્યા તેનાથી આપણી વૃત્તિ ચાલે છે. તેને પણ દક્ષિણા લઈને બાકીના અર્થ સાથે યજમાનને પણ ઋત્વિજો છોડી દે છે. કદાચિત્ કર્મ કરાવનારને દક્ષિણા ન આપે એવા પણ યજમાન મળે છે. એવાને ત્યાં તે ઋત્વિજો જતા નથી તે ઉપરથી અન્વય અને વ્યતિરેકથી જગતમાં લોકવેદમાં પ્રયોજનને લઈને મૈત્રી છે. ૭.

એમ એક શ્લોકથી ધર્મ અને અર્થની અપેક્ષાએ મૈત્રી બતાવીને એમ કહ્યું કે દેહસંબંધ વ્યતિરિક્તમાં ભજન ઔપાધિક છે. હવે કામને લઈને લૌકિક, વૈદિક, પ્રાકૃત અને નિષિદ્ધ ભેદથી પ્રવૃત્ત થનારા તેના ફલનો અનુભવ કરીને પછી તેને છોડી દે છે. એ વાત બતાવે છેઃ

**ખગા વીતફલં વૃક્ષં ભુક્ત્વા ચાતિથયો ગૃહમ્ ।।**
**દગ્ધં મૃગાસ્તથાઽરણ્યં જારો ભુક્ત્વા રતાં સ્ત્રિયમ્ ।।૮।।**

જે વૃક્ષમાં ફલ ન હોય તે વૃક્ષને પક્ષીઓ છોડે છે. અતિથિઓ ભોજન લીધા પછી જમાડનારને છોડી દે છે. મૃગો બળેલા અરણ્યને છોડી જ્યાં ઘાસ જલ હોય ત્યાં જઈને વસે છે. જાર આસક્તિ રાખનાર સ્ત્રીને ભોગવ્યા પછી તેને છોડી દે છે. ૮.

કામ ઉપરના ઈન્દ્રિયથી ભોગવાય અને નીચેના ઈન્દ્રિયથી ભોગવાય છે

એટલે બે જાતનો છે. તેમાં પક્ષીઓ બહુ ભૂખ્યા થાય છે તેને વારે વારે ખાવાનું જોઈએ તેથી તે ફલવાળા ઝાડનો આશ્રય કરીને રહે છે. પરંતુ જ્યારે તે વૃક્ષમાં ફલ નથી રહેતાં ત્યારે તેને છોડી દે છે. આ તો એક ઉપલક્ષણ છે એટલે છાયાને માટે આશ્રય કરનાર છાયા ન હોય ત્યારે તેને છોડી દે છે એમ જાણવું. તે તે લોકોને મનધાર્યો લાભ ન મળે ત્યારે તે તેને છોડે છે. સંબંધ વગર ભોજન સમયે ખાવા માટે આવે તે બ્રાહ્મણ અતિથિ કહેવાય. તે ભૂખ્યા થાય ત્યારે ગૃહસ્થના ઘરમાં જાય છે, તે ત્યાં જમે છે. ચકાર છે તેથી બીજો પણ સત્કાર કરે તે લઈને ચાલ્યા જાય છે તે જેને ત્યાં ભોજન લીધું હોય તેના ઘરમાં કોઈ મરી ગયું તેનો શોક બતાવવા જતો નથી. કોઈ એક એવા હશે ? ત્યાં કહે છે કે બધા એવા જ છે એ બતાવવા માટે બહુવચનનો પ્રયોગ મૂલ શ્લોકમાં છે. જે અરણ્યમાં મૃગો જન્મ્યા હોય મોટા થયા હોય તે વનમાં ભય ઉત્પન્ન થયો તો આગળ તો સમૃદ્ધિ થવાની હોય છતાં થોડા વખતને માટે તે લાયક ન હોય તો તે અરણ્યને વનનાં પશુઓ છોડી દે છે. સર્વત્ર સાધારણ જાણીને અસાધારણપણાથી તેનો નાશ પણ કરીને બીજે ચાલ્યા જાય છે તેનો દાખલો હવે આપે છે કે પરસ્ત્રીને ભોગવનારા જાર કહેવાય છે. તે સ્ત્રીના જેવી પ્રીતિ દેખાડે છે. તેનો તે આશ્રિત હોય છતાં તેને ભોગવ્યા પછી તે સ્ત્રીને કોઈ બીજો મારે તો તેને છોડાવવા તે આવતો નથી પણ ઉપેક્ષા કરે છે તેવી દશા અમારી થઈ છે[૧]. અથવા આ ગોપીઓ દસ પ્રકારની છે તેથી દસ દૃષ્ટાંત આપ્યાં છે. તેમાં સાત્ત્વિકાદિભાવવાળાએ તે તે દૃષ્ટાંત કહ્યાં છે. છેલ્લું જારનું દૃષ્ટાંત આપનારી રાજસતામસી છે. અથવા તો અહિં સુધીમાં આઠ દૃષ્ટાંતો છે તામસ તામસી[૨] તો સર્વભાવાપન્ન છે તેનું સ્વરૂપ ભ્રમરની કથામાં કહેવાશે તેથી ત્યાં 'કાચિત્' એમ એકલીનું વર્ણન કરશે. ૮.

ત્યાં કહે છે કે વ્રજભક્તો બીજાના ઉત્કર્ષને જોઈ નથી શકતાં એ તેનો દોષ છે તેને જ્ઞાન આપીને ભગવાન્ પુનઃ શા માટે તૈયાર કરે છે ? તેના ઉત્તરમાં કહે છે કે તેને વિપ્રયોગનો કલેશ વધતાં તેમાં તે દોષ આવ્યો છે ખરી રીતે તે ઉત્તમ ભક્તો છે તે વાત બે શ્લોકથી કહે છેઃ

**ઈતિ ગોપ્યો હિ ગોવિન્દે ગતવાક્કાયમાનસાઃ ।।**

---

૧. પહેલો દૃષ્ટાંત રાજસસાત્ત્વિક છે, પછીનો રાજસરાજસ, તામસતામસ, તામસરાજસ, નિગુર્ણ, સાત્ત્વિકરાજસ, તામસસાત્ત્વિક, સાત્ત્વિકસાત્ત્વિક, સાત્ત્વિકતામસ પછી રાજસતામસ એ દશ દૃષ્ટાંત ક્રમથી સમજવા. (ટિ)

૨. 'મધુપ કિતવ' એ દશ શ્લોકમાં તામસતામસી દશ પ્રકારના ભાવવાળી બોલનારી છે તેથી આરંભમાં 'ક્વચિત્' શબ્દથી એક વચન કહ્યું છે. એક ભાવ બતાવવા માટે એકતા કહી છે. તેથી ભ્રમરકથા કહેનારીનો તામસતામસ ભાવ સ્થાયી છે. બીજા વ્યભિચારી ભાવો છે. (લે)

**કૃષ્ણદૂતે વ્રજં યાતે ઉદ્ધવે ત્યક્તલૌકિકાઃ ।।૯।।**
**ગાયન્ત્યઃ પ્રિયકર્માણિ રુદન્ત્યશ્ચ ગતહ્રિયઃ ।।**
**તસ્ય સંસ્મૃત્ય સંસ્મૃત્ય યાનિ કૈશોરબાલ્યયોઃ ।।૧૦।।**

એ પ્રમાણે ગોપીઓનાં કાયા, વાણી અને મન અત્યારે ભગવાનમાં પહોંચ્યા છે, કૃષ્ણના દૂત ઉદ્ધવજી જ્યારે વ્રજમાં આવ્યા ત્યારે તેણે લૌકિક ગૃહકાર્યો છોડી દીધાં છે, કૃષ્ણે બાલ અને કૈશોર અવસ્થામાં કરેલી લીલાનું સ્મરણ કરતાં પોતાના પ્રિયનાં કર્મોનું ગાન કરે છે લાજ મૂકીને રુદન કરે છે. ૯-૧૦.

ઉપર કહેલી વાત અહિં પૂરી થઈ છે એ બતાવવા માટે 'ઇતિ' શબ્દ કહ્યો છે. પૂર્વદોષ કહ્યો તેનું ફલ ભગવાનમાં આસક્તિરૂપ થયું. પણ તેનો નાશ થયો તે કહેવા માટે વાણી કાયા અને મન તેનાં ભગવાનમાં પહોંચી ગયાનું કહ્યું. એવી કલ્પના કરો છો, તે કરતાં તેને દુષ્ટ બન્યાં એમ કેમ નથી કહેતાં ? ત્યાં કહે છે કે તે 'ગોપીઓ' છે. તે મુગ્ધાઓ છે કપટ કે વિવેકને જાણતાં નથી. તેને હૃદયના દુઃખથી જેવી મનોવૃત્તિ થાય છે. તેવું તે બોલી નાખે છે તેથી તે દુષ્ટ નથી. આ અર્થ યોગ્ય છે એ કહેવા માટે મૂલ શ્લોકમાં 'હિ' કહ્યો છે. મોટાં દુઃખ ભોગવ્યાં, સર્વ સગાં છોડ્યાં અને સર્વભાવથી ભગવાનની પ્રાપ્તિ પૂર્વે તેણે કરી. બધા દેવોએ મળી બધી ગોપીના દેવ ગોવિંદને ઠરાવ્યા. તે દેવોની કૃતિઓને તમે દુષ્ટ કહો કૃતિ વૃથા થાય. અથવા તો તે દુષ્ટ સ્વામિવાળાં કહેવાય. તેથી આવું વચન તે બોલે છે તેથી તેની કાયા, વાણી અને મન ગોવિંદમાં ગયાં છે એ વાત સિદ્ધ થાય છે. અથવા તો પ્રથમથી જ તેનાં કાયા, વાણી અને મન ગોવિંદમાં છે. તેથી જો આ વચનો દોષવાળાં હોય તો તે ભગવચ્છાસ્ત્રનો જ દોષ છે. કેમ કે તે ભગવદીઓ છે. તેણે સર્વ પરિત્યાગ કર્યો છે તેનો દાખલો આપે છે કે કૃષ્ણના દૂત વ્રજમાં આવ્યા ત્યારે બધું લૌકિક છોડીને બેઠાં તો સાક્ષાત્ ભગવાન્ આવે તો તે શું કરે તે કોણ જાણે ? સર્વ અપેક્ષા છોડી પ્રકટ થઈ તે દૂતની પાસે બેઠાં તેની પાસે પણ પોતાના પ્રિયની લીલાનું ગાન કરે છે. તેથી તેની વાણીનો વિનિયોગ ભગવાનમાં છે અન્યત્ર નથી. તેથી જ તેની વાણી બીજાથી સંકોચાતી નથી. તે રુદન પણ કરે છે. બેઠાં તેથી કાયાનો વિનિયોગ કહ્યો. ગાવાથી વાણીનો વિનિયોગ કહ્યો. રુદનથી અંતઃકરણનો વિનિયોગ કહ્યો એમ સાધારણ રીતે ત્રણનો અર્પણ પ્રકાર કહ્યો. તેનો અસાધારણ સ્વભાવ પણ તેણે છોડ્યો તે કહે છે કે તેણે લાજ પણ છોડી, સ્ત્રીઓનો સ્વાભાવિક ધર્મ લાજ છે તેને જો સ્ત્રીઓ છોડે, તો તેમાં બાકી શું રહ્યું. ત્યાં કહે છે કે એ બધું ક્યારેક બને સર્વદા તે સ્થિતિ ન હોય ત્યાં કહે છે કે બાલ્ય કૈશોરની કૃષ્ણની લીલાઓને આદરથી યાદ કરીને તેવાં તે બન્યાં છે. ૯-૧૦.

એમ એ દોષને મોટો માનીને મોટા પ્રબંધથી તે દોષને સાધ્ય ગણ્યો. તેનાથી પણ મોટા દોષને કહેવા માટે તેની પ્રસ્તાવના કરે છેઃ

**કાચિન્મધુકરં દૃષ્ટ્વા ધ્યાયન્તી પ્રિયસઙ્ગમમ્ ।।**
**પ્રિયપ્રસ્થાપિતં દૂતં કલ્પયિત્વેદમબ્રવીત્ ।।૧૧।।**

કોઈ એક ગોપી પોતાને થએલ ભગવાનના સંગમનું ધ્યાન કરતી હતી, તે વખતે તેણે ભમરાને જોયો. તેને ભગવાને મારી પાસે દૂત તરીકે મોકલ્યો છે એમ સમજી આ પ્રમાણે તે ભમરા સાથે બોલવા લાગી. ૧૧.

ગોપીનો રોગ સાધ્ય છે એ વાત આગળ કહેશે પછી તેને ભગવાને ઉપદેશ કર્યો છે તે કહેશે. પ્રથમ તો ઉદ્ધવને ઠપકો આપતાં પોતાના હૃદયના ભાવોને ભગવાનમાં પોતાની આસક્તિ બતાવવા માટે કહે છે તેનું કારણ કે તેને અત્યારે પ્રકટ થએલ રસને ગુપ્ત (છાનો) રાખવો છે. તે કાચિત્ એ શ્લોકથી કહે છે. તે પણ બીજાને (ભમરાને) કહેવાના મિષથી કહે છે. એમ ન કરે તો રસ પુષ્ટ ન થાય. અથવા ભગવાન્ ઉદ્ધવને ગોપીઓનું સ્વરૂપ બતાવવા માટે તે વખતે ભમરાને ગોપી પાસે મોકલે છે. ત્યારે તેને જોતાં આર્ષજ્ઞાન વડે તે ભગવાનનો દૂત છે એમ જાણી કોઈ ગોપી 'કાચિત્' શ્લોક કહે છે. તેથી મેં ગોપીને સંદેશ આપી ઉપકાર કર્યો છે એવો ઉદ્ધવને ગર્વ ન થાય. અન્યાપદેશન્યાયે તો એ પદો ઉદ્ધવમાં પણ લગાડી શકાય છે. ત્યારે દોષની સંભાવના તેનામાં પણ થાય છે. બીજા અર્થમાં (કાલપક્ષમાં) કાંઈ સંભાવના થતી નથી. કેમ કે તેને તો પ્રાર્થના જ કરી છે. મધુકર એટલે ભમરો અહિં તેના નામથી વિપરીત ગુણવાળો તેને કહ્યો છે. કેમ કે ભમરો પુષ્પનો મકરંદ ખાય છે મકરંદને તે પેદા કરતો નથી, છતાં તેને મધુકર કહ્યો. ખરી રીતે મધુપ કહેવો જોઈએ. એવું નામ રાખે તો પુષ્પો અથવા તદભિમાની દેવતા તેને પુષ્પ પાસે આવવા ન દે. આ બોલનારી ગોપી પ્રથમ કૃષ્ણના સંગમનું મનથી ધ્યાન કરતી હતી. પહેલાં મનથી કૃષ્ણનો સંગ કરી પછી તે માનવાળી થઈ ત્યારે ભગવાન્ બીજી ગોપી પાસે ગયા એવી તેના મનમાં કલ્પના થઈ. તેણે વિચાર્યું કે મને છોડવાનું ભગવાનને યોગ્ય ન લાગતાં પુનઃ ભગવાને મને સમજાવવા ભમરાને મારી પાસે મોકલ્યો. એવું મનમાં સમજી છે તેથી તેને 'દૂત' ગણીને નીચેના શ્લોકથી તે ભમરાને કહે છે. ૧૧.

નાયિકાને માન થતાં ક્રોધ વડે તેનામાં નિર્દયતા આવે છે માટે કોઈ તામસતામસી[1] અથવા તેવા ભાવવાળી ગોપી ભમરાને દોષ આપે છેઃ

---

૧. વિયોગમાં પ્રલાપ દિનતા વિગેરે ભાવો થાય છે તેમ પ્રિયમાં દોષારોપ પણ એક વ્યભિચારીભાવ છે તેથી રસાત્મકતામાં ફેર પડતો નથી. તો પણ તે ભાવ અત્યુગ્ર સ્વરૂપ

||ગોપ્યુવાચ||

**મધુપ ! કિતવબન્ધો મા સ્પૃશાઙ્ઘ્રિં સપત્ન્યાઃ**
**કુચવિલુલિતમાલાકુંકુમશ્મશ્રુભિર્નઃ ||**
**વહતુ મધુપતિસ્તન્માનિનીનાં પ્રસાદં**
**યદુસદસિ વિડમ્બ્યં યસ્ય દૂતસ્ત્વમીદૃક્ ||૧૨||**

ગોપી બોલીઃ- હે મધુપ, હે કપટીના બંધુ ! સોક્યના સ્તનને લાગવાથી ચોળાઈ ગએલી માલાને સુંઘતાં જેની ડાઢી મૂછો પીળી થઈ ગઈ છે એવો તું અમારા ચરણને અડક નહિ. જેનું યાદવોની સભામાં અનુકરણ (ઉપહાસ) થાય છે. જેનો તું દૂત થઈને અહિં આવ્યો છે. તે કૃષ્ણ તે માનવાળીના પ્રસાદને ભલે ઉઠાવે. ૧૨.

રસમાં પણ વિયોગમાં દૂત અને નાયકને દોષ અપાય છે. જેમ કે 'અજ્ઞાતપીડાગમા[2]' અને 'અધમસ્ય' એમ દૂતી અને નાયકને નાયિકા દૂષણ આપે છે. તેવું અહિં પણ છે કેમ કે અહિં દૂતને મધુપ કહ્યો છે, નાયકને ગોપીએ 'કિતવ'

---

ધારણ કરે ત્યારે તે ભાવ પ્રમાણાદિ બલનો નિરાસક થઈને વિલક્ષણ રસાત્મા થાય છે તેને તામસતામસભાવ કહ્યો છે. તે ભગવત્સ્વરૂપાત્મક ભાવ છે. ભાવો પરસ્પર ઉપમર્દ્ય ઉપમર્દક ભાવને પામે છે. તે વાત ગીતામાં કહી છે. ''રજસ્તમશ્ચાભિભૂય સત્ત્વં ભવતિ ભારત | રજઃસત્ત્વં તમશ્ચૈવ તમઃસત્ત્વં રજસ્તથા ||'' તેમાં જેમ રજને ઉખેડીને તમસ અને તેની જગ્યાએ સત્ત્વ થાય છે તેવી રીતે ગોપીઓના ભાવો પણ બદલાય છે. તેને તામસાદિ શબ્દથી લોકો બોલે છે. તેથી ભક્તમાં રસાત્મક પ્રભુનો તે ધર્મ જ પ્રકટ થાય છે, તેથી તે પ્રભુમાં દોષારોપ કરે છે એમ ન કહી શકાય. કેમ કે ભગવાન્ સિવાય બીજાનું તે સ્મરણ કરતી નથી. સ્મરણ કરે છે તેને તે દોષવાળો ગણતી નથી. અનુભવ કરે છે તેમાં દોષ નથી. પ્રભુના સ્વરૂપમાં કે તેના ધર્મોમાં દોષની સંભાવના નથી. જ્ઞાનવાળાને આત્માની સ્ફૂર્તિ જરુર થાય તે વખતે તેને આત્મસ્ફૂર્તિ નથી રહેતી તેથી દોષપણાની તેમાં ભ્રાંતિ થાય છે. તેથી સ્વામિનીને તામસતામસી કહી છે. શ્રીઉદ્ધવને પણ તે વખતે ગોપીની અવસ્થા જોતાં એમ થયું કે આવા ભક્તોને પ્રભુ કેમ મળતા નહિ હોય ? તેવો દોષાત્મક ભાવ થયો એ બતાવવા માટે પણ તામસતામસીપણું તે બોલનારીને કહ્યું છે. એ ઉદ્ધવને પણ એ સ્વામિનીનો ભાવ હૃદયમાં આવ્યો ત્યારે એ દોષ તેનામાં દેખાણો છે. આ તામસતામસીનો ભાવ તો ઉપચાર માત્ર છે. તેથી હવે બીજી રીતે તેનો અર્થ કરે છે કે, તેમ ન કહો તો તેવા ભાવવાળી તે ગોપી છે તે દૂષણ આપે છે. મધુપ એ શ્લોકથી તે હવે કહે છે. (ટિ)

૨. ''નિઃશેષચ્યુતચન્દનં સ્તનતટં નિર્મૃષ્ટરાગોધરો
નેત્રે દૂરમનઞ્જને પુલકિતા તન્વિ તવેયં તનુઃ ||
મિથ્યાવાદિનિ દૂતિ બાન્ધવજનસ્યાજ્ઞાતપીડાગમે
વાપીં સ્નાતુમિતો ગતાસિ ન પુનસ્તસ્યાધમસ્યાન્તિકમ્ ||''

કહેલ છે. આ મતાંતર[3] ભાષા એ કામશાસ્ત્રના અનુરોધવાળી છે તેથી સમાધિભાષા[4] કે ભક્તિમાર્ગમાં વિરોધ નથી આવતો. જો કે ભમરો મકરંદનું પાન

---

૩. અહિં આ પ્રમાણે અભિપ્રાય સમજવાનો છે. શુધ્ધ પુષ્ટિમાર્ગીય ભક્તોને જ્ઞાનમાર્ગનો બોધ કરવો તે ભક્તિમાર્ગથી અત્યંત વિરુધ્ધ ગણાય. તેથી આ ભાષા સમાધિભાષામાં તો ન પ્રવેશી શકે, અહિં અતિઉત્કટસ્નેહભાવનું વર્ણન છે. તે પણ રસાત્મક છે, તે રસાત્મક ભાવ પરમ પુરુષાર્થ રૂપ છે. તેનો વિઘાત કરનાર જ્ઞાનાત્મક ભાવ છે. અહિં ગોપીઓને જ્ઞાન આપ્યું છે તે આપવાનો ઉદ્દેશ તે સ્વતંત્ર થાય એવો નથી પણ પ્રિયમાં તે દોષારોપણ ન કરે એટલું જ તેનું પ્રયોજન છે. તે ભગવાનમાં દોષારોપ કરે છે તે પણ રસાત્મક છે પણ તે વ્યભિચારી ભાવ હોવાથી ચિરસ્થાયી ભાવ નથી. તેથી સર્વથા જ્ઞાનનો ઉપયોગ નથી અત્યાર સુધીમાં ભક્તનો નિરોધ થવામાં ન્યૂનતા નથી કે જે જ્ઞાનથી દૂર થાય. તેથી શ્રીઆચાર્યચરણે આને મતાંતર ભાષા કહી તે ઠીક જ કર્યું છે. કથનનું પ્રયોજન કહે છે કે કાં તો ભગવાનનો સંયોગ જોઈએ અથવા તેના અસન્નિધાનનું દુઃખ જોઈએ. આ પુરુષાર્થ છે. રસશાસ્ત્રનો પણ તે જ મત છે. વિયોગમાં પ્રિયમાં દોષ દેખાય છે તેમાં પોતાને દુઃખ આપનાર પ્રિય છે તે જ ઉત્તમ છે સુખ આપનાર છે. તેવા જ્ઞાનથી દુઃખ થાય છે. પણ સ્વરૂપ તેનું દુઃખ આપનાર નથી જો એમ હોય તો તેનો સ્નેહ નિરુપધિ ન કહેવાય. તેથી તેમને સંદેશમાં હું આત્મા છું એવો બોધ ભગવાને કર્યો છે. આથી ભગવાનનો ભક્તોમાં અને ભક્તોનો ભગવાનમાં નિરુપધિ સ્નેહ સિધ્ધ થાય છે. તે દુઃખ આપનાર છે એ વાત રહેતી નથી. જેમ શરીરમાં રહેલો જીવ પોતાના દેહને દુઃખ દેવામાં રાજી ન હોય. તેમાં જેના જીવમાં ભગવાન્ વિરાજે છે તે જીવને ભગવાન્ દુઃખ ન દે તેથી જ શ્રુતિ કહે છે. 'યમૈવૈષ વૃણુતે તેન લભ્યસ્તસ્યૈષ આત્મા વિવૃણુતે તનું સ્વામિતિ' (જેનું તે વરણ કરે છે તે તેને મેળવી શકે છે તેને આત્મા પોતાની તનુ સ્વાધીન કરે છે.) એટલે વિપ્રયોગમાં આંતર લાભ છે જ્યારે સંયોગમાં બહારથી લાભ છે. તે તે વખતે તે તે ધર્મો સ્નેહને લઈને પ્રકટ થાય છે તે પણ સ્નેહવાળાને થાય છે. નહિ તો બધાને તેવો ભાવ હૃદયમાં થવો જોઈએ તેમ તો થતું નથી. તેને ભગવાનમાં દોષ સ્ફુરે છે તેનું કારણ સ્નેહ છે. તેથી જ પ્રિયમાં નિર્દોષતા દેખાય છે. આ તો મર્યાદાને લઈને અમારું કથન છે. ખરી રીતે તો સ્નેહને લીધે જ દોષ દેખાય છે તે સ્નેહ ભગવદ્ભાવરૂપ છે, તે ભ્રમ નથી કે દોષ નથી. રસાત્મા ભગવાનનું સ્વરૂપ જ એવું છે. તેમાં વધારે વિચાર કરવા જેવું નથી. જો તેમાં વધારે ઉતરશો તો રસાભાસ સિધ્ધ થશે એવું શ્રીગુસાંઈજી કહે છે કે અમારો મત છે. આથી એ વાત સિધ્ધ થઈ કે જ્ઞાન કરતાં ભક્તિ મોટી છે.(ટિ)

૪. સમાધિભાષામાં માહાત્મ્યજ્ઞાન અને સ્નેહ ક્યાંક સાથે તો ક્યાંક જૂદા કહ્યા છે. આ પ્રસંગમાં તો 'કાચિન્મધુકરં' ઇત્યાદિથી કથા શરૂ કરી છે તેમાં સ્નેહ કે માહાત્મ્યજ્ઞાન નથી તેથી તે સમાધિભાષા કે તેની વિરુધ્ધની કથા ન કહેવાય એમ કોઈને શંકા થાય. વળી અહિં વિહિત સ્નેહ ન હોવાથી ભક્તિમાર્ગનો પણ વિરોધ લાગે છે. એવી શંકા કરનારને કહેવું કે અહિં વિરોધ નથી તેમાં બે કારણ છે. એક તો તે મતાંતરભાષા છે અને બીજો હેતુ તે કામશાસ્ત્રના અનુરોધવાળી ભાષા છે અહિં એ જાણવાનું છે. મર્યાદામાર્ગીય મતથી પુષ્ટિમાર્ગનો મત જૂદો છે તે મતાંતર કહેવાય. સમાધિમાં તો વ્યાસજીએ બે પ્રકારનો ભક્તિમાર્ગ જોયો છે.

કરનાર છે પણ તેનો બીજો પણ અર્થ થાય તેથી નિંદા પણ તેની થાય. કેમ કે મધુ મદ્યનું નામ છે જ્યારે મધુપ કહ્યો ત્યારે મદ્યપાન કરનાર એવું જ્ઞાન થતાં તેની નિંદા થાય છે. અન્યાપદેશમાં તો બધા યાદવો પાનમાં આસક્તિવાળા છે. તે વાત લોકપ્રસિદ્ધ હોવાથી તેની નિંદા થાય છે. જો કે યાદવોમાં ભગવાન્ તથા તેનાં ભક્તો મદ્ય પીનાર નથી. ભગવાન્ લોકાનુકરણ કરે પણ તે સાધારણ ધર્મો કે જેની નિંદા ન થતી હોય તેનું અનુકરણ કરે નિંદિત ધર્મોને ન અનુસરે પણ ભગવાન્ યાદવ ગણાય અને યાદવો મદ્યપાન કરનાર છે એમ લોક સામાન્ય વાર્તા કરે તેથી ખેદ થાય. ખરી રીતે તો સરસ્વતી તે શબ્દના અર્થો બીજી રીતે જ કરે છે. ભગવાન્ સ્વામી છે કાલ તેનો દૂત છે. પોતે શ્રુતિઓ છે. કાલ દ્વારા ભગવાનને કહેવાય છે અથવા કાલ દ્વારા ભગવાન્ જણાય છે. અહિં સંવત્સરાત્મક કાલ છે તે પ્રથમ મધુ-વસંતને પાળે પોષે છે. તેથી તે મધુપ કહેવાય છે. પછી તે કાલ કિતવ એટલે ગ્રીષ્મ (એટલે છેતરીને બધું ખેંચનાર તે)નો બંધુ પણ થાય છે. તે ગ્રીષ્મ જો ભગવાનના સંબંધવાળા વૃંદાવનાદિ પ્રદેશ અથવા ત્યાં પડેલાં ભગવચ્ચરણનો સ્પર્શ કરે તો મોટો ક્લેશ થાય, તેથી ગોપી 'મા સ્પૃશાંઘ્રિમ્' પગને મા અડક એમ નિષેધ કરે છે. પહેલાં તો ભગવાન્ વૃંદાવનમાં વિરાજતા ત્યારે 'નિદાઘવાહ્નયર્કભવો ભુવો રસમ્' (ગ્રીષ્મનો તાપ વૃંદાવનની ભૂમિના રસનું ગ્રહણ નથી કરતો) તે ગ્રીષ્મ ભગવદ્રમણવૃંદાવનના રસને નહોતો ખેંચતો. હમણાં તો ભગવાન્ દૂર છે તેથી કદાચ સ્પર્શ કરે માટે ગોપી તેનો નિષેધ કરે છે. તેથી જ નમસ્કારને માટે આવેલ ભ્રમર કે ઉદ્ધવનો પણ નિષેધ કરે છે. ત્યાં કહે છે કે નમસ્કારમાં ચરણનો સ્પર્શ કરે તેમાં શું દોષ છે ? તેના ઉત્તરમાં કહેવાનું કે તે મધુપ છે, ચરણ કમલરૂપ છે, તેમાં રહેલા મકરંદને ન આપવા માટે નિષેધ કરે છે. જો નિષેધ ન કરે તો તે મકરંદ પાન કરનાર હોવાથી ચરણ કમલના મકરંદનું પાન કરે તો ચરણનો સાર તે લઈ જાય. એટલે નિઃસાર વસ્તુનો ભગવાન્ ભોગ ન કરે તેથી નિષેધ કર્યો છે, વળી મધુ મદ કરે છે. તે જે પીએ છે તેનો સ્પર્શ કોઈ ન કરે કેમ કે તે 'અસ્પૃશ્ય'માં ગણાય છે. ત્યાં કહે છે કે હું તો ભગવાનનો દૂત છું, ભગવાને તમને બોલાવવા માટે મને મોકલ્યો

---

'અનર્થોપશમં સાક્ષાત્' એ વાક્યથી તે વાત પ્રથમ સ્કંધમાં કહી છે. તેમાં ભક્તિયોગ પદથી સામાન્ય ભક્તિમાર્ગ અને 'સાક્ષાત્ ભક્તિયોગ'થી ફલરૂપ ભક્તિમાર્ગ. નહિ જાણનાર લોક માટે સામાન્ય ભક્તિ અને 'સમાધિમાં' જોઈ જાણીને કહેલો ફલમાર્ગ વ્રજસીમંતિનીઓનો છે. આ માર્ગને પુષ્ટિમાર્ગ કહો કે મતાંતર કહો. એવાને જ્ઞાન કહેવું તે પણ પુષ્ટિમાર્ગીય કહેવાય. કામશાસ્ત્રને અનુસારે પ્રથમ સ્વરૂપાનંદ ભગવાને આપ્યો છે, હમણાં પણ તે જ કહે છે તેથી કોઈ વાતનો વિરોધ નથી. તેથી આને જ સમાધિ ભાષા સમજો. આમાં સમાધિભાષા અને ભક્તિમાર્ગીય બંને છે તેથી કોઈ પ્રકારનો વિરોધ નથી. (ટિ)

છે. હું કોઈ ઉદાસીન નથી. સ્ત્રીઓ કે જેને ભોગની કામના હોય છે તેના પગમાં પડે તેવાને તે યોગ્ય માને છે. એમ કહે ત્યાં કહે છે કે અમને છેતરવા માટે તારા સ્વામિએ તને અમારી પાસે મોકલ્યો છે. તે કહે છે કે 'કિતવ' એટલે છેતરનાર તેમાં પણ ધૂતારો. જેનું કાંઈ ફલ તો મળવાનું ન હોય તેનું માનાપનોદન કરે તો તે વ્યર્થ થાય માટે તું ચરણનો[૫] સ્પર્શ ન કર એમ નિષેધ કર્યો, તે યોગ્ય છે. આ કથનથી ઉદ્ધવને પણ અહિં માન મળવાનું નથી એમ તેણે સમજી લેવું. તે વાત ધ્યાનમાં રાખીને ભમરાને ન અડકવાનું કહ્યું છે. કાલપક્ષમાં સપત્ની દ્યૌ. છે. તેના કુચ રૂપ મેઘો છે, તેમાં ચોળાએલી માલા જેવી વિજળી છે. તેની કેસર જેવી કાંતિ હોય છે. તેની સાથે સ્મશ્રુને ઠેકાણે મેઘમાંથી વહેતી જલની ધારા છે તે વડે અમને તું અડક નહિ. અમારું હિત કરનારી શરદ છે વર્ષા નથી તેથી વર્ષા પર્યંતનો ગોપીએ નિષેધ કર્યો છે. જે માન આપવા આવે તે ન ગમતા પદાર્થને છોડીને આવે છે. પણ તેને ન ગમતો પદાર્થ બતાવતો આવતો નથી. ભમરાને મૂછને ઠેકાણે રોમ હોય છે તે મકરંદ લાગવાથી પીળા થાય છે તે પુષ્પો ભગવાનના હોય. તે બીજા પુષ્પો

૫. હવે નમસ્કાર માટે આવેલા ઉદ્ધવ અથવા ભ્રમરને પાદ સ્પર્શનો નિષેધ કરે છે. કેમ કે આ ગોપી માને છે કે અમારા ચરણની કોમલતાનો અનુભવ કરે તો તે ચરણોનો ભોગ તે માને. તો અમારી અનન્યતા જતી રહે માટે નિષેધ કર્યો છે. ત્યાં કહે કે હું તો ભગવાનનો દૂત થઈને આવ્યો છુંતે તમારા ચરણમાં પડીને પણ મારે તેમનું કાર્ય કરવું જોઈએ. દૂત ચરણ સ્પર્શ કરે તેમાં અનન્યતાનો ભંગ નથી થતો. સ્ત્રિઓ ભોગ સમયે સ્વયં પાન કરે છે તો પાન કરનારના સ્પર્શથી તેને શું પાપ છે ? એટલે તને અમારી પાસે ભગવાને અમને બોલાવવા નથી મોકલ્યો પણ હસવા માટે મોકલ્યો છે. સ્ત્રીપુરુષો માનમોચનમાં પાદ સ્પર્શ કરે છે તે વાત અહિં નથી માટે અમારી અનન્યતાનો ભંગ થાય જ. આથી ઉદ્ધવને પણ સન્માન મળવાનું નથી તે વાત કહેવામાં આવી. પોતાને વસંતનો નિષેધ કરવો છે માટે વૃંદાવન ભૂપ્રદેશની સપત્ની દ્યૌઃ (આકાશ) છે, તેમાં મેઘ તેના સ્તનો છે, વર્ષા તેનાં સ્મશ્રુ છે, તત્સહિતનો સ્પર્શ નિષિદ્ધ કર્યો કેમ કે તેમને તો શરદ હિતકારિણી છે તેથી વસંત ગ્રીષ્મ અને વર્ષાનો નિષેધ કર્યો. કર્મ કાલસાપેક્ષ છે. તેમાં કાલોત્કૃષ્ટ શરદ છે વર્ષા ગ્રીષ્મ ગરમીને લઈને રસાનુપયોગી છે તેનો નિષેધ કર્યો છે. બાકીના ત્રણ રહ્યા તેની મહત્તા તો વગર બોલ્યે સિદ્ધ થઈ. સંવત્સર કાલ તેનાં ૬ ઋતુ છ છે તેમાં વસંતથી ગણાય છે. વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ્, હિમ, શિશિરમાં ત્રણ પૂર્વ ત્યાજ્ય ત્રણ પાછળના ગ્રાહ્ય ગણ્યા છે. અમને યાદવો ન જાણે તેમ ત્યાં લઈ જાઓ તો પણ એ અમને મંજુર નથી, તેવો પ્રસાદ ત્યાંની સ્ત્રીઓ જ ભલે લે. કાલકૃત ધર્મ એટલે કલિયુગમાં તો ધર્મ કરનારા ધર્મનું પ્રદર્શન માત્ર કરે છે. તેના સ્વરૂપને ખડું કરી શકતા નથી યાદવો તેવા જ છે. કેમ કે તું તે કલિનો દૂત છો શ્યામ છો ધર્મનો આધાર શ્યામ ન હોય માટે અમારે માટે તો આ કાલ યોગ્ય નથી તેથી તું જા. અમારો વખત આવશે ત્યારે અમારું કાર્ય વગર દૂતે સિદ્ધ થશે. (લે)

ભગવાનના ભોગવ્યા વગરના હોય તેને મકરંદ લેતા નથી પણ ભગવાનની પ્રસાદી માલાના મકરંદનો સંબંધ તેને થાય છે. તે માલામાં ગુંથ્યા હોય તેથી અંદર સ્મશ્રુને સંબંધ ન થાય પણ બહારથી થાય છે, તેથી પીળા સ્મશ્રુ કુંકુમના સંબંધથી થાય બીજી રીતે ન થાય. ઉદ્ધવ પણ ભગવાનની માલા ઉતરે તેને સુંઘે ત્યારે તેની મૂછોને પુષ્પનો સંબંધ થતાં મૂછો પીળી થાય. નિરંતર માલા સુંઘવાથી રંગિત સ્મશ્રુ થાય છે. સુંઘવાનું અથવા મકરંદ પાન બહારથી થાય છે, ભગવાનના અંગરાગથી પીતવર્ણ થતો નથી. માલા ચોળાઈ ગઈ તેથી ભગવાનનો સંભોગ કોઈ સાથે થયો હોય એમ જણાય છે. કેવલ આલિંગન માત્રથી માલા ચોળાય નહિ, આલિંગન તો બીજાના આગ્રહથી પણ કરવું પડે. તેટલે સુધી તો તે અત્યંત દ્વેષને લાયક ન ગણાય. શ્રમ તેને થયો જણાય છે તેણે મહાસૌરત કર્યું લાગે છે તેથી આ ગોપીને માન વધે છે. કાલ ભ્રમર અને ઉદ્ધવ એ ત્રણ પક્ષમાં ચરણ સ્પર્શનો નિષેધ કર્યો છે. ત્યાં કહે છે કે તમો ભગવદીય છો ભગવાન્ જો તેમ તમને માનતા હોય તો તમે તેને કેમ નિષેધ કરી શકો ? ત્યાં કહે છે કે કાલ પક્ષમાં તો બે ઋતુનો નિષેધ કરે છે. મધુપતિ એટલે વસંતસંબંધી સંવત્સર તે માનવાળીના પ્રસાદને ઉઠાવો. તે માન છોડીને સંતોષ પામી કાલની ઉપર પ્રસન્ન થાઓ. કેમ કે વર્ણનમાં વસંતનાં સંબંધથી તેની મોટાઈ દેખાય છે. અમારી તેટલાથી પ્રસન્નતા થતી નથી. અમને તો ભગવાને શરદમાં કૃપા બતાવી હતી તેથી અમો ગ્રીષ્મવર્ષાનો નિષેધ કરીએ છીએ. વસંત અને શરદમાં તેની પ્રશંસા છે, તેમાં વસંતમાં ભગવત્કૃત કાલોત્કર્ષ છે, શરદમાં તો સર્વથા ઉત્કર્ષ છે. વસંતમાં યજ્ઞો અગ્નિઓ અને સંસ્કારો થાય છે. સપત્નીઓએ પોતાનું કુચકુંકુમ પ્રસાદ તરીકે આપ્યું છે. જે ઈશ્વર થઈને દાસીની પ્રસાદી લે તેની યાદવોની સભામાં નિંદા થાય. બીજાનું ભોગવેલું દેવ સિવાયમાં બીજો લે તો તે નિંદાને પાત્ર બને છે. તેમાં મોટાઓ વધારે નિંદાય છે. ત્યારે ભગવાને તેમનો પ્રસાદ કેમ સ્વીકાર્યો ? તેના ઉત્તરમાં કહે છે કે તે મધુપતિ છે. મધુદેશ (મથુરા પ્રદેશ)ના તે રાજા છે. અથવા ઈર્ષ્યાથી કહે છે કે તે બધા ઈચ્છા પ્રમાણે મદ્યપાન કરનાર છે. તેથી દેશની રીતથી અથવા વસ્તુ સ્વભાવથી પ્રસાદ ભગવાને લીધો. તેવા ભગવાનનો પ્રસાદ આ ભ્રમર લે છે તેથી ભ્રમર પણ આદરને પાત્ર નથી. આથી એમ બતાવ્યું કે અહિં આવી એકાંતમાં ભોગ કરો. પણ અમો મથુરા તો ન જ આવીએ. ત્યાં આવીએ તો યાદવો હસે કેમ કે ત્યાં કૃષ્ણને યાદવ હોઈને યાદવોની સભામાં જવું જોઈએ, તેઓ કાંઈ બોલે તો સજાતીય કૃત્ નિંદા અસહ્ય ગણાય. તે પણ અન્ય સંબંધકૃત્ નિંદા અસહ્ય હોઈને એવો પ્રસાદ તમારા સ્વામિ ભલે લે અમે તેને લાયક નથી. અમે તો ત્યાં જઈએ તો પણ પ્રસાદમાં

અમને કુંકુમ મળે. તે અમારે જોઈતું નથી. તેથી આ ગોપી નિષેધ કરે છે. ભગવાનના ઉત્તમ ધર્મો ગ્રહણ થાય તેથી બીજા ધર્મો ગ્રહણ કરવા સારા નહિ એમ બતાવવા વિડંબન શબ્દ વાપર્યો છે. ત્યાં કહે છે કે તમોને તેવો પ્રસાદ આપશે એ તમે ક્યાંથી જાણ્યું. અથવા તેમાં પ્રમાણ શું છે ? ખરી રીતે તો તમે ત્યાં આવશો તો ભગવાન્ તેનો ત્યાગ કરશે. ત્યાં કહે છે કે એનો દૂત તું પણ તેવો જ છો. એટલે તું તેને પ્રિય છો. તને તે પ્રસાદ આપે છે તો અમને તો તે અવશ્ય આપે જ. જો એમ તેનો વિચાર ન હોય અને તને દૂત તરીકે અમારી પાસે મોકલે તો તારી મૂછોને પીળી કરીને ન મોકલે. તેથી અમને પ્રસાદ આપશે એ બતાવવા માટે તારી મૂછો પીળી રંગીને તને અમારી પાસે ભગવાને મોકલ્યો છે. આથી તે સખી એવું સમજી કે ગાઢ સુરતમાં પંખો જોઈએ, શહેરમાં તો બધું બંધ હોય તેથી વાયુને જવાનો રસ્તો ન હોય. સુરત ચાલે ત્યાં પુરુષને તો રખાઈ નહિ. અમને તેમણે પૂર્વે ભોગવ્યાં છે તેથી અમને દાસીઓ બનાવી પંખો કરાવવા તે બોલાવે છે. એવું અમારે કોઈ રીતે કરવું નથી તેથી ભ્રમર અને ઉદ્ધવના પક્ષમાં નિષેધ કર્યો તે યોગ્ય જ છે. વસંતકૃત ઉત્સવ ધર્મરૂપ છે તે યાદવની સભામાં[૬] વિડંબન કરવો કેમ કે તે બધા લૌકિકપ્રધાન છે. તે અનુકરણ માત્રથી ધર્મ કરશે. તેથી કાલકૃત ધર્મ ભગવાનના કરેલા ધર્મથી હીન છે. તેમાં પ્રમાણ શું ? ત્યાં કહે છે કે જે મુખ્યકાલ અથવા ભગવાનનો તું દૂત તે આવો કલિરૂપ શ્યામ છે. ઉત્કૃષ્ટ ધર્મોનો આધાર કાળો ન હોવો જોઈએ. તેથી અમારા પ્રત્યે પણ ઋતુનો નિષેધ યોગ્ય છે. પુષ્ટિમાર્ગમાં દક્ષિણાયન શ્રેષ્ઠ ગણાય છે તેમાં રાત્રિઓ મોટી હોય અને દિવસો ટૂંકા હોય છે તે અંગીકારમાં મુખ્ય હેતુ રૂપ છે. ૧૨.

તમે એવી પ્રગલ્ભતાથી ભગવાનમાં દોષારોપ કરો છો અમને પણ દૂષિત

૬. મધુપ–એ શ્લોકની ટિપ્પણીમાં 'અત્યુગ્ર વિશેષણ'માં હેતુ રહેલો છે. ધર્મને તામસ કહેવામાં એ બીજ છે. કેમ કે વિયોગ ઉગ્ર બનતાં બધા ભાવોને ગાળી નાખીને પોતે અત્યંત ઉગ્ર બને છે. હેતુ એટલે દોષારોપનું તે કારણ છે. 'આવિર્ભવતિ' સ્વામિનીના હૃદયમાં પ્રકટ થાય છે. 'ઈતઃ' ધારાવાહિકસ્મરણ વૃત્તિનો તે પ્રતિબંધક છે માટે. પ્રભુના સ્વરૂપનું સ્મરણ જ દોષારોપનું કારણ છે એમ માનોને ? ત્યાં કહે છે કે પ્રભુનું સ્વરૂપ કે તેના ધર્મો દોષને દૂર કરનાર હોય, તે દોષનું કારણ થતાં નથી. ત્યારે તે જ દોષ આપનાર છે એમ માનો તો ? ત્યાં કહે છે કે જ્ઞાનવાળા સ્વામિનીઓ ભગવદ્રૂપ હોઈને તેમાં પણ સહજ દોષ ન હોય. પ્રભુનાં ધર્મોમાં તેને દોષનું જ્ઞાન થયું છે તેથી તેને તામસતામસી કહી છે. તેને આત્મસ્ફુર્તિમાં પણ ભગવત્સ્વરૂપ ખરા સ્વરૂપમાં દેખવામાં આવતું નથી. તે સમયે પણ તેને સ્વરૂપમાં દોષ દેખાય છે તે વિરહની ઉત્કટ અવસ્થાકૃત જ દોષ છે. ઉદ્ધવને પણ તેનાથી ભગવાનમાં દોષ જેવું જણાયું તેથી પણ તેને તામસતામસી કહી. (પ્ર)

ઠરાવો છો એનું કારણ શું છે ? ત્યાં કહે છેઃ

**સકૃદધરસુધાં સ્વાં મોહિનીં પાયયિત્વા**
**સુમનસ ઈવ સદ્યસ્તત્યજેઽસ્માન્ ભવાદૃક્ ।।**
**પરિચરતિ કથં તત્પાદપદ્મં તુ પદ્મા હ્યપિ**
**બત હૃતચેતા ઉત્તમશ્લોકજલ્પૈઃ ।।૧૩।।**

તું (ભ્રમર) જેમ મકરંદનું પાન કરીને પુષ્પને છોડે છે તેમ તારા જેવા ભગવાને પોતાની મોહ કરનારી અધર સુધા અમને પીવરાવીને અમને છોડી દીધાં છે. લક્ષ્મી તેના ચરણની સેવા કેમ કરે છે ? વિચારણીય તે પ્રશ્ન છે. પણ નારદ જેવા તેના ગુણગાન કરે તેને સાંભળીને તેનું ચિત્ત ભગવાનમાં લાગ્યું હશે તેથી તે સેવા કરે છે. ૧૩.

જે માણસ બીજાને છેતરે તે માણસ તેની નિંદા કરે છે. ભગવાને અમને સારી રીતે ઠગ્યાં છે તેણે અમને અધરામૃત પાયું પછી અમારો ત્યાગ કર્યો. અધર એટલે નીચલા હોઠની સુધા અમને પાઈ તેથી લોકમાં અમે વટલી ગયાં અમે જાતિ બહાર થયાં. તે સુધા[1] મોહ કરનારી હતી પણ તે અમૃતરૂપ હોવાથી અમે તો તે

૧. જો સુધા પીવાથી મોહ થયો હોય તો તે મોહ મટવાનો ઉપાય કરો ? તેના ઉત્તરમાં કહેવાનું કે તે મોહ મટે તેવો નથી એ ઉત્તર મૂલમાં છે. જો હમેશાં તે સુધા આપી હતે તો સુખ પણ મળતે. અમને તેણે લોકનો ત્યાગ કરાવ્યો ત્યાં કર્મમાર્ગ છોડાવ્યો એવો અર્થ છે. કેમ કે કર્મનું ફલ લોક છે એ વાત 'નારાયણપરા લોકા' ત્યાં કહી છે. આશ્રય પણ છુટ્યો એ આશ્રય એટલે ભગવાન્. તેથી અમારે કર્મ, જ્ઞાન, ભક્તિ અને આશ્રય એ ચાર ગયાં. જેને ભગવાન્ છોડી દે તે ભગવદીય ન ગણાય. ભગવદીયને ભગવાન્ છોડતા નથી એવો નિયમ છે. ભગવદીય એટલે તેમના સંબંધવાળાં કહેવાય. છુટ્યો તેનું ભગવદીયત્વ પણ ગયું. સંબંધ દષ્ટિથી થાય છે. અમારી દષ્ટિ એટલે બધાં ઈન્દ્રિયો તેની પાસે પહોચ્યાં છે એટલે સંબંધ તો જુદા જુદા ભેળા થાય તે કહેવાય. એવું અમારે નથી અમો સંસારથી જૂદા થયાં તો પણ ભગવત્સંગવાળા ન થયાં ત્યાં કહે છે કે તે તમને મોહથી થયું. તે મોહ અયોગ્ય છે એમ કહો તેના ઉત્તરમાં કહે છે કે જો અમને ભગવાનમાં મોહ ન હોત તો અમે અમારાં ઘેર પહોંચત તો કરેલો નિરોધ વ્યર્થ થતે તે નિરોધ સિદ્ધ કરવા માટે ભગવાને મોહ કરાવ્યો છે. મોહ કામની નવમી અવસ્થા મૂર્છા રૂપ છે. તે મોહ મટાડવાનો આ ઉપાય છે. લક્ષ્મી ચરણમાં રહે છે માટે કમલા તેનું નામ છે. ચરણમાં ચરણરૂપ થઈને રહે છે કેમ કે ભગવાનનું–ચરણ કમલ કહેવાય છે. તેથી ભગવાન્ તેનો ત્યાગ નથી કરતાં ગોપીઓને નિરંતર ચરણ સંબંધ હોય તો તે લક્ષ્મીની જેમ ભગવદીય ગણાય. અથવા વૃંદાવન ભૂમિમાં 'યદ્દેવકીસુતપદામ્બુજલબ્ધલક્ષ્મીઃ' થઈએ અથવા વિગાઢભાવ વડે ચરણરૂપ બનીએ તો ભગવદીય થઈએ. વિજય કરવાની ઈચ્છાથી વાદ કરે તે જલ્પ કહેવાય. તે પોતાનો પક્ષ સ્થાપન કરી પૂર્વપક્ષને ઉડાવી દે એવો ભાવ નારદના વાક્યમાં હોવાથી લક્ષ્મી તેને સાંભળીને ભગવાનને સેવે છે એમ પૂર્વ સાથે સંબંધ લેવો. (લે)

પીધી. ત્યારે તો ભગવાને તમને અમર કર્યાં તેનો ઉપકાર માનો. કેમ કે જે એક વાર જલની લોટી પાય છે તેનો ઉપકાર માણસ ભૂલતો નથી. તો તેની નિંદા તો ન જ કરે. ભગવાને તો તમને સુધા પાઈ છે તેની નિંદા તમારાથી કેમ થાય. તે પણ સુધા સાધારણ નહિ પણ લોભાત્મક અધરમાં સાંચવેલી તે કોઈને અપાય જ નહિ તે કૃપા કરીને આપી. તેની નિંદા કરાય ? ત્યાં કહે છે કે ઉપકાર માનવા જેવું તેમાં નથી કેમ કે તે સુધા મોહ કરનારી હતી. લોકમાં ધૂતારાઓ મુસાફરને કેફી લાડુ ખવરાવે છે પછી તેને કેફ ચડે ત્યારે લુંટી લે છે, તેને તે ઉપકાર નથી કરતો તેને લાડુ ખવરાવ્યાનું શુભ ફલ નથી મળતું પણ તેનો ગુનો ગણાય છે તેવું અમારું થયું છે. ત્યારે તે મોહ મટાડવા માટે કંઈ ઔષધ લો. જેનાથી સ્વસ્થ બનો નિંદા કરવાથી શું લાભ છે ? ત્યાં કહે છે કે તે સુધા સાધારણ ઔષધ લેવાથી સારા થઈએ એવી નથી પણ તે તો 'સ્વા' એટલે અસાધારણ છે તેને માટે હજાર ઉપાય કરો પણ તેનો જેણે સ્વાદ લીધો તેનો મોહ મરતાં સુધી મટતો નથી. ત્યાં કહે છે કે તમને જોતાં તે મોહનું કાંઈ ફલ તમને મળ્યું જણાતું નથી. તમે રસનું પાન કર્યું તે ઉત્તમ રસ હતો તે ઠીક થયું. તેના ઉત્તરમાં કહે છે કે રસ તેણે એકવાર જ આપ્યો. જો બહુવાર આપે તો છેવટે સુખ પણ થાય પણ આ તો સ્વાદ બતાવીને સુધા આપવાનું બંધ કર્યું. તે પણ ફુલનો મકરંદ લઈ તેને ખુલ્લું કરી ભમર જતો રહે તેવું થયું. જો તેમણે અમારો ત્યાગ[૨] ન કર્યો હોત તો એકવાર સુધા મળી હોત તે પણ અમને સુખ આપત ફુલ જેમ ચોળાઈ જાય તો બધા કામમાં અનુપયોગી થાય. તેમ ભગવાને અમને વિવેક, ધૈર્ય રહીત બનાવ્યાં. તેથી અમારો સર્વનાશ કરીને જેને માટે અમે સર્વ છોડ્યું તેને પણ લઈને અહિંથી ચાલતા થયા. ત્યાં કહે છે કે તમે ભગવાનને જતી વખતે કેમ રોક્યાં નહિ ? તેના ઉત્તરમાં કહેવાનું કે તેણે અમારો જલદી ત્યાગ કર્યો કેમ કે તે તમારા (ભ્રમર) જેવા છે. ભમરો પણ કમલનો સાર ખેંચીને તેને છોડી દે છે. તેમ ભગવાને અમારું કર્યું. ભમરો પુષ્પનો સાર ખેંચી જાય છે તેમ ભગવાને અમને સુધાપાન કરાવીને અમારો સાર ખેંચ્યો એ વિશેષ છે. તે પાન એવું કરાવ્યું કે આગળ અમારામાં રસ પેદા ન થાય. કમલમાં તો આગળ ઉપર રસ થાય છે માટે અમને પીવરાવીને રસને લાયક રહેવા ન

૨. અન્યથા એટલે અમારો ત્યાગ ન કર્યો હોત તો અમને અમૃત મળત તેથી મોહ ન થાત. પ્રત્યાસત્તિ જ્ઞાનલક્ષણા લેવી. ભગવાને છોડ્યાં તેમાં ભગવાનને લાભ નથી તેમ ભક્તોને લાભ નથી. એટલે તેને મેળાપ થતો નથી જો તેનામાં દોષ ન હોય તો તેને દુઃખ ન થાય. ગોપીઓને મોહ ન થાય તો જ્ઞાનથી તેની મુક્તિ થાય તે ન થવા માટે ભગવાને ગોપીને મોહ કરાવ્યો એ પુષ્ટિનું ફલ આપવા માટે જ છે. તે મોહ અયોગ્ય છે એમ કોઈ કહે તો કહે છે કે તેના તાત્પર્યને આપણે જાણતા નથી. તે મોહ સ્મરણોથી નિવૃત્ત થશે. (પ્ર)

દીધાં. હવે તમે ભગવાન્ બોલાવે છે એમ કહો તે સમાધાન થવાનો સંભવ નથી. ભગવાને સુધાપાન કરાવી આસક્તિ ઉત્પન્ન કરી અધરસંબંધ કરાવી સ્વર્ગાદિ લોક છોડાવ્યા. મોહ કરીને વિવેક, ધૈર્ય રહેવા ન દીધાં તેથી જ્ઞાન અને ભક્તિ ગઈ. અમને છોડી દીધાં તેથી અમારો આશ્રય પણ ગયો. અમે પતિની સેવા કરી ઘરમાં રહ્યા હોત તો સ્વર્ગાદિ લોક મળત તે પણ અમારા ગયા. એટલે ભગવાને અમને આ લોકપરલોકથી ભ્રષ્ટ કર્યાં છતાં તે પોતે અમારા ન થયા. તેને લઈને અમે બધાંથી ભ્રષ્ટ થયાં તો અમે તેને જે કહીએ તે યોગ્ય કહેવાય. ત્યાં કહે છે કે તમે ભગવાનના થયાં એટલે ભગવદીય બન્યા એ શું ઓછો લાભ છે? ભવગદીયપણું તો પરમ[3] પુરુષાર્થ ગણાય છે. તેથી તમારે શોક ન કરવો જોઈએ. તેના ઉત્તરમાં કહે છે કે

૩. અહિં સુબોધિનીજીમાં મતાંતર ભાષા કહી છે તેમાં મતાંતરનું સ્વરૂપ કહેનાર લિંગ દેખાતું નથી ત્યારે તે મતાંતરભાષા કેમ કહેવાય ? એવી શંકાનો ઉત્તર ટિપ્પણીમાં આપે છે તેનું વ્યાખ્યાન પ્રકાશમાં આ પ્રમાણે જોવામાં આવે છે. કે આ ગોપી અતિઉત્કટ સ્વભાવને કહે છે કે તે પરમ પુરુષાર્થરૂપ છે. તેનો વિરોધિ જ્ઞાનોપદેશ છે. એ 'સઃ' શબ્દનો અર્થ કર્યો. મતાંતર કહેવામાં યુક્તિ કહે છે કે સંગમ અને આર્તિ એ પુરુષાર્થ છે. તેથી ભગવાન્ અને ગોપીનો સહજ સ્નેહ છે. જેમ આત્મા દેહને દુઃખ દેનાર નથી તેમ ભગવાન્ ભક્તને દુઃખ ન દે તેથી જે જે ધર્મો આવિર્ભાવને પામે છે તે સ્નેહને લીધે છે પ્રભુ તો નિર્દોષ જ રહે છે. એમ માનીએ તો બધાંને તેવો ભાવ જોઈએ તે થતો નથી. તેથી તે સંયોગ વિયોગમાં પણ સ્નેહ કારણ છે. આ મર્યાદારીતિનો ખુલાસો છે. ખરી રીતે તો તે દોષ પણ ભગવાનના ભાવરૂપ છે તેને ભ્રમ સમજવો એ ભૂલ છે. રસાત્મક સ્વરૂપ એવું જ છે. તેમાં વધારે વિચાર થઈ શકતો નથી. અને વધારે વિચાર કરો તો રસાભાસ થઈ જાય એવો અમારો મત છે. તો પછી પ્રથમ કહ્યું તે સંભવતું નથી ત્યાં કહે છે કે 'કાચિત્' શબ્દથી કોઈ ગોપીની આ ઉક્તિ છે એટલે પૂર્વનું કથન કોઈ અન્યનું છે તેને અને આને સંબંધ નથી. આ ભાષાને લૌકિક ભાષા કહી પછી મતાંતર ભાષા કહીએ એ બંનેને વિરોધ નથી એમ કહેવું જોઈએ પણ આને તો કામશાસ્ત્રાનુરોધિની કહી છે તેથી તેનો આશય ભિન્ન છે. તે જ કહે છે કે સમાધિભાષા કે ભક્તિમાર્ગની સાથે તે ભાષાનો વિરોધ નથી. તેના સમર્થનમાં કહે છે કે મર્યાદાથી પુષ્ટિ જૂદી છે તેથી મતાંતર કહેવામાં વિરોધ નથી. તેમ જ સમાધિમાં તો વ્યાસે બંને પ્રકારનો ભક્તિમાર્ગ જોયો તેમાં 'અજાનતો લોક' માટે મર્યાદા ભક્તિમાર્ગ અને સમાધિમાં જોઈને સ્વયં જાણનાર (શ્રીગોપીજનો જેવા)ને માટે પુષ્ટિમાર્ગ જ એટલે સમાધિ ભાષાથી મતાંતર થયો તેવાને જ્ઞાન કહેવું પણ વિરુદ્ધ છે. તેથી તેમને પ્રથમ કામશાસ્ત્રાનુસારે સ્વરૂપાનંદ આપ્યો હવે તેને જ્ઞાન આપે છે તેમાં કાંઈ વિરોધ નથી. ત્યાં શંકા કરે છે કે 'મધુપ' શબ્દનો ભ્રમર અર્થ કરો તો વિશેષણો સંભવે પણ ઉદ્ધવ અર્થ કરો તો તેની સંગતિ કેમ કરશો ? ત્યાં કહે છે કે જો કે ભગવાન્ અને તેના ભક્તો ઉદ્ધવાદિ તે મધુપાન કરનાર નથી. યાદવોનું અનુકરણ સાધારણ અનિદ્યં ધર્મનું થાય છતાં યાદવો દારૂડીયા કહેવાય તેથી ખેદ થાય છે. ભગવાન્ ભૂલે એવા નથી છતાં ઘણો કાલ ઉપેક્ષા કરી તેથી અમે જાણ્યું કે યાદવો છે. તેને અનુસંધાન ક્યાંથી રહે

ભગવાનનાં અમે થયાં હોઈએ તો ભગવાન્ અમને છોડે નહિ. અમને છોડ્યાં એટલે અમે ભગવદીય નથી. અમને તેનો સંબંધ થતો નથી. કેમ કે મોહને લીધે અમારી દૃષ્ટિ તો તેની પાસે ગઈ છે. બે મળે તે સંબંધ ગણાય. તેની પાસે દૃષ્ટિ ગઈ તેથી બીજી વસ્તુ અમને દેખાતી નથી. માટે આ છે એવું જ્ઞાન પણ અમને થતું નથી. ત્યાં કહે છે કે ભગવાન્ તમને મોહ શા માટે કરે પોતાને માટે મોહ કરે તો તમારો ત્યાગ ન કરે તેથી સ્વાર્થ માટે મોહ નથી. તે તમારે માટે મોહ કરે તો દોષ ન હોય તો પણ ભગવાન્ તમને મળે નહિ ત્યાં સુધી તમને સુખ ન થાય માટે દોષ તમારામાં છે. તેથી જ દુઃખ પણ છે. ભગવાને તેને મોહ કરવો નહોતો જોતો. ત્યાં કહે છે કે જો ગોપીઓનાં મન ભગવાનમાં ન હોય તો તેને મોહ ન કરે તો ચાલે પણ તેનાં મન ભગવાનમાં છે. તે જો ભગવાન્ તેને સ્વરૂપાસક્ત ન રાખે તો તે પોતાનાં ઘરોમાં જઈને વસે એટલે કરેલો નિરોધ વ્યર્થ થાય. પોતે તાત્પર્ય નથી જાણતાં તેથી મોહ થયો છે તે આગળ સ્મરણથી દૂર થશે. તેને દૂર કરવા માટે ભગવાને દોષ બહાર કાઢવાનો ઉપાય કર્યો છે. ત્યાં કહે છે કે ભગવાન્ તો એવા જ છે બધા એક જાતના હોતા નથી. માટે તેને ઉપાલંભ ન દેવો જોઈએ. ત્યાં કહે છે કે સર્વ સ્ત્રીઓની આધિદૈવિકા લક્ષ્મી છે તે અતિ ચતુર છે તે આવા ભગવાનને કેમ સેવે છે તેને પણ અમારી જેમ ભગવાન્ કરતા હશે તો તે પણ પસ્તાતી હશે તો પણ તે કોઈ ઉપાયથી તેને સેવે છે. તે ઉપાય અમારા જાણવામાં આવે તો અમે પણ તેની જેમ ભગવાનની સેવા કરીએ એ વિચારથી 'કથં' શબ્દ કહ્યો છે. તેના ઉત્તરમાં કહે છે કે તે 'પદ્મા' છે પગમાં સમાય તે 'પદ્મા' કહેવાય. તેથી ચરણને કમલ કહ્યું છે લક્ષ્મી કમલમાં રહે છે તે પોતે પણ કમલા કહેવાય છે. તે તો ચરણમાં કમલા બનીને બેઠી છે. તેને કાંઈ

---

તેથી મધુપ કહ્યા છે એવા મધુપનો આ ભ્રમર અથવા ઉદ્ધવ પ્રસાદ લે છે તે પણ આદર કરવા યોગ્ય નથી. ભ્રમર કે ઉદ્ધવ પ્રસાદ લે. અમે ઈતર સંબંધી પદાર્થના ગ્રાહકો નથી કેમ કે ભગવાનના પણ ઉત્તમ ધર્મો લેવાય નિંદા થાય તેવા ધર્મોનું અનુકરણ કરવું યોગ્ય નથી. તેથી તેના ધર્મોનું યદુસભામાં વિડંબન થવાનું કહ્યું છે.

અહિં કેસર જેવા રજથી સંવલિત વાયુ જ સ્મશ્રૂસ્થાનીય છે માટે આગળ વાયુનો પ્રસ્તાવ કર્યો છે તે યોગ્ય છે. કાલપક્ષમાં વસંતનો અંગીકાર ન કરવાનું પ્રયોજન કહે છે કે વસંતનિમિત્ત ઉત્સવ ધર્મરૂપ છે તેના કરતાં ભગવત્કૃત ઉત્સવ ભગવાનની કૃપાપાત્ર કરે તે ઉત્તમ ગણાય છે. વસંતોત્સવભવિષ્યોત્તરપુરાણમાં યુધિષ્ઠિરને નારદે કહ્યો છે. તેની કલિયુગમાં પ્રવૃત્તિ કહી છે. પિશાચક્રીડા કહેવામાં આવી છે તે ધર્મના આધારમાં શ્યામતા હોવાથી વસંતકૃત ઉત્સવ આદરણીય નથી. ત્યાં કહે છે કે વસંતની ક્રીડામાં ભગવાને સુખ આપ્યું છે. તેથી તેને માટે એવું કહેવું યોગ્ય નથી ત્યાં કહે છે કે પુષ્ટિમાર્ગમાં દક્ષિણાયન પ્રશસ્ત ગણાય છે. ઈત્યાદિ. (આ ૧૨મા શ્લોકનો પ્રકાશ છે તેના અનુસંધાનપૂર્વક વાંચો.)

વાંધો નથી. ગોપીઓને પણ પૃથ્વીમાં નિરંતર કૃષ્ણસંબંધ રહે તો તે લક્ષ્મીરૂપા કહેવાય. 'દેવકીસુતપદામ્બુજલક્ષ્મીત્વે સપન્ને' અતિ વિગાઢભાવથી તે ચરણરૂપ થાય તો તે લક્ષ્મીત્વ તેમનામાં આવે. 'પુનશ્ચ પદ્મા સંભૂતા' એવું વાક્ય છે. સૌમ્યરૂપમાં આદિત્ય નિત્ય ભ્રમણાત્મક અને ઉગ્ર રૂપ છે તેની સેવા લક્ષ્મી કેમ કરતી હશે કેમ કે તે કમલબંધુ કહેવાય છે. 'નારાયણસમો ગુણૈઃ' એ શ્લોકના સુબોધિનીમાં છ નારાયણમાં 'આદિત્ય' ભગવદ્રૂપ છે તેને લક્ષ્મી કેમ સેવે છે ? એ ઠપકો લક્ષ્મીને આપી સમાધાન કરે છે કે આ અવતાર પણ તેવો જ છે એકત્ર તેની સ્થિરતા નથી. લક્ષ્મીનો અવતાર તો જણાતો નથી ત્યાં 'નુ' એમ વિતર્કવાચી અવ્યય કહ્યો છે તે લક્ષ્મી ભગવાન્ વિના ક્ષણવાર પણ રહી શકતી નથી. તે વાતનું પ્રમાણ 'પદ્મા' શબ્દનો પ્રયોગ કરી પુરું પાડ્યું છે. 'પરિચરતિ' એ વર્તમાન પ્રયોગ કર્યો છે તે આજે પણ તેની સેવા કરે છે એમ સમજવું. ભગવાન્ તો સેવા કરે તેની ઉપર પણ ઉદાસીન છે એ વાતમાં વિવાદ નથી. તેથી કેમ સેવા કરે છે એમાં પ્રમાણ મળતું નથી તો પણ કંઈક પ્રમાણની સંભાવના થાય છે કે ઉત્તમશ્લોક એટલે ભક્તો નારદાદિ પરપક્ષને ઉડાવી પોતાના પક્ષને સ્થાપન કરે છે તે ભગવાનનું સર્વોત્તમત્વ સિદ્ધ કરે છે તેને લઈને લક્ષ્મી પણ ભગવાનની સેવા કરવા લાગી છે કેમ કે યુક્તિથી સિદ્ધ કરેલા પદાર્થને પ્રતિવાદી પણ માને છે. ત્યારે લક્ષ્મીના પક્ષમાં એ યુક્તિ કેમ ન અપાય ત્યાં કહે છે કે લક્ષ્મી કરતાં ભગવાનના ભક્તની કીર્તિ વિશેષ છે તેથી ભક્તનો જય થાય છે. લક્ષ્મીનો નથી થતો એમ આ ઉપરથી ઘણું કરીને જણાય છે. ૧૩.

એમ પાદસ્પર્શ માટે[1] આવતા ભમરાને રોકીને હવે તેના શબ્દને રોકે છેઃ

**કિમિહ બહુ ષડઙ્ઘ્રે ગાયસિ ત્વં યદૂનામ્ અધિપતિમગૃહાણામગ્રતો નઃ પુરાણમ્ ॥**
**વિજયસખસખીનાં ગીયતાં તત્પ્રસઙ્ગઃ ક્ષપિતકુચરુજસ્તે કલ્પયન્તીષ્ટમિષ્ટાઃ ।૧૪**

હે ભ્રમર ! તું યદુના અધિપતિનું અમારી પાસે ગાન કેમ કરે છે ? તે તો જુની વાતો છે. અમો ઘર વગરના છીએ તેને સંભળાવવાથી તને શું લાભ થવાનો છે. તે ગાન તું ભગવાનની સખીઓની પાસે કર કેમ કે તેના કુચની પીડા ભગવાને મટાડી છે તે તારું ભલું કરશે. ૧૪.

ભમરાને કહેવાથી ઉદ્ધવને પણ બોલવાનો નિષેધ કરે છે. કાલગત સર્વ પ્રમાણોનો પણ નિષેધ કરે છે. કાલગત પ્રમાણોથી ભગવાનના ધર્મો આવતા નથી અને દોષો દૂર થતા નથી. તેથી તે કહેવું વ્યર્થ છે એમ કાલ ભ્રમર અને ઉદ્ધવને સાધારણ[2] રીતે કહ્યું. બે પગવાળો ઘણે લાંબે સુધી ચાલે છે તો તારે તો છ પગો છે.

૧. 'પાદસ્પર્શત્વેન' પગને અડકવાની કૃતિ ન કર. અન્યત્ર સુખથી ભ્રમણ કર. (લે)
૨.'ઉદ્ધવસ્યાગ્રે વાક્યમ્' એનો અર્થ ઉદ્ધવ આગળ કહેશે તે વાક્ય.(પ્ર)

ત્યાં કહે છે હું તો ગાનારો છું સર્વદા હું ગાન કરું છું. તેના ઉત્તરમાં કહે છે કે અમારી પાસે શા માટે ગાય છે. કદાચિત્ ગાય તો ઠીક લાગે તેમ કરતો નથી તેમ બીજા સ્થાનમાં જઈને ગાતો નથી પણ વધારે ગાયા કરે છે. ત્યાં કહે છે કે તમારા સ્વામી કૃષ્ણ છે તેનું ગાન તમારી પાસે કરવું યોગ્ય છે. તેના ઉત્તરમાં કહે છે કે હમણાં તે અમારા સ્વામી નથી પણ યાદવોના અધિપતિ થયા છે તેથી તેનું ગાન યાદવો પાસે કરવું વધારે યોગ્ય ગણાય. બીજાઓ પાસે તેનું ગાન યોગ્ય નથી. ભગવાન્ સર્વના ઈશ્વર હોય અને યાદવના ઈશ્વર થાય તેમાં કાંઈ ખોટું નથી તેથી સર્વના ઉપકાર માટે અથવા સ્વાર્થ માટે તેનું ગાન યોગ્ય છે. એમ કહે તેના ઉત્તરમાં કહે છે કે અમો ઘર વગરનાં છીએ, અમે ઘર છોડી માર્ગમાં ઉભાં છીએ, અમારે પોતાને ઘર નથી ભગવાનનું ઘર પણ અમારું નથી. તેવી પાસે ગાન કરવાથી તને શું ફલ મળવાનું હતું તે કહે ગૃહસ્થ હોય તેને સંભળાવે તો તે કાંઈ આપી શકે. ત્યાં કહે છે કે તમે એકલાં નહિ આપો તો શું થયું. બીજી તો આપશે ત્યાં કહે છે કે અમો બધી એક જાતિની એટલે ઉપર કહ્યું તેવી છીએ. ત્યાં કહે છે કે મને તમે ધનથી ઉપકાર નહિ કરો. પણ હું અપૂર્વ ભગવન્નામ સંભળાવીશ તો તેથી મને ધર્મ સિદ્ધ થશે. કોઈ દિવસ નહિ સાંભળેલ માહાત્મ્ય સંભળાવતાં તમને સંતોષ થાય તો તમે આશીર્વાદ[3] આપશો તો હું કૃતાર્થ થઈશ. તેથી મને ગાવાની મનાઈ કેમ કરો છો ? ત્યાં કહે છે કે તમો ગાઓ છો અપૂર્વવાદ નથી પરંતુ અમે તો ભગવાનનું શ્રવણ બહુ રીતે કર્યું છે. ત્યાં કહે છે કે ભગવાનના ગુણ સાંભળવામાં કોઈને વૈરાગ્ય ન થવું જોઈએ. તમો બધી ભગવચ્છ્રવણમાં વૈરાગ્ય કેમ બતાવો છો ? તેને માટે કહે છે કે તારું કથન સત્ય છે. પણ અમે શ્રવણ કર્યું તેનું પરિણામ આ આવ્યું કે અમે રસ્તામાં ઉભાં છીએ આથી અધિક ફલ અમે જોતાં નથી. હવે વધારે શ્રવણ કરતાં તો શું થાય ? કદાચ સ્વરૂપથી નષ્ટ થઈએ તેથી ઉત્તમ તો એ છે કે તેનું શ્રવણ જ ન કરવું. જો અમે સ્વરૂપથી રહિશું તો ભગવાન્ મળવાની આશા તો છે. સંસારમાં પડવાનું જો સંભવતિ ભય હોય તો તે પુરાતન છે સર્વત્ર સુલભ છે તે વખતે ગાન થઈ રહેશે. હમણાં ગાનનો કાંઈ ઉપયોગ નથી. ત્યાં કહે છે કે અમે તો ગાયક છીએ, ભગવાન્[4] સ્ત્રી પ્રિય છે. પુરુષો એવા રસિક નથી સ્ત્રીઓ પાસે ગાન કરવું જરુરનું છે. મને કોઈ ગાવાનો માર્ગ ન મળ્યો તેથી હું આપની પાસે ગાઉં છું. એમ ભ્રમર કહે

૩. હું અપૂર્વ અર્થ બતાવીશ તો તમને સંતોષ થતાં મને ધર્મનો લાભ થશે. તમે ખુશ થશો તો તમારા આશીર્વાદથી હું કૃતાર્થ થઈશ. તેથી બંને રીતે સંતોષનો સંભવ છે. તેના ઉત્તરમાં કહ્યું કે તે તો જુની વાતો છે. તેમાં અપૂર્વ અર્થ ન હોવાથી અમને સંતોષ નથી થવાનો.(લે)

૪. ભગવાન્ તો સ્ત્રીપ્રિય છે. તેથી સ્ત્રીઓ પાસે ગાવું જોઈએ.(લે)

તો તેના ઉત્તરમાં કહે છે કે ભગવાને પોતાની બરાબર ગણેલી એવી સુખી સ્ત્રીઓ છે. તે પરમાનંદયુક્ત છે જેને માટે ભગવાને અર્જુનની પેઠે અલક્ષ્ય મત્સ્યાદિને વિંધિને લક્ષ્મણા[૫] વિગેરેની સાથે લગ્ન કર્યાં છે. ભગવાનનો યુદ્ધમાં સર્વત્ર જય થાય છે ત્યારે તે લુંટ ચલાવે તેમાં તે ઘણી સ્ત્રીઓને પણ ઉઠાવી લાવે છે અર્જુન પણ આપે છે. પોતે પણ તેવા જ છે. અર્જુન મિત્ર છે તેથી કાલરૂપ થઈને સર્વને મારે છે. તેની સ્ત્રીઓ વિલાપ કરે છે તેને દુઃખ મટાડવા તેનું સાંત્વન કરે છે ત્યારે તે મિત્ર જેવા થાય છે. તે ધણી વગરની ભોગ નિરપેક્ષ હોયને કથામાં મુખ્ય અધિકારવાળી ગણાય. અમે ભોગ સાપેક્ષ હોવાથી તારા ગાનનાં અધિકારી નથી. એવો કથનનો ભાવ છે. વક્રોક્તિથી તે સ્ત્રીઓ તને મારશે જેવી કે કંસની સ્ત્રી અસ્તિ પ્રાપ્તિ વિગેરેની પાસે ભગવાનનું ગાન કરે તો તે તો એવી જ પહેરામણી આપે. વિજય ઉત્તમ જયવાળા તેના મિત્રો જે સર્વત્ર જીતે તેને જ માને બીજાને માને જ નહિ. અમે તો એક નિષ્ઠ હોવાથી પ્રરોચન માટે[૬] પણ ગાન અમને જોઈતું નથી. તે ઉપર બતાવી બધી સ્ત્રીઓનાં કુચની પીડા શાંત થઈ ગઈ છે. એટલે યુદ્ધમાં મજબૂત બનેલા હાથ વડે જેનાં રોગ દૂર થયા છે, ભારનો ક્લેશ દૂર થયો હોઈને સુખી થયાં છે તે તમારું પ્રિય કરશે. એટલું જ નહિ પણ તમારું ઈષ્ટ તે કરશે. જેનો પુરુષાર્થ સિદ્ધ નથી થયો તે બીજાનું ભલું ન કરે તેથી ઉદ્ધવે પણ તેવીઓનું દૌત્ય કરવું તેની પાસે ભગવદ્ગુણ ગાવા. અમારી પાસે ગાવું નહિ કેમ કે અનુભવ કરતાં વચન દુર્બલ કહેવાય. કાલ પક્ષમાં[૭] સંવત્સરના છ ઋતુ તે તેના છ પગ છે તે ઋતુના ભેદથી કોકિલાદી[૮] શબ્દો અને વેદોથી ભગવાનનાં સ્મારક છે. તે

---

૫. જેને માટે લક્ષ્મણાની સાથે વિવાહાદિ કર્યાનું કહ્યું છે. (લે)

૬. ઈતોધિકનો ફરી મળવારૂપ અર્થ છે. 'સ્ત્રીપ્રિય' શબ્દ ષષ્ઠી સમાસવાળો છે. (પ્ર)

૭. કાલપદાર્થ કહેતાં વૈદેશ્ચ એમ કહ્યું છે ત્યાં શિશિરમાં ઉપાકર્મ પછી અધ્યયન થાય છે તેમ વેદમાં પણ ઋતુ ભેદથી ભગવાનનું બોધન થાય છે. તે સંવત્સર કરે છે. ઉદ્ધવના પક્ષમાં છ પગની જગ્યાએ છ ઈન્દ્રિયો એટલે પાંચ કર્મેન્દ્રિય અને છઠ્ઠું મન લેવું. ઉપલક્ષણ વિધિથી મનની સાથે વાક્ પાદ પાણિ પાયુ ઉપસ્થ લેવાં. (લે)

૮. કોયલ, ટિટોડી, મયૂર, ક્રૌંચ, હંસ અને ચક્રવાક એ છ ઋતુમાં છ પક્ષીઓના શબ્દો સુખ આપે છે. તે ધર્મિજ્ઞાની વિગેરેને સુખ કરે છે એમ કહ્યું ત્યાં આ વ્યવસ્થા છે. કોકિલાદિના શબ્દો ધર્મિ-ભગવાન્ સહિત ભક્તોને વસંતઋતુમાં સુખ આપે છે. ગ્રીષ્મમાં ટિટોડીના શબ્દો જ્ઞાનીઓને ભગવાનનું સ્મરણ કરાવે છે. તેમાં એવો પ્રકાર છે કે ટિટોડાં પોતાના માળામાં ઈંડા સ્થાપન કરીને દેશમાંથી અન્યત્ર જાય તો પણ સ્મરણમાત્રથી પોતાના બાલકને પોષે છે. તેમ જ્ઞાનીઓને ભગવત્સ્મરણ સુખદ થાય છે. તેમ જ વર્ષામાં મયૂરના શબ્દો સુખ આપે છે. (પ્ર)

**''ભારદ્વાજમયૂરાણાં ચાષસ્ય નકુલસ્ય ચ । એતેષાં દર્શનં પુણ્યં વામભાગે વિશેષતઃ ।।''**

જ શબ્દો ભગવાનની સાથે જ્ઞાનીઓને, ધર્મપરાયણોને, ઉદાસીનોને, ભક્તોને અથવા ભગવાનને મળેલાઓને, સુખ આપનારા થાય છે. પણ અમારા સરખાને તે શબ્દો સુખ આપનારા થતા નથી. કારણ કે અમો સર્વત્ર આસક્તિરહિત છીએ, અમે ધર્મીની અપેક્ષા રાખનારાં છીએ, કાલાદિથી અમે નિરપેક્ષ છીએ. તેને કોકિલાદિના શબ્દો કે વેદના શબ્દોથી સુખ ન થાય. પૂર્વાવસ્થા પ્રાપ્ત થાય તો તેવા શબ્દ સુલભ હોઈને તે વખતે સાંભળશું, હાલમાં તો તેને સાંભળવાની અમારે જરુર નથી. ૧૪.

તેને પ્રાર્થના કરવાનું કહેતાં ભગવાનને સર્વત્ર સ્ત્રીઓ સુલભ છે એ વાત કહે છે:

**દિવિ ભુવિ ચ રસાયાં કા સ્રિયસ્તદ્દુરાપાઃ**

(ભારદ્વાજ, મયૂર, બાપૈયો, નોળીયો એ બધાના શબ્દ ડાબી બાજુ તરફ સંભળાય તો પુણ્યજનક સમજવા) એથી વર્ષામાં મયૂર શબ્દ ધર્મવાળાઓને સુખ આપનાર થાય છે. શરદમાં ક્રૌંચના શબ્દો ઉદાસીનને સુખદ થાય છે. એ વાત રામાયણમાં પ્રસિદ્ધ છે. વાલ્મીકિ મુનિએ 'યત્ક્રોઞ્ચમિથુનાદેક-મવધિઃ કામમોહિતઃ' એમ કહ્યું છે તેથી કામમોહિતનો નાશ સાંભળી ઉદાસીનો રાગ છોડી સુખી થાય છે. હેમંતમાં હંસના શબ્દો ભક્તોને સુખદ થાય છે હંસો જલ અને દૂધને જૂદાં કરી શકે છે. તે દષ્ટાંતથી ભક્તો ક્ષીરરૂપ ભગવદ્ધર્મોને ગ્રહણ કરે છે, નીરરૂપ વિષયનો ત્યાગ કરે છે તેથી તે સુખી થાય છે. એમ શિશિરઋતુમાં ચક્રવાકના શબ્દો ભગવાનનાં થએલાં હોય તેને સુખ આપે છે. તેમ ચક્રવાક મિથુન દિવસના સાથે રહે છે રાતના જૂદાં પડે છે. વિયોગાનુભવ કરે છે તેમ ભગવાનને મળેલા સેવકો દિવસમાં સાથે રહે છે રાતના વિયોગનો અનુભવ કરે છે એમ સુખી થાય છે. એમ કોયલ વિગેરેના શબ્દો ભગવાનની સાથે રહેનારને છ વસંતાદિ ઋતુમાં સુખ આપનાર થાય છે. વેદના શબ્દો પણ તેને સુખદ થાય છે તે જ્ઞાનિઓને સુખ આપે છે. બીજાઓને ઋતુસંબંધી ધર્મના શબ્દો સુખદ થાય છે તેમજ શરદમાં

**આશ્લિષ્ય સમશીતોષ્ણં પ્રસૂનવનમારુતમ્ । જનાસ્તાપં જહુર્ગોપ્યો ન કૃષ્ણહૃતચેતસઃ ।।**

પ્રથમ ઉદાસીન ગોપીઓને શોક હતો પછી 'સ ચર્ષણીનામુદમાચ્છુચો મૃજન્' એ વાક્યથી ભગવદ્રૂપચંદ્રને જોઈને તેમનો શોક ગયો ત્યાર પછી વેદાત્મા વેણુનાદાત્મક શબ્દો તેને સુખ આપનાર થયા. આ વાત શ્રુત્યર્થાનંદસંદોહમાં વ્રજચરણ ગોસ્વામિના લેખમાં 'શારદેન ઋતુના સહ વિરાજમાનમ્' ઈત્યાદિ શબ્દોથી કહી છે. એમ હેમંતમાં અગ્નિકુમારોએ વ્રત કર્યા પછી 'મયેમા રંસ્યથ ક્ષપાઃ' એમ ફલ આપનાર ભગવાનના વેદાત્મક શબ્દો સુખરૂપ થયા તે 'હેમંતેન ઋતુના' ઈત્યાદિ મંત્રથી ત્યાં કહે છે. એમ શિશિરમાં ભગવાનને મળેલ ભક્તોને એકાંતમાં વેદાત્મક શબ્દો 'ત્વમસિ મમ જીવનમ્' ઈત્યાદિ ગીતગોવિંદમાં ગાએલા ભગવચ્છબ્દો સુખ આપનાર થાય છે. 'શિશિરેણ ઋતુના' ઈત્યાદિથી કહેલા છે એમ વસંતમાં દોલાદિમાં આરોહણ કરીને સંતોષ પામીને ભગવાનના શબ્દો સુખદ થાય છે. સંયુક્તાવસ્થા હૃદયમાં સ્મરણાત્મક અવસ્થા છે. ધર્મિતાનિ સંયુક્તાવસ્થા 'જ્ઞાત્વાત્માનમધોક્ષજમ્' ઈત્યાદિથી કહી છે. (પહાડ)

**કપટરુચિરહાસભ્રૂવિજૃમ્ભસ્ય યાઃ સ્યુઃ ।।**
**ચરણરજ ઉપાસ્તે યસ્ય ભૂતિર્વયં કા**
**અપિ ચ કૃપણપક્ષે ઉત્તમશ્લોકશબ્દઃ ।।૧૫।।**

સ્વર્ગ, ભૂલોક અને પૃથ્વીની નીચેના લોકમાં ભગવાનને ન મળે એવી કઈ સ્ત્રી છે ? જે સ્ત્રીઓ કપટથી સુંદર લાગતો હાસ અને ભ્રકુટીનો વિલાસ જોનારી છે. જે ભગવાનના ચરણને સાક્ષાત્ લક્ષ્મી સેવી રહી છે તે લક્ષ્મી પાસે અમે તો કોણ હિસાબમાં છીએ. તો પણ ઉત્તમ શ્લોક કહેવાય છે તેથી દીન ઉપર તે દયા કરશે એમ આશા રહે છે. ૧૫.

ત્રણ લોકની સ્ત્રીઓને ભગવાન્ મળવા દુર્લભ છે પણ ભગવાનને ત્રણ લોકમાં કોઈ સ્ત્રી દુર્લભ નથી. સ્ત્રીઓ તે તે લોકમાં ત્રણ પ્રકારની છે તે તો ભગવાનને સહજમાં મળે તેવી છે. તેનું કારણ કહેવામાં આવશે. 'ચ' છે તેથી બ્રહ્માંડની[૧] બહારની સ્ત્રીઓ પણ તેને સુલભ છે. સ્ત્રીઓને રમણની અપેક્ષા છે, નાનાવિલાસ વડે રમણ દેવસ્ત્રીઓમાં હોય છે. પ્રત્યેકની સાથે નિયમથી રમણ ભૂસ્ત્રીઓમાં હોય છે. કેટલીક સ્ત્રીઓનું વિલાસથી પણ રમણ હોય છે પણ તેમાં નિરોધ તો તુલ્ય છે. રસાસ્ત્રીનું રમણ અત્યંત ગુપ્ત હોય છે. ભગવાનમાં તો પૂર્વે કહેલા શ્લોકોથી ત્રણે પ્રકાર છે. પ્રાકટ્યવિલાસરૂપ પ્રથમ કહ્યો છે[૨]. (પહેલો શ્લોક) વિરુદ્ધતાથી બીજો કહ્યો છે (સકૃદ્દધ્ધર શ્લોક) અતિપ્રયાસથી અત્યંત ગુપ્ત રીતે સુભદ્રાહરણની[૩] જેમ વિજયસખિપણાથી રમણ નિરૂપણ કર્યું છે તેથી ભગવાનનું ગુપ્ત રીતથી પણ રમણ છે. ખરી રીતે જે ધર્મોથી સ્ત્રીવશ્ય થાય તે ધર્મો ભગવાનમાં છે. કપટપૂર્વક[૪] સુંદર હસવું. તેનાથી ભ્રકુટી નચાવવી. એટલે સ્થલની સૂચના આપતાં રતિ માટે બોલાવવું. એ બધું એનામાં છે. અથવા જે સ્ત્રિઓ ધર્મની જ હોય છે તે ધર્મને તે આધીન હોય છે. જો કોઈ સ્ત્રીનો વ્યભિચાર પ્રસિદ્ધ ન થાય તેમ ગુપ્ત રાખનાર હોય, તેને ખુશી ખુશી કરી દે એવું રમણ કરનાર હોય. તે છતાં તે બાબતમાં જે જે કરવું જોઈએ તે કરીને સ્ત્રીને બોલાવે તો તેને કોઈ સ્ત્રી દુર્લભ નથી. માટે જ (પદ્મ. પુ. સૃષ્ટિખંડ, ૪૯।૨૦)

**''સ્થાનં નાસ્તિ ક્ષણં નાસ્તિ નાસ્તિ પ્રાર્થયિતા નરઃ ।।**

---

૧. બ્રહ્માંડની બહાર એટલે વૈકુંઠ લોકની સ્ત્રીઓ 'વિદ્યોતમાનઃ પ્રમદોત્તમાદ્યુભિઃ' એ શ્લોકથી કહી છે.(લે)

૨. 'મધુપ' શ્લોકથી કહ્યું, 'સકૃત્' શ્લોકથી કહ્યું.(લે)

૩. અતિપ્રયાસથી 'કિમિહ' શ્લોકમાં અતિપ્રયાસથી સુભદ્રા અર્જુનને આપી.(લે)

૪. 'કપટ' શબ્દમાં કપટવાળો અર્થ કરવો.(લે)

**તેન નારદ નારીણાં સતીત્વમુપજાયતે ।।''**

(સ્થાન નથી સમય નથી અને પ્રાર્થના કરનાર પુરુષ નથી, હે નારદ ! તેનાથી સ્ત્રીઓમાં સતીપણું રહી જાય છે.) તેથી આટલું જો થાય તો પ્રાર્થનાની જરુર નથી અન્યથા પ્રાર્થના નકામી છે. તેથી બંને રીતે પ્રાર્થના કરવાની કાંઈ જરુર નથી. અમે તો આ કહ્યું તે જોએલા ઉપાયોથી કહ્યું છે. અલૌકિક ઉપાયમાં તો કાંઈ કરવાનું હોતું નથી. તે જ કહે છે. બધા પૈસાની ઈચ્છાવાળા જેને સેવે છે તે લક્ષ્મીમાં એવી શક્તિ છે. અથવા તેનું માહાત્મ્ય એવું છે તે લક્ષ્મી ભગવાનનું દાસ્ય કરવા પ્રાર્થના કરે છે. તેમાં અમે કોણ હિસાબમાં. એના કરોડમા અંશ જેવા છીએ તેથી અમારી પાસે પ્રાર્થના તારે ન કરવી. આ તો અમારા વિચારથી અમે કહ્યું છે. ખરી રીતે તો ભગવાનમાં વિચાર પણ ન કરવો. કેમ કે 'ઉત્તમશ્લોક' શબ્દ તેને માટે વપરાય છે તે કૃપણનો[૫] પક્ષપાતી છે માટે બધા તેની કીર્તિ ગાય છે. તે અમથા નથી ગાતા પણ તે પ્રસિદ્ધ છે. અમે પણ દીન છીએ અમારો તે પક્ષપાત કરશે. જો એમ ન કરે તો તે ઉત્તમશ્લોક કેમ કહેવાય ? આ અર્થ યોગ્ય છે. તેથી પ્રમાણબલથી પ્રમેયબલથી લોકપ્રસિદ્ધિથી ભગવાન્ દીનની ઉપર દયા કરનાર છે. તેથી અમને યોગ્ય હશે તે સર્વ તે જ કરશે એટલે અમારે દૂતની જરુર નથી. તેમ જ તમારા વચનોની અમારે જરુર નથી. આ નિર્ગુણા ગોપીનું વચન છે અથવા નિર્ગુણભાવને પામેલીનું વચન છે. એમ તામસના ભેદમાં પહેલાથી તામસતામસી બીજાથી તામસરાજસી ત્રીજાથી તામસસાત્ત્વિકી અને આ ચોથા શ્લોકથી નિર્ગુણગોપી કહેવામાં આવી. હવે રાજસનો પ્રકાર કહેવામાં આવે છે, પછી સાત્ત્વિકનો પ્રકાર કહેવાશે. સર્વત્ર ત્રણ પ્રકાર કહેવાશે. 'રજસ્તમઃ સત્ત્વ, તમઃ રજઃ સત્ત્વ' એમ શ્લોકનો ક્રમ જાણવો. ૧૫.

અમે એમ નહોતું ધાર્યું કે આપ ક્રોધ કરશો, આપ ઉદાસીન છો એવી ખબર હોત તો દૂતનું કામ કરવા ન આવત. હવે તો અહિં આવ્યા તો કાંઈક કરવું જોઈએ ? તેથી અમારી પ્રાર્થનાથી ભગવાન્ સાથે આપ સમાધાન કરો એમ ભ્રમર અથવા ઉદ્ધવ સાષ્ટાંગ પ્રણામ કરે છે. તે અભિપ્રાયથી કહે છેઃ

**વિસૃજ શિરસિ પાદં વેદ્મ્યહં ચાટુકારૈ-**
**રનુનયવિદુષસ્તેઽભ્યેત્ય દૌત્યૈર્મુકુન્દાત્ ।।**
**સ્વકૃત ઈહ વિસૃષ્ટા પત્યપત્યાન્યલોકા**
**વ્યસૃજદકૃતચેતાઃ કિન્નુ સંધેયમસ્મિન્ ।।૧૬।।**

મસ્તક ઉપર પગ લગાડવો છોડી દે. મુકુંદનું દૌત્ય કરનાર અને મીઠાં

૫. કૃપણનો પક્ષ કરનાર કીર્તિવાળો થાય છે. (લે)

વચનો વડે મનામણાં કરાવનાર તને હું જાણું છું. જેને માટે અમે પતિઓ, છોકરાં અને પરલોક (સ્વર્ગાદિ) છોડ્યાં તે ભગવાને અમારો વિચાર પણ ન કર્યો તેણે અમને છોડ્યાં તેની સાથે વળી સંધિ કેવી હોય. ૧૬.

મસ્તક ઉપર બળથી મૂકેલો પગ છોડી દે એમ કરવામાં કાંઈ યુક્તિ ન હોવાથી અમો તમારી વાત કબુલ કરી ન શકીએ. તેથી તમે અમારા પગમાં પડવાનો આગ્રહ રાખો તે ખોટું ગણાય. ત્યાં કહે કે જેમ આપ કહેશો તેમ અમારે કરવું કબુલ છે તો પછી ના કેમ કહો છો ? તેના ઉત્તરમાં કહે છે કે હું તમને જાણું છું. આ વાત ભગવાન્ કરશે કે નહિ કરે તે હું બરાબર જાણું છું. જ્યાં સંદેહ હોય ત્યાં વાણીથી તે સંદેહ દૂર કરાય. અમને તો ભગવાનમાં વિપરીત નિશ્ચય થઈ ગયો છે. અથવા સ્વામિના કાર્ય કરતો હોય તે કાર્યનો વિચાર કર્યા વગર કોઈ પોતાનું અપમાન કરાવવા ન આવે તેથી અમને અહિંથી દૂર કરવા ન જોઈએ. ત્યાં કહે છે કે મીઠા મીઠા વચનોથી અમને સમજાવવાં ન જોઈએ. આ પ્રકારે જે તમે કહો છો તે ભગવાનનો કહેલો નહિ પણ તમે કપોલ કલ્પિત તૈયાર કર્યો છે માટે તમારો સ્વામી મુકુંદ છે. તે અમને મારીને મોક્ષ આપશે. કેમ કે મર્યા વગર મુક્તિ ન થાય તેથી તે અમને મારશે. પરંતુ અમે જીવતાં હોઈએ ત્યાં સુધી સુખ નહિ આપે તેથી તમે આવીને અમારું ધાર્યું કેમ કરી આપશો. સ્વામિના મતથી વિરુદ્ધ બોલનારો તેનો દૂત હોય તો 'વઞ્ચક' કહેવાય. ત્યાં કહે છે કે તેણે ન કહ્યું હોય તો મને કોણે શિખવ્યું ? તેનો ઉત્તર કહે છે કે માન મનાવવામાં તમો જાણકાર છો તે તમારી વિદ્યા હું જાણું છું. તે વૃથા અનુનય નથી પણ 'ચાટુકાર' મીઠી ભાષાવાળો 'અનુનય' (મનામણું) છે. તેથી ઉત્પત્તિ અને ઉપપત્તિથી તમારું મન શુદ્ધ નથી. કાયા અને વાણીથી છેતરવા માટે મનાવવાનો દેખાવ કરનાર તમો છો. અંતઃકરણ[1] કોઈનું દેખાતું નથી તો તમે મારા મનમાં આવું છે એમ કેમ જાણી ગયાં ? જાણવાનું તો વાણી કે કાયાની ચેષ્ટાથી બને. તેથી ક્રોધને વશ થઈને તમે અવળું જુઓ છો અમારો દોષ નથી. ત્યાં કહે છે કે યુક્તિથી[2] બાધ થતો હોય એવું વેદ પણ ન કહી શકે. ભગવાન્ ઈશ્વર અમે ગોપીઓ. અમે જે અમારે કર્તવ્ય હતું તે કર્યું, તે તો સર્વ સમર્થ છે તેણે કાંઈ ન કર્યું. આ બનેલી વાત છે, હમણાં કર્તવ્ય શું છે તે કહોને ? અમે તેને માટે છોકરાં છોડ્યાં, ધણી છોડ્યા, તેને લઈને મળનારા સ્વર્ગાદિ લોકો છોડ્યા. કેમ કે ધણી વિગેરેના રક્ષણમાં ન રહે તેને સ્વર્ગાદિ

---

૧. સ્વામિના કામનો વિચાર કર્યા વગર કોઈ ન આવે. (લે)

૨. ઘડાને કપડું કહી હજાર વાર સમજાવીએ તો મૂર્ખ પણ તે વાત ન કબુલ કરે. બ્રહ્મત્વ આપણી યુક્તિમાં ન આવે પણ શુકદેવ જેવાની યુક્તિમાં આવી જાય. 'અહંમનુરભવમ્' ઈત્યાદિ શ્રુતિ તો બ્રહ્મ સર્વરૂપ હોવાથી તે મનુરૂપ પણ થાય. (લે)

મળતા નથી. લોકને છોડવું હોય તે બીજે[3] જતો રહે પણ અમે તો અહિં જ એ બધું કર્યું. ત્યાગ પણ ભગવાનને માટે કર્યો. જો અમે બધું છોડશું નહિ તો ભગવાન્ અમને રાખશે નહિ કેમ કે અન્યથી સંબંધ હોય ત્યાં સુધી ભગવાન્ પોતાનાં ન કરે તેથી અમે સર્વ ત્યાગ કર્યો છતાં ભગવાને અમને છોડી દીધાં અને મથુરા પહોંચ્યા. ત્યાં કહે છે કે લોકમાં કામ પ્રસંગે જવું પડે ત્યાં વિલંબ પણ થાય. એટલાથી છોડી દીધાં એમ ન કહેવાય. તેના ઉત્તરમાં કહે છે કે જે જાય તે મનમાં તેને રાખીને જાય, મનમાંથી દૂર કરીને ન જાય. ભગવાને તો તેથી વિપરીત કર્યું તે અમને મનમાંથી કાઢીને ગયા. તેની સાથે મેળ કરવાનું શું હોય. જેનાથી સંબંધ પાછો સંધાય એવું કારણ અમો જોતાં નથી. બહાર[4] ધણી, છોકરા હતાં તેને અમે છોડ્યાં. અંદર[5] હૃદયમાં ભગવાને અમને રાખ્યા હતા તે અમને હૃદયમાંથી છોડીને ચાલ્યા ગયા. ૧૬.

ત્યાં કહે છે કે સંધિ કરવામાં મિત્રતા કરવી એ ઉપાય છે. પહેલી તમે પ્રપત્તિ કરેલી છતાં ભગવાને છોડી દીધાં તે ભગવાનની પાસે માફી માંગી લો એટલે તે દોષ ગયા પછી તેની મિત્રતા બાંધો એમ કહે તેનો ઉત્તર ગોપી આપે છેઃ

**મૃગયુરિવ કપીન્દ્રં વિવ્યધે લુબ્ધધર્મા**
**સ્ત્રિયમકૃત વિરૂપાં સ્ત્રીજિતઃ કામયાનામ્ ।।**
**બલિમપિ બલિમત્વાડવેષ્ટયદ્ ધ્વાઙ્ક્ષવદ્ય-**
**સ્તદલમસિતસખ્યૈર્દુસ્ત્યજસ્તત્કથાર્થઃ ।।૧૭।।**

પારધિ પશુને વીંધે તેમ વાલીને જેણે બાણથી વિંધી નાખ્યો, પોતે સ્ત્રી વશ થઈ ગયા તેથી બીજી સ્ત્રી તેની કામના કરીને આવી તેનાં નાક, કાન કાપી તેને બેડોળ કરી દીધી. બલિરાજા પાસેથી બધું પડાવી કાગડાની પેઠે જેને બાંધી લીધો. માટે તે કાળાની મૈત્રી કર્યા વગર જ ઠીક છઈએ તો પણ તેની કથારૂપ અર્થ કોઈ રીતે છોડી શકાતો નથી. ૧૭.

તું મિત્રતાનું કહે છે પણ સ્ત્રીઓ મિત્રતાની[1] અધિકારિણી નથી 'ન વૈ સ્ત્રૈણાનિ સંખ્યાનિ' એવું વાક્ય છે. તેમ ઈશ્વર પણ કોઈનો મિત્ર થતો નથી. 'રાજા મિત્રં કેન કૃષ્ટં શ્રુતં વા' એવું પણ નીતિવાક્ય છે. તેમાં પણ ભગવાન્ સાથે તો સખ્ય

---

૩. દૂર જઈને એટલે બીજા આશ્રમમાં જઈને પૂર્વાશ્રમને છોડે છે. ભગવાને તો આશ્રમ ન છોડ્યો પણ અમને જ છોડ્યાં. (લે)

૪. બહાર રહેલા અમારા ધણી, દીકરા, બંધુઓને અમે છોડ્યાં.(લે)

૫. અંદર રહેલા સ્નેહાદિ ભાવોને ભગવાને છોડી દીધા એટલે અમે ભગવાનને માટે પત્યાદિ છોડ્યા તે ભગવાને અમારાથી સ્નેહ છોડી દીધો તેથી અમે બંને બાજુથી ભ્રષ્ટ થયાં.(લે)

૧. 'ન વૈ સ્ત્રૈણાનિ' એ શ્રુતિનું પ્રતીક છે.(પ્ર)

થાય જ નહિ કેમ કે તેમની મૈત્રી કરતાં ત્રણનાં અનિષ્ટ થયાં છે. આર્ષજ્ઞાનથી ભગવાનના સ્વરૂપને જાણીને પોતાનાથી[2] પહેલાની અવસ્થાની ભાવના કરે છે તેમાં 'રામ' પ્રથમ ભૂતલ ઉપર પધાર્યા છે તેની સાથે પુરુષે અને સ્ત્રીએ સખ્ય કર્યું. તેમાંથી એકનું મોત થયું બીજીનું જીવતાં મરણ થયું. રામે સુગ્રીવ સાથે અગ્નિની સાક્ષીથી મૈત્રી બાંધી. તેના મોટા ભાઈ વાલીને ભગવાને માર્યો, તેના ભાઈ સાથે મિત્રતા થતાં તેની સાથે પણ મિત્રતા થઈ ગણાય, તે વાદરાંનો ઈન્દ્ર હતો. તેથી કાર્યને લઈને માર્યો એમ પણ ઠરતું નથી. તેને જીવાડ્યો હોત તો તે સુગ્રીવથી[3] વધારે સારું કાર્ય કરત. કોઈ વાંદરા સાથે મિત્રતા કરતો નથી. તેથી સખ્યશાસ્ત્રના જાણનાર ભગવાન્ નથી તે વાત સિદ્ધ થઈ. તેમાં પણ પોતે સર્વ રીતે સમર્થ છે છતાં યુદ્ધ કરી તેને ન માર્યો પણ બીજા હરિણને રાખીને જંગલના હરિણને મારે તેમ લુબ્ધકપણું કરીને તેને માર્યો. તેમ અહિં સુગ્રીવની સાથે તેને યુદ્ધ કરાવી પોતે માર્યો. હરિણાદિનો શિકાર સર્વત્ર થાય છે તેમાં શું દોષ છે? ત્યાં કહે છે કે પોતે અલુબ્ધધર્મવાળા છે, લુબ્ધકના જેવા તેનામાં ધર્મો નથી. લુબ્ધક (પારધી) માંસને માટે પ્રાણિને મારે છે. વાંદરાનું[4] માંસ તો ભક્ષણ કરવા લાયક નથી. પોતે ઈશ્વર છે તેનું વાંદરો કાંઈ બગાડી શકતો નથી કે જેના રક્ષણ માટે એને મારવો પડે, છતાં માર્યો. શૂર્પણખા કામમાં મોહિત થઈને આવી તેને માન આપવું જોઈએ તેને બદલે તેનાં નાક, કાન કાપીને બેડોળ કરી મૂકી. ઊર્ધ્વરેતાઓ પાસે સ્ત્રી જાય તો તેને વિરૂપ કરે તે યોગ્ય કહેવાય ? ત્યાં કહે છે ભગવાન્ ઉર્ધ્વરેતા નથી પણ પોતાની સ્ત્રી સીતાને વશ છે. જો તેના કહ્યામાં ન હોય તો તેના કહેવાથી સુવર્ણમૃગ લેવા ન જાય. તે શૂર્પણખા તાટકાની જેમ પ્રતિબંધ કરવા નહોતી આવી પણ કામને વાહન કરીને આવી હતી. એમ બે દૂષણ આપીને તેનાથી પણ આગળ દોષ વિચારતાં પરશુરામમાં દોષ ન જોયો. વામનમાં જોઈને બોલી કે બલિ અત્યંત પૂજારૂપ હતો તેથી બલિએ વામનની શ્રદ્ધાથી પૂજા કરી. [5]બ્રાહ્મણક્ષત્રિયને[6] તુલ્યતા હોવાથી

---

૨. પોતે જ તેની પૂર્વાવસ્થાની ભાવના કરે છે. (પ્ર)

૩. વાલીથી તો સુગ્રીવ કરતાં વધારે કામ લઈ શકત કેમ કે તે વાંદરાનો રાજા હતો માટે.(લે)

૪. 'પઞ્ચ પઞ્ચનખાભક્ષ્યાઃ' કહ્યું છે ત્યાં વાંદરાની ગણના નથી તેથી વાંદરાના માંસને કોઈ ખાતા નથી. (લે)

૫. ત્યાં એટલે સૃષ્ટિના આરંભમાં.(લે)

૬. બલિરાજાની સાથે મૈત્રી નહોતી તેના અનિષ્ટકરણથી ભગવાનને દોષ કેમ લાગે ? ત્યાં કહે છે બ્રાહ્મણ અને ક્ષત્રિય અન્યોન્ય ઉપકારક છે. બ્રાહ્મણો યજ્ઞો કરે તેથી રાજ્ય સ્થિર થાય

મિત્રતા થવાનો સંભવ છે તો પણ બંને પોતાનું [૭] કામ સિદ્ધ કરનાર હોવાથી બલિપાસથી ત્રણ લોક લેવા એ કોઈ મિષ [૮] કરીને લે તેમાં દોષ નથી પણ તેટલું લે તો પોતાનું હતું તે લીધું ગણાય. પણ તેટલાથી સંતોષ ન માનતાં બીજું પણ લીધું તે કહે છે કે તેની પૂજાનો સ્વીકાર [૯] કરીને તેને બાંધ્યો. અહિં 'અદ્' ધાતુને 'જગ્ધ' આદેશ નથી થયો. 'બહુલં છન્દસિ' એ સૂત્રથી આગળ [૧૦] કહેવાશે [૧૧]. બલિનું ખાઈને તેને બાંધીને ખાડામાં ઉતાર્યો અહિંથી સરસ્વતી ગુણરૂપ અર્થ કરે છે [૧૨]. 'ધ્વાઙ્ક્ષવત્' [૧૩]. અહિં દ્વિતીયાના અર્થમાં 'વત્' પ્રત્યય થયો છે. કાગડો દૂધપાકમાં ચાંચ બોળે તે અયોગ્ય ગણાય. તે ધૃષ્ટતાથી તેમ કરે તો તેને પકડીને બાંધવો પડે. તેમ વાંદરો ઈન્દ્રની પેઠે વ્યવહાર કરે તો મારવા યોગ્ય ગણાય. પશુ હોવાથી મિષથી જ મરાય. બ્રહ્માએ તેનું મોત તેમ જ થવાનું નિર્માણ કરેલું. મત્સ્યોનું મૃત્યુ તો બુદ્ધિ ચલાવવાથી [૧૪] થઈ શકે. સ્ત્રીજીતમાં તો સ્ત્રીથી સ્ત્રી બેડોળ થઈ ભગવાને પોતે તેને કાંઈ કર્યું નથી તેથી જ સ્ત્રીઓ પોતાની જાતનો અતિક્રમ [૧૫] કરતી નથી. તેમ અમે પણ નહિ કરીએ. કરવાથી સ્વધર્મ છોડતાં અનિષ્ટ થાય. અમે હીન થઈએ તો ઉત્તમ ભાવને ન પામીએ. 'અયોગ્યની ઈચ્છા કરનારો પુરુષ પડે છે એમાં સંદેહ નહિ' એવું વચન છે મર્યાદાનું ઉલ્લંઘન કરતાં તેના રક્ષકો દંડ કરે એ વાત નિર્વિવાદ છે. 'સ્ત્રિયો જિતા અનેન' એવો સમાસ કરી જેણે સ્ત્રીઓને જીતી છે એવા રામ, એવો અર્થ

રાજા રક્ષા કરે તેનાથી બ્રાહ્મણનો ધર્મ સિદ્ધ થાય.(પ્ર)

૭. 'બ્રહ્માસૃજત્ સ્વમુખતઃ' ઈત્યાદિમાં બ્રાહ્મણ, ક્ષત્રિય પરસ્પરોપકારક કહ્યા છે.(લે)

૮. લોકત્રય લીધાં એ તો અનુવાદ માત્ર છે. વીંટી લીધો એ મુખ્યક્રિયા છે. તે દોષવાળી ગણાય.(લે)

૯. ત્યારે તેનો અપકાર શું કર્યો તેના ત્રણ લોક લીધાં એમ કહે તો તેનો નિષેધ કરે છે મિષથી ત્રણ લોક લેવામાં દોષ નથી.(પ્ર)

૧૦. દોષવાળો ત્યાજ્ય છે પણ અહિં તો તેનો ગુણ કહે છે કે કાગડો તૈયાર રસોઈ અભડાવે તો તેને મારવો જોઈએ અથવા બાંધવો જોઈએ. વાંદરો રાજા થઈ બેસે તેને મારવો જોઈએ.(લે)

૧૧. લોકત્રય લીધા એ તો અનુવાદ માત્ર છે.(પ્ર)

૧૨. માંછલા સમુદ્રમાં રહે છે તેને મારવાં હોય તો બુદ્ધિથી તેને મારવાનો કાંટો કરી તેમાં ખાવાનું રાખી તે ખાવા આવે તેને કાંટો લાગે તો મરે એમ તેને મારવામાં બુદ્ધિની જરુર છે. અહિં મત્સ્યની વાત કહી છે તે સર્વત્ર બુદ્ધિની જરુર છે એ બતાવવા દૃષ્ટાંત તરીકે કહી છે.(લે)

૧૩. અદ ધાતુને 'જગ્ધ આદેશઃ' નહિ થવાનું પછી કહેવાશે.(પ્ર)

૧૪. એ અગ્ર શબ્દનો અર્થ છે.(પ્ર)

૧૫. માટે જ સ્ત્રી, સજાતીય-એટલે સ્ત્રીનો અતિક્રમ નથી કરતી તેમાં તેને તેનું સૌંદર્ય જવાની ભીતિ લાગે છે. (લે)

કરવો. સ્ત્રીઓએ જેને જીત્યા છે એવા તે નથી. સ્ત્રીવશ્ય નથી. જીતે તેનું હિત કરવું જોઈએ. તેમ નગરમાં ભગવાન્ અમારે ભોગ્ય નથી જેમ બલિનો મન્વંતર કાલ અત્યારે તેને ઈન્દ્રત્વેન ભોગ્ય નથી. તેમ અમો સ્ત્રી હોવાથી સખ્ય અમને અયોગ્ય છે. સ્ત્રીનો અતિક્રમ[૧૬] કે અન્યનો અવસર (અત્યારે સીતાને ભોગનો સમય) હોવાથી કાલની મર્યાદાનું ઉલ્લંઘન ન કરવું તેથી પણ તારી પ્રાર્થનાથી સખ્ય કર્તવ્ય નથી તે જ કહે છે કે કાળાની સાથે મિત્રતા કરવાથી બસ છે અથવા અસિત એટલે કપટથી મિત્રતા ન કરવી એ જ ઠીક છે. તેનું ફલ વિપરીત થાય. અથવા તામસ ભાવથી કૃષ્ણવર્ણને કહેનાર અસિત શબ્દ છે. તમે ઘરબાર, પતિ, પુત્ર છોડીને ભગવાનનો આશ્રય કર્યો હવે તેને છોડીને કોનો આશ્રય કરશો ? તેના ઉત્તરમાં કહે છે કે અમો તેની કથારૂપ અર્થનો આશ્રય કરીને જીવશું. તેને પણ છોડવાનું મન થાય છે છતાં કથા ભગવાનની જેમ અમને છોડે તો ભલે છોડે, તેને છોડવાની અમારી શક્તિ નથી એ અભિપ્રાયથી 'અર્થ[૧૭]' પદ કહ્યું. કાલને[૧૮] ઉદ્દેશીને પણ ભગવદ્ધર્મ યજ્ઞાદિ થાય છે. ધર્મ તરીકે શ્રવણાદિ કહ્યા છે, સખ્ય અને આત્મનિવેદન પણ કહેલ છે. જેમ કે 'સુપર્ણાવેતૌ સહજૌ સખાયૌ, બ્રહ્મૈવ સન્ બ્રહ્માપ્યેતિ' વેદો અને યજ્ઞો કાલાત્મક[૧૯] છે કાલમાં તે થાય છે. તેથી વેદનું શિર ઉપનિષત્[૨૦] કહેવાય છે તેમાં

૧૬. સરસ્વતીનો કહેલો અર્થ કહે છે. કાગડો દૂધપાક છોવરાવે તે અયોગ્ય ગણાય તેમ. આ દૈત્યને ત્રિલોકીનો વૈભવ ન જોઈએ તેથી ભગવાન્ તેનો વૈભવ છોડાવે છે 'અયોગ્યમિચ્છન્ પુરુષઃ પતત્યેવ ન સંશયઃ' એ ન્યાયથી ભગવાનનો તેમાં દોષ નથી. (પ્ર)

૧૭. કથાને 'અર્થ' કહ્યો છે તે અર્થ છોડવો અશક્ય છે. અર્થપદથી સ્વાતંત્ર્ય લેવાનું છે તેથી તેનામાં પણ ત્યાગનું સામર્થ્ય બતાવ્યું છે તેથી તે કથા અમને છોડે તો છુટે અમારાથી તે છુટવી અશક્ય છે. 'દિવિભુવિ' એ શ્લોક સંવત્સર ભ્રમર અને ઉદ્ધવના પક્ષમાં સમાન છે. 'વિસૃજ' એ શ્લોકનો સંવત્સર પક્ષમાં ઉત્તર કહે છે. 'કાલ'માં પણ કેટલાક ધર્મો કરવાનું કહ્યું છે. અહિં 'યજ્ઞાશ્ચન' ત્યાં ચન પ્રત્યય લેવો, યજ્ઞોનો નિષેધ એવો અર્થ ન કરવો. વેદ અને યજ્ઞો કાલમાં થાય છે તે કાલાધીન છે તેથી ઉપનિષદો વેદના મસ્તકરૂપ ગણાય છે.(લે)

૧૮. કથારૂપ અર્થ કહ્યો તેમાં શબ્દ અને અર્થને નિત્યસંબંધ છે 'વેદૈશ્ચ સર્વૈરહમેવ વેદ્યઃ'' ''સર્વે વેદા યત્પદમામનસ્તિ'' ઈત્યાદિમાં કથાને 'અર્થરૂપ' કહી છે તેથી મૂલમાં 'કથાર્થઃ' એમ કહ્યું છે.(પ્ર)

૧૯. કાલમાં પણ ધર્મો કરાય છે તે શ્રવણાદિ ધર્મો છે. તે ધર્મો વેદબોધિત છે યજ્ઞો વેદે કહેલા છે તે કાલાત્મક કહેવાય માટે ઉપનિષદો વેદના શિરરૂપ કહેવાય. તેમાં ભગવાનનું નિરૂપણ કરવું જોઈએ તેમ ન કરે તો તેનાથી જ મોક્ષ થાય એટલે ભગવાનનો અવતાર અન્યથાસિદ્ધ થાય છે તે ભગવદવતરણ અન્યથાસિદ્ધ ન થવા માટે પુષ્ટિશ્રુતિઓ તેનો નિષેધ કરે છે. જો નિષેધ ન કરે તો અવતાર તો ભક્તિનું દાન કરે તેથી મોક્ષનું કારણ તે ન થાય.(પ્ર)

૨૦. તેવા શાસ્ત્રીય ભક્તનો જો આત્મામાં (મોક્ષ થાય) તો 'વિવૃણુતે તનૂં સ્વામ્' એ શ્રુતિમાં

ભગવાનનું નિરૂપણ[૨૧] ન કરવું[૨૨] જોઈએ. એવો પુષ્ટિશ્રુતિનો અભિપ્રાય છે. એમ ન કહે તો મોક્ષનું કારણ શાસ્ત્ર રહે ભગવાન્ મોક્ષનું કારણ ન રહે. તેથી ભગવાન્ અન્યથાસિદ્ધ થાય. (ભગવાનનો અવતાર થાય તેનું પ્રયોજન ન રહે તેથી તે અન્યથાસિદ્ધ થાય.) તેમાં પણ ભક્તિમાર્ગમાં ભગવદુત્કર્ષ કહેવાય છે માટે તમે નિષેધ કેમ કરો છો ? ત્યાં કહે છે. તે પરમાત્મા શાસ્ત્રપ્રતિપાદ્ય હોવાથી મોક્ષ[૨૩] આપનાર છે. તેનો દૂત બહુ નિપુણ હોય છતાં તે મોક્ષ જ આપી શકે. લોકોને સારું લાગે માટે ભક્તિની જેમ પ્રેમની જેમ કહે છે. 'ન વા પુત્રાણાં કામાય' 'યમૈવૈષ વૃણુતે'[૨૪] એમ શ્રુતિ સખ્ય આત્મનિવેદન જેમ કહે છે, શાસ્ત્રો તો સર્વ છોડવાનો અભિપ્રાય કહેનારાં છે. 'આત્મકામઃ[૨૫] સર્વં પરિત્યજેત્' તેવા વિરક્તને, નિત્ય

કહેલ ભગવાનના વરણનો તે અધિકારી ન રહે. ભક્તિનું ફલ તેને ન મળે, જ્ઞાનનું ફલ (મોક્ષ) મળતાં તે કૃતાર્થ થાય.(પ્ર)

૨૧. ભગવાનનું નિરૂપણ તેમાં ન કરવું જોઈએ. એવો પુષ્ટિશ્રુતિનો અભિપ્રાય છે કેમ કે ઉપનિષદથી સખ્ય અને આત્મનિવેદન થાય તો ભગવાન્ પધારવાની જરૂર ન રહે તેથી તે અન્યથાસિદ્ધ કહેવાય.(લે)

૨૨. દ્વાસુપર્ણમાં સખ્ય કહ્યું છે પણ રામતાપિની અને 'વિષ્ણોર્નુકમ્' એ મંત્રમાં તેથી વિપરીત છે એટલે તે સખ્યમાં વિશ્વાસ ન રખાય. તો પણ કથાનો ત્યાગ તો થાય તેમ નથી જ તેથી જ્યાં સુધી તેના જેવું ન મળે ત્યાં સુધી કથા છુટે તેમ નથી. (પ્ર)

૨૩. 'તથા પરમહંસાનાં' એ શ્લોકમાં ભક્તિયોગ માટે આપનું પ્રાકટ્ય કહ્યું છે તે વ્યર્થ થાય છે. તેથી ઉપનિષદ્‌માં સખ્ય આત્મનિવેદન જ્ઞાનમાર્ગીય છે તે મોક્ષ આપે છે. ભક્તિ આપવા માટે અવતરેલ ભગવાનના આપેલાં સખ્ય આત્મનિવેદન ભજનાનંદનું દાન કરે છે, સ્વરૂપનો સંબંધ કરાવે છે. તેથી તેમાં તફાવત છે. તેમાં ભજનીય પણ તે જ પરમાત્મા છે એમ કહે તેના ઉત્તરમાં કહે છે કે જ્ઞાનમાર્ગીય પરમાત્મા અને ભક્તિમાર્ગીય ભગવાન્ બંને ભિન્ન છે. 'ન વા અરે પુત્રાણાં કામાય પુત્રાઃ પ્રિયા ભવન્તિ આત્મનઃ કામાય પુત્રાઃ પ્રિયા ભવન્તિ' એ શ્રુતિમાં આત્મકામનાને ભક્તિ જેવી કહી છે.(લે)

૨૪. 'યમેવ' શ્રુતિમાં વરણ કહ્યું તે પણ 'અહં ભવાન્ ન ચાન્યસ્ત્વં ત્વમેવાહં વિચક્ષ્વ ભોઃ ।। ન નૌ પશ્યન્તિ કવયશ્છિદ્રં જાતુમનાગપિ' એ પુરંજનોપાખ્યાનમાં કહેલો અભેદ પ્રેમ જેવો કહ્યો છે.(લે)

૨૫. તેથી જેમ 'આત્મકામ' શ્રુતિમાં કહેલ સર્વ પરિત્યાગ કરી આત્માનું અનુસંધાન એ જ્ઞાનમાર્ગીય છે. આત્માનું હૃદયમાં દર્શન તેનું ફલ છે. તે ન થાય તો ઉપનિષદ્‌માં ગુર્વાદિના પ્રયોજનનો અભાવ થાય તેથી સખ્યાદિ જ્ઞાનમાર્ગમાં ઈષ્ટ નથી. ત્યારે તો ભક્તિમાર્ગીય સખ્ય આત્મનિવેદનમાં પણ પ્રમાણ જોઈશે. ત્યાં કહે છે કે ભક્તિ કરે તેણે પણ વૈદિક તો બનવું જોઈએ અન્યથા પાખંડી ગણાય. તેથી 'યમૈવૈષ' એ શ્રુતિ ભક્તિમાર્ગમાં પ્રમાણ ગણાય છે એમ જ્યાં જ્યાં પ્રમાણની શંકા થતી હોય ત્યાં શ્રુતિઓનો આશ્રય લેવો. 'આત્મા વા અરે' ઈત્યાદિને પ્રમાણત્વેન સ્વીકારવી. (લે)

આત્માનુસંધાન કરનારને પણ જો આત્મસ્ફુર્તિ ન થાય તો તેને ગુરુ કે ઉપનિષદથી શો લાભ છે ? તેથી સખ્યાદિમાં વેદનો અભિપ્રાય નથી. તો પણ વૈદિક રહેવું જોઈએ જો એમ ન કરીએ તો પાખંડી ગણાઈએ. આમ સર્વત્ર શબ્દ યોજના કરવી. ૧૭.

ત્યારે કથા સાંભળો ભગવાનને દોષ શા માટે આપો છો. ભગવાનમાં તત્પર હોય તે ભગવાનના દોષને કહેતા નથી. તેમને ભગવાનમાં અન્યભાવસ્ફૂર્તિ જ ન થાય. ત્યાં કહે છેઃ

**યદનુચરિતલીલાકર્ણપીયૂષવિપ્રુટ્-**
**સકૃદદનવિધૂતદ્વન્દ્વધર્મા વિનષ્ટાઃ ।।**
**સપદિ ગૃહકુટુમ્બં દીનમુત્સૃજ્ય દીના**
**બહવ ઈહ વિહઙ્ગા ભિક્ષુચર્યાં ચરન્તિ ।।૧૮।।**

જેની લીલાનું વ્યાસાદિએ ભાગવતાદિ ગ્રંથરૂપે નિરૂપણ કર્યું છે તે અનુચરિત-ભગવલ્લીલા કાનને અમૃતરૂપ છે તેનો એક છાંટો ફક્ત એક જ વાર હૃદયની અંદર પ્રવેશ કરે તો રાગદ્વેષાદિદ્વન્દ્વનો નાશ કરે છે એટલું જ નહિ પણ ગરીબ કુટુંબને છોડી પોતે દીન બનીને પક્ષીની જેમ હંસ પરમહંસ થઈ બહુ લોકો સંન્યાસીના આચારને આચરે છે. ૧૮.

જેવા ભગવાન્ તેવી તેની કથા, તેનાથી અધિક પણ કહીએ તો કહેવાય. અમે સ્ત્રીઓ અત્યંત વિવેકવાળી તો ન ગણાઈએ. તેથી ભગવાને બહુ સમય અમારી સાથે રહી અમને મોહિત કરી દીધી તો પણ અમો ભિક્ષાની પ્રાર્થના નથી કરતા, તેમ ગાંડાની પેઠે જાતિથી ભ્રષ્ટ પણ નથી થયાં, તેમ અમારા સ્થાનને અમે છોડ્યું પણ નથી. કથા તો મોટો અનર્થ કરાવે છે. તે જ કહે છે કે જે ભગવાને ચરિત્ર કર્યું તેને વ્યાસજીએ કથાના રૂપમાં શ્લોકોમાં ગુંથ્યું તે 'અનુચરિત' કહેવાય. આ ભગવાનનું ચરિત્ર શબ્દના વ્યવધાનવાળું[1] છે છતાં તેનું કાર્ય કરે છે. જેમ ગ્રીષ્મમાં લુગડાં પહેર્યા હોય લુગડાનું શરીરને વ્યવધાન હોય છતાં તે સૂર્યનો તાપ શરીરને તપાવે છે. તેને સહજમાં લોકો ગ્રહણ[2] કરે માટે લીલા કહી છે. આપણે ધારીએ કે

૧. શબ્દ સાથે અર્થને નિત્ય સંબંધ છે છતાં 'અન્યથૈવાગ્નિસંયોગાદ્દાહં દગ્ધોભિમન્યતે। અન્યથા દાહશબ્દેન દાહાર્થઃ સંપ્રતીયતે' અગ્નિના સંયોગથી દાહ થાય તેમાં હું બળ્યો એવું અભિમાન થાય છે અને બીજાને દાહ થયો એ વાતમાં અનુભવ જૂદો થાય છે. એવી સંબંધમર્યાદા, આ વિષયમાં નથી અહિં સાક્ષાત્ ચરિત્રથી ફલ દેખાય છે. વૈદિક સૃષ્ટિનો આધાર શબ્દ છે એમ નિર્ણય કરવામાં આવ્યો છે. સંબંધ તો છે પણ વ્યવહિત સંબંધ છે તેમાં પણ જો કાર્ય થાય તો સાક્ષાત્ સંબંધમાં તો શું પૂછવું.(પ્ર)

૨. 'પરિનિષ્ઠિતોપિ નૈગુણ્યે ઉત્તમશ્લોકલીલયા। ગૃહીતચેતા રાજર્ષે આખ્યાનં યદધીતવાન્' એમ લીલા ચિત્તને ગ્રહણ કરે છે તેમાં શુકદેવજીએ પોતાનો અનુભવ બતાવ્યો છે.(પ્ર)

લાડુ આપણે ખાઈએ તે ભારે હોયને પચશે નહિ છતાં તેના રસમાં મુગ્ધ થઈને આપણે ખાઈ લઈએ. તેમ આ લીલાને મનમાં ઉતારતાં કોઈ પ્રયત્ન કરવો પડતો નથી કેમ કે તે કાનનું અમૃત છે, આંખો વીંચીને પણ કાનના અમૃતનું પાન કરી શકાય છે. તે જો બહુ પીવાય તો કોણ જાણે કે શું થાય? તેથી તેનું એક બિંદુ એક જ વાર કાન દ્વારા પાન કરે તે પણ આદરપૂર્વક મન વડે ગ્રહણ કરે તો તેના રાગદ્વેષાદિ દ્વન્દ્વ નષ્ટ થાય છે. જેને લઈને રાગદ્વેષ વિગેરે નભે છે તે જતાં રાગદ્વેષ નષ્ટ[3] થઈ ગયાં. 'ણશૂ' ધાતુનો અર્થ ન દેખાવું એવો થાય છે. કથા શ્રવણ કરનારના રાગદ્વેષાદિ દેખાતા નથી. તેવી રીતે તેઓ લોકમાં વર્તે છે. એથી એમ કહ્યું કે લૌકિકવૈદિક કરતાં પુષ્ટિમાર્ગીય ધર્મોમાં તેનો અભિનિવેશ થાય છે. બીજાના આગ્રહથી પણ તેની સ્થિતિ લૌકિકવૈદિકમાં  રહેતી નથી. જ્ઞાનિઓ વૈરાગ્યવાળા હોય છે. કર્મઠોને સ્વાર્થ ન હોય છતાં પરાર્થને માટે અપેક્ષા રહે છે. પુષ્ટિમાર્ગીઓને તે પણ હોતું નથી. તેથી તે જલદી ઘર તથા તેમાં રહેલા કુંટુબોને (અત્યંત દીનને) પણ છોડી પોતે પણ દીન બને છે. એવા તે પક્ષીઓ[4] બની આ જન્મમાં જ હંસ પરમહંસ થઈને ફરે છે. વિહંગ શબ્દ સાધારણ પક્ષિવાચક છે. અહિંથી ગયા પછી કાગડા, ગીધડા કે હંસ થાઓ પણ તે જાય જ છે. એ બતાવવા વિહંગ કહ્યા છે. પક્ષી જેમ આકાશમાં ચાલે છે તેવી તેની વિલક્ષણ ગતિ થાય છે. સર્વ વિલક્ષણ ગતિવાળા આપણને મળે કેમ ? ત્યાં કહે છે કે ભિક્ષુ એટલે સંન્યાસીના આચરણનું અનુસરણ કરે છે. તેના તે અધિકારી નથી. સંન્યાસીના ફલને તે ઈચ્છતા નથી, તેના માર્ગથી જૂદા છે છતાં તેમનો આચાર ગ્રહણ કરે છે. એમ કથા સ્વધર્મ[5] છોડાવી પરધર્મ ગ્રહણ કરાવે છે. તેને અને તેના સંબંધીને દુઃખી કરે છે. કથા પોતાનું સુખ પણ તેને પૂરું આપતી નથી. તેથી એ કથાને પણ છોડવી જોઈએ પરંતુ તેને છોડવાની અમારામાં શક્તિ નથી. પુષ્ટિમાર્ગશ્રુતિને[6] મર્યાદામાર્ગીય શ્રુતિઓ અત્યંત દ્વેષ્ય નથી પણ ગ્રહણ યોગ્ય છે છતાં તેમાં તેનો અભિપ્રાય જૂદો છે. ૧૮.

તામસરાજસભાવ કહ્યો. આ ત્રીજો પ્રકાર સાત્ત્વિકતામસીનો કહે છેઃ

---

૩. રાગદ્વેષનો નિર્વાહક ન હોવાથી તેનો નાશ થાય છે.(પ્ર)

૪. વિહંગમો આકાશમાં ઉડે છે. (પ્ર)

૫. પરિત્યજ્યનો છોડીને એવો અર્થ થાય પણ અહિં છોડાવીને એવો અર્થ કરવાનો છે.(પ્ર)

૬. પુષ્ટિમાર્ગશ્રુતિ ગોપીઓને મર્યાદાશ્રુતિઓ કથા કહેનારી શ્રુતિઓમાં અત્યંત દ્વેષ નથી કેમ કે ગોપીઓ પણ વિરહદશામાં કથાથી નિર્વાહ કરે છે. પરંતુ તેમાં સાક્ષાત્ સંબંધ નથી તેથી તેને કથામાત્રમાં રાગ નથી. એટલાં તેનાથી જૂદા પડે છે. (પ્ર)

**વયમૃતમિવ જિહ્મવ્યાહૃતં શ્રદ્દધાનાઃ**
**કુલિકરુતમિવાજ્ઞાઃ કૃષ્ણવધ્વો હરિણ્યઃ ।।**
**દદૃશુરસકૃદેતત્તન્નસ્પર્શતીવ્રસ્મરરુજ**
**ઉપમન્ત્રિન્ ભણ્યતામન્યવાર્તા ।।૧૯।।**

હરિણીઓ પારધિનું ગાન સાંભળી સુખ માને ત્યાં તેની ગોળી લાગતાં તે ઉભયભ્રષ્ટ થાય તેમ અમે ભગવાનનું કપટથી બોલાએલું વચન સત્ય માનીને તેના થયાં ત્યાં તેણે અમને છોડી દીધાં એટલે અમે ઉભયભ્રષ્ટ થયાં. હરિણીને ગોળીની વેદના ભોગવવી પડી તેમ અમને ભગવાનના નખની વેદના ભોગવવી પડી. તે બધા જોઈ શકે તેમ છે માટે હે ઉપમંત્રિ, કૃષ્ણ સિવાયની બીજી વાત કર. ૧૯.

જેટલા ભગવાનમાં દોષ તમે કહો છો તે બધા ભગવાનમાં સંભવતા નથી તેથી તમે આરોપણ કરેલા દોષો અસંગત છે કેમ કે તેમાં કોઈ પ્રમાણ નથી. ત્યાં કહે છે કે અમે પણ પ્રથમ પ્રમાણપર[1] હતાં. પછી ભગવાન્ બોલે તે સાધારણ[2] ન હોય એમ માની અન્યથાસિદ્ધિનો અભાવ સમજી સાધનમાં ફલનો વ્યભિચાર જોઈ ભગવાનના બોલેલા કોઈ વાક્યમાં અર્થનો બાધ જોઈને તેના કથનથી નિવૃત્ત થયાં. પહેલાં ભગવાન્ બોલ્યા કે 'હું કદિ ખોટું બોલતો નથી' પછી 'તમારા કૃત્યનો બદલો હું આપી ન શકું' એ સાધનકાલ અને ફલકાલના બે વાક્યો છે તે ભગવાન્ કપટથી બોલ્યા છે કેમ કે તેણે કહ્યું તેમ તે વર્ત્યા નથી. ભગવાને તો કહ્યું અત્યાર સુધી મેં ખોટું કહ્યું નથી છતાં તમને હું ખોટું કહીશ. તમે સારું કામ કર્યું તેવું મારાથી ન બને તે હું નહિ કરું પણ તે સમજવામાં અમારી બુદ્ધિએ ખોટો અર્થ લીધો અને અમે સમજ્યાં કે ભગવાન્ અમારી પાસે ખોટું ન બોલે. તમારો ઋણી છું એમ કહેવાથી તે કદિપણ અમારાથી ઉદાસીન નહિ થાય. તેથી કપટથી બોલેલું અમે સાચું માન્યું. તેમાં શ્રદ્ધા રાખી. ત્યાં કહે છે કે અત્યારે તમે વિચારની ચતુરાઈ કરો છો પણ તે વખતે તમે કેમ ભૂલ્યાં? તેનો ઉત્તર દૃષ્ટાંતથી સમજાવે છે કે અમે પણ જંગલમાં રહેનાર છીએ. તેમ હરિણીઓ પણ આરણ્ય પશુઓ છે તેને મારવા માટે પારધિ હરિણનો વેષ પહેરી ગાન કરે છે તેમાં હરિણીઓને મોહ થાય છે અને માને છે કે આપણા પતિ કરતાં આ હરિણમાં ગુણ વધારે છે તેથી આ હરિણ આપણા પતિનું કામ કરશે. વધારેમાં તે ગાન પણ સંભળાવી આપણને સુખ આપશે આવો

---

૧. શબ્દને પ્રમાણ માનનારાં ગોપીઓ પાસે ભગવાન્ બોલ્યા હું પહેલાં કદિ ખોટું બોલ્યો નથી તે વાક્ય અમે શ્રદ્ધાથી સાચું માન્યું.(લે)

૨. પછી આવું જોયું ત્યારે ભગવાનનું વાક્ય એવું ન હોય એમ વિચારતાં ભગવાનમાં સત્ય ન જોતાં અમે તેમનાથી નિવૃત્ત થયાં. 'પછી' એનો 'દૃષ્ટ્વા'ની સાથે સંબંધ લેવો. તેનાં અમે થયાં

મોહ થવાથી હરિણીઓ પૂર્વહરિણને છોડી બનાવટી હરિણના થયાં. અમે જેમ પતિઓને છોડી કૃષ્ણની સ્ત્રીઓ થયાં. તેમાં તમને શું ખોટું થયું છે ? ત્યાં કહે છે કે તે હરિણીઓ હરિણની સ્ત્રીઓ હતી, આ બનાવટી હરિણ તો હરિણ બન્યો હતો મૂલ હરિણ નહોતો. આકૃતિ હરિણની તેણે કરી હતી. જેમ અમે ગોપની સ્ત્રીઓ હતી, અમે ઈશ્વરની, ક્ષત્રિયની, યાદવની, સ્ત્રીઓ ન હતી છતાં તે કૃષ્ણ જ અમારી પાસે ગોપ બનીને રહ્યા. અમે જાણ્યું આ ગોપ છે અમારું વિશિષ્ટ હિત કરશે એમ ધારીને પૂર્વગોપોને છોડી અમે તેમનાં થયાં ત્યાં તો તે ગોપ મટીને ઈશ્વર થયા નહિ પણ ઈશ્વર જ હતા. તે ઐશ્વર્ય પ્રકટ કરીને પ્રસિદ્ધ થયા ત્યારે હરિણીઓની જેમ ગોપીઓ નાશ પામી. તમે પોતાના નાશની ભાવના કેમ કરો છો ? હરિણીઓને તો પારધિએ ગોળી મારી વિંધી નાખી તેવી રીતે ભગવાને તમને વિંધ્યાં નથી. એમ કહે તો તેના ઉત્તરમાં કહે છે કે આ જુઓ. એમ બોલી પોતાની અવસ્થાને બતાવીને હરિણીની તે અવસ્થાને કહે છે. હરિણીઓ ઉભયભ્રષ્ટ થયાં તેના દૃષ્ટાંતમાં પોતે છે, પહેલાં તો હરિણી પ્રારંભમાં કહી તે વાતને પાછળથી સ્વપ્રાધાન્યથી નિરૂપણ કરે છે. તેના નખનો સ્પર્શ તેથી નખ અને કાલનો દાખલો પોતાને વિષે પ્રસિદ્ધ છે. તે બાણ અને વેદનાનો ઉપલક્ષક છે. ભગવાનના નખના[૩] સ્પર્શ થતાં ગોપીઓને તીક્ષ્ણ કામની પીડા થઈ. ભગવાન્ કટાક્ષ કરે તે વિસરી જવાય પણ નખક્ષત્ ભૂલાય નહિ. બીજી વેદના ઔષધ લગાડવાથી દૂર થાય કામ તો સ્મરણથી ઉત્પન્ન થાય. તેથી પોતે હરિણીઓનાં ઉપમાન થયાં. અધિક ગુણવાળું ઉપમાન કહેવાય. જે પાસે રહેનાર અને નીતિને જાણનાર હોય તે ઉપમંત્રિન્ કહેવાય. તેથી કહે છે કે આ ભગવાનના સ્વરૂપને અમે જાણીએ છીએ તેથી તેની કથા અમારી પાસે તમારે ન કરવી કેમ કે તેનાથી ક્લેશ જ થાય છે માટે બીજી વાત બોલો તો તમને ઠપકો અમો નહિ આપીએ. ૧૯.

---

તે સાધન થયું. ભગવાને 'ન મયોદિત' કહ્યું તેનું ફલ એ જ કે તે અમને કદિ છોડશે નહિ. પણ તે ફલમાં વ્યભિચાર આવ્યો એટલે તેણે અમને છોડ્યાં. તે સાધન નિયત આવશ્યક પૂર્વવર્તિ હોય તે સિવાયનું સાધન થયું. તે 'અન્યથાસિદ્ધ' કહેવાય. તે ભગવદ્વાક્ય અન્યથાસિદ્ધ ન થવા માટે કહે છે કે ભગવાનનું કહેવું તે કાલને માટે ખરું છે પણ અમો આધુનિક હોવાથી અમારા પ્રત્યે તે અન્યથા થાય તેમાં તો ભગવાનનું વાક્ય અન્યથાસિદ્ધ ન કહેવાય. એ ભગવાન્ અહિં જ રહેશે અમારું હિત કરશે. એમ અમારા ભ્રમથી અમે જાણ્યું. (લે)

૩. એટલું જ નહિ પણ તેના નખના સ્પર્શથી તીવ્ર વેદનાવાળાં થયાં તે બધાએ જોયું છે. તેથી અમારે હરિણી સાથે સર્વ પ્રકારે સાદશ્ય છે. 'કટાક્ષ' વિગેરે ભૂલાય એથી ઈન્દ્રિયો કરતાં શરીરકૃત પ્રબલ ગણાય તેથી કટાક્ષાદિની અપેક્ષાએ શરીરમાં ક્ષત થયો હોય તે ન ભૂલાય એમ કહ્યું.(લે)

આ ગોપી ભગવાનની સાથે અમારે સંબંધ નથી એમ બોલી, ત્યાં તેને મૂર્ચ્છા આવી હોય એવું દુઃખ થયું. પછી સાત્ત્વિકરાજસભાવવાળી ગોપી બોલીઃ

**પ્રિયસખ પુનરાગાઃ પ્રેયસા પ્રેષિતઃ કિં**
**વરય કિમનુરુન્ધે માનનીયોસિ મેડઙ્ગ ।।**
**નયસિ કથમિહાસ્માન્ દુસ્ત્યજદ્વન્દ્વપાર્શ્વં**
**સતતમુરસિ સોમ્ય શ્રીર્વધૂઃ સાકમાસ્તે ।।૨૦।।**

હે પ્રિયના મિત્ર! તમે ફરીને મથુરાથી આવ્યા? અમારા પ્રિય-કૃષ્ણે તમને મોકલ્યા? હે અંગ, તમે અમારા માનનીય છો તો મારી પાસે વર માગો. તમે જ્યાં મિથુનભાવ કોઈ દિવસ મટતો નથી એવા ભગવાન્ પાસે અમને લઈ જવા આવ્યા છો? હે સોમ્ય, તેને તો લક્ષ્મીરૂપી વધૂ સાથે જ રહે છે. તે પણ વક્ષઃસ્થલમાં રહે છે. ૨૦.

આ ગોપી સત્ત્વ[૧] પ્રધાન છે અથવા ગુણગાન[૨] કરનારી છે. તેના બહુદોષ નિવૃત્ત થયા છે. ઉદ્ધવને અથવા ભ્રમરાને જોઈને પહેલી વખત બોલેલી સખી કરતાં અન્યથા બુદ્ધિ ઉત્પન્ન કરતી બીજા પ્રકારથી તેમના આગમનની સંભાવના કરતી બોલે છે. ભ્રમરાને પણ જઈને પાછો આવ્યો એમ સમજીને અથવા ભગવાનના દોષને સાંભળીને મૂર્છિત થએલીને આશ્વાસન આપવા ઉદ્ધવ ફરીને આવ્યા જાણીને બોલે છે. હમણાં પણ પ્રિયતમે તમને મોકલ્યા છે? ભગવાનને અમારી આકાંક્ષા વધારે હોવાથી અમારું કાર્ય સિદ્ધ થશે. હેમંતમાં તેમણે સાધનની શરૂઆત કરી તેનો પ્રથમ માસ તે વસંતથી નવમો ગણાય. પુનઃ નવમો ગણો તો શરદ આવે. શરદમાં ભગવાનને ફલ આપવું હોય તો તે બોલાવવા મોકલે એમ ધારી તમને પ્રિયે મોકલ્યા છે? તેના ઉત્તરમાં ઉદ્ધવ હા કહે તો કહે છે કે ઈચ્છા હોય તે વર માગો. સાધનથી જે કાર્ય સિદ્ધ ન થાય તે દેવના વરદાનથી સિદ્ધ થાય. કાલ પણ સાત્ત્વિક છે. અથવા ભગવદીય છે તેના પ્રમાણોનો અંગીકાર કરી ભાગવતાદિની જેમ બતાવતો ફરીને આવ્યો તે કહે છે. તેમાં પણ દેવતાના વરથી તે કાર્ય સિદ્ધ થાય બીજી રીતે ન થાય એ કહેવા માટે 'વરય' એમ કહ્યું. ઉદ્ધવને પણ આશીર્વાદ આપવો છે. ભમરાને પણ સુગંધનો ભોગ આપવો છે. તેથી કહે છે કે શું ઈચ્છા છે કહે તે તને આપીશ. બોલ, ત્યાં કહે છે કે હું ન બોલું તો પરાણે બોલાવવાનો આગ્રહ શા માટે કરવો જોઈએ? ત્યાં કહે છે કે તમો અમારા માનનીય છો. 'અંગ' એવું સ્નેહનું સંબોધન છે. કેમ કે તું તો અત્યારે મિત્ર બન્યો છે. મિત્રનો

૧. સત્ત્વપ્રધાન એમ સગુણ પક્ષથી કહ્યું છે.(લે)
૨. ગુણ કથન કરનારી એટલે ભગવદ્‌ભાવાપન્ના. (લે)

ઉપકાર કરી તેનું માન રાખવું જોઈએ, ત્યાં કહે કે જેમ અમે તમને કાંઈ આપતા નથી તેમ તમારે અમને કાંઈ આપવાની જરુર નથી. તેના ઉત્તરમાં કહે છે કે તમે તો અમને અમારા પ્રિય પાસે લઈ જવા આવ્યા છો તે જ ઉપકાર તમારો છે. પરંતુ અમને ત્યાં પહોંચાડવામાં સાધન શું તેનું અમને જ્ઞાન નથી તેથી સંદેહ થાય છે. તે સાધનને કહો. અમે ઘણીઓ સ્ત્રીઓ છીએ ગોકુલ નિરોધનું સ્થાન છે. તમે એકલા છો વળી લઈ જવાનાં છે ત્યાં ભગવાન્ નિત્ય સ્ત્રી સાથે જ હોય છે. ભગવાન્ શક્તિને સ્વસ્વરૂપથી જુદી કરીને પ્રકટ્યા છે એમ અમારું કથન છે. ત્યાં ઉદ્ધવ કહે કે ભગવાન્ પાસે હમણાં તો કોઈ શક્તિ રહેતી નથી તો ત્યાં કહે છે કે તેની વહુ લક્ષ્મી તેની છાતીમાં સ્થાન કરીને રહી છે. સૌમ્ય એ સંબોધન તેને ભલાઈ બતાવવા માટે આપ્યું છે. તેની છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન માત્ર છે એમ સમજવાનું નથી. તે તો લોકને દેખાડવા માત્રમાં જ લક્ષણત્વ છે. ખરી રીતે તો લક્ષ્મી સાથે જ હમેશાં રહે છે. તમે સૌમ્ય છો તો અમારા કથનને સંમતિ આપો એમ કહ્યું. ૨૦.

હું તમને સુખરૂપતાથી ભગવાન્ પાસે પહોંચાડીશ એમ કહે તેને કહે છેઃ

**અપિ બત મધુપુર્યામાર્યપુત્રોઽધુનાસ્તે**
**સ્મરતિ સ પિતૃગેહાન્સૌમ્ય બન્ધૂંશ્ચ ગોપાન્ ।।**
**ક્વચિદપિ સ કથા નઃ કિંકિરીણાં ગૃણીતે**
**ભુજમગરુસુગન્ધં મૂર્ધ્ન્યધાસ્યત્ કદા નુ ।।૨૧।।**

હમણાં આર્યપુત્ર (અમારા સ્વામી) મથુરામાં વિરાજે છે ? હે સૌમ્ય, તે પોતાના બાપના ઘરને કે પોતાના બંધુ ગોપોને યાદ કરે છે ? તેની દાસીઓની (અમારી) તે કથા કોઈ વખતે કહે છે ? અગરૂની સુગંધવાળો ભુજ મસ્તક ઉપર પ્રિય ક્યારે ધારણ કરશે ? (તે તમે કહો). ૨૧.

આ શ્લોકમાં 'અપિ' સંભાવનામાં છે. 'બત'નો અર્થ હર્ષ થાય છે. ભગવાનને ઉપનયન સંસ્કાર થયા પછી તે ગુરુગૃહમાં વિદ્યા ભણવા ગયા છે એમ અમે સાંભળ્યું છે. ત્યાંથી પાછા મધુપુરીમાં પધાર્યા ? મધુપુરી પુષ્ટિપુરી છે. આર્યપુત્રમાં આર્યશબ્દથી નંદ અથવા વસુદેવ સમજવા તેના પુત્ર, પોતાના સ્વામિ હોવાથી ગોપી નામ લેતી નથી. તે સત્કુલમાં પ્રકટ્યા છે તેથી અમને છોડશે નહિ એવો કથનનો ભાવ છે. હમણાં કૃષ્ણ ત્યાં છે ? અથવા અમને ત્યાં લઈ જઈને રોકી રાખવાં છે ? એ સંદેહથી પ્રશ્ન કર્યો છે. ત્યાં હોય છતાં તેના મનમાં બીજી હોય તો અમારું કાર્ય ન થાય એ અભિપ્રાયથી કહે છે કે તે તેના માતપિતાને, ઘરને, યાદ કરે છે ? જો ગોકુલને યાદ કરે તો અમારું પણ સ્મરણ થાય. બહુવચન (ગેહાન્) કહ્યું તેથી સ્વચ્છંદ રમણ પણ સૂચવ્યું. એવું વચન બીજા પુરુષ પાસે બોલવું યોગ્ય ન

ગણાય. ત્યાં કહે છે કે તમે સૌમ્ય છો એટલે તમારી પાસે બોલવાનો વાંધો નહિ. એમ બીજાના મિષથી ખબર પૂછીને હવે વિશેષ રૂપથી પૂછે છે. નંદના ગૌત્રના તેના બાંધવો થાય તે અને બીજા ગોકુલમાં રહેનાર ગોપો તથા 'ચ' છે તેથી ગોકુલમાં રહેતા બધાને યાદ કરે છે ? તે યાદ કરતા હોય તો તેના મનમાં બધાં છે એમ તેનો ભાવ જણાય. એમ પૂછીને પાછાં ન રહી શક્યાં તેથી પોતાની વાત પૂછે છે કે રસાભાસની કથામાં કે લૌકિક વાતોમાં તે અમારા પ્રથમના સ્વામી અમને બધાને યાદ કરે છે. સ્મરણ કરવાનું કારણ તો એ જ છે કે અમે તેની દાસીઓ છીએ. ત્યાં ઉદ્ધવ કહે કે તેમના અંતઃકરણની વાત હું કેમ જાણી શકું ? ત્યાં કહે છે કે તે ક્યારે પણ બોલે છે ? કોઈ વખતે એમ ઉત્તર આપે ત્યાં કહે છે કે પહેલાં પણ અમને અત્યંત સંતાપ થયા પછી પ્રકટ્યા હતા તેમ હવે ક્યારે દર્શન કરશું એમ અભિલાષ કરતાં કહે છે કે અગરૂ કરતાં વધારે સુગંધવાળો ભુજ તે કૃષ્ણ અમારા મસ્તક ઉપર ક્યારે ધરશે ? એમ સર્વભાવથી સર્વ અવસ્થામાં ઉત્કૃષ્ટ અપકૃષ્ટાવસ્થામાં પણ પોતાનું ભગવત્પરાયણત્વ બતાવ્યું. પ્રતીત થતો દોષ પણ કહ્યો. ૨૧.

તે દોષ દૂર કરવા માટે ઉપદેશ કહેતાં પહેલાં ઉદ્ધવ તેમને અભિનંદન આપે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**અથોદ્ધવો નિશમ્યૈવં કૃષ્ણદર્શનલાલસાઃ ॥**
**સાન્ત્વયન્ પ્રિયસંદેશૈર્ગોપીરિદમભાષત ॥૨૨॥**

શુકદેવજી બોલ્યાઃ- ઉદ્ધવજી ગોપીનાં વચન સાંભળીને તેને કૃષ્ણદર્શનરસની લાલસા છે એમ જાણી પ્રિયના સંદેશ વડે તેનું સાંત્વન કરતા આ પ્રમાણે બોલ્યા. ૨૨.

ઉદ્ધવ ઉત્સવરૂપ છે તેણે દોષ ગુણરૂપે ભગવાનના ધર્મોને કહ્યા તો પણ ઉદ્ધવે તો તે ગુણરૂપે જ સ્વીકાર્યા. તેથી તેનાથી જૂદા જ ક્રમથી સાંભળીને તાત્પર્યથી તેના કથનમાં દોષ નથી એમ જાણી કૃષ્ણદર્શનની તેને લાલચ ઘણી છે એ જાણીને જેમ સભામાં પણ 'ભુજગમરુસુગન્ધમ્' એ અભિલાષ કર્યો એવીનું અવશ્ય સાંત્વન કરવું જોઈએ. એમ વિચારી તેનું સાંત્વન કર્યું તે સાંત્વન પોતાના વચનોથી નહિ પણ પ્રિયના સંદેશથી[1] કર્યું કેમ કે ગોપીઓ ભગવદીઓ છે.

૧. અહિં એ સમજવું કે આવાં ઉચ્ચકોટિના ભક્તોના મનનું સમાધાન ભગવાનના પ્રાકટ્ય વગર ન થાય કેમ કે તેમાં ભગવાનનાં વાક્યો કાંઈ કરી ન શકે તો ઉદ્ધવના વાક્યો તો શું કરે છતાં સાંત્વન તો જરુરી છે તેમાં સ્નેહનો એવો ધર્મ છે કે પોતાના સ્નેહીના સંબંધિમાં પણ સ્નેહીના જેવું ભાન થાય. તેથી દૂતના શબ્દાર્થ તેને પ્રિય નથી છતાં તે પ્રિયના કહેલા છે એમ

ભગવાનની આજ્ઞા પણ તેવી છે કે મારા સંદેશથી તેના મનનું સમાધાન કરો. તેથી હવે કહેશે તે તેની સ્તુતિરૂપ કહેવા લાગ્યા. ૨૨.

તે ગોપીઓનો સ્વાભાવિક[1] દોષ પણ ભગવત્કૃત છે તેથી ભગવદ્ગુણને લીધે તે પણ ગુણોજ છે એમ બતાવવા છ ગુણવાળાની છ શ્લોકથી ઉદ્ધવ સ્તુતિ કરે છેઃ

॥ઉદ્ધવ ઉવાચ॥

**અહો યૂયં સ્મ પૂર્ણાર્થા ભવન્ત્યો લોકપૂજિતાઃ ॥**
**વાસુદેવે ભગવતિ યાસામિત્યર્પિતં મનઃ ॥૨૩॥**

ઉદ્ધવ બોલ્યાઃ– અહો તમો લોકમાં પૂજાએલાં અને પૂર્ણ અર્થવાળાં છો. તમે સ્વતંત્ર ભક્તિવાળા એટલે તેને કાંઈ કરવાનું બાકી ન હોવાથી પૂર્ણાર્થ કહ્યાં જેમનું (આપનું) મન વાસુદેવ ભગવાનમાં અર્પિત થયું છે. ૨૩.

તેમનું અભિનંદન તો તે ભક્ત હોવાથી કર્યું ભક્તિનું પણ અભિનંદન કર્યું તેમનામાં ભક્તિનું સ્થાપન પણ કર્યું.

'તત્રાપ્યનન્યતા તાસાં સર્વભાવેન ચ સ્થિતિઃ ।
અતઃ કૃપા હરેર્યુક્તા સફલત્વાય સોચ્યતે ॥'

(તેમાં પણ તેની અનન્યતા તેમની સર્વભાવથી ભગવાનમાં નિષ્ઠા જોવામાં આવતી હોવાથી તેની ઉપર ભગવાનની કૃપા થઈ તે યોગ્ય છે. તે સફલ થઈ એમ કહેવા માટે ભગવત્કૃપાને ઉદ્ધવ કહે છે) અહો આશ્ચર્યને કહેનાર અવ્યય છે કહેવાનું કારણ કે અમારા જેવાને આ ભાવ થવો દુર્લભ છે તે આમનામાં સહજ

---

જાણી શબ્દનું સ્મરણ થતાં ઉપર ઉપરથી મનનું સમાધાન થશે. એમ જાણી ઉદ્ધવે કહેવાનું હતું તે કહ્યું એમ બતાવવા પ્રિયપદ કહ્યું છે. એમ અહિં આરંભમાં 'શ્રૂયતાં પ્રિયસંદેશઃ' અંતમાં 'તત્સંદેશાગતસ્મૃતિઃ' ઈત્યાદિમાં સંદેશપદ કહ્યું છે પણ 'ઉપદેશ' શબ્દનો પ્રયોગ કર્યો નથી. ખરી રીતે તો એવાં ભક્તોને સંદેશ કહેવો પણ યોગ્ય નથી તો પણ પ્રભુની 'આજ્ઞા'થી તે કહેવો પડે. તેમાં સ્વરૂપ સિવાય મનનું સમાધાન કરાવનાર કોઈ નથી છતાં ભગવાનની આજ્ઞાના પ્રતાપથી સાંત્વન થશે જો એમ ન થવાનું હોય તો પ્રભુ પોતે સંદેશ કેમ કહેવરાવે ? એ વિચાર હૃદયમાં લાવીને તે બોલ્યા. આવી અવસ્થા જોઈને તેની વાણી મોઢામાંથી બહાર નીકળી તે તો 'મત્સંદેશૈઃ' એ આજ્ઞાના પ્રતાપે નીકળી જાણો. પોતાના સામર્થ્યથી બોલ્યા એમ સમજવાનું નથી. જે અવશ્ય થવાનું છે તે ન થાય તો મોકલવાનું વ્યર્થ થાય તેથી પોતાના સામર્થ્યરૂપ વરદાન આપીને ઉદ્ધવને મોકલ્યા છે એ ખરી વાત છે એમ અમારી સમજણ છે.(ટિ)

૧. તેમનો સ્વાભાવિક દોષ ભગવત્કૃત છે ત્યાં છ શ્લોકથી સ્તુતિ ઉદ્ધવ કરે છે તેમાં સ્ત્રીત્વાદિ સ્વભાવ ભગવાનના કરેલા છે. ભગવાને 'તા મન્મનસ્કા' એમ કહ્યું છે તે ગોપીઓના ધર્મ ભગવદ્ધર્મો જ છે નિર્દોષપૂર્ણગુણરૂપ છે એમ બતાવવા માટે છ શ્લોકથી ઉદ્ધવે સ્તુતિ કરી છે. ભગવાનના ગુણ તેમાં રહેલા હોવાથી તે ગુણો વાણીરૂપે બહાર આવે છે. (ટિ)

દેખાય છે. તે સર્વ પ્રસિદ્ધ ભાવ છે. કવચિત્ ભાવ દેખાય તે સહજ ન કહેવાય. સામાન્ય ભક્તને વખાણે એમ મારું વખાણવું નથી તે માટે કહે છે કે તમે પૂર્ણ ભક્તિવાળાં છો ભક્તિની પૂર્ણતા ફલની સ્વતંત્રતામાં છે. તેથી ભગવાનની જેમ તમે પણ સ્વતંત્ર છો. તે જ કહે છે કે ભગવાન્ લોકમાં પૂજાય છે તેમ તમે પણ લોકપૂજિત થયાં. ભવચ્છબ્દ અને લોકશબ્દ સર્વસાધારણ હોવાથી[૨] તમારે માટે તેનો પ્રયોગ કર્યો છે એમ નથી પણ તમે ભગવાનને સમજીને પૂજીત થયાં, લોકમાં ભ્રમથી કોઈ પૂજા કરે તેવું તમારું નથી. વાસુદેવ ભગવાનમાં સર્વભાવથી તમારું મન અર્પણ થયું છે. તે તમો પ્રસિદ્ધ છો. ૨૩.

ત્યાં કહે છે કે ભગવાનમાં આ ભાવ કરવો બહુ સહેલો છે કેમ કે તે કામથી થયો છે ત્યાં કહે છેઃ

**દાનવ્રતતપોહોમજપસ્વાધ્યાયસંયમૈઃ ।।**
**શ્રેયોભિર્વિવિધૈશ્ચાન્યૈઃ કૃષ્ણે ભક્તિર્હિ સાધ્યતે ।।૨૪।।**

દાન, વ્રત, તપ, હોમ, જપ, વેદાધ્યયન, અને મનના નિયમનાદિ બીજા શ્રેયસ્કર ઉપાયો વડે શ્રીકૃષ્ણમાં સ્નેહ સિદ્ધ કરવો એ શાસ્ત્રનું તાત્પર્ય છે. ૨૪.

દાનાદિ બધા ધર્મો વડે શ્રીકૃષ્ણમાં સ્નેહ ઉત્પન્ન કરવો એ તાત્પર્ય છે. તે સ્નેહ જો કામથી થયો તો દાનાદિની કાંઈ જરુર નથી કેમ કે સ્નેહમાં તો ભેદ[૧] પડતો નથી. ફલમાં જૂદાઈ ન હોય તો સાધનમાં વૈજાત્ય કાંઈ ઉપયોગી નથી. 'કામાત્ દ્વેષાત્ ભયાત્ સ્નેહાત્ યથા ભક્ત્યેશ્વરે મનઃ। આવેશ્ય તદઘં હિત્વા બહવસ્તદ્ગતિં ગતાઃ' એ શ્લોકમાં ભક્તિથી પાપ દૂર થાય છે તેમ કામ દ્વેષાદિથી પણ થાય છે ત્યાં તે શ્લોકનો વિશેષ[૨] કહ્યો છે. દાન એટલે તુલાપુરુષાદિ, વ્રત એકાદશી ઉપનાસાદિ, તપ કૃચ્છ્રાદિ હોમ કામનાથી અગ્નિમાં આહુતિ આપવી તથા અગ્નિહોત્રાદિ, જપ, મંત્ર કરવા, સ્વાધ્યાય વેદનો નિયમપૂર્વક અભ્યાસ કરવો અથવા બધા વેદનું વાચન, સંયમ યોગાદિ અન્ય શબ્દથી કૂપ તળાવ ધર્મશાળાઓ વિગેરે એ બધાં[૩]

૨. તમારામાંના ગણતરીથી કૃતાર્થ થયાં બીજા નહિ એમ નથી પણ તમો સર્વ કૃતાર્થ છો. લોકો ભ્રમથી પ્રવૃત્ત થાય છે. તેવું તમારું નથી. (ટિ)

૧. સ્નેહમાં ભેદ નથી. 'જન્માન્તરસહસ્રેષુ તપોધ્યાનસમાધિભિઃ। નરાણાં ક્ષીણપાપાનાં કૃષ્ણે ભક્તિર્હિ જાયતે' એ શ્લોકમાં દાનાદિ પાપને દૂર કરે છે એમ કહ્યું છે તેમ તપ વિગેરે પણ સહકારીમાં ગણાય છે ત્યાં કહે છે કે.(પ્ર)

૨. 'વિશેષ' કહ્યો છે. 'તદઘં' ત્યાં વિશેષ કહ્યો છે. એટલે તે મર્યાદાભક્તોના પાપ દૂર કરે છે. પુષ્ટિભક્તોના તો બધાં સાધનો સ્નેહ ઉત્પન્ન કરે છે. તેથી તે વાતને મજબુત કરે છે.(પ્ર)

૩. તે બધાં સાધનો અધિકારી વિશેષમાં ભક્તિ સિદ્ધ કરે છે. એમાં સંદેહ નથી. સંયોગપૃથકન્યાય વડે ભગવાન્ મર્યાદાપુષ્ટિભક્તોને એક સ્વરૂપ વડે ફલ દે છે. (પ્ર)

સંયોગપૃથક્ન્યાયથી એક એક ફલને સિદ્ધ કરે છે તેમ ભક્તિને પણ સિદ્ધ કરે છે. અન્યથા–અવિહિત સાધનથી કૃષ્ણમાં એટલે સદાનંદમાં તે જ ફલ રૂપ છે અથવા તે ફલ દેવા માટે જ ભૂતલ પર પ્રકટ્યા છે. 'ભક્તિયોગવિતાનાર્થમ્' એ વાક્ય 'હિ' શબ્દથી કહ્યું. 'સાધ્યતે' કહેવાથી આત્માપણાથી નિત્ય સ્નેહનું નિવારણ કર્યું. ૨૪.

ત્યારે અમારી ભક્તિ બીજી જાતની ? ત્યાં કહે છેઃ

**ભગવત્યુત્તમશ્લોકે ભવતીભિરનુત્તમા ।।**
**ભક્તિઃ પ્રવર્તિતા દિષ્ટ્યા મુનીનામપિ દુર્લભા ।।૨૫।।**

ઉત્તમશ્લોક ભગવાનમાં તમોએ ઉત્તમોઉત્તમ ભક્તિ પ્રવર્તાવી એ બહુ સારું કર્યું. તે ભક્તિસાધારણ લોકમાં ન હોય પણ મુનિઓને પણ એ દુર્લભ છે. ૨૫.

તમારી ભક્તિ જૂદી ખરી પણ સર્વોત્તમ છે. ઉત્તમ (નારદાદિ) જેનું ગાન કરે તેવાની વાણી ભગવાનમાં વિનિયુક્ત થાય તમારું તો મન થયું. 'આપ' એમ કહેવાથી બહુત્વ અને સામર્થ્ય[૧] બતાવ્યું. જેનાથી કોઈ ઉત્તમ નથી ભગવાનના ભક્તોની ભક્તિ જૂદી જ છે. તે ભક્તિ બ્રહ્મકલ્પના આરંભથી વધતી આવી તે આજે તમારામાં સંપૂર્ણ થઈ. કેમ કે આ સ્નેહ તો જગતને તમે બતાવ્યો તે અમારા ભાગ્ય અમો સમજીએ છીએ આવી પણ ભક્તિ છે ખરી. શાસ્ત્રમાં કહેલી ભક્તિમાં દાનાદિ[૨] સાધનો સંભવે છે. આ સ્નેહનાં સાધનો પ્રસિદ્ધ નથી. તમારી ભક્તિમાં સાધનો અમે જોતા નથી. એ ભાવ બતાવ્યો. ત્યાં કહે છે કે બહિર્મુખોમાં તે ઉત્તમ ગણાતી હશે ? ત્યાં કહે છે કે મુનિઓને પણ તે દુર્લભ છે. નહિ[૩] તો તે દાનાદિ

---

૧. સાધન વગર ભક્તિ ફેલાવવાનું ગોપીઓમાં સામર્થ્ય બતાવ્યું. 'ભા દીપ્તૌ' ધાતુને 'ડવતુ' પ્રત્યયથી 'ભવતી' શબ્દ બન્યો છે તેનો અર્થ પ્રકાશ એટલે તેમનામાં ભક્તિ પ્રવર્તાવવાનું સામર્થ્ય છે એમ સૂચન કર્યું છે.(લે)

૨. દાનાદિ સાધનો છોડી મુનિઓ મનન કરે તેમાં ભક્તિની શ્રેષ્ઠતા જણાતી નથી કેમકે ત્યાગ તો તુચ્છ જાણે ત્યારે થાય. પરંતુ પોતે મુનિઓ મનનના રસને જાણનાર હોવાથી તેમને મનની અપેક્ષાએ ભક્તિમાં ઉત્તમતા તો દેખાણી છતાં ન કરવાનો હેતુ એ જ કે અમે ભક્તિનો અભિલાષ નથી રાખતા. એવું લોકો જાણે તો તે પણ ભક્તિ છોડી મનન કરે. એથી મુનિઓને ભક્તિનું જ્ઞાન ન હોવાથી મનનમાં પ્રવૃત્તિ થઈ છે. પણ તે મનન કરતાં ભક્તિ ઉત્કૃષ્ટ છે.(પ્ર)

૩. મુનિઓ અંતર્મુખ હોવાનું કહે છે કે અંતર્મુખ ન હોય તો દાનાદિ છોડીને તે મનન કરવામાં કેમ પ્રવૃત્ત થાય ? તેથી તે અંતર્મુખ છે તેમને પણ આ તમારી ભક્તિ પ્રાર્થના કરવા લાયક છે તે ભક્તિ સુલભ નથી. (લે)

સાધનોને છોડીને મનન શા માટે કરે ? મનન કરવામાં તેની પ્રવૃત્તિ થાય છે તેથી તેને ભક્તિ દુર્લભ છે. ૨૫.

તમારો સ્નેહ ઉત્કૃષ્ટ તેથી તમે મોટાં છો એમ નથી પણ તમારી પ્રપત્તિ પણ ઉત્તમ છે તે કહે છેઃ

**દિષ્ટ્યા પુત્રાન્ પતીન્ દેહાન્ સ્વજનાન્ ભવનાનિ ચ ।।**
**હિત્વા વૃણીત યૂયં યત્કૃષ્ણાખ્યં પુરુષં પરમ્ ।।૨૬।।**

પુત્ર, પતિ, દેહ, સ્વજન, ઘર વિગેરેને છોડીને તમે પર-પુરુષ કૃષ્ણને વર્યા એ મોટા ભાગ્યની વાત છે. ૨૬.

ભગવાનની અનન્યતામાં[1] બાધ કરનાર પુત્રાદિ છે એ પુત્રાદિ આસક્તિ કરાવનાર છે. લોકમાં આસક્તિ ન હોય તે ભગવાનમાં અનન્ય થાય છે અથવા પ્રપત્તિ કરે છે. સ્ત્રીઓને તો તે અત્યંત પ્રતિબંધક છે. તેને ગણાવે છે. પોતાના દેહ, બાળ, કૌમાર, કિશોર, યુવા એ ભેદથી જૂદા તેનો અનેક પ્રકારે ઉપયોગ થાય છે. તેની અપેક્ષા ન હોવાથી બહુવચન કહ્યું છે. સ્વાર્થમાં દેહનો વિનિયોગ હોવાથી તેનો ત્યાગ કહ્યો છે. અન્યથા ભગવાન્ હોય ત્યાં પહોંચી જાય. પણ ભગવાનની ઈચ્છા[2] રાખીને રહ્યાં છે તેથી પુત્રની જેમ દેહનો પણ ત્યાગ કહ્યો. તેમ ભિન્ન[3] સ્વજનો ગોપિકાદિનો પરસ્પર મળવાનો વ્યવહાર પણ છોડ્યો છે. રહેવાના આધાર રૂપ ઘરને પણ છોડ્યા તે પ્રથમ કહ્યું છે. 'ચ' છે તેથી લોકોનો પણ ત્યાગ કર્યો છે. વૃથા પરિત્યાગ કર્યો નથી તે કહે છે ભગવાનને વરવા માટે તે બધાં છોડ્યા છે. પુરુષને છોડવાનો દોષ છે. ત્યાં કહે છે કે ભગવાન્ પરપુરુષ છે તેને માટે આ પુરુષને છોડ્યા છે. વ્યભિચારિણી[4] જો પતિને ભજે તો તેણે વ્યભિચારદોષ છોડીને ભજવો

૧. પ્રપત્તિનો અર્થ અનન્યતા છે. એનું નામ અનન્યત્વ કહેવાય છે.(પ્ર)

૨. ભગવાન્ આપણને ઈચ્છે એ ભાવના કરતાં રહ્યાં છે.(પ્ર)

૩. ભગવાનની વાતમાં જેનો ઉપયોગ નથી તેથી તેને ભિન્ન કહ્યા છે.(પ્ર)

૪. 'તથા પુરુષશબ્દોયં વાસુદેવે પ્રતિષ્ઠિતઃ। સ્ત્રીપ્રાયમિતરત્સર્વં જગદ્બ્રહ્મપુરઃસરમ્। ભગવાનિતિ શબ્દોયં તથા પુરુષ ઈત્યપિ। નિરુપાધી ચ વર્તેતે વાસુદેવે સનાતને' (પુરુષશબ્દ વાસુદેવમાં પ્રતિષ્ઠ છે. જગત્ સર્વ બ્રહ્માદિથી આજ સુધીનું સ્ત્રીપ્રાય છે. ભગવાન્ અને પુરુષ એ બંને સનાતન ઉપાધિ રહિત તો વાસુદેવને કહેનારા છે.) એ વાક્યથી જગત્ બધું બ્રહ્મના અંશરૂપ હોવાથી સ્ત્રીરૂપ છે. 'સ વૈ પતિઃ સ્યાદકુતોભયઃ સ્વયં સમન્તતઃ પાતિ ભયાતુરં જનમ્।' એ વાક્યથી પતિપણું ભગવાનમાં મુખ્ય છે લૌકિક પતિમાં ગૌણ છે. મુખ્ય કાર્ય ન્યાયથી ભગવદ્ભજન મુખ્ય છે એથી 'વ્યભિચારાદતૌ શુદ્ધિઃ' એ ન્યાયથી લૌકિકમાં ગૌણપતિમાં ભજનની વ્યવસ્થા છે તો ભગવદ્ભજનમાં શું કહેવું. ગૌણપતિથી સ્ત્રી કૃતાર્થ થતી હોય તો ભગવદ્ભજનની શી જરુર છે ? અથવા તેના ભજનમાં શું શ્રેષ્ઠતા છે. તેના

જોઈએ તો તે કૃતાર્થ થાય. જગતમાં [5] ઘણું કરીને વ્યભિચારિણીઓ જ ચર્ષણી શબ્દવાચ્ય છે [6]. દિવસની જેમ જન્મની વ્યવસ્થા છે માટે [7] પરપુરુષ (પુરુષોત્તમ) સેવ્ય છે. ત્યાં કહે છે કે પહેલાં [8] શ્રુતિ હતા ત્યારે ભગવન્નિષ્ઠ હતા તે ભાવ ગયો. હવે ગોપીઓ થયાં આગળ કોણ થશો માટે પરપુરુષની પ્રપત્તિથી શો લાભ છે? ત્યાં કહે છે કે પહેલાં શ્રુતિદશામાં ભગવાન્ તેની ઈચ્છાથી મળ્યા હતા. અત્યારે તો વરદાનથી મળ્યા તે હવે નહિ જૂદા થાય. તે કૃષ્ણ છે એટલે સ્ત્રીઓને માટે જ પ્રકટ્યા છે. અમને પ્રમેયબલથી પણ છોડશે નહિ. પુરુષમાં [9] ફલાંતરની જરુર ન હોઈને તે જ 'પર' હોવાથી અમને નુકશાન નથી. ૨૬.

એમ ભક્તિ અને પ્રપત્તિનું નિરૂપણ કરી ઉદ્ધવજી તેમના સર્વાત્મભાવને કહે છે:

---

ઉત્તરમાં કહે છે કે જગતમાં 'ચર્ષણીઓ' એટલે જન્મ જન્મમાં ભટકનારી સ્ત્રીઓ છે. તેમાં બીજા જન્મમાં બીજો પતિ કરે તેમાં દોષ નથી એમ કહે ત્યાં કહે છે જેમ 'વાસાંસિ જીર્ણાનિ' એ વાક્યથી સ્થૂલ શરીર અપ્રયોજક છે કેમ કે તે દરરોજ નવું થાય છે. તેમાં લિંગશરીર જન્માંતરમાં પણ એક રહે છે. તેમ એક સ્થૂલ શરીરમાં દિવસરૂપ કાલ પરિચ્છેદક છે. તે વ્યભિચારના અભાવનો સાધક નથી તેમ 'જન્મ' પણ કાલ છે તેથી જીવ બીજા જન્મમાં બીજો પતિ કરે તો તે વ્યભિચાર ન ગણાય તેમ નથી. જે પ્રભુના ભક્તો નથી તે પતિવ્રતા હોય તો પણ તે વ્યભિચારિણીઓ જ છે.(પ્ર)

૫. 'દિષ્ટ્યા' એ શ્લોકમાં વ્યાખ્યાનને છેડે પુરુષનો ત્યાગ કરી ભગવાનને ભજવામાં દોષ નથી એમ કહેવા માટે કહે છે કે જગતમાં પુરુષનું ભજન કરવાથી ઉલટો વ્યભિચાર થાય છે.(લે)

૬. તેમાં કહે છે કે પૂર્વસિદ્ધ પોતાના પતિને છોડી બીજાની પાસે જાય તો વ્યભિચારિણી કહેવાય. તેમ જન્માંતરમાં પણ બીજો પતિ કરે તે વ્યભિચારિણી ગણાય. કેમ કે મુખ્ય પતિ તો ભગવાન્ છે.(લે)

૭. જે સ્વપતિનો ત્યાગ નથી કરતાં તે વ્યભિચારિણીથી ઉત્તમ છે તો ભગવાનને ભજે તેની ઉત્તમતામાં શું કહેવું? અહિં ગોપીઓનો ઉત્કર્ષ છે. શ્રુતિઅવસ્થામાં તે ભજન કરતી હતી, દોષથી તે ગોપી થઈ, તેમને પતિ થયા, તે ભગવાનના વિચારથી બન્યું તેમ આગળ પણ થશે. ત્યાં કહે છે કે પહેલાં ભગવાનની ઈચ્છા હતી હવે વરદાનથી અમને લેશે તો ત્યાગ નહિ કરે. તેથી તે જ અમારા ફલરૂપ થશે તેનાથી પર કોઈ નથી. (પ્ર)

૮. ગોપીઓ પૂર્વજન્મમાં શ્રુતિઓ હતી ત્યારે પ્રલય થયો તે વખતે બધાં ભગવાનના હૃદયમાં ગયાં. વેદ ગયા તેની સાથે શ્રુતિઓ રહ્યાં. હમણાં તે ગોપીરૂપે વ્રજમાં પ્રકટ્યાં માટે 'ગોપ્યો ભૂત્વા હરિ ગતાઃ' એમ કહ્યું છે.(લે)

૯. જો કે ભગવાન્ સ્ત્રીને માટે પ્રકટ થયા છે પ્રમેય બલથી છોડશે નહિ પણ ફલમાં મોક્ષ આપે તો તેથી સ્વતંત્રભક્તિની હાનિ થાય. ત્યાં કહે છે કે તે નાયકરૂપે પ્રકટી નાયકારૂપ અમને રસની પ્રનાડીથી પોતાનો આનંદ આપશે મોક્ષ અમને નહિ આપે એટલે અમારે ભગવાનમાં જે સ્નેહ છે તેની હાનિ થવાની નથી.(લે)

**સર્વાત્મભાવોઽધિગતો ભવતીનામધોક્ષજે ।।**
**વિરહેણ મહાભાગા મહાન્મેઽનુગ્રહઃ કૃતઃ ।।૨૭।।**

તમે ઇન્દ્રિયથી અગોચર ભગવાનમાં સર્વાત્મભાવ કર્યો છે. ભગવાન્ તે ભાવ તેના સંયોગમાં બને પણ તમે તો સર્વાત્મભાવ વિરહમાં કર્યો તેથી તમારું મોટું ભાગ્ય છે. તમે ભાવ મને બતાવી મારા ઉપર મહાન્ અનુગ્રહ કર્યો. ૨૭.

'ભગવતા સહ' એ વેણુગીતની કારિકાથી તે સર્વાત્મભાવ દશ[૧] પ્રકારે બતાવ્યો છે. તેમાં પણ વિશેષ કહે છે કે સંયોગમાં તે સંભવિત છે પણ આપે તો વિયોગમાં તે ભાવ ભગવાનમાં સ્થાપ્યો. આત્માના[૨] બધા ભાવો ભગવાનમાં માન્યા. અને ઉત્તરોત્તર[૩] તેને વધાર્યા કર્યા. તે ભાવનો વિષય પણ તમે અલૌકિક રાખ્યો એટલે જ્યાં ઇન્દ્રિયોની ગતિ નથી એવા ભગવાન્ તમારા ભાવના વિષય બન્યા. જેમાં કોઈ કશો પણ ભાવ ન કરી શકે તેવામાં બધા ભાવો કરવા દુર્લભ ગણાય. તેમાં પણ કદાચ એકનો એવો ભાવ થાય પણ આ તો બધાઓના એક જાતના ભાવ થયા તે દુર્લભ કહેવાય. ત્યારે સાધનના અભાવમાં દેખાતું કાર્ય ભ્રમરૂપ ગણાય ? એવી શંકાના ઉત્તરમાં કહે છે કે આપનું ભાગ્ય જન્મથી જ મોટું છે તે જ આપને સાધનરૂપ બન્યું. તેથી સાધનનો અભાવ કહેવાય નહિ ? ત્યાં કહે છે કે ભાગ્યની વાત કહો છો તે અમારાં વખાણ કરો છો. ખરી રીતે તેવું કાંઈ અમારામાં નથી. તેના ઉત્તરમાં ઉદ્ધવ કહે છે કે કોઈ પોતાની હીનતા બતાવી પરનાં વખાણ ન કરે પરંતુ આપે પોતાનો ભાવ બતાવી મને પણ તેમ કરવાનું શીખવ્યું તે મારી ઉપર આપે મોટો અનુગ્રહ કર્યો એમ મારું માનવું છે. ૨૭.

આપે મારી ઉપર કૃપા કરી ત્યારે મારામાં પ્રગલ્ભતા આવતાં હું કાંઈક વિનતિ કરું છું:

**શ્રૂયતાં પ્રિયસંદેશો ભવતીનાં સુખાવહઃ ।।**
**યમાદાયાગતો ભદ્રા અહં ભર્તૃરહસ્કરઃ ।।૨૮।।**

આપને સુખ આપનારો સંદેશ તે આપના સુખ માટે આપના પ્રિયે મોકલ્યો છે. હે કલ્યાણીઓ ! સ્વામિનાં ખાનગી કામ કરનાર હું તે સંદેશો લઈને આપની પાસે આવ્યો છું તેને આપ સાંભળો. ૨૮.

---

૧.'ભગવતા સહ સંલ્લાપઃ' ઈત્યાદિ દશ પ્રકારે સદા તેની ભાવના કરવી તેને ઇન્દ્રિયવાળાના ફલરૂપ કહયું છે.(લે)

૨.સર્વ આત્માનો દશ પ્રકારનો ભાવ દશ ઇન્દ્રિયોના વિષયરૂપ છે. આત્મા એટલે અંતઃકરણ લેવું.(લે)

૩.તેને તમે ઉત્તરોત્તર વધાર્યો. (લે)

જેમ ગોપીઓને પોતાની સ્તુતિ કરાવવી પ્રિય નથી તેમ સંદેશ પણ તેને પ્રિય ન હોય એમ કહે તો તેના ઉત્તરમાં કહેવાનું કે ભગવાનને તમો પ્રિય હોવાથી તમને પ્રીતિથી તેણે મોકલેલો સંદેશ તમને પ્રિય લાગશે. અથવા ભગવાનનો મોકલેલ આ સંદેશ તેમાં તમારે પ્રીતિ છે તેથી તેનો સંદેશ તમને પ્રિય લાગશે. સંદેશમાં કહેલું તમારે અવશ્ય કર્તવ્ય છે. તે અવશ્ય કર્તવ્ય ન હોત તો 'ઉપદેશ' સાંભળો એમ કહેત પણ સંદેશ ન કહેત. પ્રિયે મોકલ્યો તેથી તે અસાધ્ય અથવા દુઃસાધ્ય તો ન જ હોય પણ બીજાને માટે ભગવાન્ ઉપકારની પેઠે કહે તે શંકા ન થવા માટે કહે છે કે તે આપને સુખ આપનાર થશે. દૃષ્ટ ફલને ઈચ્છનાર આપ છો તેનાથી જ તમને સુખ થશે, બીજા સાધનની તેમાં જરુર નથી એવો સંદેશ છે. એમાં શું પ્રમાણ આપો છો ? ત્યાં કહે છે કે તે સંદેશ લઈને હું આવ્યો છું. મેં પ્રથમ તે અર્થ જાણ્યો તેના ઉપરથી મેં તમારો અધિકાર જાણ્યો પછી તે સંદેશ લઈને હું પોતે આપની પાસે આવ્યો છું. વળી હું પોતે આપણા સ્વામીનાં ખાનગી કામ કરનાર છું, તે કૃષ્ણ મારા તથા આપના ભર્તા છે તે એવો ઉપાય આપણને ન બતાવે જેમાં તે ભર્તા ન રહે અથવા આપણને તે ભરણપોષણથી વંચિત રાખે. આ સંદેશો કાંઈ સાધારણ નથી કેમ કે હું તેમનો એકાંત ઈચ્છિત કાર્ય કરનાર છું અથવા એકાંત કરનાર છું. ગુપ્ત કામ કરનારને કોઈ છેતરે નહિ તેથી સંદેશ તેમાં કહ્યા ફલવાળો છે. ૨૮.

તે જ વાત દશ શ્લોકથી કહે છેઃ

શ્રીભગવાનુવાચ

**ભવતીનાં વિયોગો મે નહિ સર્વાત્મના ક્વચિત્ ।।**
**આત્મત્વાદ્ ભક્તવશ્યત્વાત્ સત્યવાક્ત્વાત્ સ્વભાવતઃ ।।૨૯।।**

શ્રીભગવાને કહ્યુંઃ હું સર્વનો આત્મા હોવાથી, ભક્તને વશ્ય હોવાથી, સત્ય બોલનાર હોવાથી, અને સ્ત્રી જાતિ ઉપર કૃપા કરવાનો મારો સ્વભાવ હોવાથી તમારો વિયોગ સર્વ રીતે મને ક્યારેય પણ નથી. ૨૯.

**ષડ્ભિઃ સ્વરૂપકથનં પુરુષાર્થસ્તતઃ પરૈઃ ।**
**જીવબ્રહ્મવિભેદેન દ્વેધા રૂપં નિરૂપ્યતે ।।**
**દોષાણાં મૂલભૂતસ્ય વિરહસ્ય નિવારણે ।**
**બન્ધમોક્ષવ્યવસ્થાયાં જીવો દ્વેધા નિરૂપ્યતે ।।**
**આશ્રયત્વાચ્ચ કર્તૃત્વાત્ દ્વેધા બ્રહ્માપિ રૂપ્યતે ।।**
**દોષાભાવપ્રતિજ્ઞાદ્યે હેતુભિર્વિનિરૂપ્યતે ।।**
**ફલં જીવેડપિ યેનૈષા બુદ્ધિર્નશ્યતિ સર્વથા ।**

**ગુણા વિભાજકા યસ્માત્ ત્રિભિસ્ત્રિભિરુદીર્યતે ।।**

પ્રથમના છ[1] શ્લોકમાં બીજાથી પાંચમા શ્લોકમાં ભગવત્સ્વરૂપ કહ્યું. પહેલા અને છેલ્લામાં દોષાભાવ તથા તેનું ફલ કહ્યું. બાકીના ચારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહ્યા છે. દોષના[2] મૂલરૂપ વિરહને મટાડવા માટે[3] રૂપના નિરૂપણમાં જીવ અને બ્રહ્મ એ બે ભેદ કહ્યા છે. બદ્ધજીવ અને મુક્તજીવ એવા ભેદ વડે જીવ બે ભેદવાળો કહેવાય છે. આશ્રય અને કર્તા એવા ભેદ વડે બ્રહ્મ પણ દ્વિરૂપ કહેવાય છે. પ્રથમ શ્લોકમાં ભગવાનમાં દોષ નથી એ પ્રતિજ્ઞા હેતુઓથી સિદ્ધ કરી છે. જીવમાં તેનું ફલ[4] સિદ્ધ થયું જેથી તેની ભગવાનમાં દોષબુદ્ધિ નાશ પામી. બંનેના સ્વરૂપ ગુણોથી[5] કહ્યાં તેથી ત્રણ ત્રણ શ્લોક વડે જીવબ્રહ્મનું વર્ણન કર્યું છે.

તેમાં પ્રથમ આપને મારો વિયોગ નથી તેનું કારણ કહેતાં પ્રતિજ્ઞા કરે છે. આપનો વિયોગ મને નથી. સ્વાભાવિક, ઔપાધિક અને અજ્ઞાનથી, એમ વિયોગ ત્રણ પ્રકારે થાય છે. આત્મા એટલે જીવો એક જ છે તેમને પરસ્પર ભેદ[6] નથી છતાં ઉપાધિકૃત ભેદ છે. તેમાં ઉપાધિ, ઉદ્ગમ, માયા, ભગવદિચ્છા, અજ્ઞાન એ બધા

---

૧. છ શ્લોકમાં વચલા ચાર શ્લોક ભગવત્સ્વરૂપ વર્ણનના છે. પ્રથમ શ્લોક દોષના મૂલરૂપ વિયોગની નિવૃત્તિ માટે અને 'એતદન્તઃ' એમાં ભગવત્પ્રાપ્તિરૂપ ફલ કહ્યું છે.(પ્ર)

૨. અમારો પ્રભુએ ત્યાગ કર્યો એ બુદ્ધિ દૂર થવા માટે ઉપદેશ છે. (પ્ર)

૩. વિરહ નિવારણ માટે એમ સપ્તમીનો નિમિત્તાર્થ કરવો. અહિં બ્રહ્મ અને જીવ એ બંનેના સ્વરૂપ વિચારતાં વિરહ જ નથી. જીવબ્રહ્મમાં ભેદ નથી. તેમાં પ્રથમ બ્રહ્મસ્વરૂપ કહ્યું પછી જીવસ્વરૂપ કહ્યું. (લે)

૪. શાસ્ત્રોનું ફલ મનના નિરોધરૂપ છે. તે જીવનું ફલ છે. તેનાથી બ્રહ્મમાં પણ દોષનું આરોપણ ન થાય એ ફલ છે. એ 'અપિ' શબ્દનો અર્થ કહ્યો. મનના નિરોધથી ભગવાનમાં દોષરૂપ બુદ્ધિ ન થતાં તેનું ફલ બ્રહ્મમાં પણ સિદ્ધ થયું. બે સ્વરૂપનો વિભાગ કરનારા ગુણો છે. તેથી જીવ અને બ્રહ્મ ત્રણ ત્રણ શ્લોકથી કહ્યા છે. પ્રતિજ્ઞાથી ત્રણ પ્રકાર અને ફલને લઈને ત્રણ પ્રકાર એમ છ શ્લોક છે. (લે)

૫. ત્યાં કહે છે કે ત્રણ ત્રણ શ્લોકથી જીવબ્રહ્મના સ્વરૂપ કહેવાનું તાત્પર્ય શું ? તેના ઉત્તરમાં કહે છે ગુણોએ જીવ બ્રહ્મ વિભાગ કર્યો છે તેથી ત્રણ શ્લોકથી જીવ અને ત્રણથી બ્રહ્મનું વર્ણન આપ્યું છે. જીવ અને બ્રહ્મનાં ભેદનો ભ્રમ ગુણકૃત છે. અહિં વિયોગનો અર્થ, સંયોગરૂપ સ્પર્શનો અભાવ લેવો. વિભાગાત્મા ન કરવો. તે વિભાગ જીવોને બ્રહ્મ સાથે વાસ્તવ, આગંતુક કે અજ્ઞાનકૃત નથી એમ વિશેષ કહેવા માટે સામાન્ય રીતે તેના કારણના ભેદથી તેના ત્રણ ભેદો છે.(પ્ર)

૬. સિદ્ધાંતમાં બ્રહ્મવાદમાં 'ચિત્ત્વ'થી સજાતીયતા હોવાથી જીવમાં તે ભેદ નથી.(પ્ર)

વાદાંતરો છે. જીવબ્રહ્મની[૭] વચ્ચે ભેદનું કારણ તો અજ્ઞાન[૮] જ છે. તેમાં વિયોગમાં

૭. અહિં આ અભિપ્રાય છે. 'એતાવાનસ્ય મહિમા અતો જ્યાયાંશ્ચ પુરુષઃ' ઈત્યાદિ શ્રુતિઓ 'યસ્માત્ક્ષરમતીતોહં' ઈત્યાદિ વાક્યોથી પુરુષોત્તમ પ્રપંચાતીત છે એ વાત નિઃશંક છે. 'એતવાનસ્ય મહિમા' 'સર્વં ખલ્વિદં બ્રહ્મ' ઈત્યાદિ શ્રુતિથી પ્રપંચ વિભૂતિરૂપ બ્રહ્માત્મક છે. પુરુષોત્તમ તેનાથી પર છે એ વાત નિર્વિવાદ છે. તેમ જ પુરુષોત્તમની લીલાના પદાર્થો પુરુષોત્તમરૂપ છે. તે પ્રપંચાંતર્ગત નથી. જો એમ ન માનીએ તો 'તે તે ધામાન્યુશ્મસિ' ઈત્યાદિ મંત્રોમાં 'તદ્વિષ્ણોઃ પરમં પદમ્' ઈત્યાદિ કહે નહિ, 'વિષ્ણોઃ કર્માણિ પશ્યત' 'તદ્વિષ્ણોઃ પરમં પદમ્' ઈત્યાદિ ન કહે. એમ છે તો સર્વ લીલા પદાર્થોનો આત્મરૂપની સાથે આપનો વિયોગ સંભવતો નથી. પોતાની સાથે કોઈને વિયોગ ન હોય. એ મૂલમાં સર્વાત્મપદથી કહ્યું. સર્વાત્મના એટલે સર્વથા. તે તે દેશ, કાલ, જ્ઞાન, ક્રિયા અને તેનાં સાધનો તૃણથી બ્રહ્મા સુધી નિત્ય હોવાથી રાસોત્સવમાં પોતાનું નૃત્ય પ્રભુની ભુજાથી ગોપીઓના કંઠદ્વયનું ગ્રહણ તેની સાથે પોતાના સ્વરૂપો જે, તે વખતે અનુભવિત હતાં તે બધાં અત્યારે પણ આ અવસ્થાવાળાઓ અને ભગવાનનો અભેદ બતાવવા પૂર્વોક્ત અનિર્વચનીય નિરવધિ આનંદાત્મક હોવાથી અત્યારે પણ તે સ્વરૂપ પોતાનું દેખાય તો ચિત્તની સ્વસ્થતા ગણાય. જો કે અત્યારનો વિયોગ ક્યારેક જ થાય પણ તે બધા ભાવનો લય કરનાર હોવાથી સ્વાસ્થ્ય સંપૂર્ણ તો ન રહેવા દે પણ આ ઉપદેશ પ્રિયના સંગમરૂપ અને નિરવદ્યાનંદરૂપ હોવાથી કાંઈક સ્વાસ્થ્ય તો જરુર કરે જ. જેના વડે તે સમયમાં થતું અત્યંત દુઃખ મટે અને સ્મિતવાળાં સ્વામિનીનાં મુખારવિંદ જોવાથી પોતાનું પધારવું સાર્થક જાણીને ભગવાનને પણ ગોપી વિયોગનું દુઃખ નિવૃત્ત થાય. એથી તમને મારો વિયોગ નથી તેમ મને તમારો વિયોગ નથી. તે પણ સર્વથા નથી એટલે સર્વના આત્મારૂપે હું રહ્યો છું તેથી તમારો વિયોગ નથી. આ વાત આગળ 'યથા ભૂતાનિ' શ્લોકમાં સ્પષ્ટ કહેવાશે. ત્યાં આશ્રય કરણ અને કર્મનો અભેદ કહ્યો છે. 'આત્મન્યેવ' ઈત્યાદિ પંક્તિથી તે વાત સ્પષ્ટ થઈ છે. (ટિ)

૮. મર્યાદા, પ્રવાહ અને પુષ્ટિના ભેદથી ઉપાધિ કહેવા માટે ઉપાધિ, ઉદ્ગમ 'યથા સુદ્દીપ્તાન્'માં 'ઉદ્ગમ' છે. 'જીવેશાવાભાસેન કરોતિ' એ માયા. બીજી શ્રુતિમાં જલચંદ્ર દૃષ્ટાંતથી અંશનો પાછળથી પ્રવેશ થતાં તેમાં મિથ્યાપણું નથી. 'બહુ સ્યામ્ પ્રજાયેય' એ ભગવદિચ્છા. 'અજ્ઞાન' અવિદ્યા અથવા ઉપાધિ માયાવાદમાં 'ઈન્દ્રો માયાભિઃ' ઈત્યાદિ શ્રુતિમાં તે સિદ્ધ છે. એમ સૃષ્ટિના ભેદથી જીવોમાં પરસ્પર ભેદથી અનેકવિધા છે. બ્રહ્મ સર્વત્ર એક છે ત્રણે ઉપાધિ અભેદને કહે છે તેથી વિયોગમાં ચોથો હેતુ છે. તે જ કહે છે. તેમાં અમે ભગવાનને છોડશું એમ જીવ માને છે તે તેનો ભ્રમ છે. કેમ કે બ્રહ્મમાં ભેદ કે અજ્ઞાન નથી. તેનાથી ભગવાને અમને છોડ્યાં છે એવો દોષ પણ તેમાં નથી. ઈર્ષ્યા કરવાનું કારણ તો અમને ભગવાન્ છોડી ગયા તે જ છે. વિયોગ મટાડવા ભગવાને સંદેશ કહેવરાવ્યો છે. તમારામાં અને અમારામાં દોષ નથી કેમ કે તમે અને અમે જૂદાં નથી. તેમાં ભગવાનનો કરેલો, ભક્તનો કરેલો, દેશકૃત અને કાલકૃત એ ચારે પ્રકારે વિયોગ નથી. તેથી જો વિશેષ કારણ હોય તો ચાર પ્રકારે વિયોગ સંભવે. (પ્ર)

અત્યંત ભેદ જણાય છે. બ્રહ્મમાં તો[૯] અજ્ઞાનનો અભાવ છે તેથી બ્રહ્મને ભેદ નથી. ભગવાન્ અમને છોડી ગયા એ ઈર્ષ્યાનું કારણ છે. તે કોઈનો ત્યાગ કરતા નથી તેમ ત્યાગને માનતા પણ નથી. જીવ તો અમે ભગવાનને છોડશું એમ વૃથા વાતો કરે છે તેથી તે ભ્રાંત છે. માટે આ અર્થ અહિં કહેવો જોઈએ. તેમાં બે પ્રકારે પ્રતિજ્ઞા કરે છે. તમારો વિયોગ મને નથી, મારો વિયોગ તમને નથી. તેમ હોય તો મારામાં કૃતઘ્નતા આવે અને તમો દુઃખી થાઓ એ વિયોગનું ફલ થાય. ત્યાં કહે છે કે વસ્તુ વિચારથી વિયોગ નથી પણ વૃક્ષકપિ ન્યાયથી એક દેશમાં કાલ ભેદથી અથવા સ્ત્રીપુરુષની જેમ વિયોગ ઘટે પણ ખરો તે પણ અહિં નથી તે કહે છે. કોઈ કાલ કે કોઈ દેશમાં વિયોગ નથી. વિયોગ ચાર પ્રકારે થાય. અહિં ચાર હેતુઓને કહેનાર અર્ધો શ્લોક લુપ્ત થયો લાગે છે. ('આત્મત્વાત્ ભક્તવશ્યત્વાત્સત્યવાકૃત્વાત્ સ્વભાવતઃ') તે આમ જોઈએ ગોપીઓનો વિયોગ ભગવાનને નથી. કેમ કે ભગવાન્ ગોપીઓના આત્મા છે. ભગવાનનો વિયોગ ગોપીઓને નથી કેમ કે તે ભગવાન્ ભક્તોને અધીન છે. કાલ ભેદથી પણ વિયોગ નથી કેમ કે ન 'પારયેહં' ઈત્યાદિ વાક્યો ભગવાન્ બોલે અને તે ખોટાં ઠરે એવું વર્તન કરે ? તેની ઈચ્છા વિરુદ્ધ ભગવાન્ ન જ કરે કેમ કે તે સત્યવક્તા છે. ભગવાનનો સ્વભાવ છે કે સ્ત્રી ઉપર કૃપા રાખવી. તેથી કોઈ અંશમાં સ્ત્રીને છોડે નહિ. આ ચાર[૧૦] વિશેષ હેતુઓ ભગવાનમાં ન હોય તો છોડે. તેમ નથી માટે ભગવાન્ ચાર પ્રકારથી પણ વિયોગ કરતા નથી. ૨૯.

સામાન્ય હેતુઓને કહે છેઃ

**યથા ભૂતાનિ ભૂતેષુ ખં વાય્વગ્નિર્જલં મહી ।।**
**તથાઽહં ચ મનઃપ્રાણબુદ્ધીન્દ્રિયગુણાશ્રયઃ ।।૩૦।।**

જેમ ભૌતિક શરીરમાં આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી રહે છે તેમ હું મન, પ્રાણ, બુદ્ધિ, ઈન્દ્રિયો અને ગુણોનો આશ્રય છું. ૩૦.

ભગવાન્[૧] આશ્રય છે તેને છોડીને તમે ક્યાં જશો ? આધાર જો ન રહે તો

૯. બ્રહ્મમાં ઉપાધિ કે અજ્ઞાન નથી. તેથી તેમાં ભેદ નથી. પણ જીવ અજ્ઞાનથી ભેદ માને છે. તે અજ્ઞાન દૂર કરવું જોઈએ કેમ કે તે દુઃખ આપનાર છે. સ્વાભાવિક ભેદને તો શ્રુતિ જ દૂર કરે છે. તેથી જુદો તેને કહ્યો નથી. બ્રહ્મમાં કૃતઘ્નતા અને જીવમાં સ્વામિનીઓમાં દુઃખ એ બે દોષ છે. સ્ત્રીપુરુષ એક છે છતાં કાલભેદે કરી બીજા જન્મમાં વિયોગ થાય છે.(લે)

૧૦. ગોપીઓએ કરેલો ભગવાનનો ત્યાગ, ભગવાનકૃત ગોપીઓનો ત્યાગ, કાલકૃત ત્યાગ અને દેશકૃત ત્યાગ એમ ચાર પ્રકાર વિયોગના છે. એ ધર્મો ભગવાન્ પ્રકટ કરે તો વિયોગ સંભવે.(લે)

૧. ગોપીકૃત ભગવદ્વિયોગ નથી. કેમ કે ભગવાન્ આશ્રય છે. તે તેને છોડીને જતા નથી. તેથી તે તેને છોડી શકતી નથી.(લ)

ગોપીઓનાં સ્વરૂપ જ ન રહે. ત્યાં કહે કે દેહ મુખ્ય છે એટલે આત્મા ગૌણ ગણાય. દેહની સાથેનો પ્રકટ થએલ ભગવાનનો વિયોગ[2] કહી શકાય. તે પણ ઘટતો નથી સમવાયી કારણરૂપે તેમાં પણ ભગવાન્ રહે છે. જો એમ ન માનો તો દેહો ભગવત્સ્વભાવાત્મક[3] ન રહે. એટલે તેમાં રસ પેદા ન થાય. બીજા લૌકિક દેહોમાં રસિકતા નથી તેમ ગોપીઓમાં પણ થાય. પ્રકટ[4] થએલ ભગવાન્ સાથે વિયોગ તો તેમને હિતકારી છે. જો આવિર્ભૂત સાથે સંયોગ થાય તો ગોપીઓનો[5] નાશ જ થાય. જેમ બહાર નીકળેલ અગ્નિ અને લાકડાનો સંયોગ થાય તો તે લાકડું ન રહે તેનો નાશ થાય. ભગવાન્ સાથે તેમને પ્રથમ સંબંધ[6] થયો. તેથી તે અર્ધદગ્ધ થયાં ફરીને સંબંધ થાય તો સર્વ નાશ થાય. તેના મળવાથી સુખનો અનુભવ થાય છે તેનું કેમ ? કાષ્ઠમાં પોતાનામાં રહેલો અગ્નિ બહાર આવે તેમ પોતાના હૃદયમાં રહેલા ભગવાન્ બહાર આવ્યા તેથી સુખાનુભવ થયો. પણ સર્વથા અનુભવ થાય તો કાષ્ઠાંશ બળી જાય તેમ જીવ બ્રહ્મરૂપ થઈ જાય તેથી તે મળતા નથી. કેમ કે ભગવાન્ પ્રલય કર્તા છે. અત્યારે તો સ્થિતિ કરનાર હોવાથી એક દેશથી પણ તેનો વિયોગ તમને નથી. તેમાં દૃષ્ટાંત કહે છે કે જેમ પૃથ્વી, જલ, તેજ, અગ્નિ અને વાયુ એ પાંચ ભૂતો પ્રાણીમાત્રના આધારરૂપ છે. તેનાથી જૂદા નથી. તેમ ભગવાન્

૨. વિયોગ નથી એ વાત આ ૩૦ શ્લોકમાં આશ્રય કરણ અને કર્મનો અભેદ કહીને સિદ્ધ કરી છે. (ટિ)

૩. ભગવાન્ ગોપીઓના સમવાયિ છે એમાં કારણ બતાવે છે કે જો ગોપીઓના દેહનું સમવાયિકારણ ભગવાન્ ન હોય તો તે દેહોથી રસ ઉત્પન્ન ન થાય. ''રસો વૈ સઃ'' એ શ્રુતિ ભગવાનને રસ કહે છે. તે ઉપાદાન કારણ છે એવા ગોપીઓના દેહ પણ રસાત્મક છે. તે જ ભગવાને 'મદાત્મિકાઃ' એમ કહ્યું છે. તેનું વ્યાખ્યાન 'મત્સ્વરૂપાઃ' એવું કર્યું છે. જો સમવાયિકપણાથી તેમાં રસ ન હોય તો (ભગવાન્ ન હોય તો) એમના દેહમાં રસ ભાવ ન જ આવે જેમ લૌકિક દેહોમાં નથી આવતો.(પ્ર)

૪. એમ જ છે તો વિયોગનું શું પ્રયોજન સમજવું ? અગ્નિ અને લાકડાને વધારે સંબંધ રહે તો કાષ્ઠનું સ્વરૂપ જ ન રહે તેમ ગોપીઓનાં સ્વરૂપ પણ ન રહે તેથી દેહથી વિયોગ તેને હિતકારી છે એમ કહ્યું છે.(પ્ર)

૫. અથથી લઈ પ્રલય કર્તા સુધીનો અર્થ કહે છે. તે પ્રલય કરનાર હોવાથી ગોપીઓના દેહોનો નાશ ન થવાની હેતુથી ભગવાન્ તેનો સંબંધ કરતા નથી. તેનાથી બીજી રીતે વિયોગનો અભાવ કહ્યો. કાલિક વિયોગાભાવ પણ કહેવાયો. 'યથા' શ્લોકમાં બે દૃષ્ટાંત છે તેમાં પ્રથમથી દેશવિયોગ નથી એમ કહ્યું બીજાથી આદ્ય વિયોગનો અભાવ કહ્યો. (લે)

૬, પ્રથમ સંબંધ થયો. તેથી દેહના અંશમાં ભગવાનરૂપ અર્થની સ્ફૂર્તિ થઈ તો ફરીને સંબંધ કરે તો તેને તેના દેહનું ભાન ન રહે તેમાં દેહ ભગવદર્થ છે. એ જો ન રહે તો તેમનો મોક્ષ થાય પણ ભજનાનંદ ન મળે એટલે તેને નાશ કહ્યો છે.(પ્ર)

પણ દેહ અંશથી જૂદા નથી. એ દૃષ્ટાંતથી સિદ્ધ કરી બતાવ્યું. પ્રકરણથી[7] તે અર્થ પ્રાપ્ત થાય છે. શબ્દનો અર્થ બીજાથી થતો નથી. સાધારણ દૃષ્ટાંતથી પણ તે અર્થ પ્રાપ્ત થાય છે. તેમાં બીજું દૃષ્ટાંત[8] કહે છે. જેમ દેહ સિવાયના મન, પ્રાણ, બુદ્ધિ, ઈન્દ્રિયો અને ગુણો તેમનો આશ્રય પણ હું છું. સમાન સંખ્યા થાય તેથી દેહમાં પાંચ ભૂત છે તેમ અહિં મન વિગેરે પણ પાંચ છે. પ્રકૃતિનો ગુણમાં[9] અંતર્ભાવ કરવો. અહંકાર પણ ગુણમાં અંતર્ભૂત સમજવો. તે ત્રિગુણાત્મા છે. બુદ્ધિમાં ચિત્તનો અંતર્ભાવ સમજો. પ્રાણો અને દસ ઈન્દ્રિયો. સંકલ્પાદિ સર્વ ધર્મવાળું મન છે. ક્રમમાં 'અન્નમયં હિ સૌમ્ય મનઃ આપોમયાઃ પ્રાણાઃ તેજોમયી વાક્' તે વાણી બુદ્ધિરૂપ જ્ઞાનપ્રધાન છે. જેમ રૂપ ક્રિયાપ્રધાન છે. ઈન્દ્રિયો પ્રાણવાયુથી પુષ્ટ થાય છે. સત્ત્વાદિ[10] ગુણો આકાશમાં છે એટલે વાદળાં અંધારું અને પ્રકાશ તેમાં જોવામાં આવે છે. માટે દેખાતા પણ નથી. 'ખવાય્વગ્નિર્જલં મહી' એ ઉત્પત્તિના ક્રમથી ભૂત ગણાવ્યાં છે. 'અન્ન' અને 'મહી' એ પર્યાય શબ્દો છે. આ જીવમાં રહે છે તે તેના કારણરૂપ છે એમ ન કહેતાં રૂપાંતરથી કહેવાનું કારણ તો એટલું જ કે તેનું કારણપણું પ્રસિદ્ધ નથી તેથી એમ કહેવું પડ્યું છે. ૩૦.

ભગવાન્ કારણ હોવાથી કાર્ય કારણથી જૂદું ન હોઈ શકે તેથી

૭. વિયોગના અભાવને સિદ્ધ કરનાર પ્રસિદ્ધ પૂર્વાર્ધના સંબંધથી ભગવાનનું આશ્રયપણું સિદ્ધ થાય છે. બંને આકાંક્ષા વિશિષ્ટ વાક્યને પ્રકરણ કહેવામાં આવે છે. આકાશાદિ સાધારણ દૃષ્ટાંતથી ભગવાન્ આશ્રય છે એ સિદ્ધ થયું. તમારા દેહનો વિયોગ મને નથી. કારણ કે હું તમારો આશ્રય છું તમારા દેહનો હું સમવાયિ છું. ભૂતના આશ્રય અને સમવાયિ મહાભૂતો છે તેમ. એ અર્થ સિદ્ધ થયો. દેહમાં બીજા પદાર્થોનો આમાં અંતર્ભાવ કહેવા માટે અને વિયોગ નથી એ સિદ્ધ કરવા માટે કહે છે.(પ્ર)

૮. પૂર્વાર્ધમાં નિરાકાંક્ષ પદ થયાં તેથી 'પુનરુક્તિ' વડે ઉત્તરાર્ધમાં તેને કહેવું. આ વ્યાખ્યાનમાં ત્રણ ગુણો, દસ ઈન્દ્રિયો, મન, પ્રાણ, બુદ્ધિ એમ સોળ, પ્રકૃતિ અહંકારનો ગુણમાં અંતર્ભાવ માનવો એમ ૧૮ બુદ્ધિમાં ચિત્તનો માનવાથી ૧૯ થયાં. ફરીને આકાશાદિ પાંચ ગણતાં ૨૪ તત્ત્વો થયાં, ૨૮ તત્ત્વોનો પક્ષ બ્રહ્મવાદ સિદ્ધ છે તેનો અહિં ઘણું કરીને ઉપયોગ નથી. પાંચ ભૂતોના મન વિગેરેમાં નિવેશ થાય ત્યાં કહે છે મન, પ્રાણ અને બુદ્ધિનું અન્ન, જલ તેજપણું શ્રુતિથી સિદ્ધ છે. ઈન્દ્રિયો વાયુથી પુષ્ટ થાય છે તે વાયુરૂપ છે. ગુણો આકાશમાં અંતર્ભૂત થાય છે. (લે)

૯. ત્યાં કહે છે કે ભગવાન્ આશ્રય હોવાથી દૈશિક વિયોગ ન હો. પણ તેથી વાસ્તવ વિયોગ નથી એમ કેમ કહેવાય ? તેના ઉત્તરમાં કહેવાનું કે અહિં પણ ભગવત્સમવાયિત્વ છે. તે શ્રુતિથી સિદ્ધ કર્યું તેનો ક્રમ કહ્યો. આકાશાદિની ઉત્પત્તિના ક્રમથી ભૂતો કહ્યા. વાણી બુદ્ધિરૂપ છે.(પ્ર)

૧૦. અભ્ર, તમ અને પ્રકાશથી રજ, તમ અને સત્ત્વ ઉપલક્ષિત થાય છે. (પ્ર)

શ્રીગોપીજનોને ભગવાનનો વિરહ નથી એમ કહે છેઃ

**આત્મન્યેવાત્મનાત્માનં સૃજે હન્મ્યનુપાલયે ।।**
**આત્મમાયાનુભાવેન ભૂતેન્દ્રિયગુણાત્મના ।।૩૧।।**

હું મારા આત્મામાં આત્મારૂપ સાધન વડે આત્માને સર્જુ છું મારું છું અને પાલન કરું છું. ભૂત, ઈન્દ્રિયો અને ગુણો વડે મારી માયાને નિમિત્ત કરી હું જ સૃષ્ટ્યાદિ કરું છું પણ તેમાં મારી માયાનો કરણત્વેન ઉપયોગ છે. ૩૧.

કર્તા ભગવાન્[૧] 'યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે' એમ શ્રુતિ[૨] કહે છે. સમવાય પણ ભગવાન્ છે. 'તસ્માદ્વા એતસ્માત્' 'સ આત્માનં સ્વયમકુરુત' એ શ્રુતિથી કાર્ય પણ પોતે છે. જીવ[૩] પર લો તો પણ અહિં બીલકુલ સંદેહ નથી. આધારમાં માત્ર સંદેહ છે તેથી સમવાયિ સિવાયના આધારનું નિરૂપણ કરે છે. તે આત્મામાં જ સર્વને કરે છે. જેમ કુંભારના ચક્ર ઉપર ઘડો થાય છે. આત્માનાત્મનો સંકર નથી એ બતાવવા 'એવ'કાર લખ્યો છે. ત્યારે કરણની ભિન્નતા તો નહિ હોય ? ત્યાં કહે છે. આત્મા વડે[૪] જ હું કરું છું. વૈષમ્ય નૈર્ઘૃણ્ય ન આવે તેથી કહે છે કે આત્માને જ કરું છું. કોઈક ઘડો લાવીને ઘડાને માથા ઉપર ધરે છે પોતાના પગને પોતાના પેડુ ઉપર સ્થાપન કરે છે. પોતાના ઉપર તેને ફોડે છે. એવું ભગવાનનું કામ[૫] નથી તે કહે છે કે હું ઉત્પન્ન કરું છું, હું મારું છું, હું પાલન કરું છું. પાલન પાછળથી કહ્યું તે દેશવિયોગના અભાવમાં કારણપણું સૂચવે છે. ત્યાં કહે છે કે

૧. એનાથી ભગવાને અમારો ત્યાગ કર્યો એ દોષ રહેતો નથી પણ સ્વામિનીઓના ક્લેશની નિવૃત્તિ થતી નથી. તેને માટે કહે છે. 'એતેષ્વિતિ ?' સમવાય-તાદાત્મ્યસંબંધ. આ શ્રુતિઓ ઉપાદાન કહેનારી છે. આત્માને કાર્યરૂપ કહ્યો છે.(પ્ર)

૨. શ્રુતિમાં આત્માને જીવ કહ્યો છે. દેહ કહ્યો નથી. તો કૈમુત્યન્યાયથી ઈશ્વરમાં તે સિદ્ધ સમજવું. (પ્ર)

૩. જીવપરત્વમાં પણ એટલે ભગવાન્ જીવના ભોગ માટે જગત્ કરે છે તો લીલા સૃષ્ટિ તો પોતે પોતાનામાંથી કરે તેમાં શું કહેવું.(લે)

૪. 'સૃષ્ટિઃ' સ્વરૂપની સ્થિતિનું કારણ છે. તે લીલાસૃષ્ટિમાં પ્રભુસંયોગ છે. 'હનન' એ વિયોગ છે. કેમ કે તેમાં બધું તિરોધાન થાય છે તે પણ ભગવાન્ રસને માટે કરે છે. એટલે પાછળથી 'પાલયે' કહ્યું છે. તે સ્વરૂપાનંદનું પાલન કરે તેનું નામ પાલન છે. તેથી તે પદ છેલ્લે કહ્યું છે. એનાં કારણ ક્રમથી કહે છે કે આત્માના પ્રતાપથી સૃષ્ટિ કરું છું. તે પણ માયા-અંતરંગ યોગમાયા લીલામાં ઉપયોગીની છે તેના અનુભાવથી માન થાય ત્યારે (વિયોગથી) નાશ કરું છું. તેનાથી બધું તિરોધાન થાય છે. ત્યારે ભૂત, ઇન્દ્રિય અને ગુણરૂપે પ્રકટ થઈ પાલન કરું છું. (ટિ)

૫. બીજાઓ બીજાએ કરેલા ઘડા વિગેરેને પોતાની ઉપર સ્થાપન કરે છે. તેમ ભગવાન્ કરતા નથી. પરંતુ ભગવાન્ સ્વયમેવ સર્વસ્રષ્ટા છે. (લે)

'એતસ્માજ્જાયતે પ્રાણાઃ' એ શ્રુતિ અને પુરાણોમાં સાક્ષાત્ કે પરંપરાથી તત્ત્વોમાં ભગવત્કારણતા કહી છે. ભૌતિકોમાં ભગવત્કારણતા કહી નથી. તેથી તો 'ભૂતૈર્યદા પઞ્ચભિરાત્મસૃષ્ટૈ' ઈત્યાદિ વાક્યોની સંગતિ થાય છે. ત્યાં કહે છે કે તેમાં પણ હું જ કર્તા છું પરંતુ મારી માયાના પ્રતાપથી લોકો બીજા કરે છે એમ માને છે. કેમ કે માયાને વચમાં રાખીને અથવા માયાને આગળ કરીને હું કરું છું તેથી તેમને એવો ભાસ થાય છે. વાક્ય અનુભવથી પૃથિવ્યાદિને કારણપણું છે તેમાં મોહને ક્યાં અવકાશ છે ? ભૂત, ઈન્દ્રિયો અને ગુણો આધિભૌતિક, અધ્યાત્મિક અને આધિદૈવિક ભેદથી ત્રણ પ્રકારના છે તેના આત્મારૂપ માયા તેમાં પ્રવિષ્ટ છે તે જેમાં પેસે તેમાં અન્યથા ભાસ કરે છે અને અકરણ (અસાધન)ને સાધન કરે છે. ૩૧.

એમ બ્રહ્મધર્મના કથનથી વિયોગાભાવને કહીને જીવધર્મના નિરૂપણથી પણ ગોપીઓને ભગવાનનો વિયોગ નથી તે વાત કહે છેઃ

**આત્મા જ્ઞાનમયઃ શુદ્ધો વ્યતિરિક્તોઽગુણાશ્રયઃ ।।**
**સુષુપ્તિસ્વપ્નજાગ્રદ્ભિર્માયાવૃત્તિભિરીયતે ।।૩૨।।**

આત્મા જ્ઞાન પ્રચુર છે શુદ્ધ છે દેહાદિથી જૂદો છે. ગુણોથી પર છે તે સુષુપ્તિ, સ્વપ્ન અને જાગરણરૂપ માયાની ત્રણ વૃત્તિથી અલગ છે છતાં તેમાં અન્વિત જીવચૈતન્યથી તે દેખાય છે. ૩૨.

આત્મા જીવ જેને ગોપીઓ હું કહે છે, તે તો તેના દેહ છે. તે તો પ્રતીતિથી કહી શકાય છે તેનાથી આત્માને જૂદો કહેવા માટે કહે છે કે તે જ્ઞાનમય[૧] છે. પ્રાચુર્યાર્થમાં 'મયટ્' છે તે સચ્ચિદાનંદરૂપ હોવાથી જ્ઞાન પ્રચુર આત્મા છે. તો વિષયસંબંધિ જ્ઞાનવાળો હશે ? એ શંકા દૂર કરવા માટે કહે છે કે તે શુદ્ધ છે. ત્યાં કહે છે કે શુદ્ધને તો અમે ક્યાંય જોતાં નથી ? પ્રતીત થાય છે તે શુદ્ધ હોય તેમાં પ્રમાણ

૧. લીલા સંબંધી દેહો જ્ઞાનપ્રચુર છે. તેમાં હું એવું જ્ઞાન ખરું છે. તે અવિદ્યાકૃત નથી, કેમ કે તે આત્મા શુદ્ધ એટલે અવિદ્યાના સંબંધ રહિત છે. પ્રાપંચિક દેહોથી લીલાના દેહો જુદા છે. તે ગુણાશ્રિતો છે. લીલાના દેહો પુરુષોત્તમના ગુણના આશ્રિત છે તેથી ભગવાન્ પ્રાકૃતમાં લીલા કરતા નથી. તેમાં પણ સ્વકૃત ત્રણ અવસ્થા હોવાથી પ્રાકૃત છે એમ ન માનવું કેમ કે તે અવસ્થાની કરનારી લીલોપયોગીની થાય છે. 'લોકવત્તુ લીલાકૈવલ્યમ્' એ ન્યાયથી લોકમાં લીલા કરે તે લોક સમાન ન હોય તો લીલામાં રસ ન આવે, તેથી વ્યાસે લોકસમાનાકારપણું લીલાને કહ્યું પણ લોક મધ્યમાનીપણું કહ્યું નહિ. લીલા વિષયની પ્રવૃત્તિ કોઈને તેમાં જણાતી નથી. તો કહે છે કે તે તો પ્રતિબંધને લીધે એમ દેખાય છે. પ્રતિબંધ દૂર થતાં તેમાં લીલા પ્રતીતિ થશે. તો શાસ્ત્ર અનેક થાય તેનું શું ? ત્યાં કહે છે કે સાધનના પ્રકારમાં ભેદ છે. ફલમાં ભેદ નથી (ટિ).

નથી તેથી તે અર્થ બાધિત[૨] થાય છે. ત્યાં કહે છે કે તે આ દેહાદિ સંઘાતથી જૂદો છે જેમ તપેલી રેતીથી સૂર્ય જૂદો છે. જૂદો કહો છો તેમાં શું યુક્તિ છે ? તે આત્મા ગુણનો આશ્રય કરીને રહેતો નથી. ગુણનો આશ્રય કરનાર જૂદા છે તેનાથી આ જૂદો છે. તેમાં સર્વત્ર અનુભવને પ્રમાણરૂપે કહે છે. કે માયાની ગુણમયી ત્રણ વૃત્તિઓ છે, સુષુપ્તિ, સ્વપ્ન અને જાગરણ તેનાં નામો છે. ત્રણેમાં અલૌકિક સામર્થ્ય હોવાથી 'માયા'ની વૃત્તિઓ કહી છે. જો તેનામાં અલૌકિક સામર્થ્ય[૩] ન હોય[૪] તો સુષુપ્તિમાં પરમાનંદની સ્ફૂર્તિ ન થાય, સ્વપ્નમાં નાનાવિધ પદાર્થો ન દેખાય, જાગરણમાં ચતુર્વિધ પુરુષાર્થ ન દેખાય. તે ત્રણ અવસ્થામાં આત્માનો[૫] અન્વય છે. એક વૃત્તિમાં બીજી વૃત્તિનો વ્યતિરેક દેખાય છે તેના ધર્મો પણ તેમાં દેખાતા નથી. તેથી જણાય છે કે જ્યારે મૂલભૂત[૬] ગુણોથી જૂદો આત્મા છે તો દેહથી[૭] જૂદો હોય તેમાં શું કહેવું. જો કે આત્મા સંઘાતથી જૂદો છે. હું આત્માથી મળી શકું દેહ સહિત આત્માથી ન મળું. ઉત્તમ પદાર્થ પોતાને ભોગવવાનો હોય તે અધમની સાથે ન ભોગવાય. તમે પ્રથમ તો આ સંઘાતથી[૮] જૂદાં પડો. પછી મારો ઉપયોગ કરો એવું આ શ્લોકનું તાત્પર્ય છે. ૩૨.

સાધનની ઈચ્છા હોય તો તે બતાવે છેઃ

**યેનેન્દ્રિયાર્થાન્ ધ્યાયેત મૃષા સ્વપ્નવદુત્થિતઃ ।।**
**તન્નિરુન્ધ્યાદિન્દ્રિયાણિ વિનિદ્રઃ પ્રતિપદ્યતે ।।૩૩।।**

સ્વપ્નની પેઠે ખોટી રીતે ઉભા થએલા મિથ્યા અર્થોનું જેનાથી ધ્યાન થાય છે તે મનને રોકવું. તેના કારણરૂપે ઇન્દ્રિયોનો પણ નિરોધ કરવો એટલે નિદ્રારહિત થાય તો મને પ્રાપ્ત કરે. ૩૩.

---

૨. શુદ્ધ શબ્દનો બાધ થાય છે.(પ્ર)
૩. 'સામર્થ્યાત્'માં 'લ્યબ્લોપ'માં પંચમી છે, તેનું અલૌકિક સામર્થ્ય જોઈને 'માયા' શબ્દ કહ્યો છે. તે કાંઈ 'પ્રકૃતિ' નથી.(પ્ર)
૪. તેમ ન હોય તો આનંદાદિનો અનુભવ ન થાય.(પ્ર)
૫. તે વૃત્તિઓમાં આત્માનો અન્વય છે.(પ્ર)
૬. 'નિર્ગુણસ્ય ગુણાસ્રયઃ' એ ભગવાનના ગુણ છે તેને 'માયા' શબ્દથી વ્યવહાર 'માયા' એ ગ્રહણ કર્યા તેથી છે.(પ્ર)
૭. તેથી આ દેહથી આત્માને જૂદો કરો પછી 'બ્રાહ્મેણ' 'દ્વાદશાહવત્' એ બે સૂત્રોમાં કહ્યા પ્રમાણે આ દેહ ગયા પછી મારો ભોગ કરો. તેથી અનેકવિધ આનંદ તમને મળે તે માટે આ ઉપાય મેં કહ્યો છે એવું આ શ્લોકમાં કહેવાનું તાત્પર્ય છે. (પ્ર)
૮. સંઘાત સર્વ દ્વિતીયદલાત્મક થશે ત્યારે તમને દુઃખ થશે નહિ. (લે)

એ મન વડે ઈન્દ્રિયોના વિષયોનું ધ્યાન કરે છે તે વિષયો છે નહિ, થવાનો સંભવ નથી. જો તે વિષયો વિદ્યમાન હોય તો ધ્યાન આવશ્યક છે. ત્યાં કહે છે ધ્યાન કરવું પણ પુરુષાર્થ છે. તેના ઉત્તરમાં કહે છે કે બીજો જન્મ થવા માટે તેનું ધ્યાન પુરુષ કરે છે. જેમ સ્વપ્ન સૂચના કરનાર છે તેમ ધ્યાન કરનાર મન પણ જન્માંતર સૂચક છે. તે મન સ્વરૂપથી કોઈ પુરુષાર્થ સિદ્ધ કરતું નથી. તેથી અનર્થસૂચક તે મનને[1] વિષયોથી રોકવું. મનને રોકવામાં સાધન ઈન્દ્રિયો છે. તે ઈન્દ્રિયોને વિષય તરફ જતી રોકવી. બંનેનો નિરોધ થતાં આત્માની નિંદ્રા ઉડી જાય છે. સુષુપ્તિ અને જાગ્રત એ બે અવસ્થા ઉત્તમ છે એકમાં પરમાનંદ અને બીજામાં પુરુષાર્થ ચતુષ્ટયનો લાભ થાય છે, સ્વપ્ન વ્યર્થ છે. તે વૈયર્થ્ય મટવા માટે પુરુષે નિદ્રા છોડવી જોઈએ. હું આત્મા છું એમ જાણે તો તે દેહથી જૂદો પડે. ૩૩.

વેદાદિ શાસ્ત્રમાં બહુ પ્રકારો આત્મજ્ઞાનના કહ્યા છે. તમે મનના નિરોધમાત્ર ને કેમ સાધન કહો છો ? ત્યાં કહે છેઃ

**એતદન્તઃ સમામ્નાયો યોગઃ સાંખ્યં મનીષિણામ્ ।।**
**ત્યાગસ્તપો દમઃ સત્યં સમુદ્રાન્તા ઈવાપગાઃ ।।૩૪।।**

સમુદ્ર સુધી જેમ નદીઓ ચાલે છે તેમ વેદ, યોગ, સાંખ્ય, ત્યાગ (સંન્યાસ), તપ, ઈન્દ્રિયનિગ્રહ અને સત્ય એ બધાં મનના નિરોધના સાધનો છે. પણ તે વિવેકીને માટે છે. ૩૪.

વેદ સાધનનો ઉપદેશ કરે છે. તે સાધનનો અંત મનને રોકવામાં આવે છે. 'સર્વે મનોનિગ્રહલક્ષણાન્તા' એમ શ્રીભાગવત કહે છે. યોગનું તો મન વશ કરવું એ જ પ્રયોજન છે. સાંખ્ય અધ્યાસની નિવૃત્તિ કરી તેનું મૂલ કારણ મનને જૂદું પાડે છે. લોકો તો એમ માનતા જણાતા નથી ? એમ કહે તેના જવાબમાં કહેવાનું કે જે મનની ઉપર પોતાનો કાબુ રાખે છે એવા વિવેકીને માટે આ ઉપાય છે. કેમ કે આત્માનો સંબંધ સાક્ષાત્ મનની સાથે છે. તેનું કારણ પણ કહ્યું. સ્વતંત્ર મોક્ષફલક શાસ્ત્રો છે એમ સાંભળવામાં છે. જેમ કે સંન્યાસ, વનમાં રહેનારને તપ, ગૃહસ્થને ઈન્દ્રિયસંયમ, બ્રાહ્મણને સત્ય, બ્રહ્મચારીને વેદાધ્યનન, ઈત્યાદિ. આશ્રમધર્મોનું મનોનિગ્રહમાં તાત્પર્ય છે એ કહેતા દષ્ટાંત કહે છે કે જેમ નદીઓનો અંત સમુદ્રમાં છે તેમ મનના નિગ્રહમાં સર્વ શાસ્ત્રોનો અંત છે. નદીઓ પૃથ્વી ઉપર ચાલે છે પણ

---

૧. લીલાવિષયમાં કોઈને અલૌકિકતાની પ્રતીતિ નથી થતી તેનું શું કારણ ? ત્યાં કહે છે કે પ્રતિબંધને લઈને લીલામાં પણ લોકવત્ ભાવ થાય છે. તે પ્રતિબંધ નિવૃત્ત થશે તો અલૌકિકતા તેમાં અવશ્ય જોઈ શકશે. તેને માટે મનને સર્વ વિષયથી નિવૃત્ત કરવું જોઈએ. કેવલ ભગવત્પરતા મનની થાય તો તે ભગવાનને જોઈ શકે. (ટિ)

તેનો અંત પૃથ્વી ઉપર નથી. જો એમ હોય તો ઝાડની જેમ સ્થિર દેખાય. તેથી તે ભૂમિનો છેડો લેવા માટે ચાલ્યા કરે છે. તેનો અંત સમુદ્રમાં આવે છે. તેમ *શરીરમાં પ્રવેશ કરેલા જીવો લૌકિકમાં સ્થિર ન થતાં તેમાંથી નિકળવાને ઈચ્છતા સન્માર્ગ પકડીને સંન્યાસના અધિકારી બને છે. વચમાં સ્થિતિ ન કરવાથી સાક્ષાત્ મનથી સંબંધ રાખીને આત્માને છોડાવવા માટે મનને રોકી રાખે છે ત્યારે તેનો થાક ઉતરે છે. ૩૪.

એમ વિયોગનો[૧] અભાવ તથા વિયોગની[૨] ઉત્તમતા ખરી રીતે કહીને હવે લૌકિક પ્રતીતિમાં ભગવાનથી જૂદા[૩] છીએ એ વિયોગ[૪] કહેવાય તે ચાર પ્રકારના પુરુષાર્થને સિદ્ધ કરે છે એમ કહે છેઃ[૫]

**યત્ત્વહં ભવતીનાં વૈ દૂરે વર્તે પ્રિયો દશામ્ ।।**

*. પ્રમાણ (શાસ્ત્રો)માં કહેલા ધર્મો એમ ત્યાં સમજવું.(લે)

૧.વિયોગનો અભાવ એટલે 'ભેદનો અભાવ' એવો કરવો.(લે)

૨. વિયોગનો અર્થ દૂર રહેલો એવો કરવો.(લે)

૩. 'તત્' ઉત્તમ. વ્યધિકરણ એટલે લોકપ્રતીતિમાં વિયોગ ઉત્તમ નથી. અહિં તો તેની ઉત્તમતા કહી છે. તેથી વિરોધરૂપ અધિકરણ છે જેનું, એવો અર્થ કરી શંકા કરે તેના ઉત્તરમાં કહે છે કે વિયોગ ચાર પ્રકારના પુરુષાર્થને સિદ્ધ કરનાર હોવાથી તે ઉત્તમ છે. ત્યાં કહે કે એક વિયોગ ચાર પુરુષાર્થને સિદ્ધ કેમ કરી શકે ? તેના ઉત્તરમાં કહે છે કે સ્મૃતિવિષયતા, ગુપ્ત રક્ષણ કર્તા, સર્વકામના વિષયપણું, સાયુજ્ય દેવાપણું એ ચાર પુરુષાર્થો, તેમાં તે તે પ્રકારને પામેલ તે તે પુરુષાર્થ ગણાય છે.(લે)

૪. છ શ્લોકથી સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. હવે પુરુષાર્થ ચતુષ્ટયનું નિરૂપણ કરે છે. તેથી પહેલી વાત નિવૃત્ત થઈ.(લે)

૫.એમ છે તેમાં વિશેષ નથી તો સંનિકર્ષ (સંયોગને)ને કેમ લોકો સાધતા નથી ? દુઃખ આપનાર વિયોગને શા માટે ઈચ્છે છે ? એ શંકાના ઉત્તરમાં વિપ્રયોગ ઈચ્છે છે તેનું તાત્પર્ય યથા તપ ઈત્યાદિથી કહે છે. અહિં આ અભિપ્રાય છે. પૂર્વે અનુભવ કરેલો ભજનાનંદ બ્રહ્માનંદથી, શાસ્ત્રીય ભક્તિના આનંદથી કરોડગણો વધારે અને વચનમાં ન આવી શકે તેવો છે. તેથી સંનિકર્ષમાં તો આગળ આગળ નવીન રસની આકાંક્ષા વધે છે તેને પૂર્ણ કરવાનો પ્રયત્ન થાય છે પણ પ્રથમ અનુભવ કરેલી લીલાનો તલસ્પર્શ કોઈ દિવસ કરવાનો વખત આવતો નથી. વિયોગમાં તો મન વિગેરે બહાર તો પોતાનો વિષય ન હોવાથી અંતઃકરણમાં રહેલા ભગવાનનું ગ્રહણ કરે છે. ત્યારે બહાર પ્રકટ થએલ પ્રિયથી જે રસનો અનુભવ પ્રથમ હતો તેનો જ અંતઃકરણમાં પ્રકટેલા પ્રિયમાં પહેલાના કરતાં વિલક્ષણ રસનો અનુભવ થાય છે. જે રસ સંયોગમાં પણ કોઈ રીતે અનુભવાતો નથી. તેથી ભગવાને મહારસનું દાન આપવાને માટે વિયોગનું દાન કર્યું છે. તે જ વાત 'મદનુધ્યાનકામ્યયા' એ પદથી કહેવામાં આવી છે. સંગમમાં ભગવદુપયોગિત્વેન દેહાદિ સ્ફૂર્તિ છે. બીજા (વિયોગ)માં તો તે પણ નથી. તેટલો તેમાં વિશેષ રસ છે. (ટિ)

**મનસઃ સન્નિકર્ષાર્થં મદનુધ્યાનકામ્યયા ।।૩૫।।**

તમારા નેત્રને પ્રિય એવો હું તમારાથી દૂર રહું છું તે તમારા મનને મારી પાસે લાવવા માટે અને મારા અનુધ્યાનની કામના (તમને મારું ધ્યાન રહે તે) માટે હું એમ કરુ છું. ૩૫.

ગોપીના ધર્માદિ ભગવાન જ છે. પરંતુ તે ભગવાન્ પ્રકારવિશેષ[૬] યુક્ત થઈને તેના ધર્માર્થકામમોક્ષરૂપ થાય છે. 'તુ' શબ્દ તત્ત્વના નિરૂપણનો નિષેધ કરે છે. હું તમારાથી દૂર રહું છું તે તમારા મનને મારી પાસે લાવવા માટે તેમ કરું છું. જે દૃષ્ટિથી દૂર રહે છે તે મનની પાસે આવે છે. કારણ તેમાં પ્રીતિ છે. બહાર ભગવાન્ હોય ત્યારે ગોપીઓ તેને જુએ તે પોતાના ધર્મો અથવા દૃષ્ટિના ધર્મો[૭] તેમાં યોજે છે. પણ તે ભગવદ્ધર્મને ગ્રહણ કરતાં નથી. ભગવાન્ મનમાં આવે છે ત્યારે મન ભગવાનના ધર્મોને[૮] ગ્રહણ કરે છે. એટલું પ્રિયના હિતનું આચરણ કરવું. આથી યોગ કરતાં પણ મનના નિગ્રહરૂપ અવસ્થા સારી છે. યોગમાં ચક્ષુ (નેત્ર)ની પેઠે મન પણ પોતાના ધર્મોનો ભગવાનમાં આરોપ કરે છે. પણ પોતે માનસી મૂર્તિની કલ્પના[૯] માટે શાસ્ત્રથી[૧૦] ભગવાનના ધર્મોને ગ્રહણ કરે છે. એ યોગમાં વિશેષ છે. વિરહથી સ્મરણ કરવામાં તો બલથી ભગવાનને ખેંચ્યા હોય તેમ ભગવાન જ પોતાના ધર્મોને જીવમાં આરોપણ કરે છે. મનના ધર્મો તો દુર્બલ[૧૧] થઈ જાય છે. કારણ કે ભગવાન્ પણ વિપરીત[૧૨] છે. તે પ્રિય હોવાથી દૂર રહે છે. મન સાથે આત્મા બંધાએલો છે તેથી પણ દૂર રહે તેમાં મન રહે. ભગવાન્ આત્મામાં આવે છે. વિષયમાં[૧૩] તો ભગવાનના ધર્મો ન હોવાથી તે વિષયો બીજો જન્મ આપનાર

૬. સ્વધર્મથી કામાદિ લેવા. (લે)

૭. દૃષ્ટિ ધર્મો એટલે કટાક્ષાદિ ધર્મો લેવા.(લે)

૮. સ્વધર્મ એટલે પોતે ભાવના કરેલા ધર્મો સમજવા. તે પણ શાસ્ત્રથી ભાવનાના વિષય બનેલા, અનુભવથી નહિ.(લે)

૯. તે વિરહથી દુર્બલ બને છે.(લે)

૧૦. વિપરીત એટલે દુર્બલથી વિપરીત-પ્રબલ એવો અર્થ છે.(લે)

૧૧. દૂર રહેવાથી મન પાસે આવે છે તેથી બલથી મન ભગવાનમાં આવતાં ભગવત્સ્વરૂપ આત્મગામી થાય છે.(લે)

૧૨. મનમાં ભગવાન્ અને તેના ધર્મો રહે છે. વિષયમાં ભગવાન્ તથા તેના ધર્મો ન હોવાથી તેમાં આત્માનો સંબંધ થવાથી અનર્થ થાય છે. મૂલમાં મનના સંબંધને ફલરૂપ કહ્યા છે તે સ્વરૂપથી ઘટતું નથી. આત્માને ભગવાનનો સંબંધ કર્તવ્ય ઈષ્ટ છે. તેથી તેને સિદ્ધ કરનાર મન હોવાથી તેના સાધકપણાથી મનને ફલપણું કહ્યું છે.(લે)

૧૩. સંનિકર્ષસંપાદક હોવાથી તેને ફલપણું કહ્યું છે.(લે)

હોઈને અનર્થનું કારણ છે. કેવલ સમીપ[૧૪] માત્ર ફલરૂપ નથી. બીજું પણ તેમાં ફલ છે. મેં કરેલી લીલાનું ધ્યાન કરે તે મને પ્રિય છે. ગોપીઓ જો મારું ધ્યાન કરે છે તો હું તેમાં પ્રીતિ કરું છું. બીજી રીતે મારી પ્રીતિ થતી નથી. કારણ કે હું અક્લિષ્ટકર્મા[૧૫] છું. ક્લેશ થાય તેવું કામ કરતો નથી. આપણો બંનેનો કામથી સંબંધ છે તે કામ મનમાં રહે છે. મન દૂર ભાવમાં માનાદિથી ભગવાનથી પાછું વળે તો ભગવાન્ પણ સંબંધ છુટી જવાથી ભક્તના હૃદયમાં ન આવતાં પાછા ફરે છે. ૩૫.

એ શું કહો છો અમારું તો સર્વદા આપનામાં મન રહે છે એમ કહે તેનો ઉત્તર આપે છેઃ

**યથા દૂરચરે પ્રેષ્ઠે મન આવેશ્ય વર્તતે ।।**
**સ્રીણાં ચ ન તથા ચેતઃ સન્નિકૃષ્ટેક્ષગોચરે ।।૩૬।।**

પ્રેષ્ઠ દૂર હોય તો તેનામાં મન રહે છે એવું સ્ત્રીઓનું મન પાસે પ્રિય રહેવાથી તેમાં રહેતું નથી. કેમ કે પાસે રહેતાં સ્ત્રીઓને માનાદિ થવાનો સંભવિત છે. ૩૬.

ગોપીઓના ધર્મ તે જ કે તે મારું હમેશાં સ્મરણ કરે. મારો ધર્મ પણ એ કે હું તેને નિરંતર આનંદનું દાન કરું. એ બંને[૧] વાત ત્યારે બને કે જ્યારે હું તેનાથી દૂર રહું તેથી પૂર્વશ્લોકમાં ધર્મ કહ્યો. અર્થ પણ ભગવાન જ છે. કોઈને ખબર ન પડે તેમ તે અર્થને સંભાળવો જોઈએ. તેમાં નિરંતર મન રહેવું જોઈએ તો પાલન થાય. ક્ષણવાર પ્રમાદ થાય તો અર્થ જતો રહે. તેથી પાક્ષિક કદાચિત્ થનાર દોષને[૨] દૂર કરવા માટે નજીક રહેવા કરતાં દૂર રહે. તો મન તેમાં રહે છે. દૂરમાં પણ ચોક્કસ જગ્યાએ નહિ પણ અસ્થિર સ્થિતિમાં રહેવું. એમ ન કરે તો ત્યાં જઈને તેને મળે અથવા નિરાશ થાય. પ્રિય દૂર હોય તો મન સદા તેમાં નિશ્ચલ રહે. તેમાં પણ સ્ત્રીનું મન પાસે રહેવાથી માનાદિ દોષવાળું થાય. 'ચ'કાર છે તેથી બીજા સંબંધીઓ જેવા કે પુત્રાદિમાં માતાનું અથવા પિતાનું મન રહે તેથી તે દૂર હોય તો યાદ કરે એમ બીજામાં પણ સમજવું. નજીકમાં આંખથી દેખાતો હોય તો ચિત્ત તેનું સ્મરણ નહિ કરે કેમ કે સંબંધ[૩] તો બહારનો છે અને ભગવદીયપણું તે આંતર[૪] છે.

૧૪. મારું ધ્યાન પણ મારામાં પ્રીતિ કરાવનાર હોવાથી ફલ ગણાય.(લે)

૧૫. અક્લિષ્ટકર્મા ભગવાન્ છે તે અનુધ્યાન ન કરે તો સંઘાત રસાત્મા ન થવાથી તેની સાથે રમણમાં પ્રભુને ક્લેશ થાય, પ્રભુ અક્લિષ્ટકર્મા હોવાથી તેમ ન કરે.(લે)

૧. એ બંને વાત ત્યારે બને તે કઈ કે ગોપીઓને ભગવાન્ યાદ કરે અને ભગવાનને ગોપીઓ યાદ કરે તે ઉભય શબ્દથી લેવું (લે)

૨. વિસ્મરણાત્મા પ્રમાદરૂપ દોષ થવા માટે એવો અર્થ કરવો.(પ્ર)

૩. પુત્રાદિરૂપ સંબંધ બહારનો છે.(પ્ર) ૪. ભગવદીયરૂપ સંબંધ આંતર છે. ઇન્દ્રિયો તો બંને

વળી પાસે રહેનાર આંખથી દેખાય છે. એક ઇન્દ્રિયના વિષયમાં બીજું ઇન્દ્રિય સ્વતંત્ર રીતે પ્રવર્તે નહિ તેથી નેત્રના વિષયમાં મન રહે નહિ. ચિત્ત બલવાળું છે. એમ ન હોય તો પ્રત્યક્ષ વિષયમાં બીજામાં ચિત્ત ન જવું જોઈએ. ૩૬.

ત્યાં ગોપીઓ કહે કે અમે તમારા માટે ચિંતા કરીએ છીએ તો પછી તમારામાં મન રાખવાથી શું વિશેષ છે ? કામને માટે લોક તો પ્રયત્ન કરે છે તેમાં ક્ષણવાર મનની ચંચલતા થાય તો તે જરુરની છે તેમાં કાંઈ નિંદ્ય ન કહેવાય ત્યાં કહે છેઃ

**મય્યાવેશ્ય મનઃ કૃત્સ્નં વિમુક્તાશેષવૃત્તિ યત્ ।।**
**અનુસ્મરન્ત્યો માં નિત્યમચિરામામવાપ્સ્યથ ।।૩૭।।**

મનની વૃત્તિઓ રહિત સમગ્ર મન મારામાં રાખી મારું અનુસ્મરણ કરતાં થોડા કાલમાં તમો મને પ્રાપ્ત થશો. ૩૭.

હું સંપૂર્ણ તો કૃપાથી[૧] પ્રાપ્ત થાઉં છું. બધાં સાધનોથી[૨] પણ હું પ્રાપ્ત થાઉં છું. તે[૩] કૃત્સ્નતા આ[૨] અવસ્થામાં જ થાય છે. બીજી અવસ્થામાં મનની સંપૂર્ણતા થતી નથી. કૃત્સ્નતામાં કારણ કહેતાં બીજી અવસ્થામાં મન સંપૂર્ણ નથી થતું તે કહે છે કે બધી દસ પ્રકારની વૃત્તિઓને મન છોડી[૪] દે[૫] તે મન કૃત્સ્ન કહેવાય.

---

સરખી છે તેમાં મનને માટે આગ્રહ શા માટે જોઈએ ? ત્યાં કહે છે કે મન બલિષ્ઠ છે. તેથી મનનો આગ્રહ કર્યો છે. અહિં નિરંતર મનના વિષયરૂપ ભગવાન જ અર્થ છે એ વાત કહી. (પ્ર)

૧. પ્રસાદેન તેમાં અપિ શબ્દનો આગળ સંબંધ છે. અનુગ્રહથી મળું છું તો પણ, એમ લેવું.(લે)

૨-૨. વિરહ સિવાયની અવસ્થા તે અવસ્થાંતર કહેવાય.(લે)

૩. સાધનનું સમગ્રપણું તે કૃત્સ્નતા.(લે)

૪. તેનો અભાવ એટલે વૃત્તિ છોડે નહિ ત્યારે.(લે)

૫. એથી રસના અનુભવમાં નૈરંતર્ય કહ્યું. બહારના સંબંધમાં તો બહારનો સંબંધ જ ફલને શીઘ્ર સિદ્ધ કરે. તેથી તેમ થશે તેથી કહે છે કે જલદી હું મળીશ પણ આને તો બહાર સંગમ અભીષ્ટ છે તે તો થતું નથી તેથી ભગવાને અમોને ગમતું નથી, અમારે જોતું નથી તે પોતે જબરજસ્તીથી ઈશ્વરભાવથી અમને આપે છે. આપણે ઈચ્છતાં ન હોઈએ તેને બલાત્કારે આપે તો તે આપણે સાંભળવું ન જોઈએ પણ તે પ્રિયતમનું હોવાથી સાંભળવુ પડે જ તેથી સાંભળ્યું. આપણે પ્રિયના સંબંધવાળું જાણીને સાંભળ્યું છે તેથી તેમ જ ફલરૂપ થશે. પણ 'ઉપદેશ'પણાથી સાંભળ્યું નથી તેથી ત્યાં 'સંદેશ' પદ કહ્યું છે. એથી અમારી જેમ ભગવાન્ પણ અમારો વિયોગ સહન ન કરતા એ અમારા અનુભવમાં છે. તે હવે કેમ કરે છે ? એ શંકા પણ ઉડી જાય છે. તેને ભગવાનના કથનમાં આજ્ઞા જ દેખાણી પણ તે પ્રીતિનું વચન છે એમ તેના જાણવામાં ન આવ્યું. તે તો ઈશ્વરભાવ રાખે તો થાય, તેથી ભગવાને તેમ સ્વરૂપમાં ઐશ્વર્ય પ્રકટ કર્યું છે. પોતે હું ઈશ્વર છું એમ જાણે છે. અમોને મારી આજ્ઞા ઉઠાવનારા છે એમ જાણે છે તેથી તે અમારી પાસે આવતા નથી તે યોગ્ય છે. એમ કહો તો

તેની ૧૧ અથવા ૧૨ વૃત્તિઓ પણ છે પરંતુ સ્વાભાવિક છે. ગુણકૃત તો દસ વૃત્તિઓ જે ભ્રમરના વાક્યમાં વર્ણવી છે. ત્યાં કહે છે કે સર્વ વૃત્તિનો નાશ[૬] થતાં તો સ્વરૂપ નાશ થાય ? ત્યાં કહે છે કે તે મન[૭] પ્રસિદ્ધ[૮] છે. હમણાં[૯] તો તેમાં મારો આવેશ છે. હવે પછી તમો તે મનને મારામાં રાખીને જલદી મને પ્રાપ્ત થશો. ત્યાં કહે છે કે વસ્તુવિચાર કરીએ તો મન કાંઈ અન્ય વસ્તુ છે તે તમારામાં[૧૦] આવવાથી ભગવત્પ્રાપ્તિ કેમ થાય ? ત્યાં કહે છે કે અનુસ્મરણ આત્માનું[૧૦] જ થાય છે તેથી તે પ્રાપ્ત થાય છે. મન દ્વારા આત્મા પણ સ્મરણ કરે છે જો કે સ્મરણ એ ચિત્તનો ધર્મ છે પણ અનુસ્મરણ આત્માનો જ ધર્મ છે, આનાથી બંને પ્રકારનો[૧૧] સંબંધ કહેવામાં આવ્યો. મન દ્વારા[૧૨] પોતે ભગવાનમાં પેઠાં, સ્મરણ દ્વારા ભગવાન્ ગોપીઓમાં પ્રવિષ્ટ થયા. એમ થયું તો જલદીથી[૧૩] તમે મને મળશો. પરંપરાથી

સ્નેહમાં વિરોધ આવશે ? ત્યાં કહે છે કે પ્રથમ અમારું સ્વાગત કર્યું અને પછી પોતે તિરોહિત થયા તેમાં રસ વધારવાનો હેતુ હતો તેમ અહિં પણ સમજવું. તેમ ઐશ્વર્યમાં પણ પ્રભુનું સમજવું. મતાંતરભાષા છે એમ તો શ્રીઆચાર્યચરણે પ્રથમ જ કહ્યું છે તેથી આમાં વધારે શંકા સમાધાન કરવાનું નથી. પરંતુ જેની દુર્જય જ્ઞાનરૂપ દેખાતી માયા વડે બધા મોહિત થાય છે એ વાક્યથી જ્ઞાન મોહરૂપ હોવાથી આ તો ધર્મિમાત્ર પરાયણ હોઈને અન્યથી તેને મોહ થતો નથી. તે પણ ફલરૂપ હોવાથી તેને કોઈ મોહ ન કરી શકે તેના ભગવદ્ભાવમાં કદી ચૂક પડવાની નથી તેથી બધું સુંદર છે. 'જ્ઞાનિના વાક્યથી પણ ભગવાન્ ભક્તને મોહ નથી કરતાં' એ શ્રીઆચાર્યચરણનું વાક્ય અમારા સર્વનું પાલક છે તેથી અમો નિશ્ચિંત છીએ. ઈશ્વરની કૃતિ અને વાણીમાં પૂર્વપક્ષ તથા સમાધાન બ્રહ્માદિ પણ ન કરી શકે તો પણ પોતાને સર્વથા તે ભગવાન્ 'સ્વ' સમજે છે. એ ધૃષ્ટતાથી જે કાંઈ મેં કહ્યું તેને પિતૃચરણ ક્ષમા કરે તો સર્વશ્રેષ્ઠ જ છે. બીજનું રોપણ કર્યા પછી તેનું ફલ આવ્યું ત્યાં સુધી જેણે વ્રજતરુને સ્વયં પોષણ આપ્યું છે તેને નાથ કદાપિ છોડશે નહિ. (ટિ)

**એમ શ્રીવિઠ્ઠલેશ્વરે કરેલી ભ્રમરગીત સુબોધિની ટિપ્પણીમાં ૪૪મા અધ્યાય સમાપ્ત થયો.**

૬. સ્વરૂપનાશ એટલે સૂર્યના બધાં કિરણો છૂટે તે સૂર્યનો નાશ કહેવાય. તેની જેમ મનની બધી વૃત્તિઓ જાય તો મનનો નાશ ગણાય.(લે)

૭. શ્રુતિઓ અને અગ્નિકુમારોને પૂર્વે ભગવાને વરદાન આપ્યું છે તે તેનો પ્રસાદ છે.(પ્ર)

૮. મન અન્નમય છે એ પ્રસિદ્ધ છે પણ વૃત્ત્યાત્મકપણાથી પ્રસિદ્ધ નથી. (લે)

૯. કામ રહિત મન શુદ્ધ કહેવાય. તેમાં વૃત્તિ ન હોય છતાં તે શુદ્ધ છે. (પ્ર)

૧૦-૧૦. 'પ્રાણાનાં વિજ્ઞાનેન વિજ્ઞાનમાદાય' એ શ્રુતિમાં તેને આત્માનો ધર્મ કહ્યો છે. એ અનુઉપસર્ગથી કહ્યો છે. કામને મોક્ષનું સ્વરૂપ કહે છે કે કામથી આત્મામાં રહેલા ભગવાન્ કામરૂપ છે. પૂર્વની પેઠે સર્વ સંબંધવાળા બાહ્ય દેહથી સંબદ્ધ થાય ત્યારે મોક્ષ કહેવાય. (પ્ર)

૧૧. ભગવન્નિરૂપિત અને ભક્તિનિરૂપિત એમ બે પ્રકાર છે.(લે)

૧૨. જીવ અને બ્રહ્મની વચમાં મન રહે છે. બંનેના સંઘર્ષથી તે નાશ પામે છે.(લે)

૧૩. એમ મનનો લય થાય ત્યારે.(લે)

નિત્ય સંબંધ રહેતાં સંઘર્ષ થતાં વચમાં હોય તે ચાલ્યું જાય છે. તેથી મનનો[૧૪] તથા ચિત્તનો[૧૫] પણ લય થતાં જલદી મારી પ્રાપ્તિ[૧૬] થશે. હું મુખ્ય ફલરૂપ છું તે કામ વડે આત્મગામી[૧૭] થાઉં છું એ તાત્પર્ય છે. ૩૭.

ઉપર કહેલી વાતને[૧] દાખલા દલીલથી સિદ્ધ કરતા મોક્ષનો પ્રકાર કહે છેઃ

**યા મયા ક્રીડતા રાત્ર્યાં વનેસ્મિન્ વ્રજ આસ્થિતાઃ ।।**
**અલબ્ધરાસાઃ કલ્યાણ્યો માપુર્મદ્વીર્યચિન્તયા ।।૩૮।।**

આ વનમાં રાત્રિના સમયે મેં ક્રીડા કરી ત્યારે અંતર્ગૃહગતાઓ વ્રજમાં રહી તેથી તેને રાસનું સુખ ન મળ્યું પરંતુ તે કલ્યાણી હોવાથી મારા પરાક્રમના ચિંતનથી મને પ્રાપ્ત થઈ. ૩૮.

આપ લોકો રાસમાં આવ્યાં, અંતર્ગૃહગતાઓ ઘરમાં જ રહ્યાં, તે તે જ વખતે મને પ્રાપ્ત[૨] થયાં. તમે તે વખતે મને પ્રાપ્ત[૩] ન થયાં. તમે પ્રાપ્ત ન થયાં આ દૃષ્ટાંતથી તમો પણ મને મળવાનાં જ. તેથી મારે માટે આપ જીવન સ્થાપન કરો છો એ વાતમાં કાંઈ અર્થ નથી. જો એમ હોત તો સારી રીતે આવેલ તમોને ક્લેશ ન થયો હોત. ક્લેશ તમને થયો એ વાત તો અનુભવથી સિદ્ધ થઈ છે. [૪]અંતર્ગૃહગતા

---

૧૪. તથા તે રીતે.(લે)

૧૫. ચિત્તનો પણ લય થાય ત્યારે જ્ઞાન અને ક્રિયાનો વિલય થતાં મારી પ્રાપ્તિ થાય છે. મન કર્મપ્રધાન છે, ચિત્ત જ્ઞાનપ્રધાન છે.(લે)

૧૬. ફલરૂપ હું કામથી પણ આત્મામાં આવું છું. ઈન્દ્રિયાદિગામી ગૌણ છે.(લે)

૧૭. ગૌણ મુખ્ય ભાવનો.(લે)

૧. એટલે મુખ્ય ભાવ અને ગૌણભાવનું દૃષ્ટાંત બતાવે છે. અંતર્ગૃહગતા કામનાવાળાં હતાં છતાં તેને દેહ નહોતા. તેના આત્મા મારામાં આવવાથી તે જ વખતે તેને મારો સંબંધ થયો. તેના અધિકાર પ્રમાણે તેને પૂર્ણ ફલ તે જ વખતે સિદ્ધ થયું. આપ લોકોને તો મુખ્ય ફલ આપવાનું હોઈને બંને ફલનો અનુભવ કરાવવાનો હતો તેથી તમો કેવલ આત્મામાં પહોંચ્યા નહોતા તેથી મનના ઘર્ષણ સુધીનો પ્રકાર બતાવીને તમોને વિપ્રયોગ સિદ્ધ કરશે. ત્યારે મુખ્ય ફલ-અલૌકિક સામર્થ્યનું તમને દાન થશે. અંતર્ગૃહગતાઓને તે જ વખતે સંયોગ મળ્યો તમોને તેનો વિલંબ થયો એ ધર્મોને લઈને તેને મુખ્ય ફલ કહ્યું. તમને ગૌણફલ એમ કહ્યું ખરી રીતે તો તમે બંને ફલ ભોગવ્યાં તેનાથી ભગવાન્ મળે તે જ મુખ્ય ફલ ગણાવ્યું.(લે)

૨. મને પ્રાપ્ત થયાં એટલે સંયોગરૂપ ફલને પામ્યાં.(લે)

૩. તમને તે વખતે તેના જેવું ફલ ન મળ્યું કેમ કે તમને ઉત્તર ફલનો પણ અનુભવ કરાવવો હતો એવો આ કથનનો ભાવ છે.(લે)

૪. જેમ તે અંતર્ગૃહગતાઓ કેવલ આત્મામાં આવ્યા. તેને પૂર્વફલ સિદ્ધ થયું તેમ તમો જ્યારે કેવલ આત્મગામી થશો ત્યારે તમારા દેહ તમને દેખાશે નહિ ત્યારે વિપ્રયોગ તમને સિદ્ધ થશે.(લે)

ઓની સ્તુતિ કેમ કરો છો ? તેને તો પ્રતિબંધ નડ્યો[૫] તેથી તે ન પહોંચ્યા ? તેના ઉત્તરમાં કહે છે કે તેનું તો ભાગ્ય મોટું તેથી પ્રતિબંધરૂપ પાપ ત્યાં જ ભોગવાઈ જતાં નષ્ટ થયું. તેથી કાંટા વડે કાંટો કાઢી બંનેને ફેંકી દે છે તેમ તેનો દેહ[૬] જતાં પાપ અને દેહ[૭] બંને ગયાં. તમોને તો તે દુરિતે[૮] પાછળથી આ સ્થિતિમાં મૂક્યાં. તેથી મારા કથન પ્રમાણે પ્રથમ દોષને દૂર કરો તે અવસ્થા (મરણરૂપા) પામીને મને તમો પ્રાપ્ત થશો. રાતમાં ક્રીડા કરનાર મારી સાથે જેણે રાસ નથી કર્યો એવાં, એમ કહેવાથી ક્રીડા તો સ્વતઃ[૯] સિદ્ધ છે એમ કહ્યું. પ્રતિબંધ[૧૦] ન આવવા માટે રાત કહી છે. સાધન સંપત્તિને માટે વનમાં તે લીલા કરી છે. હું ક્રીડા કરું છું. તેમાં ગોપીઓને મહેનત નથી. આ વનમાં એમ કહેવાથી ભગવાન્ પણ આ વનમાં જ રહીને અત્યારે બોલે છે. એમ સૂચવ્યું છે. આમાં જ એટલે વ્રજ સંબંધીમાં અથવા આ વ્રજમાં એવો અર્થ 'અસ્મિન્' પદનો કરવાનો છે. તમને આગ્રહથી[૧૧] અહિં સ્થાપન કર્યો છે. અંતર્ગૃહગતાઓનું ભાગ્ય ઉપભોગથી ખલાસ નહોતું થયું. એમ જણાવ્યું છે. તેથી તેને પૂર્ણભાગ્યવાળાં કહ્યાં છે. એવું તેનું સાધન શું હતું ? તે મારી પાસે આવવાને પ્રવૃત્ત થયાં ત્યાં તેમના ધણી વિગેરેએ તેમને અટકાવ્યાં ત્યારે તે વિઘ્ન દૂર કરવા માટે તેણે મારું ચિંતન કર્યું. ભગવાનના ધર્મો પણ અક્લિષ્ટ હોવાથી ભર્ત્રાદિનો દેહમાત્ર હતો તે તેને આપીને બાલક પોતાનું હોય તો તેને દોષ મુક્ત કરે તેમ ગુણોના સ્મરણે, અંતર્ગૃહગતાઓને ભગવાન્ પાસે પહોંચાડ્યા. તેથી મારા

૫. ઈન્દ્રિય ગામિત્વમાં મારી પ્રાપ્તિ સર્વથા થતી નથી. (લે)

૬. મુખ્ય ફલવાળો થતો નથી. સાધનરૂપ સેવાને માટે દેહાદિ સ્થાપન કરવો એમ શાસ્ત્રમાં સિદ્ધ છે.(લે)

૭. જો એમ ન હોય તો દેહાદિના અભાવમાં પણ મુખ્ય ફલ મળવું જોઈએ.(લે)

૮. દુરિત શબ્દથી ફલમાં વિઘ્ન કરનારી ભગવદિચ્છા.(લે)

૯. તથોક્તમ્ એ પદનો અર્થ 'હું રાત્રિમાં રમતો હતો' એ સાથે એવો અર્થ કરવો.(પ્ર)

૧૦. તમને તો મુખ્ય ફલ આપવાનું હતું તેથી સાયુજ્યમાં તે ભગવદિચ્છા પ્રતિબંધિકા થઈ તેણે તમને ઉત્તરદલના અનુભવને લાયક કર્યાં.(લે)

૧૧. નિર્બન્ધથી 'સ્થાપન કરી' આગ્રહથી તમને અહિં રાખ્યા તેથી ક્રીડા પણ નિત્ય છે કદાચિત્ નથી. આ શ્લોકના સ્વતંત્ર લેખ તથા ટિપ્પણીમાં નિર્ગુણ દેહના આવરણ ભૂત કાર્ય દેહનો અંગીકાર પણ નથી એ વિશેષ છે. સિદ્ધાંત તો બંને પક્ષમાં સુબોધિનીમાં કહ્યો તે જ છે. સમવાયી ભગવાનને કહ્યા છે એ વાક્ય જ સમાધાન કરાવનારું છે. તેથી કોઈ રીતે તેમાં વિરોધ નથી. તેમ જ દેહના અંશમાં પણ ચારવ્યૂહના ન્યાયથી પહેલાં(ના અંતર્ગૃહગતા–ઓના) સગુણ દેહોનો બ્રહ્મદેહમાં અંતર્ભાવ થયો. અને ગોપીઓના આ દેહનો હમણાં આ સ્વરૂપમાં થશે તેથી સર્વ બરોબર છે. એ વિષયને તદીયો એ સારી રીતે વિચારવો જોઈએ. (પ્ર)

પરાક્રમની ચિંતા યોગ્ય છે. સદોષ રીતે મને મળવું યોગ્ય નથી. એવો ભાવ છે.

(**અહિં શ્રીગુસાંઈજીનો સ્વતંત્ર લેખ છપાયો છે તેનો અનુવાદ આપ્યો છે.**)

(અથવા 'અચિરાન્ મામ્ અવાપ્સ્યથ' એમ કહેવાથી વ્રજમાં પધારેલા ભગવાન્ જેમ પહેલાં મળ્યા હતા તેમ મળશે. કે અંતર્ગૃહ ગોપીઓના જેવી પ્રાપ્તિ થશે એમ કહેવું છે ? જો પ્રથમ જેવી પ્રાપ્તિ કહેતા હો તો તે અમને કબુલ છે. છેલ્લો પક્ષ તો અનિષ્ટ હોવાથી તે સમાધાન અમારે માટે ન હોય. ત્યાં કહે છે કે 'યા મયા' ઈત્યાદિ. જે ગોપીઓ વ્રજમાં રહ્યા છતાં વનમાં રમતા મને પ્રાપ્ત થઈ એ આક્ષેપલભ્ય હોવાથી કે અમંગલની શંકાથી તેના દેહ[૧૨] પડ્યાની વાત ન કરી. દેહત્યાગપૂર્વક[૧૩] તેને પોતાની પ્રાપ્તિ થઈ તેમાં કારણરૂપ વિશેષણ કહે છે કે રાતમાં[૧૪] ક્રીડા કરતા મારી સાથે જેને રાસ નથી થયો તેથી વ્રજમાં રહ્યા છતાં વનમાં રહેલા મને તે પ્રાપ્ત થઈ. તમોને રાસનું સુખ પ્રાપ્ત થવાથી તેમ ન થયું. 'કલ્યાણ્યઃ' એવું સંબોધન કર્યું છે તેનો આવો ભાવ છે. રાસમાં પૂર્ણ સ્વરૂપાનંદ આ ગોપીઓમાં સ્થાપન કર્યો છે તે ભગવત્સ્વરૂપાત્મક[૧૫] હોવાથી તેનો અનુભવ કરતાં વિરહમાં પણ તેમનું જીવન ટકી રહેશે. પરંતુ તેમનું વિપરીતપણું (જીવના ભાવ) નહિ થાય. જો કે આ ભાવ અતિ કઠિન છે તેથી પ્રિયે 'અતિકૃચ્છ્રેણ, પ્રાયઃ, કથંચન' એમ ત્રણ પદો કહ્યાં છે. આગળ 'પ્રત્યાગમનસંદેશૈઃ' એ વાક્યથી તેને પ્રાણધારણનું[૧૬] કારણ બતાવ્યું તો પણ સંદેશનું અનુસંધાન પણ તેનું જ કાર્ય સમજવું. નહિ તો વિયોગ સર્વતિરોધાયક અને અતિ તીક્ષ્ણ હોવાથી ક્ષણમાત્રમાં અન્યથા કરી દે. અંતર્ગૃહગતાઓને તેના દેહત્યાગથી તેને રાસનું સુખ ન મળ્યું તે જ કારણ છે. એમ રહ્યું તે ઠીક કહ્યું છે. વિરહના[૧૭] વખતે જીવનનિર્વાહક ધર્મ ન હોવાથી તેના દેહ છુટી ગયા અને આત્મા મારામાં આવ્યા. તમારે તો દેહ હોવાથી

---

૧૨. એટલી અવસ્થા પામ્યાં જેથી.(લે)

૧૩. જે અવસ્થામાં હું આવ્યગામી થાઉં તે અવસ્થા.(લે)

૧૪. આવી ક્રીડામાં વખતે વિયોગનો પણ અનુભવ કરાવે પણ તેવી ક્રીડા ન હોવાથી સાયુજ્યનું દાન કર્યું એ 'રાત્ર્યામ્' એ પદથી કહ્યું.(લે)

૧૫. એમના ભાગરૂપ વ્રજ એ સંબંધી ભગવાન્ હતા મથુરાના સંબંધવાળા નહોતા. તેથી 'અસ્મિન્' પદ કહ્યું.(લે)

૧૬. અહિં સ્થાપન કરવામાં એવા ફલો મળવાનું આસ્થાન છે એમ કહેવું છે. (લે)

૧૭. અવિલંબથી ભગવાન્ મળે એવી ભગવદિચ્છા, તેના ભાગ્ય કહેવાથી સમજવી. તમને તો ઉપયોગ થયો. તમારી ઉપર પરમકૃપા થઈ તેથી વિયોગનો અનુભવ કરાવવા તે તમારું ભાગ્ય. એમાં ખલાસ થતાં ભગવત્સંયોગ કરાવી શક્યું નહિ.(લે)

પહેલાં તમો મને મળ્યાં હતાં તેમ મળશો તેથી જ જન્મોત્સવમાં 'આત્માનં ભૂષણં ચક્રુ:' એમ આત્મ[૧૮] શબ્દનો પ્રયોગ કર્યો છે શરીર શબ્દ વાપર્યો નથી. આત્મ શબ્દ તો ભગવાનનો વાચક છે. જો એમ ન અર્થ કરીએ તો સ્વક્રીડા અને તેમાં તેઓ ન પહોંચ્યા એમ કહેવાનું કાંઈ કારણ જોવામાં આવતું નથી.) ૩૮.

એવા ઉપદેશથી તેમના દોષો નિવૃત્ત થયા તે હવે કહે છેઃ

શ્રીશુક ઉવાચ

**એવં પ્રિયતમાદિષ્ટમાકર્ણ્ય વ્રજયોષિતઃ ।।**

**તા ઉચુરુદ્ધવં પ્રીતાસ્તત્સંદેશાગતસ્મૃતીઃ ।।૩૯।।**

શ્રીશુકદેવજી બોલ્યાઃ–એમ પ્રિયતમે મોકલાવેલા સંદેશાને વ્રજની સ્ત્રીઓએ સાંભળ્યો ત્યારે તે અતિ પ્રસન્ન થયાં અને સંદેશથી ભગવાનનું સ્મરણ આવતાં તે ઉદ્ધવની સાથે વાતો કરવામાં પ્રવૃત્ત થઈ. ૩૯.

તે ગોપીઓ વિદ્યારૂપ[૧] હતા તેથી તેને ૧૪ વાક્યો કહ્યાં એક વાક્ય આરંભનું કહ્યું. તેથી બધી ભગવાનની કલાઓ તેમાં પ્રકટી એમ કહ્યું છે. આમાં છેતરવાનું કાંઈ નથી એમ કહેવા માટે પ્રિયતમનો હુકમ છે એમ કહ્યું છે. તે આજ્ઞા કરે છે તે હું કહું છું એથી નહિ માનો તો ભગવાન્ તમારો દંડ પણ કરે. વ્રજસ્ત્રીઓ કહેવાથી કપટ રહિત અને શુદ્ધ છે એમ બતાવ્યું. તે ભગવાનનાં કૃપાપાત્ર છે તેણે જે કહ્યું તેનું ફલ પોતાનામાં થયું હોય એમ બતાવતાં ઉત્સવરૂપ ઉદ્ધવને કહેવા લાગ્યાં. ઉત્સવમાં પ્રિયનું સ્મરણ દઢ બને છે. ઉપદેશથી પ્રીતિ થતાં પહેલાં જે તેમાં દોષારોપ કરતા હતાં તે બધું છોડી દીધું. પહેલાં નિંદા કરતા હતા તે અત્યારે પ્રીતિ કરતાં કેમ થયા ? વિરહ તો હજુ જેવો ને તેવો જ છે. એ શંકાના ઉત્તરમાં કહે છે કે એમના સંદેશાનો અર્થ તે પહેલાં જ જાણતાં હતાં મધ્યમાં કાલદોષથી તે ભૂલી ગયાં હતાં તેથી તેમાં બીજો ભાવ આવી ગયો હતો તે પાછો યાદ આવ્યો. તેણે વિસ્મરણ દૂર કર્યું એટલે તેઓ ઠેકાણે આવી ગયાં. ૩૯.

ભગવાનના વીર્યનું સ્મરણ આવશ્યક છે તેથી તેની કૃતિને વખાણીને ભાવી વીર્યના સ્મરણને માટે કુશલ પૂછે છેઃ

---

૧૮. કાલ, કર્મ અને સ્વભાવ એ 'દૈવ' શબ્દથી લેવું તેથી તે દૈવના પર્યાય દુરિત અને ભાગ્ય છે તેને ભગવદિચ્છારૂપે વ્યાખ્યાનમાં કહ્યા છે. (લે)

૧. શ્લોકની સંખ્યાનું તાત્પર્ય કહે છે. ૧૪ વિદ્યા અને એક ઉપક્રમ મળી ૧૫ થયા. ભગવાન્ મનમાં રહે છે. મન ૧૬ કલાનું હોય છે એક બાકી રહેતાં ૧૫ કલા પોષણ કરનારી છે. દંડ દે તે તો વધારે વિયોગ રાખે એમ જણાય છે. 'મયા પરોક્ષં ભજતા' એમ ભગવાને કહ્યું ત્યારે ભગવાનનું સ્વરૂપ તેમણે જાણેલું પાછાં ભૂલી ગયાં તે સંદેશથી સ્મરણમાં આવ્યું.(પ્ર)

॥ગોપ્ય ઊચુઃ ॥

**દિષ્ટ્યાહિતઃ હતો કંસો યદૂનાં સાનુગોઘકૃત્ ॥**

**દિષ્ટ્યાપ્તૈર્લબ્ધસર્વાર્થૈઃ કુશલ્યાસ્તેચ્યુતોધુના ॥૪૦॥**

ગોપીઓ બોલીઃ- યદુઓનો શત્રુ કંસ તેના ભાઈઓ સાથે મર્યો એ બહુ સારું થયું. બધા અર્થો જેના પૂર્ણ થયા છે એવા ભગવાન્ પોતાના આપ્તજનો સાથે કુશલ છે એ વાત પણ તમે બહુ સારી કરી, અમે તેમાં અમારું સૌભાગ્ય માનીએ છીએ. ૪૦.

દોષ રહિત તે તે ભાવો પુરુષાર્થસાધક થાય છે તેથી તેને ગણાવે છે. અમારા ભાગ્ય સારાં કે કંસ મર્યો તેના ભાગ્યે તે મર્યો એટલે ભગવાને તેને માર્યો નથી એથી મૃતને મારવાનો દોષ ભગવાનને માથે ન આવે. પૂર્વે 'અક્રૂર[1] આવ્યો કે શું' તે દોષ ગોપીઓમાં આવ્યો હતો. કંસ યાદવોનો કટ્ટો દુષ્મન હતો. તેના ભાઈઓ તેને અનુસરનારા દુષ્ટ હતા તેને લીધે તેના ભાઈઓને[2] મારવા પડ્યા એમ નથી પણ તે પણ મારવા યોગ્ય હતા તેથી માર્યા છે. તે બધા પાપી હતા. કંસનું પણ હિત કરનાર નહોતા. તેની પાસે પાપ કરાવતા હતા જેનાથી તેના પરલોકનો નાશ થાય. એવાને મારવા જોઈએ. વિશ્વાસપાત્ર હિતાચારી બંધુઓએ પોતે ગુમાવેલ મિલક્ત પાછી મેળવી છે તે સર્વ પુરુષાર્થ સંપન્ન-થયા તેમ થવામાં કાલનો અતિક્રમ તો થાય જ તેથી તે બંધુઓનું અનિષ્ટ દૂર કરી ઈષ્ટ સંપાદન કરી આગળ પણ તેમનું ભલું કરવા પોતે હાલ કુશલતાથી વિરાજે છે એ પણ અમારા ભાગ્ય છે. આ કથન અનુવાદરૂપ છે કેમ કે ભગવાન્ તો 'અચ્યુત' છે. તેનામાં કોઈ અન્ય સંભાવના થવા સંભવ જ નથી. ૪૦.

એમ ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન તથા તે સર્વોપકારક છે એ વાત કહી. હવે મથુરાની સ્ત્રીઓમાં પોતાને માત્સર્ય નથી એ વાત બતાવવા માટે વિશેષ વૃત્ત પૂછે છેઃ

**કચ્ચિદ્ગદાગ્રજઃ સૌમ્ય કરોતિ પુરયોષિતામ્ ॥**

**પ્રીતિં નઃ સ્નિગ્ધસવ્રીડહાસોદારેક્ષણાર્ચિતઃ ॥૪૧॥**

હે સોમ્ય ! ગદના મોટાભાઈ નગરની સ્ત્રીઓમાં પ્રીતિ કરે છે ? સ્નેહ, લજ્જાપૂર્વક હાસ અને ઉદાર દષ્ટિથી તેની પૂજા અમોએ કરેલી છે. ૪૧.

ગદના મોટાભાઈ કહ્યા તેથી વંશને ઉત્પન્ન કરવાનું તેમાં સામર્થ્ય કહ્યું.

---

૧. આ શ્લોકમાં પૂર્વ સિદ્ધ ભાવ કયો આવ્યો ત્યાં કહે છે કે ઉદ્ધવના આગમન વખતે અક્રૂર આવ્યાની તેણે ભાવના કરેલી તે દોષ.(પ્ર)

૨. કંસને માર્યો એ રૂપ ગુણ કહ્યો. (પ્ર)

ભગવાન્ મથુરા પધાર્યા ત્યારે રોહિણીમાં ગદનો જન્મ થયો. તેથી ભગવાન્ પ્રદ્યુમ્નરૂપે ત્યાં વિરાજે છે એમ કહ્યું તે સ્ત્રીઓની કામના પૂર્ણ કરે છે. તે નગરની સ્ત્રીઓથી પ્રીતિ કરે છે કે કેમ ? હે સૌમ્ય, એ ઉદ્ધવને સંબોધન કરવાથી તે નાગરીઓ સાથે પ્યાર કરે એમાં અમારે દોષભાવ નથી એ કહ્યું. તે નાગરીઓ ધૃષ્ટતાથી ભગવાનની પાસે કેમ આવી શકે ? ત્યાં કહે છે કે અમોએ ભગવાનનું સ્નેહ લજ્જા, હાસ અને ઉદાર દૃષ્ટિથી પૂજન કરેલું છે. લોક તો પૂજાએલાનું પૂજન કરનાર છે. તેથી પ્રથમ અમોએ સ્નેહ વિગેરે ભાવો કરીને એમની સેવા કરી છે, અમે પૂજા માત્ર કરી છે, તેનો ઉપયોગ કર્યો નથી. તેમાં અમારે કામનો[૧] અભાવ છે એમ બતાવ્યું. ભગવાનને સ્ત્રીમાં પ્રીતિ કરવાનો અભ્યાસ[૨] છે એમ પણ બતાવ્યું. હલકા[૩] રસમાં પણ ક્વચિત્ પુરુષ પ્રવૃત્ત થાય છે એમ ભગવાનની અમારામાં પ્રવૃત્તિ થઈ હતી. હવે તો ઉત્તમ નગર સ્ત્રીઓ તેને મળી છે તેમાં પણ ભગવાન્ સ્વતઃ તેમાં પ્રવૃત્ત થતા નથી પણ તેની ઈચ્છાથી પ્રવૃત્ત થાય છે. તેથી પૂછ્યું કે નાગરીઓથી ભગવાન્ પ્રીતિ કરે છે ? બ્રહ્માનંદથી સ્ત્રીનો આનંદ અધમ ગણાય તેથી ન પણ પ્રવૃત્તિ કરે, તેના આગ્રહને લીધે પ્રવૃત્ત થાય પણ ખરા તેથી પ્રશ્ન કર્યો. પ્રથમ તો ધૃષ્ટતા બતાવવા ભગવાનમાં સ્નેહની દૃષ્ટિ કરે પછી ભગવદ્ધર્મ[૪] અમારામાં આવ્યો છે એ સૂચવતી ઉદાર દૃષ્ટિ કરે. ભગવાનને પણ સુખ આપનાર શબ્દવ્યવધાનયુક્ત છતાં સર્વને સર્વ પુરુષાર્થ આપનારી માટે ઉદાર કહેવાય. એવી દૃષ્ટિ થયા પછી મધ્યમાં[૫] હાસ કરે તે પોતાનો પુરુષાર્થ સૂચક ગણાય. તે પણ[૬] પહેલી પ્રવૃત્તિમાં જ પાછળથી હાસ કરે. પાછળથી કૃતાર્થતાને સૂચવનારી લજ્જા પણ કહી છે. સ્નેહ, હાસ[૭], ઉદારતા અને લજ્જાવાળી દૃષ્ટિથી પૂજા કરેલી છે જેની એવા ભગવાન્ પ્રથમ સ્નેહથી પરિગ્રહ કરે, ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે પ્રથમ પ્રવૃત્તિમાં શરમ આવે પછી અત્યંત આનંદ થતાં હસવું આવે પછી

---

૧. ભગવાનમાં અમારો કામ સિદ્ધ નથી થયો.(પ્ર)
૨. ભગવાન્ સ્ત્રી સાથે પ્રીતિ કરી જાણે છે.(પ્ર)
૩. આ 'નઃ' પદનું તાત્પર્ય છે. અહિં 'મધુપ' શ્લોકનો પ્રતિપ્રસવ છે. (પ્ર)
૪. ઔદાર્ય એ ભગવદ્ધર્મ છે.(લે)
૫. સ્નેહ અને ઉદારતાની વચ્ચે.(લે)
૬. પોતાના ત્રીજા પુરુષાર્થનો સૂચક.(લે)
૭. હાસની પ્રથમ પ્રવૃત્તિમાં લજ્જા કહી. પૂર્ણ રસાનુભવ તો પાછળથી થશે એમ બતાવવા માટે ત્યારે કૃતાર્થતા બતાવવા માટે રસનો મદ થવાથી હસવું આવે. કામપ્રવૃત્તિમાં હસવું લાજવાળું હોય એ વાત 'એવં પરિષ્વઙ્ગ' શ્લોકમાં કહી છે. 'વ્રીડાપિ' ત્યાથી અપિ શબ્દથી સ્નેહ લેવો. સ્નેહવાળી દૃષ્ટિ ભગવાનને ગ્રહણ કરે છે. (લે)

બધી કલાઓ બતાવે તે ઉદારતા કહેવાય. ૪૧.

ભગવાન્ તો નિર્લેપ છે તે એમ કેમ કરે ? એમ શંકા કરી અભિપ્રાય આપે છેઃ

**કથં રતિવિશેષજ્ઞઃ પ્રિયશ્ચ વરયોષિતામ્ ।।**
**નાનુબધ્યેત તદ્વાક્યૈર્વિભ્રમૈશ્ચાનુભાવિતઃ ।।૪૨।।**

ભગવાન્ રતિના ભેદને જાણનાર છે. ઉત્તમ સ્ત્રીઓની પ્રીતિના તે પાત્ર છે. સ્ત્રીઓના વાક્યો અને વિલાસોનો તેને અનુભવ કરાવે તો તેમાં તે કેમ ન બંધાય ? ૪૨.

બધા રતિના ભેદને ભગવાન્ જાણે છે. નાગરબંધ નાગરીમાં જ થાય. જો એ ન જાણે તો તે જ્ઞાન વૃથા થાય. કોઈક દિવસ તો તે જ્ઞાન પ્રકટ કરવું જ જોઈએ. તે સ્વકીયામાં તો ન જ થઈ શકે. ભગવાન્ ઉત્તમ સ્ત્રીઓની પ્રીતિના વિષય છે, નહિ તો[1] તે સ્ત્રીઓ ઉત્તમ[2] જ ન કહેવાય. તેમના જન્મને[3] સફલ કરવાને માટે ભગવાન્ પોતાના જ્ઞાનને સફલ કરવા માટે તેમના રસમાં[4] કેમ ન જોડાય ? અનુબંધ એટલે નિરંતર વધતી પ્રીતિ–જેમ રેતઃમાત્રથી પ્રીતિ થતી નથી, તે રેત યોનિમાં મૂકવાથી પ્રીતિ થતી નથી, તે થોડું વધવાથી પ્રીતિ થતી નથી, તેનો પ્રસવ થવાથી પ્રીતિ વધતી નથી, જેવી પ્રીતિ સર્વગુણસંપન્ન પુત્રમાં થાય છે. આનું નામ 'અનુબંધ' છે. તેથી નિરંતર વધતી પ્રીતિ વડે કેમ તે ન બંધાય ? તો પણ તે પ્રીતિના પોષક ન હોય તો ન બંધાય. જેમ મૂર્ખ પુત્ર હોય તો બાપનું મન તેમાં ન બંધાય. ત્યાં કહે છે કે તે નાગરીઓનાં વાક્યો અને વિલાસો તેના મનને રંગ લગાડે. 'ચકાર'થી મનનું રંજન લેવું. તેવા કાયા, વાણી અને મનના ઉત્તમ ધર્મો વડે જેણે અનુભવ કર્યો હોય અથવા ભાવ કરાવનારા દ્રવ્યોથી જેણે ભાવ કરાવ્યો હોય, અનુભવ કરાવ્યો હોય. જે રસ, હૃદયમાં પેઠો તે પોતાનો પ્રતાપ જણાવ્યા વિના રહેતો નથી. વાક્યો તેમાં ઉદ્દીપક[5] છે તેથી ભગવાન્ બંને[6] પ્રકારે વહેંચાએલા પ્રકટ થયા છે. તેના સારા ભાવ વડે ગોપીઓની દોષાભાવપૂર્વક સર્વ સિદ્ધિ કહેવામાં આવી. ૪૨.

૧. તેના જન્મ સફલ કરવા અને પોતાનું જ્ઞાપ સફલ કરવાનો ભગવાનનો અભિપ્રાય છે.(લે)
૨. એમ ન કરે તો પ્રિય ઉત્તમ ન ગણાય. તેથી નિર્લેપને પણ તેમ કરવાનું કારણ કહ્યું.(પ્ર)
૩. ભાવકપુષ્પાદિથી.(લે)
૪. રસનો પ્રતાપ એવો છે કે તેમાં બંધાય.(લે)
૫. ઉદ્દીપક પણ છે તેથી 'ચકાર' છે. શક્તિમાં સામર્થ્ય વહેંચ્યું છે તેથી 'વિભજ્યૈવ શક્તિં કૃષ્ણો ભગવાનવતીર્ણઃ' એમ પ્રથમ ૩ શ્લોકથી કહ્યું તેવા ભગવાન્ અદષ્ટ દષ્ટ પ્રકારથી સારી રીતે ભાવનાના વિષય બને ત્યારે તેમાં પહેલાથી દોષાભાવ અને બેથી ગુણ કહ્યા.(લે)
૬. રતિ વિશેષ જાણવાથી અને પુરસ્ત્રીના પ્રીતિપાત્ર હોવાથી એમ 'દ્વય' શબ્દનો અર્થ કરવો.(પ્ર)

ગોપીઓ કહે છે ભગવાન્[1] તો આપણને ઉપદેશ આપી આપણા ગુરુ બન્યા પણ આપણે તો પૂર્વ વાસના વડે તેનું સ્મરણ કરશું. ભગવાન્ જો એમ કરતાં તે ભાવ છોડી દેશે તો આપણો અપરાધ ન ગણાય. તેથી ભગવાનની પૂર્વાવસ્થાની સ્મૃતિનો ગોપીઓ ઉદ્ધવને પ્રશ્ન કરે છેઃ

**અપિ સ્મરતિ નઃ સાધો ગોવિન્દઃ પ્રસ્તુતે ક્વચિત્ ।।**
**ગોષ્ઠિમધ્યે પુરસ્ત્રીણાં ગ્રામ્યાઃ સ્વૈરકથાન્તરે ।।૪૩।।**

હે સાધો ! ગોવિંદ ભગવાન્ સ્ત્રીઓની ગોષ્ઠીમાં સ્વચ્છંદ કથાની વચ્ચે નાગરીઓમાં અમને (ગ્રામ્યસ્ત્રીઓને) યાદ કરે છે ખરા ? ૪૩.

સંભાવનાથી પ્રશ્ન કર્યો છે. જો તમારું સ્મરણ ભગવાનને ન હોય તો તે તમને ઉપદેશ આપવા મને કેમ મોકલે ? તેના ઉત્તરમાં કહેવાનું કે અમારું કહેવું છે કે ગામની સ્ત્રીઓની ગોષ્ઠીમાં અમને યાદ કરે છે ? શાસ્ત્રાર્થના[2] જ્ઞાનની ભાવના વખતે અમને સંભારવાનું એમ કહેતાં નથી. ત્યાં કહે છે કે આવો ઉપદેશ કરનાર તમારું સ્મરણ કરે એવી સંભાવના કેમ કરાય[3] ? તેના ઉત્તરમાં કહે છે કે તે તો અમારા ઈન્દ્ર[4] છે. ઈન્દ્રપણાથી તેણે અમારો ઉપયોગ કર્યો છે. અનુભવ તેને છે તેથી અનુભવેલી વસ્તુને સાદૃશ્ય કે એવા બીજા સ્મારક મળે તો પૂર્વસંસ્કારોદ્‌બોધન થાય તો યાદ કરે. તેટલા માટે કહે છે કે પ્રસ્તુત વિષયમાં યાદ કરે છે. ત્યારે ભગવાન્ પોતાને ઈચ્છિત અવસ્થાવાળા હતા, સત્યસંકલ્પવાળા હતા. તેથી તેવી અવસ્થા પણ સંપાદન કરે. વળી તેમાં અમારું સ્મરણ વ્યાવર્તકધર્મથી થાય જ. કેમ કે અમે તો ગ્રામ્ય સ્ત્રીઓ તે ગ્રામ્યબંધથી ખુશી થઈએ. નાગરીઓમાં તેવા પ્રયોગો ભગવાન્ કરવા જાય તો નાગરીઓ 'આવો ગોપીઓના જેવો ગ્રામ્ય પ્રયોગ કેમ કરો છો' એમ તેનો નિષેધ કરવા માટે કહે. ઈચ્છાપૂર્વક કથા ચાલતી હોય તેની વચ્ચે અમને યાદ કરે છે ? ત્યાં કહે કે એવી વાત હું કેમ જાણું ? તેના ઉત્તરમાં કહેવાનું કે તમે સાધુ[5] છો, સર્વને ઉપકાર કરનાર ભગવાન્ છે, તેથી ગુપ્ત વાત કહે. ૩૪.

---

૧. ભગવાન્ અત્યારે ગુરુ થયા છે.(લે)
૨. ગોપીઓને શાસ્ત્રનું જ્ઞાન કેવી રીતે થાય એવા વિચારમાં અમને યાદ કરવાની વાત અમે પૂછતાં નથી. (લે)
૩. નિષિદ્ધ કરેલ વસ્તુનું વિધાન કરવું તેનું નામ 'પ્રતિપ્રસવઃ'.(પ્ર)
૪. ગોપીઓના ઈન્દ્ર કહ્યા તેથી કામનો અભાવ પુષ્ટ કર્યો. (પ્ર)
૫. તમે સાધુ હોવાથી તમને કોઈ જાતનો વિકાર ન હોય. તમે ભગવાનના અંતરંગ ભક્ત હોવાથી તેવી વાતને તમે જાણો ખરા. એમ જાણી તમને પ્રશ્ન કર્યો છે.(લે)

પૂર્વની જેમ વિશેષલીલા સ્મરણમાં લાવીને પૂછે છેઃ

**તાઃ કિં નિશાઃ સ્મરતિ યાસુ તદા પ્રિયાભિર્વૃન્દાવને કુમુદકુન્દશશાઙ્કરમ્યે ।।**
**રેમે ક્વણચ્ચરણનૂપુરરાસગોષ્ઠ્યામસ્માભિરીડિતમનોજ્ઞકથઃ કદાચિત્ ।।૪૪।।**

કુમુદ, કુંદ અને ચંદ્રથી શોભતા વૃંદાવનમાં પગના નેપુરના ઝણકારવાળી મંડલીમાં પ્રિયાઓની (અમારી) સાથે ભગવાન્ રાસ રમ્યા અને અમે તેમની કથાનાં વખાણ કર્યા તે રાતોને ભગવાન્ યાદ કરે છે ? ૪૪.

ઉપરના શ્લોકમાં કહ્યા ધર્મોયુક્ત[1] જો અમારું સ્મરણ ભગવાન્ કરે તો ભગવાનને સંતોષ તેનાથી જ થાય એટલે અત્યારે તે ગુરુ થયા છે. તેની દક્ષિણામાં અમારે કાંઈ દેવું[2] ન જોઈએ. તે 'મયેમા રંસ્યથ ક્ષપાઃ' એ વરદાનમાં આપેલી રાત્રિઓ, જે પોતે આપ્યું હોય તે આપનારને યાદ જ હોય. વખતના સ્મરણથી શું વિશેષ છે ? ત્યાં કહે છે કે જે રાતોમાં ત્યારે ભગવાન્ રમ્યા હતા. હમણાં તેમ નથી કરતા. કાલ અને દેશ તો વિદ્યમાન છે છતાં રમણ થતું નથી, તેથી વારંવાર સ્મરણ થાય છે. તે વખતે અમો તેના વ્હાલાં હતાં, હમણાં તેનાં શિષ્યો બન્યા છીએ. વૃંદાવન એ સ્વતંત્ર લીલાનું સ્થાન છે એવી લીલા નગરમાં ન થઈ શકે. તે વૃંદાવન કુંદ, કુમુદ અને ચંદ્રથી સુંદર દેખાતું હતું. અન્ય જગ્યાએ દોષરૂપ હોય છતાં અહિં ચંદ્ર ગુણરૂપ છે. જો કે તે સસલાના લાંછનવાળો છે પરંતુ કામમાં તે ઉદ્બોધક છે. કુમુદ પણ રાતના વિકસે છે. ચંદ્ર સામગ્રી સાથે ત્યાં પ્રીતિને વધારનાર છે. એ પ્રક્રિયા બતાવી. કુંદ બારમાસ થનારાં ફૂલ છે. રાતના પુષ્પો સાધારણ છે. તેનો વિકાસ કરનારો ચંદ્ર અહિં પ્રીતિને વધારનાર છે તેમાં પણ રસના પ્રાકટ્ય માટે ઝાંઝરના શબ્દ કરતા પગવાળી સ્ત્રીઓનો રાસ તેમાં, અમોએ તે ભગવાનની વાતને વખાણી હતી. ત્યાં 'કદાચિત્' કહેતાં તે સમયની અવસ્થાની દુર્લભતા બતાવી છે. તે અત્યારે પણ તેવું કરે તો સુંદર કથાથી અમે તેની સ્તુતિ કરીએ તેથી તે લૌકિક[3] પણ કરે. 'અમોએ' એમ કહેવાથી પ્રમાણ કહ્યું. શબ્દ કરતાં નેપુર ચરણમાં છે. એથી ભગવાન્ આલંબનયુક્ત છે એમ બતાવ્યું. તેણે અમને નચાવ્યા અમે પણ નાચગાનથી તેમનું આરાધન કર્યું. તે જો અત્યારે અમને યાદ કરે તો

૧. વ્યાવર્તકધર્મવિશિષ્ટ સ્મરણ.(લે)

૨. અમારે ન દેવું જોઈએ આમ ગ્રામ્ય રીતિ કેમ કહો છો ? એમ નાગરીઓ કહે તેમાં ગોપીઓની જેમ એવું અમારું દષ્ટાંત આપે તો તે નાયકાને સંતોષ થાય તેનાથી ભગવાન્ રાજી થાય એટલે તે જ અમારા તરફની ગુરુદક્ષિણા મળી ગણાય તેથી 'ન દેયમ્' એમ કહ્યું છે.(લે)

૩. લૌકિક કરે એટલે બાહ્ય રમણ ભગવાન્ અમારી સાથે કરે એવો તેનો અર્થ છે. (લે)

સાધનરહિત પણ અમો કૃતાર્થ થઈએ. દોષનિગ્રહમાં[૪] તાત્પર્ય છે. ભગવાનને પણ મનોનિગ્રહ વ્હાલો નથી. ૪૪.

ભગવાને અમને ઉપદેશ કર્યો તેથી અમે તેના શિષ્ય તો થશું પણ તે પ્રથમની જેમ કૃપા કરશે ? એ અભિપ્રાયથી કહે છેઃ

**અન્વેષ્યતીહ દાશાર્હસ્તપ્તાઃ સ્વકૃતયા શુચા ।।**
**સઞ્જીવયન્તુ નો ગાત્રૈર્યથેન્દ્રો વનમમ્બુદૈઃ ।।૪૫।।**

ભગવાને શોકમાં નાખ્યાં તેથી તપેલા અમોને દાશાર્હ અહિં પધારી જેમ વૃષ્ટિ વડે ઈન્દ્ર વનને જીવાડે છે તેમ અમને શ્રીઅંગ વડે સંજીવન આપી જીવાડશે ? ૪૫.

જો તેને કૃપા[૧] ન કરવી હતી તો 'નો ચેદ્વયં' એ વાક્ય બોલ્યાં ત્યારે તેમણે અમારો ભોગ કેમ સ્વીકાર્યો ? અમારા ઉત્કટ કામને દૂર કરીને કોમલ બનાવશે તે સમયે ઉપદેશનું ફલ થશે તેથી ફરીને આકાંક્ષા થાય છે. ત્યાં જવામાં તો સુખ થશે જ નહિ, ત્યાં આપણી સ્વતંત્રતા રહે નહિ. ત્યાં કહે કે ઈશ્વર અહિં પધારશે તેના ઉત્તરમાં કહેવાનું કે તે 'દાશાર્હ' છે, દાસને યોગ્ય છે, જે દયાળુ હોય તે પારકા દુઃખ મટાડનાર હોય છે. એમ તાપહારક ભગવાનના ધર્મોને કહીને ગોપીઓ પોતાનો તાપ બતાવે છે, અમો શોકથી તાપ પામ્યાં છીએ. તેના ઉત્તરમાં કહે કે આધ્યાત્મિક તાપ દૂર કરવા માટે તો ભગવાને તમને જ્ઞાનનો ઉપદેશ કર્યો છે. તેના જવાબમાં કહે છે કે આ અમારો શોક ભગવાને જ કર્યો છે. કેમ કે પોતે અમને છોડી ચાલ્યા ગયા. અમે શોકમાં દ્રવિત થયાં તેથી હમણાં શૂદ્ર થયાં. તે ઉપદેશને અમે યોગ્ય કેમ થઈએ ? અમારો શોક દૂર થયા પછી તમે ઉપદેશ કરો. પ્રથમ તો જીવન ટકવું જોઈએ પછી ઉપદેશાદિ બધું થશે. અમે સકામ[૨] મરીએ તો અમારી મુક્તિ ન થાય. હમણાં તો અમારું જીવન નભે તેમ શ્રીઅંગ મુખારવિંદ વિગેરેથી અમને જીવતાં રાખવા તે પધારશે ? 'તુ' શબ્દ જ્ઞાનપક્ષનો વ્યાવર્તક છે. ભગવાન્ તમારે માટે એમ કરે તેમાં તમારું શું સાધન છે ? અમારા ઈન્દ્ર છે તે સાધન છે. સાધારણ વન અથવા ખાંડવવન બળતું હોય તે વરસાદ વિના તો ઠરે નહિ કેમ કે દાવાનળને વરસાદ વગર કોઈ બુઝાવી ન શકે. ઘર બળ્યું હોય તો બહારના જળથી ઠરે ખરું.

---

૪. 'તન્નિરુન્ધ્યાદિન્દ્રિયાણિ' એ ભગવાનના ઉપદેશથી આ વાક્ય વિરુદ્ધ જાય છે તેથી ઉપદેશને તે અસમર્થ બનાવે છે તેમાં આજ્ઞાનો ભંગ થાય છે. તેના ઉત્તરમાં ભગવાનનો વિચાર દોષ ન થવામાં છે. (પ્ર)

૧. ઉપદેશમાત્રમાં જો તાત્પર્ય હોય તો તે કૃપા કેમ કરે ?(લે)

૨. કામના તો અમને પ્રબલ છે તે પ્રબલ થાય તો ઉત્તરદલાત્મકતા ન થાય. 'નુ' શબ્દ નિશ્ચયવાચક હોવાથી પક્ષાંતરનું વારણ કરે છે.(લે)

તેથી અમને ક્લેશ છે તેની શાંતિ થાય તો પછી તે ઉપદેશનું જ્ઞાન અમને થાય એવો અમારો મનોરથ છે. ૪૫.

સંભાવનાથી ભગવાન્ આવશે એમ કહીને યુક્તિથી તેનો નિષેધ કરે છેઃ

**કસ્માત્કૃષ્ણ ઈહાયાતિ પ્રાપ્તરાજ્યો હતાહિતઃ ।।**
**નરેન્દ્રકન્યા ઉદ્વાહ્ય પ્રીતઃ સર્વસુહૃદ્વૃતઃ ।।૪૬।।**

કૃષ્ણને તો મથુરામાં રાજ્ય મળ્યું છે. તેણે શત્રુઓને માર્યા છે. હવે રાજાઓની કન્યાઓને પરણીને પ્રસન્ન થઈ સર્વ સુહૃદો સાથે ત્યાં રહેશે. એ કૃષ્ણ અહિં (ગોકુલમાં) શા માટે આવે ? ૪૬.

કૃષ્ણ અહિં શા માટે આવશે ? વર્તમાન પ્રયોગથી એ જણાવે છે કે જો આવે તો હમણાં જ આવે. બંને કામ* કરીને ચાલ્યા જાય. વિલંબ કરવાનું કાંઈ કારણ નથી. હમણાં તો નગરની સ્ત્રીઓ ભક્ત છે તેનું સમાધાન કર્યા પછી તે આવશે. ત્યાં કહે છે કે ઉત્તરોત્તર આવવામાં પ્રતિબંધ જણાય છે. પ્રથમ તો રાજ્ય પ્રતિબંધક છે પછી શત્રુઓ મારવા લાયક હોય તેને માર્યા વગર અવાય નહિ. જ્યારે દિગ્વિજય કરે ત્યારે રાજાઓની કન્યાઓને પરણીને તેમાં પ્રીતિ કરે પછી તેમાં પુત્રપૌત્રાદિ થાય તેની સાથે વિંટાઈને રહે બધા તેને રોકવાનો આગ્રહ કરે તેથી એ અહિં ક્યાંથી આવી શકે ? ૪૬.

જેમ તેનું રાખવું પડે તેમ તમારું પણ રાખશે. તેથી જરુર આવશે ત્યાં કહે છેઃ

**કિંમસ્માભિર્વનૌકોભિરન્યાભિર્વા મહાત્મનઃ ।।**
**શ્રીપતેરાપ્તકામસ્ય ક્રિયેતાર્થઃ કૃતાત્મનઃ ।।૪૭।।**

તે તો મહાત્મા છે અમે તો વનમાં રહેનાર છીએ. અમારાથી કે બીજાથી તેને શું પ્રયોજન હોય કે તે આવે કેમ કે તે લક્ષ્મીના પતિ છે આપ્તકામ છે એવા કૃતાર્થ પુરુષનું આપણે શું કરી શકીએ ? ૪૭.

અમારા તાપને જુએ તો તે આવે. અથવા તેને અમારી અપેક્ષા હોય તો આવે. જો અમારા તાપનો વિચાર હોય તો હમણાં જ તે આવે. ત્યાં કહે કે હમણાં તો તેને ઘણાં કામ છે તે ન આવે તો કહે છે કે તદીયનો ઉપકાર કરવો આવશ્યક છે અન્યના ઉપકારની આવશ્યકતા નથી. તેમ હોય તો અમે[૧] જરુરીનાં છીએ. સ્વાર્થમાં તો અમારાથી કે બીજાથી તેને શું પ્રયોજન છે ? તેમાં પણ પોતાનું અપ્રયોજકપણું બતાવે છે કે અમો તો જંગલમાં રહેનાર છીએ વનમાં ફરનારી અમે

*. કામશાંતિ અને ઉપદેશ એ બંને કરીને જશે. 'તુ' ને બદલે ક્વચિત્ 'નુ' છે. (લે)

૧. બીજાના ઉપકારનું કાર્ય કરે તે કરતાં અમે આવશ્યક છીએ. કેમ કે અમે અતિતપ્ત છીએ.(લે)

છીએ તેથી અમે તો વાંદરા બરોબર હોઈને બધા ધર્મોથી બહિષ્કૃત[2] થયાં છીએ અથવા અમારામાં ધર્મ હો તો પણ તેનાથી ભગવાનનો ઉપકાર થાય તેવું તો નથી. તેમાં 'વા' અનાદરમાં છે. સર્વત્ર કારણ કે તે 'મહાત્મા' છે મોટાઓને બીજાની જરુર ન હોય. તેમાં પણ આત્માની જરૂર નથી તે પોતે જ સર્વત્ર વ્યાપ્ત થનાર છે અથવા તે મોટા પ્રતાપી છે તેથી અલૌકિક ઉપાય કહ્યો. લૌકિક રીતે કહે છે તે લક્ષ્મીના પતિ છે. લક્ષ્મી બધી અપેક્ષા પૂર્ણ કરે સેવકની પણ કરે તો સ્વામિનું શું કહેવું. જેને કામ સર્વ રીતે પૂરો થયો છે. બીજાના કામ પૂરે છે તો પણ પોતે પૂર્ણકામ રહે છે. તેથી અમારાથી તે શું સિદ્ધ કરે ? જેણે પોતાને માટે આત્માઓ કર્યા છે. બધાને ક્રીડા કરવા માટે પોતે બનાવ્યા છે. કેટલાક કહે છે કે તે બધા જીવોનાં ચિત્ત તેણે વશ કર્યા છે. ૪૭.

એમ છે તો શું કરવું ? ત્યાં ઉપાયનો વિચાર કરી તેને દૂષણ આપે છેઃ

**પરં સૌખ્યં હિ નૈરાશ્યં સ્વૈરિણ્યપ્યાહ પિઙ્ગલા ।।**
**તજ્જાનતીનાં નઃ કૃષ્ણે તથાપ્યાશા દુરત્યયા ।।૪૮।।**

પિંગલા વેશ્યા હતી છતાં તેણે આશા ન રાખવી એને પરમ સુખ કહ્યું છે. આપણે તેને જાણીએ છીએ છતાં કૃષ્ણમાં આપણી આશા અનંત છે. ૪૮.

આશા બધાને દુઃખનું કારણ છે તેને છોડવી એ સુખનું સાધન છે 'પ્રજાપતે[1] આશયા વૈ શ્રામ્યસિ' એવી શ્રુતિ છે. તેથી આશા છોડવી એ શ્રુતિ અને અનુભવથી સિદ્ધ થએલ સાધન છે તે ફલમાં ઐકાંતિક સાધન છે ફરે નહિ તેવું સાધન છે પણ પરમ સુખરૂપ છે. સ્વભાવથી પરમ સુખરૂપ છે. એ અર્થ યોગ્ય છે. 'ઔપસ્થ્ય-જૈહ્વયકાર્પણ્યાત્ ગૃહપાલાયતે જનઃ' (ઉપસ્થ અને જીહ્વાની લાલસામાં માણસ કુતરો બને છે) જે સ્વચ્છંદ ફરનારી હોય તે મનના વિક્ષેપવાળી હોય, નહિ તો એકમાં સ્થિર થાય. તેણે પણ નૈરાશ્ય સ્વીકાર્યું 'યથા સંછિદ્ય કાન્તાશામ્' એ આગળ કહેવાશે. આથી આશાનો અંત નથી એમ પણ કહ્યું.

૨. રસશાસ્ત્રસિદ્ધ સર્વધર્મબહિષ્કૃત છીએ. એ અવસ્થાવિશેષથી દૈન્ય પ્રકટતાં એમ કહ્યું છે.(લે)

૧. 'પ્રજાપતેરાશયા' એ ઉપાખ્યાન યજુર્બ્રાહ્મણ તૃતીયાષ્ટક દ્વાદશ પ્રપાઠક દ્વિતીયાનુવાકમાં છે. તેમાં 'શ્રામ્યસિ' કહ્યું છે તેથી તે દુઃખનું કારણ છે. ત્યાં કહે છે ગોપીઓ શ્રુતિઓ છે તેને આર્ષજ્ઞાન હોવાથી શ્રૌતસાધન પણ અવશ્ય સ્ફૂરવું જોઈએ તે સાધન કરવું જોઈએ. ત્યાં કહે છે કે તે અવૈદિક હોઈને પોતે વૈદિક સાધનો કરી ન શકે તેથી તે કૃષ્ણાશા સફલ થાય કે ન થાય. તે સંદિગ્ધ છે. 'તમાશાબ્રવીત્' ત્યાં એ નિર્ણય છે 'યો બ્રાહ્મણં વિદધાતિ' ત્યાં વેદને જાણનાર બ્રહ્માનું અજ્ઞાન કહ્યું છે તો ગોપીઓના અજ્ઞાનમાં શું કહેવું. તે અજ્ઞાન ભગવાનની ઈચ્છાથી કહો તો સંભવે. (પ્ર)

પિંગલા નામની વેશ્યા હતી આ કથા નારદાદિએ આર્ષજ્ઞાનથી કે કથા સાંભળવાથી જાણી છે. આપણે પ્રકાર ફલ અને યુક્તિથી જાણ્યા છતાં આશાને છોડતાં નથી. ત્યારે તે પક્ષનો આપણે આદર કેમ નથી કરતાં ? તેનો ઉત્તર આપતાં કહે છે કે કૃષ્ણમાં આશા છેડા વગરની અનંત છે. પિંગલાએ કૃષ્ણની આશા રાખીને બીજાની આશા છોડી એટલે સર્વથી કૃષ્ણ અધિક છે એને ભજ્યા. આપણે તો કૃષ્ણને કોની આશા રાખી છોડીએ ? ઉત્કર્ષ તો કૃષ્ણમાં વિશ્રાંત થાય છે તેનાથી કોઈ વધારે નથી. આ ગોપીઓ અવૈદિક[૨] હોવાથી વેદમાં આશા પૂર્ણ કરવાના ઉપાય કહ્યા છે તેનું ગોપીઓને અજ્ઞાન છે. કૃષ્ણાશા વૈદિકકર્મથી સિદ્ધ થાય છે કે કેમ તેનો સંદેહ છે 'તમાશાબ્રવીત્' ત્યાં એ નિર્ણય છે. ૪૮.

પદાર્થનું વિસ્મરણ થાય તો આશા છુટે ત્યાં કહે છેઃ

**ક ઉત્સહેત (વિસ્મર્તું) સંત્યક્તુમુત્તમશ્લોકસંવિદમ્ ।।**
**અનિચ્છતોપિ યસ્ય શ્રીરંગાન્ન ચ્યવતે ક્વચિત્ ।।૪૯।।**

ભગવાનના સ્મરણરૂપ જ્ઞાનને છોડવાને કોણ સમર્થ થાય ? ભગવાન્ પોતે ઈચ્છા કરતા નથી છતાં લક્ષ્મી તેના વક્ષઃસ્થલમાંથી ઘડીભર દૂર થતી નથી.૪૯.

ઉત્તમ કીર્તિવાળા ભગવાનનું સ્મરણાત્મક જ્ઞાન, કોણ વિસરી શકે ? 'સંવિત્' શબ્દથી સંબંધ અને જ્ઞાન એવા બે અર્થ કરવા. ઉત્તમ એટલે નારદાદિ ભક્તો તેની કીર્તિનું ગાન કરે છે પણ તેને સંબંધ થતો નથી. બધા તેની કીર્તિને ગાય એટલે ભગવત્સ્મરણ સુલભ છે. કોઈ જાતનો એમાં દોષ ન હોવાથી બાધ રહિત છે. તેને ભૂલીએ કે તેનો સંબંધ છોડીએ એવો ઉત્સાહ પણ કોણ કરે ? એમ કરવું અશક્ય છે તે અત્યંત ઈચ્છિત છે. જ્ઞાનપક્ષમાં અશક્યપણું ઉત્તમશ્લોક પદથી સિદ્ધ કરીને સંબંધનો ત્યાગ કરવામાં કારણ છતાં છોડવાની ઈચ્છા થતી નથી. તેનું પ્રતિપાદન કરે છે. ઈચ્છા ન હોય તેમાં કામ પણ ન હોય તેવા પુરુષ ઉપર સ્ત્રીઓ ઉદાસીન રહે છે. તેમાં પણ પોતે પ્રૌઢ હોય, પિતાના ઘરમાં આબરુવાલી હોય. તે રહે તે ઉદાસીન રહે છે. ધર્મ માટે રહેતી જેમ વૈરાગ્યથી ઉદાસીન રહે તેમ. ભગવાન્ તો કોઈને ઈચ્છતા નથી છતાં ભગવાનના અંગથી (વક્ષઃસ્થલથી) લક્ષ્મી જરાવાર પણ દૂર થતી નથી. જો કે પૈસાની ઈચ્છાવાળા તેને સર્વદા સેવે છે તેને ન ગણતાં તે ભગવાનથી ક્ષણવાર અલગ થતી નથી. ૪૯.

---

૨. 'અવૈદિકત્વાત્' સ્વતંત્ર ભક્તિમાર્ગીયત્વાત્ સ્વતંત્ર ભક્તિમાર્ગમાં ગોપીઓ છે તેથી તેને આશાનુમતિદૈવતચરૂનું અજ્ઞાન હોય તો પણ તે શ્રુતિરૂપ હોવાથી અજ્ઞાન તેમાં સંભવે નહિ તેથી બીજો હેતુ કહે છે કે પિંગલાએ તો કૃષ્ણાશાએ બીજાની આશા છોડી આપણે કોની આશાએ કૃષ્ણાશા છોડીએ ? તેથી કૃષ્ણાશા છોડવાનો ઉપાય કરતાં નથી. (લે)

સ્મરણ ત્યાગ કરવાનું તો અશક્ય છે તે કહે છેઃ

**સરિચ્છૈલવનોદ્દેશા ગાવો વેણુરવા ઈમે ।।**
**સંકર્ષણસહાયેન કૃષ્ણેનાચરિતાઃ પ્રભો ।।૫૦।।**

હે પ્રભો ! યમુના વિગેરે નદીઓ, ગોવર્ધનપર્વત, વન, પ્રદેશો, ગાયો અને આ સંભળાતા વેણુના રવો તે કૃષ્ણસ્મારક છે. સંકર્ષણ જેની સહાયમાં છે એવા કૃષ્ણે કરેલા છે. ૫૦.

સ્મારક ઘણાં જેમાં અવશ્ય જવું પડે. સર્વ છોડી દઈએ તો પણ જલ માટે નદી ઉપર જવું જોઈએ. બહાર નિકળ્યા તો ઉંચે હોય તે અવશ્ય દેખાય જ. શ્રીયમુના અને ગોવર્દ્ધનપર્વતનું દર્શન તો અવશ્ય થાય જ. ફરવામાં વનપ્રદેશોમાં જવું જોઈએ એ ત્રણ સાત્વિકાદિભેદભિન્ન છે. ઘરમાં અવશ્ય દર્શનને લાયક ગાયો છે. આંખો વીંચીને રહીએ તો પણ આ વેણુરવ સ્મરણ કરાવનાર થાય છે જેનો અત્યારે પણ આપણે અનુભવ કરી શકીએ છીએ. માટે ભગવાનની યાદ દેવરાવનારા અહિં સર્વત્ર છે જ. ભગવાને કરેલી લીલાઓ પણ ભગવાનનું સ્મરણ કરાવે છે. બહારની વૃત્તિઓને રોકીએ તો ઉપર ગણાવ્યાં તે સ્મારક નહિ થાય. ભગવાનના ચરિત્રો. ચૌર્યાદિલીલાઓ દૈત્યોને મારીને ભક્ત પાલનરૂપા એ ભગવાનનાં સ્વચ્છંદ ચરિત કહેવાય. અને તેમનાં સ્વચ્છંદ રમણ પણ સ્વચ્છંદ લીલા કહેવાય. તેનું 'આચરિત' નામ છે. સંકર્ષણની સહાય તો લીલામાં નિર્ભયતાને માટે છે. તેમાં પણ કૃષ્ણસદાનંદે આપણે માટે પ્રકટ થએલાએ પોતાનું સ્મરણ કરાવવા માટે તેવાં ચરિત્રો કરેલાં છે. તેવા અર્થને ભૂલવાને કદાચ તમારું સામર્થ્ય હોય તો ભલે અમારું તો તેને ભૂલવાનું સામર્થ્ય નથી. એમ સૂચન કરાવવા માટે પ્રભો એ સંબોધન છે. આથી પોતાના દષ્ટાંતથી તમારે સુખેથી રહેવું એ પક્ષનું નિવારણ કર્યું. તેથી ઉદ્ધવને કહે છે તમે સ્વસ્થ રહો અમે તેમ રહેવાને સમર્થ નથી. ૫૦.

એમ સ્મારકોનું નિરૂપણ કરીને તેણે કરેલા સ્મરણના બલની શ્રેષ્ઠતાને હવે કહે છેઃ

**પુનઃ પુનઃ સ્મારયન્તિ નન્દગોપસુતં બત ।।**
**શ્રીનિકેતૈસ્તત્પદકૈર્વિસ્મર્તું નૈવ શક્નુમઃ ।।૫૧।।**

લક્ષ્મીના સ્થાનરૂપ તેના પગલા વારંવાર કૃષ્ણનું-નંદગોપના પુત્રનું સ્મરણ કરાવે છે તેથી તેને કોઈ રીતે અમો ભૂલી શકતાં નથી. ૫૧.

સ્મરણ કરતાં દુઃખ થાય તેથી મૂર્છા આવે છે ત્યારે વિસ્મરણની ઈચ્છા થતાં સર્વ વૃત્તિઓનો નિરોધ કરતાં તે સ્મરણ કરાવશે એ ભયથી તેનું સ્મરણ થઈ જાય છે તેથી પુનઃ પુનઃ સ્મરણ કરાવે છે એમ કહ્યું. પીડા થતી હોય તો સમર્થનો

આશ્રય લેવો એ વિચારથી જો નંદને યાદ કરીએ તો તેનો પુત્ર તો યાદ આવે જ કેમ કે તે ભગવાન્ છે. વળી લક્ષ્મીના સ્થાનરૂપ અતિ સુંદર સર્વત્ર પ્રકટ દેખાતાં પગલાં તે અચ્યુતનાં હોવાથી નિત્ય છે તે આધારમાં રહેલાં તિરોહિત થતાં નથી એવો તેનો સ્વભાવ છે. તેવાં તે ભગવાનના પગલાં હૃદયાદિમાં સ્થાપન કર્યાં હોય તો તે અનુભાવને બતાવતાં દષ્ટાદષ્ટ ઉપાયથી બલવાળાં હોવાથી તેને વિસ્મરણ કરવાને ભક્તો અસમર્થ થાય છે. ૫૧.

વળી કહે છે કે વિસ્મરણનું સાધન તો મનનો નિરોધ છે મન તો શુદ્ધબુદ્ધિ હોય તો રોકાય. તે બુદ્ધિ તો ભગવાને પહેલાં જ હરિ લીધી છે તેથી હવે બીજો ભૂલવાનો કયો ઉપાય છે ? એમ પૂછતાં કહે છેઃ

**ગત્યા લલિતયોદારહાસલીલાવલોકનૈઃ ।।**
**માધ્વ્યા ગિરા હૃતધિયઃ કથં તદ્વિસ્મરામહે ।।૫૨।।**

સુંદર ચાલવાની ઢબથી, ઉદાર હાસથી અને લીલાપૂર્વક જોવાથી, મીઠી વાણીથી, તેણે અમારી બુદ્ધિને હરી લીધી છે તેને અમે કેમ ભૂલી શકીએ ? ૫૨.

ગુણ ત્રણ છે તેથી બુદ્ધિ પણ ત્રણ જાતની છે તે ત્રણ પ્રકારવાળી[૧] બુદ્ધિને ભગવાન્ કાયા, વાણી અને મનથી હરે છે. તેમાં પ્રથમ કાયાની[૨] ચેષ્ટાથી દેહવિષયક બુદ્ધિને હરિ લીધી તે વાત કહે છે કે સુંદર દેહની ચાલથી બુદ્ધિ હરિ છે. ચાલે છે તે બુદ્ધિને સાથે લઈને જાય છે. તેમાં સુંદર ગતિનો પોતાનામાં નિરોધ કરાવીને બુદ્ધિને ખેંચી જાય છે કેમ કે બુદ્ધિના અંશરૂપ મનને તે ગતિ રહે છે. મન હરણ કરવામાં ઉપાય કહે છે કે મન સંકલ્પવિકલ્પવાળું છે. તેમાં સંકલ્પરૂપ અંશને ભગવાનનો હાસ હરે છે. હાસ મોહ કરનાર હોવાથી સંકલ્પને લઈ જાય છે. સંકલ્પના સાધનરૂપ સુખને બહુ પ્રકારે આપે છે તેથી ફલ વડે પણ સંકલ્પસિદ્ધ કરાતો નથી. તે હવે કહે છે. ભ્રાંત (ગાંડો) હોય તે વિકલ્પ કરે તે વિકલ્પ ન થવા માટે ભગવાન્ લીલાપૂર્વક જુએ છે તે અવલોકન જ્ઞાનરૂપ હોવાથી વિકલ્પનો નાશ કરે છે. તેમાં પણ ફલ ન મળતું હોવાથી જ્ઞાન દુર્બલ થાય છે. તેના અભાવને માટે લીલા કહી છે જ્ઞાન સ્વતઃ પુરુષાર્થરૂપ છે. વાણીપ્રધાનને તો ભગવાનની વાણી હરે છે. સજાતીયને (સ્ત્રી સ્ત્રીનું) સજાતીય હરણ કરે તો તેને કોઈ પ્રતિબંધ ન કરે. તે

૧. સત્ત્વ, રજ અને તમ તેના બોધ, સંકલ્પ અને દેહાભિમાન એ ત્રણ કાર્યને આપ આપના ગતિ, હાસ અને અવલોકનથી હરે છે.(લે)

૨. વાક્પ્રધાના એમ આગળ કહેવાથી વિષયપદ પ્રધાનાર્થક લેવું. ચિત્તરૂપા તો નિર્ગુણ હોવાથી તે તો ભગવદીય પોતાની મેળે જ રહે છે. તેને ભગવાન્ હરતા નથી હરવાનું પ્રયોજન પણ નથી. (લે)

વાણી ફલરૂપ હોવાથી મધ જેવી મીઠી કહી છે. એમ લોકસિધ્ધ પ્રકારથી ભગવાનનું વિસ્મરણ થતું નથી એ વાત કહી. તેને અમે કેમ ભૂલી શકીએ ? એમ ગોપીઓએ પ્રશ્ન કર્યો છે. ઉધ્ધવ મોટા છે તે ભૂલવાનો પ્રકાર જાણતા હશે અથવા તમોને વિસ્મરણ થાઓ અમારી બુધ્ધિ તો ભગવાને હરિ છે. તેથી અમને કેમ વિસ્મરણ થઈ શકે વારું ? તે ભૂલાય તો બીજા સાધનમાં પ્રવૃત્તિ થાય. તેથી ભગવાને કહેલું જ્ઞાન, પૂર્વાર્ધ્ધમાં કહેલ ગતિ હાસ અને અવલોકનના વિસ્મરણથી થાય. ભગવાને અમને ઉપદેશ કર્યો પણ તે અમારાથી ન બને તેવો ઉપદેશ હોવાથી તે 'અશક્યોપદેશ' ગણાય. ૫૨.

એમ લૌકિક અને વૈદિક પ્રકારે અમો સર્વથા દુઃખસમુદ્રમાંથી નહિ નિકળી શકીએ તે કહે છેઃ

**હે નાથ હે રમાનાથ વ્રજનાથાર્તિનાશન ।।**
**મગ્નમુધ્ધર ગોવિન્દ ગોકુલં વૃજિનાર્ણવાત્ ।।૫૩।।**

હે નાથ ! હે રમાનાથ ! હે વ્રજના નાથ ! હે દુઃખના નાશક ! હે ગોવિંદ ! દુઃખના સમુદ્રમાં ડુબેલા ગોકુલનો ઉધ્ધાર કરો. ૫૩.

આપ પ્રમેય બલથી અમારો ઉધ્ધાર કરો તેમ કરવામાં આવશ્યક કહેવું એ જ કે આપ અમારા નાથ છો. ત્યાં કહે છે કે હું તો અચ્યુત અને અસંગ છું તમારો ઉધ્ધાર રમણથી થાય તે મારાથી અશક્ય છે એમ કહે તો તેના જવાબમાં કહેવાનું કે આપ રમાનાથ છો. રમા રમણસ્વભાવવાળી છે. ઉત્તરોત્તર[1] વધનારી અને નિત્ય છે. તેના આપ નાથ છો એ વાત બધા જાણે છે તેમ આપ વ્રજના પણ પતિ છો લક્ષ્મી અને વ્રજ તુલ્ય છે. તેના દોષ અને ગુણ પણ તુલ્ય છે એવો કહેવાનો ભાવ છે. તે પણ અશક્ય વાત કરે તો ભગવાન્ તેનો પણ ત્યાગ કરે તેથી એ દ્દષ્ટાંત કેમ આપો છો ? તેના ઉત્તરમાં કહે છે કે આપ હરિ હોવાથી આર્તિને દૂર કરો છો. બીજું કરો અથવા ન કરો પણ વ્રજના દુઃખને તો દૂર કરો જ. નહિ તો આપ હરિ નહિ કહેવાઓ. માટે સ્વરૂપની રક્ષાને અર્થે એટલું અવશ્ય કરવું જોઈએ. આ સર્વ ગોકુલ દુઃખના સમુદ્રમાં ડુબેલું છે તેને દુઃખમાંથી બહાર કાઢો. પહેલાં હાથી એક જ હતો તે પણ થોડા જલવાળી તલાવડીમાં હતો અરધો જલમાં હતો તેને પણ દયા કરી

---

૧. લક્ષ્મી બ્રહ્માનંદરૂપ છે તે માનુષાનંદના ક્રમથી શતગુણિત છે ઉત્તરોત્તર વધતો છે નિત્ય છે એ વાત પ્રમાણથી સિધ્ધ છે. લક્ષ્મી એવી છે તેનો ઉધ્ધાર રમણથી કરે તે અશક્ય ન ગણાય.(લે)

૨. તે અમર અને દૈત્યો ભગવદ્વાક્યથી મથન કરતા હતા તમે તેમ કર્યું નથી ત્યાં કહે છે આપ ગોવિંદ છો. તેથી અમારો ઉધ્ધાર વેદથી ન કરો. અમને પ્રમાણાધીન કરો તેમાં અમારી હલકાઈ ગણાય. (લે)

આપે બચાવ્યો તો અમારા ઉદ્ધારમાં દયા કરવામાં વિલંબ થાય? ડુબતાને બચાવનારમાં સમર્થ તો આપ છો જેમ આપે મંદરનો ઉદ્ધાર કર્યો. ત્યાં કહે છે કે તે[૨] અમારા કહેવાથી પ્રવૃત્ત થયો તેનો ઉદ્ધાર અમે કર્યો. તમે તો અમારા વાક્યથી પ્રવૃત્ત થયાં નથી કેટલે કેમ ઉદ્ધાર કરીએ ? ત્યાં કહે છે કે આપ ગોવિંદ છો. આપ અમારા ઈન્દ્રરૂપે રાજા બન્યા છો તેથી જેવો અધિકાર તેવું કામ તેણે કરવું જોઈએ. એ ન્યાયથી જ્યાં સુધી ગોકુલ જીવે છે ત્યાં સુધી એની રક્ષા કરવી જરુરની છે. એમ ન કરો તો પ્રમાણ બલનો નાશ આપે જ કર્યો ગણાશે. પહેલાં પણ મત્સ્યરૂપ ધરીને વેદોનો ઉદ્ધાર આપે કર્યો છે તેમ ગોવિંદ ભાવથી અમારો ઉદ્ધાર આપે કરવો જોઈએ. પણ અમને વેદને ભરોસે છોડવાં ન જોઈએ. તેમ કરશો તો અમારી હલકાઈ દેખાશે. ૫૩.

એમ તેના વિલાપ[૧] સાંભળીને ફરીને તે જ અર્થનો ઉપદેશ કર્યો તે કહે છેઃ

શ્રીશુક ઉવાચ

**તતસ્તાઃ કૃષ્ણસંદેશૈર્વ્યપેતવિરહજ્વરાઃ ।।**
**ઉદ્ધવં પૂજયાંચક્રુર્જ્ઞાત્વાત્માનમધોક્ષજમ્ ।।૫૪।।**

શુકદેવજી બોલ્યાઃ ત્યારે ગોપીઓ કૃષ્ણનો સંદેશ સાંભળી વિરહજ્વરથી મુક્ત થયાં અને ભગવાનને 'આત્મા' માની ઉદ્ધવની તેમણે પૂજા કરી. ૫૪.

ત્યાર પછી[૨] પણ કૃષ્ણના સંદેશથી તેમનો વિરહજ્વર ગયો. એ બધું[૩] ભગવાને[૪] કહેલ સંદેશના અજ્ઞાનથી થયું. વિયોગ હોય[૫] તો દુઃખ ચિંતા અને તે દુઃખથી ઉદ્ધાર સંભવે પણ જે ગળામાં સોનાનો હાર પહેરી ભૂલી જાય અને દુઃખી

---

૧. શ્રીહરિધનચરણનો આ શ્લોક ઉપર લેખ છે તે બધો નીચે ભાષાંતર રૂપે આપ્યો છે.
**'એમ તેમનો વિલાપ'** (મૂળ લેખના પ્રતીકોનું ભાષાંતર સ્થૂલાક્ષરમાં મૂક્યું છે.) હા નાથ ! રમણ ઈત્યાદિ પ્રકારથી ગોપીઓનો વિયોગજ્વરરૂપ વિલાપ, ભગવાનને મળવાની ઈચ્છાથી અત્યંત દીનતાથી પ્રાર્થનારૂપને સાંભળીને તે વિરહજ્વર મટવા માટે જે અર્થ ભગવાને પત્રમાં ઉપદેશરૂપે મોકલ્યો હતો તેમાં સર્વદા અને સર્વથા આપણા બંનેની વચ્ચે વિરહ નથી એમ કહેલું તેથી તેમને પોતાના સ્વરૂપની અને અનુભવ કરવા લાયક પ્રભુસ્વરૂપની સ્મૃતિ આવી તેનો પરિચય કરીને ફરી વિલાપ મટવા માટે તેનો ઉપદેશ કર્યો.

૨. **'ત્યાર પછી'** પણ, ગાઢ વિયોગથી વિલાપ પછી પણ.

૩. **'એ બધું'** વિલાપ તથા પ્રાર્થનાદિ.

૪. **'ભગવાને કહેલા અર્થના અજ્ઞાનથી'** ભગવાને કહ્યું કે આપણી વચ્ચે વિયોગ નથી તે ભૂલી જવાથી.

૫. **'વિયોગ હોય તો'** ભગવાને કહેલા અર્થનું સ્મરણ કરે તો વિયોગની સ્ફૂર્તિ જ ન થાય તો વિયોગનું દુઃખ અને ચિત્તના ઉદ્ધારનો તો અભાવ જ હોય. તેથી સમૂહથી અર્થને કહે છે.

થાય તેને સોનાનો હાર તમારા ગળામાં છે એવી યાદ આપવા સિવાય દુઃખ દૂર કરવાનો બીજો ઉપાય નથી. તેથી[૬] અહિં પ્રથમોપદેશથી[૭] અભિપ્રાય[૮] સિદ્ધ થયો. ભગવાનમાં દોષ બુદ્ધિ નિવૃત્ત થઈ પછી નિર્દોષ થયાં[૯] તેના ભાવનું વર્ણન આવ્યું. [ક]તે ભાવ[૧૦] પણ બીજી વખતના વારંવાર ઉપદેશથી નિવૃત્ત કરાવ્યો [૧૧]ત્યારે ભગવાનમાં તેને 'આત્મત્વ' સ્ફૂર્યું તે વખતે કૃષ્ણસંદેશથી તેનો વિરહ જ્વર ગયો, 'જ્વર' ગયો તે દૃષ્ટ દ્વાર[૧૧] થયું તેથી તેણે અધોક્ષજને 'આત્મા'[૧૨] માન્યા.

---

૬. '**તેથી**' અજ્ઞાનથી વિયોગ છે. ખરી રીતે તો આપણે તદાત્મા હોવાથી નિત્ય સંયોગવાળા છીએ. ૭. '**પ્રથમ ઉપદેશ વડે**' એટલે પહેલા સંદેશ વડે.

૮. '**અભિપ્રાય વડે**' ભગવાને અભિપ્રાય આપેલો કે 'એ બહુ દુઃખથી પ્રાણ ધરી રહ્યાં છે તેને પત્રમાં લખેલ મારો સંદેશ પહોંચાડી જીવતાં રાખો' એ અભિપ્રાય સિદ્ધ થયો. સ્વલ્પરૂપનું સ્મરણ થવાથી તથા પોતાની પાસે રહેલા ભગવાનની પ્રીતિનું જ્ઞાન થતાં ચિત્તમાં શાંતિ થઈ તેથી ઉપલો અર્થ સિદ્ધ થયો. પરંતુ વિરહજ્વરથી વિલાપ થયો તેની નિવૃત્તિ ન થઈ કેમ કે પરોક્ષ રીતે શબ્દનું જ જ્ઞાન થયું હતું પણ સાક્ષાત્ હૃદયમાં પ્રકટેલા પ્રભુનો અનુભવ થયો નહોતો કેમ કે તે તો ક્રમે કરીને થાય પરંતુ જે પૂર્વે કહેલ ત્રિદોષ રૂપ વડે વિરહમાં છેલ્લી અવસ્થાને સૂચવતાં 'મધુપ કિતવ' ઈત્યાદિ વાક્યો કહ્યાં તેની નિવૃત્તિ ત્યારે થઈ. તેથી જીવશે એમ આશા બંધાણી સર્વથા તેને વિયોગાત્મસ્વરૂપનો અનુભવ થશે ત્યારે પ્રાર્થના કરતાં બંધ થશે. એવો ભાવ છે. બધું દોષનું સ્વરૂપ સાંભળતાં પણ જે સ્વરૂપ પ્રાપ્ત થયું તેનો અનુભવ ન થતાં ઉદ્ધવની સાથે બોલ્યાં ન હતાં. હમણાં તો સ્વરૂપપ્રાપ્તિની સ્ફૂર્તિ થતાં ઉદ્ધવનો ઉપકાર માની તેની પૂજા કરી. તેથી વિયોગ સ્વરૂપાત્મા ધર્મી તો રહ્યો. ધર્મવિયોગ વિલાપ રૂપ નિવૃત્ત થયો.

૯. '**નિર્દુષ્ટોનો ભાવ**' કુશલ પ્રશ્નથી લઈને હે નાથ ! સુધીનાં શ્લોક વડે તે કહ્યો.

ક. તે પણ પદાર્થ ફરી ફરી સ્મરણ કરાવીને મટાડ્યો તે 'સ્વકૃતયા શુચા' એ શ્લોકમાં કહ્યો. તેમાં **દૃષ્ટદ્વાર થયું** એટલે ઉપદિષ્ટ અર્થનો અનુભવ થયો. અધઃ અક્ષજં જ્ઞાનં યસ્માત્ એ નિરુક્તિ વડે પાછલો સંદેહ ગયો. જો એમ ન થાય તો જ્ઞાનીની જેમ આ ભક્તોની વ્યવસ્થા થાય. તે આગળ બલદેવ વ્રજમાં ગયા ત્યારે અને કુરુક્ષેત્રમાં કૃષ્ણ મળતાં જે ભાવ વ્રજજનોએ દેખાડ્યો છે તેની સાથે વિરોધ આવે. એ અરૂચિથી.**પ્ર.**

૧૦. '**તે પણ પદાર્થ**' જે પૂર્વે ભાવ બતાવનાર શ્લોકથી કહ્યો. કુશલ પ્રશ્નથી પોતાનો ઉદ્ધાર કરવાની પ્રાર્થના સુધીનો પદાર્થ બીજી વખતના ઉપદેશનું સ્મરણ કરાવીને મટાડ્યો. ત્યાં શંકા કરે કે ઉપદેશ તે જ છે બીજીવાર કહેવાથી મટ્યો પહેલીવાર કહેતાં કેમ ન મટ્યો ?

૧૧. '**ત્યારે ભગવાનમાં**' જ્યારે બીજીવાર ભગવાનનું ઉપદેશે સ્મરણ કરાવ્યું ત્યારે તેમ થયું. તેથી ઉત્તરરસાત્મક (વિયોગ) સ્વરૂપપ્રાપ્તિ કહી. ધર્મી કરતાં પણ ધર્મનું દુર્બલપણું થતાં સંયોગની સ્ફૂર્તિ ન થઈ તે સંબંધી પ્રાર્થના વિગેરે તેના ધર્મરૂપ નિવૃત્ત થયા. કેવલ વાક્યમાત્રથી વિરહજ્વર નિવૃત્ત નથી થયો મંત્રથી તાવ ઉતરે તેમ સ્વરૂપ પ્રાપ્ત થતાં વિરહજ્વર મટ્યો. જેમ ઓષધ લેવાથી તાપ ઉતરે છે તેમ કહેવા માટે 'જ્વરના અભાવમાં દૃષ્ટ જ દ્વાર થયું' એમ કહ્યું.

અધોક્ષજ[૧૩] પદથી એ સૂચવ્યું. ઇન્દ્રિયના અધ્યાસથી દેહમાં આત્મબુદ્ધિથી ભગવાન્ આત્મા છે એવી પ્રતીતિ તેમને ન થઈ પણ દેહાધ્યાસ છુટ્યા પછી[૧૪] ભગવાનમાં 'આત્મ'પણાથી પ્રતીતિ થઈ. અથવા કોષમાં[૧૫] પ્રતિમાવત્ અંદર ભગવત્સ્વરૂપને પ્રાપ્ત થયાં. તેમાં[૧૬] તેણે દેહમાં જીવને અંદર ગુપ્ત કરી તેની

---

૧૨. **'પોતાનો આત્મા જ'** પોતાનામાં ભગવાનપણાની સ્ફૂર્તિ થતાં તે તો અવાંતર સ્ફૂર્તિ થઈ તેથી બહાર ભગવાન્ નથી એમ સ્ફૂરતાં પ્રાર્થના કોની કરે એ ભાવ છે. તો પણ દેહાદિમાં પોતાપણું દેખાય તો ભગવાન્ બહાર જોઈએ. તો પ્રાર્થના પણ થઈ શકે ? એમ કહે ત્યાં કહે છે કે ભગવાન્

૧૩. **'અધોક્ષજ'** છે ઇન્દ્રિય જ્ઞાનના વિષય તે નથી દેહ ઇન્દ્રિયાદિના અધ્યાસમાં આત્માની સ્ફૂર્તિવાળાને આત્મામાં તેનું સ્ફુરણ જ ન થાય એમ દેહાદિની સત્તા પ્રભુની સત્તાથી જ છે તેની સ્ફૂર્તિ પણ થતી નથી. જો દેહનું અનુસંધાન હોય તો પ્રાર્થના કરે, પણ ન હોવાથી પ્રાર્થના પણ નથી કરી. અથવા પહેલા પક્ષમાં પોતાના આત્મામાં ભગવાન્ સ્ફુર્યાનું કહ્યું અત્યારે તો ભગવાન્ જ તેના આત્મારૂપ થયા. એ વિશેષ છે. તેથી આત્મા જેમ દેહ ઇન્દ્રિયાદિથી બધું કરે છે બીજે રહેતો નથી બીજાનું હિત ચિંતવતો નથી તેમ આ ગોપીઓમાં રહીને ભગવાન્ જ બધું કરે છે એમ કહ્યું. તેમાં પદની જોડણી આમ કરવી અધોક્ષજનમો વિશેષ્ય કરવું આત્ને વિશેષણ માનવું તેથી અધોક્ષજ ભગવાનને જ જીવાત્મા માન્યા. સર્વદા એ ભાવ ન રહેતાં સર્વાત્મતાથી વિરાજતા ભગવાનને 'વિસ્મૃતકંઠચામીકરન્યાયથી જ્ઞાનાત્મક પ્રાપ્તિ થઈ'. **'અધોક્ષજ સાકાર છે'** તે સંઘાતમાં પેઠા ત્યાં તલવાર મ્યાનમાં પેસે તેવો ન્યાય કહ્યો. જીવ તો નિરાકાર હોવાથી તેવી રીતે તે રહી ન શકે. ત્યાં કહે છે તેના આત્માના આધારમાં પ્રભુ પ્રકટ્યા કે તેના દેહમાં પ્રકટ્યા ? એ સંદેહ 'તસ્યૈવ આત્મા વૃણુતે તનું સ્વામ્' એ શ્રુતિથી તેના દેહમાં જ પ્રભુએ સ્થિતિ કરી તેના આત્મામાં સ્થિતિ ન હોય. પૂર્ણ અને સાકારની સ્થિતિ આત્મામાં સંભવે નહિ એ શંકાના ઉત્તરમાં કહે છે કે.

૧૪. **'તેના સંઘાતની વચ્ચે'** ત્યારે આત્માની શું સ્થિતિ ? એના ઉત્તરમાં કહે છે કે.

૧૫. **'પોતાને વિષે જીવનો અંતર્ભાવ કરીને'** મોટો અગ્નિ સળગે તેમાં વિસ્ફુલિંગ મળી જાય તેમ તેનો આત્મા પરમાત્મામાં મળી ગયો તેથી જ ભગવાને કહ્યું છે કે તે મારામાં અને હું તેનામાં રહું છું. એથી એવી દશામાં ક્યારેક ભગવદ્‌ભાવ અને ક્યારેક ગોપીભાવ બંને સાથે તે દેહમાં છે તેથી બે ભાવ સ્ફુરે છે. પરંતુ વિયોગાત્મા પ્રભુમાં જતાં આ આત્માને સંયોગની સ્ફુર્તિ ન થાય. તેથી પહેલાંથી સંયોગની પ્રાર્થના પડતી મૂકી છે. તો એકલો ભગવદ્‌ભાવ જ સ્ફુરે પોતાનો આત્મા તો ભગવાનમાં પેસી ગયો છે ગોપીનો ભાવ સ્ફૂરે નહિ તો અંતર્નિષ્ઠા થાય વિયોગનો અનુભવ ન થાય ? એ અરુચિને લઈને બીજો પક્ષ કહે છે.

૧૬.**'તે પ્રદેશમાં'** જીવાત્માને ઠેકાણે. તેથી જેમ કાષ્ઠમાં અગ્નિ પ્રકટે ત્યારે તે લાકડાના આકારવાળો થાય તેમ જીવમાં ભગવાન્ પધારે તો પણ જીવના સૂક્ષ્મ આકારની નિવૃત્તિ ન થાય. ક્યારેક જલથી અગ્નિ બુઝાવતાં લાકડાં જેવા અંગારાની ઉત્પત્તિ થાય છે તેમ કોઈવાર જીવભાવ પણ સ્ફુરે. અન્યથા તો ઉપદેશમાં કહી અવસ્થા થાય. પરંતુ સમયાંતરમાં ક્યારેક ફરીને અગ્નિનો સંબંધ થાય તો લાકડાનો આકાર નિવૃત્ત થાય તેમ જીવનો નાશ થાય તો દોષ

જગ્યાએ પોતે[૨૦] પ્રકટ થઈને [ખ]અથવા ત્યાં[૧૭] આનંદાંશને[૧૮] વ્યક્ત કરીને તેને સ્વરૂપ[૧૯] આપીને પોતે આત્મા રૂપે તેને જ્ઞાન[૨૧] કરાવ્યું[૨૨]. [ગ]જો એમ ન કરે[૨૩] તો અધ્યારોપન્યાયથી પ્રતીતિ થાય. [ઘ]શબ્દ[૨૪] માત્રમાં વિરહનો અભાવ છે.

---

તો જેવો ને તેવો રહયો જ. ત્યાં બીજો પક્ષ કહે છે.

**ખ.** 'અથવા' એમ કહે છે તેમાં પણ અવાંતર ત્રણ પ્રકાર ત્રણ 'લ્યબન્ત'થી કહ્યા છે. 'આત્મા' જીવને પોતાનામાં લીન કરીને ત્યાં પોતે પ્રકટ થઈને ઈત્યાદિ. **પ્રકાશ.**

૧૭. **'તેમાં જ'** તેના જીવાત્મામાં જ.

૧૮. **'આનંદાંશ પ્રકટ થતાં'** પોતાનો આનંદ માત્ર પ્રકટ કરીને સત્ ચિત્ અંશ તો તેના જ લેવામાં આવે છે તે જીવ સ્વરૂપને.

૧૯.**'પોતાના સ્વરૂપ બનાવીને'** પાછળથી પરોક્ષપણાથી હૃદયમાં અથવા.

૨૦.**'પોતાના પ્રકાશ વડે'** ઈન્દ્રિય પ્રકાશ વગર જ પોતાના આત્માને ભગવાન્ બહારથી.

૨૧. **'બતાવે છે.'** એ.

૨૨.**'જાણીને'** એમ કહયું છે. ''સૂક્ષ્મ રૂપે તેની સત્તા છે જ્ઞાન પણ જીવની રીતિથી રહે છે તેમાં ભગવાનનો આનંદ આવે છે તે જીવ વિલક્ષણ છે. તેથી આ આનંદ બીજા જીવો ભોગવી શકતા નથી. તે સ્વામિનીઓની કૃપાથી મળે છે તે મેળવવાનું જીવ પાસે બીજું કોઈ સાધન નથી.''

**ગ.**'એમ ન માનો તો' અધ્યારોપન્યાયથી પ્રતીતિ થાય. એમ જ્ઞાન કહીને શબ્દમાત્રથી તેમને જ્ઞાન કેમ થયું? **પ્રકાશ.**

૨૩. **'તેમ ન માનો તો'** એમ ભગવાન્ આત્મારૂપે પ્રકટે છે એ જ્ઞાન ન થતાં વાક્યમાત્રથી પ્રતીતિ તો ઉપાસનાની જેમ અધ્યારોપથી થાય. તો મનની પીડાની નિવૃત્તિરૂપ ઉદ્ધવને આવવાનું પ્રયોજન સિદ્ધ ન થાય. એ ભાવ છે. ભગવાન્ આત્મપણાથી ન પ્રાપ્ત થાઓ. શબ્દમાત્ર સંદેશરૂપ વિરહક્લેશ મટાડે તો શું ખોટું છે? ત્યાં કહે છે.

**ઘ.**શબ્દમાં આશ્રયત્વ અને સમવાયિત્વ બતાવ્યું છે તેમાં સમવાયિત્વથી આત્મતા, આશ્રયત્વથી સંયોગનિત્યતા એ બંનેનું ભાન થતાં ભેદ પ્રતીતિ નિવૃત્ત થતાં સ્નેહ દઢ અને સર્વદા સંયોગ થયો. આત્મા અને મનથી અપરોક્ષ થયો તેથી તેમ કહ્યું. **પ્રકાશ.**

૨૪.**'શબ્દમાત્ર'** ભગવાને મારા વિયોગની પીડા મટાડો એમ કહ્યું તેમાં મનની પીડા મટાડવાની વાત કહી છે. વિયોગ દૂર કરવાની વાત કરી નથી તે સ્વરૂપાત્મક વિયોગ ફલરૂપ છે તે ભગવાને દાનરૂપે આપ્યો છે તેથી સ્વરૂપની અપ્રાપ્તિમાં કેવલ શબ્દો (સંદેશના શબ્દો) કહેવાથી સ્વાસ્થ્ય થાય તો તેને વિરહ નથી એમ જ માનવું જોઈએ. તો તો મોટું અનિષ્ટ થાય. પરમ ફલના અનુભવમાં તે પ્રતિબંધ રૂપ ગણાય. તેથી કહ્યું છે કે 'જાણીને પાન કરવાથી મહારસ પ્રાપ્ત થાય છે' પોતે વિયોગનું દાન કર્યું છે, જ્ઞાન કરાવવા માટે જ ઉદ્ધવને શ્રીગોકુલ મોકલ્યા છે અને ઉપદેશ દેવાનો આગ્રહ કર્યો છે. પોતે ઉત્તરરસાત્મક વિરહ આપ્યો છે તેનો અનુભવ તો પ્રથમ પણ તેને થયો છે. તેથી જ્ઞાનોપદેશથી જ્ઞાનાત્માની પ્રાપ્તિ થાય એ અભિપ્રાયથી 'બર્હાપીડ' એ શ્લોકના વ્યાખ્યાનમાં 'મુખ્યપ્રાપણાર્થમ્' ઈત્યાદિ શબ્દોમાં તે જ વાત કહી છે. એવું સ્વરૂપ દેવાથી, તે તો વિરહાત્મક છે તેથી વિલાપ વિગેરે તો થશે જ

આત્મરૂપ[૨૫] હોવાથી ભેદથી[૨૬] પ્રતીતિ થતી નથી કેમ કે તેમાં સંયોગપણાનું ભાન થાય છે. કૃતિ[૨૭] તો ભગવાનમાં રહી છે એટલે ગોપીઓને તો જ્ઞાન જ થયું. [ઙ]પછી ગુરુનો[૨૮] ઉપદેશ મળ્યો પણ ઉદ્ધવ ગુરુ ન હોવાથી 'સાંભળો' ઈત્યાદિ વચન કહેનાર તે હોવાથી તેનો [ચ]નિચોડ (ભાવ) ઉદ્ધવે આપ્યો હોવાથી ઉદ્ધવની ગોપીઓએ પૂજા કરી અથવા આત્માના જ્ઞાનવાળાનું સન્માન[૨૯] કર્યું. અથવા પહેલાં ભગવાનને[૩૦] સ્વસ્વરૂપથી ભિન્ન માનતી હતી તેને અત્યારે[૩૧] આત્મપણાથી માનવા લાગી. [છ]આગળ[૩૨] પણ તે

ત્યારે સંદેશથી જ્વરની નિવૃત્તિ કેમ થશે? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્

૨૫.'**આત્મારૂપ છે તેથી**' ભેદ દેખાય તો વિલાપ થાય પણ અભેદમાં વિલાપાદિ ન થાય. જેમ અર્ધબળે લાકડામાં ધૂમાડો થાય. તે અગ્નિરૂપ થઈ ગયો તેને.

૨૬.બીજાની સ્ફૂર્તિ ન થતાં વિલાપાદિ નહિ થશે. ત્યાં કહે છે પુત્રાદિ આત્મા છે છતાં તેમાં ભેદ હોવાથી દેહમાં ભેદ જણાય છે તેમ અહિં ભેદ દેખાશે? 'યતઃ' અંશથી પણ ભેદ હોય છતાં પ્રિયાને આલિંગન કરનાર પ્રિયની પેઠે સંયુક્ત જ દેખાય. પ્રકૃતમાં તેમ નથી અહિં તો દેહનો પણ સર્વાંશમાં અભેદ છે. દેહની પણ સ્ફૂર્તિ નથી એવી મહાફલ પ્રાપ્તિમાં સાધન તો કાંઈ ન હોય. ત્યાં કહે છે કે ગોપીઓ નિઃસાધન છે તે કાંઈ કરતાં નથી પણ પ્રભુ જ તેમાં રહીને બધું કરે છે. પ્રભુને ફલ આપવું છે તેથી ગુણગાનના હેતુ રૂપે મથુરા પધાર્યા. હવિષ્થી યાગ થાય તે હવિષ ગાયમાં હોવાથી ગોચારણ કરવા ભગવાન્ પધાર્યા ત્યાંથી ઉદ્ધવને મોકલ્યા. ઉપદેશ આપીને પોતે સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું તે રસના અનુભવમાં વિશિષ્ટતા બતાવવા માટે છે. આમને તો જ્ઞાન માત્ર છે તેથી 'જ્ઞાત્વાત્માનમ્' એમ કહ્યું એ આશયથી

૨૭. '**કૃતિ તો ભગવાનની છે**' એમ કહ્યું છે. પોતે ઉદ્ધવ સાક્ષાત્ ગુરુ નથી તો પણ દૂત હોવાથી ભગવાનની ઉક્તિનો અનુવાદ કરનાર છે.

ઙ.'કૃતિ' તો ભગવાનની જ. 'તતઃ' ઉદ્ધવથી. **પ્રકાશ.**

૨૮.'**શ્રવણ કરો**' એ ઉપદેશ તો ઉદ્ધવે કર્યો છે. યોગાર્થ લઈને સાક્ષાત્ ગુરુપણું ઉદ્ધવનું કહે છે.

**ચ.**'ગૃણાતીતિ ગુરુઃ' જે ઉપદેશ કરે તે ગુરુ કહેવાય. ઉદ્ધવને ઉપલક્ષત્વેન વચ્ચે રાખીને આત્મપણાથી ભગવાનને જાણ્યા. **પ્રકાશ.**

૨૯.'**નિગરણ રૂપ અર્થ**' ભગવાને કહ્યું પણ આમને તો ઉદ્ધવે કહ્યું છે. તેથી પૂજા કરી તેમાં દૂતપણાથી નહિ પણ ભગવત્પણાથી સન્માન કર્યું છે.

૩૦.જ્ઞાન થયા પછી તેને ઉદ્ધવમાં જૂદો જ ભાવ છે એમ બતાવવા માટે 'આત્મવિદાં વા' ભગવાનના સ્વરૂપને જાણે તે આત્મવિત્ કહેવાય. તેનું સન્માન સર્વત્ર ભગવદ્બુદ્ધિથી થાય. તેથી તેણે ભગવદ્બુદ્ધિથી પૂજા કરી છે. અથવા ઉપદેશ પહેલાં ભગવત્સેવકને તેણે ભગવદ્રૂપ માન્યા છે.

૩૧.હમણાં ઉદ્ધવ દ્વારા ઉપદેશ થયો ત્યારે તેને પોતાનો આત્મા માન્યો છે. તે ઉદ્ધવના ઉપદેશનું કાર્ય છે. તેથી ઉદ્ધવ ગયા ત્યારે.

**છ.** આગળ તો તે બ્રહ્મ સમાન થશે. **પ્રકાશ.**

૩૨.'**આગળ તેમ જ**' પહેલા વિયોગરસથી ભગવાનમાં અત્યાર્તિથી તદાત્મક બધી લીલાના

**એવાં થશે તેથી બ્રહ્મભાવની[33] તેની યોગ્યતા બતાવી છે તે[34] બ્રહ્મ ભાવનો મનોરથ ન હોય તો[34] બ્રહ્મ ભાવ ન થાય. તેથી ઉત્કૃષ્ટ ઈચ્છા[35] તેની ભગવાનમાં છે એ બતાવવા ઉદ્ધવની તેણે પૂજા[36] કરી. ૫૪.**

ગોપીઓનો ભાવ તો થયો તે કોમલ કાંટો જેમ પગમાં પ્રવિષ્ટ ન થાય તેમ ભાવ હૃદયમાં દૃઢ ન થાય તો બીજા ભાવોથી તેનો બાધ થાય માટે વારંવાર ભગવત્સ્મરણ કરાવવા માટે ઉદ્ધવજી કેટલોક વખત ત્યાં જ રહ્યા. તે વાત કહે છે.

**ઉવાસ કતિચિન્ માસાન્ ગોપીનાં વિનુદન્ શુચઃ ।।**
**કૃષ્ણલીલાકથા ગાયન્ રમયામાસ ગોકુલમ્ ।।૫૫।।**

ગોપીઓના શોકને દૂર કરતા ઉદ્ધવજી કેટલાક માસ સુધી શ્રીગોકુલમાં રહ્યા ત્યાં શ્રીકૃષ્ણની લીલા અને કથા સંભળાવીને આખા ગોકુલને આનંદ આપ્યો. ૫૫.

---

રસનો અનુભવ કરાવ્યો તેમ રસાનુભવ કરતી રહેશે. ત્યારે તેને ઉપદેશથી શું લાભ થયો? ત્યાં કહે છે.

૩૩.'**બ્રહ્મભાવ**' ઉદ્ધવે આત્મપણાથી ઉપદેશ કર્યો તે આગંતુક થયો. જેમ લાકડામાં અગ્નિ મુકે તો તે આખું બળે તેમ ઉદ્ધવના ઉપદેશથી તેના દેહેન્દ્રિયમાં ભગવાનની સંપત્તિની યોગ્યતા પેદા થઈ. મુખ્ય આત્માનો તેને સંબંધ થતાં તેનો સંઘાત યોગ્ય થયો પછી તેને સંબંધ થાય જ એવી યોગ્યતામાં બ્રહ્મભાવ તો તેને નથી. કેમ નથી ત્યાં કહે છે.

૩૪.'**તે તો**' તત્ શબ્દથી પહેલાની જેમ રમણ ઈચ્છિત નથી. તેથી કર્મવાસનાવાળા બહ્મભાવથી લય થાય તો રમણની ઈચ્છા રહે. તેથી શુકનો વહેલો લય થાય તો પરીક્ષિતની કથામાં પ્રતિબંધ થાય તેમ ગોપીને રમણેચ્છા થાય તો ફલમાં પ્રતિબંધ થાય. આત્મસ્ફૂર્તિ વિનાનાને રમણેચ્છા કેમ થાય ત્યાં કહે છે કે તે વાત ખરી છે. ભગવાન્ ભક્તના ભાવરૂપે તેના હૃદયમાં રહે છે. તેની ઈચ્છા હોય તો તેમ ભગવાન્ કરે. તેથી જ 'સ્ત્રી ભાવો ગૂઢઃ' ઈત્યાદિ બર્હાપીડ શ્લોકમાં શ્રીગુંસાઈજીએ કહ્યું છે. તે ઈચ્છા પણ લોકની જેમ દેહાધ્યાસથી નથી થતી પણ સ્ત્રી ભાવવાળા પ્રભુનો તેવો ભાવ થતાં તેમ થાય છે એમ જાણવું. ત્યારે તે ભક્તની ઈચ્છા છે એમ કહેવાય. પરના અંતઃકરણને બીજો જોઈ શકે નહિ. 'ઈતિ' એ શબ્દ હેતુમાં આપ્યો છે એ ઉત્કટ.

૩૫.ઈચ્છા પ્રભુની છે એમ જાણવાને માટે તેના દૂત રૂપ ઉદ્ધવની પૂજા કરી.

૩૬બ્રહ્મભાવની યોગ્યતાથી ફલિત થતાં વિવિધ ભાવોની અહિં ઉત્પત્તિ ન થઈ એ છે. (અયોગ્યમાં યોગ્યતા અને અશક્તમાં વિલક્ષણ શક્તિ પ્રકટ કરતા મૂર્ખમાં વિદ્વતા અને નિર્બલમાં બલરૂપ કૃષ્ણ વિજય પામે છે. નિઃસાધન જીવનું ધન કૃષ્ણ છે તેનું ધન શ્રીઆચાર્યચરણ છે. તે ધન કૃપા તે વડે સધન. મને તેની કૃપારૂપ ધનવાળો કરો.)

**એમ ભ્રમરગીતના શ્લોકનો શ્રીહરિરાયે કહેલ સંશયનો ઉચ્છેદ સમાપ્ત થયો.**

ઉદ્ધવને શ્રીગોકુલમાં રહેવાનું પ્રયોજન એ જ કે ગોપીનો શોક દૂર[૧] થાય. પૂર્વની વાસનાથી વારે વારે ભેદ જણાય છે જે જણાતાં ક્લેશ થાય છે તેને દૂર કરવા ઉદ્ધવને ત્યાં રહેવું જ જોઈએ. જ્યાં સુધી સંયોગભાવની સ્ફૂર્તિ ન થાય. સજાતીયપ્રચયયુક્ત[૨] તે જ્ઞાન ફરી ફરીને કહેતાં ભેદ કે દુઃખ ન ઉત્પન્ન કરે ત્યાં સુધી દેશાદિ ધર્મોથી અંતઃકરણના આવરણથી ભેદ જ્ઞાન થાય તે ન થવા માટે ભગવત્જ્ઞાન તેને ઉદ્ધવે કરાવ્યું તે જ કહે છે કે લૌકિક તો બધા કથામાત્રમાં[૩] આસક્ત થાય છે. મુક્તો ભગવાનની લીલા અને કથામાં[૪] આસક્ત થાય છે, ભક્તો તો શ્રીકૃષ્ણની કથામાં આસક્ત થાય છે. એ અર્થ યોગ અને સમુદાયથી[૫] કાઢ્યો છે તેણે સર્વ ગોકુલને[૬] આનંદ કરાવ્યો. એમ ન કરે તો દુઃખીના સંસર્ગથી પણ દુઃખ થાય. ૫૫.

એણે કર્યું તે ગોકુલમાં થયું. તે કહે છે.

**યાવન્ત્યહાનિ નન્દસ્ય વ્રજેવાત્સીત્સ ઉદ્ધવઃ ।।**
**વ્રજૌકસાં ક્ષણપ્રાયાણ્યાસન્ કૃષ્ણસ્ય વાર્તયા ।।૫૬।।**

નંદરાયજીના વ્રજમાં ઉદ્ધવ જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી શ્રીકૃષ્ણની વાતો કરવાથી વ્રજવાસીઓને તે દિવસો એક ક્ષણ જેવા લાગ્યા. ૫૬.

આ ઉદ્ધવ નંદના વ્રજમાં રહ્યા કેમ કે તે ઉત્સવાત્મા છે તેટલા દિવસો ક્ષણ જેટલા ટુંકા લાગ્યા. પરસ્પર આકાંક્ષા વધવા લાગી તેથી ક્ષણ પણ મોટો હોય તેવું તેને થયું તેથી 'પ્રાય' શબ્દ કહ્યો છે. બહારના જ્ઞાનથી દિવસની ગણના થાય. તે તો ભગવાનને આત્મા માને છે તે ભગવન્મય થયાં તેથી કાલનિર્ગમ તેને સુગમ થયો. ત્યારે તે ઉદ્ધવમાં આસક્ત હશે? ત્યાં કહે છે કે કૃષ્ણની વાતોથી દિવસોને ક્ષણથી નાના માનતાં હતાં. ૫૬.

ભગવાનની સેવા છોડી બીજાને માટે ઉદ્ધવ કેમ બહુકાલ ત્યાં રહે? ત્યાં કહે છે.

૧.મારા સંદેશથી તેના વિયોગનું દુઃખ મટાડો એ ભગવાનનો મત હતો. તેથી જ 'પ્રિયતમાદિષ્ટ' શ્લોકમાં 'પ્રીતા' એમ પણ કહ્યું છે.(લે)

૨.પૂર્વ વ્યાખ્યાત પ્રકારથી 'અન્યથા' એવો અર્થ કરવો.(લે)

૩.શબ્દમાત્રથી એમ કેમ જ્ઞાન થાય? ત્યાં પ્રકાર કહે છે.(લે)

૪.ઉપદેશમાત્રથી વિરહનો અભાવ થાય છે. પ્રત્યક્ષતા તો ભગવાનની કૃતિથી થાય. અન્યથા એ દ્વિતિય વ્યાખ્યાનમાં યુક્તિ બતાવી.(લે)

૫.આત્મવિદ્ સારા માણસો કહેવાય તેથી અમો પણ અમારા અધિકાર પ્રમાણે પૂજાદિ કરીએ એમ ઉપદેશને માન આપીને ઉદ્ધવની પૂજા પણ કરી.(લે)

૬.પહેલા પક્ષમાં આત્માને અધોક્ષજ કહયા. અહિં તો અધોક્ષજમાં આત્મત્વ કહે છે તેમાં ઉદ્દશ્યવિધેયના ભેદથી ભેદ સમજવો.(લે)

**સરિદ્વનગિરિદ્રોણીર્વીક્ષન્ કુસુમિતાન્ દ્રુમાન્ ।।**
**કૃષ્ણં સંસ્મારયન્ રેમે હરિદાસો વ્રજૌકસામ્ ।।૫૭।।**

નદી, વન, પર્વત, તેની વચ્ચેનો સમાન પ્રદેશ અને ફુલવાળા દ્રુમોને જોતા વ્રજવાસિઓને કૃષ્ણનું સ્મરણ કરાવતા હરિદાસ ઉદ્ધવજીએ ત્યાં આનંદ કર્યો. ૫૭.

ભગવાનની લીલાનાં વ્રજના સ્થાનો[૧] બધાં જોવાં એવો ઉદ્ધવનો પ્રથમ મનોરથ હતો. આ પ્રસંગ[૨] માટે તે અહિં આવ્યા તેમાં ભગવાનનું વાક્ય માન્યું ગણાય. ભગવાનની લીલા પણ જોવાય. તેનો શાસ્ત્રાર્થ[૩] તો ઉદ્ધવે સાંભળેલો હતો. ભગવાનની લીલાના સ્થાન જોવા માટે ઘણા દિવસ વ્રજમાં રહ્યા. સરિત્-યમુના, વન વૃંદાવન, ગિરિ ગોવર્ધન, બે પર્વતની વચ્ચે સમપ્રદેશ દ્રોણી કહેવાય, ગોકુલમાં પણ ચંપા વિગેરે પુષ્પના વૃક્ષો. પુષ્પ થવાનો ઋતુ ન હોય છતાં ભગવાનના પ્રતાપથી સર્વ કાલમાં પુષ્પવાળાં જોયાં. એટલો ઉદ્ધવનો પોતાનો અર્થ કહ્યો, હવે ભગવાનની આજ્ઞા કરવાની વાત કહે છે તે બંને અર્થ સિદ્ધ થતાં પોતે ખુશી થયા. તેમાં પોતે હરિના દાસ થઈને રહ્યા એટલે બીજો ભાવ નિવૃત્ત થયો. પ્રસંગથી ઉદ્ધવને સત્સંગ થયો તેનું ફલ કહે છે કે બધાં વ્રજમાં રહેનારા છે સર્વનું ગ્રહણ સામાન્ય રીતે કર્યું છે. ભગવાને તો પિતામાતા અને ગોપીઓને સુખી કરવાનું કહેલું હતું ઉદ્ધવે તો ભગવાનના ભાવવાળા બધાને સુખી કીધા. ૫૭.

એમ ભગવાનની આજ્ઞા સિદ્ધ કરીને ત્યાંથી ઉદ્ધવ ચાલ્યા તે કહે છે.

**દૃષ્ટ્વૈવમાદિગોપીનાં કૃષ્ણાવેશાત્મવિક્લવમ્ ।।**
**ઉદ્ધવઃ પરમઃ પ્રીતસ્તા નમસ્યન્નિદં જગૌ ।।૫૮।।**

કૃષ્ણના આવેશથી ગોપીની વિકલવતાને જોઈને ઉદ્ધવ પરમ પ્રસન્ન થઈને તેને નમન કરતા આ પ્રમાણે તેની સ્તુતિ કરવા લાગ્યા. ૫૮.

દરરોજ ઉપદેશ, દરરોજ ગોપીઓની વિકલતા, એ બંને જોઈને, ભગવાન આત્મા છે પણ ગોપીઓને બહારનું જ્ઞાન થાય ત્યારે ભગવાનની ઈચ્છા

૧.'તે તે ધામાન્યુરુક્રમસુ' ઈત્યાદિમાં કહેલો શાસ્ત્રાર્થ તો પ્રથમથી જાણ્યો હતો.(પ્ર)

૨.પ્રસંગથી આવ્યો. નદી વિગેરેમાં પ્રસંગથી જવું થયું છે. ભક્તને ઘેર જવાનો તેનો ઉદ્દેશ હતો.(લે)

૩.શાસ્ત્રાર્થ એટલે શિક્ષા આપવી. 'વિયોગાધિ' એ ભગવાનની આજ્ઞા રૂપ શાસ્ત્ર. તે તો તેણે સાંભળ્યું હતું. ભગવાનના વિયોગરૂપ ઉત્તરદલ-લીલાને માટે આંતર રમણાર્થ ત્યાં વધારે રહ્યા. સ્થલ જોવા અને લીલાના દર્શન કરવા એ 'ચકાર'થી લેવાનો અર્થ છે. બધા વ્રજવાસિઓનો મેળાપ તો પ્રસંગથી થયો. માબાપ તથા ગોપીઓ માટે ઉદ્ધવ આવ્યા છે. ગોપી અને માબાપ તે બંને માટે નિર્ગમન એમાં કરણમાં લ્યુટ છે જવાને માટે સ્તુતિનો આરંભ કરે છે. (લે)

તેને થાય છે. તે ઈચ્છા પણ નિર્દોષ થાય છે એમ તેનો ભાવ જોઈને, કૃષ્ણના આવેશથી દેહની વિકલતાને જોઈને, અંતર્નિષ્ઠા અને વિરહ એ બે અવસ્થા ઉદ્ધવે જોઈ તેમાં લૌકિકી અવસ્થા ન જોઈ તેનાથી ઉદ્ધવ પરમ પ્રસન્ન થયા. ભક્તે એવી રીતે રહેવું જોઈએ. ગોપીઓમાં બે ભાવો જોયા જ્યારે પોતાનામાં એક જ ધર્મ જોયો. એટલે તેને નમન કરતા આ પ્રમાણે બોલ્યા. નમવામાં દોષની શંકાના અભાવમાં તેમની સ્તુતિરૂપ હવે કહેવાશે તે કહ્યું. ૫૮.

છ શ્લોકથી ઉદ્ધવના વાક્યો કહે છે.

**એતાઃ પરં તનુભૃતો ભુવિ ગોપવધ્વો ગોવિન્દ એવ નિખિલાત્મનિ રૂઢભાવાઃ ।।**
**વાઞ્છન્તિ યં ભવભિયો મુનયો વયં ચ**
**કિં બ્રહ્મજન્મભિરનન્તકથારસસ્ય ।।૫૯।।**

સમગ્રના આત્મારૂપ ગોવિંદમાં દઢભાવવાળાં ગોપવધૂઓ પૃથ્વીમાં શરીરને ધારણ કરનાર છે. સંસારથી ભય પામતા મુનિઓ અને અમો પણ તેના ભાવની ઈચ્છા કરીએ છીએ. અનન્ત ભગવાનની કથામાં જેને રસ નથી એવા બ્રાહ્મજન્મથી શું ફલ છે ? કાંઈ જ નહીં. ૫૯.

તેનામાં ભગવાનના બધા ધર્મો બતાવવામાટે પ્રથમ તેની સ્તુતિ કરે છે. જો કોઈ શરીરને ધારણ કરનાર હોય તો આ ગોપીઓ જ છે. જ્ઞાનીઓ લૌકિકો અને ભક્તો શરીરધારી નથી, તેમાં લૌકિકોનું જીવન તો વ્યર્થ છે. હાથમાં દોરડું રાખવાથી દોરડાવાળો ન કહેવાય. પણ દોરડું જે વાપરી જાણતો હોય તે દોરડાવાળો કહેવાય. તેમ શરીર ધર્યું તેણે ગણાય કે જેનો દેહ સ્વાધીન હોય. જ્ઞાનિઓને તો જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી શરીરનો ઉપયોગ છે તેને પણ જ્ઞાનના સાધન તરીકે દેહનો ઉપયોગ છે. આગળ તો તે દેહ વૃથા છે પછી અપેક્ષા નથી છતાં ભારની પેઠે તેને ઉપાડે છે. ભક્તો પણ મૂઢતાથી દેહને આત્મા માને છે. તેમાં જ તેની બુદ્ધિ છેવટ સુધી રહે છે તેથી આત્માથી તે બહિર્મુખ હોવાથી તે શરીરરૂપ ગણાય, શરીરધારી ન કહેવાય. પરંતુ કાલાંતરે તેને સારું ફલ થાય છે. આપણો વર્ગ તો ભક્ત ખરો જ્ઞાનપ્રાપ્તિવાળો ખરો પણ મંદભાવવાળો હોવાથી ઉત્કર્ષથી તનુભૃત્ નહિ તેથી ખરાં તનુભૃત્ તો આ ગોપીઓ જ કહેવાય. ત્યાં કહે છે તમે એમ કેમ કહી શકો ? લક્ષ્મી વિગેરે તેવાં જ છે. તેના ઉત્તરમાં કહેવાનું કે અમે પૃથ્વી ઉપર એના જેવાં નહિ એમ કહ્યું છે. ત્યાં કહે કે પૃથ્વી ઉપર પણ પ્રહ્લાદાદિ ભક્તો થયા છે. તેના જવાબમાં કહેવાનું કે અમો ગોપસ્ત્રીની[1] વાત કરીએ છીએ,

૧. એવી અવસ્થાવાળાં એટલે પતિપણાથી બીજાની સાથે સંબંધ જોડીને એવો અર્થ કરવો. તેનું શરીર પોતાને સ્વાધીન અથવા તેનું શરીર સફલ એવો તનુભૃત્નો અર્થ થાય છે. (લે)

સ્ત્રીઓમાં તો પતિપણાથી બીજે સંબંધ જોડીને આવાં કોઈ ભક્ત થયાં નથી. તે આશ્ચર્ય જેવું છે. તેણે ગોવિંદને પોતાના માન્યા. ખરી રીતે તે બધાના આત્મા છે તેમાં તેનો ભાવ રૂઢ થયો. દેહ સ્વાધીન હોય તેનું એ ફલ છે. જેણે ભગવાન્ બધાના આત્મા છે એમ જાણ્યા છતાં પોતાનો પૂર્વભાવ નિર્દોષ રાખી તેમાં સ્થિતિ કરી. ત્યાં કહે છે કે છેલ્લે તો ભગવાને ગોપીઓને જ્ઞાન કરાવ્યું 'આત્મલાભથી પર કાંઈ નથી' એમ શ્રુતિ કહે છે. એથી ભગવાને એને જ્ઞાનનિષ્ઠ કર્યા છે. ખરી રીતે આગળ તેને દેહનો ઉપયોગ પણ નથી તો આ તેની સ્તુતિ કેમ કહી શકાય ? ત્યાં કહે છે કે સંસારથી ભય પામેલા, મુનિઓ અને અમે (મુમુક્ષુઓ–મુક્તો અને ભક્તો) 'ચ'કારથી સર્વ ધર્મ પરલોકો જેના ભાવની મનમાં ઈચ્છા રાખે છે પણ તેવો ભાવ થતો નથી. વિદેહકૈવલ્ય સુધી જરૂર બહારનું જ્ઞાન રહે છે. જીવન્મુક્તોમાં તેવું સાંભળવામાં છે. તે[2] બહિ:સંવેદનમાં લૌકિક[3] ભાવ જ સર્વને થાય છે તેથી કાલના વિભાગથી જન્મનું વ્યર્થપણું છે. બીજાઓનું વ્યર્થપણું તો સિદ્ધ જ છે. નારદાદિની પણ ક્યારેક પ્રાકૃતના જેવી વ્યવસ્થા થાય છે. એમ ન હોય તો લૌકિકના જેવું કાર્ય તે ન કરે. પ્રહ્લાદ પણ રાજ્યાદિ કાર્ય કરે તેથી તેનું પણ એવું જ છે. જ્યાં સુધી બહારનું જ્ઞાન છે ત્યાં સુધી તો આ જ વ્યવસ્થા છે. એમ સર્વશાસ્ત્રનું કથન છે. આ સિવાય બીજી વ્યવસ્થા નથી. તેથી અવસ્થાનો વિચાર કરતાં આ ગોપીજનો દેહધારણ કરનાર છે. અહિં શંકા કરે કે વેદના ભણનાર, બ્રહ્મને જાણનાર, બ્રાહ્મણો વસિષ્ઠાદિ મુનિઓ તેના કરતાં મોટા કેમ ન કહેવાય ? તેના ઉત્તરમાં કહે છે કે બ્રહ્મભાવવાળાને શુક્લ, સાવિત્ર અને યાજ્ઞિક એવી ત્રણ અવસ્થાઓનું શું ફલ ? કાંઈ જ નહિ. જો કે બહિ:સંવેદનમાં તે વેદના અર્થનું અનુષ્ઠાન કરે એટલે મોટા સત્રો કરે. અંતર્નિષ્ઠામાં બ્રહ્મનું ચિંતન કરે તો પણ કર્મની અપેક્ષાએ ભક્તિ અધિક ગણાય. કર્મ તો પ્રપંચમાં સ્વસ્થ કરે. ભક્તિ તેમ ન કરે. જે દુષ્ટ[4] માને તે દુષ્ટ એવો નિર્ધાર છે. તે તે પ્રકરણમાં તેની તેની પ્રશંસા તો પ્રકરણને અનુસરીને થાય છે તેથી ભગવાનની કથામાં જેને રસ નહિ તેને બ્રાહ્મણના કર્મોપયોગી જન્મોથી શું ફલ ? કાંઈ જ નહિ. તો પણ તે લોકમાં ઉત્કૃષ્ટ ગણાય. યુક્તિથી તેના ઉત્કર્ષનો બાધ છતાં તે કર્મનું છેવટ ઉત્તમપણામાં આવે છે

૨. ત્યાં બહારના જ્ઞાનમાં. સ્વાસ્થ્ય સંપાદન કરનાર માર્ગ ઉત્તમ ગણાય તેને અધમ કેમ કહ્યો ? ત્યાં કહે છે.(પ્ર)

૩. બહારના જ્ઞાનમાં 'કિં બ્રહ્મજન્મભિ:' એટલા પદની આવૃત્તિ કરી. બે પ્રકારનું વ્યાખ્યાન કર્યું છે. (લે)

૪. જે દુષ્ટ માને તે જ દુષ્ટ છે. મનાવવાનું કરે તે પણ દુષ્ટ છે. (પ્ર)

એમ કોઈ કહે તો ત્યાં કહેવાનું કે અનંતની કથામાં જેને રસ આવ્યો તેને બ્રહ્મજન્મોથી કોઈ પુરુષાર્થ સાધવો રહેતો નથી. સાધન દશામાં જ તેનાથી અધિક ફલ સિદ્ધ હોય છે. કર્મના કરતાં ભક્તિ વડે જ્ઞાન થાય તેથી અધિક ને અધિક ઉપકાર કરે છે. ૫૯.

ત્યારે એવી અવસ્થા પ્રાપ્ત કરાવનારાં બ્રાહ્મણોનાં જન્મ થતાં હશે એવી શંકા કરીને વ્યભિચારને લીધે પરંપરાથી પણ તેનો ઉપયોગ નથી તે વાત કહે છે.

**ક્વેમાઃ સ્ત્રિયો વનચરીર્વ્યભિચારદુષ્ટાઃ**
**કૃષ્ણે ક્વ ચૈષ પરમાત્મનિ રૂઢભાવઃ ।।**
**નન્વીશ્વરોઽનુભજતોઽવિદુષોપિ સાક્ષા–**
**চ્છ્રેયસ્તનોત્યગદરાજ ઈવોપયુક્તઃ ।।૬૦।।**

વનમાં ફરનારી, વ્યભિચાર દોષવાળી સ્ત્રીઓ ક્યાં અને પરમાત્મા શ્રીકૃષ્ણમાં તેનો આ ભાવ ક્યાં ? તેથી જેમ અમૃતનો ઉપયોગ અજાણતા કર્યો હોય તો પણ તે અમર કરે છે તેમ ઈશ્વર, ભજનાર અવિદ્વાન્ હોય છતાં તેનું સાક્ષાત્ શ્રેય કરે છે. ૬૦.

આ ગોપીઓ જાતિથી હીન છે તેમાં પણ પુરુષ કરતાં સ્ત્રીની જાતિ હીન ગણાય. તેનાં રહેવાનાં પણ સ્થાનો હલકાં છે કેમ કે તે વનમાં ફરનારાં છે. સત્કુલમાં[1] ઉત્પન્ન થએલા વનમાં જવાથી ઉત્તમ થાય છે. તેથી 'વનનો વાસ સાત્વિક છે' એમ કહ્યું છે. એમ ન માનો તો વનમાં રહેતાં વાનરોને પણ ઉત્તમ માનવા પડશે. 'ચરી' કહેવાથી વનમાં સ્વતંત્ર[2] ફરનારી છે એમ સૂચના કરી છે. એવી[3] એની પાસે કોઈ લઈ જાય એવાં દ્રવ્યાદિ પદાર્થો પણ ન હોવાથી તે ખાતે પણ હીનતા કહી છે. વ્યભિચારદોષવાળાં છે એથી અંતઃકરણની હીનતા કહી છે. વ્યભિચારબુદ્ધિ વડે દોષવાળાં છે. એમ કેટલાક કહે છે. ૬૦.

આ શ્લોક ઉપર શ્રીગુસાંઈજી મહારાજની સ્વતંત્ર ટીકાઓ છે જે બધી મુદ્રિત પુસ્તકમાં છાપી છે તેનો અનુવાદ અહિં આપીએ છીએ.

(ત્યાં કહે છે કે લૌકિકપતિને સેવતાં પ્રાયશ્ચિત કરવું પડે એમ

૧. વનમાં રહેવું ઉત્તમ ગણાય તેને હલકું કેમ કહો છો ? ત્યાં કહે છે કે બ્રાહ્મણાદિ ઉત્તમો ત્યાગ પૂર્વક વનમાં તપશ્ચર્યા કરે તે ઉત્તમ ગણાય.(પ્ર)

૨. તે સ્વચ્છંદ ફરે છે એટલે દહિં વેચવા માટે ફરે છે.(પ્ર)

૩. રસવિક્રય કરવામાં શાસ્ત્રનો નિષેધ છે તેથી.(પ્ર)

૪. આ ભાવ છે. ત્યાં શ્રીકૃષ્ણમાં આ ભાવ (જે કહેવાશે તે) તેવામાં ન થવો જોઈએ. તે યથા ઈત્યાદિથી કહે છે તેનો શ્રીપ્રભુચરણ સ્વતંત્ર લેખમાં ઉત્તર આપે છે. (પ્ર)

ધર્મશાસ્ત્રમાં કોઈ જગ્યાએ કહ્યું નથી. તેથી જેની સાથે લગ્ન કર્યું છે તેની સાથેના ભોગને વ્યભિચાર ન કહેવાય. જો દોષ ગણે તો સ્ત્રી માત્રને તે દોષ લાગે. તેનાથી થએલી પ્રજા અધર્મથી થએલી ગણાય. અગ્નિહોત્રાદિ વૈદિકકર્મનો અધિકાર તેને ન રહે. એટલે ધર્મ, અર્થ, કામ અને મોક્ષનો જગતમાંથી લોપ થાય. તેને કહેનાર શાસ્ત્રો વ્યર્થ થાય. કાંઈ ભગવાનના પુત્રને ઉદ્દેશીને વૈદિક કર્મો કહેવામાં આવ્યાં નથી. ભગવાનની સ્ત્રી રુક્મિણ્યાદિ સિવાયની બીજી સ્ત્રીઓ સતી નહિ કહેવાય. બીજી સ્ત્રીઓને ભાગવતાદિમાં સતી કહી હશે તે ખોટું કહ્યું ગણાશે એવી શંકા થાય ત્યાં આ અભિપ્રાય છે. વર્ણ અને આશ્રમ તેમની દેહમાં સ્થિતિ છે. બ્રાહ્મણ હોય તે જ સંન્યાસનો અધિકારી એ વાક્ય વર્ણાશ્રમને ઉદ્દેશીને કહેલ છે તેના અધિકારને કહેનાર ધર્મશાસ્ત્ર છે. તેથી ધર્મશાસ્ત્ર દેહધર્મને કહેનાર છે. પણ તે ભગવાનના ધર્મને કહેતું નથી. કેમ કે તેનો અધિકાર જૂદો છે. દેહમાં આત્માનો આરોપ કર્યો છે. દેહના ધર્મને તે સ્વધર્મ કહે છે. ખરી રીતે તો આત્મધર્મો જ સ્વધર્મ કહેવાય. 'સ્વ' શબ્દની શક્તિ આત્મામાં છે. તેથી જ અવિદ્વાનો દેહધર્મના અધિકારીઓ છે. બ્રહ્મ જાણનારનો તેમાં અધિકાર નથી પણ ભક્તિમાં મુખ્ય અધિકાર છે. તે અવતાર નિર્ણયના પ્રસંગમાં શ્રીકુંતીજી એ પ્રથમ સ્કંધમાં કહ્યું છે.

**તથા પરમહંસાનાં મુનીનામમલાત્મનામ્ ।**
**ભક્તિયોગવિતાનાર્થં કથં પશ્યેમ હિ સ્રિયઃ ।।**

'મુક્તોપસૃપ્યવ્યપદેશાચ્ચ' એમ તત્ત્વસૂત્ર પણ કહે છે. આ શ્લોકમાં તો ભક્તિમાર્ગને ઉદ્દેશીને સર્વાર્થનો નિર્ણય કહેલો છે તેમાં (ભક્તિમાં) ભગવાન્ સિવાયના ભજનને દોષનું કારણ માન્યું છે તેથી

**આજ્ઞાયૈવં ગુણાન્ દોષાન્ મયાદિષ્ટાનપિ સ્વકાન્ ।**
**ધર્માન્ સંત્યજ્ય યઃ સર્વાન્ માં ભજેત્સ ચ સત્તમઃ ।।**

ઈત્યાદિ વાક્યથી બધા ધર્મો છોડીને ભગવદ્ભજન કરવાનું કહ્યું છે. બીજે કહ્યા ન્યાયથી અથવા ધર્મને સ્વધર્મથી કહ્યો તેથી તેને કપટરૂપ પણ કહ્યો છે. તેથી વ્યાસજીએ ભક્તિશાસ્ત્રના આરંભમાં 'ધર્મઃ પ્રોજ્ઝિતકૈતવઃ' એવી પ્રતિજ્ઞા પહેલી કરી કે આમાં હું કપટ રહિત ધર્મ કહું છું. ભક્તિમાર્ગનો વિધિ અને નિષેધ ધર્મશાસ્ત્રમાં ન કહે એ યોગ્ય છે. કેમ કે ધર્મ અને ભક્તિના વિષયો જૂદા છે. જેમ વાત્સ્યાયનના કામશાસ્ત્રમાં ધર્મશાસ્ત્રના વિધિનિષેધ નથી હોતા તેમ. ત્યાં કહે તે ઋષિપ્રણીત હોવાથી ધર્મશાસ્ત્ર તેનો બાધ કરતું નથી તો તેના ઉત્તરમાં કહે છે કે તેમ ધર્મશાસ્ત્ર કામનું બાધક ન હોવાથી ધર્મશાસ્ત્રમાં તેનો વિરોધ નથી કર્યો તેથી તેમાં કાંઈ બાધક નથી. તો અહિં પણ ભગવાનની પ્રાપ્તિ અત્યંત કઠિનતાથી થાય

છે. સ્વતંત્ર રીતે તેટલો વખત સ્ત્રી રહે તો તેને ઉત્કટ ઈચ્છા હોવાથી મનમાં આવે તેમ કરે તો તેનો નાશ થાય તેને ધર્મ માર્ગમાં રાખે છે. તેનો વિષયમાં રાગ હોય તેને કોઈ દ્વારા પૂર્ણ કરાવીને ધર્મશાસ્ત્રમાં કહેલા નિયમોમાં તેને ચલાવે છે. તેમ કરવાથી તેણે વ્યભિચાર ન કર્યો એમ તો ન કહેવાય. કેમ કે સહજ ભર્તા ભગવાન્ તે વિનાનો લૌકિકપતિ તેનું તેણે ભજન કર્યું તે જ આદ્યમહિષી રુકિમણીએ ભગવત્સ્તુતિમાં કહ્યું છે.

**ત્વક્શ્મશ્રુરોમનખકેશપિનદ્ધમન્તર્માંસાસ્થિરક્તકૃમિવિટ્કફપિત્તવાતમ્ ।**
**જીવચ્છવં ભજતિ કાન્તમતિર્વિમૂઢા યા તે પદાબ્જમકરન્દમજિઘ્રતી સ્ત્રી ।।ઈતિ ।।**

જે સ્ત્રી આપના ચરણકમલના મકરંદની ગંધ લેતી નથી તે મૂઢ સ્ત્રી જીવતા મુડદારૂપ, ચામડી, દાઢી, મૂછ, રોમ, કેશ નખથી મઢેલ, અંદર માંસ, હાડ, લોહી, જીવડા, વિષ્ટા, કફ, પિત્ત અને વાયુવાળાં શરીરને કાંત માનીને સેવે છે. તેથી ભગવાન્ મળે તેવા નથી છતાં તેની આશાએ અન્ય ભજન છોડી ભગવાનને ભજતા રહેવું. એ ભક્તિમાર્ગનો સાર છે. આ ગોપીઓ તો ભગવાનને માટે જ પ્રકટ્યાં છે. તેથી 'વસ્તુતઃ' ઈત્યાદિ લખ્યું છે તે બહુ સારું લખ્યું છે. અથવા અંતરંગ અને બહિરંગ એમ ધર્મ બે પ્રકારનો છે, દરેકના ત્રણ ભેદ છે. તે જ બતાવે છે. શાસ્ત્રમાં કહ્યો એવો ભગવત્કથાશ્રવણાદિ તે અંગરંગતમ ધર્મ કહેવાય. યોગાદિ સાધન વડે આત્મચિંતન અંતરંગતર ધર્મ કહેવાય. 'આ પરમ ધર્મ છે કે જે યોગ વડે આત્માનું દર્શન થાય' એવી સ્મૃતિ છે. ફલના ઉદ્દેશ વિના ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરાએલો યાગાદિ અંતરંગ ધર્મ કહેવાય છે. વર્ણાશ્રમથી પ્રાપ્ત થતો, સ્વર્ગાદિ ફલના ઉદ્દેશથી કરાએલો, વૈદિક ધર્મ બહિરંગ ધર્મ ગણાય. તુચ્છ સ્વર્ગાદિ જેનું ફલ છે એવો, વિવિધ સ્ત્રી પુરુષો જેનાં અધિકારી છે એવાં પાતિવ્રત્ય, દેવતાનાં વ્રતો ઈત્યાદિ સ્માર્ત ધર્મ બહિરંગતર ધર્મ કહેવાય. જેનાં ફલ ઐશ્વર્ય આરોગ્ય છે એવી નાનાપ્રકારની દેવતા કે ગ્રહો વિગેરેના ભજનરૂપ સ્માર્ત બહિરંગતમ ધર્મ કહેવાય. આમાં પૂર્વ પૂર્વનું બલિષ્ઠપણું સમજવું. પૂર્વ પૂર્વ થયા પછી ઉત્તરોત્તર કર્તવ્ય છે. પ્રેમ થયા પછી પોતાના વ્યસનથી કરેલું શ્રવણાદિ ધર્મરૂપ નથી. તેમાં ધર્મનું લક્ષણ ઘટતું નથી. કારણ કે 'જેમાં વેદની પ્રેરણા હોય તે ધર્મ કહેવાય.' એવું ધર્મનું લક્ષણ છે. પહેલા કહ્યા ધર્મોમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિમાં સર્વનો અધિકાર પ્રયોજક છે. ભગવાન્ મર્યાદા અને પુષ્ટિમાં જે જીવને જે માર્ગે લઈ જવાનું વિચારે ત્યાં તેને અધિકાર આપનાર તે તે શાસ્ત્ર તે તે ધર્મને કહેનારું હોય છે. તે તે અધિકારી તે તે પ્રમાણે ન કરે તેને દોષ પ્રાપ્ત થાય છે. તેથી તો અર્જુનનો પુષ્ટિમાં અંગીકાર હોવાથી મર્યાદામાર્ગમાં નિષિદ્ધ એવા ગુરુહનનાદિ ન કરવાથી તેનું ફલ અનિષ્ટ

થશે એમ ભગવાન્ બોલ્યા છે. 'અથ ચેત્ત્વમહંકારાન્ન શ્રોષ્યસિ વિનશ્યસિ' (જો તું અહંકારથી નહિ સાંભળે તો તારો નાશ થશે.) પ્રકૃત વિષયમાં વ્રજસ્ત્રીઓનો પુષ્ટિપુષ્ટિમાં અંગીકાર છે, તેનો મર્યાદામાર્ગના ધર્મમાં અધિકાર નથી. પણ અવિવાહિત છતાં ભગવદ્ભજનમાં તેમનો અધિકાર છે. તેથી તો તેમને ભગવાને મર્યાદાના ધર્મો કહ્યા પણ તે તેણે સ્વીકાર્યા નહિ. અંગીકાર તો ત્યારે થાય કે જો તેમાં તેનો અધિકાર હોય. આનો અધિકાર પુષ્ટિમાં હોવાથી મર્યાદાધર્મો તેના હૃદયમાં આવ્યા નહિ. અનધિકારીના હૃદયમાં ધર્મની સ્ફૂર્તિ ન જ થાય. એ બતાવવા ભગવાને પણ કહ્યું. તેથી તો મર્યાદામાર્ગીય, પુષ્ટિમાર્ગના ધર્મને ન સ્વીકારે. પુષ્ટિમાર્ગીય, મર્યાદાના ધર્મોનો અંગીકાર ન કરે. વ્રજરત્નાઓને મર્યાદાના ધર્મો પરધર્મો છે. તેથી પરણેલા પતિનું ભજન કરવું તે પણ પરધર્મ એટલે વ્યભિચારરૂપ ગણ્યું. એવા અભિપ્રાયથી તેને નિષિદ્ધ કહ્યું છે. ભગવાન્ તેના સહજ સ્વામી છે તેણે બીજાઓ સાથે વિવાહ કર્યો તે તો તેવા ભક્તોનો નિરોધ થવા માટે કર્યો છે, રસના અનુભવને માટે કર્યો છે. મર્યાદાનું સ્થાપન કરીને લોકને તે સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે તેમ કર્યું છે. ભગવાનને લીલા કરવી હતી તેથી અદિતિ વિગેરેમાં માતૃભાવ રાખ્યો પોતે તેના પુત્ર થયા. તેને પુત્રભાવથી ભજન ભગવત્પ્રાપક થયું. કશ્યપ વિગેરેમાં પિતૃત્વ અંગીકાર કર્યું તેનું પણ તેમ ભજન ભગવત્પ્રાપક થયું. તે તે સ્ત્રીઓને તેના પતિના ભજનથી તે તે ફલ મળવાનું ભગવાને વિચાર્યું છે તેને તે તે ભજનથી ભગવદ્વિચારિત ફલ મળે. એવો સંકેત ભગવાનનો છે એમ સમજવું, તેમાં વિવાહ કારણરૂપ નથી. તે (ગોપીઓ)નો વિવાહ તો ભગવાનની લીલામાં ઉપયોગી હોવાથી તે ભગવદ્વિવાહ બરોબર ગણાય. એ બાબતમાં વધારે ઉંડા ઉતરવા કરતાં અહિં જ તેને છોડો તો સારું કારણ કે તેને સમજવામાં અધિકારની જરુર છે.

ખરી રીતે તો ભગવાને વ્રજભક્તોને સ્વાર્થને માટે ઉત્પન્ન કર્યાં છે. વચમાં વખત બહુ ગયો તેથી બીજા ગોવાળીઆઓને ભ્રમથી પતિ માન્યા અને તેના ભજનરૂપ વ્યભિચાર કર્યો તેનો તેને દોષ પણ લાગ્યો. કેમ કે તેમનાથી પુત્રાદિની ઉત્પત્તિ થઈ. જેમ અહલ્યા બૃહસ્પતિના ભ્રમથી પ્રવૃત્ત થઈ તો પણ તે દુષ્ટ તો થઈ. ત્યારે દોષ થાય તો આ ભાવ તેમાં ન રહે. જેમ ધણી અન્યત્ર વ્યભિચાર કરનારીનો ત્યાગ કરે ? તો પણ ભગવદ્ભાવ ઉત્પન્ન થયો એ આશ્ચર્ય ગણાય. તે જ કહ્યું કે કૃષ્ણમાં આ ભાવ ક્યાંથી ? કેટલાક તો આત્મનિવેદન કર્યા પછી ગોપોના સંબંધમાં આવ્યાં તેને વ્યભિચાર ગણે છે. બલથી નાશ કર્યો તો પણ નાશ થયો જ ગણાય. 'મન્યમાનાઃ સ્વપાર્શ્વસ્થાન્' એ ન્યાયથી તેમના પતિનું રમણ સમજવું

પરંતુ તેની જોડે તેમનું રમણ થાય તો તેમનો નાશ થાય. શ્રીગોપીજનોમાં તેવી રીતે તે કરવાને સમર્થ નથી. તેના ભાવના પ્રતાપથી અથવા ભગવાનથી તેવો વિચાર કરનારનો નાશ જ થાય, ભસ્મનો પુંજ થાય. વળી તેનામાં સ્નેહ થયા પછી દોષ થાય તો આવો કૃષ્ણમાં ભાવ ન થાય. સદાનંદ શ્રીકૃષ્ણમાં ભાવ થાય તો દોષ ન થાય. એમ થતું હોય તો જગતમાં કોઈ કર્મ કરે જ નહિ. આ પરમાનંદ તો ઉદ્ધાર માટે પ્રકટ થયા છે. તેમાં આ ભક્તોનો ભાવ સર્વ પુરુષાર્થનો સાધક છે. ત્યાં કહે છે કે કારણ વગર ભાવરૂપ કાર્યની તેનામાં ઉત્પત્તિ કેમ થઈ અથવા વિરુદ્ધને કારણપણું કેમ થયું ? ત્યાં કહે છે. તમે ખરું ક્હો છો તે બંને બાબત વિરુદ્ધ છે. પરંતુ એવા વિતર્કમાં જાણતો ન હોય છતાં ભજતો હોય તેને પોતાને યોગ્ય શ્રેયનું દાન ઈશ્વર કરે છે. પરંતુ સેવકની યોગ્યતા જોતા નથી. જો કે આ વાત લોક કે વેદમાં પ્રસિદ્ધ નથી. પરંતુ ગોપીઓમાં પ્રત્યક્ષ થઈ છે તેથી એવો વિશેષ તર્ક અમે કરીએ છીએ ઈશ્વરમાં બધું સંભવે છે. ઈશ્વર ક્યાંક સેવા કરી તેને માનતા નથી ક્વચિત્ ધાર્યાથી વિપરીત ફલ આપે છે. પ્રમાદથી અપરાધ થયો હોય તો પ્રાણનો વિયોગ કરે છે. ક્યારેક ધાર્યાથી વધારે ફલ આપે છે. ત્યાં તેનું ભાગ્ય હોય તેમ થાય એમ કહો તો તેનો નિષેધ કરે છે. કેમ કે એમાં અદષ્ટ માનીએ તો કૃષ્ણ ઈશ્વર ન કહેવાય. લોકમાં તેના સિવાય કોઈ પરમેશ્વર નથી. તેમ માનવામાં વિરોધ પણ નથી. ભગવાનમાં એવી કલ્પના કરવામાં ભૂલ ગણાય. લોક રીતે એક દેશમાં દષ્ટાંત કહે છે કે અમૃત પ્રમાદથી પણ પીવામાં આવ્યું તો તે પોતાનો પ્રસાદ (અમરપણું) જણાવ્યે રહે છે. ભૂલથી અગ્નિ શરીરને લાગ્યો હોય તો તે બાળે જ. તો પણ કોઈ વખત પોતાનાં સમુદાય સાથે મળીને રહે છે. અન્યત્ર ઈશ્વરપણું નથી તેથી શ્રેય બીજાથી ન થાય તેમાં કાંઈ દોષ આવતો નથી. જેનાથી રોગ ન થાય. અથવા રોગને મટાડનાર અગદ–ઔષધ કહેવાય. બધા લોકોની શક્તિ એક જગ્યાએ ભેગી થાય તો તે રાજા બની જાય. તેથી ઔષધિમાત્રની શક્તિ જેમાં આવી જાય તે અમૃત કહેવાય. ભગવાનને યોગ્ય તો એ જ ગણાય. પ્રમાણનું બલ તો એક જ ગણાય. તે પણ છેલ્લામાં છેલ્લું ન ગણાય. નહિ તો કોઈકને જ તેમ થાય. તેથી આ ગોપીઓને જે આવો ભાવ થયો તે ભગવાનના સ્વરૂપના બલથી થયો છે એમ જણાય છે. અનુભજન એટલે ભગવાનની ઈચ્છા જાણીને તેને અનુકૂલ બનીને સેવા કરવી. જે વિદ્યાથી કરે છે તે બલવત્તર થાય છે એટલે જે સમજીને કરે તેનું ફલ ઉત્તમ છે ત્યારે સમજ્યા વગરનું કરે તેને ફલ મળતું નથી એ શંકા ન થવા માટે 'અપિ' શબ્દ છે. સાક્ષાત્ ભજન કરે છે. એ વિશેષ છે. આથી મંત્રાદિ દ્વારા ભજન કરવું તે તો મંત્રને લાયક ફલ આપનાર થાય છે. 'ઉપયુક્ત'

શબ્દથી એમ જણાય છે કે પાસે રહીને કોઈ પ્રકારના સંદેહ રહિત સર્વ લોકમાં, બીજામાં મળીને નહિ, એવો અર્થ કરવો. અમૃતને બીજું અનુપાન ન હોય તેના ફલમાં સંદેહ ન હોય.

અથવા અનંતની કથામાં જેને રસ ન આવ્યો એવા બ્રહ્મજન્મથી શું ફલ ? એવી શંકા થઈ તેમાં આ શ્લોક કહેવાયો છે. શંકાનું સ્વરૂપ તો 'સ્ત્રીઓ પુરુષમાત્રમાં મૈથુનની ઇચ્છાવાળી હોય છે. તે તેનો સ્વભાવ જ છે. ભગવાન્ પુરુષોત્તમ છે તેથી ભક્તો ભગવાનમાં કામભાવ વડે સ્નેહ કરે તે બ્રાહ્મજન્મવાળા કરતાં શ્રેષ્ઠ કેમ કહેવાય' તે શંકા દૂર કરવા માટે પ્રથમ તો બધી સ્ત્રીઓ અને પુરુષો કરતાં તે ભગવાનની શ્રેષ્ઠતા કહે છે. તેમાં પણ ભક્તપણાથી સ્ત્રીમાં શ્રેષ્ઠતા કેમ ? એ શંકા દૂર કરવા આ ભક્તો સ્ત્રીઓથી જૂદાં છે એમ પ્રથમ કહે છે. આ ભક્તો ક્યાં અને સાધારણ સ્ત્રીઓ ક્યાં બંને વચ્ચે થોડું પણ મળતાપણું નથી તેથી અસંભાવનાપૂર્વક કહ્યું છે. બીજી સ્ત્રી કહેવાય છે તેથી આ ભક્તો સ્ત્રી પણ ન કહેવાય. કેમ કે સ્ત્રીને પુરુષમાં સ્નેહ થાય તો કામ દ્વારા જ થાય એવો નિયમ છે. આ ભક્તોમાં એવું નથી. જો કે આનામાં કામ લીલા કહી છે તો પણ આ ભક્તોને ભગવાનમાં સ્નેહ છે તે કામને લીધે નથી પણ ઉપાધિ વગરનો છે એટલે સહજ છે. ભગવાન્ પોતે તેવો રસ આપવા માટે તેનામાં તેવો ભાવ મૂકીને તે રસ આપે છે એમ અમો કહીએ છીએ. તેનું બીજું સ્ત્રીઓથી અલગપણું બતાવે છે કે તે ભગવાનના રક્ષણ નીચે રહેનારી છે ભગવાન્ તેની રક્ષા કરી રહ્યા છે. તેથી કાલ, કર્મ, સ્વભાવથી તેને પ્રભુ પોતે બચાવે છે. તો બીજા પુરુષથી બચાવે એ બાબતમાં શું કહેવું ? અવન-રક્ષણ તેમાં જ ફરનારી તે 'અવનચરી' કહેવાય. ત્યારે તેને પુત્રો વિગેરે કેમ થયા ? તે શંકા તો સર્વ થવાને સ્વતંત્ર એવા ભગવાનથી જ પ્રકારાંતરથી પુત્રો થયા છે. ગોવાળોને તો 'મન્યમાનાઃ સ્વપાર્શ્વસ્થાન્' (ભગવાનની માયાને લીધે પોતાની સ્ત્રીઓ ભગવાન્ પાસે ગયાં હતાં છતાં તેમણે અમારી સ્ત્રીઓ અમારી સાથે જ છે એમ માન્યું હતું તેમ). સ્ત્રીઓમાં પોતાપણાનું અભિમાનમાત્ર છે. વ્યવહારમાં તે વાતને ગુપ્ત રાખે છે. તેમાં રસ આવે તે માટે ભગવાન જ તેમ કરાવે છે. કેવલ ભગવાનના તો આના સિવાય જગતમાં કોઈ નથી. તે જ કહે છે કે સ્ત્રીઓ તો વ્યભિચારદોષવાળી છે. જીવમાત્રના ભરણ પોષણ કરનાર ભર્તા એ ભગવાન્ છે. તેમાં પણ સ્ત્રીઓના ભર્તા તો તે ખાસ છે. સ્ત્રીઓનો તો બીજા સાથે સંબંધ હોવાથી વ્યભિચાર-દોષવાળી છે. તેથી ઘણી વિલક્ષણતા છે. હવે પુરુષો કરતાં પણ તેની વિલક્ષણતા છે કે એમનો ભાવ કૃષ્ણમાં છે. નારદ બ્રહ્માદિ અનેક ભક્તો છે તે બધા ભગવાનમાં ભાવવાળા છે પણ આ ભાવ તેનામાં ક્યાં છે ? 'ચકાર' હોવાથી વ્યભિચાર-

દોષરહિત લક્ષ્મીમાં પણ તે ભાવ નથી. 'આ' ભાવ એમ બતાવવાથી પોતે ઉદ્ધવે જે ભાવનો અનુભવ કર્યો તે ભાવ અહિં કહ્યો છે.

આ ગોપીજનના ભાવ જેવો ભાવ બીજે ક્યાંય સાંભળવામાં પણ નથી એમ માનવું જ પડશે એ કહેવાનું તાત્પર્ય છે. અથવા 'બર્હાપીડ' શ્લોકમાં ભગવાનને ગોપીઓના ભાવરૂપ કહ્યા છે તેને માટે કરોડો કામદેવોનું લાવણ્ય એકત્ર કરી તેમના (ગોપીઓના) ભોગ્યરૂપે પ્રકટ થયા છે તે કૃષ્ણ છે એમ સુબોધિનીમાં કૃષ્ણ શબ્દનો અર્થ કર્યો છે. તેવો ભાવ તો બ્રહ્માદિને પણ થવો દુર્લભ છે. બ્રહ્માદિ ભાવવાળા છે પણ ગોપીઓનો ભાવ ક્યાં ? ભગવાન્ કોઈને માટે ભોગ્યપણાથી પ્રકટ થતા નથી. વિષયથી વિલક્ષણતા કહી એટલે બીજાનો ભાવ બીજા વિષયમાં હોય પણ શ્રીગોપીજનોનો ભાવ તો કૃષ્ણરૂપ વિષયમાં છે. હવે સ્વરૂપથી પણ તેની વિલક્ષણતા કહે છે. આ કેવલ અનુભવમાત્રથી જણાય. જે લોક અથવા વેદમાં પ્રસિદ્ધ નથી. હવે તેના પ્રકારમાં પણ વિલક્ષણતા કહેવાય છે. તેમનો ભાવ પરમાત્મામાં છે. સર્વને આત્મા વહાલો છે, સર્વત્ર પ્રિયતા આત્માને લઈને છે. આ ભક્તોને તો આત્માથી અધિક પોતાના પ્રિય છે તેમાં ભાવ થયો છે. તેથી તેમને આત્માને માટે ભગવાન્ પ્રિય નથી પણ ભગવાનને માટે આત્મા પ્રિય છે. એ ઠરે છે બ્રહ્માદિના નિયામક ભગવાન્ હોવાથી, તેમના આત્માનું હિત કરનાર ભગવાન્ હોવાથી, ભગવાનમાં પ્રિયતા છે. તેથી બ્રહ્માદિમાં અને આ ભક્તોમાં બહુ વિલક્ષણતા છે. ઉત્પત્તિથી પર વિલક્ષણતા કહે છે કે આવો રૂઢભાવ ક્યાં છે. લોક કે વેદથી તે ભાવ થયો નથી. બીજાઓના ભાવો તો લોક અથવા વેદજન્ય હોવાથી આમનો ભાવ ભિન્ન છે. રૂઢભાવ કહ્યો તેથી પ્રમાણથી વિલક્ષણતા કહી. 'એષ' કહેવાથી પ્રમેયથી વિલક્ષણતા કહી. 'પરમાત્મ'માં કહેવાથી સાધનથી વિલક્ષણતા કહી. 'કૃષ્ણ' શબ્દથી ફલથી વિલક્ષણતા કહેવામાં આવી આવાં ભક્તો અન્યત્ર નથી એમ કહ્યું. તેમાં પણ ભગવાનમાં ઈશ્વરપણાથી જ્ઞાન નથી. લૌકિક જ્ઞાન તો હલકું ગણાય ત્યારે શ્રીગોપીજનો બ્રહ્માદિથી શ્રેષ્ઠ કેમ કહેવાય ? અહિં આ ભાવ છે. ફલની અધિકતામાં આધિક્ય છે સાધનના પ્રકાર વિશેષથી આધિક્ય નથી. તે ફલ તો પણ આ ગોપીઓમાં જ જોવામાં આવે છે બીજામાં દેખાતું નથી. કેમ કે ઈશ્વરપણાથી ભગવાનને જાણનાર હોય, શાસ્ત્રથી ભજન કરનાર હોય. તેવાનું શ્રેય સાક્ષાત્ ભગવાન્ કરવા આવે છે ? એમ કાકૂક્તિ છે. પણ નથી આવતા. એવો તેનો અર્થ થાય છે. તેમને તો ભગવાનનું જ્ઞાન તેમના વચનામૃતો તેમની ભક્તિથી બધા પુરુષાર્થો સિદ્ધ થાય પરંતુ ભગવાન્ પોતે તેની પાસે આવીને કાંઈ કરતા નથી પણ જે થાય છે તે તેના ધર્મોથી થાય છે. કદાચ માનો કે તેની અતિશય ભક્તિને

વશ થઈ ગજેન્દ્રની જેમ પુરુષાર્થનું દાન કરે પણ અમૃતની જેમ શ્રેય કરે ખરા ? બીજાને કહેવાનો અર્થ અતિગુપ્ત હોવાથી દષ્ટાંતના મિષથી કહે છે. અહિં આવો અર્થ છે. 'એકાનદઙ્ઘ્રિકમલં સંતપ્તા સ્તનયોરધાત્' એ ન્યાયથી વિરહના તાપથી હૃદયમાં પહોચેલા કામરૂપ રોગને દૂર કરવા ભગવાનના એક એક અંગનો ઉપયોગ ગોપીઓએ પોતાના હૃદયાદિ દેશમાં કર્યો તેમ બ્રહ્માદિ ન કરી શકે કેમ કે તે તો હમેશાં ઈશ્વરની ભીતિથી દૂર રહે છે. તેમાં પણ આમની પાસે ભગવાન્ સ્વતંત્ર નથી પણ ભક્તો સ્વતંત્ર છે. મુખ્ય છે. તે વાત 'ઉપયુક્ત' પદથી કહે છે. જેમ ઔષધનો તાપ દૂર કરવામાં ઉપયોગ થાય. મુખ્યતા ઔષધની ન ગણાય. મુખ્યતા તો પુરુષની ગણાય. રોગ મટ્યા પછી પણ પોષક અને રસ પડે તેવું ઔષધ હોય તો તો મનમાં આવે ત્યાં સુધી તેનો ભોગ પુરુષ કરી શકે તેમ અહિં પણ વિરહ તાપ ગયા પછી પણ ભક્તો ભગવાનનો યથેચ્છ ભોગ કરે એ બતાવવા માટે 'રાજ' પદનો પ્રયોગ કર્યો છે. અથવા બીજાનું શ્રેય સાક્ષાત્ કરે છે ? એમ યોજના કરવી. બીજામાં રુચિ ભૂલાવનાર આ રસ સાક્ષાત્ શ્રેયસ્કર હોવાથી તે શ્રીગોપીજનોને જ ભગવાન્ આપે છે બીજાને તેનું દાન કરતા જ નથી. તેથી તેને અગદરાજની ઉપમા આપી છે અથવા વિદ્વાન્ લોકનું ભગવાન્ શ્રેય કરે તે વાત ખરી છે પણ તે ભગવાને ભજન કર્યા પછી ભજન કરનારનું કરે છે ? તેમાં ભગવાન્ ભજે ત્યારપછી ભક્ત ભજે તે અનુભજન કહેવાય. 'વિરચિતચાટુવચનરચનમ્' માનાવસ્થામાં મધુર વાક્યો બોલી નાયિકાને મનાવે છે એમ ગીતગોવિંદમાં જયદેવ કહે છે તેમ શું બ્રહ્માદિને ભગવાન્ મનાવા જાય છે ? અથવા દરેક પદમાં કાકૂક્તિ લેવી. વિદ્વાનનું ઈશ્વર શ્રેય કરે છે ? કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થ હોય તે ઈશ્વર કહેવાય. બ્રહ્માદિને એવા રૂપથી ફલ આપવા ભગવાન્ જતા નથી. આ ગોપીઓ પાસે તો પૂર્ણકામ આત્મારામાદિ પોતાના સ્વરૂપ ધર્મોને છોડીને તેમને ફલ આપે છે. તેમની સાથે (બ્રહ્માદિની સાથે) તો વાણીની મર્યાદાને પણ છોડતા નથી. અનુભજન કરનારનું શ્રેય કરે છે ? એમ પૂર્વની પેઠે કાકૂક્તિ છે. બીજાનું શ્રેય કરે છે તે શું વિદ્વાનનું શ્રેય કરે છે ? પણ અવિદ્વાનનું શ્રેય કરે છે. તેના જ્ઞાનને યોગ્ય તેનું શ્રેય કરે છે. ભગવત્સ્વરૂપ તો આનંદરૂપ અને અનુભવવેદ્ય હોવાથી વાણી નેત્ર વિગેરેથી અવેદ્ય હોવાથી તેમ જ બ્રહ્માદિ પુરુષ હોવાથી ભગવાન્ તેને તે રૂપનો અનુભવ ન કરાવે. સાક્ષાત્ સ્વરૂપાનંદનો અનુભવ તેને ન થાય તેથી તે 'અવિદ્વાન્' કહેવાય. આ ગોપીઓ તો સાક્ષાત્ અનુભવી હોવાથી તેમાં તેની 'વિદ્વત્તા' સિદ્ધ છે. સાક્ષાત્ શ્રેય કરે છે શું ? એ પણ પૂર્વની જેમ કાકૂક્તિ સમજવાની છે. પોતે જાતે શું શ્રેય કરે છે ? વિસ્તારે છે શું ? તેમાં બ્રહ્માદિને શ્રેય આપે તો એકવાર આપે પણ તેનો

વિસ્તાર ન કરે. વિસ્તારવું એટલે તેમાં ચિત્તને એકત્ર કરવું. તેને માટે જ પ્રયત્ન કરવો. તે ગીતગોવિંદમાં કહ્યું છે. 'તત્ર હૃદયમતિયત્નમ્' (તેમાં મારું મન બહુ મહેનત કરી કહ્યું છે.) એમ જયદેવજી વર્ણન કરે છે. 'વિશતિ વિતનોરન્યો ધન્યો ન કોપિ' ઈત્યાદિ બીજા વચનો પણ એ અર્થને કહેનારાં છે. તેથી ભગવાન્ ગોપીજન સિવાય અન્યમાં એ વ્યવહાર કરતા નથી તેથી તેમ કહ્યું છે. અગદરાજની પેઠે શું કરે છે ? ઉપયોગ કરતાં શું શ્રેય કરે છે ? બ્રહ્માદિની પાસે એક આસન અથવા શય્યામાં સાથે ભગવાન્ રહેતા નથી કારણ કે ભગવાનનાં દર્શન પણ બ્રહ્માદિને દુર્લભ હોય છે. આમની સાથે તો બધાં સંબંધથી વર્તે છે માટે બ્રહ્મા અને ભક્તોમાં મોટું અંતર છે.

અથવા ભક્તિમાર્ગમાં બીજાના ભજનને છોડીને ભગવદ્ભજન મુખ્ય છે ત્યારે આ ગોપીઓ પોતાના પતિઓથી સંબંધ રાખીને ભગવાનને ભજે છે તેને ઉદ્ધવજીએ કેમ વખાણ્યાં ? એ શંકાને દૂર કરવા માટે 'ક્વેમાઃ' એ શ્લોક કહ્યો. આ વ્રજની સ્ત્રીઓ વ્યભિચાર દોષવાળી ક્યાં છે ? અર્થાત્ નથી. તેનું કારણ કે તે ભગવાનની નજરમાં ફરનારી છે. પોતે ભગવાનનાં ભોગ્ય હોવાથી તેનું ભગવાન્ હમેશાં રક્ષણ કરે છે. જો એવાં હોય (વ્યભિચારવાળાં) તો આવો દૃઢ ભાવ ભગવાનમાં કેમ હોય ? તેવો ભાવ સંભવે નહિ. જો એવા દોષ તેમાં હોય તો અહિં રૂઢપદ કહ્યું તેથી તેનો ભાવપ્રવાહ ચાલ્યા જ કરે છે. અંદર અને બહાર હમેશાં ભગવાનનું રમણ ચાલતું હોવાથી તેના ભાવનો કોઈ કાલમાં અભાવ સંભવતો નથી. તેથી એવી સંભાવના પણ તેનામાં ન કરી શકાય. અહિં તો વિવાહિત પતિનું ભજન એ જ વ્યભિચારદોષ પેદા કરનાર છે તે દોષ પણ એમનામાં નથી. ત્યાં કહે છે કે આરંભમાં 'શુશ્રુપન્ત્યઃ પતીન્ કાશ્ચિત્' એમ કહ્યું છે તે 'તા વાર્યમાણા' ઈત્યાદિ વડે કહ્યું છે. તો તેમને પતિનો સંબંધ નથી એમ તો કહી શકાય નહિ એમ કહો ત્યાં કહે છે કે એવું નથી. તે સંબંધ તેનો આભિમાનિક છે વાસ્તવ સંબંધ નથી. 'અસ્પ્રાક્ષ્મ તત્પ્રભૃતિ મન્યમાનાઃ સ્વપાર્શ્વસ્થાન્' ઈત્યાદિ શ્લોકમાં એમ જ કહ્યું છે. ત્યાં પુલ્લિંગ 'દાર' પદનો પ્રયોગ કર્યો છે. તેથી પણ તેની સાથે ગોપીઓના સંબંધનો અભાવ ધ્વનિત થાય છે. આભિમાનિક સંબંધ પણ અનન્યતાભંજક હોવાથી સદોષ તો ગણાય જ એમ ન કહેવું. 'સ એતાવાનાસ' એ શ્રુતિમાં આ સૃષ્ટિને સ્વરૂપાત્મક કહી છે. રસને માટે અને સ્થિતિને માટે પ્રભુએ જ તેમને તેના ઘરમાં રાખ્યાં છે. ભગવાનના સંબંધ પહેલાં તેઓ ગોપસંબંધવાળા છે એમ પણ ન કહેવાય કેમ કે તેમાં પણ પૂર્વોક્તયુક્તિ છે. જેમ ભગવત્સંબંધ પહેલાં તેમ ન હતું તેમ ભગવત્સંબંધ પછી પણ ઉપલા કારણથી જ તેવો ભાવ નહિ એમ પણ ન

કહેવાય. તે ગોપીઓને ભગવત્સંબંધ સિવાયમાં આત્માની સ્ફૂર્તિ જ નથી. ખરી રીતે તો ફલપ્રકરણમાં થએલા રમણની પહેલાં પણ તેમને સ્વપ્નમાં ભગવત્સંબંધ હતો એમ જણાય છે. એમ ન માનો તો 'અસ્પ્રાક્ષ્મ તત્પ્રભૃતિ' શ્લોકથી કહેલ ભૂતાર્થતાને ન કહેતા બીજાની પાસે ઉભા રહેવાને અમે સમર્થ નથી એમ કહેવાથી જ્યાં બીજાની પાસે ઉભું ન રહેવાય ત્યાં તે પછી થવાની ક્રિયાઓની સંભાવના જ કેમ થઈ શકે ? તેથી તેમને તેમના પતિના ભજનનો વખત ક્યારે પણ મળ્યો જ નથી. તેથી તેવી શંકાને અવકાશ નથી. ભગવાનનો સંબંધ તો તેમને નિત્ય છે. છતાં ભગત્સંબંધને વ્યભિચાર કોઈથી કહેવાય નહિ, કહો તો સર્વ પ્રમાણનો વિરોધ થાય. અંતર્ગૃહગતાઓને તેવી બુદ્ધિ થતાં તે ભગવાન્ પાસે પહોચી ન શક્યાં. આ લોકોને પ્રતિબંધ ન નડ્યો તેથી આમને કામોપાધિક સ્નેહ નથી એ સિદ્ધ છે. 'પરમાત્મ' પદથી પણ એ જ બતાવ્યું છે તેના ભજનમાં તમારી શંકાને અવકાશ નથી. પહેલાં તેમાં જ્ઞાનાદિ નહોતાં. જ્ઞાન વિના આવો ભાવ ન થાય એમ પહેલાં કહ્યું છે તો આમણે જ્ઞાન થવા માટે પાછળથી કયું સાધન કર્યું કે જેથી આવો તેમનો ભાવ થયો ? ત્યાં કહે છે ઈશ્વર સાધન વગર પણ બધું કરવાને સમર્થ છે. વિદ્વાનને પણ ફલ ન આપે તે વાત 'નૈષ્કર્મ્યમપ્યચ્યુતભાવવર્જિતમ્' એ વાક્યથી કેવલ જ્ઞાન પણ પુરુષાર્થ સાધક નથી એમ કહીને સિદ્ધ કરી છે. ત્યાં એમ કહ્યું છે કે જ્ઞાન ન હોય પણ ભજન પાછળ ભજન કરે તો ભગવાન્ સાક્ષાત્ પોતે ભજન સિવાયના સાધનને ન ઈચ્છતા શ્રેયને વિસ્તારે છે. પરંતુ 'યે યથા માં પ્રપદ્યન્તે' ઈત્યાદિ ન્યાયથી તેના અધિકારને અનુસારે ફલ આપે છે. જ્યાં સ્વાર્થને માટે ભજન કરનારને પોતે સાક્ષાત્ શ્રેય આપે છે ત્યાં ભગવાનને માટે ભજન કરનારનું શ્રેય કરે તેમાં શું કહેવાનું હોય ? પણ 'ન પારયેહં' એ ન્યાયથી એના ભજનનો બદલો આપવાનું મારી પાસે સાધન નથી એમ સર્વ કરવાને સમર્થ ભગવાને શ્રીમુખથી કહ્યું છે. તેથી આ ગોપીઓનું શ્રેય કરે છે તેવું શ્રેય બીજાનું કરતા નથી. એ બતાવવા માટે દૃષ્ટાંત આપે છે કે જેમ અમૃત પોતાનું પાન કરનારનું ભલું કરે છે તેમાં અનુપાનાદિની જરુર પડતી નથી, તે અમૃતનું ભલું તેને પીનાર કરતો નથી. તેમ સ્વાર્થને માટે ભજન કરનાર જ્ઞાનિનું ઈષ્ટ ભગવાન્ કરે છે ખરા પણ આ જ્ઞાનીઓ ગોપીઓની જેમ ભગવાનની સેવા કરતા નથી. આ ગોપીઓ તો ભગવાનનું પણ સુખ વિચારી ભજન કરે છે તેથી તેમાં કાંઈ અઘટિત જેવું નથી.

અથવા નિષેધ તો પ્રાપ્તિપૂર્વક હોય. તેનો અહિં અભાવ છે. તેથી બીજી રીતે વ્યાખ્યાન કરે છે. 'એતાઃ પરં' એ શ્લોકથી વ્રજરત્નાઓનો ઉત્કર્ષ કહીને તેના ઉત્તરાર્ધમાં સાધનથી તે ભાવ સિદ્ધ થતો નથી એમ કહીને તેના અભાવમાં આ

ગોપીઓને આવો ભાવ કેમ થયો એ 'આશ્ચર્ય' જેમ માનતા શુકદેવજી કહે છે કે જ્યાં સર્વસાધન રહિત એવાં હીનજાતિમાં જન્મેલાં પુલિંદીઓનો ઉત્કર્ષ સિદ્ધ થયો તો અગંસંગની અધિકારિણીને તે ભાવ થાય તેમાં તો શું કહેવું. એ આશયથી પુલિંદીઓનું વર્ણન કરે છે. આ પુલિંદીઓ ક્યાં ? અને શ્રીકૃષ્ણમાં દૃઢ ભાવ ક્યાં ? જો કે તેને નમન કરતા ઉદ્ધવ કહે છે. તેથી પુલિંદીની જોવાનું તેના પૂર્વકાલમાં છે છતાં ભાવનાથી પુલિંદીના ભાવને જોતા હોય તેમ કહે છે. 'ઇમા' એટલે આ ક્યાં ? અને તેનો ભગવદ્વિષયક ભાવ ક્યાં ? જો પુષ્ટિમાર્ગનું કાંઈપણ સાધન હોય તો તેવો ભાવ થવો સંભવે પણ ખરો. પુલિંદીઓને તો તે બંનેનો અભાવ હોવાથી તે ઘટતું નથી. તેમાં પ્રથમ પુષ્ટિમાર્ગીય સાધનનો નિષેધ કરે છે. કે તે વ્યભિચાર દોષવાળાં છે. અહિં પણ વ્યભિચાર પદ વિવાહિત પતિભજન પર લેવાનું છે. કારણ કે આ માર્ગમાં સાધન સર્વાત્મભાવ છે. તેમાં પતિના ત્યાગનું વિધાન છે તે જ 'સંત્યજ્ય' સર્વવિષયાન્ એ શ્લોકમાં કહ્યું છે. 'પતિસુતાન્વયભ્રાતૃબાન્ધવાન્' ત્યાં પણ લૌકિક પતિપુત્રાદિના ત્યાગનું વિધાન છે. તેમનો એવો ભાવ ન હોવાથી તેમાં વ્યભિચારદોષ છે એ વાત સિદ્ધ થાય છે. પુષ્ટિના સાધનનો અભાવ છે. મર્યાદામાર્ગનું સાધન તેનામાં નથી કેમ કે તે વનમાં ફરનારીઓ છે. મર્યાદામાં તો અધિકારીને જ સાધન સિદ્ધ થાય. આ તો વનમાં ફરનાર અતિક્ષુદ્ર જાતિ તેને કોઈ જાતનો અધિકાર ન હોવાથી મર્યાદામાર્ગીય સાધનનો તેમાં અભાવ છે. જન્માંતરના સાધનની કલ્પના ન કરી શકાય. તેમ માનવામાં કાંઈ પ્રમાણ નથી. તેવો તેમનો અધિકાર થયો જણાતો નથી. ત્યારે તેમનો એવો ભાવ થવામાં શું પ્રયોજન છે ? તેના ઉત્તરમાં ભાવ થવામાં ઉપપત્તિ બતાવે છે કે ભગવાન્ 'ઈશ્વર' છે. સાધન વગર સર્વ કરવાને સમર્થ હોય તે ઈશ્વર કહેવાય. તે ઈશ્વર પોતે સાક્ષાત્ શ્રેય કરે છે. ભગવાન્ સ્વરૂપ વડે ગોપીઓ અને પુલિંદીઓના સાધન છે તો ફલમાં વિશેષ આના કરતાં તેમની પ્રિયાઓમાં ઉત્કર્ષ કેમ કહી શકાય ? એ શંકા દૂર કરતા કહે છે કે અધિકારના ભેદથી ફલનો ભેદ થાય છે. તે વિશેષથી ગોપીઓ શ્રેષ્ઠ છે તે વાત બે વિશેષણથી કહે છે. 'અનુભજતઃ' અને 'અવિદુષઃ' વ્રજરત્નપ્રિયાઓને તો 'સ્વાગતં વો મહાભાગા' ઈત્યાદિથી ભગવાને નિષેધ કર્યો તો પણ પોતાના સ્વભાવની દૃઢતાથી તેનું ભજન કર્તાપણાથી અનુભજનથી પણ તેમના માન છોડાવવા વિગેરેથી ભગવાનનું જ અનુભજન છે આમને માટે અનુભજન ક્વચિત્ કહ્યું નથી. તેમાં પણ 'દયિતાસ્તનમણ્ડિતેન આનનકુચેષુ લિમ્પન્ત્યઃ તદાધિં જહુઃ' એમ કહ્યું છે. ત્યાં 'દયિતાપદ'થી વ્રજદેવીઓ લીધાં છે તેના સંબંધી કેસરથી તેમને પ્રભુસંબંધનો અધિકાર થયો છે તેથી ભજનથી અનુભજન પુલિંદીઓમાં સિદ્ધ છે.

એ બતાવવા મૂલમાં 'અનુભજન' શબ્દ વાપર્યો છે. વળી 'રસો વૈ સઃ' એ શ્રુતિમાં ભગવાન્ રસાત્મા હોવાથી તેના સ્વરૂપના જાણકાર તો 'વીક્ષ્યાલકા' ઈત્યાદિથી ભગવાનની પરમપ્રિયાઓ જ છે. આ પુલિંદીઓ ભગવત્સ્વરૂપને જાણતાં નથી તેથી તેઓ 'અવિદુષી'ઓ છે. વિદુષ પદ લો તો તેમાં માહાત્મ્યજ્ઞાનયુક્તને તેવો ભાવ ન જ હોય. અધિકારને અનુસારે જ્ઞાન થાય, જ્ઞાનને અનુસારે ફલ મળે. એ વાત 'મલ્લાનામશનિ' એ શ્લોકમાં કહેલ છે. એક વચન, જાતિના અભિપ્રાયથી સામાન્યપણું બતાવવા કહ્યું છે. તેવું ભોગ્યશરીર ન હોવાથી પુલ્લિંગપ્રયોગ કર્યો છે. ઈશ્વર હોઈને જ્યાં અનધિકારીનું પણ શ્રેય કરે ત્યાં તો તેમનું શ્રેય કરે તેમાં શું કહેવું એ 'કૈમુતિક' ન્યાય બતાવવા માટે અહિં 'અપિ' શબ્દ મૂકવામાં આવ્યો છે. તેમાં દૃષ્ટાંત કહે છે. કે અમૃત કોઈના સંબંધમાં આવે ત્યાં તે અધિકારીનો વિચાર કરતું નથી. તેવું અહિં પણ સમજવાનું છે. અહિં અમૃતાદિ પદ છોડીને કેવલ રોગ મટાડનાર 'અગદ' પદ કહેવાથી પુલિંદીઓને ભગવાનનો સંબંધ કામરૂપ રોગની શાંતિને માટે થયો હતો. 'જહુસ્તદાધિમ્' ત્યાં તે રોગ દૂર થવા માત્રનો તેમનો મનોરથ હતો તે કહ્યો છે. વ્રજના રત્નોનો તો વિરહદશાથી ઉત્પન્ન થએલ સ્મરરોગ મટ્યા પછી પણ આગળ નાના પ્રકારની રતિકેલિના સમૂહથી અખિલ રસમય પોતાના પ્રિયતમના રૂપામૃતનો સ્વાદ લેવો એ મુખ્ય પ્રયોજન છે. તેથી પુલિંદીઓને એમનું દૃષ્ટાંત ન અપાય. એ સમજવાની વાત છે. ખરી રીતે તો વ્રજનાયકનાં પ્રિયાઓ પ્રિયના વિયોગની પીડાથી દુઃખી થયાં તે વખતના ભાવને પણ 'તા મન્મનસ્કા' ઈત્યાદિથી ભગવાને કહ્યો છે તે ભાવ પણ રસરૂપ છે એટલે તે આનંદ હોવાથી તેને રોગ કહેવો એ અનુચિત ગણાય. તેથી તેમ કહ્યું છે. 'ઉપયુક્ત' પદથી પુલિંદીની તો પાસે સ્થિતિ કહી છે જ્યારે વ્રજરત્નાઓને તો શ્રીઅંગના સંગનો સંબંધ છે તેથી બંનેની વચ્ચે મોટો તફાવત છે. અહિં પુલિંદીનું કથન કહેવું સારું છે. જો કે 'દૃષ્ટ્વૈવમ્ આદિગોપીનામ્' એ સ્થલમાં તો 'નમસ્યન્' એમ કહ્યું છે તે પ્રસંગ અહિં છે. પરંતુ કોઈ સમયે ઉદ્ધવ પુલિંદીનો ભગવદ્ભાવ પણ જોઈ આવ્યા છે એમ જણાય છે. 'સરિદ્વનગિરિદ્રોણીર્વીક્ષન્ કુસુમિતાન્ દ્રુમાન્' ત્યાં પર્વતમાં રહેનાર પુલિંદીઓને પણ જોઈ હોવી જોઈએ એ વાત નથી કહી છતાં માનવા જેવી છે. તેથી પ્રથમ 'એતાઃ પરં' એ શ્લોક વડે વ્રજરત્નાઓની સ્તુતિ કરીને તેમાં આશ્ચર્ય જેવું માનતા ઉદ્ધવ પુલિંદીનું સ્મરણ કરી જ્યાં પુલિંદીને સ્વરૂપ લાભ હોય ત્યાં તેમની પ્રિયાઓને લાભ થાય તેમાં શું કહેવું એ અભિપ્રાયથી અહિં એમ કહે છે. અહિં તેમની સ્તુતિ કરવાથી તમે કહો છો તેવું કશું નથી. વળી 'ઈમાઃ' એમ બતાવીને કહ્યું છે તે પ્રભુવલ્લભાઓને ન કહી શકે તેમાં પણ 'ક્વ' એમ અસંભાવના પૂર્વક ન

બોલે. તેમનામાં નિરુપધિ ભાવ હોવાથી તેને ઉદ્ધવ સ્ત્રી શબ્દથી પણ ન કહી શકે. સ્ત્રીઓમાં ભાવ હોય તો પણ તેમાં કામરૂપ ઉપાધિ નિયત (ચોક્કસ) હોય છે. ઉદ્ધવ ભગવત્સંગિનીમાં 'વનચરી' પદનો પ્રયોગ ન કરી શકે અથવા 'વ્યભિચારદુષ્ટા' એ પદ બોલી ન શકે તેમના સ્વરૂપને ઉદ્ધવ જાણે છે. છતાં એવા શબ્દો કેમ બોલે ? તે પણ 'શ્રીકૃષ્ણના પ્રિયમિત્ર છે.' 'અત્યંત પ્રેષ્ઠને ભગવાને કહ્યું.' 'તે કૃષ્ણના સેવકને જોઈને' ઇત્યાદિ વાક્યથી ઉદ્ધવ અંતરંગ ભક્ત છે તે 'આસામહો ચરણરેણુજુષામ્' તેમના ચરણરેણુની રજસંબંધી જન્મની પ્રાર્થના કરી તેનો વિરોધ આવે. તેથી 'પૂર્ણાઃ પુલિંદ્યઃ' ત્યાં પુલિંદીઓને ભગવત્સંબંધ કહ્યો છે તેમાં કહી એવી (ગોપીજનને વ્યભિચાર દુષ્ટ કેમ કહેવાય. તે જ્યારે અહિં પુલિંદી લઈએ તો તે ઘટે છે તેથી) અડચણ આવવાની નથી એટલે સર્વ નિર્દોષ છે. ૬૦.

તમારા કથનમાં અન્યોન્યાશ્રય દોષ આવે છે. એવો ભાવ ભગવાનમાં ઉત્તમ કારણના અભાવમાં કેમ થાય ? તેના ઉત્તરમાં ભગવાન્ કરે એમ કહ્યું. ભગવાન્ કેમ કરે ? તેના ઉત્તરમાં તેની ઈચ્છાને અનુકૂલ રહીને ભજન કરવાથી કરે એમ કહ્યું. ઈચ્છાનુસારી ભજન પણ કારણ વગર ન બને એટલે એ દોષ તો એમનો એમ રહ્યો. તેથી એક સાધન નિશ્ચય કરીને કહેવું. ભગવાનની ઈચ્છા કે બીજું કારણ છે ? ભગવાનની ઈચ્છા કહો તો તેમાં વ્રજભક્તોની સ્તુતિની જરુર નથી. બીજું કારણ કહેતા હો તો 'કિં બ્રહ્મ જન્મભિઃ' કહ્યું તેનો વિરોધ આવે છે એ શંકાને દૂર કરવા માટે આગળ કહે છેઃ

**નાયં શ્રિયોઙ્ગ ઉ નિતાન્તરતેઃ પ્રસાદઃ સ્વર્યોષિતાં નલિનગન્ધરુચાં કુતોન્યાઃ ।।**
**રાસોત્સવેસ્ય ભુજદણ્ડગૃહીતકણ્ઠ-લબ્ધાશિષાં ય ઉદગાદ્વ્રજવલ્લવીનામ્ ।।૬૧।।**

રાસના ઉત્સવમાં ભગવાનની ભુજાઓથી જેના કંઠ વીટાએલા છે અને તેનાથી ગોપીઓને જે સુખ મળ્યું તે પ્રસાદ લક્ષ્મીજીને નથી મળ્યો. કમલની સુગંધ યુક્ત દેહવાળી સ્વર્ગની અપ્સરાઓને નથી મળ્યો તો બીજાઓને તો ક્યાંથી જ તેનો સંભવ હોય ? ૬૧.

ખરી રીતે તો 'ભગવાનની[૧] ઈચ્છા એમાં નિયામિકા છે. પરંતુ તે આજ સુધી કોઈની ઉપર એવી ઈચ્છા થઈ નથી. ગોપીઓ ઉપર પહેલી થવાથી તેની સ્તુતિ છે નહિ તો જેવો તેની ઉપર પ્રસાદ[૨] થયો તેવો બીજે ઠેકાણે પણ થઈ શકે. તેવો થવાના સંભવિત સ્થાનોનો નિર્દેશ કરી ત્યાં પણ તે પ્રસાદ થયો નથી તે કહે છે. અત્યંત જેની સાથે પ્રીતિ છે એવી તો લક્ષ્મી છે. તેમાં નિત્ય રમણ કરતાં છતાં

૧. એવો ભાવ - એટલે ભગવાનની ઈચ્છા પ્રમાણે ભજન.(પ્ર)
૨. વ્યાખ્યાનમાં પ્રસાદ પદથી ઈચ્છા કહી છે.(પ્ર)

આવો અનુગ્રહ તેની ઉપર ભગવાને ન કર્યો. સ્વર્ગની સ્ત્રીઓમાં ઈન્દ્ર ઉપેન્દ્રરૂપે પ્રકટીને બહુ સાથે રમણ કરતાં પણ આવો ભાવ તેમને કોઈને ન આપ્યો. રાત્રિવિકાસી કમલના જેવો ગંધ અને કાંતિ જેની છે એવી તે સ્વર્ગસ્થ સ્ત્રીઓ છે જેમાં કમલનો ભ્રમ થાય છે. ભગવાન્ કમલપ્રિય કહેવાય છે. કમલના ખંડમાં પૂજા કરી હોય તેમ કદાચ તેની સાથે રહે પણ ખરા. તેને પણ આ પ્રસાદ ન મળ્યો. બીજી સ્ત્રીઓ તે તે અવતારમાં ભગવાનના સંબંધમાં આવી પણ તે પ્રસાદ તેને તો ક્યાંથી મળે ? તેને એવો કયો પ્રસાદ મળ્યો ? તેના ઉત્તરમાં કહે છે કે તેની સાથે રાસનો ઉત્સવ ભગવાને કર્યો. તેમાં પોતાના ભુજ વડે તેના કંઠોને પકડીને રમાડ્યાં. તેમાં જે આનંદ આપ્યો તેને પ્રસાદ કહ્યો છે. ભગવાન્ કોઈ દિવસ અનેકરૂપ લઈને એવી રીતે રમણમાં સામીલ થાય. તેમાં પણ વ્રજની ગોપીઓની સાથે રમ્યા તે ગોપીઓ ઓઝલમાં રહેનારી નથી પણ ખુલ્લી ફરનારી છે. દહિ દૂધનો વિક્રય કરવા જાય આવે છે, બીજે પણ ફરે છે. ભગવાન્ તો મોટાઓ પ્રાર્થના કરે ત્યારે એકરૂપ ધારણ કરે. તે પણ કાર્યના ગૌરવનો વિચાર કરે પોતાને આવ્યા વિના ન ચાલે તો જ સ્વરૂપ ધરીને પૃથ્વી ઉપર આવે છે. તેમને ભગવાને આનંદ સારો આપ્યો. તેને અનેક પ્રકારે રસ ઉત્પન્ન કરીને રમાડ્યા. તેથી જણાય છે કે બીજી કોઈ આવી સ્ત્રીઓ નથી. કોઈની ઉપર આવો[3] પ્રસાદ પણ આજ સુધીમાં થયો નથી. તેથી જણાય છે કે તેમની અવસ્થા પણ એવી જ છે. પ્રમાણમાં તેની સ્તુતિ નથી પણ તે જ સર્વોત્તમ છે. ૬૧.

ઈર્ષ્યા વડે એની અવસ્થાને વખાણીને ઈશ્વરને એટલા માટે શું પ્રાર્થના કરાય છે ? તો તો તે પોતાને ગમતી વાત છે. તેથી વસ્તુ નિરૂપણમાં તાત્પર્ય ન ગણાય. તેમાં ગોપીઓનો ઉત્કર્ષ સિદ્ધ ન થાય ? ત્યાં કહે છેઃ

**આસામહો ચરણરેણુજુષામહં સ્યાં વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।।**
**યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ।।૬૨।।**

વૃન્દાવનના ઝાડમાં લતા, ઔષધી અને ગુચ્છો થાય છે તે બધાં આ ગોપીના ચરણની રજ ઉડીને પોતાની ઉપર પડે એ ઈચ્છાથી તેની સેવા કરે છે. હું પણ તે ઔષધીઓમાંથી એકરૂપે થાઉં. જે ગોપીઓ કોઈ રીતે ન છોડાય એવા પોતાના દેહ, પતિ, પુત્ર, મર્યાદામાર્ગ વિગેરેને છોડીને શ્રુતિઓ પણ જેને શોધે છે એવા મુકુંદની પદવીને પામ્યાં છે. ૬૨.

હું આ ગોપીઓના દાસનો દાસ થવાને પણ લાયક નથી હું તેની ભાવના તો ક્યાંથી કરી શકું. 'અયોગ્યને ઈચ્છનાર પુરુષ પડે છે એમાં સંદેહ નથી' માટે આ

૩. પ્રસાદ કોઈને આપ્યો નહિ એટલે આવા પ્રસાદના વિષય કોઈને ન બનાવ્યાં. (પ્ર)

ગોપીઓના ચરણને સેવનાર ગુલ્મતા[1] ઔષધીઓની અંદર કોઈક રૂપે હું થાઉં. પ્રથમ તો જંગમપણાનો મારો અધિકાર નથી. એ અધિકાર હોત તો ક્રિયા વડે તેની પાસેથી નીકળી જવું પડત. વ્યહાર લાયક હોય તેમાં સમાન ભાવ રહે. અહિં તો ગોપીઓની સમતા કહેવરાવવી એ પણ પોતાની નાલાયકી બતાવવા જેવું છે. સ્થાવર થઈએ તો ઘણો વખત જાય એથી ભગવત્પ્રાપ્તિમાં વિલંબ થાય. તેથી જે જેની ચરણરજને ઇચ્છે છે તે તેવો થાય અથવા તે તેનો થાય છે. તેથી થોડી[2] આયુષ્યવાળું અને ચરણરજ મળ્યા કરે એવું જન્મ મળે એવી પ્રાર્થના કરી છે. ગુલ્મલતા અને ઔષધિઓ તામસ, રાજસ, સાત્ત્વિકો તેમાં પણ ગોપીજનોના ચરણની રજનો સંબંધ થયા કરે એવી જાતિમાં નહિ કે તુલસી કુંદ જાતિ (ફુલઝાડ) ડાંગર વિગેરેમાં, તેમાં તો હસ્તનો સંબંધ થાય, તેના ફુલને મસ્તકનો સંબંધ થાય. તે તો ઉત્કર્ષનો મિષ કહેવાય. ખરી રીતે તો તેમાં પોતાની મોટાઈ ગણાય. વૃંદાવન પણ ઉત્કર્ષ આપનાર અને ભક્તિ દેનાર છે. 'અહો' એ અવ્યય આશ્ચર્યવાચક છે એટલે હું સ્વલ્પ માગું છું તે પણ નહિ મળે. સાધનના[3] પ્રકારથી મોટાઈ આવે તે ફલ આપનાર થાય છે બીજી રીતે ફલ મળતું નથી. 'કિમપિ' અનાદરને કહેનાર છે તેમાં સત્ત્વ સારું અને રજ મધ્યમ એવો વિચાર હોય નહિ પરંતુ ગમે તે જન્મમાં ચરણરજનો સંબંધ અભીષ્ટ છે. તેનાથી જ ઉત્કર્ષ છે. તે તો બધામાં તુલ્ય છે. ત્યાં કહે છે કે એમના ચરણની રજથી તો ક્રમે કરીને ગોપીઓમાં ભાવ થશે. ભગવદ્ભાવ તો નહિ થાય. ગોપીઓમાં ભાવ થાય એવી પ્રાર્થના શા માટે કરો છો ? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાનમાં ભાવ તો આ ગોપીઓમાં સહજ છે. બીજે ક્યાંય ભગવદ્ભાવ જ નથી તેનું જ ઉપપાદન ગત શ્લોકમાં કરવામાં આવ્યું છે. મારું જન્મ તો દોષવાળું[4] હોવાથી તેવું થવાનો સંભવ નથી એમ માનીને ગોપીઓના ધર્મોને કહે છે. સ્વજન અને પુત્ર વિગેરે કોઈ રીતે છોડાય નહિ. તેમાં પણ વેદમાર્ગ ન જ છુટે. 'સંભાવિતસ્ય ચાકીર્તિર્મરણાદતિરિચ્યતે' આ મર્યાદામાર્ગ લૌકિક છે તેવા તે પુત્રાદિ છે. ખરી રીતે તો ભગવાન જ સ્વજન છે અને આર્યમાર્ગ પણ તે જ છે. જો તેમ ન માનો તો ફલમાં[5] વ્યભિચાર[6] થશે. તેથી તે બધાને એમણે

૧. ગુલ્મતાઓષધિ એ ત્રણની જગ્યાએ તુલસી, જાતિ અને ડાંગર કહી છે.(લે)
૨. અલ્પાયુઃ એ જન્મનું વિશેષણ છે.(પ્ર)
૩. તદીય એટલે તે ફૂલની માલાને મસ્તકનો સંબંધ થાય.(પ્ર)
૪. દુષ્ટત્વાત્ કહ્યું છે ત્યાં 'સ્વસ્ય' લેવાનું બાકી છે.(પ્ર)
૫. સ્વજન અને આર્યમાર્ગ છોડ્યા વગર કૃષ્ણરૂપ ફલમાં વ્યભિચાર થાય. તે લૌકિક હોવાથી છોડવાં, ફલમાં વ્યભિચાર કરનાર હોવાથી છોડવાં.(લે) ૬. ફલમાં વ્યભિચાર એટલે લૌકિકને

છોડ્યાં. 'ચ' છે તેથી ભગવાને ઉપદેશ આપ્યો તેને પણ છોડ્યો. તેને ન છોડે તો ચિત્તમાં બહારના જ્ઞાનથી સ્વાસ્થ્ય થાય. તે પછી મોક્ષ આપનાર ભગવાનના કૃપામાર્ગમાં આવી તેને ભજ્યા. જે જે માર્ગમાં ચાલે છે તે તેટલા ધર્મથી તેના જેવો જ ગણાય છે. તેથી આ ગોપીઓ પણ તેના માર્ગમાં આવવાથી મોક્ષ આપનારી થઈ. તેવા આપણે પણ થઈ શકશું. તેથી ભગવાનના ભજન કરતાં વૃંદાવનમાં જન્મ લેવું ઉત્તમ છે. એવો અહિં કહેવાનો ભાવ છે. ત્યારે તો બ્રહ્મભાવની પેઠે આ ભાવ પણ વેદમાં કેમ ન કહ્યો ? ત્યાં કહે છે કે આ ગોપીઓના ભાવને તો શ્રુતિઓ પણ કહેતાં વિચાર કરે છે. પરંતુ આ વસ્તુ આમ જ છે એમ સ્પષ્ટ કહી શકતી નથી કેમ કે તેને દૃષ્ટાંતનું જ્ઞાન નથી. હમણાં ભગવાને ગોપીઓને દૃષ્ટાંતરૂપ બનાવ્યાં છે. ભગવાનનો અભિપ્રાય શ્રુતિઓ પણ જાણી ન શકે તેથી શ્રુતિઓના સર્વજ્ઞપણામાં દોષ નથી આવતો. તે 'વ્યાસાદ્યૈરીશ્વરેહાજ્ઞૈઃ' વ્યાસાદિ ઈશ્વરની ઈચ્છાને જાણે છે, તેણે યુધિષ્ઠિરને સમજાવ્યા પણ તે સમજ્યા નહિ. પણ તે ભીષ્મના કહેવાથી સમજ્યા એ વાત પ્રથમ સ્કંધમાં કહી છે. આ મતનો સ્વીકાર કરીને 'યસ્યામતં તસ્વ મતમ્' ઈત્યાદિ શ્રુતિઓ અજ્ઞાનની જ સ્તુતિ કરે છે. તો પણ પોતાના માટે અજ્ઞાન હોય તો વિશેષ જાણવાની જરુર હોવાથી પોતાનું સામર્થ્ય માનનારા વિચાર કરે છે. તેમાં પણ સર્વોત્કૃષ્ટ વસ્તુનો વિશેષ વિચાર થાય છે. ૬૨.

જે બધાને પુજવા ઉપાસનીય છે તેનો વિનિયોગ આમને તાપ દૂર કરવામાં થાય છે. તાપમાં પૂજ્યનો સ્પર્શ પણ નિષિદ્ધ છે. પૂજાને માટે પણ તપવાળો પૂજ્યનો સ્પર્શ કરાય નહિ તેમાં પણ તે અંગભાવને પ્રાપ્ત થાય છે તેથી તેનો ઉત્કર્ષ વિશેષ છે તે કહે છેઃ

**યા વૈ શ્રિયાર્ચિતમજાદિભિરાપ્તકામૈર્યોગેશ્વરૈરપિ યદાત્મનિ રાસગોષ્ઠ્યામ્ ।।**
**કૃષ્ણસ્ય તદ્ભગવતશ્ચરણારવિન્દં ન્યસ્તં સ્તનેષુ વિજહુઃ પરિરભ્ય તાપમ્ ।।૬૩।।**

શ્રીકૃષ્ણ ભગવાનનું જે ચરણારવિંદ લક્ષ્મીએ પૂજ્યું છે, બ્રહ્માદિએ પૂજ્યું છે, આપ્તકામ સનકાદિ યોગેશ્વરોએ હૃદયમાં જેનું ચિંતન કર્યું છે તે ચરણારવિંદ લીલામાં ભગવાને આમના સ્તન ઉપર ધર્યું તેના આલિંગનથી આ ગોપીઓએ હૃદયના તાપને શાંત કર્યો. ૬૩.

સર્વત્ર ફલરૂપા લક્ષ્મી છે તેણે પોતાની ઈષ્ટસિદ્ધિને માટે ભગવચ્ચરણની પૂજા કરી. પણ એના મનમાં આવે તેમ તેનો ઉપયોગ તે ન કરી શકી. બ્રહ્મા અને

---

આર્યમાર્ગ માનો તો તેમાં પણ ભગવાન્ ફલ થાય. તેવું આર્યને લૌકિક ફલ ન થાય તેને તેની જરુર ન હોય. તે જેને અપેક્ષિત છે તેઓ આર્ય નથી તેથી ફલમાં વ્યભિચાર છે. (પ્ર)

સનકાદિ પૂર્ણકામ છે. સિદ્ધ વિગેરે સર્વ કરવાને સમર્થ છે. જેણે સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કર્યો છે, જેણે સર્વ સાધનોને વશ કર્યા છે તે પણ તેનાથી ઉત્તમ ફલ મેળવવા માટે તે ચરણકમલને સેવે છે. બહારની અવસ્થામાં પૂજન કરતા હશે એમ શંકા કરીને વિશેષ કહે છે જે અંતઃકરણમાં ધ્યાનમાં લઈને પૂજન કરે છે. તેવું સદાનંદ કૃષ્ણનું ફલરૂપનું ચરણકમલ સ્વતંત્ર ફલ આપનાર સ્વતઃ ભક્તિમાર્ગને પ્રવર્તાવનાર સર્વ સમર્થનું એમ સ્વતઃ અને સંબંધથી ઉત્કર્ષવાળા ચરણને રાસક્રીડામાં પોતે પોતાની ઈચ્છાથી નાચે ત્યારે થાકી જાય તે વખતે છાતી ઉપર કમલની પેઠે પંખાની પેઠે અને ચંદનની પેઠે ચરણને માનીને પોતાના સ્તન ઉપર રાખી તેને આલિંગન કરી હૃદયના તાપને શાંત કરે છે. એમ કરતાં હોય તો તે ધૃષ્ટતા કહેવાય. તે તો તેમણે અયોગ્ય કર્યું ગણાય ? એમ કહે તેના ઉત્તરમાં કહેવાનું કે ભગવાન જ તેના સ્તન ઉપર ચરણ ધારણ કરે છે. ભગવાનને તે વશ છે. તેનો તાપ જલદી દૂર કરવા માટે પોતે તેના સ્તન ઉપર ચરણ જલદી સ્થાપિત કરે છે. તેથી જ 'ન્યસ્તમ્' કહ્યું તેને આલિંગન દઈને પોતાના કબજામાં લઈને તાપને છોડે છે તેથી પ્રમાણથી અને પ્રમેયથી તે ગોપીઓ શ્રેષ્ઠ છે. ૬૩.

આ બીજાને માટે ગોપીઓની પ્રશંસા છે એમ શંકા કરીને કહે છે કે પ્રથમ પણ નમસ્કાર માટે આનો આરંભ કર્યો છે તેને નમે છેઃ

**વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમભીક્ષ્ણશઃ ।।**
**યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ।।૬૪।।**

નંદવ્રજની સ્ત્રીઓના ચરણની રજને હું નમન કરું છું જેની હરિકથાનું ઉચ્ચસ્વરનું ગાન ત્રણ ભુવનને પવિત્ર કરે છે. ૬૪.

તેને નમસ્કાર કરવાનો પણ અમને અધિકાર નથી. પણ નંદવ્રજની સ્ત્રીમાત્રના ચરણની રજને વારંવાર નમન હો. અમારા કરતાં તે રજ મોટામાં મોટા ફલરૂપ હોવાથી ઉદ્ધવ આદરથી નમન[૧] કરે છે. ઉદ્ધવ એમ કેમ કરે છે. એમ બોલવું તો અત્યંત આશ્ચર્ય કહેવાય ? એમ શંકા કરીને લોકમાં તેને જાહેર કરે છે. તેની હરિકથાનું ઉદ્ગાન (તે ગોપીઓ ઉચ્ચસ્વરે ભગવદ્ગુણ ગાન કરે છે તે) ત્રણ લોકને પવિત્ર કરે છે. ગાનમાત્રથી ત્રિલોકીને પવિત્ર કરે છે એટલે ગંગા કરતાં પણ તે પવિત્ર છે. ગુણોનું સાધકબાધકપણું નથી એ બતાવવા માટે ત્રણ ભુવનને પવિત્ર કરવાનું કહ્યું છે. ૬૪.

એમ ભગવાને કરેલા તેના નિરોધનું સમર્થન કરીને ભગવાન્ એમ પણ કરે છે એમ ભગવાનનું માહાત્મ્ય જાણ્યા પછી જૂદી રીતે પોતાના સ્થાનમાં ઉદ્ધવજી આવ્યા એ વાત કહે છેઃ

---

૧. 'નમસ્યતિ' એમ શુકદેવજી કહે છે તેમાં પૂર્વે પ્રતિજ્ઞા કરી છે તે કારણ છે. પ્રતિજ્ઞા શુકે કરેલી અને નમન ઉદ્ધવે કરેલું એવું વૈયાધિકરણ્ય નથી. (લે)

श्रीशुक ઉવાચ

**અથ ગોપીરનુજ્ઞાપ્ય યશોદાં નન્દમેવ ચ ।।**
**ગોપાનામન્ત્ર્ય દાશાર્હો યાસ્યન્નારુરુહે રથમ્ ।।૬૫।।**

શુકદેવજી બોલ્યાઃ એમ ગોપીઓને ભગવાને કહેલ ઉપદેશ પહોંચાડીને નંદયશોદાને પણ સમાચાર આપી, ગોપોની રજા લઈ ઘર જવાને તૈયાર થએલ ઉદ્ધવ રથ ઉપર સવાર થયા. ૬૫.

યશોદા, નંદ અને ગોપીઓની આજ્ઞા માંગીને ચાલ્યા. આ પ્રકરણમાં યશોદા, નંદ અને ગોપીઓ એ ત્રણ મુખ્ય છે. પછી મિત્રરૂપ ગોપોને સમાચાર પૂછી 'જાઉં છું' એમ બોલીને ચાલ્યા કેમ કે તે યાદવમાં શ્રેષ્ઠ છે. દાશાર્હકુલના ઉદ્ધવ છે. ખરી રીતે તો પોતે ભક્તિપ્રધાન અને ભક્તનું હિત કરનાર છે પછી જવાને માટે નહિ કે વિશ્રાંતિ માટે રથ ઉપર ચડ્યા. ૬૫.

એ જવાને તો ઘણીવાર તૈયાર થએલા તેથી જવાનો ઉદ્યોગ કરતાં કોઈ જશે એમ માનતો નથી. જ્યારે તે રથ જોડીને ચાલતા થયા ત્યારે તેને માટે અને ભગવાનને માટે ભેટો લઈને વળાવવાને માટે વ્રજવાસીઓ આવ્યા તે કહે છેઃ

**તં નિર્ગતં સમાસાદ્ય નાનોપાયનપાણયઃ ।।**
**નન્દાદયોऽનુરાગેણ પ્રાવોચન્નશ્રુલોચનાઃ ।।૬૬।।**

ઉદ્ધવજી રથમાં બેસીને નીકળ્યા. તેને નંદરાયજી વિગેરે બધા પ્રેમપૂર્વક મળ્યા. બધાએ નાના પ્રકારના ભેટ આપવાના પદાર્થો હાથમાં રાખ્યા હતા તે બધાને આંખમાં આંસુ આવ્યાં અને આ પ્રમાણે બોલ્યા. ૬૬.

સારી રીતે ભેગા થઈને આગળ આવી મળ્યા. નાના પ્રકારની ભેટો જેણે હાથમાં રાખી છે, સ્નેહને લીધે નંદરાયજી વિગેરેની આંખમાં અશ્રુ આવી ગયાં એવી સ્થિતિમાં તે બોલ્યા. ૬૬.

તેણે કહેલો અર્થ તેમના હૃદયમાં આવી ગયો એમ બતાવવા તેનું ફલ સિદ્ધ થવા માટે ગુરુને પ્રાર્થના કરે છેઃ

**મનસો વૃત્તયો નઃ સ્યુઃ કૃષ્ણપાદામ્બુજાશ્રયાઃ ।।**
**વાચોભિધાયિનીર્નામ્નાં કાયસ્તત્પ્રહ્વણાદિષુ ।।૬૭।।**
**કર્મભિર્ભ્રામ્યમાણાનાં યત્ર ક્વાપીશ્વરેચ્છયા ।।**
**મંગલાચરિતૈર્દાનૈ રતિર્નઃ કૃષ્ણ ઈશ્વરે ।।૬૮।।**

અમારા મનની દશે વૃત્તિઓ કૃષ્ણના ચરણકમલની આશ્રિત થઈને રહે. અમારી વાણી તેમનાં નામ બોલે. અમારી કાયા તેના નમનાદિમાં ઉપયોગી થાઓ. કર્મથી ભટકતા અમો ઈશ્વર ઈચ્છાથી જ્યાં પણ જઈએ ત્યાં મંગલ આચરણથી દાનથી અમારી પ્રીતિ ઈશ્વરરૂપી કૃષ્ણમાં થાઓ. ૬૭-૬૮.

અમારાં કાયા, વાણી અને મન કૃષ્ણસંબંધી કાર્યો કરે આ ઉત્કર્ષ માંગવાનો છે. લોકમાં પ્રસિદ્ધ બીજો ઉત્કર્ષ અમારે ઇચ્છિત નથી એમ બતાવવા કર્મથી ભટકતાં જે કોઈ યોનિમાં અમે હોઈએ ત્યાં, અથવા એવી પ્રાર્થના કરવામાં ઉદાસીનને મંગલકાર્યથી અને દાનથી મંગલાચરિત સર્વસાધારણ છે, દાન વિશેષધર્મ છે. દેવાનું વૈશ્યોમાં જ ઉત્પન્ન થાય છે. કૃષ્ણમાં રતિ થાય પણ તે અમારી છે તેના કરતાં ઉત્તમ, અમારી થાઓ એમાં બે પ્રાર્થના કરી, દેહનો ભગવાનમાં વિનિયોગ, આત્માનો ભગવાનમાં સ્નેહ. મનની ૧૧ વૃત્તિઓ છે તે બધી કૃષ્ણના ચરણકમલનો આશ્રય કરીને રહો. ક્રિયા, જ્ઞાન અને અભિમાન તેમાં રહો. કમલમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ સ્પષ્ટ રીતે છે. શબ્દ[૧] બીજે સ્વતંત્રતાથી મળશે. તેથી પાંચ વિષયની ન્યૂનતા નથી. આશ્રય કરો એટલે પ્રસંગથી કરવાની વાત નથી કહી. વાણી પણ તેમના નામ બોલ્યા કરે. નામ તો તેમાં પહોચે તો જ પર્યવસિતશક્તિ ગણાય. ગુણ[૨] અને કર્મો બીજા પદાર્થને કહે. નામની શક્તિ મુખ્ય અર્થમાં જ પહોચે માટે તે અન્ય પર નથી થતાં છાંદસ પ્રયોગ હોવાથી તે લૌકિક પર ન હો એ પણ સૂચવ્યું છે. શરીર ભગવાનને નમસ્કારાદિ ક્રિયામાં પૂજા સાધન સંપાદનમાં ઉપયોગી થાઓ, એ પ્રકરણથી પ્રાર્થના કરી. કર્મથી જરુર ભ્રમણ થવાનું તેવી ભગવાનની ઇચ્છા હોય તો. એમ કહ્યું તેથી કર્મની સ્વતંત્રતા નથી. કર્મજન્ય ઉત્કર્ષ ઉપયોગી નથી તેથી જ્યાં જઈએ ત્યાં એમ કહ્યું. કાયા, વાણી અને મનનો ભગવાનમાં વિનિયોગ થાય તો પછી મંગલાચરણ કયાંનાં લેવાં એ શંકાના ઉત્તરમાં કહે છે કે જ્યાં સુધી એ થાય ત્યાં સુધી કર્મ ન છોડવાં. તેનું બીજું વિપરીત ફલ ન થાય માટે એ પ્રાર્થના કરી છે. કૃષ્ણમાં અમારો ઈશ્વરભાવ સદા રહો. એ ત્રણ પ્રાર્થના બધા ભક્તોએ મળીને કરી છે. ૬૭-૬૮.

એ પ્રાર્થનાથી ઉદ્ધવ પ્રસન્ન થયા અને 'તથાસ્તુ' એમ મનથી અનુમોદન આપીને મથુરા તરફ આવ્યા તે કહે છેઃ

**એવં સંપ્રાર્થિતો ગોપૈઃ કૃષ્ણભક્ત્યા નરાધિપ ।।**
**ઉદ્ધવઃ પુનરાગચ્છન્ મથુરાં કૃષ્ણપાલિતામ્ ।।૬૯।।**

હે નૃપતિ પરીક્ષિત્ ! કૃષ્ણભક્તિ વડે ગોપોએ પ્રાર્થના કરી ત્યારે ઉદ્ધવ પાછા મથુરા આવ્યા. અત્યારે જે મથુરાનું ભગવાન્ કૃષ્ણ રક્ષણ કરે છે. ૬૯.

---

૧. રૂપાદિચારથી બીજા વિષયોની વૃત્તિ ભગવાનમાં કેમ આવે તે કહે છે. ગુણગાનરૂપ – શબ્દથી તેની વૃત્તિ પ્રભુમાં આવી શકે છે. (પ્ર)

૨. ગુણકર્મો કેટલાકનાં અન્યત્ર પણ જાય છે. તો ભગવાનમાં તેનો વિનિયોગ ન થાય. શબ્દરૂપ – નામની શક્તિ મુખ્યત્વે ભગવાનમાં છે તેથી તેના નામ બોલવાની પ્રાર્થના કરી છે.(લે)

તેની પ્રાર્થનાથી ઉદ્ધવે પોતાનો ઉત્કર્ષ માન્યો અથવા તેને અન્ય ભજન છે એવું જાણ્યું એમ કોઈ શંકા ન કરે તે માટે શુકદેવજીએ રાજાને નરાધિપ એવું સંબોધન આપ્યું છે. તેથી એમ બતાવ્યું કે સેવકને અનુસરવું તે પોતાના સ્વામિને માટે જ હોય. તેને તો પ્રીતિ મુખ્ય છે તેથી તે પરમ પ્રસન્ન થયા. વચન તો આગ્રહથી પણ બોલે. તેથી તે પ્રીતિનું પ્રયોજક નથી. મથુરામાં તે પુનઃ આવ્યા. ઉદ્ધવના આવતાં સુધી ભગવાન્ મથુરામાં જ બિરાજ્યા. વિશેષ ભયની શંકાથી પોતે જ તેનું પાલન કર્યું. તે ભગવાનને મથુરા છોડી ન આવવાનું પણ કારણ સમજવું. એથી આવા સ્થાનને છોડીને ઉદ્ધવ કેમ મથુરામાં આવ્યા એ શંકા પણ દૂર કરી. ૬૯.

આ બધું દાસભાવે કર્યું એમ બતાવવા નિવેદન કરે છેઃ

**કૃષ્ણાય પ્રણિપત્યાહ ભક્ત્યુદ્રેકં વ્રજૌકસામ્ ।।**
**વસુદેવાય રામાય રાજ્ઞે ચોપાયનાન્યદાત્ ।।૭૦।।**

ઉદ્ધવજી આવ્યા અને કૃષ્ણને નમન કરી વ્રજભક્તોની ભક્તિનો ઉભરો કૃષ્ણને કહી બતાવ્યો. પછી વસુદેવ, બલદેવ અને ઉગ્રસેનને ભેટો આપી હતી તે સર્વને પહોચતી કરી. ૭૦.

ભેટ આપી એવો સંબંધ છે. ભગવાનને પ્રણામ કર્યા ભક્તિના ઉભરો કહ્યો. એ વાત પહેલી ભગવાને કહી નહોતી. તેથી ભગવાને ઘણું કરીને તે વિચારી નહોતી. જેવો પ્રેમાત્મક ભક્તિપદાર્થ શાસ્ત્રમાં છે તેનાથી અધિકપણું ગોપીજનોના ભાવનું કહ્યું. એવો અર્થ પણ થાય છે. તેથી એ વાણીથી કહેવાય નહિ કે બીજે ક્યાંય દેખાય નહિ એમ જણાવ્યું. પછી વસુદેવને ભેટો આપી કેમ કે નંદરાયને તેની સાથે મિત્રતાનો સંબંધ છે. રામને ભેટો આપી. પૂર્વ અવસ્થા તેવી જ છે. તે વ્રજભક્તો મર્યાદાને પણ જાણે છે તેથી રાજા ઉગ્રસેનને પણ ભેટો આપી. ચકાર છે તેથી અક્રૂરાદિને પણ ભેટો આપી. તમે ભગવાનને પધરાવી ગયા તેમાં અમે તમારો દોષ માનતા નથી એ બતાવવા માટે તેને પણ ભેટ આપી સમજવી. ૭૦.

**એમ શ્રીભાગવત દશમસ્કંધપૂર્વાર્ધના પ્રમેય પ્રકરણના શ્રીવલ્લભાચાર્યવિરચિત સુબોધિની ટીકાનો ગુર્જરાનુવાદનો ચુમાલીશમો અધ્યાય અત્ર સંપૂર્ણ થયો.**
**ભ્રમર ગીતનો બીજો અધ્યાય સમાપ્ત થયો અને**
**ભ્રમરગીત સંપૂર્ણ થયું.**

# ।।અધ્યાય ૪૫।।

## ભગવાને કુબ્જા અને અક્રૂરજીને માન આપ્યું

**એવં પૂર્વનિરોધસ્ય સાન્ત્વનોત્કર્ષવર્ણનમ્ ।।**
**કૃત્વા ભવિષ્યયોશ્ચૈવ સાન્ત્વનં વિનિરૂપ્યતે ।।૧।।**
**મથુરાવાસિનઃ સર્વે રાજસાઃ પરિકીર્ત્તિતાઃ ।।**
**સાત્ત્વિકાઃ પાણ્ડવા ભક્તાસ્તયોઃ સાન્ત્વનમુચ્યતે ।।૨।।**
**રાજસત્વપ્રસિદ્ધ્યર્થં સ્ત્રીપુંસોરત્રવર્ણનમ્ ।।**
**પ્રક્રિયાન્તરરૂપા હિ કિઞ્ચિદ્દ્વારા તથા કૃતા ।।૩।।**
**અક્રૂર ઉદ્ધવાન્મુખ્યસ્તતોગ્રે પ્રેષણં મતમ્ ।।**
**દાસભાવે તૂદ્ધવસ્તુ શાસ્ત્રતસ્ત્વયમેવ હિ ।।૪।।**
**સ્ત્રીસાન્ત્વનં તુ પુરતઃ રાજસત્વાત્ સ્વરૂપતઃ ।।**
**વાચાન્યસ્ય નિરૂપ્યં હિ સ્તુત્યા ચ પ્રેષણેન ચ ।।૫।।**
**પઞ્ચચત્વારિંશેધ્યાયે કુબ્જાક્રૂરાતિસાન્ત્વનમ્।।**
**કાયેન વચસા ચક્રે ભાવ્યર્થમિતિ વર્ણ્યતે ।।૬।।**

એમ તામસ[1] ભક્તોના નિરોધનો[2] ઉત્કર્ષ કહ્યો કેમ કે ભગવાને ઉદ્ધવ દ્વારા તેમના તાપનું સાંત્વન કર્યું. હવે થનાર રાજસ અને સાત્ત્વિક ભક્તોનું સાંત્વન કહેવાય છે[2]. મથુરાવાસી બધા ભક્તો રાજસ છે પાંડવો સાત્ત્વિક ભક્તો છે તે બંનેનું સાંત્વન બે અધ્યાય વડે કહે છે[3]. રાજસત્વ કહેવા માટે અહિં સ્ત્રીપુરુષનું વર્ણન છે. આ રાજસભક્તોનો મનનો ભાવ ઉત્કૃષ્ટ છે, તેમાં કાયાદિ ભાવની પૂર્તિ એ કારણ છે. તેને કાલપૂર્તિ દ્વારા પ્રસિદ્ધ કરી છે[4]. અક્રૂર ઉદ્ધવ કરતાં આગળ છે.

---

૧. તામસ ભક્તનું સાંત્વન કરવાથી તેનો નિરોધ જણાવ્યો. તેમાં આવી રીતે ભગવાન્ કોઈનું સાંત્વન કરતા નથી એ તેના નિરોધનો ઉત્કર્ષ કહ્યો. રાજસ સાત્ત્વિકનો ઉત્કર્ષ નથી કહેતા પણ નિરોધ કહે છે. પાંડવો સાત્ત્વિક છે તેનો રાજસપ્રકરણમાં નિરોધ કહેવાનું કારણ કે તેનું સાંત્વન અક્રૂર દ્વારા કરવું છે તે રાજસ છે માટે અહીં કહ્યું છે. (લેખ)

૨-૨. પૂર્વ એટલે તામસનિરોધ કહીને થનાર નિરોધને કહે છે.(પ્રકાશ)

૩. તેમાં તો કુબ્જા અને અક્રૂરને જ કહ્યા છે તેથી રાજસની સિદ્ધિ કેમ કહેવાય ? તે કહે છે કે રાજસી ક્રિયા આક્ષેપરૂપ હોય છે. તેથી મથુરાવાસીઓની ઉત્તમ કૃતિ માનસવિષયિણી છે. તે કામાદિ અભિલાષની પૂર્તિ દ્વારા અહિં કુબ્જામાં પ્રસિદ્ધ કરી છે. તેથી બેના વર્ણનમાં મથુરાવાસીનું રાજસત્વ સુખેથી સમજી શકાય છે. તે પછી અક્રૂરને પોતાની પહેલાં પાંડવોના સાંત્વન માટે મોકલ્યાં છે. ત્યાં કહે છે. ઉદ્ધવજી અક્રૂર કરતાં શ્રેષ્ઠ કેમ ? તેનું સમાધાન એક દાસમાં મુખ્ય છે બીજા શાસ્ત્રથી મુખ્ય હોવાથી બંને સમાન છે.(પ્ર)

૪-૪. કુબ્જાનું સાંત્વન ભગવાને પ્રદ્યુમ્નરૂપે કર્યું છે. અક્રૂરનું વાણીથી સાંત્વન કર્યું.(પ્ર)

તેથી તેને હસ્તિનાપુર મોકલે છે. શાસ્ત્ર દ્વારા અક્રૂર મુખ્ય છે જ્યારે દાસભાવમાં ઉદ્ધવની મુખ્યતા છે[૫]. તેમાં મુખ્ય સ્ત્રીસાંત્વન[૪] છે તે પોતે પ્રદ્યુમ્ન સ્વરૂપથી કર્યું છે. આ ૪૫મા અધ્યાયમાં કુબ્જા અને અક્રૂરનું સાંત્વન છે. કુબ્જાનું સાંત્વન કાયાથી કર્યું, અક્રૂરનું સાંત્વન વચનથી કર્યું છે. તેનાથી ભાવિ[૫] થનાર નિરોધરૂપ અર્થને અહિં કહે છે.

પ્રથમ ૧૧ શ્લોકથી કુબ્જાની કથા કહે છેઃ

।। શ્રીશુક ઉવાચ ।।

**અથ વિજ્ઞાય ભગવાન્ સર્વાત્મા સર્વદર્શનઃ ।।**
**સૈરન્ધ્ર્યાઃ કામતપ્તાયાઃ પ્રિયમિચ્છન્ ગૃહં યયૌ ।।૧।।**

શ્રીશુકદેવજી બોલ્યાઃ સર્વાત્મા અને સર્વજ્ઞ એવા ભગવાન્ કામના તાપથી દુઃખી થતી સૈરંધ્રી કુબ્જાનું પ્રિય કરવા માટે તેની પાસે ગયા, તેને ઘર પધાર્યા. ૧.

તે કુબ્જાની બધી મનની વૃત્તિઓ પૂર્ણ કરવી તેથી વિશેષ પણ કાંઈક કરવું એમ વિચારી પ્રથમ ભગવાન્ કુબ્જાને ઘેર ગયા. 'અથ' પૂર્વસંબંધ સમાપ્ત થયો એમ કહે છે. અહિં સ્નેહ નથી પણ કામ છે. પણ તેને દુઃખ ગોપીઓના જેવું જ છે તેને દૂર કરવા ભગવાન્ ત્યાં પધાર્યા. તે કહે છે કે ભગવાને તેના કામનો સંતાપ જાણી લીધો જાણવાનું સાધન તો તે ભગવાન્ છે. તેમ કરવામાં અને દોષ ન લાગવાનું કારણ તે 'સર્વાત્મા' છે. જોઈને તે દુઃખનો પ્રતીકાર જરુર કરવો તેથી તેને 'સર્વદર્શન' કહ્યા. તે ફલમુખ હેતુ છે. પ્રથમ કુબ્જાના શરીરમાં અયોગ્યતા હતી તેથી તેમાં કામ પીડા નહોતી, હવે શરીર યોગ્ય થયું તેમાં પણ સ્ત્રીનાં ચરિત્ર બધાં જાણે છે. (ચર્યા એટલે કૃતિ) એટલે તેનો કામ વધ્યો. અંતઃપુરમાં દેખરેખ રાખનારી સ્ત્રી સૈરંધ્રી કહેવાય છે. તે સ્ત્રીઓના ચરિત્રો જાણે તેથી કામનો તાપ તેને થવો યોગ્ય છે. તે ભગવાન્ પાસે આવવાનું બલ તો ધરાવતી નથી. તેથી ભગવાન જ તેના ઘર ગયા. ભગવાને મનમાં વિચાર કર્યો કે તેનું પણ ભલું થાઓ. એટલે તેને ઘર પધાર્યા. ૧.

એવા વિચારથી શું થાય ? તેનું પ્રિય કરવું તે તો તેને ઘર જવાથી થાય જ ? એ શંકા દૂર થવા માટે પ્રથમ તેના ઘરનું વર્ણન કરે છે. ભગવાનની ઈચ્છાથી તેનું ઘર જ રાજમહેલ જેવું થઈ ગયું તેને દોઢ શ્લોકથી કહે છેઃ

**મહાર્હોપસ્કરૈરાઢ્યં કામોપાયોપબૃંહિતમ્ ।**

---

૫-૫. કુબ્જાને કામનું દાન કરવું અને અક્રૂરને હસ્તિનાપુર મોકલવા એ બે ભાવિ અર્થ છે. ત્યારે તે બેનું જ કેમ સાંત્વન કર્યું ? તેના ઉત્તરમાં કહે છે તેને અત્યંત ક્લેશ હતો તેની શાંતિ માટે તેનું મુખ્ય સાંત્વન કર્યું છે. (પ્ર)

**મુક્તાદામપતાકાભિર્વિતાનશયનાસનૈઃ ।।**
**ધૂપૈઃ સુરભિભિર્દીપૈઃ સ્રગ્ગન્ધૈરપિ મણ્ડિતમ્ ।।૨।।**

મોટા ફર્નીચરથી સમૃદ્ધ, કામની વૃદ્ધિ કરનારા ચિત્રાદિથી તેમાં વધારો થયો છે. મોતીની માળાઓ, તોરણો, પતાકાઓ, ચંદ્રવા, આસન, શય્યાઓ, ધૂપ, દીવાઓ, ફુલની માળાઓ, ચંદનો વિગેરેથી શણગારેલું તેનું ઘર છે. ૨.

જેવાં પ્રાકૃતોના ઘર તેવું કુબ્જાનું ઘર તે ભગવાનની ઈચ્છાથી એવું થઈ ગયું એમ કુબ્જા પણ ગોપીજન જેવી થઈ જશે. ભગવાને વિચાર્યું કે તે લૌકિક છે પણ તેને અલૌકિક બનાવવી છે તેથી તેમ કર્યું, તે ભગવાને યોગ્ય જ કર્યું છે. અમૂલ્ય સોનારૂપાનાં વાસણો ખુરશી, ટેબલો છે તે બહુ કિમતી છે. કામશાસ્ત્રમાં કહેલાં કામોદ્દીપક સાધનો તેવાં ચિત્રો તેવી પુષ્પસંપત્તિ 'ઈન્દુર્મન્દિર' ઈત્યાદિ શ્લોકમાં કહેલ ઉદ્દીપક સામગ્રી વડે તેમાં મોટો વધારો થયો છે. એથી લૌકિક અને શાસ્ત્રીય ઉત્કર્ષ ઘરનો કહ્યો. અલૌકિક ઉત્કર્ષ કહે છે બહારના ભાગમાં મોતીનાં ચકો પતાકા તોરણોથી શોભાયમાન છે. અંદર ચંદરવા શયનગૃહમાં શૈયાઓ બેસવા માટે કોંચ ખુરસીઓ સુવાનાં આસનો નિરંતર નવાં બદલાતાં રાખ્યાં છે, તેની શોભા વધી જાય છે. બીજી રીતે અગરૂના ધૂપો, અગ્નિના દીવાઓ મણિના દીપો. પુષ્પની માળાઓ ઠંડકને માટે ચંદન વિગેરે એમ ત્રણ પ્રકારથી શોભાયમાન ઘર છે. આ બધો વૈભવ ભગવાનની ઈચ્છાથી થયો છે. તે કહ્યો. ૨.

હવે ભગવાન્ તેને ઘર પધાર્યા ત્યારનો પ્રકાર કહે છેઃ

**ગૃહં તમાયાન્તમવેક્ષ્ય સાસનાત્ સદ્યઃ સમુત્થાય હિ જાતસંભ્રમા ।।**
**યથોપસંગમ્ય સખીભિરચ્યુતં સ ભાજયામાસ સદાસનાદિભિઃ ।।૩।।**

તે કુબ્જા ભગવાન્ પધારે છે એમ જાણી આસન ઉપરથી ઉભી થઈ. સખીઓ સાથે ભગવાનને મળીને તેમને આસનાદિ આપીને તેમનું પૂજન કર્યું. ૩.

ભગવાનની ઈચ્છાનું વિષય ઘર છે તેથી ઘરને પણ કર્મપણું[1] કહ્યું છે. તેવા ભગવાનને ઘર આવતા જોઈને તે આસન ઉપરથી ઉભી થઈ તે વખતે કર્તવ્યમૂઢ બની ગઈ. ખરી વાત છે મોટેરા ઘર આવે તેને કેમ માન આપવું તેમાં માણસ પ્રથમ તો મુંઝાઈ જાય. કુબ્જા ભગવાનની સામે આવી સખીઓ સાથે ભગવાનને માન આપવા લાગી. આ તો ઘણાં દિવસથી ઈચ્છાવાળા છે તેની

૧. અવેક્ષણ ક્રિયાના કર્મરૂપ ઘર કહ્યું છે. ઈક્ષણના કર્તા ભગવાન્ તેને તે ઈષ્ટતમ નથી. છતાં 'યતસ્તં તાદશ' ઈત્યાદિ ગ્રંથથી ભગવાનની ઈચ્છા માત્રથી તે વૈભવવાળું થયું. તેથી આના પછીના શ્લોકમાં 'તેને માટે' એમ કહ્યું છે તેમ પણ તે ઘર ભગવાનને ઈષ્ટતમ છે. તેથી 'ગૃહ'ને કર્મતા કહી તે યોગ્ય છે. (પ્ર)

પૂજામાં વાર લાગે તો તેનો કામ તો શાંત થઈ જાય તેનો કાંઈ વિચાર કર્યો ? તેના ઉત્તરમાં કહે છે કે તેમ તો લૌકિકમાં હોય, આ કાંત તો 'અચ્યુત' છે. તેને સોનાનાં આસનો પલંગો વિગેરે (કોરાં વાપર્યા વગરના) આપ્યાં આ અર્થ 'સત્' પદથી લીધો. ૩.

**તથોદ્ધવઃ સાધુતયાભિપૂજિતો ન્યષીદદુર્વ્યામભિમૃષ્ય ચાસનમ્ ।।**
**કૃષ્ણોપિ તૂર્ણં શયનં મહાધનં વિવેશ લોકાચરિતાન્યનુવ્રતઃ ।।૪।।**

ઉદ્ધવને પણ સાધુતા વડે સત્કાર્યા, તેને આસન આપ્યું, તેનો સ્પર્શ કરીને તે પૃથ્વી ઉપર જ બેસી ગયા. કૃષ્ણ પણ જલદી મોટી કિમતી શય્યામાં અંદર બીરાજ્યા કેમ કે તે વખતે ભગવાને લોકના આચારનું અનુકરણ કર્યું છે. ૪.

તે વખતે ઉદ્ધવની પણ પૂજા કરી પણ ભગવદ્ભક્ત તરીકે કરી. ભગવાનની પૂજા તો ધણી જાણીને કરી. કામ, દોષરૂપ છે તેથી તેનો ઉપયોગ ઉદ્ધવમાં ન થયો પણ તેની નિવૃત્તિ કહી છે. ઉદ્ધવ આસનની પાસે તેનો સ્પર્શ કરીને પૃથ્વી ઉપર બેઠા તેથી તે રાજધર્મના જાણનાર છે એમ બતાવ્યું. એમ કુબ્જાનું કામ સ્વાગત કરવાનું હતું તે પૂરું થયું ત્યારે ભગવાને પોતાનું કામ કર્યું. ભગવાને તેને માટે કામ ધારણ[1] કર્યો છે. તેમાં જો ક્ષણ વિલંબ થાય તો જગત્ કામમય થઈ જાય. તેથી જલદી શય્યામાં પહોચ્યા. જો બતાવ્યા વગર શય્યામાં જાય તો વાપરેલી શય્યા આવી જાય એ શંકા દૂર થવા માટે કહ્યું કે બહુ કિમતી શય્યા હતી, અનુપભુક્ત હતી, ભગવાનને માટે જ કરાવી હતી, પહેલાના સ્થાન કરતાં એકાંતમાં હતી તે ઉપર પધાર્યા. ત્યાં કહે છે ભગવાન્ તો અક્લિષ્ટકર્મા છે. તેની વિનતિ વગર કેમ શય્યામાં પહોચ્યા ? તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન્ અત્યારે લૌકિકનું અનુકરણ કરે છે. તે કુબ્જાનો મનોરથ પણ તેવો છે તે ઈશ્વર ભાવને જાણતી નથી પણ ગૃહસ્થના વ્યવહારને જાણે છે. વિટ વ્યવહારમાં કુશલ છે. તેથી ભગવાને પણ સાધારણ લોકોના ભાવનું અનુકરણ કર્યું. આ પદ અનુવાદ[2] નથી કેમ કે એમ માનીએ તો નિરોધમાં વિરોધ આવે. ૪.

ત્યારે તે કુબ્જા પણ સંસ્કારપૂર્વક ભગવાન્ પાસે ગઈ.

**સા મજ્જનાલેપદુકૂલભૂષણસ્રગ્ગન્ધતાંબૂલસુધાસવાદિભિઃ ।।**
**પ્રસાધિતાત્મોપસસાર માધવં સવ્રીડલીલોત્સ્મિતવિભ્રમેક્ષિતૈઃ ।।૫।।**

---

૧. તેને અર્થ સિદ્ધ થવા માટે ભગવાને પ્રથમથી વિચાર્યું હતું એમ 'તદર્થાર્થમ્'નો અર્થ છે. લજ્જા વિગેરે સંભોગ વખતે હોય પણ મળતાંવેત ન હોય તે શંકાના ઉત્તરમાં કહે છે. ભગવાનની સાથે મળશે ત્યારના ભાવ કુબ્જાએ પ્રથમથી બતાવી આપ્યા છે. (લે)

૨. 'લોકાન્યનુવ્રત' પદથી અનુવાદ લઈએ તો આ લીલાથી કુબ્જાનો નિરોધ ન થાય (પ્ર)

કુબ્જાએ સ્નાન કર્યું ચંદન લગાવ્યું ભૂષણ પહેર્યાં, માલા, ચંદન, તાંબૂલ અને કેફી સુધા જેવા આસવ લઈને તેના દેહને શણગારી લાજ, લીલાપૂર્વક સ્મિત, વિલાસ અને અવલોકન કરતી લક્ષ્મીપતિની સમીપમાં જઈ પહોચી. ૫.

સુગંધિવાળા ચંદન સ્નાન માટે ભગવાનની ઈચ્છાથી પ્રથમથી જ તેને ત્યાં એ તૈયારી હતી. સુધારૂપ આસવ શક્તિને માટે ઉપયોગી છે. દેહને ભૂલાવવામાં પણ તેનો ઉપયોગ થાય છે. કામ શાસ્ત્રમાં કહેલા દ્રવ્યોનું તેણે પાન કર્યું એમ કહ્યું છે. તેમ કામોદ્‌બોધક પદાર્થો ચંદ્રોદય વિગેરેની પણ માત્રા રાખી લાગે છે. એનાથી શરીરને તૈયાર કરીને તે લક્ષ્મીરૂપ થઈ ભગવાન્ લક્ષ્મીપતિ છે એમ માનીને તેની પાસે ગઈ. તેમાં તેને શંકા ન થઈ કેમ કે માધવ છે તેને અનુસરી તેણે પોતાના અંતઃકરણના બધા કામભાવો ભગવાનને બતાવ્યા. સ્ત્રીભાવથી પહેલાં મળતાં લાજ બતાવી ત્યાર પછી કામની પ્રવૃત્તિમાં હાસ બતાવ્યો. પછી ભગવાનની ચેષ્ટાઓને માન પૂર્વક જોઈ તેમાં ઈચ્છા હોય તેની વ્યક્તિ કરવારૂપ ભાષણ એ સુનૃત કહેવાય તે બતાવ્યું. આ ક્રમ રતિ સમયમાં ભગવાન્[1] કરશે તે કુબ્જાએ બધો બતાવી દીધો. એમ સર્વ સાહિત્ય સાથે કુબ્જા ભગવાન્ પાસે પહોચી. ૫.

તે તો ભગવાનની કાંતા થઈ તેમાં ભગવદ્ધર્મોનો આવેશ થતાં તેણે ભગવાનની ઈચ્છા પ્રમાણે કર્યું તે વાત કહે છેઃ

**આહૂય કાન્તાં નવસંગમહ્રિયા વિશઙ્કિતાં કઙ્કણભૂષિતે કરે ।।**
**પ્રગૃહ્ય શય્યામધિવેશ્ય રામયા રેમેનુલેપાર્પણપુણ્યલેશયા ।।૬।।**

કાન્તા નવસંગમ હોવાથી લાજ આવતાં શંકામાં પડે છે તેને પોતે બોલાવે છે. કંકણથી શોભતા હાથને પકડી શય્યામાં બેસાડી તેની સાથે પોતે રમે છે. આ ભગવાનને ચંદન આપેલું તેના પુણ્યના લેશવાળી કુબ્જાને તે લેશથી ભગવાન્ મળ્યા છે. ૬.

પોતે પ્રવૃત્તિ નથી કરતી તેમાં ભગવાનનો પ્રથમ સંગ હોવાથી લજ્જા આવે છે. તે પાસે ગઈ ત્યાં કંકણથી શોભતા હાથને ભગવાન્ પકડ્યો. કંકણ સુવાસિનીનું ચિહ્ન છે. આને તો ભગવાન્ સિવાય કોઈ પતિ નથી. તે જો આ હાથને ભગવાન્ ન પકડે તો કંકણ પહેર્યું વૃથા થાય. એ બતાવ્યું પછી શય્યામાં તેને લીધી. તેમાં પ્રથમ સુરત કર્યું ત્યાં કહે છે કે આ કોણ છે ? સ્ત્રી સાથે સંબંધ સર્વત્ર ન કરવો જોઈએ. ત્યાં કહે છે કે ભોગને માટે જ આ સ્ત્રી છે. અગ્નિચયન કરીને સ્ત્રીસંગ ન

૧.લજ્જા વિગેરે સંભોગ વખતે હોય પણ મળતાંવેત ન હોય તે શંકાના ઉત્તરમાં કહે છે. ભગવાનની સાથે મળશે ત્યારના ભાવ કુબ્જાએ પ્રથમથી બતાવી આપ્યા છે. (લે)

કરવો એમ વેદ કહે છે એમ નિષેધ છે. તે સિવાયમાં સ્ત્રી સંગનો નિષેધ નથી. ત્યાં કહે છે કે સુખાનુભવમાં ધર્મ કારણ છે એ આવા પરમાનંદને કેમ ભોગવે છે ? ત્યાં કહે છે કે ભગવાનને અનુલેપ આપ્યો તે સિવાયના પુણ્ય તો લેશ માત્ર છે અથવા અનુલેપ આપ્યો તેના પુણ્યનો લેશ માત્ર છે. અથવા તે અનુલેપાર્પણના લેશવાળી છે તેથી તેને ભગવાને ભોગમાં ગૌણ રાખી પોતે સ્વયં રમ્યા. તેટલું ફલ ભગવાને તેને વધારે આપ્યું. ભગવાન્ સર્વસમર્થ છે. તેણે સુખ આપ્યું. તે તેના કર્મથી પ્રાપ્ત થયું નથી. ૬.

પછી તેને પણ ધૃષ્ટપણું આવી ગયું. તેથી પોતાની ઈચ્છા પ્રમાણે તેણે પાન કર્યું:

**સાનઙ્ગતપ્તકુચયોરુરસસ્તથાક્ષ્ણોર્જિઘ્રન્ત્યનન્તચરણેન રુજો મૃજન્તી ।।**
**દોર્ભ્યાં સ્તનાન્તરગતં પરિરભ્ય કાન્તમાનન્દમૂર્તિમજહાદતિદીર્ઘતાપમ્ ।।૭।।**

તે કુબ્જા કામથી તપેલાં કુચો, છાતી, આંખોની પીડાને, ભગવાનના ચરણના સંબંધથી મટાડતી ભગવાન્ બે સ્તનની વચ્ચે આવ્યા તેને બે હાથથી દાબીને આનંદમૂર્તિ કાન્તને લઈને ઘણા દિવસના કામતાપને શાંત કરવા લાગી. ૭.

તે સૈરંધ્રીએ કામથી તપેલાં સ્તનોને વક્ષસ્થલને ભગવાનના ચરણ વડે દુઃખથી મુક્ત કર્યા. સ્વરૂપથી કોઈ રીતે તાપ મટાડ્યો હશે એ શંકા થાય ત્યાં કહે છે કે અંદર અને બહાર તાપ છે તે બહારના તાપને તો ચરણના સંબંધથી દૂર કર્યો. હવે રહ્યો અંદરનો તાપ તેને ભગવચ્ચરણને સુંઘવાથી તેનો ગંધ અંદર જતાં અંદરનો તાપ તેનાથી શાંત કર્યો. તે અનંત હોવાથી બધો તાપ એક સાથે દૂર થયો, તેનાથી તેનું દુઃખ દૂર થયું એટલું જ કહેવાનું નથી પણ તેણે પરમાનંદનો પણ અનુભવ કર્યો તે કહે છે. પહેલાં હૃદયમાં અંતર્યામી હતા તે બહાર આવ્યા તેને બે હાથથી દાબ્યા. તેને આલિંગન કર્યું તેનાથી તેનો તાપ ગયો. કાન્ત હોવાથી તેને દાબવામાં કાંઈ અપરાધ પડતો નથી. તેને છેલ્લે સુખ થયું એમ નથી પણ આ તો આનંદની જ મૂર્તિ છે તેથી ઘણા દિવસનો ત્રણ પ્રકારનો તાપ પણ ગયો. અથવા તો કરોડો જન્મનો કામ તાપ મોટો થયો હતો તે બધો ગયો. ૭.

એમ અનુલેપ આપેલ તેના ફલને કહીને ફલ ભોગવવા માટે જે ભગવાનની સેવા કરવાથી પ્રીતિ ઉત્પન્ન થઈ તેનું ફલ કહેવું જોઈએ તે કહે છેઃ

**સૈવં કૈવલ્યનાથં તં પ્રાપ્ય દુષ્પ્રાપમીશ્વરમ્ ।।**
**અઙ્ગરાગાર્પણેનાહો દુર્ભગેદમયાચત ।।૮।।**

એમ મોક્ષના સ્વામી દુષ્પ્રાપ સાક્ષાત્ ઈશ્વરને પામીને અંગરાગાર્પણના બદલામાં તેના દુર્ભાગ્યને લીધે તેણે નીચે પ્રમાણે માંગણી કરી. ૮.

આ મિલન પહેલાનાથી ઉત્કૃષ્ટ છે માટે વરદાન તરીકે તેને પ્રાપ્ત થયું. તેથી ફલમાં કોઈ મર્યાદા નથી. આટલું જ ફલ એવી મર્યાદા નથી. તો પણ આનું ભાગ્ય થોડું તેથી તેની બુદ્ધિએ થોડું જ માગ્યું. શુકદેવજી તેની નિંદા કરે છે. દુર્ભગાએ આ માગ્યું ? દાતા મોટો સમર્થ હોય તેની પાસે થોડું માંગવું એ ભાગ્યના અભાવે જ એમ થાય તે કુબ્જાએ એવા ઉપકારક ભગવાન્ કે જે પોતે આવીને સુખ આપે છે, સર્વ સુખના દેનાર છે, મોક્ષના માલિક છે. કોઈ સાધનથી ન મળે તેવા છે, સાક્ષાત્ ઈશ્વર છે, એમ ન માનો તો સાધનને અધીન થઈ જાય. તેવાને મળી તો મોક્ષ અથવા ગોપીના જેવી અવસ્થા માંગવી જોઈતી હતી તે ન માંગતાં કાલપરિછિન્ન ભગવત્સંબંધ જ તેણે માંગ્યો. જો કે તે સ્વરૂપથી મોટો છે પણ કાલપરિછિન્ન છે. તે ફલરૂપ[1] છે તેને માટે સાધન કરવાની અપેક્ષા નથી. થોડો સંબંધ માંગ્યો એ અંશમાં તે દુર્ભાગિણી છે એમ શુકદેવજીએ કહ્યું છે. ૮.

તેણીએ ભગવાન્ પાસે જે માંગ્યું તે કહે છે.

**આહોષ્યતામિહ પ્રેષ્ઠ દિનાનિ કતિચિન્મયા ।।**
**રમસ્વ નોત્સહે ત્યક્તું સઙ્ગં તેઽમ્બુરુહેક્ષણ ।।૯।।**

હે પ્રિયતમ ! મારી સાથે કેટલાક દિવસ વિરાજો. હે કમલનેત્ર ! તમારો સંગ છોડવાને હું રાજી નથી માટે મારી સાથે તમે રમણ કરો. ૯.

આપે વિવાહ તો કર્યો નથી માટે અહિં જ રહી જાઓ. કેમ કે કોઈ જગ્યાએ સુવું તો પડશે જ તે અહિં જ સુવાનું રાખો. એવી માગણી કેમ કરો છો ? ત્યાં કહે છે કે આપ બહુ પ્રિય છો તેથી આગ્રહ કરું છું. તેમાં પણ અંતર્યામિની જેમ રહેવાનું કહેતી નથી કેટલાક દિવસ સુધી મારી સાથે રમણ કરો. આવો આગ્રહ શા માટે જોઈએ ? મોક્ષાદિ મારી પાસે કાં માંગતી નથી ? એના ઉત્તરમાં કહે છે કે તમારો સંગ છોડવાનો ઉત્સાહ થતો નથી કારણ કે આપ કમલ સરખા નેત્રવાળા છો, સર્વ સુખ આપનાર અને કામને ઉદ્દીપન કરનાર હોવાથી તે માંગુ છું. ૯.

ભગવાને બહુ સુખ આપીશ એમ વિચાર્યું હતું તો પણ તેણે માંગ્યુ એટલું જ આપ્યું. તે કહે છેઃ

**તસ્યૈ કામવરં દત્ત્વા માનયિત્વા ચ માનદઃ ।।**

---

૧. ભગવત્સંબંધ તો અતિ પુણ્યજનક છે તેથી તે પુણ્યથી આગળ સંબંધ પુનઃ તેના પુણ્યથી આગળ થાય એટલે સર્વથા તેને સુખ થશે તેના ઉત્તરમાં કહે છે કે ભગવાન જ ફલરૂપ છે. તે સાધન થતા નથી. (પ્ર)

**સહોદ્ધવેન સર્વેશઃ સ્વધામાગમદર્ચિતઃ ॥૧૦॥**

તેની ઈચ્છા હતી તે વરદાનરૂપ તેને આપીને પોતે માન આપનાર હોવાથી તેને માન આપી તેની પૂજા સ્વીકારીને ઉદ્ધવજીની સાથે પોતાના મંદિરમાં પધાર્યા. ૧૦.

સત્યસંકલ્પ હોવાથી પોતે વિચારેલ પણ તેને આપ્યું એ જ વાત કહે છે કે ભગવાન્ મોક્ષ અથવા ભક્તિ આપવાને તેને ત્યાં પધાર્યા હતા કેમ કે તે આપવાનાં પાત્રો હતાં. તેમાં કુબ્જા અને અક્રૂરને પણ ગણ્યાં હતાં. 'ચ'કાર છે તેથી આત્માને પણ આપવો ધાર્યો હતો. ભગવાન્ પોતે બીજાને માન આપનાર છે તેણે પોતાના સ્વભાવથી આ કુબ્જાને પણ માન આપ્યું. પછી બહાર આવી ઉદ્ધવને સાથે લઈ તેની ઈચ્છાથી બીજા ધર્મને પણ સ્વીકારી તે કાર્ય પૂર્ણ કરી ફરીને પોતે સર્વના ઈશ્વર હતા તે ધર્મનો સ્વીકાર કર્યો. એથી જેમ કેટલાક દિવસ તેની સાથે રમણ થાય એવી વ્યવસ્થા કર્યાનું પણ જણાય છે. જેમ નારદને માયા વડે ક્ષણવારમાં સાઠ વર્ષ પ્રતીત થયાં તેમ આને પણ ભગવાને તેની માંગણી પ્રમાણે માયા વડે બતાવી રાજી કરી. અહિંથી ગયા પછી કોઈ વખત પાછા આવ્યા નહિ એ સુચવ્યું છે. ત્યાં કહે કે ઈચ્છા રહી હોય તો આવે પણ ખરા ? તેના ઉત્તરમાં કહેવાનું કે પોતાનું ઘર પણ સર્વ સમૃદ્ધિવાળું છે તેમાં પધાર્યા. એટલે ત્યાં ગયા પછી બહારની અપેક્ષા ન જ રહે એવી તેમની સંપત્તિ છે. ૧૦.

તેથી જ ભગવાન્ મળે ત્યારે જીવે પ્રાર્થના ન કરવી. ભગવાન્ જ જે કરવું હોય તે કરો. જો માગે તો તે કુબુદ્ધિ ગણાય તે જ કહે છેઃ

**દુરારાધ્યં સમારાધ્ય વિષ્ણું સર્વેશ્વરેશ્વરમ્ ।।**
**યો વૃણીતે મનોગ્રાહ્યમસત્ત્વાત્કુમનીષ્યસૌ ।।૧૧।।**

સર્વના ઈશ્વર અને સર્વમાં વ્યાપીને રહેલા ભગવાન્ કોઈ રીતે પ્રસન્ન થાય તેવા નથી. તેને પ્રસન્ન કરીને તેની પાસે મનમાં આવે તેવું માગે તે માણસ ખરાબ બુદ્ધિવાળો ગણાય. ૧૧.

પ્રથમ તો તેનું આરાધન કરવું જ કઠિન છે. તેથી શુકદેવજી કહે છે કે આપણે મુક્ત થયા તો પણ એમ જ રહ્યા છીએ. તેવા ભગવાનનું આરાધન કર્યું તે પણ તે ખુશી થયા ત્યાં સુધી કર્યું. તે પણ લોકનું પાલન કરવા માટે આવેલા વિષ્ણુનું આરાધન કર્યું. કાલાદિ સર્વના નિયન્તાનું આરાધન કર્યું તે નિયન્તા હોવાથી સર્વનો કાલ દૂર કરવાનો તેનો વિચાર છે છતાં એવાને પ્રસન્ન કરીને મનમાં આવે તે માગે તે તો મોટારાજા પાસે જઈ પોતે ભૂખ્યો હોય સર્વ ઉપદ્રવ યુક્ત હોય છતાં પોતાનું ન માગતાં પોતાના વાંદરાને માટે ભાત માગે તેવી રીતે પોતે આત્મા

છે તેનું મન મર્કટરૂપ છે તેને રાજી કરે એવી પ્રાર્થના કરે તો તે થોડી બુદ્ધિવાળો નહિ તો બીજું શું કહેવાય ? તેમ તો ભલે માગે પણ તે થોડું માગ્યું હશે પણ વાંદરા જેટલું નહિ માગ્યું હોય. એ શંકાના ઉત્તરમાં કહે છે કે મનના ધર્મો જીવના પોતાના નથી તેમાં ધર્મોનો આરોપ કરો તે તો ખરાબ ધર્મો કહેવાય. તે ખરાબ ધર્મો હોય તો તેની માગણી કેમ કરે ? તેના ઉત્તરમાં કહે છે તે કુબુદ્ધિવાળો હોવાથી ન માંગવાનું માગે છે. ૧૧.

હવે બીજું પ્રકરણ અહિંથી ચાલે છે તે કહે છેઃ

**અક્રૂરભવનં કૃષ્ણઃ સહરામોદ્ધવઃ પ્રભુઃ ||**
**કિંચિચ્ચિકીર્ષયન્ પ્રાગાદક્રૂરપ્રિયકામ્યયા ||૧૨||**

ઉદ્ધવ અને બલરામને લઈને પ્રભુ કૃષ્ણ કાંઈક કર્તવ્યની ઈચ્છાથી અને અક્રૂરનું પ્રિય કરવા માટે તેને ઘેર ગયા. ૧૨.

તે જ દિવસે અક્રૂરને પણ વરદાન આપેલ તેથી ભગવાન્ અક્રૂરને ત્યાં પધાર્યા. ત્યાં કહે છે કે પહેલાં તો વર અકૂરને આપેલો તે તેને ઘર પાછળથી કેમ પધાર્યા. આપેલ વરના ક્રમથી કેમ ન ગયા ? તેના ઉત્તરમાં કહે છે તે તો કૃષ્ણ એટલે સ્ત્રીઓને માટે આ લોકમાં પધાર્યા છે એમ અમે પ્રથમથી કહીએ છીએ. ત્યાં બલદેવજીનું પણ કામ છે તેથી તેને સાથે રાખ્યા છે. ઉદ્ધવ તો ઉત્સવાત્મક છે રસ પ્રધાન છે. રમણ તો સ્ત્રીઓ સાથે જ થાય. તેથી કુબ્જાને ઘર ઉદ્ધવ સાથે પધાર્યા. ભગવાન્ ત્યાં મુખ્ય હોય તેથી બલદેવને ક્રોધ થાય. તે આવેશરૂપ છે તેથી રમણ અને અરમણ વડે રસાભાસ અને અનૌચિત્ય (અયોગ્ય) થાય. અહિં તો અક્રૂરને સંપૂર્ણભાવ આપી મોકલવો છે તેથી યોનિના ભાવને માટે રામને સાથે રાખ્યા, નિમિત્તને માટે ઉદ્ધવને સાથે લીધા. ત્યાં કહે છે કે તેની વિનતિ વગર કેમ તેને ઘર ગયા ત્યાં કહે છે કે તે તો ઈશ્વર છે. બધાના ધણી છે સેવકને ઘર સેવકને માન આપવા જાય તેને આમંત્રણ કરવાને કોણ સમર્થ થાય ? અક્રૂરને ક્વચિત્ કોઈ જગ્યાએ મોકલવા માટે કાંઈક કરવાની ઈચ્છા પેદા કરતાં અને અક્રૂરનું પણ પ્રિય કરવા માટે પ્રભુ ત્યાં ગયા. આ સ્માર્ત છે એમ બતાવવા સ્માર્તતત્ત્વ[૧] (૨૫)થી કહે છે. ૧૨.

આનું ઉપાખ્યાન સ્માર્તતત્ત્વ વડે[૧] કહેવાય છે કેમ કે આ અક્રૂર પોતે સ્માર્ત છે. એથી તેનું સ્માર્તપણું બતાવવું છે. તે ત્રણ ઘર આવ્યા તેમનો અક્રૂરે સત્કાર કર્યો તે કહે છેઃ

---

૧. સ્માર્તત્વ એટલે ૨૫ શ્લોકથી કહે છે. તૃતીય સ્કંધમાં કાલને લઈને ૨૫ની સંખ્યા તત્ત્વોની થાય છે એમ સાંખ્ય પ્રકરણમાં કહ્યું છે. (લે)

**સ તાન્નરવરશ્રેષ્ઠાનારાદ્વીક્ષ્ય સ્વબાન્ધવાન્ ।।**
**પ્રત્યુત્થાય પ્રમુદિતઃ પરિષ્વજ્યાભિવન્ધ ચ ।।૧૩।।**

શ્રેષ્ઠ મનુષ્યોમાં પણ શ્રેષ્ઠ અને પોતાના બાંધવો તેમને દૂરથી આવતાં જોઈને અક્રૂર ઉભા થયા રાજી થયા તેમને ભેટ્યા અને તેમનાં વખાણ કર્યા. ૧૩.

અક્રૂરને બધા તુલ્ય છે તેથી મર્યાદાથી પૂજા કરે છે તેમાં બલદેવને વિષમ ભાવ દેખાતો નથી. નરવરમાં પણ શ્રેષ્ઠ એટલે નર, નરવર અને નરવરશ્રેષ્ઠ એથી ઉદ્ધવ બલદેવ અને તેમના સ્વામી એ ત્રણ ગણાવ્યા. એ ત્રણને અક્રૂરે દૂરથી આવતાં જોયા. પોતાના બંધુઓ એટલે ઉભા થવાનું લૌકિક રીતે પણ પ્રાપ્ત થયું તેની સાથે ઉભા થઈને પ્રથમ તો રાજી થયા. પોતે ભક્ત તો નથી તેથી સાષ્ટાંગ પ્રણામ તો ન કર્યા. (પ્રથમનો અક્રૂર તો મુક્ત થયો છે) રાજી થયા પછી આલિંગન કર્યું પછી તેનાં વખાણ કર્યાં. ૧૩.

એમ કાયા અને વાણીનો સત્કાર કરી માનસિક નમસ્કાર કરે છેઃ

**નનામ કૃષ્ણં રામં ચ સ તૈરપ્યભિવાદિતઃ ।।**
**પૂજયામાસ વિધિવત્ કૃતાસનપરિગ્રહાન્ ।।૧૪।।**
**પાદાવનેજનીરાપો ધારયન્ શિરસા નૃપ ।।**
**અર્હણેનામ્બરૈર્દિવ્યૈર્ગન્ધસ્રક્ભૂષણોત્તમૈઃ ।।૧૫।।**

અક્રૂર કૃષ્ણ અને બલરામને નમ્યા તે બંનેએ અક્રૂરને નમન કર્યું. અક્રૂરે વિધિ પ્રમાણે બધાનું પૂજન કરી તેને આસન આપી બેસાડ્યા. તેના પગ ધોયાનું જલ પોતાના મસ્તક ઉપર ચઢાવ્યું. હે રાજન્ ! પૂજન કરીને દિવ્યવસ્ત્રો આપ્યા, ગંધ માલા અને ઉત્તમ ઘરેણાં પણ પૂજામાં આપ્યાં. ૧૪-૧૫.

બહારથી નમસ્કાર તો વ્યવહારને લઈને કરવાનો છે. તેથી ભગવાને પણ તેની સાથે નમન કર્યું છે. તે જ કહ્યું કે તે ત્રણે અક્રૂરને નમ્યા. પ્રથમ ચકાર છે તેથી ફલ વિગેરે ભેટને માટે લાવ્યા છે. બીજો ચકાર છે તેથી ઉદ્ધવને પણ સાથે રાખ્યા છે. તેમણે અક્રૂરને નમન કર્યું. 'અપિ' શબ્દ તુલ્યતાને કહેનાર છે. પોતાને ઘર આવ્યા તેથી પૂજવા જોઈએ. શાસ્ત્રમાં પૂજનનો વિધિ હોય તેમ પૂજન થાય. જેમ લોકો મોટા પુરુષો ઘરમાં આવે તો પૂજે છે, ત્રણને આસન આપ્યાં. અહિં ઉદ્ધવે પણ બરોબરીઆને હિસાબે આસન લીધું. જેમ શ્રદ્ધામાં ગુરુ અને શિષ્ય બેસે તો આસન લે છે તેમ ઉદ્ધવે કર્યું. ૧૪.

પછી પગ ધોયાનું જલ મસ્તક ઉપર ચઢાવ્યું ધર્મનિષ્ઠામાં આટલી ભક્તિ વધારે છે. ધર્મનું તમને જ્ઞાન છે એમ બતાવવા માટે હે નૃપ ! એમ સંબોધ્યા છે. પછી દિવ્યચંદન અને ફૂલની માલાઓ અને આભૂષણો સાથે પૂજા કરી એમ સંબંધ

લેવો. પૂજા સાધન છે 'પૂજયામાસ'નો અર્થ તેનું આરાધન કર્યું એમ કરવો. ૧૫.

ત્યાર બાદ જે કર્યું તે કહે છેઃ

**અર્ચિત્વા શિરસાનમ્ય પાદાવઙ્કગતૌ મૃજન્ ।।**
**પ્રશ્રવાવનતોક્રૂરઃ કૃષ્ણરામાવભાષત ।।૧૬।।**

તેનું પૂજન કરી મસ્તક વડે નમન કરી તેમના ચરણને ખોળામાં લઈને ચાંપતાં વિવેકથી નમ્ર થએલ અક્રૂર કૃષ્ણરામને ઉદ્દેશીને બોલ્યા. ૧૬.

ઉચ્ચે પધરાવેલા ભગવાનના ચરણને પોતાની ગોદમાં લઈને સેવાને માટે દાબ્યા. વિનયથી નમીને પ્રથમ કહેલ અક્રૂર કૃષ્ણ અને રામને જોઈને પોતે તેની સ્તુતિ કરવા લાગ્યો. ૧૬.

અક્રૂરે કરેલી સ્તુતિને કહે છેઃ

**દિષ્ટ્યા પાપો હતઃ કંસઃ સાનુગો વામિદં કુલમ્ ।।**
**ભવદ્ભ્યામુદ્ધૃતં કૃચ્છ્રાદુરન્તાચ્ચ સમેધિતમ્ ।।૧૭।।**

પાપી કંસ તેના ભાઈઓ સાથે મર્યો તે મારા ભાગ્ય સમજું છું. આપે યાદવકુલનો ઉદ્ધાર કર્યો એટલું જ નહિ પણ ન મટે એવા સંકટમાંથી છોડાવી તેને સમૃદ્ધ બનાવ્યું તે પણ હું મારાં ભાગ્ય સમજું છું. ૧૭.

**''દશભિઃ[1] સ્તુતિરુક્તા હિ પ્રાર્થનૈકેન દોષનુત્ ।।**
**સર્વૈર્ભાવૈરિહ[2] સ્તુત્યો નિરોધે હ્યધિકારિભિઃ[3] ।।૧।।**
**સર્વેષ્વેવ ચ ભાવેષુ કૃષ્ણોત્કર્ષો નિરૂપ્યતે ।।**
**અયુક્તં[4] પ્રાર્થયેદ્યસ્તુ તસ્મૈ દદ્યાન્ન સર્વથા ।।૨।।**
**ન દત્તં પૂર્વં ગોપીભ્યઃ નોત્તરસ્યાપિ દાસ્યતિ ।।**
**નિરોધો હ્યન્યથા ન સ્યાત્ ફલાર્થં કર્મ[5] તદ્ભવેત્ ।।૩।।**

---

૧. દસ સંખ્યાનું તાત્પર્ય કહે છે સર્વભાવથી સગુણનિર્ગુણ તેમાં એક નિર્ગુણ અને નવ સગુણ મળી દસ ભાવના દસ શ્લોક છે.(લે)

૨. દસ શ્લોકથી સ્તુતિ કરવાનું કારણ કહે છે. સર્વ સગુણ નિર્ગુણ ભાવથી સ્તુતિ કરવાની છે. તેથી.(પ્ર)

૩. ગોપીઓના જેવા ભાવ હશે એ શંકા દૂર કરે છે કે જેવો અધિકાર તેવા ભાવ થાય છે. પૂર્વ અધ્યાયની ગોપીને સંભોગરસ ન આપ્યો તેમ અહિં નહિ આપે. એમ કર્મનું ફલ આપે તો કામિત ફલ અર્પ્યું તે નિરોધ ન આપે.(લે)

૪. ભગવાને માંગ્યા છતાં કેમ ન આપ્યું ? તેના ઉત્તરમાં કહેવાનું કે ભગવાન્ અયોગ્ય હોય તે ન આપે.(પ્ર)

૫. ભક્તિથી યાચિતનું દાન કરે તો નિરોધ કેમ સિદ્ધ ન થાય ત્યાં કહે છે કે તે સેવારૂપ કર્મ કામિત ફલ આપે એટલે નિરોધ ન કરે.(પ્ર)

[6]ઈશ્વરઃ[7] સર્વહિતવિદતો રોધો ન દૂષણમ્ ।।
યથા બાલકરોધો હિ પિત્રાપિ વિનિરૂપિતઃ ।।૪।।
નિવર્તયતિ[8] કામાંસ્તાન્ જ્ઞાનેન પ્રહિલા મતિઃ ।।
યદિ સ્યાદુત્કટા દુષ્ટા નિર્દુષ્ટા વા વિચારતઃ ।।૫।।''

(દશ શ્લોકથી અક્રૂરની સ્તુતિ કહી છે દોષ નિવૃત્તિ કરનારી પ્રાર્થના એક શ્લોકથી કરી છે. સર્વ ભાવથી ભગવાનની અહિં સ્તુતિ કરવી છે કેમ કે ભક્તો નિરોધના અધિકારી છે. સર્વ ભાવમાં કૃષ્ણના ઉત્કર્ષનું વર્ણન આવે છે. ભગવાન્ પાસે ભક્ત અયોગ્ય વસ્તુ માંગે તો ભગવાન્ તેને આપતા નથી. પ્રથમાધ્યાયમાં ગોપીએ સંયોગ માંગ્યો તે ભગવાને ન આપ્યો. કેમ કે તે તેને હિતકૃત્ નહોતો. એમ આગળ પણ ભક્તનું અહિતકારી હશે તેને માંગશે તો પણ ભગવાન્ આપશે નહિ. એમ આપે તો તેની સેવા ફલને માટે થઈ તો તેનું કિંચિત્ ફલ મળે તો, તે સેવાથી તેનો નિરોધ ન થાય. પણ તે કર્મમાર્ગરૂપ ફલ આપનારું થાય. ભગવાન્ સર્વના હિતને જાણે છે તેથી તે નિરોધ કરે તેમાં દોષ નથી. જેમ બાલક બોતાનું અહિત ન સમજી કામ કરવા જાય તો તેના માબાપ તેમ કરતાં તેને અટકાવે છે. જો એ ભક્તનો તે વાતમાં આગ્રહ બંધાય તો ભગવાન્ જ્ઞાનનો બોધ કરી તેના આગ્રહને છોડાવે છે. ભગવાનમાં આગ્રહવાળી બુદ્ધિ નિર્દુષ્ટ છે છતાં તેમાં આગ્રહ થાય તો ભગવાન્ ઉપદેશ દ્વારા તેની નિવૃત્તિ કરે છે.)

પહેલાં તો ભગવાને કરેલાં કર્મોનો અભિનંદન વડે ઉત્કર્ષ કહે છે. તે અક્રૂરને ભગવાન્ પોતાના સમાનધર્મવાળા દેખાયા. આ તામસ ભાવ છે તામસ ભક્તોની જેમ તે પ્રથમ જ થયો છે. કંસ મર્યો તે અમારા ભાગ્યથી તે પાપી કંસ મરી ગયો. તેના ભાઈઓની સાથે મર્યો. આપ બંને ભાઈઓએ આ યાદવકુલને મોટા

---

૬. તે ભગવાન્ સાધનને અન્યથા કરે છે કેમ કે તે ઈશ્વર છે. સર્વનું હિત કરનાર છે. તેથી તેનો નિરોધ કરે. તેમાં દૂષણ નથી જેમ બાલકને તેનો વડીલ કોઈ કામ કરતો અટકાવે તો તેમાં દોષ નથી. એમ ભગવાન્ ભક્તના અયુક્ત કામને અટકાવે છે. ભક્તની મતિ આગ્રહથી દુષ્ટ થાય તો ભગવાન્ તેનો જ્ઞાનથી આગ્રહ દૂર કરાવે છે. તેથી કંસને માર્યો તે યાદવોનો સંબંધી હતો. તેને માર્યો તે ખોટું કામ કર્યું એમ શંકા ન થવા માટે તે પાપી હતો તેથી મર્યો તે સારું થયું એમ કહી ભગવાનને માથેથી તેને મારવાનો દોષ દૂર કર્યો છે. (લે)

૭. યાચિત ન આપે અને બીજું આપે તો અભજનીય ન થાય ? ત્યાં કહે છે કે તે ઈશ્વર છે.(પ્ર)

૮. એમ તો ભક્તને દુઃખ થાય તે ભગવાન્ કિલષ્ટકર્મા ન થાય ? ત્યાં કહે છે કે બાલક હોય ત્યાં સુધી કામચાર કામવાદ કામભક્ષ હોય છતાં તેના કાકા, બાપા તેના ગોલકનો રોધ તેના હિત માટે કરે છે તેમ ભગવાન્ તેનું અહિત હોય તેને ન આપે તેમાં વાંધો નથી. એનો દુષ્ટ આગ્રહ હોય તો ભગવાન્ જ્ઞાન આપીને તેના હઠને નિવૃત્ત કરે છે. તેમાં તેને કાંઈ પ્રયાસ થતો નથી. (પ્ર)

સંકટમાંથી મુક્ત કર્યું આથી કુલના સંબંધથી કુલનું અનિષ્ટ થતું બચી ગયું. પરંતુ કુલનું ઈષ્ટ પણ આપે કર્યું તે એકને આપે ઓછો કર્યો તેનું એક હથુ ઐશ્વર્ય હતું તે બધાને થોડું થોડું મલી ગયું. 'ચકાર' છે તેથી કુલને મુક્ત પણ આપે કર્યું. પૂર્વસંબંધને લઈને પાપમાંથી પણ કુલનો ઉદ્ધાર કર્યો. અક્રૂરે ભગવાનનાં બે કાર્ય જોયાં તેને પોતે વખાણ્યાં. ૧૭.

તે બંનેનાં સ્વરૂપને કહે છેઃ

**યુવાં પ્રધાનપુરુષૌ જગદ્ધેતૂ જગન્મયૌ ।।**
**ભવદ્ભ્યાં ન વિના કિંચિત્ પરમસ્તિ ન ચાપરમ્ ।।૧૮।।**

આપ બંને ભાઈ પ્રધાન અને પુરુષરૂપ છો, જગતના કારણરૂપ છો, જગદ્રૂપ છો, કાર્યકારણરૂપ આ જગત્ આપના વિના બીજું કાંઈ નથી. ૧૮.

અહિં પણ એક યોનિ(નિમિત્ત) અને બીજ(ઉપાદાન)રૂપ એવું વ્યાખ્યાન કરવું. આ બંને ભાઈને પ્રધાન પુરુષ[1] કહ્યા. તો તે આધિદૈવિક પ્રધાનપુરુષ હશે તે તો નિર્ધર્મક[2] બ્રહ્મની સ્તુતિ થઈ. ત્યાં કહે છે કે આપ નિર્ધર્મક નથી પણ આ જગતના કારણ આપ છો. ત્યારે કહે છે કે નિમિત્તમાત્ર હશે ? તેના ઉત્તરમાં કહેવાનું કે આપ જગન્મય છો. વિકારમાં કે તત્ પ્રકૃતઅર્થમાં મયટ્ થાય તો જગતનું ભગવન્મયત્વ થતું નથી તો પણ ભગવત્કારણક જગત્ છે. તેથી ભગવાનને જ જગન્મય કહ્યા છે. એમ ન માનીએ તો અસત્માંથી સત્ થયું ગણાય. અથવા ભગવાનનો પરિણામ[3] જગત્ થાય. આ જગતને પકડીને હું રહ્યો છું એ ગીતાવાક્યથી લોકમાં જગત્ની મહત્તા બતાવી. તેના વડે ભગવન્માહાત્મ્ય કહેવા માટે અન્નમય યજ્ઞ કહેવાય છે તેમ જગન્મય ભગવાન્ કહ્યા. તો પણ ભગવાન્ તો જગતના સાધારણ કારણ થાય. કાલાદિની[4] જેમ. સમવાયિકારણ પણ સાધારણ જ[5] મૃત્તિકાની જેમ ગણાય ત્યાં કહે છે કે કૃષ્ણ અને રામ એ બંને, શક્તિનો વિભાગ કરીને પધાર્યા છે તેના વગર ઉત્કૃષ્ટ કે અપકૃષ્ટ નથી. 'ચ'થી

---

૧. પ્રધાનપુરુષત્વ એટલે આધિદૈવિક પ્રધાનપુરુષત્વ એનો અર્થ અક્ષરત્વ થયો.(લે)

૨. એ અક્ષરબ્રહ્મની સ્તુતિ નિર્ધર્મિકા થાય.(લે)

૩. વિકારવાળો પરિણામ થાય. સિદ્ધાંતમાં તો સુવર્ણમાં રહેલું કડું. તે સોનું જ, કડું થઈને પેદા થાય છે. તેને પણ પરિણામ કહે છે. તે સોનાનો વિકાર કહેવાતો નથી.(લે)

૪. કાલ સર્વ પ્રત્યે સાધારણ છે. ગાય, ઘોડાના ભેદનું કારણ કાલ થતો નથી તેમ મૃત્તિકા પણ સાધારણ છે તે ઘડો કોડીયા વિગેરે રૂપનું કારણ થતી નથી.(લે)

૫. મૃત્તિકામાં ઘડો પણ ઘડામાં મૃત્તિકા નહિ તેથી ઘડો મૃન્મય કહેવાય 'મૃત' ઘટમય ન કહેવાય. ભગવાન્ તો કહેવાય. પાછળથી પ્રવેશ કરે છે તેથી આધેય પણ છે. (લે)

અવાંતર ભેદો થતા નથી. સર્વનું મૂલ આપ જ છો. જેમાં વધારે પોતાનું સામર્થ્ય દેખાડો છો તે ઉત્કૃષ્ટ, જેમાં ઓછું સામર્થ્ય બતાવો છો તે અપકૃષ્ટ ગણાય છે. ૧૮.

એમ કારણપણાથી ભગવાનનું નિરૂપણ કરીને ભગવાન્ આધેય પણ છે એ વાત ભેદ અને અભેદના[૧] પરિહાર માટે કહે છેઃ

**આત્મસૃષ્ટમિદં વિશ્વમન્વાવિશ્ય સ્વશક્તિભિઃ ।।**
**ઈયતે બહુધા બ્રહ્મન્ શ્રુતિપ્રત્યક્ષગોચરમ્ ।।૧૯।।**

હે બ્રહ્મન્! પોતે રચેલા વિશ્વમાં પાછળથી પ્રવેશ કરીને પોતાની શક્તિઓ વડે બહુ પ્રકારે શ્રુતિ અને પ્રત્યક્ષના વિષયરૂપ આપ જ થાઓ છો. ૧૯.

જો કે આત્મસૃષ્ટિમાં ભેદ કે અભેદ[૧] હોય છ્તાં તે દોષને માટે થાય નહિ તો પણ ભિન્ન સૃષ્ટિમાં પણ એ[૨] દૂષણ ન થાય તેને માટે અહિં કહીએ છીએ. પોતે સૃજેલું આ સમગ્રવિશ્વ સૃષ્ટિની અનુસૃષ્ટિ થયા પછી તેમાં પાછળથી આવેશ કરીને સ્વશક્તિથી સર્વસામર્થ્યયુક્ત થઈને અનંતરૂપે[૩] આપ પ્રતીત થાઓ છો. તો પણ વૈદિક અર્થ જૂદો હશે 'શબ્દ ઈતિ ચેન્નાતઃ' એ તત્ત્વસૂત્રોમાં એવો નિર્ણય છે. અથવા ભ્રમથી ગ્રહણ થાય તે જૂદું થાય. તેથી સર્વકર્તૃત્વ ભગવાનમાં સંભવતું નથી એવી શંકા કરીને કહે છે કે શ્રુતિ અને પ્રત્યક્ષનો[૪] વિષય આપ છો. સાધારણ પ્રત્યક્ષ વસ્તુ નિરૂપક નથી તેથી સામાન્ય ગ્રહણ કર્યું છે 'ગોચર'શબ્દ પણ વિશેષનિઘ્ન[૫] છે. અથવા તે અન્વાવિશ્યનું કર્મ છે. 'બ્રહ્મન્' સંબોધન બ્રહ્મવાદમાં સર્વ ઉપપત્તિઓ સિદ્ધ છે તેથી આ અર્થને ફરીને સાધવાની જરુર નથી. એમ બતાવવા માટે છે. ૧૯.

એકમાં નાનાત્વ કે વૈચિત્ર્ય લોકમાં નથી હોતું લૌકિક સિવાય કેવલ અલૌકિક ગ્રહણ કરનાર પ્રત્યે એકનું અનેકપણું દષ્ટાંતથી કહે છેઃ

**યથા હિ ભૂતેષુ ચરાચરેષુ મહ્યાદયો યોનિષુ ભાન્તિ નાના ।।**
**એવં ભવાન્ કેવલ આત્મયોનિષ્વાત્માત્મતન્ત્રો બહુધા વિભાતિ ।।૨૦।।**

---

૧-૧. ભેદાભેદ એટલે ઐચ્છિક ભેદવાળો અભેદ એવો તેનો અર્થ છે.(પ્ર)

૨. આ એટલે ભેદે કરેલો વસ્તુનો વિભાગ.(પ્ર)

૩. અનંતરૂપે આપ જ દેખાઓ છો એ શેષ લેવાનો છે. તેથી આપને ભિન્નવસ્તુરૂપ પારછેદ નથી.(પ્ર)

૪. સાધારણ પ્રત્યક્ષ એટલે સંદેહ પેદા થયા પહેલાનું પ્રત્યક્ષ.(પ્ર)

૫. નિઘ્ન એટલે સંબોધનથી કહેલ બ્રહ્મ શબ્દને અધીન (વિશેષ્ય-ધર્મિને-નિઘ્ન-અધીન) એ વિશેષનિઘ્ન કહેવાય. (પ્ર)

જેમ ચરાચર ભૂતોમાં પૃથ્વી વિગેરે બહુ પ્રકારે રહે છે તેમ આપ નાના પ્રકારની આપની સૃષ્ટિમાં સ્વતંત્ર રીતે પ્રવેશ કરી બહુ રીતે શોભો છો. ૨૦.

સ્થાવર અને જંગમ ભૂતોમાં ખરી રીતે તો પાર્થિવોમાં કારણભૂત પૃથ્વી વિગેરેની વિલક્ષણતા હોય છતાં પણ જીવના સામર્થ્યથી તેમાં કારણપણાથી પ્રવેશેલા પૃથ્વ્યાદિ અનેક પ્રકારે દેખાય છે. તેમાં યુક્તિ આપે છે કે ચર અને અચર ભૂતો યોનિને લીધે એમ ઉત્પન્ન થાય છે તેથી કદાચને પૃથ્વી[1] વિગેરેની અકારણતા દેખાય. બીજ પણ જમીનમાં વાવ્યા પછી સ્વરૂપથી નાશ થાય છે તે યોનિરૂપ થાય છે તેથી મૂલમાં યોનિ કહી છે. તેમાં પૃથ્વી વિગેરે જો બીજને લીધે યોનિરૂપ થતાં હોય તો બીજરૂપ અક્ષરબ્રહ્મ પ્રથમ ભગવાનમાં રહેલું છે તે જગદ્રૂપ થઈ સ્વસામર્થ્યથી પોતાને ઈચ્છિત પ્રકારે પોતાનામાં પ્રવેશ[2] કરાવી દે કેમ કે તે યોનિભાવાપન્ન છે. અનંત જગદ્રૂપે બહુ[3] થોડા પરિગ્રહથી પ્રકટીને ભગવાન્ પણ કેવલ આત્મારૂપ પોતાની યોનિમાં જગતરૂપમાં બહુ પ્રકારે દેખાય છે. શક્તિને વશ હોઈને અવિદ્યમાન સ્થાનમાં આકર્ષણ થાય તો અનિત્યતા થાય એ શંકાના અભાવ માટે પોતે 'આત્મા' છે એમ કહ્યું છે એટલે સર્વત્ર વ્યાપ્ત હોઈને આકર્ષણનો પ્રયોગ કર્યા વગર જ પ્રકટ થાય છે. દૃષ્ટાંતમાં ભૂતોમાં પરતંત્રપણું દેખાય છે તેવું અહિં નથી એમ બતાવવા ભગવાન્ આત્મતંત્ર છે, પોતે સ્વાધીન છે એમ કહ્યું. તેના કરતાં પણ આ જગતમાં અનેક પ્રકાર બતાવવા માટે દૃષ્ટાંતમાં નાનાપણું આવ્યું છે છતાં તેમાં પ્રકારોનું વિધાન કરે છે કે તે બહુધા અનેક પ્રકારે દેખાય છે. તેમાં હું જ દેખાઉં છું એમાં શું પ્રમાણ ? વાદી પ્રતિપાદિત મતમાં છે તેમ જગત્ જૂદી રીતે થાઓ ? ત્યાં કહે છે કે કારણ કરતાં પણ કાર્યમાં અધિકતાનું ભાન થાય છે જેમ ચિત્રપટમાં દેખાય તેમ. તેથી ભગવાન્[4] જ દેખાય છે એવો

---

૧. એમાં પૃથ્વી વિગેરેમાં બીજને લીધે નાનાપણું દેખાતું હોય તો તો ભગવદભિલષિત પ્રકારે યોનિભાવાપન્ન અક્ષરબ્રહ્મ, પ્રથમથી ભગવાનમાં વિદ્યમાન જગદ્રૂપ તે ભગવાનના સામર્થ્યથી બીજરૂપ અક્ષરને ઉત્પન્ન કરીને પોતાનામાં પ્રવેશ કરાવીને અનંત જગતરૂપે દેખાય એમ આગળ સંબંધ લેવો.(લે)

૨. પોતાનામાં પ્રવેશ કરાવે. બીજાત્મક અક્ષરબ્રહ્મમાં પોતાથી જૂદા જગતને સંપાદન કરે. એમ ભગવાન્ સર્વ જગતમાં નાનાપ્રકારે વિચિત્રતાથી દેખાતા એક જ છે. કેમ કે તે જગતનું સમવાયિકારણ છે માટે, ચરાચર પાર્થિવ પદાર્થમાં પેઠેલી પૃથ્વીની જેમ. એવું અનુમાન ફલિત થાય છે. (પ્ર)

૩. અનંતમાં પ્રકાર કહે છે. 'વૃદ્ધ્યાદિ' એ શબ્દથી દૃષ્ટાંતમાં સાંખ્ય પ્રકાર કહ્યો છે, દાર્ષ્ટાંતિકમાં સર્વ ભગવદ્રૂપ છે.(લે)

૪. ભગવાન્ આત્મા છે તેમાં યોનિબીજાદિ ભેદ નથી. (લે)

નિશ્ચય થાય છે. ૨૦.

એમ જગદ્રૂપપણું કહીને કર્તાપણામાં પ્રાપ્ત થતા દોષને વારવા માટે હવે કહે છેઃ

**સૃજસ્યદો લુમ્પસિ પાસિ વિશ્વં રજસ્તમઃસત્ત્વગુણૈઃ સ્વશક્તિભિઃ ।।**
**ન બદ્ધ્યસે તદ્ગુણકર્મભિર્વા જ્ઞાનાત્મનસ્તે ક્વ ચ બન્ધહેતુઃ ।।૨૧।।**

રજસ, તમસ અને સત્ત્વરૂપ પોતાની શક્તિ વડે આપ આ જગત્ સૃજો છો, પાળો છો અને સંહારો છો. છતાં તે ગુણ અને કર્મોમાં આપ બંધાતા નથી કારણ આપ જ્ઞાનરૂપ હોવાથી આપને બંધનું કાંઈ કારણ નથી. ૨૧.

એ પ્રસિદ્ધ જગત્, ભગવાનને જોતાં પ્રપંચ સ્ફૂર્યો નહિ તેથી 'અદઃ' પેલું એમ પરોક્ષ નિર્દેશ કર્યો છે. તેને જગતની અસ્ફૂર્તિમાં કારણ પણ કહ્યું. રજથી સૃજો છો, તમથી પ્રલાપન કરો છો, સત્ત્વથી પાલન કરો છો. 'રજઃ, સત્ત્વ, તમઃ'ને સ્વધર્મ કહેવા માટે ગુણપણું કહ્યું છે. તો પણ સ્મૃતિન્યાયથી ભગવાનને જગત્કર્તૃત્વ નહિ હોય એવી શંકાના સમાધાનમાં કહે છે કે આપની તે શક્તિઓ છે તે ગુણો પ્રકૃતિના ધર્મો નથી ધર્મમાં પણ સામર્થ્ય આવવાથી તે શક્તિ કહેવાણી. જો કે શક્તિપદથી અહિં અભ્યાસ (પૌનઃપુન્ય) નથી તેથી કર્મબંધનું નિવારણ કર્યું છે. તો પણ લોકન્યાયથી દૂષણ દૂર કરવા માટે જ્ઞાનથી તેનો અભાવ કહે છે. તે ગુણોના કર્મથી આપ જગતમાં બંધાતા નથી. તે ગુણોથી બંધ, મોહ વશથી, કર્મ વશથી બંધ, અનિચ્છાથી પણ બંધ થાય છે. 'વા' અનાદરમાં છે. કાલથી પણ આપને બંધ નથી. લોકો તો તુચ્છ હોઈને તેનાથી બંધ ન જ હોય તેનું કારણ કે આપ જ્ઞાનાત્મા છો. જ્ઞાનથી બંધ ન થાય. એમ બધાં શાસ્ત્રો કહે છે. આપ તો જ્ઞાનના પણ આત્મા છો, આપના સામર્થ્યથી જ્ઞાન બંધથી મુક્ત કરાવી શકે છે. તે આત્મપદથી સૂચવ્યું છે. બંધનાં કારણનું નિરાકરણ કરવાથી આપ સર્વસમર્થ હોવાથી આપને બંધ ક્યાંથી હોય ? 'ચ'કારથી દેશથી, કાલથી અને અવસ્થાથી પણ બંધ નથી. ૨૧.

તો પણ અવતારની 'અન્યથાનુપપત્તિ' થવાથી ઉપાધિવાળા[1] સત્ત્વગુણના અભિમાનીના અવતારો એમ લોકમાં[2] પ્રસિદ્ધિ છે તેથી તો અત્યંત બંધ થવા સંભવ છે એવી શંકા કરીને કહે છેઃ

**દેહાદ્યુપાધેરનિરૂપિતત્વાદ્ ભવો ન સાક્ષાદ્ ન ભિદાત્મનઃ સ્યાત્ ।।**

---

૧. સોપાધિ સત્ત્વ ગુણનો અવતાર 'વિષ્ણુઃ'(પ્ર)

૨-૨. મામાને મારવા વિગેરે લોક પ્રસિદ્ધ કાર્યો ભગવાન્ કરે. મારા જન્મ પ્રસિદ્ધ છે માટે જન્મનિષેધ ઉપજાવી કાઢવો વૃથા છે ત્યાં કહે છે.(પ્ર)

**અતો ન બન્ધસ્તવ નૈવ મોક્ષઃ સ્યાતાં નિકામસ્ત્વયિ નોઽવિવેકઃ ।।૨૨।।**

આત્માને દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ સ્વભાવાદિ હોય તો તેનો જન્મ કહેવાય. તે ન હોવાથી આપનો જન્મ નથી આત્મા હોવાથી આપનામાં ભેદ નથી તેથી બંધ મોક્ષ પણ નથી. તેમ આપનામાં અવિવેક ન હોવાથી પણ તે નથી. ૨૨.

દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ, સ્વભાવ, કર્મ, કાલ વિગેરે જેને ઉપાધિ હોય તે આત્માનો જન્મ કહેવાય છે. ત્યાં કહે છે મારો પણ વસુદેવથી જન્મ છે તેના ઉત્તરમાં કહે છે તે સાક્ષાત્ જન્મ નથી, નટની પેઠે વેષને માટે જન્મપ્રસિદ્ધિ છે ખરું જન્મ[૨] નથી, આત્મામાં ભેદ[૩] પણ નથી. પૂર્વસંઘાત છોડવો અને બીજો ગ્રહણ કરવો એ ભેદ કહેવાય કારણ કે આ આત્મા છે. સર્વત્ર વ્યાપ્ત હોય તેમાં ભેદ ન હોય. ભેદ નથી માટે જન્મ પણ નથી, મૂલરૂપ વિષ્ણુ અથવા ભગવાનમાં ભેદ ન હોવાથી તેનો જન્મ નથી તેથી આપનામાં પણ બંધ નથી, મોક્ષ પણ નથી, જેનાથી સત્કર્મ કરવા માટે ધર્મ સ્થાપન કરે. તેથી આપને બંધ મોક્ષ નથી. ત્યાં કહે છે કે જ્યાં સુધી અધિકાર છે ત્યાં સુધી તેને લગતું બધું કાર્ય કરવું પડે એ ન્યાયથી વિષ્ણુનો અધિકાર પૂરો થાય ત્યારે સ્માર્તસંમત તેની મુક્તિ થાય છે. બ્રહ્મને કહેનાર પણ એકદેશી છે જે બ્રહ્મવિદ્યાથી સર્વ થવાનું તે બ્રહ્મ કેમ થાય છે ? એ શંકા કરી ‘આગળ તે બ્રહ્મ હતું’ ‘આત્માને હું બ્રહ્મ છું એમ માને’ ‘તેથી સર્વ થાય છે’ એ વાક્યથી બ્રહ્મ પ્રપંચરૂપ થાય છે. તેમ ‘બ્રહ્મને જાણનાર[૪] પરને પામે છે’ ત્યાં બ્રહ્મજ્ઞાનથી બ્રહ્મની પણ પરપ્રાપ્તિનો નિશ્ચય કરેલો છે. કર્મકાંડમાં પણ પરમેષ્ઠિનો[૫] આ યજ્ઞ છે એનો આરંભ કરી સર્વનો ઉત્કર્ષ દર્શપૂર્ણમાસથી કર્યો છે. એમ પરબ્રહ્મનો પણ દર્શપૂર્ણમાસથી ઉત્કર્ષ પ્રતીત થાય છે. પરમેષ્ઠિ શબ્દ બ્રહ્મનો પર્યાય છે. ‘ઈન્દ્ર પ્રજાપતિ[૬] અને બ્રહ્મ’થી પ્રકરણમાં કહેલાનો બાધ થાય છે. તેથી બંધ મોક્ષ તો બધાંનો છે. એમ વેદાન્તિ-એકદેશી માને છે[૭]. વળી ‘આ વિદ્યા દેવકીના પુત્ર કૃષ્ણને કહી છે’ એ ઉપાખ્યાનમાં બ્રહ્મનું ગ્રહણ સંભળાય છે.

૩. ભિદાપદનો અર્થ કરે છે. સ્માર્તમત શ્રુતિ વિરુદ્ધ હોય તો અનાદરણીય છે તેની મુક્તિને શ્રુતિ સંમતિ આપે છે. તે કહે છે બ્રહ્મવાદિઓ પણ એકદેશી છે. તેના મતમાં પણ નિશ્ચય થાય છે.(પ્ર)

૪. વિત્ જ્ઞાનવાળું બ્રહ્મ પરને પામે છે.(પ્ર)

૫. પરમેષ્ઠી શબ્દ બ્રહ્મને પર્યાય કેમ ત્યાં કહે છે ઈન્દ્ર પ્રજાપતિ એમ નર છે. (પ્ર)

૬. ઈન્દ્રે પ્રજાપતૌ ‘તેન પ્રજાપતિ’ ઈત્યાદિમાં એ શબ્દો કહ્યા છે. બ્રહ્મવિત્ ઈત્યાદિમાં બ્રહ્મ શબ્દ કહ્યો છે એમ ત્રણ શબ્દનું વાચ્ય બ્રહ્મ છે તો પરમેષ્ઠિ શબ્દવાચ્ય પણ તેને માનવું (લે)

૭. મન્યન્તેનો અર્થ ‘લોકો’ કરવો. બંધ નિરાકરણ યોગ્ય હોય તો કહ્યા પક્ષનું શું સમજવું?(પ્ર)

તેથી સંભાવિત હોવાથી બંધ મોક્ષ પ્રાપ્ત થાય છે તેનું નિરાકરણ કરવું યોગ્ય છે. આ કહ્યા બધા પૂર્વપક્ષો[8] છે. અવિવેકથી તે પ્રાપ્ત થાય છે તે માટે કહે છે આપનામાં બીલકુલ અવિવેક નથી. અમે બધા ભ્રમિત હોઈને આપનામાં અવિવેક માનીએ છીએ. અધિકાર તો સ્વામિને માટે ન હોય. લોકમાં મહારાજા અધિકારી ન કહેવાય. પરમેષ્ઠી બ્રહ્મશબ્દ બ્રહ્માના વાચક છે એમ ન માનો તો 'યજ્ઞ વિષ્ણુ છે' એ શ્રુતિમાં દર્શપૂર્ણમાસને યજ્ઞપણાનો વિધિ કહ્યો[9] છે તે વ્યર્થ થાય. બ્રહ્મવિદ્યાનો અધિકાર પણ સાંદીપનિની જેમ લીલાને માટે સંભવે. તે બધો અમારો અવિવેક છે. તેથી પરબ્રહ્મમાં બંધમોક્ષનો સંભવ જ નથી. ૨૨.

ત્યારે અવતાર કેમ થાય છે ? ત્યાં કહે છેઃ

**ત્વયોદિતોયં જગતો હિતાય યદા યદા વેદપથઃ પુરાણઃ ।।**
**બાધ્યેત પાષણ્ડપથૈરસદ્ભિસ્તદા ભવાન્ સત્ત્વગુણં બિભર્તિ ।।૨૩।।**

જગતના હિતને માટે તમે કહેલો વેદમાર્ગ એ જુનામાં જુનો છે. તેને પાખંડી માર્ગોથી જ્યારે જ્યારે બાધા થાય છે ત્યારે આપ સત્ત્વગુણને ધરો છો. ૨૩.

જ્યારે પાખંડ (વિરુદ્ધમાર્ગ) પ્રતિપાદન કરનાર પુરુષો તમે કહેલા વેદમાર્ગનું ખંડન કરે વેદધર્મનો બાધ કરે ત્યારે તે બલિષ્ઠ હોવાથી કાલને લઈને બધાની બુદ્ધિનો નાશ થતાં તેના નાશમાં શક્તિવાળા હોવાથી આપ સત્ત્વ વડે અવતાર ધરો છો. ભગવાને ગ્રહણ કરેલું સત્ત્વ બળવાળું થઈ રજ અને તમને હટાડે છે તેથી ભગવાનમાં વિષમતાનો દોષ આવતો નથી. નૈર્ઘૃણ્ય દોષ તો અવતારમાં ન હોય. તેથી તેના નિષેધનું વચન નથી. ૨૩.

ત્યાં કહે છે હમણાં વેદને પીડા નથી, વ્યાસજીનો અવતાર થયો છે, બુદ્ધાવતાર થયો નથી તો આ અવતારનું શું પ્રયોજન છે ? ત્યાં કહે છેઃ

**સત્ત્વં પ્રભોદ્ય વસુદેવગૃહેઽવતીર્ણઃ સ્વાંશેન ભારમપનેતુમિહાસિ ભૂમેઃ ।।**
**અક્ષૌહિણીશતવધેન સુરેતરાંશરાજ્ઞામ-**
**મુષ્ય ચ કુલસ્ય યશો વિતન્વન્ ।।૨૪।।**

હે પ્રભો ! દૈત્યરાજાઓની હજારો અક્ષૌહિણીનો પૃથ્વીને ભાર છે તે ભારને ઉતારવા તથા આ યાદવ કુલનું યશ વિસ્તારવા માટે આપ હમણાં વસુદેવના ઘરમાં પોતાના અંશ વડે પ્રકટ્યા છો. ૨૪.

---

૮. એ પૂર્વપક્ષો છે. માલિક અધિકારી ન કહેવાય. (પ્ર)

૯. પરબ્રહ્મનો ઉત્કર્ષ કહેતાં દર્શપૂર્ણમાસનો ઉત્કર્ષ તેનાથી સિદ્ધ થયો તે ઉત્કર્ષ સિદ્ધ કરવા યજ્ઞનું વિધાન કર્યું છે તે વૃથા જાય. (લે)

આપ કે જે વેદમાત્રના રક્ષક નહિ પણ સર્વ જગતના રક્ષક છો કેમ કે આપ પ્રભુ છો. આપનામાં પૂર્ણ ક્રિયાશક્તિ વિદ્યમાન છે. સત્ત્વરૂપ વસુદેવના સ્થાનમાં પાલન કરીશ એવા અભિમાનથી પ્રકટ્યા છો. બલભદ્ર આપનો અંશ છે તેને આપે પ્રાકટ્યમાં સાથે રાખ્યો છે. આપે અહિં પધારીને ભાર દૂર કરવાનો વિચાર કર્યો, વૈકુંઠમાં રહી મનથી ભાર ઉતારવાનો વિચાર ન રાખ્યો તેથી અવતર્યા છો. એથી સંમતિ માંગતાં પૂછતા હોય એમ કહ્યું. અહિં આવવામાં વિચાર મોટો કર્યો છે તે કહે છે. દૈત્યાંશ રાજાઓની હજારો અક્ષૌહિણી સેનાઓનો વધ કરવા આપનું આગમન છે. અત્યારે તે રાજાઓ દૈત્યો જેવા દેખાતા નથી. તે અત્યારે રાજાઓના વેષમાં દૈત્યો જ છે. આ વસુદેવ કુલનું યશ વિસ્તારવું એ આપનું બીજું કૃત્ય છે. તેથી આપ બંને રૂપે બે કાર્ય કરવાને પધાર્યા છો એમ કહ્યું. ૨૪.

એમ ભગવાનના અવતારની અને તેમના કર્મોની પ્રસંગથી પ્રશંસા કરીને આજે અહિં પધાર્યા તેની સ્તુતિ કરે છેઃ

**અદ્યેશ નો વસતયઃ ખલુ ભૂરિભાગા**
**યઃ સર્વદેવપિતૃદેવનૃદેવમૂર્તિઃ ।।**
**યત્પાદશૌચસલિલં ત્રિજગત્પુનાતિ સત્ત્વં**
**જગદ્ગુરુરધોક્ષજ યાઃ પ્રવિષ્ટઃ ।।૨૫।।**

આજે આ અમારા નિવાસોનાં મોટાં ભાગ્ય કે જેમાં સર્વપિતૃ, દેવ અને માણસના રાજારૂપ છે મૂર્તિ જેની એવા આપ અહિં પધાર્યા. જેના ચરણનું જલ (ગંગા) ત્રણ લોકને પવિત્ર કરે છે. હે અધોક્ષજ ! એ જ આપ અમારા સ્થાનમાં પધાર્યા છો. ૨૫.

અમારા ઘરો આજ મોટા ભાગ્યવાળાં ગણાય. અમે તો આપ અમારા કુલમાં જન્મ્યા ત્યારથી મોટા ભાગ્યવાળા થયા હતા. અમારાં ઘર તો મોટા ભાગ્યવાળાં આજ આપ પધાર્યા એટલે થયાં. અમે બહુવચન કહ્યું તે તેમના ભાઈઓ વિગેરેને લઈને સમજવું. તમે નિરોધના અધિકારી છો તેથી મારું આવવું થયું છે. અમે કાંઈ ધર્મ કરવા અહિં આવ્યા નથી તેથી તમારા ઘરો કેમ કૃતાર્થ થશે ? ત્યાં કહે છે કે આપ ઈશ્વર છો, બધું કરવાને સમર્થ છો. ત્યાં કહે છે કે તમો તેમાં રહો છો તે તમારા સંબંધથી એનાં ભાગ્ય માનો તો શું વાંધો છે ? જૂદી રીતે ભાગ્ય માનવાની શી જરુર છે ? ત્યાં કહે છે કે મારું ભાગ્ય ગણાય કે મારી ઈચ્છા થઈ ત્યારે જ આપ અહિં પધાર્યા હો તો ? તેમ તો ન થયું તેથી આ ઘરનાં મોટાં ભાગ્ય હું સમજું છું. ત્યાં કહે છે કે ઘર તો ત્રિગુણાત્મક હોય ભગવાનને યોગ્ય તો ગુણાતીત ગણાય. તેથી તમે એમ કેમ કહો છો ? ત્યાં કહે છે જે ઘરનું રૂપ વધે એવું

પણ ભગવાનમાં છે. ઘર દેવતાને યોગ્ય થાય. પિતૃ અને મનુષ્યને યોગ્ય થાય. ત્રણ લોકમાં ઘરમાં સુખી થાય છે. તે પોતાના દેવતાથી ઉત્કર્ષવાળા ગણાય છે. દેવને સંતોષ થયો તો ઘર યોગ્ય ગણાય. એમ ન થાય તો ઘર વ્યર્થ ગણાય. એમ પિતૃ તથા મનુષ્યનું[1] પણ સમજવું. તેમાં દેવોત્તમ ભગવાન્ તે ઘરમાં આવે તો ઘરનો ઉત્કર્ષ થાય જ. એની લાયકાત પણ વધે. એમ પિતૃ વિગેરેનું[2] પણ સમજો. તે ઘરની શુદ્ધિ થવી જોઈએ તે પણ થઈ. જેના ચરણ ધોયા તેનું જલ તે ગંગા તે પરંપરાથી આપણા સંબંધમાં આવે, દેશ અને કાલના વ્યવધાન હોય, બીજા જલ તેમાં ભળતાં હોય, તો પણ તે ત્રણ લોકને પવિત્ર કરે છે. અહિં તો તે ચરણ સાક્ષાત્ આ ઘરમાં સ્થાપન થયો છે તેથી ઘરના ભાગ્યનું તો શું કહેવું. ત્યાં શંકા કરે કે રૂપના ભેદથી જૂદાઈ હશે ? ત્યાં કહે છે કે તે જ આપ જગતના ગુરુ છો તેમાં પણ આપ જ પ્રમાણ છો. ત્યારે બધા લોક મને લોકગુરુ કેમ નથી માનતા ? તેના ઉત્તરમાં કહેવાનું કે આપ ઈન્દ્રિયોથી પર છો. લોકો બહિર્મુખ હોવાથી તેને આપનું જ્ઞાન થતું નથી. ફરીને 'યાઃ પ્રવિષ્ટઃ' કહ્યું તે પુનઃ તેના અભિનંદન માટે છે. ૨૫.

એમ ભગવાનનું પધારવું વખાણીને હવે તેમની પ્રપત્તિની સ્તુતિ કરે છેઃ

**ક્વઃ પણ્ડિતસ્ત્વદપરં શરણં સમીયાદ્ભક્તપ્રિયાદતગિરઃ સુહૃદઃ કૃતજ્ઞાત્ ।।**
**સર્વાન્ દદાતિ સુહૃદો ભજતોભિકામાન્**
**આત્માનમપ્યુપચયાપચયૌ ન યસ્ય ।।૨૬।।**

કયો પંડિત આપને છોડી બીજાને શરણ તરીકે સ્વીકારે ? આપ ભક્તને પ્રિય છો, સત્ય બોલનારા છો સર્વના સુહૃદ છો, જીવની કૃતિને જાણનારા છો એટલા કારણોથી આપ જ પ્રપત્તિ કરવા યોગ્ય છો. ભજન કરનારના સર્વ કામને આપ પૂર્ણ કરો છો, એટલું જ નહિ પણ ભક્ત આત્મા આપે તો આપ પણ તેને આત્મા આપો છો તેમાં આપને કાંઈ તારતમ્ય નથી. સર્વને એકરૂપે આપો છો તેમાં વિષમતા કરતા નથી અથવા આપનો આત્મા વૃદ્ધિહ્રાસવાળો નથી. ૨૬.

સ્તુતિ કર્યા પછી ફલની પ્રાર્થના કરાય. તે ફલ તો પ્રપત્તિ[1] સિવાય કાંઈ પણ નથી એમ બતાવવા માટે પ્રપત્તિની સ્તુતિ કરે છે. પ્રાણીને કોઈ કર્તવ્ય હોય તો પ્રપત્તિ જ છે. કર્તવ્ય અને અકર્તવ્યનો વિવેક હોય તે 'પણ્ડિત' કહેવાય છે. આ

---

૧. 'ઈતર' બીજા બે કહ્યાં તે ઉત્કૃષ્ટ એમ સમજવું.(પ્ર)

૨. 'ઉત્તમ' એમ શેષ સમજવો.(પ્ર)

૧. ભક્ત્યાદિ વિદ્યમાન છતાં પ્રપત્તિ જ કેમ કરવી ? તેમાં વગર મહેનતે ફલ મળે છે માટે પ્રપત્તિ ઠીક છે. (પ્ર).

૨. પ્રપત્તિ ગમે તેની થાય ભગવાનની કરવાનો આગ્રહ કેમ ? તેનાં ઉત્તરમાં સાધન ન કરી શકે તે

અર્થને લઈને 'પણ્ડિતો બન્ધમોક્ષવિત્' બંધ અને મોક્ષને જાણે તે પંડિત કહેવાય છે. તેમાં અનાયાસથી ફલ સિદ્ધ થાય છે. આપણાથી ઉત્કૃષ્ટ મળે તો તેનો સારી રીતે આશ્રય કરી લેવો. આશ્રય પોતાને અધીન હોય તે સર્વ આપે છે. મન તો ક્ષણિક છે તેને તો બધો અભિલાષ છે ક્યારે શું માગે તે ન કહેવાય. તે તે[૨] સાધનમાં અશક્ત હોય તે પ્રપત્તિ માર્ગનો આશ્રય કરે. તેમ કરતાં જો ફલ નથી મળતું તો તે અસમર્થના શરણથી તે ફલ મેળવી ન શક્યો તેની પ્રપત્તિ વ્યર્થ થાય છે. તેથી કયો વિવેકી આપ સિવાય બીજાને શરણે જાય ? સાધનપણાથી કે ગુરુપણાથી સ્વીકારે પણ શરણ તરીકે ન માને. આપ બધાને છોડવાથી એકદમ ન મળો માટે બીજાની અનુવૃત્તિ તો જરુર રાખવી પડે તેથી બીજાનો નિરોધ કેમ કરો છો ? ત્યાં કહે છે કે તમારાથી બીજો એવો બીજો એટલે જેણે તમને બુદ્ધિથી ગ્રહણ કર્યા નથી એવો. એટલે ગુરુ વિગેરે[૩] તમારાથી જૂદા નથી તેથી તેના આશ્રયમાં દોષ નથી. ભગવાનના શરણમાં કારણો કહે છે. તે કારણો છ છે. તેમાં ફલમાં બે હેતુઓ છે સાધનમાં ચાર છે. સાધનમાં પોતાના ધર્મથી અને આશ્રિતના ધર્મથી હેતુ કહેવો જોઈએ અન્યથા ફલ કાકતાલીય ન્યાયથી મળ્યું ગણાય. જેને સેવકની[૪] જરુર છે તે સેવકને આપે છે. તે જ ઈશ્વર કહેવાય છે. તેમાં પણ જો સેવકધર્મને સ્વીકારે તો જ તે સેવ્ય થાય છે. લોકો ફલને માટે સેવા કરે છે. તે જો સેવામાં અશક્ત થાય તો ફલ મેળવી શકતા નથી ભજનાનુરૂપ ફલ પામે છે. પ્રભુ[૫] (લૌકિક)નોકરના ક્લેશને જોતા નથી. જો ક્લેશને જુએ તો તેને સાધારણ દેશકાલમાં મોકલે નહિ. જેમ પોતાના પુત્રને ભયાનક સ્થાન અથવા વિષમ કાલમાં ન મોકલે તેમ નોકરને પણ ન મોકલે. ભગવાન્ ભક્તને વિષમ દેશકાલમાં નથી મોકલતા. તેથી ભગવાન્ સેવા કરવા યોગ્ય છે, લૌકિક પ્રભુ સેવ્ય નથી. ભગવાન્ પોતાનો સ્વધર્મ સમજીને પણ ભક્તનું હિત કરે છે. તે સત્ય બોલનાર છે. 'સંગ્રામમાં શરણે આવેલો,' 'હું તમારો છું એમ કહેનારો' 'કૌન્તેય મારો ભક્ત નષ્ટ નથી થતો' એવી પોતે કરેલી પ્રતિજ્ઞાને પાળે છે. જે સેવકના ક્લેશને સહન કરે છે તે મનમાં શુદ્ધ નથી. જે વાણીમાં દઢ

શરણે જાય છે.(પ્ર)

૩. પંડિત બીજાની પ્રપત્તિ કરે ગુરુને શરણે કેમ જાય છે તેના ઉત્તરમાં કહેવાનું ગુરુ વિગેરે એવા નથી. આશ્રિતના ધર્મને લઈને શરણાગતિનું કારણ કહે છે. કે જે(પ્ર)

૪. સેવકને રાખે છે તે તેને આપે છે ઈત્યાદિ.(પ્ર)

૫. લૌકિક પ્રભુ સેવકના ક્લેશને જોતો નથી જો જૂએ તો તેને તેવામાં પ્રેરે નહિ જેમ પોતાના પુત્રને પ્રેરે નહિ. ભગવાન્ ભક્તને તેમ કરતા નથી. માટે ભગવાનને ભજવા. તેમાં ત્રણ વિશેષણ કહે છે. 'ઋતગિર' ઈત્યાદિ(પ્ર)

નથી તે વાણીમાં ખોટો છે. વખત આવ્યે જે મિત્રની જેમ કાર્ય નથી કરતો તે શરીરથી ખોટો છે. એ ત્રણ લૌકિક પોતે જ કરવાનું છે. તે કૃતિને જાણે છે. તેને તેમ કરવામાં કારણ કહ્યું. આ બધા દોષાભાવો ગણાવ્યા. આત્માની કે પુત્રની પેઠે ભક્તોને કાયા, વાણી અને મનથી વશ કરવા જોઈએ. એ ગુણ છે. પ્રહ્લાદનું બધી આપત્તિમાં ભગવાને મનથી હિત કર્યું, વાણીથી ગોપીઓનું[૬] હિત કર્યું, શ્રીઅંગથી અમારું હિત કરો છો, આવા ભગવદ્ગુણમાં સંદેહ જેવું નથી. તેમાં કૃતજ્ઞતા ન હોય તો પ્રવાહની જેમ કારણ કહેવામાં તેનો ઉત્કર્ષ ન કહેવાય. ફલ દેનાર છે તે હવે કહે છે. પારકું અથવા પોતાનું અનિષ્ટ કરવાની ઈચ્છા કરે તો ભગવાન્ તેને તે આપતા નથી તેથી તે સર્વના સુહૃત્ છે. શુદ્ધ અંતઃકરણ હોય, પોતાનો કે પારકો દ્રોહ ન કરતો હોય, તેવાનો બધો કામ પૂરણ કરે છે. કેમ કે તે ભજન કરે છે. એક પ્રાર્થના કરી તો બધું આપી દે છે. ત્યાં કહે કે બીજા પણ એવા ઘણા છે. ભગવાન્ જ આપે એક કેમ કહો છો ? અહિં કહેવાનું કે આ ભગવાન્ પોતાના આત્માને પણ આપે છે. અહિં દાનનું કારણ ભજન છે. તેથી જેવું ભજન તેવું આપવામાં તારતમ્ય છે. જે ભગવાનને પોતાનો આત્મા આપી દે છે. લોકમાં પણ ક્વચિત્ આત્મવિનિમય જોવામાં આવે છે ત્યાં કહે છે કે ભગવાનને તો વૃદ્ધિ કે હ્રાસ નથી. તેથી બંનેનું[૭] નિરૂપણ કર્યું છે. ઉપચય કર્યો એટલે તેને વધાર્યો તો ઘટાડતા નથી. જો દુઃખ ઓછું કર્યું તો તેને વધારતા નથી અથવા બધા ભકતોને એકરૂપે આપે છે. વિષમતા દેખાડતા નથી. એ વસ્તુ એવી હોવાથી તેમાં ઈચ્છા પણ થતી નથી. એ બંને ધર્મિના ધર્મો કહ્યા. ૨૬.

એમ સર્વ પ્રકારે સ્તુતિ કરીને કાંઈક પ્રાર્થના કરે છેઃ

**દિષ્ટ્યા જનાર્દન ભવાનિહ નઃ પ્રતીતો યોગશ્વરૈરપિ દુરાપગતિઃ સુરેશૈઃ ।।**
**છિન્ધ્યાશુ નઃ સુતકલત્રધનાપ્તગેહદેહાદિમોહરશનાં ભવદીયમાયામ્ ।।૨૭।।**

દેવોના ઈશ્વરો અને યોગેશ્વરો જેની ગતિને જાણતા નથી એવા આપ અમને આજે દર્શન આપો છો તે અમે અમારાં ભાગ્ય સમજીએ છીએ. તો આપ પુત્ર, સ્ત્રી, ધન, આપ્ત, ઘર, અને દેહાદિમાં મોહરૂપી સાંકળરૂપ આપની માયાને જલદીથી તોડી પાડો કે અમે તે બધામાંથી અમારું અભિમાન છોડી આપના થઈએ. ૨૭.

૬. 'વાચા ગોપિકાદિષુ' પ્રહ્લાદનું બધી આપત્તિમાં મનથી હિત કર્યું વાણીથી ગોપીઓનું હિત કર્યું ઉદ્ધવને સંદેશો લઈને મોકલ્યા. અક્રૂર કહે છે શરીરથી અમારું હિત કરો છો. (લે)

૭. ભગવાને આપ્યું તો પાછું લેતા નથી. તેમ ઓછું કર્યું તો વધારતા નથી. એ બંને બતાવવા માટે બે કહ્યાં છે. (પ્ર)

પ્રથમ પણ અમે ભક્તો હતા. પરંતુ ઉપર ઉપરથી ભક્ત હતા આપના સ્વરૂપને જાણતા નહોતા માટે. આજે તો અમે આપને જાણ્યા. જ્યારે જાણ્યું કે આ કલ્પવૃક્ષ છે તો પછી ઈચ્છિત હોય તેમાં વિલંબ શા માટે કરવો ? તેની પ્રાર્થના કરી અભિલાષા પૂર્ણ કરવી જ રહી. આજ સુધી તમે મને કેમ જાણી ન શક્યા ? હમણાં જ કેમ જાણ્યા. તેના બે કારણ બતાવે છે. એક કારણ તો અમારું ભાગ્ય જ અત્યારે ખુલ્યું. ઉત્પન્ન કરે તે જના-અવિદ્યા તેનો નાશ કરે તે જનાર્દન કહેવાય. આપે અમારી અવિદ્યાને અત્યારે જ દૂર કરી ત્યારે અમે આપને જાણ્યા. ભગવાન્ પ્રસન્ન થાય તો પોતાના ધર્મો પ્રકટ કરે. પ્રસન્નતા હોય ત્યારે જ સેવકના ધર્મોને પણ પ્રકટ કરે છે. તેથી ભાગ્ય અને મોહનાશ એ બે કામ આપે સાથે કર્યાં. અહિં પધાર્યાં તેથી આપની પ્રસન્નતા પણ અમે જાણી. બીજાં સાધનો એવાં નથી એમ કહેવા માટે કહે છે કે યોગથી વશ કરવાનું પોતાનું સામર્થ્ય છે. નિયત સ્વધર્મ ભગવાનમાં છે તેને બીજો જણાવી શકતો નથી કેમ કે આપની ગતિ દુઃખથી પ્રાપ્ય છે. તેથી આપનો અભિપ્રાય કોઈ જાણી શકતું નથી. સ્વાધીન હોય તો કાષ્ઠમથિને અગ્નિ કાઢીએ તેમ આપથી કાંઈ કામ લઈ શકીએ તે તો ભગવાને એક સંઘાત આપ્યો છે તેટલું આપણે વશ છે બીજું કાંઈ આપણે આધીન નથી. અલૌકિક સામર્થ્યથી પણ આપ વશ થતા નથી. તેથી પ્રાર્થના કરે છે પુત્રાદિમાં મોહરૂપી પાશને કાપી નાખો. કારણ કે બંધનમાં આપે જ નાખ્યા છે. તે આપની માયાએ બાંધ્યા છે. અત્યંત* દૃઢ મૂલ છેદ્યા પછી પાછું તે ઉગે તો તે છેદનાર ઉપર વૈમનસ્ય ઉત્પન્ન કરે. ૨૭.

[૧]ભગવાનનો [૨]આ ભાવ શાસ્ત્રરહસ્ય સિદ્ધ છે. જે[૩] જેવો[૪] હોય તેને તેવો કરવો. સ્નેહને લીધે વધારે કરીએ તો અયોગ્ય કર્યું ગણાય. એની [૫]મધ્યમા ભક્તિ જ્ઞાનરૂપા છે. જેમ શૃંગારલીલા ગોપ્ય છે તેમ અવતારલીલા પણ ગોપ્ય છે. તેને જે પ્રકટ કરે તે ભગવાનને ઈષ્ટ નથી. તેથી ભગવાન્[૬] તેને વિપરીત કહે છે.

---

*. અક્રૂરની પ્રાર્થના પ્રમાણે ભગવાને તેને કેમ ન આપ્યું ? તેનો ઉત્તર 'અત્યન્ત' ઈત્યાદિથી આપે છે.(પ્ર)

૧. તે ભગવાનનો ભાવ કહે છે. 'યો હિ' એથી (લે)   ૨. 'આ' કહેવાશે તે(પ્ર)

૩. ભક્તવશ્યતા ભગવાને કેમ ન બતાવી ત્યાં કહે છે તેની ભક્તિ મધ્યમા-તેને સંસારનું જ્ઞાન નથી તેમ સિદ્ધાંતનું જ્ઞાન પણ નથી. તેથી અક્રૂરનું જ્ઞાન મધ્યમ અને ભક્તિ પણ મધ્યમ છે તેથી ભગવાન્ તેને વશ ન થયા.(લે)

૪. 'જે જેવો હોય તેને તેવો કરવો' ઈત્યાદિ ભગવાને કહ્યું છે હું ભકતને અધીન છું તેથી આ વિરુદ્ધ જશે ? (પ્ર)

૫. તેની ભક્તિ સાધારણ હોઈ તે તેનો વિરોધ નથી.(પ્ર)

૬. ભગવાને તેને કાકા અને ગુરુ કેમ કહ્યા ? તેનો ઉત્તર 'યથાશ્રૃંગારલીલા'થી આપ્યો.(પ્ર)

જેમ[૭] ગોપિકાગીતથી[૮] ગોપીઓને છોડી દીધી તેમ આ અક્રૂરને લીલા માટે ઉત્પન્ન કર્યો છે. તેને સ્વરૂપનું જ્ઞાન નથી, બર્હિમુખ છે. પોતે 'જાણું છું' એમ અભિમાન રાખે છે અને આવી પ્રાર્થના કરે છે. તેના બધાં વચનો અસંબદ્ધ છે તેનું નિવારણ કરવા ભગવાન્ તેને મોહ કરવાને તૈયાર થયા. તે કહે છેઃ

શ્રીશુક ઉવાચ

**ઈત્યર્ચિતઃ સંસ્તુતશ્ચ ભકતેન ભગવાન્ હરિઃ ।।**
**અક્રૂરં સસ્મિતં પ્રાહ ગીર્ભિઃ સંમોહયન્નિવ ।।૨૮।।**

શુકદેવજીએ કહ્યું :- ભગવાનનું એ પ્રમાણે અક્રૂરે પૂજન કર્યું, સ્તુતિ પણ કરી, ત્યારે ભગવાન્ અક્રૂરને મંદહાસ્યપૂર્વક વાણીથી મોહ કરતા હોય તેમ બોલ્યા. ૨૮.

પહેલાં કહેલી રીતે ભગવાનનું અક્રૂરે પૂજન કર્યું, સારી રીતે સ્તુતિ કરી. તેથી આ ભક્ત તો છે પણ ભગવાન્ સર્વ દુઃખ દૂર કરનાર ઈશ્વર છે એ બે વિચાર કરી જરા સ્મિત સાથે ભગવાન્ હસ્યા. તેથી અક્રૂરને થોડો મોહ કર્યો. વાણી વડે સારી રીતે મોહ કર્યો તેમાં સમ્યક્તા એ જ કે તેને લીલાથી દૂર ન કર્યો. પ્રાકૃત ગણે તો લીલાથી પણ દૂર કરે. ૨૮.

ભગવાને લૌકિકવૈદિકદ્વિવિધ શાસ્ત્રોથી તેને મોહ કર્યો તે કહે છેઃ

શ્રીભગવાનુવાચ

**ત્વં નો ગુરુઃ પિતૃવ્યશ્ચ શ્લાઘ્યો બન્ધુશ્ચ નિત્યદા ।।**
**વયં તુ રક્ષ્યા પોષ્યાશ્ચ અનુકમ્પ્યાઃ પ્રજા હિ વઃ ।।૨૯।।**

શ્રીભગવાન્ બોલ્યા : તમે તો અમારા મોટેરા છો કાકા છો વખાણવા-લાયક બંધુ છો અમે તો તમારા રક્ષણ નીચે છીએ પોષ્ય વર્ગમાં છીએ આપની પ્રજા છીએ. ૨૯.

હિતનો ઉપદેશ આપે તે ગુરુ કહેવાય. ઘણું કરીને ધનુષ ચલાવવાનો

---

૭. તેમાં દ્દષ્ટાંત 'ગોપીકાગીતેન' કહ્યું સંદેશમાં ભગવાને જ્ઞાન કહ્યું તેનું તાત્પર્ય પણ તેનાથી બતાવ્યું. એમ જો ગોપીઓ ન કરે તો ભગવાન્ તેને જ્ઞાન ન આપે. તેમ આનું પણ સમજવું. (પ્ર)

૮. ૩૨મા અધ્યાયમાં ગોપીગીતથી ગોપીઓને છોડી તેનું કારણ તેણે અંતરંગલીલા પ્રકટ કરી ત્યારે તેને બહારના ભાવથી મુક્ત કરવા વિપ્રયોગ આપ્યો તેથી તેંત્રીશમાં કહ્યું કે હવે પછી તેને ભગવાનનો સંયોગ નહિ થાય. તેમ અક્રૂરને પણ ભગવાને છોડ્યો. તે ત્યાગમાત્રમાં દ્દષ્ટાંત છે. ભાવની વાત નથી. તેને અંદર રમણ સિદ્ધ કર્યું આને છોડ્યો જ. તેનું કારણ તો તેનામાં બહિર્મુખતા હતી. પોતાના મનમાં 'હું ડાહ્યો છું' એમ સમજતો હતો તેથી તેને છોડ્યો છે. (લે)

અભ્યાસ તેણે કરાવ્યો હોય એમ જણાય છે. લોકન્યાયથી ધનુષ શિખવું જોઈએ. આ બાબતનો બીજો કોઈ ગુરુ કહ્યો નથી. ભગવાન્ સાચું બોલે છે તેથી ધનુર્વિદ્યાના અક્રૂર ગુરુ છે. 'નઃ' એ બલદેવજી વિગેરેના અભિપ્રાયથી બહુવચન કહ્યું. બાલકને અભ્યાસ કરાવવો જોઈએ. કાકા તો સ્પષ્ટ છે. 'ચ' છે તેથી હિત કરનાર પણ છે. બીજો કોઈ બીજાને પોતાને ઘેર બોલાવે ? કુલમાં અક્રૂર મોટા ગણાય છે. પિત્રાદિને માંહોમાંહે સાપત્ન્યભાવની જેમ શત્રુતાથી અન્યથાપણું હશે એ શંકા ન થવા માટે બંધુ કહ્યા. સર્વદા બંધુનું કામ કરે છે. એમ 'ચ' સાથે પાંચ ધર્મો તેનામાં કહ્યા. તેનાથી ઉલટા પાંચ ધર્મો પોતાને વિષે ભગવાન્ બતાવે છે. 'તુ' શબ્દ તુલ્યતાનું વારણ કરે છે. 'ગુરુ' રક્ષક હોય છે. ભગવાને સાધન આપ્યાં છતાં બુદ્ધિ ન હોય તો રક્ષા ન થાય તેથી 'વયં રક્ષ્યાઃ' કહ્યા. પિતરો પોષણ કરે પુત્ર પોષ્ય છે. 'ચ'કારથી અમે તમારા હિત કરનાર નથી તમે હિત કરનાર છો. તેથી દયાપાત્ર જેવું વાક્ય કહ્યું. અમે દયાલાયક છીએ. વખણતા હોય તે દયા કરવા જેવા ન હોય. પતિ હોય તે સર્વદા હિતાચરણ કરે. 'વઃ' એટલે વસુદેવાદિને સાથે લઈને અક્રૂરને ભગવાને કહ્યું છે. અન્યથા અક્રૂર પોતાની સ્તુતિ કરી એમ સમજે. ૨૯.

એમ લૌકિક ઉત્કર્ષ કહીને પ્રવૃત્તિ પ્રકારથી વૈદિક ઉત્કર્ષને કહે છેઃ

**ભવદ્વિધા મહાભાગા નિષેવ્યા અર્હસત્તમાઃ ।।**
**શ્રેયસ્કામૈનૃભિર્નિત્યં દેવાઃ સ્વાર્થા ન સાધવઃ ।।૩૦।।**

આપના જેવા મોટા ભાગ્યવાળા અત્યંત પૂજનીય સેવા કરવા યોગ્ય ગણાય. શ્રેયની ઈચ્છાવાળાએ તો આપ સરખાનું પૂજન અવશ્ય કર્તવ્ય છે. દેવો તો સ્વાર્થ હોય તો ફલ આપે છે સાધુ પુરુષો તો સ્વાર્થ જોતા નથી. તેથી ઉત્તમ છે. ૩૦.

જે સર્વ રીતે ઉચ્ચ હોય તેને સર્વ ઉપાસે છે. તમારા સરખા કહ્યા તેથી તેનો ઉત્કર્ષ કહેવાયો. જેવા તેવામાં પણ આપ તો મોટા ભાગ્યવાળા છો. પરમ ભાગ્યવાળા કહેવાથી તેની સંપત્તિ કહી છે. તેમાં પણ ઉત્તમ લાયકાતવાળા- પરોપકાર કરનાર સંપન્ન હોય તે પૂજનીય છે. તેમાં પણ શ્રેયની ઈચ્છાવાળાએ તો જરુર ઉપાસના કરવી તેથી સ્વાર્થથી ઉપાસના કરવાનું કહ્યું અને તેનું દષ્ટફલ છે એમ પણ કહી દીધું. 'નૃભિઃ' એ શબ્દથી ઉપાસનામાં મનુષ્યનો અધિકાર કહ્યો. અમારું તે કર્તવ્ય છે એમ બતાવ્યું. શાસ્ત્ર તો દેવની સેવાનું કહે છે, બીજાનો નિષેધ કરે છે ? ત્યાં કહે છે કે દેવ તો સ્વાર્થ હોય તો ફલ આપે છે. સાધુઓ તેમ કરતા નથી. તેથી દેવના ભજન કરતાં સાધુનું ભજન કરવું એ વધારે ઉત્તમ છે. ૩૦.

નિવૃત્તિમાર્ગમાં તીર્થસેવન કરવું જોઈએ તે કરતાં પણ સાધુઓની સેવા ઉત્તમ છે. તે વાત કહે છેઃ

**ન હ્યમ્મયાનિ તીર્થાનિ ન દેવા મૃચ્છિલામયાઃ ||**
**તે પુનન્ત્યુરુકાલેન દર્શનાદેવ સાધવઃ ||૩૧||**

તીર્થો કાંઈ જલ માત્ર જ નથી દેવો મૃત્તિકા અને પાષાણ માત્ર નથી તે બધા ઘણા દિવસ સેવા કરવાથી ફલ આપે છે સાધુ પુરુષો તો દર્શન માત્રથી ફલે છે. ૩૧.

તીર્થમાં સ્નાન કરી તેનાં અધિષ્ઠાતા દેવનું પૂજન કરે ત્યારે તીર્થ કર્યું કહેવાય. તે બંને અહિં અપ્રયોજક છે. તીર્થ કાંઈ જલમાત્ર હોતાં નથી. તીર્થ એટલે જલની અભિમાની દેવતા, તે દેવતા તો ચૈતન્યરૂપા છે. શાસ્ત્રની મર્યાદામાં તે 'ચિદાનન્દમયી' છે. જલમય તીર્થ હોતાં નથી. દેવો પણ માટી કે પત્થરમય નથી હોતા. સ્થાનને દેવતા માને તો સ્થાન તો મૃણ્મય હોય. પ્રતિમાને દેવતા માને તો શિલામયી પ્રતિમા હોય તે બંને લોકમાં પ્રસિદ્ધ છે તેનું નિવારણ કરે છે. તેમાં શાસ્ત્રનું પ્રમાણ આપે છે. જો એમ ન કરે તો શાસ્ત્ર[1] અનુવાદક ગણાય તે પ્રમાણરૂપ ન થાય. તેણે કરેલી પવિત્રતા પણ ઉત્તમ નથી. કેમ કે તીર્થ કે દેવ બહુ કાલે પવિત્ર કરે છે. તેમાં વિધિવત્ પદ્ધતિથી સેવે તો પવિત્ર કરે છે તે પણ ચિત્તને શુદ્ધ કરે છે. સાધુઓ તો જ્ઞાનનો ઉપદેશ કરે છે ભક્તિની પ્રવૃત્તિ કરે છે તે દર્શનમાત્રથી જ્ઞાન અને ભક્તિ સિદ્ધ કરે છે તેથી ફલથી ભક્તનો ઉત્કર્ષ છે. ૩૧.

એમ સ્તુતિ કરી તેને મોહમાં નાખી ઈચ્છિત કરશે એમ જાણી આજ્ઞા કરે છેઃ

**સ ભવાન્ સુહૃદાં વૈ નઃ શ્રેયાન્ શ્રેયશ્ચિકીર્ષયા ||**
**જિજ્ઞાસાર્થં પાણ્ડવાનાં ગચ્છસ્વ ત્વં ગજાહ્વયમ્ ||૩૨||**

આપ સૃહૃદોનું શ્રેય કરનાર છો તેથી પાંડવોની સ્થિતિ જાણવા માટે હસ્તિનાપુર જાઓ તો તે કેમ છે એ આપણે જાણી શકીએ. ૩૨.

તેમાં ત્રણ પ્રકારે કામ કરવું છે. મોક્ષ અથવા ભક્તિ આપવી છે. પાંડવોનું રાજ્ય સ્થાપવું છે, શત્રુઓને મારવા છે. આ કામમાં સર્વરીતે ઉપકાર કરનાર આપ છો તેમાં પણ બેનભાણેજનો ઉપકાર કરવાનો છે. 'વૈ' નિશ્ચયાત્મક છે તેથી તે અવશ્ય પાલનીય છે. પુરુષને પિતૃવર્ગ રક્ષક હોય છે. તેમાં પાંડવોને પિતા જતાં કાકા વિગેરે પ્રતિકૂલ હોવાથી પિતૃવર્ગ રક્ષક નથી. તેના સુહૃદ આપણે જ છીએ.

---

૧. પ્રસિદ્ધ દેવો અને તીર્થોનો નિષેધ કરશો તો તેને સેવવાનો બોધ કરનાર શાસ્ત્રનો વિરોધ આવશે (તીર્થ તથા દેવમાં) ત્યાં તેમાં જલ તથા પત્થર બંને અપ્રયોજક છે. એમ ન માનો તો શાસ્ત્ર અનુવાદક થતાં અપ્રમાણ બનશે. (પ્ર)

અમારામાં તમે શ્રેષ્ઠ છો, તેથી તેનું હિત કરવા માટે પહેલાં તો પાંડવોની જીજ્ઞાસા માટે હાથીવાળું નામ છે જેનું એટલે હસ્તિનાપુર. તે હસ્તિરાજા થઈ ગયો તેણે વસાવ્યું છે ત્યાં તમે જાઓ, પ્રસિદ્ધ રીતે ત્યાં જાઓ તો કાંઈ વાંધો નથી. પાંડવો ગુપ્ત સ્થાનમાં હમણાં રહેતા નથી. ૩૨.

ત્યાં જઈને શું જાણવું. તે કહે છેઃ

**પિતર્યુપરતે બાલાઃ સહ માત્રા સુદુઃખિતાઃ ।।**
**આનીતાઃ સ્વપુરં રાજ્ઞા વસન્ત ઈતિ શુશ્રુમ ।।૩૩।।**
**તેષુ રાજામ્બિકાપુત્રો ભ્રાતૃપુત્રેષુ દીનધીઃ ।।**
**સમો ન વર્તતે નૂનં દુષ્પુત્રવશગોન્ધદૃક્ ।।૩૪।।**

બાપ ગુજરી જતાં બધા બાલકો તેની માતાની સાથે બહુ દુઃખી હતા તેને ધૃતરાષ્ટ્રરાજાએ પોતાના શહેરમાં બોલાવીને રાખ્યા, તે ત્યાં રહે છે એમ સાંભળ્યું છે. અંબિકાનો પુત્ર ધૃતરાષ્ટ્રરાજા બુદ્ધિમાં દીન છે તે ભાઈના પુત્રો સાથે સમાનતાથી વર્તતો નથી કેમ કે તેના છોકરા દુષ્ટો છે પોતે આંધળો છે અને છોકરાંને વશ છે. ૩૩-૩૪.

પાંડુ મરી ગયા ત્યારે પાંડવો બાલકો હતા તે પાંચ હતા તે તેની મા સાથે રહેતા. ધાવણા બાલક જેવા કહેવાથી દયાને પાત્ર કહ્યા. અત્યંત દુઃખી હતા તે દયાનું કારણ છે. તેના સગાંઓ તેને પાળે છે કે નહિ એ જાણવા માટે તેનો પરિગ્રહ ગણાવે છે. તેને ધૃતરાષ્ટ્રે પોતાના નગરમાં બોલાવી મંગાવ્યા છે તે જો શત્રુ હોય તો તે શત્રુના હાથમાં આવતાં વધારે અનર્થ થશે. તેમાં પણ પોતાની સત્તા નથી પણ કાકો રાજા છે. ૩૩.

તે કેવલ ત્યાં રહે છે એટલું જ નહિ પણ તેને ઉપદ્રવ કરે છે એમ સાંભળવામાં છે કારણ કે રાજા અંબિકાનો પુત્ર છે. પાંડવો પ્રસિદ્ધ છે તે નિર્દુષ્ટ છે ભાઈના પુત્રો છે. વિનીત છે છતાં તેમાં સરખો વર્તાવ તે રાખતો નથી. તેની બુદ્ધિ દરિદ્રી છે. દરિદ્રી[1] દુર્ગત હોવાથી બધું કરી શકે છે. પણ તે બુરું જ કરી શકે વિહિત કરવામાં અશક્ત છે. તે તેનો સહજ દોષ કહ્યો. આગંતુક દોષ કહે છે. દુષ્ટપુત્રોને વશ થયો છે દુષ્ટ દુર્યોધન સહજ કલિરૂપ છે, તે કલિયુગનો અવતાર છે કાલનું પ્રાબલ્ય હોવાથી તેણે તેને વશ કરી લીધો છે. તેને પુત્રમાં મોહ છે તેથી પણ તેને વશ થયો છે. પોતાને સ્વતઃ વિચારનું સામર્થ્ય નથી તે જાતિથી આંધળો છે શબ્દથી વ્યવહાર કરે છે. શબ્દ પ્રિય લાગે તેને જ બધા માન આપે છે. તેથી તેને પુત્ર શબ્દ પ્રિય લાગે છે. ૩૪.

ત્યારે આપણે તે બાબત શું કરવું ? તમે ત્યાં જાઓ એમ કહે છેઃ

૧. 'દરિદ્રા દુર્ગતૌ' એવો ધાતુપાઠ છે તદનુસાર અર્થ અહિં છે. (લે)

**ગચ્છ જાનીહિ તદ્વૃત્તમધુના સાધ્વસાધુ વા ।।**
**વિજ્ઞાય તદ્વિધાસ્યામો યથા શં સુહૃદાં ભવેત્ ।।૩૫।।**

આપ ત્યાં જાઓ તે હાલમાં સુખી છે કે દુઃખી ? તે જાણી લો પછી આપણે સુહૃદોને સુખ થાય તેવો પ્રયત્ન કરશું પણ તે જાણ્યા પછી થશે. ૩૫.

એકલા જવાનું કહ્યું તેથી સેનાને સાથે લેવી નથી યુદ્ધ માટે નથી જવું એમ સૂચવ્યું. પણ તે સુખી છે કે દુઃખી છે. અથવા સુખ–દુઃખ બંને છે તે જાણવા માટે જવાનું છે. જ્ઞાનનો શું ઉપયોગ ? જો જાણશું તો આપણું કર્તવ્ય આપણે કરશું. શું કરશો તે કાંઈ કહેશો ? તેના ઉત્તરમાં કહેવાનું કે સુહૃદોને સુખ થાય તેવું બધું કરશું. તે બધું પ્રથમ જાણ્યા પછી થાય, જાણ્યા વગર કરવા જઈએ તો તેનું ફલ અનર્થમાં આવે. તેથી હમણાં તો તેને જાણવા માટે તમે જાઓ. ત્યાં જઈને તેને બીજું કાંઈ કરવાનું નહોતું છતાં મોહિતમાં એ ગુણ હોય છે કે તે અધિક પણ કાંઈક કરે. તેથી તેણે ધૃતરાષ્ટ્રનું પણ અપમાન કર્યું છે. ૩૫.

એટલાથી કાર્ય થશે એમ જાણી ભગવાન્ પોતાને ઘર પધાર્યા તે કહે છેઃ

**ઈત્યક્રૂરં સમાદિશ્ય ભગવાન્ હરિરીશ્વરઃ ।।**
**સંકર્ષણોદ્ધવાભ્યાં વૈ તતઃ સ્વભવનં યયૌ ।।૩૬।।**

એમ અક્રૂરને હુકમ કરીને ભગવાન્ હરિ અને ઈશ્વર સંકર્ષણ અને ઉદ્ધવની સાથે પોતાના ઘર તરફ આવ્યા. ૩૬.

આજ્ઞા સિદ્ધિમાં ભગવત્ત્વ કારણ છે. આજ્ઞા કરવામાં હરિપણું કારણ છે. પોતે ન જાય તો તે ઈશ્વર છે અક્રૂરને પોતાના કરતાં પણ ભગવાને મોટો બનાવ્યો અને હવે નીચસેવકનું કામ દૂતપણું કરાવ્યું એ ઈશ્વરની ચર્યા. સંકર્ષણ કે ઉદ્ધવમાંથી કોઈ જશે એ શંકા ન થવા માટે સંકર્ષણ અને ઉદ્ધવની સાથે ઘર આવ્યા એમ કહ્યું જવું હોય ત્યાં સાથે જોઈએ પોતાના ઘરમાં આવવામાં સહાયની જરુર ન પડે તેથી કહ્યું કે 'તતઃ' તેના ઘરમાંથી અથવા વાત કરી લીધા પછી બીજા કામને માટે પોતાના ઘરમાં આવ્યા. આવ્યા કહ્યું તેથી વચમાં કાંઈ કામ કર્યું નથી એમ પણ સૂચન કર્યું. ૩૬.

**એમ શ્રીભાગવત દશમસ્કંધપૂર્વાર્ધના રાજસપ્રમેયપ્રકરણના શ્રીમદ્વલ્લભાચાર્યકૃત શ્રીસુબોધિનીના અનુવાદનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ થયો.**

# ।। અધ્યાય ૪૬ ।।

## અક્રૂરજીને હસ્તિનાપુર મોકલી ભગવાને પાંડવોનું સાન્ત્વન કર્યું

**ષટ્ચત્વારિંશકેધ્યાયે[1] સાત્ત્વિકાનાં નિરૂપ્યતે ।।**
**સાન્ત્વનં ચાન્યમુખતો[2] નિરોધો હ્યધિકારતઃ ।।૧।।**
**ભગવત્પ્રેષિતોક્રૂરઃ કૃત્વા સાન્ત્વનમપ્રતઃ ।।**
**જ્ઞાનેન તત્પ્રતીકારં મત્વા તચ્ચોક્તવાન્ સ્વયમ્ ।।૨।।**
**પાણ્ડવૈર્જ્ઞાપિતાશેષો વિચારે કુશલો યતઃ ।।**
**અતઃ સ્થિત્વા ગતિં બુદ્ધ્વા સ્વશક્તિં જ્ઞાતવાંસ્તતઃ ।।૩।।**
**અન્યથા ભગવત્કાર્યં નિરોધો ન ભવિષ્યતિ ।।૩ા.।।**

આ છેતાલીશમા અધ્યાયમાં સાત્ત્વિકભક્તો(પાંડવો)નું સાંત્વન કહેવાય છે તે અન્યમુખથી કહેવાય છે કારણ કે અધિકાર પ્રમાણે નિરોધ હોય છે. ભગવાને મોકલેલ અક્રૂર પહેલા પાંડવોનું સાંત્વન[2] કરીને જ્ઞાનથી તેનો પ્રતીકાર થશે એમ ધારીને તેણે ધૃતરાષ્ટ્રને વાત કરી. તે અક્રૂરને પાંડવોએ બધી હકીકત જણાવી દીધી. અક્રૂર પોતે પણ વિચારમાં કુશલ હોવાથી ત્યાં રહીને તેને કેમ રાખે છે તેનો અભ્યાસ કરી પોતે પોતાની શક્તિ કેટલી છે તેનો પણ વિચાર કરી લીધો. જો તે જ બધું કરે તો નિરોધ ભગવત્કાર્ય છે તે ભગવત્કાર્ય ન રહે. અક્રૂર પાંડવોને છોડાવે તો ભગવાન્ તેને છોડાવવા ન જાય તો પાંડવોને ભગવાનમાં ભાવ ન રહેતાં તેનો નિરોધ પણ ન થાય. તેથી તે કામ ભગવાન્ માટે રાખ્યું.

---

૧. બીજાના મુખથી સાંત્વનનું કારણ કહે છે. નિરોધ અધિકાર પ્રમાણે હોય. અધિકાર ઉત્તમ ન હોય તો મનુષ્ય દ્વારા પણ નિરોધ થાય. 'ચ'કાર અક્રૂરે કરેલ પ્રતીકારનો સમુચ્ચાયક છે. તે જ કહે છે ભગવાને મોકલેલ અક્રૂરે પોતાની શક્તિનો વિચાર કર્યો અને તે કાર્ય ભગવાન્ માટે રાખ્યું. જો એમ ન હોત તે પોતે જ કરી લેત 'સ્વયં ચાપૃચ્છત્' ત્યાં પરિત્યાગ શબ્દથી ભૂલી જવું. બુદ્ધિમાંથી તેનું વિસ્મરણ થવું એવો અર્થ કરવો. 'ઉવાસ' એ શ્લોકમાં દિન એટલે દિવસો. અર્થને વીપ્સા કરતાં ઉત્સવ પર્વાદિ લેવાં. (પ્રકાશ)

૨-૨. અક્રૂરના મુખથી પાંડવોનું સાંત્વન કર્યું. પાંડવોએ અક્રૂરને વાકેફ કર્યો. પૃથા અને વિદુરે તેમાં સહાય કરી તેનાથી તેને પોતાની અશક્તિ સમજવામાં ન આવી. કેમ કે તે વિચારચતુર હતો તેથી ત્યાં ત્રણ માસ રહી તેનું જ્ઞાન સંપાદન કર્યું ત્યારે નિશ્ચય ઉપર આવ્યા કે એ કામ ભગવાનનું છે. જો અક્રૂર જ કરી દે તો ભગવાનને કરવું ન પડે. 'સહપુત્ર' એ શ્લોકમાં તે પાંડવોના નિવારણ કરવામાં સમર્થ એટલે તેને પણ પાંડવો હરાવે તેવા છે એમ બતાવવા પાંડવોને પાછળ રાખ્યા છે. 'ઉવાસ' એ શ્લોકમાં 'માસ' ૩ કહ્યા ત્યાં 'કપિઞ્જલન્યાય' કહ્યો બહુત્વ ત્રિત્વમાં પર્યવસિત છે. (લેખ)

॥ શ્રીશુક ઉવાચ ॥

**સ ગત્વા હાસ્તિનપુરં પૌરવેન્દ્રશ્રિયાઙ્કિતમ્ ॥**
**દદર્શ તત્રામ્બિકેયં સભીષ્મં વિદુરં પૃથામ્ ॥૧॥**

શુકદેવજી બોલ્યાઃ તે અક્રૂર હસ્તિનાપુર કે જે પુરુરાજાઓની લક્ષ્મીથી શોભાયમાન છે ત્યાં ગયા, ત્યાં ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, વિદુર અને કુંતીજીને જોયા. ૧.

તે અક્રૂર પોતે ભગવાનની આજ્ઞાયુક્ત થઈ હસ્તિનાપુર ગયા. હસ્તિ શબ્દથી રુઢી ન કહેવા માટે 'તેન નિર્વૃતં' એ જ્ઞાપન કરવા માટે હાસ્તિનપુર એમ કહ્યું. જો કે બહુ અધર્મવાળા સ્થાનમાં ન જવું જોઈએ તો પણ તે સ્વભાવથી ઉત્તમ છે. પૌરવેન્દ્રોની લક્ષ્મીથી શોભાયમાન છે તેમાં રાજા મુખ્ય ગણાય તેથી પ્રથમ તેનું દર્શન કર્યું તે કહે છે. અંબિકાનો પુત્ર ધૃતરાષ્ટ્ર ધર્યો છે દેશ જેણે એવી તેના નામની વ્યુત્પત્તિ થઈ શકે. તે કહેવાનો વ્યાસજીનો હેતુ ન હોવાથી માતાના નામથી તેને અહિં કહ્યો છે. રાજસભામાં જ ભીષ્મને જોયા એક બતાવનાર છે એકને બતાવવી છે કે આ દુઃખી છે. ૧.

**સહપુત્રં ચ વાહ્લીકં ભારદ્વાજં સગોતમમ્ ॥**
**કર્ણં સુયોધનં દ્રોણિં પાણ્ડવાન્ સુહૃદોપરાન્ ॥૨॥**
**યથાવદુપસંગમ્ય બન્ધુભિર્ગાન્દિનીસુતઃ ॥**
**સંપૃષ્ટસ્તૈઃ સુહૃદ્વાર્તાં સ્વયં ચાપૃચ્છદવ્યયમ્ ॥૩॥**

બાહ્લીક શંતનુનો ભાઈ, તેના પુત્ર ભુરિશ્રવા વિગેરે, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, કર્ણ, દુર્યોધન, અશ્વત્થામા, પાંડવો અને બીજા સુહૃદોને જોયા. યોગ્યતા પ્રમાણે બંધુઓને મળ્યા. તે અક્રૂરને તેમણે સુહૃદ્વૃત્ત પૂછ્યું અક્રૂરે તે બધાનું કુશલ પૂછ્યું. ૩.

બાહ્લીક શંતનુનો ભાઈ તેના પુત્રો ભુરિશ્રવાદિ ભારદ્વાજ દ્રોણ, ગૌતમ, કૃપ, કર્ણ, દુર્યોધન અને અશ્વત્થામાં એ છ મહારથી ગણાવ્યા. પુત્રો સાથે એટલે તેના સહાયકો પણ કહેવામાં આવ્યાં. તેને લડાઈમાં હરાવે એવાને આગળ કહે છે કે પાંડવોને જોયા. લોકન્યાયથી સર્વ બંધુનું પ્રિય કરનાર હોવાથી બીજા સુહૃદોને પણ અક્રૂરે જોયા. ૨.

તેમની પાસે નમસ્કારાદિપુરઃસર ગમન કર્યું. આ અક્રૂરનું માહાત્મ્ય પણ માતાથી કહ્યું. તે લોકોએ મથુરામાં રહેલ બધાની વાતો સારી રીતે પૂછી ત્યારે પોતે પણ તેનું કુશલ પૂછ્યું. 'ચ'કારથી વાર્તા તો આવી ગઈ હતી. વ્યય એટલે કોઈનો ત્યાગ તો નથી થયો. તેથી અવ્યય રીતે સર્વની પૃચ્છા કરી. ૩.

ઉપરથી વાત કરવાથી સંપૂર્ણ જ્ઞાન ન થાય તેથી પોતે ત્યાં રોકાયા.

વર્તમાનનું જ્ઞાન તો થઈ જાય જે થયું હતું તે તો જાણી લીધું. ભવિષ્ય જાણવા માટે પ્રબોધ કર્યો પૂછ્યું તેમાં પ્રથમ સ્થિતિ કહે છેઃ

**ઉવાસ કતિચિન્માસાન્ રાજ્ઞો વૃત્તવિવિત્સયા ।।**
**દુષ્પ્રજસ્યાલ્પસારસ્ય ખલછન્દાનુવર્તિનઃ ।।૪।।**

કેટલાક માસ સુધી અક્રૂર ત્યાં રહ્યા દુષ્પ્રજાવાળા, થોડા બળવાળા, ખળ કહે તેમ ચાલનાર રાજાનું વૃત્ત જાણવા માટે ત્યાં રહેવું પડ્યું. ૪.

કેટલાક માસ અક્રૂર ત્યાં રહ્યા. ત્રણ માસ ત્યાં રહ્યા. એમ લક્ષણાથી કહી શકાય છે. માસમાં નવીન દિવસો ફરી ફરીને આવે. અહિં ત્રણ પદાર્થ જાણવાના છે. ધૃતરાષ્ટ્રના પોતાના દોષો, પુત્રાદિના મોહથી થતાં દોષો અને સંસર્ગ દોષો આ દોષ કોઈ નિમિત્તને લઈને પણ થાય છે. તેથી એક માસ સુધી તેને જાણવાને નિરંતર અક્રૂર ત્યાં રહ્યા. નિરંતર બધી રીતે જ્ઞાન કરતાં ત્રણ દોષનો સંશ્લેષ થાય ત્યારે ગુણ દોષની વ્યવસ્થા કરતાં પ્રત્યેકમાં વ્યભિચાર આવતાં નિર્ધાર ન થઈ શકે તેથી એક એકના જ્ઞાન માટે તેના ગુણ દોષનો નિશ્ચય કરવા માટે એક માસ રહેવું જોઈએ, એમ ત્રણ દોષનું જ્ઞાન સંપાદન કરવામાં ત્રણ માસ રહેવાનું પ્રાપ્ત થાય છે. જલદી જ્ઞાન ન થવામાં કારણ રાજત્ત્વ છે. રાજમંત્રણા બહુ ગુહ્ય હોય છે તેના દોષને કહે છે, દુષ્ટ છે પુત્રો જેના. અલ્પ છે વિવેક ધૈર્ય જેના, ખલ શકુનિ વિગેરેના વર્તનને અનુસરવાનો સ્વભાવ છે જેનો એ ત્રણ દોષ છે. ૪.

થયું તે ભૂત કહેવાય તેવા ભૂતાર્થના જ્ઞાનને બે શ્લોકથી કહે છેઃ

**તેજ ઓજો બલં વીર્યં પ્રશ્રયાદીંશ્ચ સદ્ગુણાન્ ।।**
**પ્રજાનુરાગં પાર્થેષુ ન સહદ્ભિઃ ચિકીર્ષિતમ્ ।।૫।।**
**કૃતં ચ ધાર્તરાષ્ટ્રૈર્યદ્ ગરદાનાદ્યપેશલમ્ ।।**
**આચખ્યૌ સર્વમેવાસ્મૈ પૃથા વિદુર એવ ચ ।।૬।।**

કાન્તિ ઈન્દ્રિયશક્તિ શરીરશક્તિ પરાક્રમ નમ્રતાદિ બીજા સદ્ગુણો પાંડવોમાં છે. તેમજ પ્રજાનો પ્રેમ તેમની ઉપર છે તેને ન સહન કરતાં તેને મારવાની ઈચ્છા કરી. તેથી વિષભક્ષણાદિ નીચ કાર્યો ધૃતરાષ્ટ્રના પુત્રોએ કર્યાં તે બધી બનેલી વાત કુંતીજી તથા વિદુરે અક્રૂરને કહી બતાવી. ૫-૬.

તેજ કાન્તિ, ઓજ ઈન્દ્રિયોની શકિત, બલ દેહનું સામર્થ્ય, વીર્ય પરાક્રમ (જેથી વીર રસનો અભિનિવેશ થાય) આ બધા ક્ષત્રિયની શ્રેષ્ઠતા પ્રતિપાદક ધર્મો છે. વિનય વિગેરે સદ્ગુણો પાંડવો સાત્ત્વિક ધર્મોવાળા હોવાથી તેને (સ્વભાવથી તે જીવોને) આપત્તિથી ઉદ્ધારવા જોઈએ. દ્વેષનું બીજું પણ કારણ કહે છે કે યુધિષ્ઠિરાદિમાં પ્રજાનો પ્રેમ હોવાથી તેને માત્સર્ય થયું. ક્ષત્રિયગુણકૃત માત્સર્ય

અને સાત્ત્વિક ગુણ વિનયાદિકૃત માત્સર્ય મળીને ત્રિદોષાત્મક થતાં તે દોષ અચિકિત્સ્ય બન્યો. તેનું ફલ કહે છે કે તે સહન ન થતાં કૌરવોએ તેને મારવાનો વિચાર કર્યો અને ભીમને લાડુમાં ઝેર આપ્યું. તે પાતાલમાં જઈને પાછો આવ્યો. આદિ શબ્દથી ભીમને મારવાને ઘણા ઉપદ્રવો કર્યા. અપેશળ એટલે ઠીક ન લાગે તેવું. એથી અપમાન પણ તેમનાં કર્યાં તેનાં વૃત્તાંત સહિત. પોતાના સાધારણ એવા કુંતીજી અને વિદુરે કહી બતાવ્યું. એકે તે વાતનું સ્વરૂપ કહ્યું તો બીજાએ તેનો ભાવ કહ્યો. 'ચ'કાર છે તેથી સાધારણ લોકના મુખથી પણ તે વાતને ટેકો મળ્યો. ૬.

એમ થઈ ગએલ બાબત કહીને ભાવિ અર્થના જ્ઞાનમાં ભગવાનના થાય તે જ ભાવિ જાણી શકે તે ભગવદીય પૃથા છે તેનો ભવગાનમાં નવધા ભાવ છે તેને કહે છેઃ

**પૃથા તુ ભ્રાતરં પ્રાપ્તમક્રૂરમુપસૃત્ય તમ્ ।।**
**ઉદ્દેશ્યં જન્મનિલયં સ્મરન્ત્યશ્રુકુલેક્ષણા ।।૭।।**

કુંતીએ પોતાના ભાઈ અક્રૂર આવ્યા છે એ જાણ્યું ત્યારે તેની પાસે તે આવ્યાં અને પૂછવાને લાયક (ઉદ્દેશ્ય) જન્મનું ઘર યાદ આવતાં તેના નેત્રમાં અશ્રુ પ્રકટ થયાં. ૭.

જો કે આને (પૃથાને) કુંતિભોજને પુત્રી તરીકે આપી છે તો પણ તેનો જન્મ તો શૂરથી થયો છે. તેથી તેના બાપનું ઘર તો વસુદેવ વિગેરે જ ગણાય. વસુદેવ ભાઈ થાય એટલે અક્રૂર પણ ભાઈ થયો 'તુ' શબ્દ જીજ્ઞાસાથી ભિન્ન પ્રક્રમને માટે છે. પ્રાપ્ત થયા એ અલભ્ય લાભ કહ્યો. 'ઉદ્દેશ્ય' પૂર્વે કહ્યું કે તેને પૃથાએ બધું કહ્યું તે ઉદ્દેશ્યથી લીધું. ખરી રીતે તો પ્રથમ એટલે આવ્યા કે તેની પછી ભગવાનમાં તેને ભાવ થયો તેથી જ 'તુ' અને 'પ્રાપ્ત' કહ્યા છે. તેની પાસે આવીને તેને પૂછતાં પિતાના કુલને યાદ કર્યું જ્યાં પોતાનું જન્મ છે. તે યાદ આવતાં લોકની જેમ કુંતીને નેત્રમાં અશ્રુ આવી ગયાં. ૭.

કાયિક અને માનસિક કહ્યું હવે વાચનિક કહે છેઃ

**અપિ સ્મરતિ નઃ સોમ્ય પિતરૌ ભ્રાતરશ્ચ મે ।।**
**ભગિન્યો ભ્રાતૃપુત્રાશ્ચ જામયઃ સખ્ય એવ ચ ।।૮।।**

હે સોમ્ય ! અમારા મા બાપ અને ભાઈઓ, બેનો, ભાઈના પુત્રો, કુલની બીજી સ્ત્રીઓ, અમારી સખીઓ એ બધાં અમને યાદ કરે છે ? ૮.

સારી રીતે કહેવા માટે સૌમ્ય સંબોધન છે 'અપિ' સંભાવનામાં કહ્યો છે. પિતા માતા અને ભાઈઓ. માતપિતા વૃધ્ધ હોય તો તે કહી ન શકે તેથી ભાઈને પૂછ્યા છે. તે મારાં છે એટલે પોતાને બધાં પ્રિય છે એમ સૂચવ્યું. બેનો જો કે એને

સાસરે હોય તો પણ તે બાપને ત્યાં આવે તે યાદ પણ કરે તેથી તેની સંભાવનાથી પૂછપરછ કરી. બીજાને દીધી એટલે કદાચ ભૂલાઈ પણ જાય. તેમ થાય તો કાંઈ ઉપાય નહિ એવો ભાવ છે. (ભૂલાય તો દીકરીઓ દુઃખમાંથી કોઈ દિવસ છુટવાની આશા નહિ એવો પણ 'ન નિસ્તારઃ' એનો અર્થ થઈ શકે) સ્મરણ કરે તો અભિજન સંપત્તિ સિદ્ધ થઈ તો દુઃખ ન થાય. ભાઈના પુત્રો, વસુદેવ વિગેરેના પુત્રો. 'ચ' છે તેથી બેનોના પુત્રો પણ લેવા. કુલસ્ત્રીઓ. પિતાના વંશમાં વિવાહથી આવેલી દેવકી વિગેરે જામિ કહેવાય. પોતાની બેનપણીઓ તેમનું સ્મરણ આવશ્યક છે તેથી તે બધી સખીઓ જ છે. 'ચ'કારથી બાલિકાઓ લેવી સંપૂર્ણ વંશનું સમાનતાથી દુઃખ છે એવો અહિં ભાવ છે. ૮.

બીજા યાદ કરો કે ન કરો પણ કૃષ્ણ યાદ કરે છે કે નહિ તે પૂછે છેઃ

**ભ્રાત્રેયો ભગવાન્ કૃષ્ણઃ શરણ્યો ભક્તવત્સલઃ ।।**
**પૈતૃષ્વસ્રેયાન્ સ્મરતિ રામશ્ચામ્બરુહેક્ષણઃ ।।૯।।**

ભક્તવત્સલ, શરણાગતના રક્ષક, ભાઈના પુત્ર ભગવાન્ કૃષ્ણ તેની ફુઈના પુત્રોને યાદ કરે છે ? કમલનેત્ર રામ પણ યાદ કરે છે ? ૯.

ઘણું કરીને આ કુંતીજી નંદરાયજીના ઘર આવીને ગયા છે એમ લક્ષિત થાય છે. તે વાત પ્રથમ સ્કંધમાં 'સા માં વિમોહયતિ' એ શ્લોકમાં કહી છે. તેથી ભગવાનનું સ્મરણ આવતાં પૂછે છે. સ્મરણમાં સંબંધ બતાવે છે. બાપની બેનના પુત્રોને યાદ કરે છે ? રામમાં પણ તે જ સંબંધ છે. તેથી 'રામશ્ચ' એમ કહ્યું છે. 'ચ'કારથી ઉદ્ધવાદિ ભગવદ્ભકતોને યાદ કર્યા. 'અંબુરુહેક્ષણ' જો યાદ કરે તો તાપ જાણીને જરુર આવશે એમ લક્ષિત થાય છે. દૃષ્ટિથી જ તાપને દૂર કરવા માટે તે આવીને તાપને દૂર કરશે. ૯.

તેને માટે પોતાના તાપનું વર્ણન આપે છેઃ

**સપત્નમધ્યે શોચન્તીં વૃકાણાં હરિણીમિવ ।।**
**સાન્ત્વયિષ્યતિ માં વાક્યૈઃ પિતૃહીનાંશ્ચ બાલકાન્ ।।૧૦।।**

દીપડાના ટોળા વચ્ચે હરિણી રહે તેમ હું શત્રુની વચ્ચે રહું છું શોક કરું છું તેને કૃષ્ણરામ આવીને શાંતિ કરશે ? બાપ વગરનાં મારાં બાલકોને દિલાસો આપી ઠંડા પાડશે ? ૧૦.

વ્યવહારમાં તો નામમાત્રથી સંબંધિઓ છે. ખરી રીતે તો તે સંબંધિઓ શત્રુઓ જ છે. તે બુરું કરીને જ રહે પણ બને તો સર્વનાશ કરે તે દૃષ્ટાંતથી કહે છે. દીપડાના ટોળા વચ્ચે રહેલી મૃગલીની પેઠે હું શત્રુની વચ્ચે રહું છું. તેને માટે પ્રસંગ ઉપર આવવાની વાત નહિ પણ મને આમાંથી મુક્ત કરવા માટે આવી મને ધીરજ

આપશે ? પ્રસંગથી આવે તેના વાક્યો સાંત્વનમાં સમર્થ ન થાય. મને સાંત્વન કરશે ? પાંડવો તો તેના ભાઈઓ થાય. હું તેની ફૂઈ થાઉં. બંનેનુ સાંત્વન કરશે ? અથવા વાણીથી 'સુખથી સર્વને સ્થિર કરીશ' એવા અર્થવાળાં વાક્યોથી આ લોક અને પરલોકમાં બાપ વગરના 'ચ'કારથી માતા વગરના મારા પુત્રોને, હિંમત આપશે. કૃષ્ણ એને ભગવાન્ એવું વિશેષણ આપ્યું છે. બીજાને અવસ્થા દોષ આવે તે ભગવાનમાં ન આવે તેથી તે વિશેષણ આપ્યું છે. પોતાના પુત્રોને 'બાલકો' કહ્યા છે. તે સ્વતઃ અસમર્થ છે. ૧૦.

એમ મનોરથ કહ્યો ત્યાં ભગવાન્ ત્યાં પધાર્યા એમ જાણીને ભગવાનને પોતાની સામે જોતાં પ્રાર્થના કરે છેઃ

**કૃષ્ણ કૃષ્ણ મહાયોગિન્ વિશ્વાત્મન્ વિશ્વભાવન ।।**
**પ્રપન્નાં પાહિ ગોવિન્દ શિશુભિશ્ચાવસીદતીમ્ ।।૧૧।।**

હે કૃષ્ણ કૃષ્ણ! હે મહાયોગિન્! હે વિશ્વના આત્મા! હે વિશ્વને અનુભવ કરાવનાર ! હું આપને શરણે છું. હે ગોવિંદ ! બાલકો સાથે હું દુઃખી છું તેની રક્ષા કરો. ૧૧.

અહિં આદર માટે કૃષ્ણ કૃષ્ણ એમ બે વાર બોલ્યાં છે અથવા અકસ્માત્ ભગવદ્દર્શન થયાં તેથી બે વાર બોલ્યાં છે. હું તો બીજે છું તમને દૃષ્ટિ ભ્રમ થયો છે તેથી તમે અહિં દેખો છો. એ શંકા કરે તે સંબંધે કહે છે આપ મહાયોગી છો. મહાયોગી પણ બધું છોડી આટલે દૂર કેમ આવે ? તે વિશ્વના આત્મા છે, ભગવાન્ સર્વના આત્મા હોવાથી આવે. આત્મા દેહનું પ્રિય કરે કેમ કે પ્રયત્ન દેહને અધીન છે તેથી તેણે આવવું જ જોઈએ. આવે તો અક્રૂરની જેમ આવે આવી રીતે વિશિષ્ટતાથી કેમ આવે ? તે વિશ્વને અનુભવ કરાવવા આવે છે. જ્યાં સુધી અલૌકિક ન કરે ત્યાં સુધી વિશ્વને અનુભવ થતો નથી. અલૌકિક બુદ્ધિમાં જ અલૌકિક અનુભાવ થાય છે. એમ ભગવાનને સંબોધન આપ્યાં તે પોતાની પાસે આવ્યાનો પ્રકાર કહ્યો. હવે તેની પ્રાર્થના કરે છે કે હું આપની પ્રપત્તિ કરું છું. સાધારણ પણ શરણે આવે તેની રક્ષા કરવી જ પડે છે. ભગવાન્ કાંઈ સંબંધ જોતા નથી તેથી મને રક્ષણ આપવાનું કારણ મારી પ્રપત્તિ સમજો. હું બહુ દુઃખ પામી રહી છું. મારી તો તમારે રક્ષા કરવી જ જોઈએ, ભલે મેં પ્રપત્તિ કરી ન હોય. તેમાં પણ હું મારા નાનાં છોકરાં સાથે આ દુઃખમાં પડી છું. અત્યારે કુંતીજી જેમ ભગવાન્ અહિં નથી છતાં તેને જુએ છે તેમ ભાવી લાક્ષાદાહને પણ જોઈને હું બાલકો સાથે દુઃખી થાઉં છું એમ બોલે છે. ૧૧.

તમારા પુત્રો પિતરો અને ભાઈઓ સમર્થ છે તેથી તમે શા માટે દિલગીર

થાઓ છો ? તેના ઉત્તરમાં કહે છેઃ

**નાન્યત્તવ પદામ્ભોજાત્ પશ્યામિ શરણં નૃણામ્ ।।**
**બિભ્યતાં મૃત્યુસંસારાદીશ્વરસ્યાપવર્ગિકાત્ ।।૧૨।।**

મૃત્યુરૂપી સંસાર મોક્ષ સુધી લાંબો છે તે સંસારથી લોકો ગભરાયા છે તેનાથી આપના ચરણ વગર કોઈ રક્ષા કરે તેવું નથી. એમ મારું માનવું છે. ૧૨.

મૃત્યુસંસારથી ભય પામેલાને આપના સિવાય કોઈ રક્ષક નથી મૃત્યુ દરેક જન્મે થાય છે. સંસાર ભય તો બધા જન્મોમાં એક જ છે. મૃત્યુ ઘણાં છે. એક મૃત્યુનું ભય બીજાથી પણ મટે છે. સર્વ મૃત્યુનું ભય તો સંસાર કહેવાય. તે તો ભગવાનથી જ નિવૃત્ત થાય. તેમાં સંસાર અને મૃત્યુભય બંને ભગવાનની ભક્તિથી દૂર થાય, તે ભક્તિ સ્વતંત્ર જોઈએ તેથી ચરણ કમલ કહ્યું છે. અહિં કહે છે કે ભગવાનને છોડીને તેના ચરણને કેમ પકડો છો તે તમારું દુઃખ કેમ દૂર કરશે ? તે ભગવાન્ ચરણ (ભક્તિ) દ્વારા પણ બધું કરવાને સમર્થ છે. પોતે તો ઈશ્વર એટલે દુરારાધ્ય ગણાય. તેથી ફલ માગનારની નિઃસંદેહ પ્રવૃત્તિ તેમાં ન થાય. ચરણ તો ચોક્કસ છે. ભક્તિમાર્ગ પણ ફલ અવશ્ય આપનાર નિયત છે. ઈશ્વરનું તો કાંઈ કહેવાય નહિ તે તો આપે અને ન પણ આપે. ઈશ્વર હોવાથી તે મૃત્યુને દૂર કરે તે મૃત્યુ, મોક્ષ ન થાય ત્યાં સુધી રહેવાનું જ છે. મોક્ષના અધિપતિ આપ છો. સંસાર તો મોક્ષ ન થાય ત્યાં સુધી છે, મૃત્યુનું પણ તે જ સમજવાનું છે. ૧૨.

કુંતીજીની એટલી પ્રાર્થના ભગવાને સ્વીકારી તેનો તેને સંતોષ બતાવ્યો. પછી ભગવાન્ તો તિરોહિત થયા. તેવા ભગવાનને પુનઃ નમન કરે છેઃ

**નમઃ કૃષ્ણાય શુદ્ધાય બ્રહ્મણે પરમાત્મને ।।**
**યોગેશ્વરાય યોગાય ત્વામહં શરણં ગતા ।।૧૩।।**

પરમાત્મા, બ્રહ્મરૂપ યોગના ઈશ્વર, યોગરૂપ શ્રીકૃષ્ણ શુદ્ધરૂપ આપને હું શરણ આવી છું આપને મારા નમસ્કાર હો. ૧૩.

નમસ્કારમાં સંબંધ વિરુદ્ધ છે. જ્યારે તે સંબંધ બતાવાની ઈચ્છા કરી ત્યારે ભગવાન્ તિરોહિત થયા. કૃષ્ણ એટલે સદાનંદ, અવતાર પર છે તો પણ સદાનંદાદિ ધર્મોનો બાધ થતો નથી. તેથી તો આપ શુદ્ધ છો, અવતાર સંબંધિ ધર્મો વડે આપ સ્પષ્ટ નથી થતા. તેથી કાલ સુધીના બધા ધર્મો આપનામાં નથી. જે સંસારમાં આવ્યો તેને બીજાનો સંબંધ અવશ્ય થાય જ. ત્યાં કહે છે આપ તો બ્રહ્મ છો. જીવને આવ્યો કે બંધન થાય એથી આપ મુક્ત છો. ત્યાં શંકા કરે કે ખરી રીતે વિચારો તો જીવ પણ બ્રહ્મ છે તેથી મારામાં વધારે શું જુઓ છો ? આપ પરમાત્મા છો. પરમ અને આત્મા ઉત્કૃષ્ટ આત્મા અથવા આત્માના પણ આત્મા છો. ત્યાં

બીજી શંકા ઉત્પન્ન થાય છે કે મૂલ ભગવાન્ અહિં કેમ આવે ? અંશથી આવે છે તે તો પરિછેદથી અવાય છે. તેના ઉત્તરમાં કહે છે આપ યોગેશ્વર છો, યોગ અલૌકિક કરવામાં સમર્થ છે. જ્યાં કોઈની બુદ્ધિ ન પહોંચે ત્યાં કેમ પોતે ન પહોંચે ? તે યોગનું સામર્થ્ય પણ ભગવાનનું જ છે. તે ભગવાન્ પોતે જ યોગ છે. સામર્થ્ય જોયું છે તેમાં અઘટિત કાંઈ નથી. તેથી આપ આવો છતાં તેના ધર્મથી લિપ્ત થતા નથી તેમ સર્વત્ર પૂર્ણ છતાં આવો છો. એમ અમારું પણ પાલન કરો તે નિશ્ચય મનમાં કરીને કહે છે હું તમારા રક્ષણમાં છું. એટલે જે શરણે આવ્યું તેનું ચારે તરફથી પાલન કરવું જરુરી છે. ૧૩.

પછી શું થયું તે કહે છેઃ

॥ શ્રીશુક ઉવાચ ॥

**ઈત્યનુસ્મૃત્ય સ્વજનં કૃષ્ણં ચ જગદીશ્વરમ્ ॥**

**પ્રારુદદ્દુઃખિતા રાજન્ ભવતાં પ્રપિતામહી ॥૧૪॥**

શુકદેવજીએ કહ્યુંઃ- હે રાજન ! એમ જગતના ઈશ્વર કૃષ્ણને અને પોતાના સ્વજનને યાદ કરીને તમારાં પ્રપિતામહી કુંતીજી દુઃખિત થઈને બહુ રડવા લાગ્યાં. ૧૪.

સ્વજન-પિતા વિગેરે અને કૃષ્ણ 'ચ'કાર છે તેથી બલદેવજી અને ભગવાનના ગુણો લેવા. જગદીશ્વર કહ્યું તેથી પાલન કરવા લાયક બધા જે બહિર્મુખ છે. તિરોધાન કરે છે તેથી પાળે અને ન પણ પાળે એ પાળવામાં વિકલ્પ મનમાં લાવીને કુંતીજી બહુ રોયાં. પોતે વંશને દૂર કરશે એક પરીક્ષિતને બચાવશે એમ તમારા વંશમાં સ્ત્રીઓ પણ ભક્ત થઈ છે એ બતાવવા તમારી પ્રપિતામહી એમ શુકદેવજીએ સંબંધ બતાવ્યો છે. પરીક્ષિત રાજાનાં સુભદ્રા પિતામહી, કુંતી તો પ્રપિતામહી થાય. ૧૪.

ભગવાનનું સાંત્વન તો પાક્ષિક મનાય માટે ભગવદીયો વડે તેનું સાંત્વન થાય છે. તે કહે છેઃ

**સમદુઃખસુખોઽક્રૂરઃ વિદુરશ્ચ મહાયશાઃ ॥**

**સાન્ત્વયામાસતુઃ કુન્તીં તત્પુત્રોત્પત્તિહેતુભિઃ ॥૧૫॥**

કુંતીજીની સ્થિતિ જોઈને અક્રૂર અને વિદુર સમાન સમદુઃખવાળા થયા અને તેને તેના પુત્રોની ઉત્પત્તિના કારણો આપી શાંત કર્યાં. ૧૫.

તેમાં અક્રૂર સાંત્વન કરે તે અયોગ્ય ગણાય તેમ માનીને કહે છે. સમાન છે સુખ અને દુઃખ જેમને, જો કે ઈષ્ટ કે અનિષ્ટ થાય તો સુખ અને દુઃખ તો સરખું જ થાય. પણ અક્રૂર પ્રસિદ્ધ પુરુષ છે તેણે સાંત્વન કરવું જોઈએ જ. વિદુર પોતે

પણ એવા જ છે એણે પણ સાંત્વન કરવું જોઈએ. તેમાં વિદુર તુલ્ય છે પણ તે ધર્મનો પક્ષ કરનાર છે. તેથી તેને મોટા યશવાળા કહ્યા છે. તેથી[1] જ ધર્મ થાય છે. બીજી રીતે ધર્મ થાય તેવું નથી. તેને ઠંડા પાડ્યાં પણ તેનું દુઃખ જોઈ લડવાને તૈયાર ન થયા. કારણ કે કુંતીભોજને તે આપેલી છે. તેમાં પણ કુંતીએ પોતાની રક્ષાને માટે ધર્મ વિગેરેને કહેવું જોઈએ. વિદુર અક્રૂર યુદ્ધ કરે તો પણ તેનો પ્રયત્ન વ્યર્થ જાય. તેથી તેની પુત્રોત્પત્તિના કારણ ધર્માદિ વડે તમારું દુઃખ મટે એમ સાંત્વન કર્યું પણ પોતે યુદ્ધ માટે પ્રવૃત્ત ન થયા. એ યોગ્ય જ તેમણે કર્યું છે. ૧૫.

તો પણ અક્રૂરથી તે સહન ન થયું તેથી વાણીથી ધૃતરાષ્ટ્રને ધિક્કારતાં જો યુદ્ધ કરવું પડે તો તેને હું મારી શકું. પણ હું તેના ઘરમાં હોઉં ત્યાં સુધી તેને ન મરાય એટલે ત્યાંથી નીકળતી વખતે રાજાને સંબોધન કરવામાં અક્રૂર પ્રવૃત્ત થયા તે કહે છેઃ

**યાસ્યન્ રાજાનમભ્યેત્ય વિષમં પુત્રલાલસમ્ ।।**
**અવદત્ સુહૃદાં મધ્યે બન્ધુભિઃ સૌહૃદોદિતમ્ ।।૧૬।।**

અક્રૂર હસ્તિનાપુરથી મથુરા તરફ આવવાના થયા ત્યારે પુત્રમાં લાલસા વાળા તેથી જ તેનો પક્ષપાત કરી વિષમતા બતાવતા રાજા ધૃતરાષ્ટ્રને મળ્યા. અને જે બંધુ અને સુહૃદોએ તેને કહ્યું હતું તે તેણે રાજાને કહી સંભળાવ્યું. ૧૬.

ધૃતરાષ્ટ્ર રાજા હોવાથી તેને જરુર કહેવું જોઈએ. એમ ન કરીએ તો મર્યાદાનો અતિક્રમ થાય. શંકા રહિત થઈને તેને કહ્યું. બધા પ્રાણીએ જેમ ભગવાનને ન કહેવાય તેમ રાજાને પણ ન કહેવું જોઈએ. તે કેમ રાજાને અક્રૂરે કહ્યું. તેના ઉત્તરમાં કહે છે કે રાજા વિષમતા રાખે છે. તેનું કારણ કે તેને પુત્રમાં લાલસા છે. પુત્ર પોતે જીવે તો પાંડવોને ન માને ત્યારે હમણાં પાંડવોને મારવા કે પોતાના દીકરાઓને મારવા ? એ વિચારમાં તો જે દુષ્ટ હોય તેને મરાય એમ ધર્મશાસ્ત્ર કહે છે. તેમાં તો પુત્ર દુષ્ટ હોવાથી તેને મારવો જોઈએ એ આ રાજા કરતો નથી તેથી તે વિષમ છે. સહજ ધર્મ વિહિત ધર્મની બાધા કરે. એ તો રાજા ધર્મને માટે હોય તે વિષમતા કરે તે અનુચિત ગણાય ? તેથી તેને જ્ઞાનનો બોધ કરવો યોગ્ય છે એવો ભાવ છે. તે પણ એકાંતમાં ન કહેવું. એકાંતમાં કહેતાં તેને શરમ ન લાગે તેથી સુહૃદોની વચ્ચે કહેવું. તેણે વિષમતા કરી પણ બીજાને તે વિષમ લાગતું નથી તેથી વચનથી તેનું અનિષ્ટ કાંઈ થવાનું નથી. તેમાં પણ વસુદેવાદિ તેના બંધુઓનું કહેલું કહેવાનું છે, તેમણે સૌહાર્દથી કહ્યું છે, તેમના કહેવામાં વિષમતા નથી તે જરુર કહેવું જોઈએ તેથી અક્રૂરે કહ્યું. ૧૬.

નવ શ્લોકથી અક્રૂરના વચનો કહે છેઃ

---

૧. તતઃ નો ધર્મપક્ષપાતથી એવો અર્થ કરવો. (પ્ર)

||અક્રૂર ઉવાચ||

**ભો ભો વૈચિત્રવીર્ય ત્વં કુરૂણાં કીર્તિવર્ધન ||**

**ભ્રાતર્યુપરતે પાણ્ડાવધુનાસનમાસ્થિતઃ ||૧૭||**

અક્રૂર બોલ્યાઃ- હે વિચિત્રવીર્યના પુત્ર ! હે કુરુઓની કીર્તિને વધારનાર તમારા ભાઈ પાંડુ મરી જતાં હમણાં તમને આ રાજાનું સ્થાન પ્રાપ્ત થયું છે. ૧૭.

સર્વભાવથી સર્વ પ્રકારનાં વચનો કહ્યાં. પ્રથમ રજ, સત્ત્વ અને તમોભાવથી કહ્યાં તેમાં લૌકિકથી ત્રણ શ્લોકથી બોધન કર્યું. આંધળો હોવાથી તે જોઈ શકતો નથી એ માટે બે વાર સંબોધિને કહ્યું. રાષ્ટ્રને ધારણ કરતા નથી તેથી ધૃતરાષ્ટ્રતા તમારામાં નથી. જો પ્રજ્ઞાચક્ષુ કહે તો તેના મર્મમાં ભેદ પડે. તેમ તેને વ્યાસના પુત્ર કહે તો પણ લાજ આવે. સ્ત્રી, પુત્રાદિનો સંબંધ હીનતાને પ્રતિપાદન કરનારો છે. રાજત્વ હીનતા કરનાર નથી તેથી બનાવટી પિતાના નામથી તેને સંબોધન આપે છે. તે વિચિત્રવીર્યનો ક્ષેત્રજ પુત્ર છે. 'નુ' એમ એક વચન કહીને તમારા પોતાના જન્મનું અનુસંધાન કરો એમ કહ્યું. તમે કુરુના વંશમાં ઉત્પન્ન થયા છો, તેની કીર્તિ તમારે વધારવી જોઈએ. 'વર્ધન' શબ્દથી છેદન અર્થ પણ થાય છે. તેથી તમે કીર્તિ છેદક થયા છો એમ કહ્યું. રાજના અધિકાર માટે પુત્ર ઉત્પન્ન કરવો જોઈએ એ વિચારથી તમને પહેલાં ઉત્પન્ન કર્યા ત્યાં તો તમે આંધળા થયા એટલે રાજ ન મળ્યું પણ તમને રદ કર્યા. પછી પાંડુ થયા. તે મર્યા પછી હમણાં તમે રાજનું આસન કબજે કરી તેની ઉપર બેઠા છો તેથી તમે આ બધું અયોગ્ય કરો છો એમ બતાવ્યું. ૧૭.

તે બધું અંગીકાર કરીને પણ સાત્ત્વિકતાથી બોધ કરે છેઃ

**ધર્મેણ પાલયન્નુર્વીં પ્રજાઃ શીલેન રઞ્જયન્ ||**

**વર્તમાનઃ સમઃ સ્વેષુ શ્રેયઃ કીર્તિમવાપ્સ્યસિ ||૧૮||**

તમે ધર્મ વડે પૃથ્વીનું પાલન કરશો. શીળ વડે પ્રજાને રંજન કરશો. પોતાનામાં સમાનતાથી વર્તશો તો કીર્તિ અને કલ્યાણને પામશો. ૧૮.

ધર્મથી પૃથ્વીનું પાલન કરે. ત્યારે દૃષ્ટાદૃષ્ટોપાયથી પાલન કર્યું કહેવાય. ભગવાને નામ અને રૂપથી પ્રપંચ કર્યો છે. તે પરસ્પરને પાળવા માટે કર્યો છે. તેમાં એક ન હોય તો ખોટ ગણાય. તેથી ધર્મથી[1] જ પાલન કરવું. કેવલ[2] કારણપણાથી

૧. સ્વધર્મ પળાય અને પ્રજાનું પાલન થાય એ સહભાવ અહિં લીધો છે. સહાર્થકના વ્યાખ્યાનમાં કારણ કહે છે કે સહભાવ વગર કેવલ ધર્મને કારણ માનો તો આ રાજાને યોગિની જેમ પાલન કરવું પડે. જેમ યોગ વડે નાના પ્રકારના ભોગો વડે યોગીઓ શરીરને પાળે છે પરંતુ તે ભોગથી યોગીનો યોગ ક્ષીણ થાય છે. તેમ આ રાજાનો ધર્મ પણ ક્ષીણ થાય તેથી સહભાવ પણ યોગ્ય જ છે. ધર્મથી પાલન કરે તો પરલોકમાં પણ સુખ થાય. આ લોકમાં વિષયનું સુખ મળે. ઈત્યાદિ (લે)

પાળો તો યોગિની જેમ આનું પાલન થાય. આના વડે તો પરલોકમાં સુખ થાય. આ લોકમાં વિષયજન્ય સુખ થાય. કીર્તિથી મળેલ સુખ તો તેનાથી વિશેષ મળે તે જ કહે છે કે પ્રજાને શીલ વડે રાજી કરે. શીલ એટલે સારો સ્વભાવ. તેનાથી પ્રજા અનુરક્ત થાય, નહિ તો તો યોગ્ય રાજભાગ આપી દે. તેનાથી બહાર કીર્તિ થાય. અંદર કીર્તિનું સાધન કહે છે કે બધા બંધુઓમાં સમાનતાથી વર્તે તો અંદર અપકીર્તિ ન થાય. એમ કરે તો રાજા શ્રેય અને કીર્તિને પ્રાપ્ત કરે. તેમ તમે પણ સમાનતાથી વર્તશો તો તમારું કલ્યાણ થશે લોકમાં તમારી કીર્તિ વધશે. ૧૮.

અનંગીકારમાં તામસ વચન કહે છેઃ

**અન્યથા ત્વાચરન્ લોકે ગર્હિતો યાસ્યસે તમઃ ।।**
**તસ્માત્સમત્વે વર્તસ્વ પાણ્ડવેષ્વાત્મજેષુ ચ ।।૧૯।।**

જો બીજી રીતે રાજા આચરે તો લોકમાં નિંદા થવાથી તે અંધંતમમાં જાય માટે આપ પાંડવો અને આપના પુત્રમાં સમભાવથી વર્તો. ૧૯.

કહ્યા પ્રકારથી બીજી રીતે પ્રજાનું પાલન કરે તો અનુરાગ ન રહે. તેમાં પણ વિષમબુદ્ધિ કરે તો કીર્તિનો પ્રતિનિધિ અને શ્રેયનો પ્રતિનિધિ મળશે, તમારી નિંદા થશે, તેનાથી અંધંતમ એટલે મોટું દુઃખ પામશો. તે બાધને વશ થઈને પણ તમારે સમાનતા રાખવી જરુર છે તેથી સમત્વ રાખો. સમતા રહે તેવી બુદ્ધિ કરો. વિષમતાનું સ્થાન ખુલ્લું કરીને કહે છે કે પાંડવોમાં અને તમારા પુત્રોમાં સમાનતા લાવો. ચકારથી તેના સંબંધીઓને પણ સમાન રાખો. ૧૯.

એમ લોકન્યાયથી રાજાને બોધ આપીને શાસ્ત્રન્યાયથી કહે છે તેમાં પૂર્વની પેઠે સત્ત્વ, રજ અને તમોભાવથી ત્રણ ત્રણથી કહે છેઃ

**નેહ[1] ચાત્યન્તસંવાસઃ કર્હિચિત્કેનચિત્સહ ।।**
**રાજન્ સ્વેનાપિ દેહેન કિમુ જાયાત્મજાદિભિઃ ।।૨૦।।**

હે રાજન્ ! કોઈનો અત્યંત સાથ પણ સારો નથી તે પોતાના દેહનો પણ સાથ સારો નહિ તો સ્ત્રી પુત્રોનો સહવાસ તો સારો કેમ ગણાય ? ૨૦.

બધા સ્વાર્થને માટે કરે છે, તે જેમ પોતાનો સ્વાર્થ સરે તેમ કરે તેમાં કાલ

---

૨. ધર્મ વડે પાલન કરો તેમાં ધર્મ 'કરણ' રહે. તેમાં 'સહાર્થકતૃતીયા' શા માટે કહી છે ? ત્યાં કહે છે કે કેવલ કરણમાં તો યોગિની જેમ પાલન થાય. જેમ યોગ વડે અનેક પ્રકારના ભોગ વડે યોગીઓ પોતાના શરીરને પોષે છે તેમાં તેનો યોગ ક્ષીણ થાય છે તેમ ધૃતરાષ્ટ્રનો યોગ ક્ષીણ થાય. તેથી ધર્મને સાથે રાખીને પાળવાનું કહ્યું તેમાં કાંઈ ખોટું નથી. (પ્ર)

૧. 'નેહ' એના અવતરણમાં 'સમાભ્યાં ત્રિભિસ્ત્રિભિઃ' ત્રણ એટલે સત્ત્વ, રજ અને તમોભાવથી પૂર્વે કહ્યું તે બે સમુદાયો વડે. (પ્ર)

બાધક છે. તેથી હિત અહિત[2] કે બહાર રાખવાનો યત્ન ન કરવો. એ કહે છે કે આ લોકમાં બહુ જ કોઈની સાથે સંવાસ રાખવો નહિ. આ અલૌકિક બોધ છે તેમાં તીક્ષ્ણ વચનથી જ્ઞાન ન થાય માટે કોમલ વચનથી રાજાને સંબોધે છે. તેનાથી સ્નેહ બતાવે છે. મમતાસ્પદનો તો સંવાસ નથી તેમાં વ્યભિચાર દેખાય છે. પોતાના દેહમાં તો વ્યભિચાર દેખાતો નથી તેને માટે ઉપદેશ કરે છે કે પોતાના દેહનો પરિચય પણ સારો નહિ. પુત્રાદિના દેહ પણ પોતાના જ કહેવાય. 'અપિ' શબ્દથી તેને લઈને કહે છે પોતાની સ્ત્રી અને પોતાના પુત્રોનો પણ સંવાસ બહુ સારો નહિ. 'ચ'કારથી ભાઈ કાકા વિગેરેનો સંવાસ પણ એવો જાણવો. ૨૦.

તેમાં દેહ અને આત્મા ભિન્ન છે એવા જ્ઞાનમાં સંવાસ થાય. તે દેહથી આત્મા જૂદો છે તે હવે કહે છેઃ

**એકઃ પ્રસૂયતે જન્તુરેક એવ પ્રલીયતે ।।**
**એકોઽનુભુઙ્ક્તે સુકૃતમેક એવ ચ દુષ્કૃતમ્ ।।૨૧।।**

જીવ એકલો જન્મે છે એક જ લયને પામે છે. એકલો જ સુકૃતને ભોગવે છે જ્યારે દુષ્કૃતના ફલ પાપને પણ એકલો જ ભોગવે છે. ૨૧.

પોતાના બાપ અને દીકરાથી ભવનું અનુમાન કરવું એ ન્યાયથી અનુભવ પર્યંત નિરૂપણ કરે છે. માતા જન્મ આપે છે. કાલ વડે ભૂમિમાં પ્રલય થાય છે. એમ આદિ અને અંતમાં એકત્વ કહીને ઉપલક્ષણવિધિથી સર્વક્રિયામયમાં કર્તૃતા એકને જ છે. એમ કહીને જ્ઞાન તો આત્મામાં પહોંચે છે તેથી કર્મથી ભોગ પણ એકને કહે છે. સુકૃત પુણ્ય પણ એક જ ભોગવે છે. તે સુકૃતનું ફલ સ્વર્ગાદિ છે. કાર્યકારણના અભેદથી એમ કહ્યું છે. કર્મ કર્યા પછી તેનો ભોગ થાય તેથી 'અનુ' શબ્દ મૂલમાં કહ્યો. સુખભોગમાં બહુનો સમુદાય છે. હસવું, બોલવું તેથી સુખ થાય પણ તેમાં બીજા સાથે હસાય. દુષ્કૃત પાપ ભોગવવામાં તો એકલો ભોગવે. પાપ પણ મળીને કર્યું હોય તો સાથે ભોગ થાય તે પક્ષનો અંગીકાર કરે છે. દુષ્કૃત પણ સુકૃતની પેઠે સમજી લેવું. ૨૧.

સુખને માટે કે સુખના સાધનને માટે પાપ ન કરવું તે કહે છેઃ

**અધર્મોપચિતં વિત્તં હરન્ત્યન્યેઽલ્પમેધસઃ ।।**
**સમ્ભોજનીયાપદેશૈર્જલાનીવ જલૌકસઃ ।।૨૨।।**

અધર્મ વડે વધારેલું દ્રવ્ય બીજા થોડી બુદ્ધિવાળાઓને તો ખવરાવવું જ જોઈએ. એવા મિષ તેને ખવરાવી દે તો જલાશયમાંથી જલ નીકળી જતાં માછલું રહી જાય એમ દ્રવ્ય જવાથી પોતે એકલો રહી જાય છે. ૨૨.

૨. હિત એનો અર્થ દેહાદિનું હિત કરવું તે વસ્તુગત્યા ખરેખરી રીતે અહિત જ છે. (લે)

અધર્મથી વધારેલું દ્રવ્ય સમજવું. દ્રવ્ય ધર્મથી ઉત્પન્ન થાય તેની વૃદ્ધિ તો અધર્મથી પણ થાય છે. તેમ કરે તો બીજાનો રોષ વધે તેથી બીજા અધર્મીઓ અથવા અધર્મની પ્રેરણાથી બીજાઓ દૈત્યો તેને લઈ જાય છે. તેને રોકવાનું સામર્થ્ય તો હોતું નથી. સંભોજનીય–એટલે સંબંધિઓ. બહુ લોભી હોય તે પણ સંબંધીને સંબંધ રાખવા માટે ખાવાનું તો આપે. આપણે કાંઈ કામ નથી તે ભલે લઈ જાય એમ દ્રવ્ય જવા દે છે ત્યાં કાંઈ રહેતું નથી. તેથી તેનું જીવન ખલાસ થાય છે તે દૃષ્ટાંતથી કહે છે. જલમાં રહેનારાં માછલાં વિગેરેને જલ પ્રાણરૂપ છે. તેને લોકો ધોરીયા કરીને લઈ જાય છે. જો માછલાં તેમાં ચાલ્યા જતાં હોય તો ચાલે પણ તે સમજતાં નથી તેથી તેનું જીવન જાય છે તેમ આનું પણ સમજવું. ૨૨.

પાછળથી દ્રવ્ય લઈ જનાર ઉપકાર કરશે એમ કહે ત્યાં કહે છેઃ

**પુષ્ણાતિ યાનધર્મેણ સ્વબુદ્ધ્યા તમપણ્ડિતમ્ ।।**
**તેઽકૃતાર્થં પ્રહિણ્વન્તિ પ્રાણા રાયઃ સુતાદયઃ ।।૨૩।।**

પ્રાણો લક્ષ્મી અને પુત્રોને પોતાના છે એવી બુદ્ધિ વડે અધર્મથી પોષે છે તે તેને મૂર્ખ ગણી કૃતાર્થ કર્યા વગર જ મર્યા પછી છોડી જાય છે. ૨૩.

બીજાનો ઉપક્રમ કરીને બધાને પુત્ર પર લઈ લે છે. આ આપણા પોતાના છે એવી બુદ્ધિથી પોષે છે પણ તે ખરી રીતે શત્રુઓ છે. એમ ન હોય તો તે ઉપકાર કરે તે પણ બલાત્કારે તેનું લઈ લેતા નથી પણ તેની મુર્ખાઈ દેખીને લે છે. ત્યાં કહે છે લૌકિક વૈદિક તો નિત્ય કરવું જોઈએ તેને માટે તેને ભોજન કરાવવું જોઈએ. તેના ઉત્તરમાં કહે છે કે તે સાથે ભોજન કરવારૂપી પિશાચભિક્ષા છે. તેને જમાડવામાં પરલોક મળતો નથી. આ લોકમાં ઉપકાર થાય. જો તે ઉપાકર માને તો તે પણ માનતા નથી તેથી તેને અકૃતાર્થ જ મોકલી આપે છે. અવસર પ્રાપ્ત થાય તો તેને છોડી દે છે. તે બધા બહારના અને અભ્યંતરનાને ગણાવે છે. પ્રાણો પૈસા અને પુત્રો છે. અંદરના, બહારના અને મધ્યમાં સર્વ ઉપયોગી આદિ શબ્દથી બધા બહારના કહ્યા. પ્રાણ એટલે ઈન્દ્રિયો. આસન્ય (મુખ્ય પ્રાણ) સિવાયના તે પ્રાણ કહેવાય. આસન્ય પ્રાણ બધાનું પોષણ કરે છે તેને કોઈ પોષણ આપતો નથી. ત્યાં 'અનુપ્રાણન્તિ યં પ્રાણાઃ' 'અણ્ડેષુ પેશિષુ' ઈત્યાદિમાં પ્રાણો અને ઈન્દ્રિયોનો મુક્તિ સુધી વિયોગ નથી થતો. મુક્તિમાં તો કૃતાર્થ થાય છે તેથી તમે 'અકૃતાર્થ' કહો છો તે વચન બાધિત થાય છે ? તે તમારી વાત ખરી. તે ચર્ષણી[1] જીવનું સહગમન[2] છે સ્થિર[3] જીવનું સહગમન નથી. જો સ્થિર જીવનું સાથે જવું

૧. ભ્રમણ શીળ લોકાંતરમાં જનાર ક્રમમુક્તિવાળાની તે વાત છે.(લે)
૨. પ્રાણની સાથે જીવ જાય છે. પુરંજનના ઉપાખ્યાનમાં 'પશ્ચશીર્ષાહિના ગુપ્તાં

થતું હોય તો પુરંજનોપાખ્યાનમાં પ્રાણાદિ સાથે દેહમાં જીવ પ્રવેશ કહ્યો છે તે વચન બાધિત થાય. જેમ પ્રવેશ થાય તેમ તેનો નિર્ગમ થાય. તેથી આ પ્રથમ પ્રવેશ માનો ? ત્યાં કહે છે એમ ન મનાય કેમ કે 'વીરસૂરપિ નેષ્યતિ' એવું વાક્ય છે. અથવા તમે કહો છો તેમ ભલે હોય પણ એમ હોય તો પ્રાણની સાથે હોય. એમ વ્યાખ્યા રાખો. 'અર્થ' એ બહારના પ્રાણો છે એથી બે સિદ્ધાંત કહ્યા. ઉત્ક્રમણમાં સાથે જવું અને અહિં જ છોડી દેવું. તે બંને શ્રુતિમાં કહ્યું છે. 'તમુત્ક્રામન્તં પ્રાણોનૂત્કામતિ' પ્રાણો જાય છે કે નથી જતા એ પ્રશ્નમાં નથી જતા એવો ઉત્તર છે. તે યાજ્ઞવલ્ક્ય કહે છે. 'ઈહૈવ સમવનીયન્તે પ્રાણાઃ યતો મૃતો ધ્માતઃ શેતે ઈતિ' અને 'બ્રહ્મૈવ સન્ બ્રહ્માપ્યેતિ' એ તો બીજી પ્રક્રિયા છે. તેથી ક્રમમુક્તિ અને ઊર્ધ્વગમનમાં બધું સાથે જાય છે. 'જાયસ્વ મ્રિયસ્વ' પક્ષમાં અને સદ્યોમુક્તિમાં પ્રાણાદિ સાથે જતાં નથી. એ સિદ્ધાંત છે તેથી કોઈ રીતે વિરોધ નથી. ૨૩.

જેમ કાંધ મારવા લઈ જતા હોય તો તેને એકલો લઈ જાય, લગ્ન કરવા જતો હોય તે જાન છોડીને જાય તે જ કહે છે:

**સ્વયં કિલ્બિષમાદાય તૈસ્ત્યક્તો નાર્થકોવિદઃ ।।**
**અસિદ્ધાર્થો વિશત્યન્ધં સ્વધર્મવિમુખસ્તમઃ ।।૨૪।।**

પોતે ડાહ્યો ન હોવાથી પૈસા મેળવવામાં કરેલા પાપને સાથે લઈને જાય છે તે સ્વધર્મવિમુખ થતાં અંધંતમમાં અર્થ સિદ્ધ કર્યા વિના જ પહોંચે છે. ૨૪.

તે પૈસાને પેદા કરવા તેને વધારવામાં પાપ થાય તેને લઈને (પ્રાણાદિ તો તેને છોડી દે છે તે) અંધંતમનામના નરકમાં પહોંચે છે. જો તેની સારી ગતિ થાય તો

---

ભૃત્યૈર્દશભિરાયાન્તીમ્' ઈત્યાદિમાં પ્રાણની સત્તા જીવના પ્રવેશ પહેલાં કહી છે. તે વચનનો બાધ આવે છે. ત્યાં તો એકલાનો પ્રવેશ કહ્યો છે તેથી તે સાથે નીકળે છે તેમાં પ્રમાણરૂપ ન ગણાય ? ત્યાં યથા નિર્ગમ તથા પ્રવેશ છે એ ન્યાયથી પ્રથમ પ્રવેશ આ હશે ત્યાં કહે છે. પ્રથમ પ્રવેશમાં જીવ એકલો હોય તેમાં સર્વ સંમતિ છે પણ નિર્ગમમાં એકલો નથી હોતો ત્યાં કહે છે. પ્રથમ ઈત્યાદિ. તેના ઉત્તરમાં 'નૈવં' એમ કહે છે. 'લોકાન્તરં ગૃતવતિ મય્યનાથા કુટુમ્બિની' ત્યાં જીવ ગયા પછી બુદ્ધિ રહ્યાનું કહ્યું છે. તેથી ત્યાં સર્વનું સહગમન સંભવતું નથી. ઉપલા વાક્યમાં પણ સંભાવના કહી છે તેથી આ શંકા કરવી યોગ્ય નથી. ત્યાં કહે છે કે પ્રાણભૂત લક્ષ્મી લ્યો. અર્થ પણ બહારના પ્રાણ છે. ત્યાં કહે છે પ્રાણ પરિત્યાગને મોક્ષ માનો તો શું છે. અકૃતાર્થત્વ શા માટે માનો છો ? ત્યાં કહે છે કે બ્રહ્મરૂપ થઈને બ્રાહ્મમાં મળે છે એ પ્રક્રિયા ભિન્ન છે. આર્તભાગબ્રાહ્મણમાં મુક્તિનો આરંભ કર્યો છે. શારીરબ્રાહ્મણમાં મુક્તિ કહી છે. પ્રકરણના ભેદથી પ્રાણપરિત્યાગયોક્તિ વિરુદ્ધ નથી તેને લોકન્યાયથી દૃઢ કરે છે. 'અયુક્તત્વાત્' તેને અયોગ્ય બનાવી છોડી દે છે તેથી તેમને છોડવા એ યોગ્ય છે. (પ્ર)

૩. 'જાયસ્વ મ્રિયસ્વ' એ સ્થિર જીવ છે. સદ્યોમુક્તિવાળા પણ સ્થિર છે તેને સહગમન નથી. (લે)

પ્રાણાદિ પણ તેને છોડતા નથી. તેથી તે અર્થકોવિદ નથી એમ કહ્યું જો એમ ન માનીએ તો યોગશાસ્ત્ર વ્યર્થ થાય. 'પૂર્વાભ્યાસેન' ઈત્યાદિ વાક્યથી. તેથી એવી[1] ઈન્દ્રિયોનું હિતાચરણ કરવું યોગ્ય છે. વળી કહ્યું છે કે 'નો ચેત્પ્રમત્તમસદિન્દ્રિય-વાજિસૂતાન્નીત્વોત્પથં વિષયદસ્યુષુ નિઃક્ષિપન્તીતિ' તે વિષયમાં પ્રવેશ કરે તો સંસાર માત્રમાં પ્રવેશ કરે તેની હીનગતિ ન થાય. ઈન્દ્રિયોના સ્વભાવભેદ જોયા છે. નિકૃષ્ટ કર્મથી માણસ સ્થાવર થાય છે તે વાક્યથી અનુપરાવૃત્તિ કે અધોમાર્ગગમનમાં તેમનો પરિત્યાગ કરવો. તેની મુક્તિ ન થઈ તેથી 'અસિદ્ધાર્થ' કહ્યો છે. ભગવદિચ્છાથી સદ્યોમુક્તિ થાય તો નિરુદ્ધ ગોપીઓની જેમ સહગમન નથી થતું. તેથી અર્થકોવિદ[2] ગોપીઓ નથી પણ તેણે તેનો ત્યાગ કર્યો છે તે પક્ષ વ્યાવર્તક બે પદનો વિચાર કરવો રહે છે. 'અંધંતમઃ[3]' અપુનરાવૃત્તિવાળું તમ. 'અંધંતમઃ પ્રવિશન્તિ' એ શ્રુતિ પણ એ જ કહે છે. કેવલ ઈન્દ્રિયપોષકો જ સંભૂતિને ઉપાસે છે. જ્ઞાનરહિત પ્રમાણથી બહારનું લૌકિક અને નિષિદ્ધ કર્મ કરવાથી તમ જ ફલ છે. જ્ઞાન સહિત તો વૈદિક કર્મ છે. 'ય એવાસ્મિ સ સન્ યજે' ઈત્યાદિ કહ્યું છે. તે કર્મ મોક્ષ આપનાર છે. એમ બતાવવા માટે કહે છે સ્વધર્મવિમુખ તે છે તેથી સ્વધર્મને અનુસારે ભોગ કરવો. ૨૪.

ધર્મ જ્ઞાન સહિત જોઈએ ધર્મ સહિત ભોગ જોઈએ એથી બુદ્ધિમાન્ તેમ કરે તે કહે છેઃ

**તસ્માલ્લોકમિમં રાજન્ સ્વપ્નમાયામનોરથમ્ ।।**
**વીક્ષ્યાયમ્યાત્મનાત્માનં સમઃ શાન્તો ભવ પ્રભો ।।૨૫।।**

---

૧. તેવા ઈન્દ્રિયો, યોગ્ય અંતર્મુખ ઈન્દ્રિયો, નહિ કે સંસારાવેશવાળા ઈન્દ્રિયોથી હિતાચરવું.(પ્ર)

૨. ભગવાનની ઈચ્છાથી તે અર્થકોવિદ નથી.(પ્ર)

૩. ગોપિકાની જેમ. એ વિરુદ્ધ દષ્ટાંત છે. તેથી નાર્થકોવિદ અંધંતમમાં જાય એનો વ્યભિચાર ગોપીઓમાં છે તે અર્થકોવિદ નથી છતાં અંધંતમમાં ન ગયાં. તેને માટે આ શ્લોકમાં અસિદ્ધાર્થપદ મૂક્યું છે. 'અસિદ્ધાર્થ' બધાં છોડી દે તો અંધંતમમાં જાય એમ કહીએ તો ઉર્ધ્વગતિવાળાનો પરિત્યાગ નથી કરતા એ વ્યભિચાર છે. તેથી બે પદ જરુરી છે એમ ઈન્દ્રિયપોષકને અંધંતમપ્રવેશ શ્રુતિસિદ્ધ નથી તેથી તેને સ્ફુટ કરે છે. સારી રીતે ઉત્પન્ન થાય તે સંભૂતિ કહેવાય. એટલે ઈન્દ્રિયગણ તેને પોષે તે સંભૂતિઉપાસક કહેવાય. આ ફલ તો ધર્મ કરે તેને પણ તુલ્ય છે 'અવિદ્યામુપાસતે' ત્યાં અવિદ્યાથી પણ કર્મ જ લેવાનાં છે તેથી વૃથા ઉપદેશ છે ત્યાં 'અવિદ્યા' ઈત્યાદિથી ઉત્તર સમજવો. 'ય એવ' એ ત્રીજાકાંડમાં સાતમા પ્રપાઠકમાં પાંચમા અનુવાકમાં છે. તેમાં સમુદ્રતરંગન્યાયથી ભેદાભેદ અને સર્વાત્મભાવ કહ્યો છે. સાયણભાષ્યમાં તો લોકાનુસારી વ્યાખ્યાન છે. ધૂમમાર્ગગામી નિકૃષ્ટાધિકારી પર તે વ્યાખ્યાન છે તેથી કાંઈ શંકા જેવું નથી. (પ્ર)

હે રાજન્! માટે આ લોક, સ્વપ્ન, માયા અને મનોરથરૂપ જાણો અને આત્મા વડે આત્માને નિયમમાં રાખી હે પ્રભો શાંત થઈને સમતા રાખો. ૨૫.

લોકરીતિથી પુત્રને અનુસરવું એમ કહો તો લોકની નિંદા કરે છે. સ્વપ્ન, માયા અને મનોરથપણાની સાથે તેને સરખાવે છે. તેમાં સ્વપ્ન તામસ, માયા રાજસ, મનોરથ સાત્ત્વિક એમ ઉત્કર્ષવાળું જગત્ છે જે ઘણા કાલ સુધી સ્થિર રહેવાનું નથી. તે જગતને અનુસરીને પોતાનો પુરુષાર્થ નાશ કરવો ન જોઈએ ઉત્પત્તિ થઈ તો મરણ તો ચોક્કસ થવાનું એટલે પહેલાં કે પછી આ દેહ તો રહેવાનો નથી તો સ્વપ્નાદિ તુલ્ય આ દેહને પણ સમજી લો. તેથી આ રાજાનું શરીર બહુ કિંમતી છે એમ પણ મનમાંથી કાઢી નાખો. એમ પોતાના આત્માને દેહથી જૂદો જાણીને દેહના સંબંધમાં તમે ઉદાસીન રહો. તે જ કહ્યું કે 'સમઃ શાન્તઃ' થાઓ. એમ બધા કેમ ઉદાસીન થતા નથી ત્યાં કહે છે કે તમે પ્રભુ છો તમે સમર્થ અને વિવેકી છો બીજા અવિવેકી છે તે એવું ન સમજી શકે. ૨૫.

એમ જ્ઞાન આપ્યું ત્યારે ધૃતરાષ્ટ્ર સંતોષ પામ્યા અને ઉત્તર કહે છેઃ

॥ ધૃતરાષ્ટ્ર ઉવાચ ॥

**યથા વદતિ કલ્યાણીં વાચં દાનપતે ભવાન્ ॥**
**તથાઽનયા ન તૃપ્યામિ મર્ત્યઃ પ્રાપ્ય યથામૃતમ્ ॥૨૬॥**

ધૃતરાષ્ટ્રે કહ્યુંઃ-હે દાનપતે, આપ કલ્યાણ કરનારી વાણી બોલો છો. માણસ જેમ અમૃતથી તૃપ્ત ન થાય તેમ હું આ વાણીથી તૃપ્ત થતો નથી. ૨૬.

એમ વ્યાસે પણ તે જ કહ્યું. ભીષ્મે અને બીજાએ તે જ કહ્યું તે જ જ્ઞાન ક્ષણવાર રહે છે પછી અન્યથા પ્રવૃત્તિ થાય છે. ફરીને ઉપદેશ કરો તો તે જ્ઞાન રહે છે તે પણ પશ્ચાત્તાપવાળું રહે છે. ઝાઝીવાર રહેતું નથી. એમ અનેકવાર થાય ત્યારે અમારા મનનો આ સ્વભાવ છે એમ કહી દે એટલે તેને પશ્ચાત્તાપ મટે છે. ત્યાર પછી જ્ઞાનને પણ માને છે વૈષમ્ય પણ કરે. આ સિદ્ધાંત જે નથી જાણતા તેને બોધ કરે છે. તેમ કરતાં તેનું અનિષ્ટ થાય. જો પુત્રનાશને ન સ્વીકારે તો પોતાને દોષ લાગે. પણ તે કરવાને સમર્થ નથી તેમ બીજો પણ સમર્થ નથી. પણ તે કરવાને ઈશ્વર સમર્થ છે એવો ધૃતરાષ્ટ્રનો અભિપ્રાય છે. તેથી આનો યુદ્ધનો ઉદ્યમ પણ નથી એમ કહ્યું. હે દાનાધ્યક્ષ! ધર્મશાસ્ત્રમાં તમે પોતે નિપુણ છો. તેથી તમે ધર્મ જ જાણો છો સમયને જાણતા નથી. સ્વભાવ કે ઈશ્વરઈચ્છાને પણ જાણતા નથી પરંતુ જે બોલ્યા તે કલ્યાણ કરે એવી વાણી બોલ્યા છો. સત્ય અને મનોહર બોલ્યા છો. સ્મૃતિ પણ 'સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાત્' એમ કહે છે. તમે પણ દાનપતિ છો, આજ સુધી તમારા વચન સાંભળવામાં મને શ્રદ્ધા છે. તે એવી

તમારી વાણીથી મને તૃપ્તિ થતી નથી. 'અલં' બુદ્ધિ થતી નથી. પોતાને તે વાક્યની જરુર છે તેમાં દષ્ટાંત કહે છે મરણ ધર્મવાળાને અમૃત મળે તો તે તૃપ્ત નથી થતો તેવી મારી દશા થઈ છે. ૨૬.

જેમ ગંગાજીમાં તાવવાળો માણસ શ્રદ્ધાથી ન્હાવા પડે તે તૃપ્ત ન થાય પણ તેનું શરીર તે સહન ન કરી શકે તેમ મારું મન તેને કબુલ કરી શકતું નથી. ૨૬.

**તથાપિ સૂનૃતા સોમ્ય હૃદિ ન સ્થીયતે ચલે ।।**
**પુત્રાનુરાગવિષમે વિદ્યુત્સૌદામિની યથા ।।૨૭।।**

આપની વાણી સુંદર છે પણ હે સોમ્ય ! મારા ચલિત મનમાં તે તમારું કહેવું ઠહેરતું નથી કેમ કે જેમ સુદામ પર્વતની વિજળી ઠેરતી નથી તેમ મારું મન પુત્રના પ્રેમથી વિષમ થયું છે. તે તમારા બોધનો ગ્રહણ કરતું નથી. ૨૭.

તમારી વાણી સત્ય છે. સત્પુરુષના મનમાં સ્થિર થાય તેવી છે, તે વાણી મનની સ્ત્રી છે. તો પણ ચંચલ મનમાં વેશ્યામાં આસક્ત ધણી હોય તેમાં જેમ મન ન રહે તેમ ચંચલ મનમાં તે વાણી સ્થિર થતી નથી. ચંચલતા માત્ર હોય પણ તે વાણીને લાયક કામ કરનાર હોય તેમાં સ્થિર થાય પણ તેમ નથી. પુત્રના પ્રેમથી મારું મન પક્ષપાતવાળું છે. જેમ જલનો પ્રવાહ ચાલે તેનાથી પૃથ્વી ઉંચીનીચી થઈ જાય. જેમ વિજળી માલાના આકારમાં કોઈ દિવસ ન રહે. દંડાકારક તો ક્ષણવાર દેખાય પણ ખરી તેથી કહ્યું કે સુદામ પર્વતમાંથી નીકળેલી વિજળી ચંચલ હોય તેમ મારું મન ચંચલ છે. વિદ્યત અને સૌદામિની એક એક વિજળીને કહેનાર છે, સમુદાયથી પણ તે શબ્દ વિજળીનો બોધ કરનાર છે. ૨૭.

ત્યારે પ્રયત્ન કેમ કરો છો ? ચિત્તવૃત્તિને રોકનાર યોગ તો તૈયાર છે ત્યાં કહે છેઃ

**ઈશ્વરસ્ય વિધિં કો નુ વિધુનોત્યન્યથા પુમાન્ ।।**
**ભૂમેર્ભારાવતારાય યોવતીર્ણો યદોઃ કુલે ।।૨૮।।**

પુરુષ ઈશ્વરના કર્તવ્યવિધિને અન્યથા કેવી રીતે કરી શકે, જે ઈશ્વર પૃથ્વીનો ભાર ઉતારવા માટે યાદવના કુલમાં પધાર્યા છે. ૨૮.

ઈશ્વર પણ કોઈ પ્રકારે વિધાન કરે છે આ કામ આ પ્રકારે કરવું. એમ ભગવાને નક્કી કર્યું. તેને કોણ ફેરવી શકે ? આ જ્ઞાન આવાપ અને ઉદ્વાપથી પરિશ્રમ કરવાથી પ્રાપ્ત થાય છે. તેમ કરે તો ઈશ્વરનો વિધિ પણ જણાય. એમ જાણે તો કયો વિવેકી સમર્થ છતાં ઈશ્વર વિચારિતને અન્યથા કરી શકે ? તેને કંપાવી પણ શકે ? ઈશ્વર તો ઉદાસીન છે 'નાદત્તે કસ્યચિત્ પાપં ન ચૈવ સુકૃતં વિભુઃ' એવું વાકય છે તેથી અજ્ઞાનથી એવું ચિત્ત[1] થાય છે. ઈશ્વર જ તેમ કરે છે. ત્યાં કહે છે કે પ્રભુ

૧. એવું એટલે પુત્રના પ્રેમથી વિષમ ચિત્ત થાય છે.(પ્ર)

પૃથિવીનો ભાર[2] હરવા પધારે છે. એમ ન[3] હોય તો અવતાર ન ધરે. તેથી જણાય છે. ભગવાને બીજો પ્રકાર વિચાર્યો છે એમ પણ ન માનવું કેમ કે વાક્યનો વિરોધ[4] આવે છે. તેથી અવતારનું બીજું કારણ કહો અથવા ન અવતરે એમ ધારવું જોઈએ. એમ[5] માનો તો શાસ્ત્ર વ્યર્થ થાય. અથવા સર્વની મુક્તિ થાય. ત્યાં કહે છે શાસ્ત્ર તો અધિકાર પર છે. એ પક્ષમાં સર્વ ગુણની સંપત્તિ[6] મારી પાસે છે તેવી બીજા પાસે નથી તો લોકોને શાસ્ત્રમાંથી વિશ્વાસ[7] ઉઠી જાય. એ વ્યભિચારથી ઈશ્વરેચ્છા સ્વતંત્ર છે એમ કહેવું જોઈએ. એમ કહો તો પણ શાસ્ત્ર વૈફલ્ય છે ત્યાં કહે છે ખરું છે. સર્વત્ર શાસ્ત્ર પ્રમાણ નથી હોતું જ્યાં ઈશ્વર ઈચ્છા હોય ત્યાં જ શાસ્ત્ર પ્રમાણ છે. નહિ તો સાધન કહ્યા તે પ્રમાણે કરતાં કાર્ય ન થાય. તેથી બધે શાસ્ત્ર પ્રમાણ ખરું પણ તે પ્રમાણે ન થાય ત્યારે ત્યાં ઈશ્વર ઈચ્છારૂપ વિધિની કલ્પના થાય છે. જેમ મણિના પ્રતિબંધથી દાહ ન થતાં શક્તિની કલ્પના થાય છે તે અગ્નિમાં છે કે મણિમાં તે બાબતમાં અમે ઉદાસીન છીએ. તેવે ઠેકાણે ઈશ્વર ઈચ્છા નિયામિકા માનવી. ઈશ્વરને ફરજ તો ન પડાય. લોકમાં મહારાજની આજ્ઞામાં સામાન્ય વિશેષભાવ સંભળાય છે. સર્વત્ર નિરુપદ્રવ દેશમાં પણ મહારાજની ઈચ્છાથી કોઈને ઉપદ્રવ થાય છે તેથી સામાન્ય આજ્ઞામાં નિષ્કંટક રાજ્યમાં વિરોધ આવે છે તેથી નિમિત્તરૂપ અમારા જેવાને મર્યાદામાં સ્થાપે છે તે યોગ્ય કરે છે. શાસ્ત્રમાં પણ વૈષમ્ય હોય છે. જો એમ ન હોય તો ભગવાન્ યદુના કુલમાં પધારત નહિ. ૨૮.

એમ ભગવાનના માહાત્મ્યને યાદ કરીને ભગવાનને નમન કરે છેઃ

**યો દુર્વિમર્શપથયા નિજમાયયેદં સૃષ્ટ્વા ગુણાન્ વિભજતે તદનુપ્રવિષ્ટઃ ।।**
**તસ્મૈ નમો દુરવબોધવિહારતન્ત્રસંસારચક્રગતયે પરમેશ્વરાય ।।૨૯।।**

જેના માર્ગનો વિચાર ન કરી શકાય એવી પોતાની માયા વડે આ જગતને ઉત્પન્ન કરીને તેમાં પોતે પ્રવેશી ગુણોના વિભાગ કરે છે. જેના વિહારનો તંત્ર સમજાય તેવો નથી તે સંસારચક્રને ગતિ આપનાર પરમેશ્વરને મારા નમન હો. ૨૯.

પૂર્ણ ભગવાન્ કેમ અથવા શા કામ માટે અવતર્યા એ સંદેહ દૂર કરતા

---

૨. જો બીજો પ્રકાર ન વિચારે તો(પ્ર)    ૩. એ ભૂભાર હરણાર્થત્વ.(પ્ર)
૪. વાક્યનો વિરોધ 'યદા યદા હિ' એ વાક્યનો વિરોધ આવે.(પ્ર)
૫. 'તથાસતિ' અવતારથી જ ધર્મનો સંભવ હોય તો.(પ્ર)
૬. મોક્ષ જ એક પ્રયોજન એ પક્ષમાં દૂષણ કહે છે. 'સર્વ' ઈત્યાદિ.(પ્ર)
૭. અવિશ્વાસ એટલે શાસ્ત્રમાં અવિશ્વાસ.(પ્ર)
૮. અવતારથી અન્યથા બુદ્ધિ થાય પણ શાસ્ત્ર પ્રામાણ્ય વિઘાતના અભાવમાં દૃષ્ટાંત આપે છે 'નિમિત્તભૂતાન્' ભાર હરવાનાં નિમિત્તરૂપ અમોને મર્યાદામાં નથી રાખતા, તે યોગ્ય છે. (પ્ર)

નમન કરે છે. દુઃખથી પણ ન જણાય એવો જેનો માર્ગ છે મંત્ર તથા અન્યસામર્થ્ય પક્ષની નિવૃત્તિ કરે છે કે તે માયા પોતાની છે. ભગવદ્ધર્મ જાણવાની ઈચ્છા પણ અશક્ય છે જ્યાં માયાનો માર્ગ ન જડે ત્યાં ભગવદ્ધર્મનો વિચાર કોણ કરી શકે. 'અલૌકિક ભાવમાં તર્ક ન કરાય'. એવો નિષેધ પણ છે એ માયાને લોકો તો 'કપટ' કહે છે. તેના વડે આ પ્રસિદ્ધ જગતને કરીને તેમાં પોતે સત્ય સ્વરૂપ પ્રવિષ્ટ થયા તે સત્ત્વાદિ ગુણોના ઉચ્ચનીચભાવને પોતે ભજે છે જુદા કરે છે. જેનો માર્ગ ન મળે તેનાથી કોઈ શું કરી શકે અથવા માયાએ બનાવેલું હોય તેમાં કોઈ બેશી શકે ખરો. બધું એક સરખું હોય તેમાં પ્રવેશ કરીને ઉચ્ચનીચ ભાવ કરી શકે ખરો ? તે કરનાર ભગવાન્ મોટા પ્રતાપવાળા તેને અમારા નમસ્કાર હો. વળી શ્રુતિ, જ્ઞાનકાંડ, કર્મકાંડ, પાંચરાત્ર, ઈતિહાસ, પુરાણમાં સહસ્ર પ્રકારે સૃષ્ટિ કહી છે તેથી કયા સાધન વડે તે કરે છે તે તેનો વિહાર તંત્ર, ન જાણી શકાય તેવો છે. ક્રીડાનો પરિકર જેનો, એવા તે છે. સંસાર ચક્રરૂપ છે તેને પણ જે ભગવાનથી ગતિ મળે છે. ભગવાનનો સંસાર અહંતા મમતારૂપ તે લૌકિક જેવો નથી ઈચ્છાથી બધું થાય છે તેથી તે બધું લીલા માટે છે એવો નિશ્ચય થાય છે. ભગવાનના અવતારો ભગવચ્છાસ્ત્રો અને ભગવદીયો પુરુષો અને તેના પદાર્થો તેનો સાધારણ ઉપયોગ થતો નથી. તો પછી તે શા માટે કરવું એવી શંકા ન કરવી. તે કોઈ રીતે જાણી શકાય તેવું નથી તેથી ભગવાનનું કાર્ય જગત્, ભગવલ્લીલા અને વૈષ્ણવ પ્રકાર એ બોધ કરવાથી ન જણાય. એ બંને[1] દુર્જ્ઞેય હોવાથી પરમ ઈશ્વર ભગવાન્ છે. ઈશ્વર અને પરમેશ્વર એ બંને અલૌકિક[2] છે. ૨૯.

આથી ભગવાનનો આ સંસાર છે ભગવાન્ વિગેરે આપણે બધા તેની ઈચ્છાથી ચાલનારા છીએ પોતાની ઈચ્છાથી કાંઈ કરી શકીએ નહિ. ઉપદેશ કે જ્ઞાન વિચારવા લાયક નથી. તેથી બધાએ ચૂપ રહેવું જોઈએ. એ અભિપ્રાય જાણીને અક્રૂર ત્યાંથી ગયા તે કહે છેઃ

શ્રીશુક ઉવાચ

**ઈત્યભિપ્રેત્ય નૃપતેરભિપ્રાયં સ યાદવઃ ।।**
**સુહૃદ્ભિઃ સમનુજ્ઞાતઃ પુનર્યદુપુરીમગાત્ ।।૩૦।।**

શુકદેવજી બોલ્યા : એવા વિચારથી રાજાના અભિપ્રાયને જાણીને અક્રૂર સુહૃદોની રજા લઈને પુનઃ યદુપુરી મથુરા આવ્યા. ૩૦.

---

૧. તમારાથી અને અમારાથી.(લે)  ૨. માયા અને સંસાર અલૌકિક છે.

'શ્રીપુરુષોત્તમજીકૃતે ષટ્ચત્વારિંશાધ્યાયવિવૃત્તિપ્રકાશઃ સમાપ્તઃ ।।'

'યોદુર્વિમર્શં' ત્યાં 'ઉભયોઃ' એટલે કારણ અને કાર્ય બંને દુસ્તર છે. (લે)

તેણે તેના વાક્યને ન માન્યું તેમાં બે કારણ છે. તે રાજા છે જ્યારે અક્રૂર યાદવ છે. રાજાનું વાક્ય અંગીકાર કરવું. યદુવંશમાં ભગવાનનો અવતાર છે તેથી યાદવોએ તે જરુર માનવું જોઈએ. કેમ કે આમાં તેનો ઉત્કર્ષ જ કહેવાયો છે. તેથી અહિં પણ લૌકિકન્યાયથી ભીષ્માદિ સુહૃદોની સારી રીતે આજ્ઞા લઈ અક્રૂર મથુરા આવ્યા. ૩૦.

**શશંસ રામકૃષ્ણાભ્યાં ધૃતરાષ્ટ્રવિચેષ્ટિતમ્ ।।**
**પાણ્ડવાન્ પ્રતિ કૌરવ્ય યદર્થં પ્રેષિતઃ સ્વયમ્ ।।૩૧।।**

હે કૌરવ્ય ! જેને માટે અક્રૂરને ભગવાને હસ્તિનાપુર મોકલ્યા હતા તેણે ધૃતરાષ્ટ્રની પાંડવો પ્રત્યેની ચેષ્ટાને રામ અને કૃષ્ણને કહી. ૩૧.

પોતે કેવલ આજ્ઞાકારી છે સ્વતંત્ર નથી એમ બતાવવા રામકૃષ્ણના સ્થાનમાં બોલ્યા એમ કહ્યું. પાંડવોની તરફ ધૃતરાષ્ટ્રનો તેને મારવા સુધીનો ઉદ્યોગ કહી બતાવ્યો. ત્યાં કહે છે સત્પુરુષને એ કહેવું અયોગ્ય ગણાય ત્યાં કહે છે જેને માટે તો અક્રૂરને ત્યાં મોકલ્યા હતા એટલે અધિકારી કહે તેમાં દોષ નથી. કૌરવ્ય એવું રાજાને સંબોધન વિશ્વાસ માટે આપ્યું છે. પોતે મોકલ્યા તેથી બીજાની દ્વારા સાંભળ્યું એમ પણ નથી. આ પ્રકરણથી હવે ભગવાનને કર્તવ્ય છે તે કહ્યું. અહિં સુધી સાક્ષાત્ ભગવાને કાંઈ કર્યું નથી પણ બીજાને અનુસરીને કર્યું છે તેથી બીજાના કહેવાથી અને પોતાની મરજીથી કરવું એ ભગવાનની બે લીલા છે. એથી અહિં ભગવાનનો ભક્તનો અનુરોધ કહેવાયો હવે બીજી લીલા કહેવાશે. ૩૦.

**ઈત્યેવં ભગવલ્લીલા ભક્તવિશ્વાસદાયિની ।।**
**નિરૂપિતાતિયત્નેન કૃષ્ણપાદામ્બુજાશ્રયા ।।૧।।**
**સર્વેષુ ભક્તહૃદયેષુ નિવેદયામિ માર્ગો**
**યદા ભગવતો ભવતામભીષ્ટઃ ।।**
**ભક્તિપ્રકારસહિતો હરિભાવયુક્તો**
**જ્ઞેયસ્તદા વિવૃત્તિરેવ સદા વિચિન્ત્યા ।।૨।।**
**દશમસ્કન્ધવિવૃત્તિઃ પૂર્વાર્દ્ધે સુનિરૂપિતા ।।**
**કૃષ્ણપાદામ્બુજે ન્યસ્તા શ્રીપુષ્પાઞ્જલિરુજ્જ્વલા ।।૩।।**

એમ ભક્તને વિશ્વાસ દેનારી, કૃષ્ણના ચરણનો આશ્રય કરાવનારી ભગવાનની લીલા અત્યંત પ્રયત્નથી અમે નિરૂપણ કરી છે. એનો પ્રકાર અમે વર્ણનમાં આપ્યો છે તેથી ખાત્રી થશે.

સર્વ ભક્તહૃદયને વિષે મારી વિનતિ છે કે જો તમને ભગવાનનો માર્ગ ભક્તિમાર્ગ ઈષ્ટ હોય તો આ અમારી વિવૃત્તિમાં ભક્તિના પ્રકારો આપ્યા છે.

હરિમાં ભાવો પ્રદર્શિત કર્યા છે તે જાણવાને માટે આ અમારી ટીકા સારી રીતે ચિંતન કરવા યોગ્ય છે.

દશમસ્કંધની આ ટીકા પૂર્વાર્દ્ધમાત્રની અમે સુતરાં નિરૂપણ કરી છે એને પુષ્પાંજલિરૂપે શ્રીકૃષ્ણના ચરણમાં પધરાવી છે. તે અતિ ઉજ્જવલ હોવાથી ચરણમાં રહેલા ભક્તો અને ભક્તિમાર્ગ તેને બતાવશે એવો તેમાંથી ગુપ્ત અર્થ પ્રતીત થાય છે.

**ઇતિ શ્રીભાગવત મહાપુરાણના દશમ–નિરોધસ્કંધનો શ્રીલક્ષ્મણભટ્ટના પુત્ર શ્રીવલ્લભાચાર્યજી કૃત સુબોધિની ટીકાના અનુવાદનો અહિં ૪૯મો અધ્યાય સંપૂર્ણ થયો.**

**દશમસ્કંધપૂર્વાર્ધ સંપૂર્ણ થયો.**